॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ।

# શ્રીપરચાપ્રકરણ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિદ્ધ કર્તા :-


મહંત સદ્‌ગુરુ પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી
ભુજ- કચ્છ.



સંવત્ ૨૦૬૬
વૈશાખ સુદ ૫

સનો ૨૦૧૦ — પ્રત ૩૦૦૦
કિંમત રૂા. ૫૦





-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રીસ્વામિનારાયણ મંદિર
શ્રીનરનારાયણદેવ કોઠાર
શ્રીસ્વામિનારાયણ રોડ, ભુજ - કચ્છ.
ફોન :- ૨૫૦૨૩૧-૨૫૦૩૩૧


અ.નિ. સ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ.ગુ. સ્વામી પુરુષોત્તમચરણદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી ભગવત્પ્રસાદદાસજીની સ્મૃતિને અર્થે સ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજીની શુભ પ્રેરણાથી

સૌજન્ય

આ શ્રીજીમહાજના અલૌકિક પરચા છપાવવામાં
ગામ નારાણપરના વેકરિયા દેવજીભાઇ કાનજી તથા ધ.પ. માનબાઇ તથા સુત રામજીભાઇ તથા સુત પ્રેમજીભાઇ આદિક પરિવાર

તેમજ

ગામ નારણપુરના (હાલે ઓસ્ટ્રેલિયા) કેરાઇ શિવજીભાઇ વિરજી ધ.પ. વાલબાઇ તથા સુત લાલજીભાઇ, સુત કરસનભાઇ, પૈત્ર દિનેશ, વિનેશ આદિ પરિવારે આ પુસ્તક છપાવવામાં આર્થિક સહાયતા કરેલ છે જેથી એ સર્વેનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.


મુદ્રક
શ્રીનરનારાયણદેવ પ્રીન્ટીંગ પ્રેસ
શ્રીસ્વામિનારાયણ મંદિર, ભુજ - કચ્છ.

# પ્રસ્તાવના

અખિલ બ્રહ્માંડના અધિપતિનું અવતરણ અવનીનું અહોભાગ્ય છે, તો અક્ષરધામના અધિપતિ શ્રીજીમહારાજનાં પ્રત્યક્ષ દર્શનનું સુખ તત્કાલિન સંતો-ભક્તોનું સદ્‌ભાગ્ય છે. નિષ્કુળાનંદ સ્વામી અને કૃષ્ણાનંદ સ્વામીએ તો પોતાનાં કાવ્યો દ્વારા શ્રીહરિનો મહિમા ગાઈ તેમનાં શક્તિ-સામર્થ્યની સબિતી પરચા પ્રકરણો દ્વારા આપી છે. આ બંને સંતોએ પોતાનાં કાવ્યોમાં શ્રીજી મહારાજનાં સામિપ્યની અનુભૂતિની વાતો પદો દ્વારા રજૂ કરી છે. પ્રભુનાં ગુણગાન ગાવાથી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે, મનનાં મેલ ધોવાય છે અને હૃદય શુદ્ધ થાય છે, આત્મા પવિત્ર થાય છે. ભગવાન તો ભક્તની ભેળા જ હોય છે. જે ભક્ત ભગવાનને સંભારે છે તેની સંભાળ ભગવાન રાખે છે. આ વાત સનાતન સત્ય છે અને તેની પ્રતીતિ આ બંને સંત કવિઓએ પોતાનાં કાવ્યોમાં (પરચા પ્રકરણમાં) કરાવી છે. શ્રીજી મહારાજે અનેક પરચા પુર્યા છે, મુમુક્ષુઓને સમાધિ કરવી અક્ષરધામનાં દર્શન કરાવી તેમનાં જીવન સફળ બનાવ્યાં છે. તેઓનો ઉદ્ધાર કર્યો છે. સંકટસમયનો સાચો સાથી ભગવાન જ છે.

આવા આ ગ્રંથનું આમ જનતા વાંચે, વિચારે અને અંતરમાં મહારાજની મૂર્તિને આત્મસાત કરે એવી મહારાજને પ્રાર્થના. આ ગ્રંથ છપાવવામાં મતિભ્રમથી કે મસીન દોષથી કોઈ ક્ષતિ રહેવા પામી હોય તો નિર-ક્ષીર ન્યાયે ક્ષમ્ય ગણશો.

લિ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી



# અનુક્રમણિકા


| સંખ્યા | ભક્તચિંતામણી | પેજ નંબર |
|---|---|---|
| ૧ | પર્વતભાઈને આપેલો પરચો | ૧૩ |
| ૨ | મૂળજી ભક્તને આપેલો પરચો | ૧૪ |
| ૩ | સંતદાસજી સ્વામીને આપેલો પરચો | ૧૬ |
| ૪ | વ્યાપકાનંદ સ્વામીને આપેલો પરચો | ૨૫ |
| ૫ | વ્યાપકાનંદ સ્વામીને આપેલો પરચો | ૨૯ |
| ૬ | સ. મુક્તાનંદ સ્વામીનો પરચો | ૩૦ |
| ૭ | અખંડાનંદ સ્વામીની વાઘથકી રક્ષા કરી | ૩૫ |
| ૮ | કૈવલ્યાનંદ સ્વામીની રક્ષા કરી | ૩૬ |
| ૯ | જીવુબાઈને આપેલ પરચો | ૩૮ |
| ૧૦ | રાજબાઈને આપેલો પરચો | ૩૯ |
| ૧૧ | પાંચુ, નાનુ, રામુને આપેલો પરચો | ૪૧ |
| ૧૨ | સોરઠના ભક્તોને પરચો દીધો | ૪૩ |
| ૧૩ | ભક્ત ઉદ્ધવજીની રક્ષા કરી | ૪૫ |
| ૧૪ | જાદવજી ભક્તને આપેલો પરચો | ૪૭ |
| ૧૫ | લાલજી સુથારને પરચો દીધો | ૪૮ |
| ૧૬ | સચ્ચિદાનંદ સ્વામીને આપેલો પરચો | ૫૧ |
| ૧૭ | સચ્ચિદાનંદ સ્વામીને આપેલો બીજો પરચો | ૫૨ |
| ૧૮ | સચ્ચિદાનંદ સ્વામીનો ત્રીજો પરચો | ૫૩ |
| ૧૯ | માંડવધારમાં પ્લેગ થકી રક્ષા કરી | ૫૪ |
| ૨૦ | મુક્તાનંદ આદિક સંતોની મહારાજે રક્ષા કરી | ૫૫ |
| ૨૧ | સોળ સંતોની ઝેરથી રક્ષા કરી | ૫૭ |
| ૨૨ | અનંતાનંદ સ્વામીને દીધેલો પરચો | ૫૮ |
| ૨૩ | જીવરામ ભક્તની મહારાજે રક્ષા કરી | ૫૯ |
| ૨૪ | ગોલીડા ગામનો પરચો | ૬૨ |
| ૨૫ | રાજગર રાણાને પરચો આપ્યો | ૬૪ |
| ૨૬ | નાસ્તિકી આરજા મરીને મરકી થઈ | ૬૫ |
| ૨૭ | કલાભક્તને આપેલો પરચો | ૬૬ |

| | | |
|---|---|---|
| ૨૮ | ભુલા ભક્તને આપેલો પરચો | ૬૯ |
| ૨૯ | ઝવેર ભક્તને આપેલો પરચો | ૭૧ |
| ૩૦ | પ્રાણવલ્લભને આપેલો પરચો | ૭૨ |
| ૩૧ | જેતલપુરમાં દયારામને ભગવાને આપેલો પરચો | ૭૩ |
| ૩૨ | જેતલપુરમાં એક ભક્તને પરચો આપ્યો | ૭૫ |
| ૩૩ | ચમારા ગામમાં એક બાઇને પરચો આપ્યો | ૭૮ |
| ૩૪ | નાગદાન સોનીની સમુદ્રમાં રક્ષા કરી | ૭૯ |
| ૩૫ | નાગદાન સોનીના દીકરાની રક્ષા કરી | ૮૧ |
| ૩૬ | રાજાભાઇને આપેલો પરચો | ૮૨ |
| ૩૭ | ભક્ત પૂંજાભાઇને આપેલો પરચો | ૮૩ |
| ૩૮ | નારદીપુરમાં તિતા ભક્તને આપેલો પરચો | ૮૫ |
| ૩૯ | કાનજી કંસારાને પરચો દીધો | ૮૭ |
| ૪૦ | ગામ વસોમાં જમુનાંબાઇને પરચો દીધો | ૮૮ |
| ૪૧ | ચાંગાના વસનદાસને આપેલ પરચો | ૮૯ |
| ૪૨ | જેકર્ણને આપેલો પરચો | ૯૧ |
| ૪૩ | પોર ગામમાં જતનબાઇને પરચો આપ્યો | ૯૩ |
| ૪૪ | જમુનાંબાઇને પરચો દીધો | ૯૪ |
| ૪૫ | મોરજના પ્રભુદાસને પરચો દીધો | ૯૫ |
| ૪૬ | અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના પરચા | ૯૬ |
| ૪૭ | ખુશાલભાઇએ વરસાદ કર્યો | ૯૭ |
| ૪૭ | ભગવાન શામળાજી ખુશાલભાઇ સાથે રમતા | ૯૭ |
| ૪૮ | ખુશાલભાઇએ સ્કૂલ શરૂ કરી | ૯૯ |
| ૪૯ | શ્રીહરિએ ખુશાલ ભટ્ટને વડોદરે મોકલ્યા | ૧૦૧ |
| ૫૦ | ઉમૈયાબાઇને આપેલો પરચો | ૧૦૩ |
| ૫૧ | ઉમૈયાબાઇનો બીજો પરચો | ૧૦૫ |
| ૫૨ | ઉમૈયાબાઇને આપેલો ત્રીજો પરચો | ૧૦૬ |
| ૫૩ | ઉમૈયાબાઇને આપેલ ચોથો પરચો | ૧૦૭ |
| ૫૪ | રામચંદ્ર વૈદ્યને મહારાજે આપેલો પરચો | ૧૦૮ |
| ૫૫ | એ રામચંદ્ર વૈદ્યનો પરચો બીજો | ૧૧૦ |
| ૫૬ | રામચંદ્ર વૈદ્યે મહારાજ માટે પોશાક બનાવ્યો | ૧૧૧ |





| | | |
|---|---|---|
| ૫૭ | શોભારામના પુત્રની રક્ષા કરી | ૧૧૩ |
| ૫૮ | નારૂપંતની નાની પુત્રની મહારાજે રક્ષા કરી | ૧૧૪ |
| ૫૯ | વડોદરામાં બાપુભાઇને આપેલ પરચો | ૧૧૬ |
| ૬૦ | મહારાજે બાપુભાઇને પોતાની મૂર્તિ આપી | ૧૧૮ |
| ૬૧ | બાપુભાઇના પુત્રને મહારાજે પરચો આપ્યો | ૧૨૦ |
| ૬૨ | નાથજી ભક્તને આપેલો પરચો | ૧૨૧ |
| ૬૩ | કિશોરદાસના પુત્ર લખા ભક્તને આપેલો પરચો | ૧૨૨ |
| ૬૪ | લખાની માને મહારાજે પરચો દીધો | ૧૨૩ |
| ૬૫ | લખા ભક્તનો એવો જ બીજો પરચો | ૧૨૫ |
| ૬૬ | ભગવાનદાસને મહારાજે પરચો દીધો | ૧૨૫ |
| ૬૭ | વડોદરામાં જગજીવન ભક્તને પરચો દીધો | ૧૨૬ |
| ૬૮ | કાછિયા ખુશાલ ભાઇની દીકરી અમૃતબાઈને પરચો દીધો | ૧૨૭ |
| ૬૯ | વડોદરામાં બેચર કાછિયાને મહારાજે પરચો દીધો | ૧૨૮ |
| ૭૦ | દયાળજી સોનીને મહારાજે પરચો દીધો | ૧૨૯ |
| ૭૧ | વલ્લભજી સોનીને મહારાજે પરચો દીધો | ૧૩૨ |
| ૭૨ | વજેસિંહ ભક્તનો તાવ મહારાજે કાઢ્યો | ૧૩૨ |
| ૭૩ | બાપુજી વણિક ભક્તને મહારાજે પરચો દીધો | ૧૩૩ |
| ૭૪ | મોંઘીબાઈને મહારાજે પરચો દીધો | ૧૩૪ |
| ૭૫ | અંબાબાઈને મહારાજે પરચો દીધો | ૧૩૬ |
| ૭૬ | જમુનાબાઈને મહારાજે પરચો દીધો. | ૧૩૭ |
| ૭૭ | પાર્વતીબાઈને મહારાજે પરચો દીધો | ૧૩૭ |
| ૭૮ | તંબોળી જમુનાબાઈને મહારાજે પરચો દીધો | ૧૪૦ |
| ૭૯ | ખત્રી કુળમાં ભક્ત શામબાઇને આપેલો પરચો | ૧૪૧ |
| ૮૦ | કણબી ભક્ત જીવીબાઈને મહારાજે પરચો દીધો | ૧૪૩ |
| ૮૧ | ઉમૈયાબાઇને મહારાજે પરચો દીધો | ૧૪૪ |
| ૮૨ | એક પ્રેમબાઇને મહારાજે પરચો દીધો | ૧૪૪ |
| ૮૩ | મથુરાંબેનને મહારાજે પરચો દીધો | ૧૪૫ |
| ૮૪ | જીજીભાઈન બડદને મહારાજ ધામમાં તેડી ગયા | ૧૪૭ |
| ૮૫ | બેચર ભક્તને મહારાજે પરચો દીધો | ૧૫૦ |
| ૮૬ | નાનાભાઈને મહારાજે પરચો દીધો | ૧૫૨ |

| | | |
|---|---|---|
| ૮૭ | જેઠા ભક્તને મહારાજે પરચો દીધો | ૧૫૩ |
| ૮૮ | પ્રભાતગર બાવાજીને મહારાજે પરચો દીધો | ૧૫૬ |
| ૮૯ | સાકરબાઈને મહારાજે પરચો દીધો | ૧૫૭ |
| ૯૦ | વલીભાઈને મહારાજે પરચો દીધો | ૧૫૯ |
| ૯૧ | અરદેસર પારસીને મહારાજે પરચો દીધો | ૧૬૨ |
| ૯૨ | ભગુ ભક્તને મહારાજે પરચો દીધો | ૧૬૫ |
| ૯૩ | દાદા દિવાનની ભગવાને રક્ષા કરી | ૧૬૭ |
| ૯૪ | સામજી અને પિતાંબરને મહારાજે પરચો દીધો | ૧૭૦ |
| ૯૫ | હરિરામને મહારાજે પરચો દીધો | ૧૭૩ |
| ૯૬ | યાત્રિક સંઘની મહારાજે ચોરોથી રક્ષા કરી | ૧૭૫ |
| ૯૭ | રામજીભાઈને મહારાજે પરચો દીધો | ૧૭૯ |
| ૯૮ | બિન્દા ભક્તની કાકીને મહારાજે પરચો દીધો | ૧૮૨ |
| ૯૯ | ઠાકોરદાસ અને તેના પત્નીને મહારાજે પરચો દીધો | ૧૮૫ |
| ૧૦૦ | ગાંગુબાઈને મહારાજે પરચો દીધો | ૧૮૭ |
| ૧૦૧ | બુધ અને મદારી ભક્તને પરચો દીધો | ૧૮૯ |
| ૧૦૨ | લુકી લુહારને મહારાજે પરચો દીધો | ૧૯૨ |
| ૧૦૩ | પ્રાણનાથ લુહારને મહારાજે પરચો દીધો | ૧૯૩ |
| ૧૦૪ | ધુવા ગામમાં ભક્તોની સાથે શ્રીહરિ રાસ રમ્યા | ૧૯૫ |
| ૧૦૫ | શ્રીજી મહારાજે જીભાઈની રક્ષા કરી | ૧૯૭ |
| ૧૦૬ | કાશીદાસભાઈના નિશ્ચયની વાત | ૧૯૮ |
| ૧૦૭ | ભગવાનનો પ્રતાપ અલૌકિક છે ? | ૨૦૦ |
| ૧૦૮ | શ્રીજી મહારાજે મુમધાના બ્રાહ્મણમાંથી બ્રહ્મરાક્ષસ કાઢ્યો | ૨૦૩ |
| ૧૦૯ | જેતલપુરમાં રાઈબાઈને આપેલો પરચો | ૨૦૮ |
| ૧૧૦ | દીનાનાથની છોડીમાંથી પ્રભુએ ભૂત કાઢ્યું | ૨૦૮ |
| ૧૧૧ | વિશનગરનો શોભારામ ચાર દિવસમાં આંધડો થયો | ૨૧૧ |
| ૧૧૨ | ભુજના સુંદરજીભાઈને મહારાજે પરચો દીધો | ૨૧૩ |
| ૧૧૩ | કારિયાણી ગામમાં મહારાજે પરચા દીધા | ૨૧૭ |
| ૧૧૪ | કારિયાણી ગામમાં પાપી સઈની જમ થકી રક્ષા કરી | ૨૨૦ |
| ૧૧૫ | ત્રિકમજી સથવારાને મહારાજે પરચો દીધો | ૨૨૧ |




# અનુક્રમણિકા

## શ્રીહરિચરિત્રામૃત


| | | |
|---|---|---|
| ૧ | વિશનગરના વણિક મુગટરામને આપેલો પરચો | ૨૨૬ |
| ૨ | મુગટરામે ચંબાઈને વડતાલમાં દર્શન કરાવ્યાં | ૨૨૯ |
| ૩ | મયાચંદ મણિયારની વાત. | ૨૩૩ |
| ૪ | વસંતરામને મહારાજે પરચો દીધો. | ૨૩૬ |
| ૫ | રૂપાભાઈને મહારાજે પરચો દીધો. | ૨૩૭ |
| ૬ | પંડીતોની સભામાં સંતોની જીત. | ૨૪૧ |
| ૭ | રળિયાતબાઈને મહારાજે પરચો દીધો. | ૨૪૬ |
| ૮ | મહારાજે અમદાવાદમાં ચોર્યાશી કરી. | ૨૪૭ |
| ૯ | કુબેર ભક્તને મહારાજે પરચો દીધો. | ૨૪૯ |
| ૧૦ | મંગળદાસનો પરચો. | ૨૫૦ |
| ૧૧ | પુતળીબાઈનો પરચો. | ૨૫૩ |
| ૧૨ | વાંકાનેરના હરજીવનની વાત. | ૨૫૬ |
| ૧૩ | કચ્છ કંથકોટના રાજાની વાત. | ૨૫૭ |
| ૧૪ | છગન પારેખને પરચો પુર્યો. | ૨૬૨ |
| ૧૫ | છગન પારેખને આપેલ પરચો. | ૨૬૩ |
| ૧૬ | ઝવેર ભક્તને મહારાજે પરચો પૂર્યો. | ૨૬૪ |
| ૧૭ | મોઢ ઘાંસી બેચરને આપેલો પરચો | ૨૬૬ |
| ૧૮ | અમદાવાદના શ્યામ કુંવરને પરચો દીધો. | ૨૬૯ |
| ૧૯ | મારવાડના વણીકને પરચો દીધો. | ૨૭૧ |
| ૨૦ | મચ્છુમાં ડુબતા સંતની શ્રીહરિએ રક્ષા કરી. | ૨૭૩ |
| ૨૧ | મછીયાવ્યમાં ફઈબાને આપેલો પરચો | ૨૭૫ |
| ૨૨ | મછીયાવમાં ભાવસંગને મહારાજ તેડી ગયા. | ૨૭૬ |
| ૨૩ | વિપ્ર મયારામ ભટ્ટને મહારાજે પરચો દીધો. | ૨૭૭ |
| ૨૪ | ઈડરનાં મહારાણીને પરચો દીધો. | ૨૮૧ |
| ૨૫ | આણદાભાઈની વાત. | ૨૮૭ |
| ૨૬ | માણસાના નરસિંહ વિપ્રને પરચો દીધો. | ૨૮૮ |

| | | |
|---|---|---|
| ૨૭ | માણસાના દલપત રામભાઈની વાત | ૨૯૦ |
| ૨૮ | ડભાણના યજ્ઞમાં આપેલા પરચાની વાત | ૨૯૨ |
| ૨૯ | તુલજારામને આપેલો પરચો. | ૨૯૫ |
| ૩૦ | ગોવર્ધનને આપેલો પરચો. | ૨૯૭ |
| ૩૧ | બેનનીબાઈને આપેલો પરચો. | ૨૯૮ |
| ૩૨ | ભક્ત હરગોવનનો પરચો. | ૨૯૯ |
| ૩૩ | મોનદાસનો પરચો કહે છે, | ૩૦૧ |
| ૩૪ | માંડણ મેરાઈને પરચો દીધો. | ૩૦૩ |
| ૩૫ | સત્યાનંદ સ્વામીની વાત, | ૩૦૮ |
| ૩૬ | શિવરામ મહેતાની વાત | ૩૧૦ |
| ૩૭ | કરજીસણાના ગોવિંદજીભાઈની વાત. | ૩૧૩ |
| ૩૮ | ખોલડીયાદના રૂડા ભકતની વાત | ૩૧૫ |
| ૩૯ | ભક્ત કુડેરાની રક્ષા કરી | ૩૧૮ |
| ૪૦ | ફુલીબાઈને આપેલો પરચો | ૩૨૧ |

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રીજી મહારાજના અલૌકિક પરચા

ભાગ-૧

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યા બદરીવને સ્થિતઃ ।
ભુવિ ભારતજીવશર્મણે નરનારાયણદેવ પાહિ મામ્ ॥ ૧ ॥

શ્રી અનંતધામના ધામી સર્વોપરી, સર્વાવતારી શ્રીમદક્ષરધામના અધિપતિ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે આ પૃથ્વી ઉપર અનંત દૈવી મુમુક્ષુ આત્માઓને સુખ આપવા અને દેહને અંતે પંચભૌતિક દેહનો ત્યાગ કરાવીને ભાગવતી દિવ્ય દેહ ધરાવીને પોતાના અક્ષરધામની પ્રાપ્તિ કરાવીને તે ધામમાં પોતાની દિવ્ય મૂર્તિનું સેવારૂપ મુક્તિનું સુખ આપવા માટે બદરીકાશ્રમમાં દુર્વાસા મુનિના શાપને શ્રી તપોમૂર્તિ શ્રી નરનારાયણ દ્વારા અંગિકાર કરીને કૌશલ દેશમાં છુપૈયા ગામમાં શ્રી ધર્મ ભક્તિ થકી મનુષ્યાકૃતિને સ્વીકારીને ત્યાં છુપૈયા તથા અયોધ્યા, તરગામ આદિક અનંત ગામોમાં બાળસખાઓ સાથે વિચરીને દરેકને પોતાનાં અનંત બાળચરિત્રો વડે સુખ આપીને ૧૧ વર્ષ ત્રણ માસ અને એક દિવસ પર્યંત દરેક બાળકો-વૃદ્ધો, ભાઈઓ-ભાઈઓને સુખ આપી પોતાના માતા-પિતા ધર્મ ભક્તિને પંચભૌતિક શરીરનો ત્યાગ કરાવી દિવ્ય દેહે પોતાના અક્ષરધામમાં પોતાની સેવામાં રાખીને પછી કોઈને પૂછ્યા વિના નિત્યે સ્નાનને મીષે રાત્રે વહેલી સવારમાં વનવિચરણ તીર્થ કરવા માટે ચાલી નીસર્યા તે વનમાં સાત વર્ષ એક માસ અને અગિયાર દિવસ પર્યંત વનવિચરણ કરીને સૌરાષ્ટ્ર દેશમાં એક નાના લોજ ગામમાં આવીને ત્યાં રહેલા શ્રી ઉદ્ધવાવતાર એવા રામાનંદ સ્વામીના શિષ્ય પચાસ સંત રહેતા હતા. તેઓમાં મુખ્ય સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી હતા. તે સર્વે સંતોને મળી તેને સર્વે સદ્‌ગુણ સંપન્ન જોઈને સંતગણના અતિ આગ્રહથી તે સંતોની સાથે સ્થિર મન કરીને રહ્યા પછી ગામ પીપલાણામાં સદ્‌ગુરુ શ્રી રામાનંદસ્વામીને મળીને તેના થકી શ્રી



વૈશ્નવી દીક્ષાને પ્રાપ્ત કરીને ગામ જેતપુરમાં ગુરુ શ્રી રામાનંદ સ્વામીના અતિ આગ્રહથી ધર્મની ધૂરાને પ્રાપ્ત કરી. ત્યાર પછી ગામ ફરેણીમાં ગુરુ શ્રી રામાનંદ સ્વામીએ પોતાની માનુસી લીલાને સંકેલીને અંતર્ધ્યાન લીલા સ્વીકારીને ભગવાનના અક્ષરધામમાં સીધાવ્યા. ત્યારબાદ સહજાનંદ સ્વામીએ સૌરાષ્ટ્ર-ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ વગેરે દેશોમાં પોતાની સાથે અનેક સંતમંડળને લઈને વિચરણ કરીને અનેક દૈવી આત્માઓને પોતાની મૂર્તિના સેવા-દર્શન પરચા આદિક વડે સુખ આપ્યાં છે. તે પરચાઓ તો અનંત અપાર છે. તેનો કહેતાં-લખતાં પાર આવે તેમ નથી, સદ્‌ગુરુ વૈરાગ્યેમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીમદ્ ભક્ત ચિંતામણીમાં કેટલાક પરચા ગૂંથેલા છે તે પરચા સ્વામીએ પૂર્વછાયો-ચોપાઈના રાગ (ઢાળ) માં લખેલા તેજ પરચા સર્વે આબાળ વૃદ્ધ યુવાનોને સુખેથી સમઝી શકાય એટલા માટે મેં મારી અલ્પ બુદ્ધિને અનુસારે વાર્તાના રૂપમાં લખેલા છે, તેમાં સૌ પ્રથમ ગામ અગત્રાઈના મહામુક્તરાજ એવા પર્વતભાઈનો પરચો કહું છું એ પર્વતભાઈને પણ શ્રીજી મહારાજે અનંત પરચા આપેલા છે એ સર્વેનો તો લખતાં કહેતાં પાર આવે તેમ નથી પરંતુ તેમાંથી એક આશ્ચર્યકારક પરચો કહું છું તેને સર્વે સાંભળો.

લી. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી, ભુજ-કચ્છ.

*॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥*

# ભક્તચિંતામણી-પ્રકરણ

## પ્રકરણ : ૧૨૮ – પરચો પહેલો (૧)

## પર્વતભાઈને આપેલો પરચો

સૌરાષ્ટ્ર દેશમાં અગત્રાઈ ગામમાં એક અક્ષરધામના મહામુક્ત અને કણબી કુળમાં જેનો જન્મ છે એવા પર્વતભાઈ નામે ભક્ત હતા. સૌ પ્રથમ એને શ્રી રામાનંદસ્વામીનો મેળાપ થયો અને તે સ્વામીને સમર્થ ઈશ્વરાવતાર જાણીને તેનો આશ્રય કરી શિષ્ય થયા ત્યારથી જ સ્વામી રામાનંદસ્વામીના આશીર્વાદથી એને દેહદશા ભૂલાઈ ગઈ અને હંમેશાં આત્મદશા પ્રાપ્ત થઈ અને તે પોતાના આત્માના પ્રકાશમાં હંમેશાં ત્રણે અવસ્થામાં અખંડ ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિના દર્શન થતા. રામાનંદ સ્વામી અંતર્ધ્યાન થયા પછી શ્રીજી મહારાજના આશ્રિત થયા અને તે શ્રીજી મહારાજને ભગવાન જાણીને તેની ભક્તિ ઉપાસના કરવા લાગ્યા પણ પોતાના હૃદયમાં હમેશાં એવો વિચાર સંકલ્પ રહ્યા કરે જે ભગવાનના અવતારો આ પૃથ્વી ઉપર કાર્યવસાત્ ઘણાક થયા છે અને થાય છે તેમાં પણ ભગવાને પોતાના ભક્ત પ્રહ્‌લાદજીની રક્ષા કરવા માટે અને હિરણ્યકશ્યપુના વરદાનો સત્ય કરીને તેના નાશને માટે સ્થંભમાંથી નૃસિંહ રૂપે પ્રગટ થયા તે ભગવાનનું નૃસિંહ સ્વરૂપ અથવા ભગવાનનું વરાહ સ્વરૂપ કેવું હશે ? આવો સંકલ્પ થતાં જ ભગવાનના મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, શ્રીકૃષ્ણ, બુધ, કલંકી, યજ્ઞ નારાયણ, કપિલ, દત્તાત્રેય, નરનારાયણ, સનકાદિક, ધ્રુવજી, પૃથુ, ઋષભદેવ, હયગ્રીવ, હંસ, ધન્વંતરિ, વ્યાસ, નારદ એવા ચોવીસે રૂપનાં દર્શન થયાં. તે સર્વે એક એકથી અતિ અધિક રૂપવાન અને અતિ તેજોમય રૂપ દીઠામાં આવ્યાં તે જ સ્વરૂપની સાથે જ અતિ તેજોમય અને



સર્વથી અતિ રમણીય એવું શ્રીજી મહારાજનું સ્વરૂપ પણ દીઠું ત્યારે અતિ આનંદમાં ગરકાવ થયેલા પર્વતભાઈએ એવો સંકલ્પ કર્યો જે, આ તો ભગવાનના ચોવીસ અવતારોનાં સ્વરૂપ છે, તે સર્વે રૂપ, અવસ્થા તેજ પ્રતાપે કરીને એક એકથી અતિ અધિક છે, તો તે સર્વેમાં મોટા અને સર્વના કારણ, અવતારોના અવતારી કોને જાણવા. આવો સંકલ્પ પોતાના મનમાં કર્યો ત્યાં તો એક પછી એક એમ સર્વે અવતારો શ્રીજી મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા અને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, સર્વે અવતારોના અવતારી અને સર્વે કારણના પણ કારણ અમે જ છીએ. આવી રીતનું શ્રીજી મહારાજનું અમૃતના સમાન વચન સાંભળીને પર્વતભાઈને અતિ આનંદ થયો. વળી એ શ્રીજી મહારાજની મૂર્તિને તો હંમેશાં પર્વતભાઈ પોતાની પાસેને પાસે જ દેખતા હતા. આવા પરચા તો પર્વતભાઈને અનંત આપેલા છે, તેનો કહેતાં લખતાં પાર આવે તેમ નથી એવી રીતે ૧ લો પરચો થયો.

## પરચો બીજો (૨)

## મૂળજી ભક્તને આપેલો પરચો

માળીયા ગામમાં એક મૂળજી નામે લુહાણો હતો. તે જન્માંતરે આગલા જન્મમાં પવિત્ર અને સારો જીવ હતો. તેને કુસંગ કે અધર્મ માર્ગ ગમતો જ નહીં પણ એને સારા સંતનો જ સમાગમ ગમતો અને સત્યધર્મ સારો લાગતો, પછી જ્યારે જન્મ ધારણ કર્યો અને જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એને કુસંગીનો સંગ સારો લાગે. બેસવું, ઊઠવું, ખાવું-પીવું, હરવું-ફરવું એ બધું કુસંગી સાથે જ એને વધારે ગમતું. તેમાં પણ વધારે તો એને ચોરનો સહવાસ સારો લાગતો. તેણે કરીને ચોરી કરતા શીખ્યો અને ચોર લોકોની ટોળીમાં મોવડી થયો અને એ ચોરની ટોળકી દરેક દેશો-ગામો-શહેરોમાં ફરે અને દિવસે કે રાત્રે દીઠી વસ્તુ કોઈપણ લીધા વિના રહે જ નહીં એવો મોટો લૂંટારો થયો. ફરતો ફરતો એક વખતે એક ગામમાં શ્રીજી મહારાજ પાસે આવી ચડ્યો. તેને મનમાં એમ જે, સ્વામિનારાયણ પાસેથી સોનાના દાગીના લેવા. આવા વિચારથી તે આવેલો અને શ્રીહરિની પાસે બેઠો અને મનમાં વિચાર કરે જે, સ્વામિનારાયણે સોનાના ઘરેણાં ઘણાં પહેર્યાં છે, પણ તે લૂંટવાનો લાગ કેમ આવે ? આમ સંકલ્પ કરતાં કરતાં શ્રીજી મહારાજના

મુખારવિંદ સામે જોયું. દૃષ્ટિ બંનેની એક થઈ એટલે તત્કાળ દેહનું ભાન ભૂલી ગયો અને સમાધિ થઈ. તેની બહાર વૃત્તિ હતી તે અંતર્વૃત્તિ થઈ ગઈ. તે સમાધિમાં દેવલોક, કૈલાસ, સત્યલોક, શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક, અક્ષરધામ આ સર્વે દિવ્યલોક જોવામાં આવ્યા અને એ સર્વે ધામોમાં તે તે ધામોના અધિપતિરૂપે શ્રીજીમહારાજને દીઠા, પછી સમાધિમાંથી બહાર આવીને તે તે દિવ્યલોકોમાં જોયેલું ઐશ્વર્ય તેની વાતો દરેકને કહેવા લાગ્યો અને વિચાર કરવા લાગ્યો જે, આ સ્વામિનારાયણ તો અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ છે અને સર્વેના કારણ અને સર્વ અવતારોના અવતારી ભગવાન છે અને મેં સમાધિમાં જે જે દિવ્યલોકોમાં અને દરેક ધામોમાં અપાર સુખ ઐશ્વર્ય જોયું છે તે સર્વે આ સ્વામિનારાયણ થકી જ છે, તો આવા ભગવાન અને અપાર સુખને ભૂલીને હું આ ચોરીનો ધંધો કરવારૂપ અવળે રસ્તે વર્તન કરી રહેલો છું તે મને ધિક્કાર છે એમ જાણીને તે શ્રીજીમહારાજનો આશ્રિત થયો અને તે ધામોના અતિ સુખમાં લોભાઈને તે વારે વારે સમાધિ કરીને તે ધામોમાં જાય અને પાછો આવે અને તે તે ધામોની વાતો સર્વેની આગળ કહી સંભળાવે, આવી અલૌકિક સામર્થીને પામી ગયો. તેમાં કહેવાની વાત તો એ છે કે, જ્યારે સમાધિ કરીને અક્ષરધામમાં જાય ત્યારે પાછું આવતાં વાર લાગે, ત્યારે એક વખતે શ્રીજીમહારાજે પૂછ્યું કે, હે મુળજી, તું બીજા ધામમાં જાય છેં ત્યારે તરત પાછો આવે છેં અને અક્ષરધામમાં જાય છેં ત્યારે પાછો આવતાં વાર કેમ લગાડે છે ? ત્યારે તે કહે જે, હે મહારાજ, મને અક્ષરધામમાં જાતાં વાટમાં કોઈક દેવ રોકી રાખે છે. મને આગળ જવા દેતા નથી અને એમ કહે છે જે, અલ્યા તું ઉતાવડો ઉતાવડો કયાં જાય છે ? બે ઘડી વાર અહીં ઊભો રહે, હું તને આગળ જવા નહીં દઉં. એમ કહીને મને રોકી રાખે છે, ત્યારે શ્રીજીમહારાજ કહે જે, હે મૂળજી, હવે તું ધામમાં જા ત્યારે તે એ દેવનો રોકયો રોકાઈશ નહીં અને તરત પાછો આવજે અને જો એ દેવ જવા ન દીએ તો તેની સાથે યુદ્ધ કરી તેને જીતીને જજે અને તરત પાછો આવીને જે થાય તે વૃત્તાંત અહીં આવીને કહેજે. ત્યારે તે મૂળજી કહે જે, હે મહારાજ, બહુ સારું. એમ કહીને સમાધિ કરીને ધામમાં જતો હતો ત્યાં જતાં વાટમાં કામારી દેવે રોકયો અને કહ્યું જે, અલ્યા ઉતાવડો ઉતાવડો કયાં જાય છે ? ઊભો રહે અને અહીં હું તુંને બે ઘડી રોકીશ અને પછી તને જવા દઈશ. ત્યારે મૂળજી કહે જે, હે મહારાજ, હે દેવ,



આજે મને ઉતાવળું જવાનું છે માટે મુને રોકશો મા અને આજે હું તમારો રોકયો રોકાઈશ નહીં. ત્યારે એ દેવ કહે જે, હું તુંને જવા નહીં દઉં અને જો તું બળજબરીથી જઈશ તો હું તુને મારી નાખીશ. ત્યારે મૂળજી કહે જે. મુને જો તમે રોકશો તો હું તમારી જટા ઝાલીને પૃથ્વી ઉપર પાડીને તમારી જટાને વીંખી નાખીશ. એમ પરસ્પર બોલતાંની સાથે વાદોવાદમાં માંડ્યા બોલવા, પછી બંને જણા બાથોબાથ આવ્યા અને કોય કેને નમી દે નહીં, પછી મૂળજીએ શ્રીજી મહારાજને સંભાર્યા, એટલે શરીરે અપાર બળ પ્રાપ્ત થયું, પછી સ્વામિનારાયણ ભગવાનની જય બોલીને એ દેવને ભોંય પાડીને તેના શરીરના હાડકાં ભાંગી નાખ્યાં ત્યારે જોરદાર કડાકો થયો તે ચારે દિશામાં બે જોજન સુધી સંભળાયો. એવી રીતે એ દેવને જીતીને ધામમાં જઈ આવીને સર્વ વાત સભાને સાંભળતે સતે શ્રીજી મહારાજની આગળ કહી સંભળાવી. ત્યારે તે ચમત્કારી વાત સાંભળીને સભામાં બેઠેલા સર્વેજનો અતિ આશ્ચર્ય પામ્યા અને સર્વે શ્રીજી મહારાજના ચરણમાં મસ્તક નમાવી, બે હાથ જોડીને પગે લાગ્યા અને સર્વે ધન્ય ધન્ય કહીને અતિ પ્રસન્ન થયા. આવી રીતે એ મૂળજીને શ્રીજી મહારાજે અનંત પરચા આપેલા છે કે જેનો કહેતાં લખતાં પાર ન આવે નહીં. આવી રીતે પરચો બીજો થયો. ૨.

---

### પ્રકરણ : ૧૨૯ – પરચો ૩

## સંતદાસજી સ્વામીને આપેલો પરચો

એક સંતદાસજી એવા નામે શ્રીજી મહારાજના આશ્રિત સંત હતા. જ્યારથી શ્રીજી મહારાજના દર્શન થયા ત્યારથી જ એને દેહદશા ભૂલાઈ ગઈ હતી અને તે દેહ છતે જ સિદ્ધ દશાને પામેલા હતા. તે સંતદાસજીને એક વખતે શ્રીજી મહારાજે દયા કરીને આજ્ઞા કરી જે, હે સ્વામી, તમો ઉત્તર દેશમાં, તેમાં પણ કામરૂ દેશમાં જાઓ અને ત્યાં અમારા પરમભક્ત મહામુક્ત દલુજી રહે છે તેને અમે બદરીકાશ્રમમાં કહેલું હતું જે અમો આ પૃથ્વી ઉપર પ્રગટ થઈશું ત્યારે તમોને એકવાર મળીશું, પણ અમારાથી તો ત્યાં જઈ શકાશે નહીં, માટે અમારા પ્રતિનિધિ તરીકે તમો ત્યાં જાઓ અને અમારો પ્રતાપ, ઐશ્વર્ય તથા અમારો સંદેશો કહેજો, ત્યારે સંતદાસજી ચાલતા થયા, પણ ત્યાં આ મનુષ્ય દેહે જવું બહુ અશકય

હતું. કારણ કે માર્ગમાં મોટી મોટી નદીઓના ભયંકર ઘાટ આવે, એ ઉલ્લંઘવા અતિ કઠિન હતા. વળી મોટાં મોટાં ભયંકર જંગલો આવે તેમાં વળી હિંસક પ્રાણીઓનો મોટો ત્રાસ, વળી માર્ગમાં ચાલતાં માણસ, માણસને મારીને ખાઈ જાય. આવું કઠિન હોવાથી એ સ્વામી માર્ગમાં બેસી નેત્રો બંધ કરીને વિચાર કરવા લાગ્યા, જે આવા વિકટ માર્ગમાં શી રીતે જવાશે અને શ્રીજી મહારાજની આજ્ઞા મારાથી શી રીતે પાલન થશે ? આમ વિચારીને શ્રીજી મહારાજનું હૃદયમાં સ્મરણ કરવા લાગ્યા, તેવામાં જ જાણે પોતાના શરીરમાં બે પાંખો આવી હોય અને આકાશમાં ઊડે એમ ઊડવા લાગ્યા. તે એક જ ક્ષણમાં તે દેશમાં પહોંચી ગયા અને ત્યાં એક આશ્રમમાં દલુજીને દૂરથી દેખ્યા, તેની સાથે બીજા પણ શોળ મુક્તો હતાં અને એક બાઈ મુક્ત હતા અને તે દલુજીએ પણ પોતાના આશ્રમ પ્રત્યે આવતા સંતને જોઈને તત્કાળ ઊઠીને સામા આવ્યા અને સ્વામીને દંડવત્ પ્રણામ કરીને પરસ્પર બાથમાં લઈને મલીને પોતાના આશ્રમમાં લાવ્યા, પછી સારું આસન આપીને અને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરીને પછી સારાં ભોજન કરાવ્યાં પછી સર્વે મુક્તે સહિત એ દલુજી સંતદાસજી સ્વામી પાસે બેઠા અને પગે લાગીને પૂછ્યું જે, કેમ સ્વામી ભગવાન, પ્રગટ થયા ! અને તેનું નામ ઐશ્વર્ય પ્રતાપ સામર્થી સર્વે કહો, ત્યારે સંતદાસજી સ્વામી કહેવા લાગ્યા, હે મુક્તો, ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને શ્રી સ્વામિનારાયણ, સહજાનંદ સ્વામી એવા અનંત નામોથી પ્રસિદ્ધ છે અને અલૌકિક સામર્થીએ યુક્ત છે, પોતાની મૂર્તિનાં દર્શનમાત્રથી બ્રાહ્મણો-ક્ષત્રિયો-વૈશ્યો, ક્ષુદ્રો પુરુષો, સ્ત્રીઓ-બાળકોને સમાધિઓ કરાવે છે અને પોતાના દરેક ધામોમાં મોકલીને જે જે જનો જે જે દેવોના ઉપાસકો હોય ! તેને તેને તે તે સ્વરૂપે દર્શન આપીને પોતાના જ સ્વરૂપનો નિશ્ચય કરાવીને પોતાનું જ ધ્યાન-ભજન કરાવે છે. આવી અપાર સામર્થીઓ જણાવીને પોતાના આશ્રિત કરે છે. આવી અલૌકિક સામર્થીઓ વાવરે છે, ત્યારે તે દલુજી કહેવા લાગ્યા જે, હે સ્વામી, આગળના અનંત ભગવાનના અવતારો થયા તે સર્વે અવતારોના અવતારી અને સર્વેના કારણ સર્વોપરી એ સહજાનંદ સ્વામી છે એમ તમો જાણો. એમ પરસ્પર શ્રીજી મહારાજના ઐશ્વર્યો, ચમત્કારો, ચરિત્રોની વાતો કરતાં કરતાં છ માસ વિતી ગયા પછી દલુજી કહે જે, હે સ્વામી, હવે તમે ત્યાં જાઓ, કારણ કે જે, ત્યાં છે તે ત્યાંજ છે અને સર્વે અવતારોથી અધિક એ જ છે



માટે તમો ત્યાં જાઓ અને અમારા જયશ્રી સ્વામિનારાયણ કહેજો અને અમારા સર્વે સમાચાર કહેજો. એ સાંભળીને સંતદાસજી ત્યાંથી ચાલીને ભૂજમાં બિરાજમાન એવા શ્રીજી મહારાજની પાસે આવ્યા. દંડવત્ પ્રણામ કરીને સર્વે સમાચાર કહ્યા. તે સાંભળીને સભામાં બેઠેલા સર્વે સંતો-હરિભક્તો પણ અતિ આશ્ચર્ય પામી ગયા, પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, એ દલુજી અને એ બાઈ સર્વે મહામુક્તો જ છે અને એ દિવ્ય દેહે જ ત્યાં રહ્યા છે. એનાં સર્વેને દર્શન થાય નહીં, એ તો અમારી જ ઈચ્છાથી તમોને દર્શન થયા અને છ માસ સુધી તમો ત્યાં રહ્યા અને પરસ્પર સમાગમને પામ્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવો અલૌકિક પરચો સંતદાસજીનો કહ્યો અને વળી બીજો પણ અલૌકિક પરચો કહું છું. એક સમયે ભુજમાં નિવાસ કરી રહેલા ભગવાન શ્રી સ્વામિનારાયણે સંતદાસજીને પ્રેરણા કરી કે, હે સ્વામી, તમોને મુક્તાવતાર એવા દલુજીએ જે કહેલું છે કે, હે મુનિ તમારે બદ્રીકાશ્રમમાં ભગવાન શ્રીનરનારાયણનાં દર્શન કરવા અને હિમાલયની ઉત્તર બાજુ રહેલા માનતલી નામના નગરના પ્રતાપભાનુ રાજાને ભગવાનનો નિશ્ચય કરાવીને તેનું કલ્યાણ કરવું એ કાર્યને માટે તમારે બદ્રીકાશ્રમમાં જવું જોઈએ અને જો એ કામને માટે નહીં જાઓ તો તમારે બીજો દેહ ધરવો પડશે. આવી રીતે શ્રીજી મહારાજે આજ્ઞા કરી એટલે તે સંતદાસજી તત્કાળ ભુજથી ચાલી નીકળ્યા. ધનુષમાંથી જેમ તીર છૂટે અને અતિ વેગથી જાય તેમ અતિ ઉતાવળી ગતિથી જતા મુનિને જોઈને સર્વે હરિભક્તો અતિ આશ્ચર્ય પામી ગયા, પછી સર્વે હરિભક્તો શહેરમાં આવીને શ્રીજીમહારાજને બે હાથ જોડીને પૂછ્યું જે, હે મહારાજ, આ સંતદાસજી અતિ ઉતાવળા થકા કયાં ગયા ? અને તે થોડી વાર દેખાણા અને પછી તો કયાંય દેખાણા જ નહીં, ત્યારે શ્રી હરિ કહેવા લાગ્યા જે, એ તો અહીંથી બદ્રીકાશ્રમધામમાં ગયા, માટે એની ચિંતા તમો કરશો નહીં. પછી સંતદાસજી તો ગંગાદ્વારને પામ્યા. ત્યાં આગળ ચાલતાં ભયંકર એવાં ઘાટા જંગલમાં એક તપસ્વી અતિત નામના યોગીના આશ્રમમાં ગયા ત્યારે તે યોગીએ સારું સન્માન કરી, સુંદર ફળ જમવા આપ્યા ત્યાં પરસ્પર મળીને કુશળ વૃત્તાંતની વાતો કરતાં બે દિવસ ત્યાં રહીને અતિ વેગમાં ચાલી નીકળ્યા તે થોડા જ સમયમાં ત્રીસ ગાઉ નીકળી ગયા. ત્યાં માર્ગે ચાલતાં શ્રીજી મહારાજ તેને સામે મળ્યા અને કહ્યું જે, હે મુનિ, તમો તે યોગીનો મોક્ષ કર્યા વિના કેમ જાઓ છો

? પાછા વળો અને તે યોગીને તેના તપનું ફળરૂપ મોક્ષ ગતિ પમાડીને પછી જ આગળ જજો એમ કહીને ભગવાન અદ્રશ્ય થઈ ગયા અને મુનિ પાછા વળીને તે જ યોગીના આશ્રમમાં આવી એને દેહ સંબંધી વિષયની આસક્તિનો ત્યાગ કરાવી અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો દૃઢ નિશ્ચય કરાવીને તેને મોક્ષ ગતિ પમાડીને ત્યાં બે દિવસ રહીને દલુજીએ કહેલું વચન પોતાના હૃદયમાં વિચારીને આગળ ચાલ્યા. તે માર્ગમાં ચાલતાં પથરા નદી આવી. તે ભયંકર નદીને જોઈને વિચાર કરવા લાગ્યા કે, આ નદી કેમ ઉતરાશે પછી અંદર પડીને તરીને જવાનો વિચાર કરે છે તેવામાં ત્યાં કેટલાક ભરવાડ લોકો કહેવા લાગ્યા જે, હે બાવાજી, આ નદીમાં પડશો નહીં અને તમારે કયાં જાવું છું ? ત્યારે મુનિ કહે જે, મારે તો બદ્રીકાશ્રમમાં જવું છે. ત્યારે ભરવાડો કહે જે, તમો જો આ નદીમાં પડશો તો પથ્થર થઈ જાશો. કારણ કે આ નદીમાં જે પડે છે તે પથ્થર થઈ જાય. તે સાંભળીને મુનિએ પોતાના હાથમાં એક લાકડી હતી તેને પાણીમાં બોડી, તે જેટલામાં પાણીનો સ્પર્શ થયો તેટલી લાકડી પથ્થર થઈ ગઈ. તે જોઈને મુનિને બીક લાગી અને વિચાર કરવા લાગ્યા જે, આ નદી કેમ ઉતરાશે એમ વિચારીને શ્રીજી મહારાજને સંભાળ્યા. તેવામાં આકાશ માર્ગે પાર્ષદો આવ્યા અને પૂછ્યું જે, હે મુનિ, તમારે કયાં જાવું છે ? ત્યારે તે કહે જે, મારે તો બદ્રીકાશ્રમમાં ભગવાનનાં દર્શન માટે જવું છે ત્યારે પાર્ષદો કહે જે, તો અમારી સાથે તમો ચાલો અને નેત્રો બંધ કરો. ત્યારે મુનિએ એક ક્ષણવાર માત્ર પોતાનાં નેત્રો મીંચ્યાં તેટલામાં જ એ પાર્ષદો મુનિને આકાશ માર્ગે લઈને એક ક્ષણમાં જ બદ્રીકાશ્રમમાં પહોંચાડીને તે પાર્ષદો અદ્રશ્ય થઈ ગયા, પછી તે મુનિએ અતિ સુંદર આશ્રમ જોઈને આગળ ચાલતાં સુંદર એવી એક બોરડી જોઈ, જે બોરડીને મોટા સિદ્ધયોગીઓ સત્યયુગમાં મુક્તિદા એવા નામે કહેતા અને ત્રેતા યુગમાં યોગસિદ્ધિદા અને દ્વાપર યુગમાં વિશાલા અને કલીયુગમાં બદરી એવા નામથી કહે છે તે બદરીના દૂરથી દર્શન કરી આનંદ પામ્યા. તેના નીચે અનેક ઋષિઓની સભામાં સુંદર વેદી ઉપર વિરાજમાન એવા નરે યુક્ત નારાયણ ભગવાનને જોઈ અતિ આનંદ પામ્યા અને તે મુનિ પૃથ્વી ઉપર પડીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ત્યારે ભગવાને સારું આસન આપીને તે મુનિને બેસાડીને સર્વે કુશળ સમાચાર પૂછ્યા ત્યાર તે મુનિએ શ્રીહરિ સંબંધી સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું, પછી નારાયણે કહ્યું જે, હે



મુનિ, અત્યારે પૃથ્વી ઉપર નારાયણમુનિ રૂપે રહેલા એવા મારા અનુગ્રહથી જ તમોને આ દિવ્યધામમાં મારું દર્શન થયું છે અને જેના ઉપર મારો અનુગ્રહ થાય છે તેને આ ધામમાં આવવામાં કોઈ આવરણ નડી શકતું નથી, પણ મારા અનુગ્રહ વિના તો અહીં આ ધામમાં આવવા કોઈ સમર્થ નથી અને તે પૃથ્વી ઉપર અત્યારે જે નારાયણમુનિ છે તે જ અમારા કારણ, અમારા મૂળ સ્વરૂપ, અમારા અવતારી છે અને ત્યાં છે, તે જ અક્ષરધામના અધિપતિ છે અને તેના અનુગ્રહથી જ તમો અહીં આવેલા છો, માટે હવે તમો અહીં જ રહીને અમારાં દર્શન, સમાગમ કરતા થકા કેટલાક સમય સુધી રહો, પછી તે સંતદાસ પણ ત્યાં જ રહેવા વિચાર કીધો. એમ કરતાં સાંજ પડી ત્યારે સર્વે ઋષિઓ ભગવાનનાં દર્શન કરવા આવ્યા. દર્શન કરીને સર્વે મુનિઓ ભગવાનની પાસે બેઠા અને મુનિઓને સંતદાસજી પણ મળ્યા, પછી ભગવાન સંતદાસજીને કહેવા લાગ્યા જે,

*કહે નારાયણ, સુણો સંત । આ તો ઋષિ છે ત્યાગી અત્યંત ॥*
*કોઈકને વીતે વર્ષબાર । ત્યારે એક દિન કરે આહાર ॥*
*કોઈકને વીતે ષટ વર્ષ । ત્યારે લાગે ભૂખ ને તરસ ॥*
*કોઈક જમે વરસે એક । ખટ માસવાળા છે અનેક ॥*
*કોઈ કરે છે મહિનામાં આહાર । પક્ષવાળા હજારો હજાર ॥*
*સરવેનાં છે તપ મય તન । અંતર વૃત્તિયે કરે ભજન ॥*
*જ્યારે ઈચ્છે અન્નજળ જેહ । આપી જાય સિદ્ધિ સદ્યતેહ ॥*
*એમ વાત કરી નરવીરે । સુણી સંતદાસજી સુધીરે ॥*
*એમ કરતાં વીત્યા કાંઈ દન । કર્યું માનસરે જાવા મન ॥*
*ત્યારે સંતને કહે નરવીર । નાશો નહિ નહિ ખમે શરીર ॥*

પછી બીજા ઋષિઓની સાથે તે સંતદાસજી માનસરોવરે ગયા. તે સરોવર કેવું ? કે અનંત, લાલ, પીળા, શ્વેત કમળોથી સુશોભિત અને ચારેબાજુ અનંત વિવિધ જાતના વૃક્ષોથી વિરાજમાન અને અનંત હંસ, સારસ, જળકુકડાં, કોયલ, મોર આદિક પક્ષીઓના મધુર શબ્દોથી શબ્દાયમાન એવા સરોવરને જોઈને ન્હાવાની ઈચ્છા કીધી અને ભગવાને જે વચન કહ્યું હતું જે તમો ભલે માનસરોવરે જાઓ, પણ ન્હાશો નહીં પરંતુ દર્શન કરીને તુરત પાછા વળજો, તે વાત ભૂલી

ગયા અને તેમાં ન્હાયા કે તરત જ શરીર ઠરી ગયું અને અચેતન થઈને કિનારે પડી ગયા, પછી ઋષિઓએ તાપ કરીને તપાડ્યા ત્યારે સચેત થયા. પછી ભગવાન પાસે આવીને સર્વે વૃત્તાંત કહ્યું ત્યારે ભગવાન નારાયણે ઠપકો આપીને કહ્યું જે, તમોને મેં ન્હાવાની ના કહી હતી અને શા માટે તમો ન્હાયા. ત્યારે તે મુનિ કહે જે, હે મહારાજ, એ આપની આજ્ઞાને તો હું ભૂલી ગયો અને સરોવરની અતિ સુંદરતા જોઈને ન્હાવાની ઈચ્છા થઈ અને ન્હાયો જેથી તકલીફ થઈ એવી રીતે તે મુનિ ત્યાં રહેતા થકા ભગવાનના મુખથી અને ઉદ્ધવ, નારકાદિક મહર્ષિઓના મુખેથી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના અને ભગવાનના ધામોના સત્સંગના મહિમાને સાંભળતા થકા તે ધામમાં મુનિ સંતદાસજીને છ માસ વીતી ગયા. ત્યાર પછી ભગવાન નારાયણ કહે જે, હે મુનિ, હવે તમો અહીંથી જાઓ અને જે, ત્યાં છે ? તે ક્યાંય પણ નથી, એમ કહીને ચાર ઋષિઓને સાથે મોકલ્યા એટલે તે ઋષિઓ તે પથરા નદીને ઉલંઘાવીને પાછા બદરીધામમાં ગયા અને સંતદાસજી ચાલતા થયા. કેટલાક વનો, પર્વતો, નદીઓને ઉલ્લંઘન કરતાં કરતાં માનતલી નામની નગરીને પામ્યા. તે નગરીના જગજીત નામના કારભારીથી હર સમયે સેવાયેલા પ્રતાપભાનુ નામના રાજાને મળ્યા. તે રાજા હઠયોગી હતા. પૂર્વના શુભ સંસ્કારને યોગે કરીને સમાધિની ઉત્તમ સ્થિતિને પામેલા હતા. તે જ્યારે સમાધિમાં જાય ત્યારે ક્યારેક દસ દિવસ, ક્યારેક મહિનો, ક્યારેક ત્રણ, ચાર, છ મહિના સમાધિમાં રહે. ક્યારેક વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, ક્યારેક પાંચ અને ક્યારેક છ-સાત વર્ષ સમાધિમાં રહે. અનેક ધામોમાં જે જે જોયેલું હોય તે સર્વે દેહમાં આવીને સર્વેને કહે. એમ કરતાં એના દેહની આયુષ્ય પુરી થઇ ગઇ હતી, છતાં પણ રાજ્ય, પુત્ર, સ્ત્રી, ધન, આદિકમાં અતિ આસક્તિ હોવાથી પોતાના પ્રાણોને બે ભ્રૂકુટીના મધ્યમાં રહેલ આજ્ઞાચક્રમાં રાખીને સમાધિમાં જાય અને જ્યારે આવવાની ઈચ્છા થાય ત્યારે પાછો આવે, તે રાજાને સ્વામી સંતદાસજી મળ્યા ત્યારે રાજાએ સ્વામીનો સારો સત્કાર કરી આસન-ભોજન આદિકથી સારી સેવા કરી પછી સ્વામીએ તેને ભગવાન અને ભગવાનના ધામના દિવ્ય સુખનો ઉપદેશ આપીને અને આ લોકના અતિ દુઃખરૂપ એવાં રાજ્ય, સ્ત્રી, ધન આદિક સર્વે વિષય સંબંધી સુખમાંથી આસક્તિ તોડાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દિવ્ય ચરિત્રોને સંભળાવવા પૂર્વક તે શ્રી હરિના ધ્યાનનો પણ ઉપદેશ કર્યો ત્યારે



તે રાજા સ્વામી સંતદાસજીના કહેવા પૂર્વક શ્રી હરિનું ધ્યાન કરવા લાગ્યા ત્યારે એ સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ગામ ડભાણમાં હજારો હરિભક્તો અને સંતોની દિવ્ય સભામાં સુંદર મણિમય સિંહાસન ઉપર વિરાજમાન અને હજારો હરિભક્તોએ પહેરાવેલા દિવ્ય પુષ્પના હાર ધારણ કરી રહેલા કિશોર અવસ્થાએ યુક્ત અને તારામંડળના મધ્યમાં જેમ ચંદ્રમા શોભે તેવી દિવ્ય શોભાએ યુક્ત એવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના દર્શન એ રાજાને પોતાના હૃદયમાં થયાં અને તે રાજાના સહવાસથી ત્રણસો મનુષ્ય સમાધિની ઉત્તમ સ્થિતિને પામેલા હતા તેને પણ સમાધિમાં શ્રી હરિનાં દર્શન થયાં. પછી તે રાજા પણ સમાધિએ કરીને શ્રી હરિની મૂર્તિ પોતાના હૃદયમાં અખંડ ધારીને પોતાના પંચ ભૌતિક શરીરનો ત્યાગ કરીને ભગવદ્ ધામને પામ્યા. ત્યાર પછી સંતદાસજી ત્યાંથી ચાલતા થયા તે હૈદ્રાબાદને સમીપે જંગલમાં કોઈક મુમુક્ષુ યોગીના આશ્રમમાં ગયા. ત્યાં યોગીને પણ અગિયાર નિયમોને ધારણ કરાવી શ્રી હરિના સ્વરૂપનો નિશ્ચય કરાવીને ભગવદ્ધામને પમાડીને ત્યાંથી ચાલતા થયા તે, અવંતી નગરીને પામ્યા. તે નગરીના ચારે સંપ્રદાયના કોઈક વૈરાગીનું મંદિર હતું ત્યાં ગયા. ત્યાં પંદર દિવસ રહીને ચાલતા થયા. તે ત્રીસ કોશ દૂર ગયા ત્યારે પોતાને યાદ આવ્યું જે, અરે મારું કૌપીન તો પેલાં વૈરાગીના મંદિરમાં રહી ગયું. ત્યાં તો માર્ગમાં આવેલા ચોર લોકોએ પહેરેલા કૌપીન વગેરે લૂંટી લીધું. જેથી નગ્ન દશાને પામેલા મુનિ ચાલતા ચાલતા બારૈયા નામના ગામને ઉલંઘીને આગળ ગતિ કરતા આગળ જંલમાં કોઈ રામસનેહી નામના વૈરાગીના આશ્રમમાં ગયા. ત્યાં તે યોગીએ સારો સત્કાર કરીને જમાડ્યા. પછી બીજે દિવસે તે મહંતે બોલાવેલા વાળંદ પાસે મુનિનું વત્તું કરાવ્યું ત્યારે વાળંદે શિખાએ સહિત વત્તું કરી નાખ્યું. વત્તું કરીને ઊઠ્યા ને મસ્તક ઉપર હાથ ફેરવતાં જણાયું જે, આણે તો શિખાએ કાઢી નાખી. પછી વાળંદને કહ્યું જે, અલ્યા હું વૈશ્નવ સાધુ છું. મારી શિખા કેમ કાઢી નાખી ? ત્યારે વાળંદે પગે લાગી કહ્યું જે, મારી ભૂલ થઈ, મને એમ હતું જે, તમો પણ આ મઠના મહંત સમાન છો, જેથી મારો અપરાધ માફ કરો. પછી ત્યાંના રામસનેહી મહંતે જમાડ્યા અને કહ્યું જે, હે મુનિ, આપ આ આશ્રમમાં જ નિવાસ કરીને રહો. ત્યારે મુનિએ રહેવાની હા કહી. બે દિવસ રહીને બપોરે ભોજન કરીને શિષ્યો સહિત મહંત સૂઈ ગયા ત્યારે સંતદાસજી ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં

વડનગરને પામ્યા, ત્યાંથી વિસનગર, અમદાવાદ અને ત્યાંથી જેતલપુરમાં રાત્રે દેવસરોવરના કિનારા ઉપર રહેલા ગોપુરમાં સૂઈ ગયા, સવારમાં ઊઠ્યા ત્યારે સ્વામીનારાયણ નામ સાંભળીને કેટલાક રમતા બાળકોને પૂછ્યું જે, હે બાળકો, અહીં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવું ભજન કોણ કરે છે ? ત્યારેબાળકોએ કહ્યું જે, અહીં આ દેવસરોવરના કિનારા ઉપર રહેલા આશ્રમમાં સ્વામિનારાયણના સંતો-હરિભક્તો ભજન કરે છે. તે સાંભળીને સંતદાસજી તે આશ્રમમાં ગયા. ત્યાં રહેલી ભગવાનની પ્રતિમાનાં દર્શન કરવા લાગ્યા. ત્યારે ત્યાં રહેલા આશારામ શાસ્ત્રી તથા આસજીભાઈ પટેલ વગેરે હરિભક્તો કહેવા લાગ્યા જે, હે બાવાજી, આમ નગ્ન રહેવાથી તમારું કલ્યાણ નહીં થાય અને જો નગ્ન રહેવાથી કલ્યાણ થઈ જતું હોય તો કુતરા, ગધેડાં આદિક ઘણાયે પશુઓ નગ્ન ફરે છે, પણ તેણે કરીને કોઈનું કલ્યાણ થાતું નથી, માટે કપડાં પહેરો અને સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય કરીને એમનું ભજન કરો, જેથી જીવનું કલ્યાણ થાય. ત્યારે સંતદાસજી કહેજે, વ્રજાનંદ સ્વામી ક્યાં છે ? ત્યારે હરિભક્તો કહે જે, વ્રજાનંદ સ્વામીને તમો ક્યાંથી ઓળખો ? ત્યારે તે મુનિ કહે જે, હું વ્રજાનંદને ઓળખું છું અને મુક્તાનંદ, નિત્યાનંદ, રામદાસ, સ્વરૂપાનંદ સર્વેને ઓળખું છું. માટે મને વ્રજાનંદ સ્વામીને બતાવો, ત્યાં વ્રજાનંદ સ્વામી આવ્યા, બંને પરસ્પર મળ્યા અને વ્રજાનંદે પૂછતાં કહ્યું જે, હું તો સંતદાસજી છું. હું ભુજથી શ્રીજી મહારાજની આજ્ઞાથી બદ્રીધામ ગયો હતો અને ત્યાંથી જ આવું છું. પછી વ્રજાનંદ સ્વામીએ વસ્ત્રો પહેરવા આપ્યાં અને ભોજન કરાવ્યાં પછી પૂછ્યું જે, રામદાસભાઈ તથા મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી ક્યાં છે ? ત્યારે વ્રજાનંદ સ્વામી કહે જે, એ તો ડભાણ ગામમાં છે. ત્યારે મુનિ કહે જે, મારે તે સંતોને મળવું છે. પછી વ્રજાનંદ સ્વામીએ પોતાની સાથે રહેલા સ્વરૂપાનંદ સ્વામીને તે સંતદાસજીની સાથે જવા કહ્યું ત્યારે તે સ્વરૂપાનંદ સ્વામી જવા તૈયાર થયા ત્યારે વ્રજાનંદ સ્વામીએ કહ્યું જે, હે સંતદાસજી, આ સ્વરૂપાનંદ સ્વામી સાથે રહેજો અને તે કહે તેમ કરજો. પછી ત્યાંથી તે ડભાણ ગયા. ત્યાં એકસો સંતોની સાથે રામદાસભાઈ, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી વગેરે સંતો હતા તેને મળ્યા અને એ સંતોએ ભોજન કરાવ્યાં અને તેની સાથે રહ્યા. સર્વે સંતો પરસ્પર મળ્યા પછી સર્વે સંતોએ પૂછતાં સંતદાસજીએ જે માટે પોતાને શ્રીહરિએ બદ્રીકાશ્રમ મોકલ્યા હતા તે સર્વ વૃત્તાંત



સંતદાસજીએ કહ્યું. તે સાંભળીને સર્વે અતિ પ્રસન્ન થયા. પછી ત્યાં આઠ દિવસ પર્યંત રહ્યા પછી કહ્યું જે, સહજાનંદ સ્વામી ક્યાં છે ? મારે દર્શન કરવાં છે, માટે દર્શન કરાવો. ત્યારે રામદાસભાઈ અને નિત્યાનંદ સ્વામી સાથે ચાલતા થયા, તે ફરતાં નિંગાળા ગયા. ત્યાં નદીમાં સર્વે સવારમાં સ્નાન કરવા ગયા. ત્યાં બીજા સંતો સ્નાન કરે છે. તેવામાં સ્નાન કરતાં સંતદાસજી તો અચાનક એમને એમ ભીને કપડે દોડ્યા. તે દોડતાં દોડતાં આગળ કોઈ પુરાતન અને જોરદાર અતિ મોટું લીમડાનું વૃક્ષ હતું તેમાં ભટકાણા, તો તે સ્વામીના શરીરના હડસેલાથી લીમડાનું ઝાડ કડેડાટ કરતું મૂળમાંથી ઉખેડીને પૃથ્વી ઉપર પડી ગયું. સ્વામી તો તેને નહીં જોતા-થકા પોતાના જ ધ્યાનમાં દોડ્યા જતા હતા, ત્યારે સ્નાન કરતા નિત્યાનંદ મુનિ એમને એમ ભીને કપડે દોડ્યા અને તેની આગળ જઈને બે હાથ પહોળા કરીને આડા રસ્તામાં ઊભા હતા તેમાં ભટકાણા ત્યારે ઊભા રહ્યા ત્યારે નિત્યાનંદ મુનિ કહે જે, હે સંતદાસજી, આમ એકલા દોડીને ક્યાં જાઓ છો, પાછા વળો અને મોટા સ્વામી રામદાસજીએ તમોને કહ્યું હતું જે, તમો આ સ્વરૂપાનંદ સ્વામી સાથે રહેજો, તે વચન ભૂલી ગયા ? ત્યારે પાછા વળ્યા, પછી સર્વે સંતો ત્યાંથી ચાલતા થયા તે વણથલીના માર્ગમાં ભયંકર બાવળનો કાંટો સંતદાસજીના પગમાં પેસી ગયો. ત્યારે સર્વે સંતો તેને બેસાડીને પગમાંથી કાંટો કાઢવા માંડ્યા. ત્યારે સંતદાસજી કહે જે, આ તમો શું કરો છો ? અને ચાલતાં ચાલતાં માર્ગમાં તમે બેસી કેમ ગયા ? ત્યારે સંતો કહે જે, હે સ્વામી, તમારા પગમાં જોરદાર ભયંકર કાંટો ભોંકાઈ ગયો છે તેને અમો કાઢીએ છીએ. ત્યારે સંતદાસજી તો ઊભા થઈને એક મોટો પથ્થર હતો તેમાં અતિ જોરથી પગ પછાડ્યો અને થયા ચાલતા. તે કરિયાણામાં આવ્યા, ત્યાં દાહા ખાચરના દરબારમાં બિરાજમાન એવા શ્રીહરિના દર્શન કર્યા. શ્રીહરિએ આસન આપી બેસાડ્યા. પછી સુંદર ભોજન પોતે જમીને સંતદાસજીને જમાડ્યા. પછી શ્રીહરિએ પૂછતાં બદ્રીવન સંબંધી સર્વ વૃત્તાંત કહ્યું, બીજા સંતોએ પણ લીમડાનું ઝાડ પડી ગયું, કાંટો વાગ્યો તે સર્વે વૃત્તાંત કહ્યું ત્યારે શ્રીહરિ કહે જે, આ મુનિ તો વૈરાટનારાયણની સાથે એકાત્માએ યુક્ત વર્તે છે જેથી લીમડો કે કાંટાની એને શી ગણતરી. પછી શ્રીહરિએ કહ્યું જે, હે મુનિ, હવે તમો જ્યાં ત્યાં ફરવાનું છોડીને અહીં જ સત્સંગમાં રહો, ત્યારે મુનિ કહે જે, ભલે રહીશ. એમ કરતાં આઠ દિવસ થયા એટલે સવારમાં

ઊઠતાની સાથે ચાલતા થયા, તે ભીંત સોંસરા નીકળીને ક્યાંય દૂર નીકળી ગયા. ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સોમલા-ખાચર, સુરાખાચર વગેરે ઘોડેસ્વારો ઘોડા દોડાવીને પાછા વાળી લાવ્યા. પછી શ્રીહરિએ કહ્યું જે, હે મુનિ, તમોએ કહ્યું જે હવે તમારી આજ્ઞાથી આ સત્સનગમાં સંતોની સાથે રહીશ અને એકલા કેમ ભાગી ગયા ? ત્યારે તે મુનિ કહે જે, હે મહારાજ, મને તો કાંઇ પણ ખબર નથી. હું તો તમારી ઘોડીની જેમ જ્યાં દોરો ત્યાં જાઉં છું. કારણ કે મારા માલિક તો આપ જ છો. ત્યારે શ્રીહરિ કહે જે, હવે તમારે ક્યાંય જવું નહીં. ત્યારે સંતદાસજી કહે જે, સારું, એમ કરતાં થોડાક દિવસો વિત્યા બાદ નદીમાં શ્રીહરિ પાર્ષદો-સંતોની સાથે ન્હાવા ગયા ત્યારે સંતદાસજી તો ત્યાંથી ઉતાવળા ચાલી નીકળ્યા ત્યારે પાર્ષદો પોતાના ઘોડા દોડાવી પાછળ દોડ્યા. ત્યારે રસ્તામાં કોઈક માણસ આવતો હતો તેને પાર્ષદોએ પૂછ્યું કે, આ રસ્તામાં કોઇ સાધુને દેખ્યા, ત્યારે તે કહે જે, હા મેં સાધુને દેખ્યા, પણ તમો આ તમારા ઘોડાથી પહોંચી શકશો નહીં. કારણ કે એ તો જેમ ધનુષમાંથી છૂટું પડેલું તીર જેમ અતિ વેગથી આકાશમાં ગતિ કરે તેમ આકાશમાં ગતિ કરતા જોયા. પછી ઘોડેસવારો પાછા વળીને શ્રીહરિને વાત કરી ત્યારે શ્રીહરિ કહે જે, એ તો સર્વે આવરણે રહિત, દેહે યુક્ત શરીર જેનું છે એવા સંતદાસજીનું વિચરણ દરેક જીવોના શ્રેય માટે જ છે. માટે હવે તે સંત પાછા નહીં આવે. આવા સમર્થ સંત સંતદાસજીનો પરચો મેં તમારા પ્રત્યે કહ્યો. આ સંતદાસજીના પરચાની કથાને કોઈ કહેશે અથવા કોઈ સાંભળશે તે મનુષ્ય પણ દિવ્ય ભાગવતી શરીરને પામીને ભગવાનના અક્ષરધામને અવશ્ય પામશે એમાં લેશમાત્ર સંશય નથી. એવી રીતે ૩જો પરચય થયો.

---

### પ્રકરણ : ૧૩૦, પરચો – ૪

## વ્યાપકાનંદ સ્વામીને આપેલો પરચો

*દીયે પરચા દાસને । દીનબંધુ દીનદયાળ ।।*
*જોઈ સમર્થી શ્યામની । મન મગન રહે મરાળ ।। ૧ ।।*
*જણ જણ પ્રત્યે જુજવા । આપે પરચા અપાર ।।*
*તેણે ખુમારી તનમાં । મન મસ્ત રહે નરનાર ।। ૨ ।।*



*વળી કહું એક વારતા । વિવિધ કરી વખાણ ।*
*સાંભળજો સહુ શ્રવણે । સત્યવાદી જન સુજાણ ।। ૩ ।।*

એક મોટા સંત હતા, જેનું વ્યાપાકાનંદ સ્વામી નામ હતું અને તે સાધુના ત્રીસ લક્ષણે યુક્ત હતા અને એને ક્યારેય અષ્ટ સિદ્ધિ કે નવ નિદ્ધિનો યોગ એકાંતમાં થાય તો પણ તેમાં લોભાય નહીં અને કામ, ક્રોધ, લોભ, મોહ, માન આદિક દોષોથી રહિત હતા અને હંમેશાં શ્રીહરિના ધ્યાન પારાયણ રહેતા અને જ્યારથી એને શ્રીહરિના દર્શન થયા ત્યારથી જ એને સમાધિ દશા પ્રાપ્ત થઈ હતી. જ્યારે સમાધિ કરીને દેવલોકમાં જાય સર્વે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ આદિક ધામોમાંજઈને સર્વે દેવોમાં અને ધામોના મુક્તોમાં અને ધામાધિ પતિઓમાં જે સામર્થી, ઐશ્વર્ય પ્રતાપને જોતા હતા તે સર્વે પ્રતાપ શ્રીજી મહારાજનો જ છે એમ માનતા હતા અને સર્વના કારણ સર્વ અવતારોના અવતારી શ્રીજી મહારાજ જ છે એમ માનતા હતા અને એને દેહદશા તો હતી જ નહીં અને તે આત્માકારે જ હંમેશાં વર્તતા હતા એવા સર્વે સંતોમાં શિરોમણી એવા તે સંત હતા તેભગવાન શ્રીહરિની આજ્ઞાથી જીવોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર વિચરતા થકા. ક્યારેક ઉત્તર દેશમાં ફરતા હતા અને ત્યાં એકા ભયંકર જંગલ આવ્યું. તેને ઉલંઘીને આગળ ચાલતાં એક આસૂરી દેશમાં નખલૌ શહેર આવ્યું. તે શહેરનો રાજા મુસ્લિમ હતો અને તેનો દિવાન વણિક વેણીરામ હતો. તે દિવાન એક સમયે કાંઈક ગુનામાં આવ્યો. જેથી તેને રાજાએ બંધીખાનામાં પૂર્યો. ઘણા સમય સુધી તે બંધીખાનામાં રહ્યો. ત્યાર પછી તેને એક કરોડ રૂપિયાનો દંડ ઠરાવીને એક મોટા શેઠની જામીનથી છૂટો કર્યો. તેમાં એક મહિનાનો ઠરાવ કર્યો જે, એક મહિનામાં તે જો કરોડ રૂપિયા દંડ ન ભરે તો તેને વટલાવીને મુસલમાન કરવો. આવી રીતના જામીનથી તેને છૂટો કર્યો. પછી તેણે રૂપિયા માટે પોતાનું ઘર વેચી નાખ્યું. પોતાની પત્નીના ઘરેણાં વેચી નાખ્યા. પણ દંડ પૂરો કરી શક્યો નહીં. ઘરના ખત હશેતે પણ જામીને લઈ લીધા. મહિના એકમાં બે-ત્રણ દિવસ બાકી રહ્યા ત્યારે વણિકે વિચાર કર્યો જે હવે તો દંડ ભરી શકાય તેમ નથી અને રાજા મને મુસલમાન કરશે તો આ લોકમાં સર્વેને મોઢું કેમ દેખાડીશ ? આથી કરતાં આત્મહત્યા કરીને આ દેહને પાડી નાખવો શું ખોટું છે ? આવો વિચાર કરીને પુરની બહાર એક શંકરનું મંદિર

હતું. ત્યાં આવીને પ્રદક્ષિણા કરે અને રૂદનની સાથે શોકમાં બોલે જે,

*હાય હાય હિન્દુ ધર્મ જાશે । હાય માનખી હરામ થાશે ॥*
*એમ શોકમાં કરે પોકાર । દીઠા સંસતીયા દોય ઠાર ॥*
*તેમાં વડેરા વ્યાપકા નંદ । તેને દેખીને પામ્યો આનંદ ॥*
*પછી હાથ જોડી લાગ્યો પાય । રૂવે નયણે નીર ન માય ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, તે વણિક આવી રીતે રૂદન કરતો હતો તેને દેખીને સંતના હૃદયમાં દયા આવી અને પૂછ્યું જે, અરે તમે કોણ છો ? અને આમ રડો છો શા માટે ? ત્યારે તે વણિકે પોતાનું સઘળું વૃત્તાંત કહી સંભળાવ્યું ત્યારે વ્યાપકાનંદ સ્વામી કહે જે, અરે તમે શોક શા માટે કરો છો અને આવી સામાન્ય વાતમાં દેવોને દુર્લભ ચિંતામણીના સમાન અને મોક્ષને ઉપયોગી એવો મનુષ્ય દેહને પાડી નાખવો તેને આત્મહત્યારો કહેવાય અને તેનો ક્યારેય પણ મોક્ષ નથી થતો. માટે આત્મઘાતનો ત્યાગ કરીને ચિંતાને છોડી દ્યો અને અમો અત્યારે પ્રગટ પગવાન શ્રી સ્વામિનારાયણના સંત છીએ અને અમારા ભગવાનની આજ્ઞાથી દૈવી જીવોના કલ્યાણ માટે અને દુઃખીયા જીવોને સુખીયા કરવા માટે જ વિચરીએ છીએ. માટે તમો શોકનો ત્યાગ કરીને સત્સંગી થાઓ અને કંઠી ધારણ કરી અગિયાર પ્રકારના નિયમો પાલન કરવાની પ્રતિજ્ઞા કરીને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરો, જેથી તમોને ભગવાન સ્વામિનારાયણ સુખીયા કરશે. આવી રીતે તેને સંતોએ ધીરજ આપીને સત્સંગી કર્યો. પછી તે વેણીરામ સત્સંગી થયો અને તેની પત્ની અનેતેનો પુત્ર આ સર્વેને વર્તમાન ધરાવી કંઠી બાંધીને સત્સંગી કર્યા. પછી ઘેર જઇને હાથમાં માળા લઈને ભજન કરવા લાગ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, જ્યારે સંતોએ તેને વચન આપ્યું જે, તમો પગવાનને સંભારીને ભજન કરો. ભગવાન તમોને સુખીયા કરશે અને તમારા કરોડ રૂપિયા દંડ ભગવાન સ્વામિનારાયણ ભરી દેશે. તે જ સમયે ગઢપુરમાં વિરાજમાન એવા શ્રી સ્વામિનારાયણે વિચાર કર્યો જે, મારા સંતે એ વણિકને વચન આપ્યું છે જે, એ તમારો દંડ ભગવાન ભરીને તમોને સુખી કરશે, તમો ચિંતા કરો નહીં, માટે એ દંડ કરોડ રૂપિયાનો મારે જ ભરવો જોઇશે એમ વિચારીને ભગવાન સ્વામિનારાયણે તત્કાળ વિચાર કર્યો જે,



*હવે કરવું એહનું કાજ । થયા સાબદા પોતે મહારાજ ॥*
*વાલે લીધો વણિકનો વેશ । બાંધ્યું સુંદર મોળિયું શિશ ॥*
*પહેરી અંગરખી લાંબી બાય । ચાળ વિશાળ લડસડે પાય ॥*
*બાંધ્યો કમરે કસુંબી કણો । સોનેરી છેડે શોભે છે ઘણો ॥*
*તેમાં ખોશી છે સુંદર દોત । ખંભે દુસાલો ઝીણેરે પોત ॥*
*કાંઈ બોલે મુખેથી તોતળિયું । લીધા રૂપૈયા ભરી કોથળિયું ॥*
*લીધા સેવક સંગે બે-ચાર । આવ્યા શ્યામળો શહેર મોઝાર ॥*

આવો વેશ ભગવાને ધારણ કરીને રૂપૈયાની કોથળીઓ સેવક પાસે ઉપડાવીને ભગવાન નખલૌ શહેરમાં આવીને સીધા રાજાના ભુવનમાં જઈને રાજાને કહ્યું જે, હે રાજન, અમો દિવાન વેણીરામનો દંડ ભરવા માટે આવ્યા છીએ, માટે લ્યો તમારા કરોડ રૂપૈયા અને આપો પાવતી અને તેના ઘરનો ચોપડો, એમ કહીને ઉપર વેણીરામનું જેમાં નામ લખેલું છે એવા રૂપૈયાની ભરેલી થેલીઓ રાજાની આગળ મૂકી અને કહ્યું જે, તમો તમારા કરોડ રૂપૈયા ગણી લ્યો અને તેની પાવતી અનેખત તત્કાળ આપો અને અમોને જાવાની ઉતાવળ છે એટલે રાજાએ રૂપૈયા ગણીને પાવતી કરી આપીને પૂછ્યું જે, તમો કોણ છો અને તમારે અને વેણીરામને શું સંબંધ છે ? ત્યારે શ્રી હરિ કહે જે એ તો અમારા શેઠ છે અને એ તો કરોડો રૂપૈયાના આસામી છે અને અમને જ્યારે રૂપૈયાની જરૂર પડે ત્યારે અમો એમની પાસે યાચના કરીએ ત્યારે જેટલા રૂપૈયા જોઈએ એટલા આપે છેજેથી અમારા ઉપર એનું કરજ ઘણું છે. આ તો અમોએ આટલું કરજ ચૂકવ્યું છે. ત્યારે રાજાએ કહ્યું જે, તમારું નામ શું છે ? ત્યારે શ્રીહરિ કહે જે, અમારું નામ છે જગજીવન, એમ કહીને થયા ચાલતા અનેખત અને પાવતી લઈને એમને ઘેર જઈને પૂછ્યું જે, દિવાન સાહેબ ક્યાં છે ? અને આ ચોપડો એમને આપજો એમ કહીને ચોપડો તેનાં પત્નીને આપીને તરત ત્યાંથી અદ્દશ્ય થઇ ગયા. પછી તે બાઇએ ઘરમાં પૂજા કરતા વેણીરામને તે ચોપડો આપ્યો. તે ચોપડો અને પાવતી જોઇને અતિ આશ્ચર્ય થયું અને હૃદયમાં પરમ શાંતિને પામ્યો. પછી રાજાએ પણ જાણ્યું જે વેણીરામ તો અતિ ધનવાન છે, એમ જાણીને પછી તેને સન્માનપૂર્વક બોલાવીને પૂછ્યું જે, આપ તો બહુ ધનવાન છો. ત્યારે તે વેણીરામ કહે જે, મારી પાસે તો

એક કોડી પણ નથી. તમે મને લૂંટીને ભિખારી કરી મેલ્યો છે એમ કહીને પછી પોતે શિવના મંદિરમાં મરવા ગયો હતો અને ત્યાં સંત મળ્યા અને સંતોએ જે વચન આપ્યું એ સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું અને પછી વેણીરામે વિચાર્યું જે, આ તો અલૌકિક ચમત્કાર કહેવાય અને સંતોના વચનથી પ્રભુએ જ આવીને મારી સહાય કીધી છે અને કષ્ટમાંથી મને ઉગાર્યો છે

મારું કષ્ટ જોઇ તત્કાળ । લીધી શામળે મારી સંભાળ ॥
અહો પ્રભુ અનાથના નાથ । મારો હેતે ઝાલ્યો તમે હાથ ॥
મહાકષ્ટથી લીધો ઉગારી । મુને દરશન દીયો મુરારી ॥
સત્ય કીધું સંતનું વચન । ધન્ય ધન્ય તમે ભગવાન ॥

પછી તે સર્વે વાત વિસ્તારીને રાજાને કહી સંભળાવી ત્યારે રાજા પણ અતિ વિસ્મય પામી ગયો અને પશ્ચાતાપ કરવા લાગ્યો જે અરે મારા ભુવનમાં ભગવાન આવી ગયા અને મેં તેને ઓળખ્યા નહીં અને કહેવા લાગ્યો જે, હે વેણીરામ,

રૂડો વેશ નિહાળી વિચિત્ર । ભૂલો પડ્યો હું માયામાં મિત્ર ॥
તુને દુખાવ્યો મેં મહાસાધ । કર્યો મોટો મેં તારો અપરાધ ॥
કરો ક્ષમા તમે તજી રીસ । એમ કહી નમાવીયું શીશ ॥
વેણીરામ કહે સુણો રાય । ભાવી થવાનું હોય તે થાય ॥

આવી રીતે પોતાના અપરાધની ક્ષમા માંગીને વેણીરામને ફરી પોતાના અધિકાર ઉપર સ્થાપિત કરી દીધો. પછી તે રાજાએ તથા વેણીરામે આખા શહેરમાં તપાસ કરી પણ પ્રભુનો ક્યાંય પતો લાગ્યો નહીં. ત્યારે જાણ્યું જે, મારા દરબારમાં નિશ્ચય ભગવાન આવી ગયા પણ આપણને ઓળખાણા નહીં. પછી તો વેણીરામ પણ પ્રભુનો પરમ ભક્ત થઇને ભગવાનનું ભજન કરવા લાગ્યો અને દેહને અંતે ભગવાનના ધામને પામ્યો. નિષ્કુળાનંદ સ્વામી ભગવાનના પરચા લખતાં કહે છે જે,

એમ પરચો પુરી દયાળ । ચાલ્યા નાથ ત્યાંથી તતકાળ ॥
વ્યાપકાનંદજીનું વચન । કર્યું સત્ય પોતે ભગવન ॥

એવી રીતે પરચો ૪ થયો.

---



### *પરચો – ૫*

## *વ્યાપકાનંદ સ્વામીએ મૃતક બાળને જીવાડ્યો*

*વળી વ્યાપકાનંદની વાણી । કરી સત્ય તે શારંગપાણી ॥*
*તેની વર્ણવીને કહું વાત । વ્યાપકાનંદજીની વિખ્યાત ॥*
*પછી ત્યાંથી ચાલ્યા દોય સંત । આવ્યા બૂંદેલ ખંડે મહંત ॥*

પછી બંને સંતો વ્યાપકાનંદ સ્વામી અને સુખાનંદ સ્વામી ત્યાંથી ચાલ્યા તે બૂંદેલ ખંડમાં કાનપુર શહેરમાં આવીને ત્યાં શહેર બહાર એકાંતની ધર્મશાળામાં ઊતર્યા. ત્યાં રાત રહીને સવારમાં સ્નાનાદિક પોતાનું નિત્ય કર્મ કરતા હતા. ત્યાં કોઇક ભાવિક બ્રાહ્મણ આવી પગે લાગીને પ્રાર્થના કરવા લાગ્યો જે, હે સંતો, તમે બહુ મોટા સંત છો. માટે મારે ઘેર જમવા પધારો ? તો હું આપને માટે રસોઇ કરું. ત્યારે વ્યાપકાનંદ સ્વામી વિચારીને બોલ્યા જે, સારું પવિત્ર થઇને રસોઇ કરો અને પછી અમોને તેડવા માટે આવજો, અમો તમારે ઘેર જમીશું. પછી તે વિપ્રે ઘેર જઇને સુંદર રસોઇ કરીને ફરીવાર સંતોને બોલાવવા માટે આવ્યો એટલે બંને સંતો તેને ઘેર ગયા એટલે પ્રથમ તો સંતોની શોડષ ઉપચારોથી પૂજા કરીને પછી સંતોને જમવા માટે બેસાડ્યા અને સંતોને પાત્રમાં ભોજન પીરસ્યું તેવામાં જ ઘરમાં તેના પુત્રનું મરણ થયું. તે જોઇને તે વિપ્ર રૂદન કરવા લાગ્યો,

*કહે વિપ્ર હું મોટો અભાગી । ઘણે દાડે મળ્યા તમે ત્યાગી ॥*
*તેને જમાડી લાવો ન લીધો । થયો વ્યર્થ મનોરથ કીધો ॥*
*આ સમે પામ્યો પુત્ર તે મરણ । કેમ કરું હું અશરણ સરણ ॥*
*મુએ મનુષ્યે નહીં જમે સંત । ભૂખ્યા જાશે એ દોષ અત્યંત ॥*
*એમ કહી લાગ્યો સંત પાય । રૂવે નયણે નીર ન માય ॥*

ત્યારે સંતો કહે જે, તમો રૂદન શા માટે કરો છો ? ત્યારે વિપ્ર કહે જે, અત્યારે જ મારો પુત્ર અચાનક મરણ પામ્યો છે. ત્યારે સંત કહે જે, હમણાં જ તમારો પુત્ર અહીં રમતો હતો, તે એટલીવારમાં માણસ મરણ ન પામે. માટે દેહમાં ક્યાંક જીવ હશે, માટે તમે જુવો. ત્યારે વિપ્ર કહે, વારમવાર જોયું. એ તો જીવ નીકળી જ ગયો છે. ત્યારે સંતો કહે જે, તમો રૂદન કરો નહીં અને તે મૃતકની

પાસે જઈને પાંચ પ્રદક્ષિણા કરીને એના કાનમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એ મહામંત્રનો પાંચ વખત ઉચ્ચારણ કરો એટલે છોકરો જાગશે. પછી સંતના વચનમાં વિશ્વાસ રાખીને તેવી રીતે કર્યું એટલે છોકરો આળસ મરડીને બેઠો થયો અને તરત જમવા બેઠેલા સંતોની પાસે આવીને સંતોને પગે લાગ્યો. એટલે તે બ્રાહ્મણ પણ અતિશય આનંદ પામ્યો અને સંતોને પગે લાગી બે હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યો જે, હે સંતો, તમો મનુષ્ય નથી પણ આપ તો કોઈ મોટા દેવ છો અને મારી રક્ષા કરવા માટે જ તમો મારે ઘેર પધાર્યા છો. માટે આજથી હું આપને શરણે છું. માટે મને તમારો આશ્રિત કરો. પછી સંતોએ તેને નિયમ ધરાવીને, ભગવાનનો આશ્રિત કરીને, ભગવાન સ્વામિનારાયણનો નિશ્ચય કરાવીને ભજન કરવાનો ઉપદેશ કર્યો. પછી સંતો જમીને તેનું કષ્ટ કાપીને ત્યાંથી ચાલતા થયા. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એમ દિનજનોના બંધુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સંત દ્વારે પણ પ્રગટ પરચા આપીને પોતાના ભક્તોની રક્ષા કરે છે. માટે એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને સર્વોપરી જાણીને, વિષય વાસનાનો ત્યાગ કરીને જે ભજન કરશે તેની ભગવાન અનંત કષ્ટોથી રક્ષા કરશે અનેદેહને અંતે પોતાના અક્ષરધામમાં પોતાની સેવામાં રાખશે. વધારે શું કહું ? આ પરચાને જે સંભળાવશે અથવા પોતે સાંભળશે તેનું પણ કલ્યાણ અવશ્ય થશે એમાં કોઈ પ્રકારનો સંશય નથી. એવી રીતે પાંચમો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૧ મું – પરચો ૬ઠ્ઠો

## સ. મુક્તાનંદ સ્વામીનો પરચો

એક વખત ગઢપુરમાં વિરાજમાન એવા ભગવાન શ્રી સ્વામિનારાયણે સર્વ સંતોને કહ્યું જે, હે સંતો, આપણે અક્ષરધામમાંથી આ ભરતખંડમાં અનંત દૈવી મુમુક્ષુ જીવાત્માઓના આત્યંતિક કલ્યાણ માટે આવેલા છીએ અને જો અહીં જ એભલ બાપુના પ્રેમને વશ થઈને રહીશું તો અનંત જીવોનો મોક્ષ કેમ થાશે ? માટે તમો સર્વે સંતો, મંડળો બાંધીને જુદા જુદા દેશોમાં વિચરણ કરો અને જે જીવો તમારે શરણે આવે તેને પંચવર્તમાનના નિયમો ધરાવીને ભગવાનના નિશ્ચયનો અને સત્સંગના મહિમાનો ઉપદેશ કરીને મોક્ષને માર્ગે ચાલતા કરો.



એમ સર્વે સંતોને ભલામણ કરીને દરેક જુદા જુદા દેશો પ્રત્યે ફરવા માટે મંડળો બાંધીને મોકલાવ્યા. સ. સ્વામી આનંદ સ્વામીને ગુજરાત દેશમાં મોકલ્યા અને સ. મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, તમે કચ્છ દેશમાં જાઓ, કેમ જે તે દેશના હરિભક્તો તમારે વિશે હેતવાળા છે, કારણ કે સૌ પ્રથમ ભુજમાં તમોએ રહીને સત્સંગ કરાવેલો છે માટે તમો કચ્છમાં મંડળ સાથે પધારો અને અમો પણ સોરઠ દેશમાં જઈશું. એમ કહીને મુક્તાનંદ સ્વામીને કચ્છમાં મોકલ્યા અને ભગવાન શ્રી સહજાનંદ સ્વામી ધોરાજી, ફણેણી આદિક ગામોમાં ગયા, નિષ્કુળાનંદ સ્વામી કહેજે, સોરઠ દેશમાં ફરવા ગયેલા શ્રીહરિએ એવો વિચાર કર્યો જે, ઘણા મનુષ્યો આ સત્સનગમાં કેમ આવે ? એવો સુંદર વિચાર કરીને સમાધિનું પ્રકરણ ચાલુ કર્યું તેમાં જેને શ્રીજી મહારાજની મૂર્તિના દર્શન થાય તેને સમાધિ થાય, તે સમાધિમાં જે જે મનુષ્યો જે જે દેવોને માનતા હોય તે તે જીવોને સમાધિમાં પોતપોતાના ઈષ્ટ દેવોના દર્શન થાય. પછી શ્રીહરિની ઈચ્છાથી સમાધિમાંથી જાગે એટલે સર્વે જે જે સમાધિમાં જોયેલું હોય તે સર્વે સભામાં સર્વેને સાંભળતાં સતે કહે, ચારે વર્ણના જનો અસત્સુદ્રો, સ્ત્રીઓ નાના-નાના બાળકો પણ શાસ્ત્રો પ્રમાણે જુદા જુદા લોકો અને જુદા જુદા ધામોની અને તે તે ધામોમાં રહેલા દેવોની વાતો કરે કે જે, મોટા મોટા ભણેલા પંડિતો હોય તે પણ તે વાતો સાંભળીને આશ્ચર્ય પામી જાય અને પછી સર્વે પોતપોતાના ઈષટદેવ રૂપે સહજાનંદ સ્વામીને દેખીને સર્વે શ્રીજી મહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી આ શ્રીજી મહારાજ જ છે એમ જાણીને સર્વે શ્રીહરિનો આશ્રય કરે. આવી અલૌકિક વાતો દરેક દેશોમાં ગામોગામ, ઘરોઘરમાં થવા લાગી ત્યારે તે વાત સાંભળીને ભુજમાં રહેતા મુક્તાનંદ સ્વામીથી સહન થયું નહીં અને વિચારવા લાગ્યા જે, નીલકંઠવર્ણી નાના છે અને ગુરુએ એને પોતાની ગાદી ઉપર બેસાડ્યા અને જંત્ર-મંત્રથી આવી સમાધિ કરાવીને પોતાનું જ ભજન કરાવે છે એ સારું નથી. આમ કરવાથી રામાનંદ સ્વામીએ પ્રવર્તાવેલો આ સત્સંગ વિખેરાઈ જાશે અને તે રામાનંદ સ્વામીનું ભજન કોઈ કરશે નહીં અને સૌ સહજાનંદનું જ ભજન કરવા માંડશે. માટે આ રીત સારી નથી. માટે શ્રીજી મહારાજને સમજાવવાની જરૂર છે અને અત્યારે શરૂઆતમાં સમજી જાય અને આ રસ્તો છોડી દે તો દરેકને માટે સારું છે. આમ વિચારીને મુક્તાનંદ સ્વામી ભુજથી ચાલ્યા. એ સમયે શ્રીજી મહારાજ મેઘપુરમાં

હતા ત્યાં સ્વામી ગયા. ત્યારે શ્રીજી મહારાજ ઊભા થઈને સ્વામીને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ત્યારે મુક્તાનંદ સ્વામી બાથમાં લઈને મળ્યા પછી શ્રીહરિએ સ્વામીને સારું આસન આપીને બેસાડ્યા. પછી શ્રીહરિ સ્વામીને સમીપે બેસીને બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે સ્વામી, આપ અચાનક કેમ પધાર્યા ? અને આપનું મુખાર્વિન્દ જોતાં એમ લાગે છે કે આપને કાંઈક મૂંઝવણ જેવું જણાય છે. માટે ઉદાસીનતાનું કારણ આપ મને કહો અને મારી કાંઈક ભૂલ થતી હોય તે પણ કહો. કારણ કે આપ જ મારા ગુરુ છો અને આપ જેમ કહેશો તેમ હું વર્તીશ. ત્યારે મુક્તાનંદ સ્વામી આ સત્સંગનો પક્ષ લઈને કહેવા લાગ્યા જે, હે સહજાનંદ, આટલા દિવસ સત્સંગ કરીને તમારી ઘડીકમાં બુદ્ધિ કેમ ફરી ગઈ છે ? માટે હે મહારાજ, આ સમાધિ કરાવવા રૂપી તમારું પાખંડ મેલી દ્યો અને હમણાથી જ આવા ફેલફતુર કરો છો અને સર્વેને સમાધિ કરાવો છો, આવા હળાહળ કળિયુગમાં કોઈને સમાધિ થાય જ નહીં અને જે યોગીઓ અષ્ટાંગ યોગની સાધના કરે ત્યારે પણ કોઈકને જ સમાધિની સ્થિતિ પ્રાપ્ત થાય અને તમે તો જેને તેને પવિત્ર-અપવિત્ર બાળકો, સ્ત્રીઓ આ બધાને સમાધિ કરાવો છો એ કેમ થાય ? માટે તમો જે સમાધિ કરાવો છો એ રીત ખોટી છે. ગુરુએ પ્રવર્તાવેલો આ દિવ્ય સત્સંગ ભૂંસાઈ જશે અને સ્વામીનું ભજન કોઈ કરશે નહીં અને

*સમાધિ કાંઈ નથી સોયલી । મોટા યોગીને પણ દોયલી ॥*
*તે તો જેને તેને કેમ થાય । બીજા માને અમે ન મનાય ॥*

પછી શ્રીહરિ ધીરા રહીને બે હાથ જોડીને મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા જે, હે સ્વામી, હું કાંઈ પણ કરતો નથી, આ સર્વે રામાનંદ સ્વામીનું ભજન કરે છે અને એ ગુરુના ભજનના પ્રતાપથી સમાધિ થાય છે. એ તો આપણે ના કહીશું તો પણ તે થાશે અને જેમ જેને દેખાતું હશે તેમ કહેશે. આવી રીતે શ્રીહરિએ ઘણી વાતો કરી, પણ તે સ્વામીને મનાણી નહીં. પછી ત્યાં સંતદાસજી સ્વામી બેઠા હતા તેના સામું શ્રીહરિએ જોયું એટલે તરત તેને સમાધિ થઈ અને તે ગયા અક્ષરધામમાં. ત્યારે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, હે સ્વામી, તમો આ સંતદાસજીને જગાડો અને તેને પૂછો તે જેવું હશે તેવું કહેશે. પછી મુક્તાનંદ સ્વામીએ જગાડવા માટે ઘણા પ્રયત્ન કર્યા, હાથ-પગની નાડી જોઈ તો નાડી પણ જોવામાં ન આવી



અને જાગ્યા પણ નહીં. ત્યારે મનમાં વિચાર કરવા લાગ્યા જે, આ સમાધિ કાંઈક સાચી તો લાગે છે, તો પણ બરોબર નિઃસંશય ન થયા અને શ્રીહરિએ કહ્યું જે, હે મહારાજ, આ તો જાગતા નથી માટે તમે જગાડો. ત્યારે શ્રીજી મહારાજે સામું જોયું એટલે તત્કાળ સંતદાસજી સમાધિમાંથી જાગ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું જે, તમો જે ધામમાં ગયા અને ત્યાં જે જે જોયું હોય તે સર્વે કહો. ત્યારે સંતદાસજી કહે જે, હે મહારાજ, મેં સમાધિમાં અક્ષરધામ જોયું અને ત્યાં બે મૂર્તિ જોઈ તેમાં એક તો ઉદ્ધવજી જે, રામનંદ સ્વામી અને બીજા જે, શ્રીકૃષ્ણ ભગવાન તે આ સહજાનંદ સ્વામી. પછી મેં આ સહજાનંદ સ્વામીને ઊંચા સિંહાસન ઉપર બેઠેલા જોયા અને રામાનંદ સ્વામીને નીચે જળ ભરેલી ઝારી હાથમાં લઈને શ્રીજી મહારાજની સેવામાં ઊભેલા જોયા. પછી મુને રામાનંદ સ્વામીએ કહ્યું જે, તમો મુક્તાનંદ સ્વામીને કહેજો જે, તમો માનતા કેમ નથી. અમો વારે વારે કહેતા જે, ભગવાન તો આ સહજાનંદ સ્વામી છે અને અમો તો એમના સેવક છીએ એ વાતને તમો કેમ ભૂલી ગયા ? બીજા પણ જે જે સમાધિવાળા હતા તેણે પણ તે જ રીતે કહ્યું, પણ મુક્તાનંદ સ્વામીને એ વાત સમજાણી નહીં. પછી મુક્તાનંદ સ્વામીને જેના વચનમાં વિશ્વાસ હતો એવા માધવદાસજી અને પાર્ષદ જેઠો ભક્ત તેણે પણ કહ્યું જે, હે સ્વામી, આ વાત ખોટી નથી ને તમો માની જાઓ, તો પણ મુક્તાનંદ સ્વામી તો નિઃસંશય થયા નહીં અને મનમાં બહુ મુંઝાઈ ગયા. પછી ત્યાંથી ગામ કાલવાણીએ આવ્યા ત્યારે તે સાંભળી ગામના સર્વે મનુષ્યો દર્શન કરવા આવ્યા. શ્રીહરિના દર્શન કરીને સમીપે બેઠા અને દર્શન કરીને અતિ રાજી થયા -

*બીજા આવ્યા બાળાં ભોળાં બહુ, તે તો સુખી સમાધિએ સહુ ॥*
*થાય ધારણા ન રહે નાડી । મેલે કો રે ઉપાડી ઉપાડી ॥*

આવી રીતે ત્યાં પણ આવી સમર્થી સહુને દેખાડી નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ત્યાં શ્રીજી મહારાજને સમીપે સર્વે બેઠાં અને શ્રીહરિના મુખ સામું જોયું, ત્યાં તો નાના-મોટા વૃદ્ધો દરેકને સમાધિ થઈ ગઈ. થોડી વાર પછી એક બાળકને કહ્યું જે, તું આ સર્વેને જગાડી આવ. ત્યારે તે બાળક સર્વેને જગાડી આવ્યો. પછી ઝટોઝટ સર્વે સમાધિમાંથી જાગ્યા અને કહેવા લાગ્યા જે, હે મહારાજ, આ સમાધિ સાચી છે. ભલેને મોટા મોટા પંડિતો આવીને સમાધિને ખોટી કહેશે તો પણ તે

સમાધિ ખોટી કેમ થાશે ? માટે હે મુક્તાનંદ સ્વામી, તમો માની જાઓ તો પણ સ્વામીના મનની મૂંઝવણ મટી નહીં. પછી બપોરના સમયમાં ગામથી બહાર ખાખરાના વનમાં એક કૂવો હશે ત્યાં ન્હાવા ગયા. ત્યાં દિવ્યપણે રામાનંદ સ્વામીનાં દર્શન મુક્તાનંદ સ્વામીને થયાં ત્યારે સ્વામીને દંડવત પ્રણામ કરવા લાગ્યા. ત્યારે રામાનંદ સ્વામી બાથમાં લઈને મળ્યા અને ઠપકો આપીને કહ્યું જે, કેમ મુક્તાનંદ, હું તમોને વારે વારે કહેતો જે, (અમે ડુગડુગીને વગાડીએ, વાંસે આવે રમત કરનાર, કરવા ભવપાર, સર્વે જન સાંભળો) આ વાતને તમો કેમ ભૂલી ગયા ? માટે સર્વોપરી, સર્વ અવતારના અવતારી એ પ્રગટ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી છે અને મારા જેવા તો અનંત સેવકો એમના છે. માટે એ જે કરે છે તે ખોટું નથી. માટે એ જ ભગવાન અક્ષરધામના અધિપતિ છે અને હું તો એમનો દાસ સેવક છું. આવી રીતે રામાનંદ સ્વામીએ ઠપકો આપીને કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામીને સંશય મટ્યો. પછી સ્નાન કરી સારાં પુષ્પોની માળા ગૂંથી ચંદનાદિક ઉપચારોથી પૂજા કરીને જય સદ્‌ગુરુ સ્વામી, સહજાનંદ દયાળુ, બળવંત બહુનામી, એ આરતીનું પદ બોલીને આરતી ઉતારી. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, પછી તો મુક્તાનંદ સ્વામી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં સર્વેને એવો જ ઉપદેશ કરે અને પછી તો એક વખતે મુક્તાનંદ સ્વામી પોતાના આસન ઉપર બેઠા હતા અને પોતાના હૃદયમાં શ્રીહરિને યાદ કર્યા તેવામાં અંતવૃત્તિ થઈ ગઈ. તેવામાં ફરીવાર રામાનંદ સ્વામીનાં દિવ્ય દર્શન થયાં અને હૃદયમાં અતિ આનંદ પામ્યા અને કહેવા લાગ્યા જે,

*મુક્તાનંદ કહે ધન્ય ધન્ય । દયા સિંધુ દિધાં દર્શન ।।*
*કરે સ્તવન મન મોદ ભારી । દેખી સુંદર મૂરતિ સારી ।।*
*અતિ પ્રસન્ન વદન અનૂપ । સુખ મૂરતિ સુંદર રૂપ ।।*
*હેતે હસી હસી જુવે સામું । પુરે નિજ સેવકની હામું ।।*

વળી રામાનંદ સ્વામી કહે જે,

*વળી કરે વાલપની વાત । સુણો મુક્તાનંદજી વિખ્યાત ।।*
*સારું સમજ્યા સંત સુજાણ । માન્યા પ્રભુ પ્રગટ પ્રમાણ ।।*
*સ્વામી સહજાનંદ સુખરૂપ । એ જ ઈષ્ટ અમારા અનૂપ ।।*
*સુણી મુક્તાનંદજીએ વાત । તેણે થયા અતિ રળિયાત ।।*



*પછી ચાલે બેસે જાગે સુવે । સ્વામી સહજાનંદજીને જુવે ।।*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, પછી તો મુક્તાનંદ સ્વામીને વચને અને દર્શને કરીને પણ કેટલાક જનોને સમાધિ થવા લાગી. સમાધિમાં જાય અને પાછા જાગે ત્યારે જે જે ધામોમાં ગયા હોય અને જે જે જોયું હોય તે સર્વે ધામોની અલૌકિક વાતોકહે. આવી સામર્થીને મુક્તાનંદ સ્વામી પામ્યા હતા. આવી રીતે શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને પરચો આપ્યો. આ પરચાને જે કહેશે અને જે સાંભળશે તેને પણ મુક્તાનંદ સ્વામીની પેઠે ભગવાનમાં અતિશય પ્રીતિ થશે અને અંતે અક્ષરધામને પામશે એમાં સંશય નથી. એવી રીતે છઠ્ઠો પરચો થયો.

---

## પરચો ૭મો

## અખંડાનંદ સ્વામીની રક્ષા કરી

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી જેને કોઇની ઉપા પણ ન દેવાય એવી વાત કહું છું સાંભળો. શ્રી સહજાનંદ સ્વામીના એકાંતિક સંત એવા અખંડાનંદ સ્વામી હતા. તે હંમેશાં આનંદમાં રહેતા. કામ, ક્રોધ, લોભાદિક દોષોમાં ક્યારેય પણ મનને ચલિત થવા દેતા નહીં અને અતિશય ત્યાગી અને તપશી હતા. ક્યારેક સુખ આવે, ક્યારેક કાંઈક દુઃખ આવે તો પણ સહન કરતા. ક્યારેક કોઈક અચાનક ભય આવી પડે અથવા કોઈ કષ્ટ આવે, ક્યારેક માન મળે અને ક્યારેક અપમાન થાય તો પણ પોતાના મનને આડુઅવળું ડોલવા દેતા નહીં. સમજણે કરીને હંમેશાં સુખિયા રહે અને ભગવાનની જેમ મરજી હોય તેમ જ હંમેશા પૃથ્વીમાં ફરે અને જો કોઈ મુમુક્ષુ મળે તો તેને વાતો કરીને ભગવાન સનમુખ વાળે. આવા તે સ્વામી અખંડાનંદ એક દિવસ એકલા જ ચાલ્યા જતા હતા પણ સાથે બીજા કોઈપણ સંત હતા નહીં. તે ચાલતાં ચાલતાં અતિ ભયંકર જંગલ આવી ગયું. કે, જેમાં કોઈ મનુષ્ય માત્ર મળે નહીં. એવા જંગલમાં ચાલતાં એને ચાર વાઘ આવીને વીંટી વળ્યા. ત્યારે અખંડાનંદ સ્વામીએ હૃદયમાં વિચાર કર્યો જે, આજે આ મારા દેહનો અંતકાળ આવી ગયો છે. કારણ કે આ વાઘ મને માર્યા વિના મૂકશે નહીં. પછી ભગવાન સહજાનંદ સ્વામીને હૃદયમાં સંભારીને વિચાર કર્યો જે, આ દેહ તો વહેલું મોડું એક દિવસે પડવાનું છે એમાં તો સંશય

નથી. માટે આજે અતિશે સારું થયું. કેમ કે, આ શરીર જ્યારે પડશે ત્યારે એને બાળીને રાખ કરી નાખશે અને કોઈને ઉપયોગમાં નહીં આવે અને આ જ તો આ શરીર લેખે લાગશે. કેમ કે આ શરીર આ ચાર વાઘને ભોજનમાં ઉપયોગી થશે અને હું તત્કાળ ભગવાનના ધામમાં જઈશ. માટે હવે કાંઈ વાર નહીં લગાડતાં વાઘને સપીને જાઉં એમ વિચારીને જ્યારે અખંડાનંદજી વાઘની સામા ચાલ્યા. ત્યારે ભગવાન સહજાનંદ સ્વામીએ તેની રક્ષા કરવાનો વિચાર કર્યો જે, આ વાઘ મારા સંતને મારશે ત્યારે તેને બહુ કષ્ટ થાશે અને એ દુઃખને હું જોઉં એ મારાથી સહન કેમ થાય ? અને જો હું એમની રક્ષા ન કરું, એ તો કોઈ કાળે ઘટે નહીં અને રક્ષા ન કરું તો પછી મુને દયાળુ કોણ કહેશે ?

*માટે અવશ્ય એને ઉગારું । આજ સંકટ માઈથી તારું ॥*
*એમ હરિએ કર્યો વિચાર । કરવી અખંડાનંદની વાર ॥*

પછી અખંડાનંદ સ્વામી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંભારતા સંભારતા વાઘની સામા ચાલ્યા અને વાઘની સમીપે ગયા ત્યારે તે વાઘ તો સામું જ જોઈ રહ્યા, પછી જ્યારે વાઘના મુખને સમીપે ગયા તો પણ એને તન કે મનમાં જરા પણ ભય નહીં. પછી વાઘને કહેવા લાગ્યા જે, અરે આ તમો ચારે જણા શું જોઈ રહ્યા છો ? તમો કાયર લાગો છો. આ હું તમારે સમીપે ઊભો છું માટે મને તત્કાળ મારો અને મને ખાઈ જાઓ, વિચાર શું કરો છો ? મને મારો એટલે આજનું તમારું ભોજન થઈ રહે અને હું વહેલો જાઉં ભગવાનના ધામમાં. ત્યારે વાઘે પોતાની થાપ તો ઉગામી પણ સ્વામી જરા પણ ડર્યા નહીં. કારણ કે એ સમે ભગવાને તેના હૃદયમાં નહીં મારવાની પ્રેરણા કરી, જેથી વાઘના મનમાં વિચાર થયો જે, આવા પવિત્ર સંતને મરાય કેમ ? અને જો મારીશું તો આપણે કયા ભવમાં છૂટીશું ? સ્વામી કહે છે કે, ભગવાન પોતે પોતાના સંતની રક્ષા કરવા માટે આવ્યા જેથી વાઘને હૃદયમાં જ્ઞાન થયું. પછી તો તે વાઘ સ્વામીની ચરણરજમાં આળોટીને સ્વામીને પગે લાગ્યા. ત્યાર પછી ચારે વાઘ સ્વામીને ચાર પ્રદક્ષિણા કરીને વનમાં ચાલ્યા ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, આવી રીતે ભગવાને પરચો પૂરીને પોતાના સંતને ઉગારી લીધા. આવા પરચા તો ભગવાનના અનંત છે. તેનો કહેતાં પણ પાર આવે નહીં. એવી રીતે ૭મો પરચો.

---



### પરચો ૮મો

## કૈવલ્યાનંદ સ્વામીની રક્ષા કરી

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*એક વાત કહું અતિસાર । જનની કરી જીવને વાર ॥*
*જેણી રીત્યે ઉગારિયા સંત । કહું તેનું હવે વરતંત ॥*

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, અતિ દયાળુ એવા કૈવલ્યાનંદ સ્વામી હતા. તે શ્રીજી મહારાજની આજ્ઞાથી દેશ-પરદેશમાં ફરે અને જે મુમુક્ષુ મળે તેને ઉપદેશ આપીને મોક્ષનો રસ્તો બતાવે. એમ ફરતાં ફરતાં વિચાર થયો જે, ઘણો સમય થયો મહારાજના દર્શન નથી થયાં, માટે ભગવાનનાં દર્શન કરવા જઈએ. આવી આશાથી પોતાની સાથે રહેલા પાંચ સંતોની સાથે ચાલ્યા તે ગુજરાત દેશમાં આવ્યા ત્યારે શ્રીજી મહારાજ તો કાઠિયાવાડમાં ગઢપુરમાં વિરાજમાન છે એમ જાણીને સાભરને કિનારે આવ્યા અને વિચાર કર્યો જે, તે નદીમાં પડીને ચાલીને પેલે પાર પહોંચી જઈશું. પણ તે સાભર નદી સમુદ્રને ભળે છે તે ખબર નહીં અને નદીમાં પાણી કેટલું ઊંડું છે તે પણ ખબર નહીં અને મહારાજના દર્શનની અતિ અભિલાષા અને મહારાજને ક્યારે મળીએ એવી અતિસે પ્યાસ જેને છે અને દર્શન વિના અતિ ઉદાસ અંતર જેનું છે એવા થકા સાભરને સમીપે આવીને પડ્યા પાણીમાં અને પાણી કેટલું છે તેનું પણ જેને કાંઈ જ્ઞાન નથી એવા થકા જ્યારે નદીના મધ્યમાં આવ્યા ત્યારે અચાનક ઉપરથી મોટો ધોધ પાણીનો આવ્યો. એટલે ઓચિંતાનું પાણી વાંસ જાળ ચડી ગયું. એટલે બધા સંતો માંડ્યા પાણીમાં બૂડવા. તે વારંવાર ખારા પાણીમાં બૂડે અને બહાર આવે અને પેટમાં ખારું પાણી ઉતરે. અતિ દુઃખી થઈ ગયા. પુસ્તકો, ગોદડી બધું તણાઈ ગયું અને જીવવાની આશા ન રહી અને હવે તો મોત આવ્યું છે એમ જાણીને બીજું બધું ભૂલી જઈને એક શ્રીજી મહારાજને સંભારવા લાગ્યા. એટલામાં તો શ્રીજી મહારાજ હોડી લઈને આવીગયા અને ઝટોઝટ હાથ ઝાલીને હોડીમાં બેસાડ્યા અને તણાઈ ગયેલા પુસ્તકો, ગોદડીઓ બધું લઈને નદી પાર આવીને, નદીને કાંઠે ઊતારીને કહેવા લાગ્યા જે, હે સંતો, હવે તમો સુખેથી ચાલ્યા જાઓ, નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*એમ ઉગારીયા નિજ જન । પુર્યો પરચો એ ભગવન ॥*
*એમ કરે અનેકની સાય । તે તો મુખે કહ્યું નવ્ય જાય ॥*

અષ્ઠ સિદ્ધિ નવ નિદ્ધિ એ સર્વે જેને હાથ જોડીને સેવામાં હાજરાહજુર ઊભી રહે છે એવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તે પોતાના ભક્તો કોઈ રીતે દુઃખી ન થાય તેવી રીતે તેને અનંત પ્રકારના વૈભવો, વસ્ત્રો, અન્ન આપીને સુખી કરે છે અને હંમેશાં પોતાના ભક્તો દુઃખી ન થાય અને હંમેશાં સુખી રહે એવી ખબર રાખે છે અને સંકટમાં હંમેશાં સહાય કરે છે અને પોતાના ભક્તોને પરચા પૂરે છે, એવા ભગવાન અતિ દયાળુ છે. આવા પરચા તો અપાર છે, તેનો કહેતાં પાર આવે તેમ નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવા પરચાને ગાવા-સાંભળવાથી અનંત જન્મોના પાપો બળી જાય અને દેહને અંતે ભગવાનના દિવ્ય ધામને પામે છે એમાં કોઈપણ પ્રકારનો સંશય નથી. એવી રીતે ૮મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૨ મું – પરચો ૯મો

## જીવુબાઈ-રાજબાઈ અને પાંચુ-નાનુ-રામુને આપેલ પરચા

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, હે ભક્તજનો, બીજું પણ અતિ અનુપમ વ્યાખ્યાન કહું છું, જેને સાંભળીને અંતરમાં ખુમારી આવી જાય એવી વાત કહું છું તેને સાવધાન થઈને સાંભળજો.

શ્રીહરિના મોટા ભક્ત છે, જેના હંમેશાં તપ પરાયણ શરીરો છે અને ત્યાગ, વૈરાગ્યની મૂર્તિઓ છે અને મન જેના અતિ નિયમમાં છે અને જે દિવસથી શ્રીજી મહારાજ મળ્યા ત્યારથી માયાના સર્વે વિકાર નાશ થઈ ગયા છે અને સર્વે સંસાર અંતરમાંથી અણગમતો થઈ ગયો છે અને મા-બાપ, કુળકુટુંબનો જેને અતિશે અંતરમાંથી અભાવ થઈ ગયોછે અને બીજી સર્વે માઈક વિષય સંબંધી સર્વે સુખની ઈચ્છાઓનો જેણે ત્યાગ કરી દીધો છે અને ભગવાનનું ભજન કરીને શ્રીજી મહારાજનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરેલો છે એવાં ભગવાનનાં ભક્ત જીવુબાઈ અને અતિ પવિત્ર એવા રાજબાઈ, આ બંને ભક્તોને જે દિના જીવનપ્રાણ અને



સર્વે અલૌકિક સુખના ખાણ એવા શ્રીજી મહારાજ મળ્યા તે દિનાં શરીરના સર્વે સુખનો ત્યાગ કરીને ભગવાનને ભજી લીધા છે અને તેમાં પણ ભગવાને તેને પરચા આપ્યા છે તે વાત હું તમોને કહું છું. તેને તમો સર્વે સાંભળો. તેમાં પ્રથમ ગઢપુરમાં એભલ બાપુની દીકરી જીવુંબાઈની વાત કહું છું. જીવુબાજીએ નાનપણમાં જ ભગવાનની મૂરતિની પૂજા કરવા માંડી. ત્યારે તેના પીતા કહે જે, હે પુત્રી, તેં બાળપણામાં આ શું લીધું છે અને આને છોડી દીઓ. જ્યારે તમો મોટાં થાઓ ત્યારે પૂજા કરજો. એમાં અમો રાજી છીએ. ત્યારે જીવુંબાઈ કહે જે, હે બાપુજી, એ વાત તમો મુને કોઈ દિવસ કહેવી નહીં, કારણ કે આ શરીરનો કોઈ વિશ્વાસ નથી. અચાનક પડી જાય અને વૃદ્ધપણાને વાયદે રહેવું એ તો વાત અમોને મનાય તેમ નથી. માટે એ વાત તમારે ક્યારેય કહેવી નહીં અને આ મૂર્તિ છે તે મૂકવા જેવી નથી. ત્યારે પિતાએ મનમાં વિચાર કર્યો જે, એ મૂર્તિમાં એવો શું ચમત્કાર હશે ? જ્યારે એ મૂર્તિ એવો પરચો મને કાંઈક આપે ત્યારે મને અંતરમાં મનાય. પછી કોઈ દિવસે સાંજ વખતે જીવુબાઈએ અતિ ભાવથી બાળમુકુંદ ભગવાનની આરતી કરીને પછી સાકર નાખીને ગરમ કરેલા દૂધનો કટોરો ભરીને ભગવાનની આગળ ભગવાનને પીવા માટે ધર્યો ત્યારે બાળમુકુંદ ભગવાને પોતાના બે હાથે કટોરો ઉપાડીને સર્વે જનોના હિતને માટે દૂધ પીધું તે સર્વેજનોએ દીઠું અને તે જોઈને સર્વેજનો અતિ આશ્ચર્ય પામ્યા અને સર્વે જીવુબાઈને મસ્તક નમાવીને પગે લાગ્યા. એભલ બાપુને એ વાત ગમતી ન હતી તો પણ એ આશ્ચર્ય જોઈને વારંવાર પગે લાગ્યા અને કહે જે, હે બાઈ, તમોને ધન્ય છે અને તમારી ભક્તિને પણ ધન્ય છે, મણ મેં આવો મહિમા જાણ્યો નહોતો. જેથી મેં અજ્ઞાનથી તમારો અપરાધ કર્યો અને મારા પૂર્વ જન્મના કોઈ પુણ્યના પ્રભાવથી જ તમે મારે ઘેર અવતાર લીધો છે. માટે મારા પુણ્યનો કોઈ પાર નથી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, આવી રીતે ભગવાન જીવુબાઈને હંમેશા પરચા આપે છે. વળી ભગવાન જેજે લીલા કરતા હોય અને ભગવાન સોયે સો ગાઉ દૂર હોય તો પણ સર્વે ઘેર બેઠા દેખે. આવી નિરાવરણ દૃષ્ટિને પામેલાં હતાં. વળી શ્રીજી મહારાજને પ્રતાપે બીજા ભક્તોના અંતરની વાત હોય તેને પણ જાણી જતાં હતાં. આવી ઉત્તમ સ્થિતિને પામેલાં જીવુબાઈ હતાં. એવીરીતે નવમો પરચો થયો. ॥

---

### પરચો ૧૦મો

## રાજબાઈને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, હવે હું તમોને રાજબાઈની રીતને તમારા પ્રત્યે કહું છું તેને સર્વે સાંભળો જે, રાજબાઈ વાંકિયા ગામનાં હતાં. તે ગઢપુરના જીવુબાની માસીની દીકરી બહેન હતાં. તે એક સમયે મળવા માટે ગઢપુરમાં આવેલાં અને બીજાં બાઈઓની સાથે શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં તે દિથી તેના ચિત્તમાં ઘાટ સંકલ્પો સર્વે સમી ગયા અને પરમ શાંતિને પામી ગયાં. પછી તે રાજબાઈ ગઢપુરમાં જ બીજા બાઈઓની સાથે રહ્યાં. પછી જ્યારે તે ઉંમરલાયક થયાં ત્યારે તેનાં માતા-પિતા તેડવા માટે આવ્યાં અને કહ્યું જે, હે રાજુ, તું હવે ચાલ વાંકિયા, તારાં લગ્ન કરવાનાં છે. ત્યારે રાજબાઈએ ના કહી જે, મારે લગ્ન કરવાં નથી અને મારે તો જીવંતપર્યંત અખંડ બ્રહ્મચર્ય પાળીને, ભગવાનને ભજીને મોક્ષનું કામ કરી લેવું છે. ત્યારે તેના પિતાએ શ્રીજી મહારાજને કહ્યું જે, હે સ્વામિનારાયણ, તમો અમારી રાજુને સમજાવો જે, ઘેર ચાલે. કારણ કે એના લગ્ન કરવાનાં છે અને જો નહીં ચાલે તો ઠીક નહીં થાય. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, હે રાજબાઈ, તમોને તેડવા માટે તમારા મા-બાપ આવ્યાં છે, માટે તમો ઘેર જાઓ. ત્યારે રાજબાઈ કહે જે, હે મહારાજ, જ્યારથી મને તમો મળ્યા છો ત્યારથી મને આ સાંસારિક સુખ માત્ર ઝેર થઈ ગયું છે અને વિકાર માત્ર નાશ થઈ ગયા છે.. માટે મારે પરણવું નથી. મારે તો અખંડ બ્રહ્મચર્ય પાળીને તમારું ભજન કરવું છે. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, હે રાજબાઈ, જો તમારે ભગવાનનું ભજન કરવું હોય તો પરણીને પણ ભગવાન ભજાય છે. માટે પરણીને ભગવાનને ભજજો. આ મારું વચન માનીને તમો ઘેર જાઓ અને જો અમારું વચન નહીં માનીને તમારા મનનું ગમતું કરવું હોય તો તમો વિમુખ કહેવાશો. ત્યારે રાજબાઈ તો અતિશય ઉદાસ થઈને મહારાજની પ્રાર્થના કરવા લાગ્યાં જે, હે મહારાજ, ભલે તમો જેમ કહેશો તેમ કરીશ અને ઘેર જઈશ, પણ મારું નિષ્કામ વર્તમાન છે તેનો ભંગ ન થાય એવી કૃપા કરજો. કેમ જે, હું તો મનથી તમને જ વરી ચૂકી છું. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, બહુ સારું. પછી રાજબાઈ શ્રીજી મહારાજને પગે લાગીને પોતાના મા-બાપની સાથે ઘેર ગયાં ત્યારે તેની માએ કહ્યું જે, હે રાજુ, તારાં લગ્ન લેવાનાં



છે, માટે એ કોઠલા ઉપર ચૂંદડી પડી છે તેને તું ઓઢ્ય. ત્યારે રાજબાઈ આવેશમાં આવીને બોલ્યાં જે, બળી તારી ચૂંદડી, આમ જ્યાં બોલ્યાં કે તરત જ ચૂંદડી ભડભડ કરતી બળીને ખાખ થઈ ગઈ. પછી લગ્નની બધી તૈયારી થઈ ગઈ અને ગામ ઘૂઘરાળેથી જાન આવી અને લગ્ન થયાં અને રાજબાઈને વળાવ્યાં અને ઘૂઘરાળે સાસરાને ઘેર ગયાં. પછી તેને સારા ઘરમાં નિવાસ આપ્યો. પછી રાત્રે તેનો પતિ જ્યારે ઘરમાં આવ્યો ત્યારે ઘરમાં તેજ તેજ જોવામાં આવ્યું અને પલંગ ઉપર ભયંકર સિંહણને મોઢું ફાડીને બેઠેલી દીઠી. એટલે તે પુરુષ તો ભયથી ચીસ નાખીને બહાર જતો રહ્યો, ત્યારે સર્વેએ કહ્યું જે, આમ કેમ ચીસ પાડે છે ? ત્યારે તે કહે જે, આ ઘરમાં પલંગ ઉપર ભયંકર સિંહણ બેઠેલી છે. માટે મને બીક લાગે છે. ત્યારે સર્વે જોઈને કહે જે, અલ્યા ગાંડા, આ સિંહણ ક્યાં છે ? આ તો તારી પત્ની જ રાજુ છે. ત્યારે તે પુરુષ કહે જે, નાના મને તો સિંહણ જ દેખાય છે. માટે,

*આ તો મનુષ્ય નહીં નિરધાર । કોઈ કારણીક અવતાર ॥*
*માટે વેલ્ય એની પાછી વાળો । જો મારું ભલું થવાનું ભાળો ॥*

પછી તો સર્વે ભેળાં મળીને વેલ્યમાં બેસાડીને પિયરમાં પહોંચાડીને કહ્યું જે, આ બાઈ તો કોઈ કારણીક અવતાર છે. માટે અમો રાજીખુશીથી સન્માનપૂર્વક રજા આપીએ છીએ. એ ભગવાન ભજશે એમાં અમારો રાજીપો છે. એમ કહીને એ રાજબાઈને પિયર પહોંચાડી દીધાં. પછી રાજબાઈએ સાંસારિક સુખની સાથે વૈર કરીને ગઢપુરમાં આવીને જીવુંબાઈ આદિક બાઈઓની સાથે રહ્યાં અને ઝીણાં વસ્ત્રો અને આભૂષણો તે સર્વેનો ત્યાગ કરીને અને ગળ્યું, ચીકણું નાના પ્રકારના સર્વે રસોનો ત્યાગ કર્યો અને ખાટલો, પલંગ સર્વેનો ત્યાગ કરીને પૃથ્વી ઉપર શયન કરે,

*અતિ ત્યાગે કરી તન ગાળ્યું । લોહી માંસ શરીરનું બાળ્યું ॥*
*એવી રીતે ભજ્યા ભગવાન । પાળી અતિ મોટાં વર્તમાન ॥*
*તે પ્રતાપ શ્રી મહારાજ તણો । શું કહીએ મહિમા મુખે ઘણો ॥*
*એમ કરે નિજ જનની સાય । માટે મોટો હરિ મહિમાય ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, આવી રીતે શ્રીજી મહારાજે પોતાના એકાંતિક

ભક્ત રાજબાઈ તેની રક્ષા કરી. ॥ એવી રીતે ૧૦મો પરચો થયો ॥

---

### પરચો ૧૧ મો

## પાંચુ, નાનુ, રામુને આપેલો પરચો

અને હવે એવી જ એક બીજી વાત કહું છું તેને તમો સાંભળો.

*ચોપાઈ*

*વળી એક દિવસની માંય । કરિ હરિએ જનની સાય ॥*
*તેની વાત કહું લીયો જાણી । પ્રભુ પધારિયા કારિયાણી ॥*
*તે સાંભળી ચાલ્યાં દર્શને । અતિ બાળક કોમળ તને ॥*
*ભેળો નહીં કોઈ બીજો ભાઈ । ચાલ્યા બાળ બુદ્ધિ ત્રણે બાઈ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એક દિવસ ગઢપુરમાં દાદા ખાચરના દરબારની બહાર નાની-નાની પાંચ, છો છો વરસની બાળકીઓ રમતી હતી. તેવામાં એક સત્સંગી બ્રાહ્મણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરતા કરતા આવ્યા. ત્યારે ત્રણે બાળકીઓ દોડીને તેને સમીપે જઈને પગે લાગીને પૂછ્યું જે, હે બાપા, તમો ક્યાંથી આવો છો ? ત્યારે ભૂદેવ કહે જે, હે દીકરીઓ, કારિયાણીમાં શ્રીજી મહારાજ પધાર્યા છે અને હું તેનાં દર્શન કરવા ગયો હતો. ત્યારે તે બાળકીઓ કહે જે, એ ભગવાનના દર્શન અમોને થશે ? ત્યારે તે ભૂદેવ કહે જે, હા, હા. ત્યાં તમો જાઓ તો તમોને પણ શ્રીજી મહારાજ દર્શન આપશે. કારણ કે ભગવાન તો નાના-મોટા સર્વેને પોતાનાં દર્શન આપે એવા ભગવાન બહુ દયાળુ છે. ભલે લ્યો, હવે હું જાઉં છું. એમ કહીને તે ભૂદેવ ગામમાં ગયા. ત્યાર પછી ત્રણે બાળકીઓ દર્શનની ઈચ્છાથી થઈ ચાલતી અને ભેળો કોઈ પુરુષ નથી. ગામ મૂક્યું, ગામની સીમ મેલી. પાણી કે ટીમણ પણ કાંઈ સાથે લીધું નથી અને એમને એમ ચાલતાં ચાલતાં તરસ લાગી. પગમાં કાંટા લાગ્યા. રસ્તામાં ચાલતાં કઠણ કાંકરા ખૂંચે. પગમાં પગરખાં પણ પહેર્યાં નથી. તેણે કરીને અતિ કષ્ટ થયું અને ભોંએ ઢળી પડ્યાં. હવે દેહ રહેવાના કોઈ એંધાણ જણાતાં નથી ત્યારે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંભારવા માંડ્યાં.



*એવા સમામાં આવ્યા મહારાજ । જન કષ્ટ નિવારવા કાજ ॥*
*ભેળું લાવ્યા જળ ઠામ ભરી । પાઈ પાણી પ્યાસ ત્રાસ હરિ ॥*
*કાઢ્યા કાંટા તે પોતે પગના । થયા ભોમિયા મોર્યે મારગના ॥*
*આપ્યા મોદક ને પાયાં પાણી । ધીરે ધીરે આવ્યાં કારિયાણી ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, જેવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીને સંભાર્યા તેવા જ પ્રભુ પોતાના ભક્તના કષ્ટનું નિવારણ કરવા માટે આવી ગયા. પાણીનું પાત્ર પણ ભરી લાવ્યા અને માર્ગમાં એક ઝાડ નીચે બેઠેલી ત્રણે બાળકીઓને જોઈને કહ્યું જે, હે દીકરીઓ, તમો ક્યાં જાઓ છો ? અને ક્યાંનાં છો ? અને અહીં રસ્તામાં બેસી કેમ ગયાં છો ? ત્યારે તે બહેનો કહે જે, હે મહારાજ, અમો ગઢડાનાં છીએ અને કારિયાણીમાં શ્રીજી મહારાજનાં દર્શન કરવા માટે નીકળ્યાં છીએ, પણ કારિયાણી કઈ દિશામાં છે તેની અમોને ખબર નથી. તરસ લાગીછે અને ભૂખ પણ લાગી છે અને અમોએ પાણી કે ટીમણ કાંઈ પણ સાથે લીધું નથી અને પગમાં કાંટા પણ વાગ્યા છે, જેથી ચાલી શકાતું નથી. માટે અમો અહીં બેઠાં છીએ. ત્યારે બ્રાહ્મણ રૂપે મહારાજ કહે જે, હું પણ કારિયાણી બાજુ જાઉં છું અને મારી પાસેપાણી છે તે પીવો અને આ સુખડી છે તેને તમો જમો અને મારી પાસે ચીપિયો છે તે લ્યો. તમારા પગમાંથી કાંટા હું કાઢી આપું એમ કહીને કાંટા કાઢ્યા, પાણી પાયાં, લાડુ જમાડ્યા અને પછી માર્ગના ભોમિયા થઈને ધીરે ધીરે કારિયાણી આવી ગયા અને કહે જે, ભગવાન સહજાનંદ સ્વામી ! એ સામે વસ્તા ખાચરના દરબારમાં વિરાજમાન છે, માટે સુખેથી જાઓ અને હવે મનમાં બીક કોઈપણ પ્રકારની રાખશો માં અને હું હવે ગામમાં જાઉં છું. એમ કહીને તે અંતર્ધ્યાન થઈ ગયા અને બાળકીઓ મહારાજ પાસે આવી પગે લાગીને જયશ્રી સ્વામિનારાયણ કહીને મહારાજ પાસે બે હાથ જોડીને બેઠી ત્યારે મહારાજ કહે જે, હે બહેનો, તમો અહીં કોની સાથે આવ્યાં ? ત્યારે તે કહે જે, એક બ્રાહ્મણ ભેળો હતો, તે રસ્તામાં અમારી ચાકરી કરતો આવ્યો. વળી અમોને લાડુ જમાડ્યા, પાણીપાયાં, પગના કાંટા તાણી કાઢ્યા અને અમને અહીં સુખે પહોંચાડ્યાં, નહીં તો અમો ક્યાંક ભૂલાં પડી જાત. ત્યારે મહારાજ કહે જે, એ તો અમે જ તમારી રક્ષા કરવા માટે આવ્યા હતા. એમ કહીને રસ્તાનાં એંધાણ આપીને કહે જે, તમો

નાનાં-નાનાં પાંચ-પાંચ છો-છો વરસનાં છો. એટલા માટે જ અમો તમારી સાથે ભેળા ચાલ્યા એમ કહીને મહારાજ હસ્યા. આવી રીતે ભગવાને સહાય કરી તેણે કરીને સર્વે મનમાં અતિશય વિસ્મય પામ્યાં. નિષ્કુળાનંદ સ્વામી કહે જે,

*જેને લાવ્યા કારિયાણી ગામ । તેનું પાચું નાનું રામુ નામ ॥*
*એમ આપ્યા જનને આનંદ । સુખદાયી સ્વામી સહજાનંદ ॥*

આવી રીતે આજે પણ પોતાના ભક્તો હોય તેની હંમેશાં રક્ષા કરે છે. ॥ એવી રીતે ૧૧મો પરચો થયો ॥

---

### પ્રકરણ : ૧૩૩મું – પરચો ૧૨મો

## સોરઠના ભક્તોને પરચો દીધો

*વળી શું હું વર્ણવું । મહાપ્રભુનો પ્રતાપ ॥*
*આપે પરચા અતિઘણા । હરિભક્તોને હરિ આપ ॥*
*એક સમયે અલબેલડે । કર્યો ડભાણ ગામે જગન ॥*
*સર્વે દેશના સત્સંગીએ । આવી કર્યાં હરિ દર્શન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, મહાપ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અપાર પ્રતાપ છે, તેનું હું અલ્પબુદ્ધિથી શું વર્ણન કરું, જે ભગવાન પોતાના આશ્રિત હરિભક્તોને અનંત પરચા આપે છે તેમાંથી એક સોરઠ દેશના હરિભક્તોનો સુંદર પરચો કહું છું તેને તમો સાંભળો. એક સમયે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ ડભાણ ગામમાં અતિ મોટો મહારુદ્ર યજ્ઞ કર્યો. દરેક દેશોમાં પોતાના આશ્રિતો ઉપર કંકોતરીઓ મોકલાવી. તે કંકોતરીઓ વાંચી, સાંભળીને સર્વે દેશના સત્સંગીઓએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. તે કેવાં દર્શન કર્યાં ? તો નખશિખા સુધી શણગાર ધારી રહેલા સુંદર જરકશી જામો, પાઘ અને પાઘમાં તોરા, કલંગી વેઢ, વીંટી, કડાં, ઉતરી, છતર, ચામર, અબદાગરી આદિકની શોભાએ યુક્ત અને નવીન મેઘના સમાન શ્યામ સુંદર જેની મૂર્તિ છે. આવી શોભાએ યુક્ત એવા ભગવાન શ્રીહરિને ઘોડા ઉપર અથવા પાલખી ઉપર બેઠેલા એવાં દર્શન કરીને સર્વે દેશના હરિભક્તો રાજી થયા અને પોતાને સર્વે હરિભક્તો ધન્ય ભાગ્યશાળી



માન્યા, પણ નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એક સોરઠ દેશના હરિભક્તો કોઈક કારણસર જગનમાં આવી શક્યા નહીં. જેથી એ હરિભક્તોને અતિશય દુઃખ થયું. પછી સર્વે હરિભક્તોએ નક્કી કર્યું જે, હવે ડભાણના જગનનાં તો દર્શન ન થયાં, પણ ભગવાનનાં દર્શન થશે માટે ચાલો. આમ વિચારીને સર્વે હરિભક્તો સંઘ કાઢીને થયા ચાલતા. તેમાં સઘવી તરીકે અગત્રાઈના પર્વત ભાઈ અને માણાવદરના વિપ્ર મયારામ ભટ્ટ હતા. તેમાં બાળ, વૃદ્ધ, જુવાન સર્વે જનો હતાં તે ચાલતાં ચાલતાં જ્યારે પોતપોતાના ગામથી નીકળીને જ્યારે ચાર ગાઉ દૂર આવ્યા ત્યારે સર્વેના પ્રાણ આધાર એવા ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી સામા મળ્યા. તે સુંદર જરકશી વસ્ત્રો પહેરીને અને સુંદર ઘરેણા પહેરીને હસ્તે મુખારવિન્દે યુક્ત એવાં પોતાનાં દર્શન પોતાના ભક્તોને આપ્યાં અને વળી કેવાં ? તો,

*સંગે ઘણિ ઘોડાની ઘુમર । સખા સાથે શોભે છે સુંદર ॥*
*આપે ચડ્યા છે અશ્વે અમુલે । ફેંટો પાઘડી છાયાં છે ફુલે ॥*
*કંઠે ફૂલના હાર અપાર । શોભે અંગો અંગ શણગાર ॥*
*અતિ મૂરતિ સુંદર શોભે । જોઈ જનતણાં મન લોભે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવાં અલૌકિક દર્શન શ્રીજી મહારાજે પોતાના ભક્તોને દીધાં ત્યારે સર્વે ભક્તો પોતાના હૃદયમાં અતિ પ્રસન્ન થઈ પૃથવી ઉપર પડીને દંડવત પ્રણામ કરી શ્રીહરિને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, આપે દયા કરીને અમોને આપનાં દર્શન દઈને અમને કૃતાર્થ કીધા અને અમો જગનમાં આવી ન શક્યા તેની અંતરમાં દાઝ હતી, તે આપે આપનાં અલૌકિક દર્શન દઈને ઓલાવી અને અમોને શાંતિ પમાડ્યા અને આપે સર્વે સખાઓની સાથે પોતાનાં દર્શન દઈને અમારા સર્વે મનોરથ પૂર્ણ કર્યા. માટે હવે અમો સર્વે આપની પ્રાર્થના કરીએ છીએ કે હે મહારાજ, આપ સર્વે સખાઓની સાથે અમારે ઘેર પધારો અને આટલા અમારા મનોરથ પૂર્ણ કરો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, બહુ સારું, અમો તમારાથી મોર તમારે ગામ જઈએ છીએ અને તમો સર્વે ધીરે ધીરે આવજો એમ કહીને સર્વે સત્સંગીઓને પાછા વાળ્યા અને પોતે શ્રીહરિ ઘોડેસ્વારોની સાથે આગળ ચાલ્યા. પછી સર્વે સત્સંગીઓ પોતપોતાને ગામ

આવીને સર્વેને પૂછ્યું જે, શ્રીજી મહારાજ આપણે ગામ આવ્યા છે તે કિયાં ઊતર્યા છે ? એમ સર્વેને પૂછી વળ્યા. ત્યારે સર્વેજનો કહેવા લાગ્યા જે, મહારાજ તો અહીં આવ્યા જ નથી. એ તો તમોને માર્ગમાં દિવ્ય દર્શન દઈને તમારા મનોરથ પૂર્ણ કર્યાં છે. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, તે સર્વેજનો કહેવા લાગ્યા કે,

*નાથ આવ્યા નથી નથી ગયા । દીધાં દર્શન તે કરી દયા ॥*
*એમ પ્રભુ થઈ પરસન । દીધાં અલૌકિક દરશન ॥*
*એમ પરચો પૂર્યો દયાળે । દિનબંધુ જનપ્રતિપાળે ॥*
*આપ્યાં સત્સંગીને આનંદ । ધન્ય ધન્ય સ્વામી સહજાનંદ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, ભગવાને પોતાના ભક્તોને આવો પરચો આપ્યો. ॥ એવી રીતે ૧૨મો પરચો થયો ॥

---

### પરચો ૧૩મો

## ભક્ત ઉદ્ધવજીની રક્ષા કરી

વળી એવી જ રીતે ભગવાન શ્રીહરિએ પોતાના ભક્તને પરચો આપીને રક્ષા કરી તે વાત કહું છું તેને તમો સાંભળો જે, એક ઉદ્ધવજી એવા નામે વણિક ભગવાનનો ભક્ત હતો. તે પોતાના ધર્મમાં રહીને ઉદ્યમ કરતો હતો અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન કરતો હતો. એક વખતે તેને માર્ગમાં જતાં ચોર મળ્યા અને તેને ઝાલીને ભયંકર જંગલમાં લઈ ગયા. ત્યાં કાંટાવાળો મોટો બાવળનો સોટો કાપીને કહે જે, અમોને તું, અમો કહીએ એટલા આપ્યા રૂપૈયા વિના આજે તું ઉગરીશ નહીં એમ કહીને ભયંકર કાંટાવાળો બાવળનો સોટો ઉગામ્યો. ત્યારે તે ભક્ત પણ અતિશે ભયને પામ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો જે, આ અતિ કઠણ કાંટા કેમ સહન થાશે. માટે હવે તો જરૂર જીવ જાશે અને એ માંગે છે એટલું તો મારા ઘરમાં ધન નથી, તો હવે આ દુઃખ થકી છૂટવાનો બીજો કોઈ ઉપાય નથી. માટે હવે તો ભગવાન શ્રી સહજાનંદ સ્વામી જો મારી સહાય કરે તો જ આ દુઃખમાંથી ઉગરી શકું, પણ તે સિવાય ઉગરવાનો બીજો કોઈ ઉપાય નથી. એમ વિચારીને નિરાશ થઈને પોતાના અંતરમાં શ્રીજી મહારાજને સંભાર્યા. તેવામાં દીનજનોના બંધુ અને પોતાના આશ્રિતોનું હંમેશાં પાલન કરનારા



અને દયાળુ એવા ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ ઉદ્ધવજીને પોતાનાં દર્શન દીધાં ત્યારે ઉદ્ધવજી અતિ પ્રસન્ન થઈને પ્રભુને પગે લાગ્યો અને કહેવા લાગ્યો જે, હે મહારાજ, આ સમે જો તમો ન આવત તો આજે તો મારું મોત જ હતું. માટે આપ આના થકી મને છોડાવો, એમ અશ્રુએ યુક્ત જેનાં નેત્રો છે એવો ઉદ્ધવજી ગદ ગદ સ્વરે પ્રાર્થના કરીને કહેવા લાગ્યો જે, હે મહારાજ, તમો ભલે આવ્યા, એમ કહીને ભગવાનને પગે લાગ્યો ત્યારે ભગવાન શ્રીહરિ કહેવા લાગ્યા જે, તું નિર્ભય રહેજે અને તારા મનમાં જરા પણ ભય રાખીશ માં. તને કાંઈપણ કષ્ટ નહીં થાય અને વણદંડે તું સુખેથી પાછો ઘેર આવીશ. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, ભગવાને આવી રીતે ઉદ્ધવજીને કહીને ત્યાંથી અંતર્ધ્યાન થઈને એ ચોરને ઘેર આવીને ચોરની સ્ત્રીને દર્શન દઈને કહ્યું જે, તારો ધણી અતિ પાપી છે. તે મારા ભક્તને અતિ દુઃખ આપીને પૈસા માટે ઝાલીને અહીં લાવે છે અને એ ભક્તની પાસે પૈસા નથી તે તારા ધણીને શું આપે ? માટે તેને છોડાવજે અને તારું કલ્યાણ થશે. આમ કહીને પ્રભુ ચાલ્યા ગયા, તેવામાં જ ચોર ઉદ્ધવજીને લઈને આવ્યો અને ઉદ્ધવજીને ઘરમાં પૂરી દીધો અને કહ્યું જે, જ્યારે તું મને મનમાન્યા રૂપૈયા આપીશ ત્યાર પછી હું તને છોડીશ, નહીં તો હું તને છોડીશ નહીં. ત્યારે તેની સ્ત્રી કહેવા લાગી જે, આ તો ભગવાનનો ભક્ત છે અને એમની પાસે ધન છે નહીં, તો તમોને શું આપે ? માટે તમે મોટો અપરાધ કર્યો છે. જેથી તમો તેને પહેરામણી કરીને એમને ઘેર સુખપૂર્વક પહોંચાડી આવો. કારણ કે તમો ભગવાનના ગુનામાં આવ્યા છો. એનાથી છૂટશો ક્યારે, જમપુરીમાં જાશો અને જમનો માર ખાશો. પછી ચોર તે ઉદ્ધવજીને સારાં વસ્ત્રો પહેરાવી, પહેરામણી કરીને તેને ઘેર સુખપૂર્વક મૂકી આવ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે જે,

*એમ છોડાવીયો નિજ દાસ । આપી પરચો એમ અવિનાશ ॥*
*એમ કરે છે જનનાં કાજ । આપી પરચા અલબેલો આજ ॥*

સ્વામી કહે જે, આવી રીતે શ્રીજી મહારાજે પોતાનો ભક્ત ઉદ્ધવજી તેને અનુપમ પરચો આપીને કષ્ટ થકી તેની રક્ષા કરી. ॥ એવી રીતે ૧૩મો પરચો થયો ॥

---

**॥ પરચો ૧૪મો ॥**

## જાદવજી ભક્તને આપેલો પરચો

એવી જ રીતે બીજી પણ એક સુંદર પરચાની વાત કહું છું તેને તમો સાંભળો,

*વળી કહું પરચાની વાત । સહુ સુણજ્યો કહુ સાક્ષાત ॥*
*એક જાદવજી હરિજન । જાતિ વણિક ભક્ત પાવન ॥*
*જાણે પ્રભુ પ્રગટ પ્રમાણ । સ્વામી સહજાનંદ સુખ ખાણ ॥*
*દૃઢ આશરો અંતરે એક । જાણે સાર અસાર વિવેક ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એક ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનો દૃઢ આશ્રિત એવો જાદવજી નામે પરમ ભક્ત હતો. તે કોઈ વખતે પોતાના સંબંધીને ઘેર જમવા માટે પોતાના સંબંધીની સાથે બીજે ગામ ગયો. ત્યાં જમણવાર હતો. ત્યાં પોતાના મિત્રોની સાથે એકબીજાને આગ્રહ કરી કરીને ખૂબ જમ્યા. પછી પોતાને ઊતારે આવ્યા. તેમાં પાંચ મિત્રો હતા. તેણે અન્ન પચાવવા માટે વૈદ્યની પાસે ફાકી માંગી ત્યારે વૈદ્યે ફાકી આપતાં ભૂલથી ઝેરની ફાકી આપી દીધી. તે ખાધી એટલે પાંચે જણાને ઝેર ચઢ્યું. તેમાં ચાર જણા તો મૃત્યુ પામી ગયા પણ એક જાદવજી બચી ગયો તેની વાત કહું છું જે, જ્યારે જાદવજીએ ઝેર ખાધું ત્યારે તે ઝેર ચઢ્યું અને લેર્યું ખાવા લાગ્યો. નાડી ત્રુટી ગઈ. જીભ ટૂંકી પડી ગઈ અને બોલી બંધ થઈ ગઈ. આખે ભાગે અક્ષરે ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યો જે, હે નાથ, હે સ્વામિનારાયણ, હે ભગવાન, હે દીનબંધુ હું આપનો દાસ છું માટે આ દુઃખમાંથી તમો મને ઉગારો. આમ દુઃખમાં અતિશે પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે અતિ દયાળુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ તત્કાળ પોતાના ભક્તની રક્ષા કરવા માટે આવ્યા ત્યારે જાદવજી ભગવાનની સુંદર મૂર્તિ જોઈને અતિ રાજી થઈને કહેવા લાગ્યો જે, હે પ્રભુ, આપ ભલે પધાર્યા અને દયા કરીને મને દર્શન દીધાં અને હવે મારો દેહ ભલે પડી જાય. ત્યારે શ્રીહરિ કહે જે, આજે તારું શરીર રાખવું છે અને તારું શરીર નહીં છૂટે, માટે તું ચિંતા મ કર્ય. તારા સંબંધી જેમ ધામમાં ગયા તેમજ તારું પણ મરણ જ થવાનું હતું, પણ આ સમયે અમે તને



ઉગાર્યો છે અને તારી રક્ષા કરી છે. એમ કહીને ભગવાન અંતર્ધ્યાન થઈ ગયા અને જાદવજીને આરામ થયો અને ઝેર ઉતરી ગયું. એમ ભગવાને પરચો આપીને પોતાના ભક્તની રક્ષા કરી. આમ ભગવાન પોતાના દાસના દુઃખ પળે પળે પરચા આપીને કાપે છે.

*જેમ જનની જાળવે બાળ । એમ જતન કરે છે દયાળ ॥*
*તેણે વર્તે છે જનને આનંદ । સુખ આપે શ્રી સહજાનંદ ॥*

એવી રીતે ૧૪મો પરચો થયો ॥

---

**પ્રકરણ : ૧૩૪મું – પરચો ૧૫મો**

## લાલજી સુથારને પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે જે,

*વળી વળી શું હું વર્ણવું । ભાઈ પરચાનો નહીં પાર ॥*
*દુઃખ પડે જ્યારે દાસને । ત્યારે તર્ત કરે હરિ વાર ॥*

ભગવાન શ્રી સહજાનંદ સ્વામી પોતાના આશ્રિત સર્વે પક્તજનોના કલ્યાણ માટે ગુજરાત દેશના કેટલાક ગામોમાં વિચરણ કરતા કરતા શેખપાટ ગામે આવ્યા અને ત્યાં પોતાના અનન્ય ભક્ત લાલજી સુથારને ઘેર વિરાજમાન થયા. ત્યાં દેશો દેશના સત્સંગીઓને તેડાવીને સંવત ૧૮૬૦ના વર્ષમાં વસંત પંચમીનો ઉત્સવ કર્યો. ત્યાર પછી કેટલાક દિવસો ત્યાં રહીને શ્રીજી મહારાજે કચ્છમાં જવાની ઈચ્છાથી તે લાલજી સુથારને કહ્યું જે, હે ભક્ત, અમારે કચ્છમાં જવાનો વિચાર છે, માટે આ ગામમાં તમારા જેવો કોઈ ભોમિયો મળે તો સારું. ત્યારે લાલજી સુથાર કહે જે, હે મહારાજ, આ બ્રહ્માની સૃષ્ટિમાં મારા જેવો તો હું એક જ છું. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તો તમો જ મારી સાથે ચાલો. ત્યારે તે કહે જે, ભલે બહુ સારું. પછી તેણે મહારાજની સેવામાં માર્ગમાં ઉપજોગ લાગે એટલા માટે ભાતાં સારું સુખડી લીધી, એક બતકમાં પાણી ભરી લીધું અને બાર કોરી રસ્તામાં ચોરના ભયથી પોતાના જોડામાં છાની રીતે રાખી દીધી અને મહારાજની સાથે થયા ચાલતા. ભગવાન શ્રી સહજાનંદ સ્વામી અને લાલજી

ભક્ત બંને જણા કચ્છના રસ્તામાં ચાલ્યા જાય છે. તેવામાં રસ્તામાં ભૂખથી પીડાતા કોઈ અન્નાર્થીએ ખાવાનું માગ્યું ત્યારે દયાળુ પ્રભુએ બધું ભાતું તેને અપાવી દીધું અને પોતાનાં વસ્ત્રો પણ તેને અપાવી દીધાં. પછી આગળ ચાલતાં કોઈ તૃષાતુર પુરુષે પાણીની યાચના કરી ત્યારે સહજાનંદ સ્વામીએ લાલજી ભક્ત પાસે બતકમાંનું પાણી હતું તે પણ અપાવી દીધું. પછી આગળ ચાલતાં ચોર લોકો મળ્યા ત્યારે શ્રીહરિએ તો પોતાના વસ્ત્રો પેલા દરિદ્રીને આપી દીધાં હતાં, જેથી એમની પાસે તો કાંઇ પણ હતું નહીં, પણ લાલજી ભક્તને લૂંટવાનો વિચાર કરીને તેની પાસે જઇને સર્વે વસ્ત્રો વગેરે તપાસ્યું પણ કાંઇ મળ્યું નહીં એટલે તે ચોર તેને છોડીને થયા ચાલતા. ત્યારે અતિ દયાળુ શ્રીહરિએ તેને પૂછ્યું જે, તમો કોણ છો ? ત્યારે તે કહે જે, અમો તો ચોર છીએ. ત્યારે પ્રભુ કહે જે, તમોને ચોરી કરતાં બરોબર આવડતી નથી. જેથી તમો કાચા ચોર છો, પણ પાકા ચોર નથી અને તમો ચોરી કરતાં બરોબર શીખ્યા નથી. કેમ જે, આ પુરુષની પાસે નાણું છે, છતાં તમોને મળ્યું નહીં ? ત્યારે ચોર કહે જે, એમની પાસે કાંઇ પણ છે નહીં. ત્યારે દયાળુ પ્રભુ કહે જે, એમના જોડા તપાસ્યા, ? જોડામાં પૈસા છે. ત્યારે ચોર લોકોએ જોડા ઊતારીને સુપતરી નીચે સંતાડેલી બાર કોરી લઇ ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, પછી શ્રીહરિ અને ભક્ત બંને થયા ચાલતા. તે ચાલતાં ચાલતાં,

*આવ્યા સમુદ્ર સમીપે શ્યામ । પડી સાંજ રહેવા નહીં ઠામ ॥*
*લાગી પ્યાસ ને પીડાણા પ્રાણ । સૂક્યો કંઠ ન બોલાય વાણ ॥*
*લાગ્યા કાંટા ને કાંકરા વળી । અતિ થાકમાં પડિયા ઢળી ॥*
*એહ માયલું ન ગણ્યુ દુઃખ । ચાલો ચાલશું કહે શ્રી મુખ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એમ કહીને શ્રીહરિ ચાલવાની તૈયારી કરી પણ પોતાની સાથે સેવક તરીકે લાલજી સુથાર છે તે તો તરસથી અતિશે પીડાને પામ્યા અને ખારા જળમાં પડી ગયા. ભૂખ અને તરસે કરીને પ્રાણને ત્યજવા તૈયાર થયા અને પ્રાણ કંઠે આવી ગયા ત્યારે શ્રીહરિ સહજાનંદ સ્વામી કહે જે, હે ભક્ત, તમો દુઃખી શા માટે થાઓ છો. આ પાણી ઘણું બધું છે તે તમો પીવો. ત્યારે તે સેવક કહે જે, હે મહારાજ, આ પાણી તો ખારું છે. તે પાણી કેમ પીવાય ? ત્યારે,



ચોપાઈ

*કહે નાથ નથી ખારું નીર । પીવો જળ જે રહે શરીર ॥*
*ત્યારે વિશ્વાસી દાસે તે પીધું । વાલે ગંગાજળ જેવું કીધું ॥*
*પીધું પાણી ને ગઈ પિયાસ । એમ ઉગારિયો નિજ દાસ ॥*
*ખારો સાગર મીઠો જ કીધો । એવો પરચો પ્રભુજીએ દીધો ॥*

પ્રભુ કહે જે, આ પાણી તો બહુ મીઠું છે. કારણ કે આ સમુદ્રમાં ગંગા અને જમુનાની સેર્યો આવે છે. માટે તમો સુખેથી પાણી પિવો. ત્યારે સેવકે પાણી ચાખી જોયું ત્યારે ગંગાજળના સમાન મીઠું લાગ્યું. પછી પાણી ભરીને વસ્ત્રથી ગાળીને પ્રથમ શ્રીજી મહારાજને પાયું, ત્યાર પછી પોતે પીધું અને શરીરે શાંતિને પામ્યા. પછી બતક પણ ભરી લીધી. પછી ચાલવા સમયમાં પાણી ચાખી જોયું તો ખારું ઝેર જેવું લાગ્યું. પછી લાલજી સુથારે વિચાર કર્યો જે, આ તો સમુદ્ર છે. અહીં ક્યાંય પણ મીઠું પાણી નથી. આ તો ભગવાન શ્રીહરિએ મારે માટે પાણી મીઠું કરીને મારી રક્ષા કરી છે. પછી બંને જણા ત્યાંથી ચાલતા થયા. તે આગળ ગુરુ રામાનંદ સ્વામી મળ્યા. તેને બે હાથ જોડીને બંને જણા પગે લાગ્યા. પછી ત્યાંથી આગળ ચાલ્યા. તે જંગલમાં એક તળાવ આવ્યું. ત્યાં રાત રહ્યા અને ત્યાં જ શ્રીહરિ પોઢી ગયા. પછી સવારમાં જાગ્યા ત્યારે સેવક મહારાજને પૂછવા લાગ્યા જે, હે મહારાજ, કાલે પાણીમાં એક પુરુષ મળ્યો હતો તે કોણ હતો, તે મેં ઓળખ્યો નહીં અને આ ખારા સમુદ્રમાં મીઠું પાણી કેમ થયું ? અને તમો એક પુરુષ આવ્યો તેને આપે નમસ્કાર કર્યા તે કોણ હતો ? ત્યારે પ્રભુ કહે જે, એક પુરુષ મળ્યો તે એક મુક્ત હતા અને ખારું પાણી મીઠું કર્યું એ તો તમો અતિશે તરસે કરીને દુઃખી થઈ ગયા એટલા માટે તમારા સારું અમોએ પાણી મીઠું કર્યું અને જે પુરુષ મળ્યા કે જેને અમે નમસ્કાર કર્યાં તે તો અમારા ગુરુ સ્વામી રામાનંદજી સ્વામી હતા. આવી રીતની વાત ભગવાને કરી તેને સાંભળીને તે લાલજી સુથાર અતિશે રાજી થયા. નિષ્કુળાનંદ સ્વામી કહે, જે, ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ પોતાના સેવક લાલજી સુથારની સમુદ્રનાં ખારા રણમાં રક્ષા કરી. એમ પરચો આપીને પોતાના સેવકનું કામ શ્રીજી મહારાજે કર્યું.

ચોપાઇ

*એમ આપી પરચો મહારાજ । કર્યું નિજ સેવકનું કાજ ॥*
*જેની કરી શ્રીહરિએ સાર । તેનું નામ લાલજી સુથાર ॥*

એવી રીતે ૧૫મો પરચો થયો.

---

### પરચો ૧૬ મો

## સ. સચ્ચિદાનંદ સ્વામીને આપેલો પરચો

*વળી બીજી કહું એક વાત । સ્વામી સચ્ચિદાનંદની વિખ્યાત ॥*
*થયો જે દિનનો સતસંગ । થયું તે દિનનું અલૌકિક અંગ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, હવે હું સચ્ચિદાનંદ સ્વામીની વાત કહું છું. સચ્ચિદાનંદ સ્વામીને જ્યારે સત્સંગ થયો ત્યારથી તેનું શરીર દિવ્ય થઇ ગયું. જેણે કરીને તે હરેફરે, કોઇપણ કામ કરતા હોય તે સર્વે ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં આઠો પહોર રહીને કરતા. ભગવાનમાં અતિશે પ્રેમ અને જેનું મન, સ્વભાવ નિર્મળ છે અને ભગવાન વિના એક પળ પણ રહી ન શકે અને જો ભગવાનને જ્યારે દેખે નહીં ત્યારે તેને શરીરનું ભાન પણ રહે નહીં અને જે દિવસે અને ભગવાનનાં દર્શન ન થાય તે દિવસે એને એટલું બધું વિયોગનું દુઃખ થાય કે જેણે કરીને શરીરના નવે દ્વારે રૂધિર વહેવા લાગે અને જે દિવસે ભગવાનની મૂર્તિ ન દેખે તે દિવસે આંખોમાંથી લોહીનાં અશ્રુ વહેવા લાગે. એવા હેતવાળા એ સ્વામી સચ્ચિદાનંદની વાત કે જેને કોઈ બીજી ઉપમા ન દેવાય એવી વાત હું કહું છું તેને તમો સર્વે સાંભળો. એ સ્વામી જ્યારે પોતે ઘેર હતા ત્યારે પણ બીજા દેવ દેવીઓને માનતા નહીં. તેથી તેને સત્સંગ મુકાવવા સારું ભૂવા ભેળા થઈને માંડ્યા ધૂણવા અને ઘૂઘકારીઓ મારે અને કહે જે, આજ તો એના આગળ બગરાં ઘેટાં મારી નાખીએ. આમ ડારો દઈને તેએ અતિશે ડરાવ્યા અને અકળાવ્યા. ત્યારે તેની રક્ષા કરવાને માટે ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી આવ્યા અને કહે જે, આવો હું તમો સર્વેને પરચો આપું અને અરે પાપીઓ, હું તમારા સર્વેનાં માથાં કાપી નાખું. કારણ કે વિમુખ એવા તમો આ મારા દાસને દુઃખ દીધું છે. એવું સાંભળીને ભયના પામેલા સર્વે ભૂવા ઊઠીને ભાગ્યા અને મનમાં જાણ્યું જે, હવે



તો આપનાં મોત આવ્યાં છે. ત્યારે બીજા કેટલાક તો શ્રીહરિની આગળ આવીને ભગવાનને પગે લાગ્યા. પછી ભગવાન કહેવા લાગ્યા જે, હે ભક્ત, તું કોઇપણ પ્રકારનો ભય રાખીશ માં. એવી રીતે ભગવાન શ્રીહરિએ એવો પરચો આપીને પોતાના ભક્તની સહાય કરીને તરત જ અંતર્ધ્યાન થઈ ગયા. વળી સચ્ચિદાનંદ સ્વામીની બીજી પણ વાત કહું છું તેને સર્વે સાંભળો. એક સમયે સચ્ચિદાનંદ સ્વામી, શ્રીજી મહારાજને કચ્છમાં રહેલા છે એવું સાંભળીને દર્શન કરવા માટે વહાણમાં બેસીને જતા હતા ત્યારે અતિ આનંદમાં ભગવાનને સંભાર્યા ત્યારે તેની સર્વે વૃત્તિ ભગવાનમાં લીન થઈ ગઈ. તેણે કરીને શરીરના નાડી પ્રાણ રહ્યા નહીં અને એના શરીરના નાડીઓ આદિક એંધાણ જોતાં સર્વેને જણાયું જે આણે તો દેહ મેલી દીધો છે અને શ્વાસ પણ ચાલતો નથી તેણે ત્રણ દિવસ વિતી ગયા છે, માટે આ તો મરણ પામી ગયો છે એમ જાણીને અગ્નિ સંસ્કાર કરવા માટે લઈ ગયા અને તેના દેહને કાષ્ઠમાં ગોઠવી દીધું. પછી અગ્નિ પ્રગટાવવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે જ તેની રક્ષા કરવા માટે ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી તત્કાળ આવીને કહે જે, હે ભાઈઓ, તમે ઊભા રહો અને અગ્નિ લગાડશો નહીં. એમ કહીને ચિતામાંહીથી પોતાના દાસને ઊઠાડ્યો. એ પરચો ભગવાને આપીને પોતાના દાસની શ્રીહરિએ રક્ષા કરી. તે જોઈને જે, જનો આભડવા આવેલા હતા તે તો અતિ આશ્ચર્ય પામી ગયા અને ભગવાનને સર્વે પગે લાગ્યા. જે, આ તો ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ પરચો આપીને પોતાના સેવકની રક્ષા કરી છે. એવી રીતે ૧૬મો પરચો થયો.

---

### પરચો ૧૭મો

## સચ્ચિદાનંદ સ્વામીને આપેલો બીજો પરચો

*વળી એક દિવસની વાત । વરસે અખંડ ધારે વર્ષાંત ॥*
*આવી નદી ભરપૂર ભારી । વહે અતિ વેગમાંહી વારી ॥*
*તે ઊતરવા કર્યો વિચાર । પડ્યા પોતે તે પાણી મોઝાર ॥*
*પગ ન ટક્યો તણાણા ત્યારે । તેહ સમે આવ્યા વાલો વારે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી બીજી સચ્ચિદાનંદ સ્વામીની પરચાની

વાત કહું છું. એક સમયે સચ્ચિદાનંદ સ્વામી ચાલ્યા જતા હતા અને અતિ જોરદાર વરસાદ વરસવા માંડ્યો અને માર્ગમાં આવી મોટી નદી, તેમાં અતિ વેગમાં પાણી વહે છે. તે નદી ઊતરવા માટે કાંઈ પણ વિચાર કર્યા વગર ભગવાનને સંભારીને પડ્યા નદીમાં. તો તે અજાણી નદીમાં પગ ટક્યો નહીં અને માંડ્યા તણાવા. એટલે તત્કાળ ભગવાનને સંભાર્યા, એટલે તત્કાળ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ આવીને હાથ ઝાલીને બહાર કાઢ્યા અને વારંવાર તેને ઠપકો દઈને કહેવા લાગ્યા જે, હવે આજ પછી આવું કરીશ માં, આ તો અમોએ આવીને તમારી રક્ષા કરી, નહિ તો ક્યાંય તણાઈ જાત અને મરણ પામી જાત. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*હવે કરિસ માં આવું ફરી । એમ કહીને સધાવ્યા હરિ ॥*
*બુડતાં દાસ ઉગારી લીધો । એમ પરચો અલબેલે દીધો ॥*

એવી રીતે ૧૭મો પરચો થયો.

---

## પરચો ૧૮મો

## સચ્ચિદાનંદ સ્વામીનો ત્રીજો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક સમયમાં સચ્ચિદાનંદ સ્વામી શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરવા લાગ્યા. ભગવાનને વિશે અતિશે પ્રેમે કરીને અતિશે પરવશ (લીન) થઈ ગયા. તેણે કરીને પિંડ બ્રહ્માંડનું પણ કાંઈ ભાન રહ્યું નહીં. ત્યારે દ્વેષિલા જનોએ તેને ગાંડા જાણીને હાથ-પગમાં લોખંડની બેડીઓ પહેરાવી દીધી. તેને ભગવાને તોડી ભાંગી નાખી એટલે તેઓએ ઘરમાં પૂરી કમાડ દઈને તાળું વાસી દીધું અને દરવાજે ચોકીદાર બેસાડ્યા, ત્યારે શ્રી સહજાનંદ સ્વામી તેમાંથી કાઢી ગયા અને કમાડ-તાળાં એમને એમ દીધાં રહ્યાં અને ચોકીદારો પણ બેઠા જ રહ્યા. એ જોઈને સર્વેજનો આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા જે, સચ્ચિદાનંદને ધન્ય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, દીનજનોના બંધુ અને તેનું હંમેશા પાલન કરનારા એવા ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ આવી રીતનો પરચો આપીને સચ્ચિદાનંદ સ્વામીની રક્ષા કરી. એવી રીતે ૧૮મો પરચો થયો.

---



## પરચો ૧૯મો

## માંડવધારમાં પ્લેગ થકી રક્ષા કરી

એક વખત ગઢપુરને સમીપે માંડવધાર નામે ગામમાં પ્લેગ નામનો રોગ ફાટી નીકળ્યો. પ્લેગને એ જમાનામાં ટુંટિયું કહેવાતું. એ ટુંટિયાના રોગે કરીને કેટલાય માણસો મરવા લાગ્યાં. સુકાની સાથે લીલું પણ બળે એમાં આ ભક્તો છે અને આ ભક્ત નથી એવું હોતું નથી. એટલે જે હરિભક્તો હતા તે ગઢપુરમાં મહારાજ પાસે આવીને વિનંતી કરવા લાગ્યા જે, હે મહારાજ, અમારા ગામમાં ટુંટિયાનો રોગ પેઠો છે, તેણે કરીને કેટલાય માણસો મરે છે માટે આપ પધારો અને એનો નાશ કરો. ત્યારે શ્રીજી મહારાજે સચ્ચિદાનંદ સ્વામીને મોકલ્યા ત્યારે સ્વામી પોતાની પાસે રહેલું તુંબડામાં પાણી તેની ગામની ચારેબાજુ ધારા વાળી દઈને પછી ગયા ગામમાં. ત્યારે સચ્ચિદાનંદ સ્વામીએ મૂર્તિમાન દીઠું. પછી સ્વામી કહે જે, અરે આ ગામમાં તું શા માટે આવીને માણસોને દુઃખ દેં છે ? અને માણસોને મારે છે ? ત્યારે તે ટુંટિયું કહે જે, અરે તમે વળી મને કહેનારા કોણ છો, હું ફાવે તેમ કરું. ત્યારે સ્વામી કહે જે, આ ગામમાંથી નીકળી જા નહીં તો હું તારો નાશ કરી નાખીશ. ત્યારે ટુંટિયું કહે જે, હું તમારા જ પેટમાં પેસીને તમારું જ લોહી પીશ. ત્યારે સ્વામી કહે જે, અરે આવ તો ખરું, કેમ લોહી પીએ છે તું, હું જોઈ લઈશ. ત્યારે તે ટુંટિયું સ્વામીના પેટમાં પેઠું અને સ્વામીના નાભિકમળમાં બેઠું, પછી

ચોપાઈ

*પછી સચ્ચિદાનંદે તે જાણી । લીધી કર પગની નાડી તાણી ॥*
*પછી પ્રગટાવી જઠર ઝાળ । બળવા લાગ્યું ટુંટિયું તે કાળ ॥*
*કહે આજ મુજને ઉગારો । હવે ન કરું છેડ તમારો ॥*

ત્યારે ટુંટિયું કહે જે, હવે ફરીવાર તમારો છેડ નહીં કરું અને મને જીવતું રહેવા દ્યો અને હવે ફરીવાર આ ગામમાં ક્યારેય પણ આવીશ નહીં. એમ વરદાન આપીને નીકળી ગયું અને ગામમાં સર્વેને સુખ થયું. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એમ સચ્ચિદાનંદ સ્વામી ભગવાનને ભજીને ભગવાન થકી ઘણાય પરચાને પામ્યા છે. તે સર્વે પરચાને લખતાં પણ પાર આવે તેમ નથી.

*પડે કષ્ટ જનને જો કાંઈ । કરે સહાય હરિ તેહ માંઈ ।*
*તેણે વર્તે છે અતિ આનંદ । ધન્ય ધન્ય સ્વામી સહજાનંદ ॥*

એવી રીતે ૧૯મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૫, પરચો ૨૦મો

## મુક્તાનંદ આદિક સંતોની મહારાજે રક્ષા કરી

હવે નિષ્કુળાનંદ સ્વામી કહે જે, ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની ઈચ્છાથી દરેક શહેરો અને દરેક ગામોમાં સ્વામિનારાયણ ભગવાનનો જયજયકાર થવા લાગ્યો. એટલે કેટલાક દ્વેષીઓને દ્વેષ ઉત્પન્ન થયો. તેણે કરીને આસુરી સંપત્તિવાળા જે હતા તે બળી મુવા અને વિચાર કર્યો જે, આ સ્વામિનારાયણનો પ્રચાર કરવામાં મુખ્ય કારણ તો એમના સાધુઓ જ છે. માટે જો આપણે સાધુઓને જ મારી નાખીએ તો જ આપણે ઉગરીશું એમ વિચારીને દ્વેષીઓ પોતપોતાના શિષ્યોમાં સંગઠન કરવા લાગ્યા. તેવામાં ભગવાન સ્વામિનારાયણે મુક્તાનંદ સ્વામીને આજ્ઞા કરી જે, તમો ત્રીસ સંતોને લઈને અમદાવાદ જાઓ અને ત્યાં રહીને સંતોને સંસ્કૃત ભણાવો. ત્યારે મુક્તાનંદ સ્વામીએ વિચાર કર્યો જે, ભણવા માટે જો એકાંતની જગ્યા હોય તો જ ભણવાનું સાનુકૂળ થાય, પણ એ સ્થાન અમદાવાદમાં મળવું અશક્ય છે, પણ શ્રીજી મહારાજની આજ્ઞા છે એટલે તેમના પ્રતાપથી સગવડ થઈ જશે એમ વિચારીને અમદાવાદ ત્રીસ સંતોની સાથે ગયા અને ત્યાં તપાસ કરતાં સાબરમતીને કિનારે નારાયણ ઘાટની સમીપે એક દરિયાખાનનો ઘૂમટ છે ત્યાં જઈને જોઈને વિચાર કર્યો જે, સંતોને અભ્યાસને યોગ્ય સ્થાન આ જ સારું છે. કારણ કે અહીં કોઈપણ માણસ આવ-જાવ નહીં કરે માટે અભ્યાસને યોગ્ય આ સ્થાન સારું છે. એમ નક્કી કરીને તેને વાળીને સંતોએ સાફસૂફ કરી નાખ્યું અને ત્યાં રહેવા લાગ્યા. શહેરમાંથી ભિક્ષા માગી લાવે અને સંતો અભ્યાસ કરે. એમ કરતાં કરતાં ગામમાંથી કોઈ હરિભક્તો આવે અને સમાગમ કરે અને સંતો કથા વારતા કરીને જે જે હરિભક્તો આવે તેને ઉપદેશ કરે. એમ કરતાં કરતાં ધીમે ધીમે સત્સંગ વધવા લાગ્યો. તે જોઈને આસુરી સંપત્તિવાળા ભેખધારી બળવા લાગ્યા જે, અહીં સ્વામિનારાયણના મુંડીઆ રહે



છે તે આપણના અવગુણ ભરાવીને આપણા શિષ્યોને વાળીને પોતાનો વાડો વધારે છે. માટે જો એમને મોટા મોટાને મરાવી નાખીએ તો બધી ઉપાધિ શાંત થઈ જાય, પણ તેને મારવા શી રીતે ? પછી વિચાર કર્યો જે, આ બધા સાધુઓને પ્રસાદીનો મહિમા બહુ હોય છે. ભગવાનનો પ્રસાદ કહીને આપીએ એટલે એ સ્વીકાર કરશે. આવો વિચાર કરીને કોઈ સારું મિષ્ટાન્ન બનાવીને તેમાં કાતિલ ઝેર ભેળવીને સંતોની પાસે લાવીને કહે જે, હે સંતો, આજે અમોને એવો વિચાર થયો જે, આજે હળાહળ કળીયુગમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના સંતોના સમાન કોઈ પણ સાધુ આ પૃથ્વી પર નથી. માટે આવા સંતોને જો જમાડીએ તો આપણી સેવા લેખે લાગે, એમ જાણીને આપ જેવા સર્વ સંતોને જમાડવા માટે પ્રસાદી લાવ્યા છીએ. માટે આપ સર્વે આ ભોજન સ્વીકારો અને અમોને તમારી ચંદનાદિકથી પૂજા કરવી છે એવી અમો સર્વેને તમારા પ્રત્યેની સદ્‌ભાવના છે. માટે અમારી પૂજા આપ દયા કરીને સ્વીકારો. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એ ચંદનમાં પણ હળાહળ ઝેર હતું. મુક્તાનંદ સ્વામીએ તેને સારો આવકાર આપીને કહ્યું જે, ભલે બહુ સારું, પણ અત્યારે તે ભોજન રાખો અને જ્યારે બધા સંતો ભેગા થશે ત્યારે અમો બધા મળીને પ્રસાદ વહેંચી લઈશું. એમ કહીને પ્રસાદ લાવ્યા હતા તે રાખી દીધો. પછી એ દ્વેષિલા કહે જે, અમારે તમારી ચંદનાદિકથી પૂજા કરવી છે. ત્યારે મુક્તાનંદ સ્વામી કહે જે, ભલે પૂજા કરો, ત્યારે તે સ્વામીના લલાટમાં પ્રથમ ચંદન ચરચ્યું ત્યારે શ્રીહરિએ સહાય કરી જેથી સ્વામીને તો કાંઈ ન થયું પણ ચામડીના છિદ્ર વાટે જે લોહીમાં પ્રવેશ થઈ જાય. આવા હળાહળ ઝેરમિશ્રિત ચંદનમાં આંગળીઓ બોળી કે તરત જ ચરચનારાની આંગળીઓની ચામડી તરત ઊતરી ગઈ.

મુક્તાનંદને ન આવી આળ, ગઈ ચરચનારાની કર ખાલ-પછી ભગવાનની પ્રેરણાથી કોઈ પણ સંતો એ દ્વેષિલાઓએ આપેલો પ્રસાદ પણ મુખમાં મૂક્યો નહીં. વળી ચંદનમાં ઝેર કેવું આકરું હતું કે કોઈ આંખે જુવે તો આંખનું તેજ પણ ક્ષિણ થઈ જાય.

*એવું હળાહળ વિષ ભારી । તેથી મુક્તને લીધા ઉગારી ॥*
*એમ શ્રીહરિએ કરી સાર । મુક્તાનંદજીની વાલે વાર ॥*

એવી રીતે ૨૦મો પરચો થયો.

---

### પરચો ૨૧મો

## સોળ સંતોની ઝેરથી રક્ષા કરી

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, એવી જ એક બીજી વાત કહું છું તે સાંભળો.

*બીજી વાત કહું એક વળી । સહુ મુદિત થાશો સાંભળી ॥*
*મોટી મંડળી બાંધી મહંત । ગયા સૂરત શહેરમાં સંત ॥*

વળી ભગવાનની આજ્ઞાથી સોળ સંતોની મંડળીઓ ફરવા માટે અને મુમુક્ષુઓને ઉપદેશ આપવા માટે સૂરત શહેરમાં ગયા. તે સંતો કેવા હતા તો કહે છે, સાચા સ્ત્રીધનના ત્યાગી હતા અને જ્ઞાની ધ્યાની હતા. વળી અખંડ ભજન કર્યા કરે. આવા સંતો ઉપદેશ કરીને મુમુક્ષુને શ્રીજી મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી આપે એવા એ સર્વે સંતો સમર્થ હતા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, તે સિવાય બીજા ભેખથી તો સારુંયે શહેર ભર્યું હતું કે જેના હૃદયમાં દયા, ધર્મ અને મહેર ન હોય. આવા ભેખલોકો તો શ્રીજી મહારાજના સાચા સંતોને આ સૂરત શહેરમાં આવ્યા છે એવું સાંપળીને હૃદયમાં બળીઊઠ્યા અને આ સાધુ તો કળીયુગીઆ છે અને આ સાધુ આપણા શિષ્યોને ભરમાવીને વાળી લેશે. માટે એને મારી નાખવા જોઈએ. એવો વિચાર કરીને જ્યારે સંતો ગામમાં ઝોળી માગવા ગયા ત્યારે દ્વેષે કરીને સંતોની ઝોળીમાં હળાહળ ઝેર ભેળવેલું લોટ-દાળ વગેરે અન્ન આપ્યું. પછી તે સંતો પોતાને ઊતારે આવીને એ અનાજ જમ્યા એટલે જમતાં વેંત જ સર્વેને ઝેર ચડી ગયું અને કંઠ રુંધાઈ ગયો. જીભ ટૂંકી પડી ગઈ. નાડી સહુની પોતાનું સ્થાન મૂકી ગઈ અને લહેર્યો આવવા લાગી ત્યારે સર્વેએ શ્રીજી મહારાજને સભાર્યાં એટલે,

ચોપાઈ

*તેહસમે આવિયા મહારાજ । વિષ જનનું વાળવા કાજ ॥*
*આપ્યાં અલૌકિક દરશન । નિરખી જન થયા છે મગન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ સંતો સર્વેને વિખનું દુઃખ તો અતિશે હતું પણ શ્રીહરિના દર્શન કરતાંની સાથે સર્વે દુઃખ નિવૃત્તિ પામી ગયું અને શ્રીજી મહારાજે સર્વેની એ દુઃખ થકી રક્ષા કરી.



ચોપાઈ

*એમ ઉગરીયા નિજ જન । આપી પરચો એ ભગવન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવી રીતે શ્રીજી મહારાજે સોળે સંતોની રક્ષા કરી એટલે બધાય સંતો આળશ મરડીને બેઠા થયા અને ઝેરની અસર શ્રીજી મહારાજે દૂર કરી. સ્વામી કહે છે જે, ભગવાન તો અતિ દયાળુ છે. તે રક્ષા કરે પણ બીજો એવો પણ વિચાર થાય કે, આ સમાજમાં કેવા અધમ માણસો હોય છે, સંતો તમારી પાસે ઝોળી માગવા આવે ત્યારે તેને આપવું કે ન આપવું એ તમારી મરજીની વાત છે, પણ સંતોની ઝોળીમાં ઝેર નાખવું એ કેટલો બધો ઘાતક સ્વભાવ હશે ? શાસ્ત્રોમાં રાવણ, કંસ, શિશુપાલ વગેરે રાક્ષસોની વાતો આવે છે, એમ અત્યારે પણ સમાજમાં જેની આવી અતિ ક્રૂર વૃત્તિ હોય તો તેમાં અને રાવણ-કંસ, દંતવક્ર, શિશુપાલમાં ફરક શું ? ભલે એ માણસ હોય, પણ અસૂરો જ જાણવા. એવી રીતે ૨૧મો પરચો થયો.

---

### પરચો ૨૨મો

## અનંતાનંદ સ્વામીને દીધેલો પરચો

સ્વામી કહે છે જે, એવી જ એક અનંતાનંદ સ્વામીની વાત કહું છું તે તમો સર્વે સાંભળો.

*વળી વાત કહું કરી વિવેક । સ્વામી અનંતાનંદની એક ॥*
*ગયા ફરવા કરવા વાત । પ્રભુ પ્રગટની તે સાક્ષાત ॥*
*શહેર બુરાનપુરમાં જઈ । કરે વાતો પ્રભુની ત્યાં રઈ ॥*

અનંતાનંદ સ્વામી જેમાં મોટા છે એવા સંતોનું મંડળ મુમુક્ષુ જીવોને ઉપદેશ આપવા માટે બુરાનપુરમાં ગયા અને ત્યાં રહીને હંમેશાં જનોને શ્રીજી મહારાજની આજ્ઞામાં રહીને વાતો કરે. એવા પવિત્ર સંતો એક દિવસે તાપી નદીમાં સ્નાન કરવા માટે ગયા. ત્યાં ભોળા બે-ચાર સંતો પડ્યા જળના પૂરમાં, તરતાં આવડે નહીં. નદીમાં પાણી કેટલું ઊંડું છે એનીયે ખબર નથી અને નદીમાં અથાગ પાણીમાં અનંત ભમરીઓ પડે અને જે ભમરીમાં બુડ્યા તે કોઈ નીકળી શકે નહીં. એમાં

બુડ્યા, તે ચાર ઘડી સુધી અંદર રહી ગયા. ઉગરવાની આશા રહી નહીં ત્યારે શ્રીજી મહારાજને સંભાર્યા. એટલે ભગવાન પોતાના દાસની રક્ષા કરવા માટે પધાર્યા. સુંદર જેની મૂર્તિ છે એવા ભગવાને જળમાં દર્શન આપીને અતિ જોરથી ઊછાળીને બહાર કાઢ્યા. એમ પોતાના સેવકની રક્ષા કરી. જ્યારે નદીની બહાર આવ્યા ત્યારે સર્વે પૂછવા લાગ્યા જે, હે સંતો, અમોને તો એમ ચિંતા થઈ જે, તમો આ અગાધ જળમાં બુડી ગયા ત્યારે અનંતાનંદ સ્વામી કહે છે જે, એ વાત સાચી છે. અમને તો આજે ઉગરવાની આશા જ ન હતી પણ શ્રીજી મહારાજે અમારી સહાય કરી. અમારા હાથ પકડીને બહાર કાઢ્યા અને અમોને નદીને કિનારે મૂકી ગયા. ત્યારે સર્વે કહેવા લાગ્યા જે, ધન્ય છે, ધન્ય છે તમોને કે શ્રીજી મહારાજે તમારી જળમાં બુડતાં સહાય કરી અને મોટા દુઃખમાંથી તમોને ઉગારી લીધા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, શ્રીજી મહારાજ આવા તો હજારો અને લોખોપરચા આપીને પોતાના આશ્રિતોની રક્ષા કરે છે, તેનો કહેતાં અને લખતાં અંત આવે એમ નથી અને એવી જ રીતે અત્યારે પણ શ્રીજી મહારાજ પોતાના ભક્તોની રક્ષા કરે જ છે અને જો ભગવાન રક્ષા ન કરે તો આ અતિ ભયંકર સંસારરૂપી સમુદ્રમાં અનંત પ્રકારના દુઃખો આવે તો તો આ સંસારમાં અતિ દુઃખિયા જીવોનું કલ્યાણ ક્યાંથી થાય ? માટે ડગલે ને પગલે ભગવાન પોતાના આશ્રિતોની રક્ષા કરે છે.

*એવા વિઘ્નથી ઉગારે આપ । ધન્ય ધન્ય પ્રભુનો પ્રતાપ ॥*
*જે જે આપ્યા જનને આનંદ । કહ્યું ન જાય નિષ્કુળાનંદ ॥*

એવી રીતે ૨૨મો પરચો થયો.

---

## પ્રકરણ : ૧૩૬, પરચો ૨૩ મો

# શ્રીજી મહારાજે ગામ વાંકાનેરના જીવરામ ભક્તને પરચો પૂર્યો

નિષ્કુળાનંદ સ્વામી હવે એક સુંદર કથા કહે છે તે તમો સાંભળો જે,

*એક વિપ્ર વાંકાનેર ગામ । હરિભક્તનામ જીઈવરામ ॥*
*પાળે નિજ ધરમ આચાર । કરે નિર્વાહ સારું વેપાર ॥*



નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આ લોકને વિશે જન્મેલા કોઈપણ મનુષ્ય કે પશુ, પક્ષી દરેકને પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો જ પડે. કારણ કે નિરુદ્યમી એવો કોઈપણ હોય એ સુખી થતો નથી. પોતે ઘરસંસારમાં પણ એ ઉદ્યમ વગરનો માણસ દુઃખ ભોગવે છે માટે કોઈપણ પ્રકારનો ઉદ્યમ કરવો જ જોઈએ અને એ ઉદ્યમ પણ ભગવાનની ભક્તિરૂપ બને છે. કેવી રીતે તો વેપાર કરો, ખેતી કરો, નોકરી કરો, એ દરેકમાં ભક્તિ સમાયેલી છે. વેપાર કરો તેમાં ભગવાનનો ભાગ કાઢો, ખેતીમાં ભગવાનનો ભાગ રાખો, નોકરીમાં ભગવાનનો ભાગ રાખો. આ પોતાના ઉદ્યમમાંથી જે ભાગ કાઢવો એ ભક્તિ જ છે. તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં પણ કહ્યું છે કે,

*યથા શક્ત્યુદ્યમઃ કાર્યો નિજવર્ણાશ્રમોચિતઃ ॥*

અમારા આશ્રિતોએ પોતાના વર્ણ અને આશ્રમને યોગ્ય પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો. એ જ રીતે ગામ વાંકાનેરના જીવરામ એવા નામે એક બ્રાહ્મણ હતા. તે પોતે પોતાની શક્તિ અનુસાર ઉદ્યમ કરીને પોતાનો વ્યવહાર ચલાવતા હતા. તે ઉદ્યમ શું કરતા હતા ? તો કહે છે જે, આ જીવરામ ભક્ત બ્રાહ્મણ હતા અને ભગવાનનો ભાગ રાખીને વેપાર કરતા અને એ અવારનવાર સિંધમાં જતા. સિંધ એટલે અત્યારે પાકિસ્તાન કહેવાય છે. એ વહાણમાં બેસીને સિંધમાં જાય, ત્યાંથી ચોખા ખરીદી વહાણ ભરીને પાછા વળ્યા અને પોતે પણ વહાણમાં બેઠેલા હતા. જ્યારે વહાણ મધ્ય સમુદ્રમાં ચાલ્યું જાય છે તેવામાં ચોર લોકો વહાણમાંના ચોખા ચોરી લેવા માટે વહાણ લઈને આવી ગયા અને ચોખાના વહાણને ચારે બાજુથી ઘેરી લીધું અને એવા ડાકુ-ચોર તો સમુદ્રમાં પણ ફરતા જ હોય અને આકાશમાં પણ ફરતા હોય અને પૃથ્વી ઉપર પણ ચોર લોકો તો ફરતા જ હોય છે. એ જ રીતે અત્યારે પણ ચોર લોકો આવી ગયા. એમની પાસે હથિયારો હતા. તે હથિયારો લઈને ચોરલોકો નાવમાં આવીને હુમલો કર્યો અને ચોખા ભરેલા નાવને કબજે કર્યું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ ચોરોએ જ્યારે વહાણને આંતરી લીધું ત્યારે ખેવટ તો પોતાના જીવનેબચાવવા માટે સમુદ્રમાં કૂદી પડ્યા અને જીવરામ એકલો વહાણમાં રહ્યો. એને સમુદ્રમાં તરતાં તો આવડતું ન હતું, જેથી વિચાર કરવા લાગ્યો જે, હવે મારે શું કરવું ? જો સમુદ્રમાં પડીશ તો પણ

મૃત્યુ જ થવાનું છે. એમ વિચાર કરે છે તેવામાં ડાકુ લોકોએ જીવરામને પકડીને તેના બે હાથને પીઠ પાછળ વાળીને દોરડાથી બાંધી દીધા.

*બાંધ્યા પાછા વાળીને બે હાથ । માર્યા માથામાં છરા છો સાત ॥*
*પછી જીવતો જળમાં નાખી । બેડી હાંકી ગયા ઘેર આખી ॥*

અને માથામાં છો-સાત છરા જોરથી મારીને તેને જીવતો જ સમુદ્રમાં નાખીને ચોખાનું વહાણ આખુંય પોતાને ઘેર લઇ ગયા. પછી જીવરામ તો જળમાં પડ્યો, શરીર, પાણી ઉપર તરે, પણ જીવ જાય નહીં. માથામાં મારેલા છરાના ઘાવમાં ખારા પાણીથી અતિ પીડા થવા લાગી અને પછી વિચાર કરવા લાગ્યો જે,

*પછી વિપરે કર્યો વિચાર । પડ્યું દુઃખ તે આજ અપાર ॥*
*કેમ જાતા નથી હજી પ્રાણ । કેમ બોળતો નથી મેરાણ ॥*
*કરે વિનંતી વારંવાર । કરો સ્વામી સહજાનંદ સાર ॥*
*આવો વહેલા છોડવિચેતન । બીજી ઈચ્છા નથી હવે મન ॥*

આવી રીતે વારંવાર ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે તરત જ શ્રીજી મહારાજ એની રક્ષા કરવા માટે આવી ગયા. સાથે હોડી લાવ્યા હતા તે હોડીમાં જીવરામને બે હાથ ઝાલીને સમુદ્રમાંથી બહાર કાઢીને બેસાડ્યો. હાથ બાંધેલા હતા તે છોડ્યા અને તેને તરસ લાગી હતી અને ભૂખ પણ લાગી હતી. ભગવાન પોતાની સાથે પાણી લાવ્યા હતા અને સુખડી લાવ્યા હતા તે જમાડી.

*ભૂખ પ્યાસની વેદના હરી । બૂડતા જળમાં સહાય કરી ॥*
*હાલી હળવે હળવે હૂડી । લાવ્યા પાર પ્રભુ રીતે રુડી ॥*

ભગવાન સમુદ્ર પાર કરીને કિનારે જીવરામને ઉતારીને કહ્યું જે, હવે તું ધીરે ધીરે ચાલીને તારે ઘેર જા. પછી જીવરામ તો ધીરે ધીરે પોતાને ઘેર ચાલ્યો જતો હતો અને સમુદ્રમાં પડેલા ખેવટીયાઓ તો સમુદ્ર તરીને પ્રથમથી જ બહાર આવીને વાંકાનેરમાં એમના સંબંધીને વાત કહી જે, તમારો જીવરામ ચોખાનું વહાણ ભરીને આવતા સમુદ્રમાં ચોરલોકોએ તે વહાણને ચોરી ગયા અને જીવરામને મારીને સમુદ્રમાં નાખી દીધો છે. જેથી એ જીવરામ મૃત્યુ પામી ગયો છે. આવા સમાચાર ખેવટીયા લોકોએ કહેવરાવ્યા એટલે સર્વે સંબંધીઓ મળીને



જીવરામને ઘરે જઇને કહ્યું જે, તમારો જીવરામ ધામમાં ગયો છે એવા સમાચાર આવ્યા છે માટે એનો જે વિધિ કરવાનો હોય તે કરો. ત્યારે જીવરામની મા કહે જે, એવી વાત કોઈપણ કરશો માં. કારણ કે,

*મારો મુવો નથી જીવરામ । તમે જાઓ ઘેર કરો કામ ॥*

ત્યારે સર્વે કહેવા લાગ્યા જે, અરે ડોશી, તારું તો હૈયું અતિ કઠણ છે, પણ બ્રાહ્મણનો ધર્મ જાય છે. માટે વહુને ચૂડાકર્મ કરાવો. ત્યારે ઝાઝા માણસોની વાતો સાંભળીને ડોશીમા જરા દિલગીર થઈને શ્રીજી મહારાજને સંભાર્યાં. ત્યારે ભગવાને દર્શન દઈને કહ્યું જે, હે ડોશીમા, તમારો જીવરામ મુવો નથી. માટે તમો હોડ બકીને કહી દ્યો જે મારો જીવરામ મુવો નથી અને તે કાલે બપોરે ક્ષેમકુશળ ઘેર આવશે એમ કહીને ભગવાન તો અદૃશ્ય થઈ ગયા. પછી ડોશી તો અતિ બળમાં આવી જઈને બોલી જે તમો બધા અહીંથીજતા રહો અને સૌ પોતપોતાને ઘેર જાઓ. આ જે તમો વાત કરો છો તે વાત ખોટી છે અને મારો જીવરામ રસ્તામાં ચાલ્યો આવે છે. તે કાલે બપોરે સુખપૂર્વક ઘરે આવીજશે. પછી સર્વેજનો બોલતા બંધ રહ્યાં અને મહોમાહી બોલવા લાગ્યા જે, આ ડોશી તો હઠીલી છે, તે નહીં માને પણ વહાણ ચલાવનારા ખેવટીઓ કહી ગયા તે શું ખોટું છે ? આમ વાતો કરતાં કરતાં ચાલ્યા ગયા. કારણ કે જ્યારે શ્રીજી મહારાજે ડોશીને વાત કહી ત્યારે ભગવાને એક ડોશીને જ દર્શન આપીને કહ્યું હતું પણ બીજાને દર્શન ભગવાને આપ્યાં નહતાં. પછી બીજે દિવસે બપોરે જીવરામ ઘેર આવી ગયો ત્યારે સર્વેજનોએ પ્રથમની વાત પૂછી ત્યારે જીવરામે કહ્યું જે, એ બધી વાત સાચી છે. ચોરલોકોએ મને સમુદ્રમાં નાખીને વહાણ હાંકીને જતા રહ્યા, પણ મેં મહારાજને સંભાર્યા ત્યારે મહારાજ હોડી લઈને આવ્યા અને મને હોડીમાં બેસાડીને સમુદ્રને કાંઠે લાવ્યા અને મારી રક્ષા કરી છે.

*એમ પરચો આપી મહારાજ । કર્યું ભક્ત બ્રાહ્મણનું કાજ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આ પરચાની વાર્તાને જે કોઈ સાંભળશે અથવા કહેશે તે સર્વે ભગવાનના ધામને પામશે એમાં કોઈપણ સંશય નથી. એવી રીતે ૨ ૩મો પરચો થયો.

---

### પરચો ૨૪મો

## ગોલીડા ગામનો પરચો

વળી એવી જ રીતની બીજી એક વાત કહું છું કે, ભગવાનના પાકા ભક્તો કોને કહેવાય ? તો સૌરાષ્ટ્ર દેશમાં એક નાનકડું ગામ છે. એનું નામ ગોલીડું છે. એ ગોલીડા ગામમાં બધા સત્સંગીઓ રહે છે, પણ એવું છે કે શાહુકાર હોય ત્યાં ચોર પણ હોય એ ન્યાયે એ ગામમાં એક કુસંગી હશે, તેનો જ્યારે અંતકાળ સમીપે આવ્યો ત્યારે તે માંદો પડ્યો અને તેને લેવા માટે યમદૂતો આવ્યા. કુસંગી કોને કહેવાય ? જેનામાં ધર્મ ન હોય, જેના હૃદયમાં ભગવાન પ્રત્યે શ્રદ્ધા ન હોય અને જેને શાસ્ત્રો પ્રત્યે વિશ્વાસ ન હોય તેને કહેવાય કુસંગી. તેને લેવા ચાર જમદૂતો આવેલા હતા. સાયંકાળે તે પાપીના જીવને લેવા માટે ગામમાં જતા જમદૂતોને ચાર ભાઈઓએ દીઠા અને એ ચાર ભાઈઓ કોણ હતા તો કહે જે, એ ચારે ભાઈઓ પાકા સત્સંગી હતા અન ચારે રાજગોર બ્રાહ્મણ હતા. એના નામ

*ભીમ વશરામ રાઘવ રાણો । ચારે ભક્ત પ્રભુના પ્રમાણો ॥*
*તેને દીઠું જમ દળ જ્યારે । મને વિચારીયું મળી ચારે ॥*
*આપણે શ્રી મહારાજના છૈએ । એ જીવ જમને કેમ દઈયે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ ચારે ભાઈઓ ખેતીનું કામ કરતા હતા. તે પોતાના ખેતરેથી સાંજ સમયે પોતાના ઘેર આવતા હતા અને જે ખેડૂત હોય તેના હાથમાં મોટી લાકડીઓ હોય, તેણે વિચાર કર્યો જે, આ જમદૂતો પાપીને લેવા માટે જાય છે. તો આપણે આ ગામમાં છીએ અને આ જમ આ પાપીને લઈ જાય એ બરોબર ન કહેવાય. માટે,

*પ્રભુ પ્રતાપ ઉરમાં ધારી । ચાલો સહજાનંદજી સંભારી ॥*
*જ્યારે વાળીએ જમને પાછા । ત્યારે આપણે સત્સંગી સાચા ॥*

એવું ચારે ભાઈએ પરિયાણ કરીને ગામમાં જતા જમદૂતને આડા ફરી વળ્યા અને કહેવા લાગ્યા જે, અરે પાપીઓ, તમો કોણ છો અને ક્યાં જાઓ છો ? ત્યારે જમ કહે જે, આ તમારા ગામમાં એક કુસંગી પાપી છે તેને લેવા માટે આવ્યા છીએ. ત્યારે એ ચારે ભક્તો કહે જે, તમો પાછા વળી જાઓ અને આ



ગામમાં પેસવા અમો તમોને નહીં દઈએ. ત્યારે જમ કહે જે, તમારા ઘરનું નિવારણ કરી શકો, પણ આખાય ગામનું વારું તમારાથી નહીં થાય. તેમાંય વળી સત્સંગી હોય તેને તો અમો લેવા માટે જતા નથી. આ તો અતિશે પાપી છે. ત્યારે ચારે ભાઈ કહે જે, આ આખુંય ગામ સ્વામિનારાયણના સત્સંગીઓનું છે. ત્યારે જમ કહે જે, એ તમારી વાત ખોટી છે ત્યારે સત્સંગીઓ કહેવા લાગ્યા જે, અરે તમો પાછા વળો છો કે નહીં ? એમ કહીને ભીમે અને રાણે અતિશે જોર કરીને શ્રીજી મહારાજનો પ્રતાપ વિચારીને પોતાના હાથમાં રહેલી મોટી ડાંગો, તેનો પ્રહાર કર્યો. કાળિયો અને દંતિયો તેના દાંત ઉપર, તેણે કરીને બંને જમના મોટા દાંતો તે ભાંગી ગયા અને તેનો કડાકો જોરદાર થયો, તેનો અવાજ દૂર દૂર સુધી સંભળાયો. પછી જમે વિચાર્યું જે, આ તો ભારે બળવાન છે. માટે એને તો આપણે જીતી શકીશું નહીં માટે પાછા વળો. આમ વિચારીને એ સત્સંગીઓને પગે લાગીને કહેવા લાગ્યા જે, હે ભક્તો, તમે સાચા સત્સંગી અને તમારા ભગવાન પણ સાચા. માટે અમો તમારી આગળ હાર સ્વીકારીને જઈએ છીએ. એમ કહીને તે જમ પાછા વળી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, જેને ભગવાનનું હૃદયમાં બળ હોય અને પોતાને ભગવાનના સેવક માન્યા હોય તેથી આ લોક કે પરલોકમાં કોણ જીતાય નહીં. સ્વામી કહે છે જે,

*એનું આશ્ચર્ય કાંઈ મ જાણો । આપ્યો પરચો એ પરમાણો ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે જે, પછી જ્યારે એ પાપી જીવનો અંતકાળ સમો થયો ત્યારે તેને તેડવા માટે સંત આવ્યા અને દેહ તજાવીને ભગવાનના ધામમાં લઈ ગયા. નિષ્કુળાનંદ મુનિ કહે જે, આવો અલૌકિક પરચો ભગવાને આપ્યો તે જોઈને આખુંયે ગામ સત્સંગી થયું. એવી રીતે ૨૪મો પરચો થયો.

---

### પરચો ૨૫મો

## રાજગર રાણાને પરચો આપ્યો

વળી એવો જ બીજો પરચો તમોને કહું છું તેને તમો સાંભળો જે, એ ચારે ભાઈઓમાં જ્યારે રાણાને શરીરનો ત્યાગ કરવાનો સમય થયો ત્યારે મુવા પહેલાં

સર્વેને કહેવા લાગ્યો જે, આજથી ચોથે દિવસે આ ભૌતિક શરીરનો ત્યાગ કરીને હું ભગવાનના અક્ષરધામમાં જવાનો છું અને મને શ્રીજી મહારાજ કહી ગયા છે. માટે જો તમોને કોઇને ધામમાં આવવું હોય તો હું મહારાજને પ્રતાપે ધામમાં લઇ જઈશ. ત્યારે સર્વે એકબીજાના સામું જોવા લાગ્યા. ત્યારે રાણો કહેવા લાગ્યો જે, આમ એકબીજાના મોઢા સામું કેમ જુઓ છો ? કોઇક તો તૈયાર થાઓ. ત્યારે તેની મા અને પુત્રે કહ્યું જે, અમો તમારી સાથે ધામમાં ચાલશું. ત્યારે રાણે કહ્યું જે, તો તમો ચોકો કરી ઘીનો દીવો કરીને ચોકામાં બેસીને ભગવાનનું ધ્યાન કરો. ત્યારે બંને જણાં ચોકામાં બેસીને ભગવાનનું ધ્યાન કરીને પોતાના દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયાં. ત્યાર પછી સર્વેને રાણે કહ્યું જે, પ્રથમ આ બંનેને સ્મશાને લઇ જાઓ અને પછી મને લેવા આવજો અને ત્રણેને એકીસાથે અગ્નિસંસ્કાર કરજો, પછી એ સર્વે જનો એ બંનેના શરીરને સ્મશાને લઈ ગયા અને પછી રાણાના દેહને લેવા આવ્યા તો તે જ સમયે રાણે પણ શરીરનો ત્યાગ કર્યો અને અક્ષરધામમાં ગયો. ત્યાર પછી તેના પણ શરીરને સ્મશાને લઇ ગયા. એ ત્રણેની દાહાદિક ક્રિયા કરી નિષ્કુળાનંદ સ્વામી કહે જે, જેમ કોઇક ગામ જવું હોય ને શું, તેમ ભગવાનના એકાંતિક ભક્તો સ્વતંત્ર રીતે એકબીજાને વાતો કરીને આ પંચભૌતિક શરીરનો ત્યાગ કરીને ભગવાનના અક્ષરધામમાં જાય. આવા અલૌકિક આશ્ચર્ય તો આ દિવ્ય સત્સંગમાં જ થાય છે. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી આવા અનંત પરચા આપીને પોતાના ભક્તોને પોતાના ધામમાં તેડી જાય છે.

*આવો પ્રતાપ મહારાજ તણો । શું કહીએ મુખથી ઘણો ઘણો ॥*

એવી રીતે ૨૫મો પરચો થયો.

---

### પરચો ૨૬મો

## નાસ્તિકી આરજા મરીને મરકી થઇ

નિષ્કુળાનંદ સ્વામી કહે જે,

*કહું વારતા એક વળી । સહુ થાશો ચકિત સાંભળી ॥*
*એક નાસ્તિકી આરજા થઇ । મુંડાઇ માંડવ ધારે રઇ ॥*



એક નાસ્તિકી આરજા હતી. તે મુંડ મુંડાવીને માંડવધાર ગામમાં નિવાસ કરીને રહેતી, પણ તેના હૃદયમાં હંમેશા એવો જ સંકલ્પ રહ્યા કરતો હતો કે, મેં આ લોકમાં આવીને વસ્તુ બધીયે ખાધી છે, પણ પશુનું માંસ ખાવાની ઈચ્છા છે, પણ શું થાય. આપણો ધર્મ અહિંસામય. એટલે કોઇ પશુને મરાય નહીં અને તે વિના તો માંસ મળે નહીં અને માંસ કોઇ પથ્થરમાંથી કે કાષ્ઠમાંથી થાતું નથી એ તો પશુને મારવાથી જ માંસ ઉત્પન્ન થાય માટે એ મળે કેમ અને કેટલાય આસૂરી લોકો ખાય છે તો તેમાં સ્વાદ કેવો હશે ? એનો સ્વાદ તો ખાધું હોય તો જ જણાય. આવી આશામાં ને આશામાં મરણ પામીને મરકી થઈ. આ મરકી પણ એક જાતનો રોગ જ છે અને આગળ આવા મરકી, કોગળિયું વગેરે રોગો આવતા તેમાં કેટલાય માણસો મરે અને ઘરને ઘર ખાલી થઈ જતા તેમજ આ મરકીનો રોગ ગામમાં આવવાથી એ મરકી માણસના શરીરમાં પ્રવેશ કરીને સર્વેનું લોહી પીવા માંડી જેથી માણસો મરવા માંડ્યા. એકનેબાળી આવે તો બીજું તૈયાર થાય, તેને બાળવા લઈ જાય તો ત્રીજું મરે. એમ રાત-દિવસ માણસો મરે તેમાં સૂકું બળે તે ભેળું લીલું પણ બળે એ ન્યાયે સત્સંગીઓ પણ મરે. તે જોઇને કેટલાક કુસંગી લોકો બોલે જે, તમો સર્વે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત સત્સંગી છો તો પણ અમારી હારે જ તમારા માણસો મરે છે. તો તમો પણ અમારી હારે જ છો અને જો એ સ્વામિનારાયણ ભગવાન છે અને એ તમારા ભગવાન મોટા છે એમ કહોછો તો અત્યારે તમારી રક્ષા કેમ કરતા નથી ? આવી ભગવાનની અને સંતોની અને સત્સંગીઓની નિંદા સાંભળીને સર્વે સત્સંગીઓ ગઢપુરમાં મહારાજ પાસે આવી દંડવત પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, આપ અમારે ગામ માંડવધાર પધારો અને મરકીને મારી કાઢો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, સારું તમો જાઓ અને અમો આવીએ છીએ એમ કહીને પછી શ્રીજી મહારાજ સંતોને લઈને માંડવધાર પધાર્યા ત્યારે મરકી પણ ભય પામીને ગામમાંથી ભાગી. ત્યારે સંતોએ મૂર્તિમાન લોહીથી દાંત ભરેલા એવીને દેખીને મહારાજને કહેવા લાગ્યા જે, હે મહારાજ, એ મરકી જાય છે. પછી મહારાજની આજ્ઞાથી સંતોએ પાણીથી ધારાવળી ગામની ચારેકોર આપી દીધી કે તે પાછી ફરીને આવે નહીં. એવી રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તોની રક્ષા કરી. માટે,

*ધન્ય સત્સંગી ધન્ય શ્યામ । પૂરી હરિએ હૈયાની હામ ॥*
*જે જે જનની કરી સહાય । તે તો મુખથી કહ્યું ન જાય ॥*

એવી રીતે ૨૬મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૭, પરચો ૨૭મો

## કલાભક્તને આપેલો પરચો

વળી શ્રીજી મહારાજે આ પૃથ્વીને વિશે પ્રગટ થઈને કેટલાક પોતાના પ્રેમી ભક્તોને પરચા આપીને સુખિયા કરેલા છે તેમાં કેટલાક પરચા નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણીમાં કહેલા છે તેમાં પણ શ્રીજી મહારાજના પરચા ત્રણ પ્રકારના છે તે કયા ? તો કહે છે, એક તો શ્રીજી મહારાજ આ સત્સંગમાં પોતાના કેટલાક આશ્રિતોને વ્યવહાર સંબંધી આપત્કાળ થકી રક્ષા કરે છે અને તેનું દુ:ખ ટાળીને સુખિયા કરે છે. બીજું પોતાના ભક્ત જ્યારે અંત સમયને વિશે પોતાના દેહનો ત્યાગ કરે છે ત્યારે શ્રીજી મહારાજ તેને અને બીજા પણ કેટલાક મનુષ્યોને પોતાનાં પ્રત્યક્ષ દર્શન આપીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે અને ત્રીજું જે, પોતાના પ્રેમી ભક્તજનોની પ્રેમેયુક્ત ભક્તિને વશ થઈને તે ભક્તને પોતાના દિવ્ય દર્શન આપીને તેના સર્વે મનોરથને પૂર્ણ કરે છે. આવી રીતે શ્રીજી મહારાજ પોતાના ભક્તોને અનંત પરચા આપીને પોતાના ભક્તજનોને સુખિયા કરે છે. તેમાંથી તમોને એક પરચો કહું છું જે, એક સમયમાં ગામ કુંડાળમાં કલાભક્ત એવે નામે એક સત્સંગી હતા. તેને સત્સંગ મૂકાવવા માટે પોતાના સનબંધીજનો અને ગામ આખાયના જનોએ મળીને એવો પાકો ઠરાવ કર્યો જે, જ્યાં સુધી એ કલો કંઠી કાઢે નહીં ત્યાં સુધી તેની સાથે ગામનો દરેક પ્રકારનો વ્યવહાર બંધ કરવો અને ગામમાં પણ તેની સાથે કોઈપણ વસ્તુની લેતી-દેતી કરવી નહીં. આવી રીતે સર્વે પ્રકારે તેને બંધી થઈ તો પણ તેણે સત્સંગનો ત્યાગ ન કર્યો. ત્યાર પછી તેના ભાઈઓએ તેની ખેતીવાડી આદિ ગરાસ હતો તે પણ અન્યાયથી છીનવી લીધો.

*॥ ત્યારે કલો ગયો દરબાર । કર્યો ત્યાં જઈ પોતે પોકાર ॥*
*॥ પણ લોંઠે લાંચ ભરી તીયાં । તેણે રાયે ન કર્યો નિયા ॥*

ત્યારે કલાક ભક્તે કડીની કોર્ટમાં જઈને પોકાર કરીને પોતાનું સર્વે દુ:ખ



સંભળાવીને કહ્યું જે, આ વાતનો આપ ધર્મ ન્યાય કરો. તે વાતને સાંભળીને ન્યાય કરનાર ન્યાયાધિશે કહ્યું જે, હે કલા ભક્ત, તમોએ એક કંઠી જેવી સામાન્ય વાતમાં આખાય ગામના જનો તથા તમારા ભાઈઓ અને કુટુંબીજનો સાથે વેર કાર્યું એ બરાબર નથી. માટે તેનો ન્યાય અગ્નિ સિવાય અમારાથી થશે નહીં. માટે તમોને અગ્નિથી તપાવીને લાલચોળ કરેલો ગોળો લોખંડનો, તેને બે હાથે ઉપાડ્યા સિવાય છૂટકો નથી. તેમાં જો તમારા સ્વામિનારાયણ સાચા ભગવાન હશે તો તમારી રક્ષા કરશે. આવી રીતનો તેઓએ અવળો ન્યાય કર્યો. કારણ કે તે કલા ભક્તના ભાઈઓ અને ગામના સર્વે જનોએ મળીને તે ન્યાયાધીશ આદિક કોર્ટના માણસોને ઘણાક રૂપિયા આપીને લાંચ આપી હતી. એટલે જ તેઓએ એવો અવળો ન્યાય કર્યો હતો. ત્યારે તે કલા ભક્તે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણને સંભારીને હા કહી. ત્યાર પછી તે કોર્ટના બધા અમલદારોએ મળીને એવો ઠરાવ કર્યો જે, કલો ભક્ત અગ્નિથી તપાવીને લાલચોળ કરેલો લોખંડનો ગોળો પોતાના બે હાથે ઉપાડીને પોતાના ગરાસની હદ પર્યંત આંટો દઈને પાછો જ્યાંથી ગોળો ઉપાડેલો હોય ત્યાં જ આવીને મૂકે અને પોતાના બંને હાથ દાઝે નહીં તો તે જેટલી જમીન પોતાની કહે છે તેટલી જમીન અમીરાવાર તેના હકની ઠરે. આવો ઠરાવ કર્યો અને તેની મુદત પંદર દિવસની નક્કી કરી અને અમુક તિથિનું પણ નક્કી થયું. ત્યાર પછી તે વાતની આખાય દેશમાં જાહેરાત કરવામાં આવી જે, શ્રી સ્વામિનારાયણનો સત્સંગી કુંડાળ ગામનો કલો ભક્ત અગ્નિથી તપાવીને લાલચોળ લોખંડનો ગોળો પોતાના બે હાથે ઉપાડશે. આવી જાણ થતાં સર્વે દેશો દેશના મનુષ્યો આવો તમાસો જોવા કલા ભક્તની વાડીએ નક્કી કરેલા દિવસે ભેળા થયા અને તે દિવસે કડીની કોર્ટના માણસો પણ આવીને સર્વે કલા ભક્તની વાડીમાં આવીને બેઠા. ત્યાં લોઢાનો ગોળો તપાવવા માટે બે ધમણો ચાલુ કરી. પછી જ્યારે તે ગોળો તપીને અગ્નિના સરખો લાલચોળ થયો ત્યારે ન્યાયાધીશ કલા ભક્તને કહે જે, હે કલા ભક્ત, હવે તમો આ ગોળો ઉપાડો. ત્યારે કલો ભક્ત આવો લાલચોળ ગોળો મારાથી કેમ ઉપડશે ? માટે હે ભગવાન, આ વસમી વેળાએ તમો મારી રક્ષા કરવા માટે આવો. આમ ભગવાનની પ્રાર્થના કરે છે. તેવામાં બ્રહ્મચારી વેશે ભગવાને આવીને એક કલા ભક્તને પોતાનાં દર્શન આપીને કહેવા લાગ્યા જે, હે કલા ભક્ત, તુમ ગોલા ઊઠાઓ, કાય કે બાસ્તે ડરતે હો.

એવી રીતે બ્રહ્મચારીએ કહ્યું તો પણ એ ગોળો ઉપાડવાની હિંમત ચાલી નહીં. ત્યારે ભગવાને એ ભક્તને કિડિયોની નાંગરો એ ગોળા ઉપર ચડતી અને ઉતરતી દેખાડી. તે જોઈને કલા ભક્તને હિંમત આવી અને તરત જ પોતાની મેળે પોતાના બંને હાથે તે ગોળાને ઉપાડીને થયા ચાલતા.

*॥ પછી કલે ગોળો કર ઝાલી । લીધી પૃથવી પોતાની ચાલી ॥*

તે જેટલી પોતાની હકની જમીન હતી તેટલી હદમાં હજારો માણસોની સાથે આંટો દઈને પાછો તે જ સ્થળે આવીને તે ગોળાને પૃથ્વી ઉપર મૂકી દીધો. જ્યાં ગોળો મૂક્યો, ત્યાં કેટલું ઘાસ હશે, તે માંડ્યું સળગવા અને મોટો ભડકો થયો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, તે લોખંડનો ગોળો બીજા સર્વે જનોને તો અગ્નિરૂપે જ દેખાતો હતો પણ તે કલા ભક્તને તો ભગવાનની દયાથી જાણે પુષ્પનો દડો હોયને શું તેમ જણાતો હતો. આવો મોટો પરચો જોઈને સર્વે મનુષ્યો અતિ આશ્ચર્ય પામી ગયા અને કુંડાળ ગામના જનો અને સર્વે સંબંધી જનોના મોઢાં કાળાં થઈ ગયાં અને કાળાં મોઢાં લઈને ચાલ્યા ગયા અને રાજના અમલદારો સર્વે કલા ભક્ત ઉપર રાજી થઈને તેનો બધો ગરાસ સભોગો અમીરાવાર કલા ભક્તના હકનો કરી દીધો. વળી તે ભક્તને ગામના મનુષ્યો પાસેથી અને તેના સંબંધીઓ પાસેથી કેટલીક મોજ અપાવી. આવો અલૌકિક પરચો જોઈને સર્વે જનો અતિ આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા જે, આ ભક્ત સાચો છે અને એના ભગવાન શ્રી સ્વામિનારાયણ તે પણ સાચા છે. કેમ જે, એ ભગવાનને પ્રતાપે કરીને કલા ભક્તના જરાયે હાથે દાઝ્યા નહીં.

*સહુ કહે સુણ જો સતસંગી । કાળાં મોં લઈ ગયા કુસંગી ॥*
*એમ પરચો દઈ દયાળ । કરીનિજ જનની પ્રતિપાળ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ભગવાન કેવા ભક્ત વત્સલ અને દયાળુ છે તેમ જ ભક્તની પણ નિષ્ઠાની દૃઢતા કેવી છે અને શ્રદ્ધા તો જુઓ. આવી ખુમારી અને ભગવાન પ્રત્યેની નિષ્ઠા અને ભક્તિની આટલી ખાતરી હોય તો કાળ, કર્મ, માયા કે કોઈપણ અડી શકે નહીં. ભગવાન અતિ દયાળુ છે. તે પોતાના નિષ્ઠાવાન ભક્તોની કસોટી કરે છે, સાથે રક્ષા પણ કરે છે. એવી રીતે ૨૭મો પરચો થયો.

---



### *પરચો ૨૮મો*

## *ભુલા ભક્તને આપેલો પરચો*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી જ એક બીજી પણ પરચાની વાત કહું છું તેને સર્વે સાંભળો. ઉત્તર ગુજરાતમાં નંદાસણ નામે એક ગામ છે. તેમાં એક ભૂલાભાઈ નામે ભક્ત રહેતા હતા. સ્વભાવે બહુ ભોળા, પણ ભગવાનના ભક્ત સાચા. તેને એક દિવસે વિચાર થયો જે, ઘણા દિવસો થયા મને શ્રીજી મહારાજનાં દર્શન થયાં નથી. તો મારે દર્શન કરવા માટે જવું છે. પછી કોઈક હરિભક્તને પૂછ્યું જે, અત્યારે શ્રીજી મહારાજ ક્યાં છે ? મને દર્શન કરવા જવાની ઈચ્છા છે. ત્યારે તેણે કહ્યું જે, એ ભગવાન તો કચ્છ-ભુજમાં છે. ત્યારે તેણે વિચાર કર્યો જે, મારે ભુજ જઈને પ્રભુનાં દર્શન કરવાં છે, પણ ભુજ-કચ્છનો રસ્તો કઈ દિશામાં છે તેની પણ ખબર નથી અને તે ખેતીનું કામ કરે. વૃદ્ધ અવસ્થા જેની છે, ડાબુ કે જમણું કોને કહેવાય તેની પણ ગમ નહીં અને પૂર્વ કે પશ્ચિમ, ઉત્તર કે દક્ષિણ દિશાને પણ ન જાણે. અતિશે ભોળો અને એનું નામ જ ભૂલો ભગત. તે એકાએક ચાલ્યો દર્શને. ભેળું અન્ન કે પાણી કાંઈ લીધેલું નહીં. ટાઢ-તડકાની પણ જેને ખબર નથી.

*એમ ચાલીયો દર્શન કાજ । ત્યારે આવીયા સામા મહારાજ ॥*
*વાલે વિપ્ર તણો વેશ લઈ । ચાલ્યા ભક્ત ભેળા પોતે થઈ ॥*

અને કહે છે જે, ભક્ત તમારે કિયાં જવું છે ત્યારે તે કહે જે, મારે તો ભુજ જવાનું છે. ત્યારે મહારાજ કહે જે, ભુજ કઈ બાજુ છે ? અને કેટલું દૂર છે ? ત્યારે ભક્ત કહે જે, એ તો મુને ખબર નથી. ત્યારે મહારાજ કહે જે, તો તમે એકલા ક્યાં જશો અને ભુજ જવું એ તો બહુ કઠિન છે. વળી,

*ખારા સમુદરની છે ખાડી । તે તો ભુજ જાતા આવે આડી ॥*
*નથી સિદ્ધ જવા પગવાટ । તમને કહીએ છીએ તેહ માટ ॥*

ત્યારે ભૂલો ભગત કહે છે જે, હું એકલો નથી, મારા ભેળા શ્રીજી મહારાજ છે તે મને રસ્તો બતાવશે એટલે ભુજ જવું એ કંઈ કઠિન નથી. હું સુખેથી ભુજ પહોંચી જઈશ. આવી તેની હિંમત જોઈને ભગવાન રાજી થયા અને કહેવા લાગ્યા

જે, હે ભક્ત, મુને પણ ભુજ જવાનું છે. માટે ચાલો હું પણ તમારા ભેળો ચાલું છું. એમ કહીને મહારાજ પણ ચાલ્યા. ભેળા, રસ્તામાં ચાલતાં ભૂખ-તરસ લાગી ત્યારે મહારાજ એને પાણી પાતા આવે, ભૂખ લાગે ત્યારે સારી સુખડી જમવા માટે આપે. એમ કરતાં થોડા જ સમયમાં ભુજ પહોંચી આવ્યા અને કહે જે, હે ભગત, જુઓ આ આવ્યું ભુજ શહેર અને આ આવ્યું ગંગારામભાઈનું ઘર માટે હવે સુખેથી જાઓ અને હું પાછળથી આવીશ. એમ કહીને એ સ્વરૂપ અદશ્ય કરીને ગંગારામભાઈના ઘેર પાટ ઉપર આવીને બેસી ગયા. ત્યારે ભૂલે ભગતે દર્શન કર્યા અને મનમાં અતિશે આનંદ પામ્યો. પછી શ્રીજી મહારાજે પૂછ્યું જે, હે ભૂલા ભગત, જયશ્રી સ્વામિનારાયણ. ત્યારે તે ભક્તે પણ જય શ્રી સ્વામિનારાયણ કહ્યા. પછી મહારાજે પૂછ્યું જે, હે ભગત, તમો અતિ વૃદ્ધને અહીં કેવી રીતે પહોંચી આવ્યા. ત્યારે એ કહે જે, હે મહારાજ, એક બ્રાહ્મણ ભેળો હતો. તે વાટમાં અમને અન્નજળ આપતો થકો અમને અહીં મૂકી ગયો અને એ ગામમાં ગયો અને તેણે કહ્યું જે, હું પછીથી ભગવાનનાં દર્શન કરવા માટે આવીશ ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તે બ્રાહ્મણ બીજો કોઈ હતો નહીં, એ તો અમે જ હતા. એમ કહીને માર્ગનાં એંધાણ આપ્યાં ત્યારે એ ભૂલો ભગત કહેવા લાગ્યા જે, હેમહારાજ, તમારા વિના અમારી રક્ષા કોણ કરે ? આવી રીતે પરચો આપીને પોતાના ભોળા ભગતની શ્રીજી મહારાજે રક્ષા કરી. એવી રીતે ૨૮મો પરચો થયો.

---

### પરચો ૨૯મો

## ઝવેર ભક્તને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે વળી બીજી પણ એવી જ પરચાની વાત કહું છું તેને સર્વે સાંભળો. અતિ પવિત્ર સાભારમતિ નદીને કિનારે એક કોટેશ્વર નામે ગામ છે. તેની બાજુમાં જ સમીપે કોટેશ્વર મહાદેવનું મંદિર છે અને એ મહાદેવના નામ ઉપરથી એ ગામનું નામ પણ કોટેશ્વર કહેવાય છે. એ ગામમાં ઝવેર એવા નામનો શ્રી સ્વામિનારાયણનો આશ્રિત સત્સંગી હતો. તેને બાલપણથી જ સાચા સંતના સમાગમથી સત્સંગ થયેલો અને એને કુસંગ તો કડવો ઝેર થઈ ગયો અને તે પોતાના અંતરમાં સ્વામિનારાયણનો દઢ આશરો રાખીને ભગવાનનું ભજન



કરે અને એ આખાય ગામમાં એક જ ઘરમાં સત્સંગ, બાકી તો બધા આસૂરી સ્વભાવના માણસો હતા. એક વખત કેટલાક પાપી ભેળા થઈને તેને કહેવા લાગ્યા જે, અરે ઝવેરીઆ, તને આ મોટું પાપ લાગ્યું છે. જેથી એક બાપ મૂકીને તેં બીજો બાપ કર્યો છે. માટે તમો ખોટા છો અને તમારો સત્સંગ ખોટો અને તમારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ તે પણ ખોટા છે. જેથી તમો અમથા ફૂલાઈને અમારા ભગવાન સ્વામિનારાયણ સાચા છે, અમો તેના સત્સંગી સાચા છીએ અને તમો બધા કુસંગ ખોટા છો, આવી ખોટી ખોટી વાતો કહો છો. માટે એવી વાતો કરવી બંધ કરી દેજો અને જો તારા સ્વામિનારાયણ સાચા હોય અને તું એનો આશ્રિત સત્સંગી સાચો હો ? તો અમને કાંઈક પરચો આપો તો અમે તમને સાચા માનીએ. નહીં તો તમોએ ખોટા અને તમારા ભગવાન સ્વામિનારાયણ પણ ખોટા. ત્યારે ઝવેર ભક્ત કહે જે, અમારા ભગવાન સ્વામિનારાયણ જે માગશો તે પરચો આપશે, તો પણ તમોને નહીં મનાય, કારણ કે તમો સર્વે આસુરી સંપત્તિવાળા છો, છતાં પણ તમો જે માગશો તે પરચો ભગવાન આપશે. કેમ જે, અમારા ભગવાન પ્રગટ છે. માટે તમો પરચો માંગો ત્યારે તે વિમુખો કહે જે, તું આ શંકરના ડેરા ઉપર ચડીને નીચું પડતું મેલ્ય અને તારા શરીરમાં કાંઈ પણ વાગે નહીં તો તારા સ્વામિનારાયણ સાચા અને તું પણ ભગત સાચો. ત્યારેભોળો ભગત કહે જે, ભલે બહુ સારું, મારા ભગવાન સાચા છે અને હું પણ સાચો છું અને મને કાંઈ પણ નહીં થાય અને મારી રક્ષા મારો ભગવાન ચોક્કસ કરશેજ. એમ કહીને ભોળો બુદ્ધિ બાળ ભક્ત ચડ્યો શિખર ઉપર અને તે ઉપરથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહેતો કહેતો મેલ્યું પડતું. જ્યારે પૃથવી ઉપર શરીરને પડતું મેલ્યું ત્યારે સર્વેને જણાયું જે, આના શરીરના હાથ-પગ વગેરે ભાંગી પડશે, પણ ઝવેરને તો કાંઈ થયું નહીં. એકે વાળ પણ વાંકો ન થયો. કારણ કે તેની ભગવાને સહાય કરી. એમ શ્રીજી મહારાજે પોતાના ભક્ત બાળની પરચો આપીને રક્ષા કરી અને વિમુખ લોકો પાછા પડ્યા અને સત્સંગીઓનું બળ વૃદ્ધિને પામ્યું. એવી રીતે ૨૯મો પરચો થયો.

---

### પરચો ૩૦મો

## પ્રાણવલ્લભને આપેલો પરચો

વળી નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવો જ એક બીજો પરચો કહું છું તેને સાંભળો જે, અમદાવાદ શહેરમાં એક પ્રાણવલ્લભ એવે નામે બ્રાહ્મણ રહેતો હતો. તે બીજી બધી વાતો ખોટી માને અને એક સ્વામિનારાયણ સાચા છે એવો દૃઢ નિશ્ચયવાળો હતો. તે એક વખત નાસિકમાં ગોદાવરી કિનારે કુંભમેળો હતો. અમદાવાદથી પણ ઘણાક ભાવિકો કુંભસ્નાન કરવા માટે જતા હતા. એ સર્વેની સાથે પ્રાણવલ્લભ પણ ગોદાવરી પહોંચી ગયો. ત્યાં હજારો માણસોની ભીડ થયેલી હતી. તેમાં સ્વાભાવિક છે કે માણસો ઝાઝા ભેગા થાય ત્યાં ગંદકી પણ થાય અને અતિશે ગંદકીને કારણે મરકીનો રોગચાળો ફાટી નીકળ્યો. તેણે કરીને કેટલાય માણસો મરવા માંડ્યાં. એ રોગચાળામાં પ્રાણવલ્લભ પણ આવી ગયો અને એનું મૃત્યુ થયું. તે વખતે તેને ભગવાનનાં દર્શન થયાં અને ભગવાન કહે જે, પ્રાણવલ્લભ, ચાલો અમારા ધામમાં. ત્યારે પ્રાણવલ્લભ કહે જે, હે મહારાજ, મારે એક વાત કહેવાની ઈચ્છા થાય છે, માટે જો આપની આજ્ઞા હોય તો કહું. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તારે જે કહેવું હોય તે સુખેથી કહે. ત્યારે પ્રાણવલ્લભ કહે જે, હે મહારાજ, આ સર્વે માણસો બોલશે કે આ રોગચાળામાં કેટલાય માણસો મરે છે તેમ જ આ સ્વામિનારાણયનો સત્સંગી પ્રાણવલ્લભ પણ મરી ગયો. એના ભગવાન સ્વામિનારાયણ મોટા કહેવાય છે તો પણ તેની રક્ષા ન કરી. આમ ખોટી ખોટી વાતો કરશે. માટે મને એમને કહેવું હતું કે, હું તો આ રોગચાળામાં મુવો નથી. મારી તો આયુષ્ય પૂરી થઇ ગઇ હતી જેથી મને શ્રીજી મહારાજ તેડવા માટે આવેલા છે. એમની સાથે હું અક્ષરધામમાં ગયો છું. આટલી વાત કહેવી હતી. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તો તું તારા દેહમાં જઇને સર્વેને એ વાત કહી આવ્ય. પછી એ પ્રાણવલ્લભ જ્યારે પાછો આવ્યો ત્યારે તેના દેહને તો સ્મશાને લઇ ગયા હતા અને કાષ્ટમાં ખડકી દીધું હતું અને અગ્નિ લગાડવાની જ્યાં તૈયારી કરે છે ત્યાં તો શરીર સળવળ્યું. તે જોઇને સર્વે આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા જે, કેમ તું ક્યાં ગયો હતો ? અમને તો એમ થયું જે, તું દેહ મૂકી ગયો છે જેથી તારા શરીરને અગ્નિસંસ્કાર માટે આવેલા છીએ. ત્યારે તે દ્વિજ કહે જે, હું



અક્ષરધામમાં ગયો હતો, પણ કાંઇક કામ છે માટે પાછો આવેલો છું. તે શું? તો, આ તો કાળનો વેગ છે તેણે કરીને સ્ત્રી, પુરુષો, બાળકો, વૃદ્ધો સર્વે મૃત્યુ પામશે. માટે જો તમારે જીવતા રહેવું હોય તો સર્વે સ્વામિનારાયણનું ભજન કરો અને તેના આશ્રિત થાઓ તો જ જીવતા રહેશો. આટલું મારું વચન માનો. આટલી વાત કહેવાને માટે આવ્યો છું અને હવે બધા તાળી પાડીને ધુન્ય કરો, એમ કહીને પોતે પણ ધૂન્ય કરવા લાગ્યો અને શરીર છોડીને પાછો અક્ષરધામમાં ગયો. આ જોઇ સર્વે જનો આશ્ચર્ય પામી ગયા અને આ તો મોટો પરચો થયો એમ જાણીને સર્વે અતિ આનંદ પામ્યા અને કહેવા લાગ્યા જે,

*જુઓ સર્વે સત્સંગ માઇ । સદા સુખ દુઃખ નહીં કાંઇ ॥*
*નિત્ય સહાય કરે સહજાનંદ । જોઇ મગન રહે જનવૃંદ ॥*

એવી રીતે ૩૦મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૮, પરચો ૩૧મો

## જેતલપુરમાં દયારામને ભગવાને આપેલો પરચો

હવે નિષ્કુળાનંદ સ્વામી કહે જે, હું એક જેતલપુરની વાત કહું છું. જેતલપુરની વાત કહેતાં મને અતિ આનંદ થાય છે. એ જેતલપુર ગામ કાંઇ જેવું તેવું નથી.

*ધન્ય ધન્ય જેતલપુર ગામ । વાલે જેને કર્યું નિજ ધામ ॥*

સ્વામિનારાયણ ભગવાને જ્યાં પોતાનું નિવાસસ્થાન કરેલું એવું એ જેતલપુર ગામ છે. જેતલપુર ગામમાં કોઇ પાપી જીવ મરે તે પણ જમપુરીમાં ન જાય અને એ જેતલપુરના પરચા તો અપાર છે. વળી ત્યાં શ્રીજી મહારાજે મોટા મોટા યજ્ઞ કર્યા છે. જે યજ્ઞમાં આસૂરી સ્વભાવવાળા ભૂદેવોએ ઘી, ગોળ, સાકર, અન્ન, તેને ખૂટાળવા માટે ઘણા પ્રયત્નોકર્યા. આખી આખી રાતના ઉજાગરા કર્યા તો પણ તે ખૂટ્યું નહીં. તેમાં પણ ભગવાને અનંત પરચા આપ્યા છે. તે તો કાગળમાં લખવા માંડીએ તો તેનો પાર આવે નહીં. તો પણ એમાં અમુક પરચા લખું છું. એ જેતલપુર ગામમાં એક મોટા ભક્ત દયારામ એવા નામે બ્રાહ્મણ

હતા અને તે ભગવાનના સાચા એકાંતિક ભક્ત હતા. તે ભૂદેવ એક દિવસે સવારમાં એકાંત સ્થળે બેસીને શ્રીજી મહારાજની મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરતા હતા. એવે સમયે મનમાં એવો સંકલ્પ થયો જે, શ્રીજી મહારાજ અહીં આવ્યા. એને કેટલોય સમય વ્યતિત થઈ ગયો છે અને જ્યારે જેતલપુરમાં મહારાજ હોય ત્યારે મેં મહારાજ હોય ત્યારે મેં મહારાજને સુંદર થાળ કરીને જમાડ્યા નથી. વળી ઘણો સમય થઈ ગયો, મહારાજ પધાર્યા નથી, તો ક્યારે મારે ઘેર પધારશે અને મને દર્શન ક્યારે થશે ? આવી રીતનો સંકલ્પ પોતાના હૃદયમાં કરે છે ત્યાં તો બહાર ઘોડાનો અવાજ સંભળાયો. એટલે ઊઠીને જેવામાં પોતાના ઘરની ખડકી ખોલી ત્યાં તો મહારાજનાં દર્શન થયાં.

*આવ્યા પંખાળી ઘોડીએ ચડી । હૈયે હાર ને હાથમાં છડી ॥*

શ્રીજી મહારાજ પંખાળી ઘોડી ઉપર બિરાજમાન હતા. કંઠમાં સુંદર ફૂલોનો હાર પહેર્યો હતો અને હાથમાં નેતરની છડી હતી. દયારામ કહે જે, હે મહારાજ, પધારો, પધારો. અત્યારે જ મેં આપને સંભાર્યા ત્યાં તો ઘોડીનો અવાજ સાંભળ્યો. જ્યાં કમાડ ખોલ્યું ત્યાં આપનાં દર્શન થયાં. દયારામની સાચી ભાવના હતી તો ભગવાને પોતાનું દર્શન દીધું. પછી દયારામે મહારાજને ઘરમાં બોલાવ્યા. ઢોલિયો ઢાળીને તે ઉપર રેશમી ગાદલું બિછાવીને મહારાજને બિરાજમાન કર્યા અને ઘોડીને બાંધીને નીલું ઘાસ નીર્યું. પછી બે હાથ જોડીને કહેવા લાગ્યો જે, હે મહારાજ, આપની આજ્ઞા હોય તો આપને માટે થાળ તૈયાર કરું. ત્યારે મહારાજ કહે જે, ભલે બહુ સારું. તમો થાળબનાવો. ત્યારે દયારામ કહે જે, હે મહારાજ, પ્રથમ આ બાજુના જ ઘરમાં મારી બોન રહે છે તેને બોલાવું, એ પણ તમારા દર્શનને ઈચ્છે છે. તો એ પણ દર્શન કરે અને પછીહું આપને માટે થાળ બનાવીને આપને જમાડું. ત્યારે મહારાજ કહે જે, હે દયારામ, ઊભો રહે અને લે હું તને આ પ્રસાદીનો હાર આપું છું અને તું અમારી બહુ જાહેરાત કરીશ માં અને અમોને ઉતાવળ છે. માત્ર બે-ચાર ઘડીજ અહીં રહેવું છે અને અમારે ડભાણ ગામે એક હરિભક્તને તેડીને અક્ષરધામમાં મૂકવા જવું છે. આમ કહ્યું તો પણ એ સમજ્યો નહીં અનેપોતાની બહેનને ઘેર જઈને કહ્યું જે, હે બહેન, ચાલ મારે ઘેર, મહારાજ પધાર્યા છે. માટે દર્શન કરવા ચાલ.ત્યારે બહેન પણ ઉતાવડી ઉતાવડી ભાઈની



સાથે આવી ત્યાં તો પોતાને ઘેર કોઈ હતું નહીં. મહારાજ ન મળે અને પંખાળી ઘોડીએ ન મળે. મહારાજ જતા રહ્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, દયારામ બહેનને બોલાવવા ગયા તો મહારાજ જમ્યા વગર જતા રહ્યા. પછી દયારામે ગામમાં તપાસ કરી જે, મહારાજ કોને ઘેર પધાર્યા છે, પણ કોઈએ કહ્યું નહીં જે મહારાજ અમારે ઘેર છે. ગામમાં ઘણા માણસોને પૂછી વળ્યો ત્યારે સત્સંગી કહેવા લાગ્યા જે, જા, જા, તું તારે ઘેર જા અને મહારાજ તો હમણાં કચ્છમાં છે, તેમાં પણ તેરામાં વિરાજે છે. મહારાજ તો અહીં આવ્યા જ નથી. ત્યારે દયારામ કહે જે, ના રે ના, મહારાજ આવ્યા હતા, પણ હું બહેનને દર્શન કરવા માટે બોલાવવા ગયો અને મહારાજે મને જમ્યાની હા કહી અને જતા રહ્યા અને જુવો ને પોતાના કંઠમાં પહેરેલો તાજો હાર તે મને દયા કરી પહેરાવ્યો છે. ત્યારે સત્સંગી કહે જે,

*કહે સતસંગી ધન્ય ધન્ય । થયું અલૌકિક તને દર્શન ॥*
*આપ્યો પ્રભુએ પરચો આજ । ધન્ય ભાગ્ય તારા દ્વિજ રાજ ॥*

એવી રીતે ૩૧મો પરચો થયો.

---

## પરચો ૩૨મો

# જેતલપુરમાં એક ભક્તને પરચો આપ્યો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ જેતલપુરમાં એક હરિભક્તને પરચો આપ્યો છે તે કહું છું.

*વળી એહ ગામમાં એક । આપ્યો પરચો કહું કરી વિવેક ॥*
*એક દ્વિજ ભક્ત છે નિષ્કામ । જાણજો તેનું ોયતો નામ ॥*
*તેનો દેહનો આવિયો અંત । આવ્યા માસ મોરે ભગવંત ॥*

સ્વામી કહે છે જે, વળી એ જેતલપુરમાં એક બ્રાહ્મણ ભક્ત હતો. તેનું નામ હતું જોયતો. તેનો જ્યારે અંતકાળ વખત આવ્યો ત્યારે એક મહિના પહેલાં શ્રીજી મહારાજ પોતે દર્શન દઈને કહી ગયા કે, અમો એક માસ પછી તુને તેડવા માટે આવીશું. ત્યારે તે જોયતો કહે જે, હે પ્રભુ, તમોએ મને અલૌકિક દર્શન દીધાં માટે મારાં ધન્ય ભાગ્ય કહેવાય, પણ હે મહારાજ, હું રસોઈ કરું અને મારા ઉપર

દયા કરીને આપ ભોજન કરો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, સારું તું રસોઇ કર્ય, આજે અમો તારે હાથે જમીશું. પછી જોયતે સારી રસોઇ કરીને અતિ ભાવે મહારાજને જમાડ્યા. પછી જળપાન કરાવીને સુંદર મુખવાસ આપ્યો તે પણ મહારાજ જમ્યા. પછી સુંદર આસન ઉપર મહારાજને વિરાજમાન કર્યા અને પછી જોયતો મહારાજનીપાસેબે હાથ જોડીને બેઠો ત્યારે મહારાજ કહે જે, તારા દેહની આયુષ પૂરી થવા આવી છે તેને એક મહિનો આડો છે. એકમહિને તારા શરીરનો નાશ થશે. તે તું નાવા સારું કૂવા પ્રત્યે જઇશ, ત્યાં તારો પગ લપસવાથી તું કૂવામાં પડીશ અને તેમાં તને કાંઇક વાગશે અને તારું શરીર પડશે. આ મારું વચન સાચું માનજે. અને તું કોઇ પ્રકારની ચિંતા કરીશ માં. અમો તને તે સમે તેડવા આવીશું અને તારી સહાય કરીશું અને તું આનંદમાં રહેજે અને અમારું ભજન કરજે અને આ વાત છે તે તું કોઈપણ હરિભક્ત હોય તેમાં એકને કહેજે પણ ઝાઝાને ન કહેજે. પછી એ ભક્તે બે હાથ જોડીને વિનંતીપૂર્વક કહ્યું જે, હે મહારાજ, મારી બોન છે તે સત્સંગી સારી છે અને તે હંમેશાં તમારા દર્શનને ઇચ્છે છે. તે બિચારીને દયા કરીને જો આપ દર્શન આપો તો તેડી લાવું. એમ કહી તે ભક્ત બોનને બોલાવવા માટે ગયો અને પાછળથી મહારાજ જતા રહ્યા. ત્યારે બહેન કહે જે, હે ભાઇ, મહારાજ ક્યાં છે ? ત્યારે તે જોયતો કહે જે, હે બહેન હું તને બોલાવવા આવ્યો અને પાછળથીમહારાજ જતા રીયા. જો મહારાજને મેં રસોઇ કરીને જમાડ્યા, તે પ્રસાદીનું પતરાવલું આ રહ્યું જો. ત્યારે બંને જણા પશ્ચાતાપ કરવા લાગ્યાં જે, મહારાજ રહ્યા કેમ નહીં ? પછી જોયતે પોતાની બહેનને કહ્યું જે, મહારાજ તો મારા માટે આવ્યા હતા. તે મને કહી ગયા છે કે, તું કૂવે નાવા જઇશ અને તું કૂવામાં પડી જઇશ અને કૂવામાં તુને વાગશે અને તારો દેહ પડશે અને અમો તુને તેડવા માટે આવીશું અને આ વાત તું ઝાઝાની આગળ મ કહેજે, પણ એક હરિભક્તની આગળ કહેજે અને એક માસ પછી હું આવીશ. આ વાત તારા મનમાં સમજી રાખજે. પછી જ્યારે એક મહિનો પૂરો થયો ત્યારે તે જોયતો કૂવે નાવા ગયો અને અચાનક કૂવામાં પડી ગયો અને દેહ છોડી દીધો અને તેને શ્રીજી મહારાજ તેડવા માટે આવ્યા તે જોયતાને તો દર્શન થયાં પણ બીજા કેટલાક જનોને પણ શ્રીજી મહારાજનાં દર્શન થયાં અને ભગવાન પોતાના ભક્ત જોઈતાને પરચો આપીને પોતાના અક્ષરધામમાં તેડી ગયા.



એહ પ્રતાપ નાથનો જોઇ । જન મગન થયા સહુ કોઇ ॥

(વળી નિષ્કુળાનંદ સ્વામી કહે છે)

*એક વારતા કહું વખાણી । લેજ્યો સામર્થિ નાથની જાણી ॥*
*મહી તીરે છે ગામ ચમારા । તેમાં ભક્ત સુથાર છે સારા ॥*
*નામ ધાળજી ભક્ત ભણિયે । સાચો ભક્ત સ્વામીનો ગણિયે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક એવી જ પરચાની વાત કહું છું તેને તમો સાંભળો. મહી નદીને કિનારે એક ચમારા નામે ગામ છે. તેમાં એક સુથાર ભક્ત હતા. એનું નામ ધાળજી હતું. એનું અતિ નિર્મળ ચિત્ત હતું અને તેને ભગવાન શ્રી સહજાનંદ સ્વામીમાં જ દૃઢ પ્રીતિ. એવા ભક્તના દેહનો અંત સમો આવ્યો ત્યારે ગામના સર્વે માણસો દર્શન કરવા માટે આવ્યા. ત્યારે ધાળજી ભગવાનનાં અને સર્વે સંતોનાં દર્શન કરવા લાગ્યો અને અતિશે રાજી થયો અને સર્વેને કહેવા લાગ્યો જે, અરે ભાઇઓ, બેઠા છો શું ? આ મહારાજ અને સંતો પધાર્યા છે તેનાં દર્શન કરો, અને ભગવાન અને સંતોની સેવા કરો અને મહારાજ અને સંતોને માટે રસોઇની તૈયારી કરો અને એની સાથે ઘોડાં છે તેને નીલું ઘાસ આપો. કારણ કે આજે આપણે ઘેર દયા કરીને ભગવાન અને સંતો પધાર્યા છે. એમકહીને પોતે તત્કાળ ઊઠ્યો અને ભગવાનનાં અને સંતો સર્વેનાં દર્શન કરવા લાગ્યો ત્યારે સર્વે ઘરના માણસો તે જોઈ જ રહ્યાં. કારણ કે તેને ભગવાન અને સંતનાં દર્શન થતાં ન હતાં, પણ એક ધાળજી જ દેખતો હતો. ત્યારે ગામના સર્વે મનુષયો કહેવા લાગ્યાં જે, આ તમારે ઘેર મહારાજ આવ્યા ત્યાં સુધી અમો સર્વેએ દીઠા. માટે આ ધાળજી કહે છે તે વાત સાચી છે. પછી ધાળજી કહેવા લાગ્યો જે, આ મહારાજ અને સર્વે સંત મને તેડવા માટે આવ્યા છે. માટે હું આ પંચભૌતિક શરીરનો ત્યાગ કરીને મહારાજ ભેળો ધામમાં જાઉં છું. માટે સર્વે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન્ય બોલો. એમ કહીને પોતે પણ ધૂન્ય કરવા લાગ્યો અને સર્વેને જોતાં તેનો દેહ પડી ગયો અને શરીરને છોડીને ધાળજી ગયો ભગવાનના ધામમાં. તેને જોઇને સર્વે મનુષ્યો અતિ આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા કે, ભગવાનની સામર્થી અપાર છે માટે એ ભગવાનને ધન્ય છે અને સંતોને પણ ધન્ય છે.

*સાચા તમે સાચો સત્સંગ । પાપી જીવ નહીં કરે પ્રસંગ ॥*
*આવી રીતે ક્યાંથી છૂટે દેહ । મોટા મુનિને દુર્લભ એહ ॥*

એવી રીતે ૩૨મો પરચો થયો.

---

### પરચો ૩૩મો

## ચમારા ગામમાં એક બાઈને પરચો આપ્યો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ જ ચમારા ગામમાં ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીનાં આશ્રિત સત્સંગી એક કણબી બાઈ હતી. એનું કુળશબાઈ નામ હતું. એને ઘણાં દિવસો થયાં શ્રીજી મહારાજનાં દર્શન નહીં થવાથી હૃદયમાં અતિશે અકળાવા લાગ્યાં. પછી કેટલાક મનુષ્યોનો સંઘ લઈને મહારાજનાં દર્શન કરવા માટે થયાં ચાલતાં. રસ્તામાં રાત્રિ પડી અને ગામ ડભાસે આવીને રાત્રિ રહ્યાં, પણ ભગવાનના દર્શનની અતિશે ઉત્કંઠા જાગી. તેણે કરીને અંતરે અતિશે દુઃખી થઈ ગયાં. જેમ જળ વિનાનું માછલું તરફડે એમ દુઃખી થઈ ગયાં. તેણે કરીને તેના હાથ-પગની નાડી ઘર મૂકી ગઈ અને દેહ પડવાની તૈયારી થઈ ત્યારે શ્રીજી મહારાજે જાણ્યું જે અતિ વિયોગે કરીને શરીરને છોડી દેશે એવો વિચાર કરીને તેની રક્ષા કરવા માટે પધાર્યા. સુંદર જેની મૂર્તિ છે એવા ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી અચાનક આવીને હસતાં હસતાં કહેવા લાગ્યા જે, હે કુશળબાઈ, તમો જાગો અને અમારાં દર્શન કરો, અમો દયા કરીને તમોને દર્શન દેવા માટે આવ્યા છીએ માટે જાગો જાગો. ત્યારે તે કુશળબાઈ જાગ્યાં અને પોતાનેસમીપે આવીને ઊભેલા શ્રીજી મહારાજને જોઈને દર્શન કર્યાં અને પંચાંગ પ્રણામ કર્યાં અને બે હાથ જોડીને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યાં જે, ધન્ય છે પ્રભુ તમે મને દયા કરીને દર્શન દીધાં. ત્યારે શ્રીજી મહારાજ કહેવા લાગ્યા જે, અમને એમ થયું જે કુશળબાઈ વિયોગે કરીને શરીરને છોડી દેશે. માટે અમો તમોને દર્શન દેવા સારું ઉતાવળા ઉતાવળા આવ્યા. હવે અમોપાછા જઈશું અને તમો ધીરે ધીરે આવજો. એમ કહીને શ્રીજી મહારાજે પોતાના કંઠમાંથી ઉતારીને સુખડની માળા અને ઝીણા પારાવાળી સુખડની કંઠી આપી. એટલું કામ કરીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી એ બાઈએ આવા પરચાની વાત પોતાની સાથે રહેલા સંઘના માણસો તેની



આગળ કહી અને શ્રીજી મહારાજે આપેલી માળા અને કંઠી તે સર્વેને દેખાડી ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્ય પામીધન્ય ધન્ય કહેવા લાગ્યાં. આવો અલૌકિક પરચો આપીને શ્રીજી મહારાજે તે બાઈની રક્ષા કરી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, જે માળા મહારાજે એ બાઈને આપી હતી તે માળા એ બાઈએ સંતને દાનમાં આપી. એ માળા સંત હજી ફેરવે છે અને તે માળા સ્વામી કહે છે કે, મેં નજરે દીઠી છે. આવી રીતનો આ સુંદર પરચો નિષ્કુળાનંદ સ્વામીએ લખેલો છે. એ વી રીતે ૩૩મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૩૯, પરચો ૩૪મો

## નાગદાન સોનીની રક્ષા કરી

વળી નિષ્કુળાનંદ સ્વામી કહે જે જે,

*આશ્ચર્ય વાત છે અતિ ઘણી । કહેતાં આવે અતિ આનંદ ॥*
*ભક્તની ભીડ્ય ભાંગવા । છે સમર્થ સહજાનંદ ॥*
*જળે સ્થળે જ્વાળા થકી । જે કરી જનનીજતન ॥*
*ભાખું તે હવે ભાવશું । સહુ સાંભળજો દઈ મન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, હવે હું એક આશ્ચર્યકારક વાત કહું છું. જે, વાત કહેવા સાંભળવામાં અતિ આનંદ આવે છે જે, વાત સાંભળતાં કળીયુગના પાપ સર્વે નાશ પામી જાય અને જો દરદી માણસ આ વાતને સાંભળે તો તેની શ્રીજી મહારાજ સહાય કરે અને તેનું દર્દ સર્વે નાશ પામી જાય. એક સુંદર ગામ છે. તે ગામનું નામ છે રાજુલુ. તેમાં એક સોની ભક્ત રહેતા હતા અને તેનું નામ છે નાગદાન. અને તેને એક શ્રીજી મહારાજનો જ આધાર. તે સિવાય બીજા કોઈની એને ગણના નહીં. તે નાગદાન સોનીનો કામધંધો બરોબર જામતો નહીં હોવાને કારણે પરદેશમાં જવાનું મન થયું. પરદેશમાંથી માલ લાવીને આપણા દેશમાં વેચીએ તો સારી કમાણી થાય. આવા વિચારથી વહાણમાં બેસીને વિદેશ ગયો. ત્યાંથી જે કાંઈ સોના-ચાંદી વગેરે માલ લઈ કામ પતાવીને વહાણમાં બેસીને પાછો દેશમાં આવતો હતો. તે જળમાં તરવું કે કાંઈ જાણતો નહીં. તાર આવડે

નહીં અને પોતાના ચંચળ સ્વભાવને કારણે વહાણને કાંઠે બેઠો અને વહાણ તો સમુદ્રના જળમાં ચાલ્યું જાય છે અને એ નાગદાન તો આમતેમ આડુંઅવળું જોતાં જોતાં પડ્યો દરિયામાં અને માંડ્યો ડૂબવા. જીવવાનો કોઇ ઉપાય જાણે નહીં અને અતિ દુઃખ પડ્યું ત્યારે પોતાને જીવવાની આશા ન રહી અને જાણ્યું જે હવે તો ભગવાન સિવાય કોઈ રક્ષા કરે એમ નથી એમ વિચારીને શ્રીજી મહારાજને સંભાર્યા જે, હે મહારાજ, હવે મને કોઇ પ્રકારની મનમાં ઈચ્છા નથી માટે વહેલા પધારો અને આપનાં દર્શન આપો અને આ શરીરને તજાવીને તમારા અક્ષરધામમાં લઈ જાઓ. સ્વામી કહે છે જે, આવી રીતે જ્યારે નાગદાને ભગવાનને સંભાર્યા એટલે દયાળુ ભગવાને આવીડે બૂડતા ભક્તની પીઠ નીચે પોતાનો હાથ રાખીને કર્યો ઊંચો અને કહેવા લાગ્યા જે, હે નાગદાન, તું ભય રાખીશ નહીં અને તું આ સમુદ્રમાં બૂડીશ નહીં. ત્યાં તો મહારાજની પ્રેરણાથી ખેવટીયાઓએ જાણ્યું જે, અરે ભાઈઓ, આપણે આ શું કર્યું. એક પુરુષ દરિયામાં પડી ગયેલો દેખાય છે તેની આપણને કાંઇ ખબર ન રહી. માટે આપણું વહાણ પાછું વાળો અને જો જીવતો હોય તો વહાણમાં લઇ લઇએ. એમ વિચારીને ખેવટીયાઓએ વહાણ વાળ્યું પાછું અને જોયું તો તેને જીવતો જાણીને લઇને વહાણમાં બેસાડ્યો પછી ખેવટીયા પૂછવા લાગ્યા જે, તારું શરીર આ ભયંકર દરિયામાં કેમ રહ્યું અને જળથી અદ્ધર દેખાતું હતું તેનું શું કારણ ? ત્યારે તે સોની કહે જે, હું પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત સત્સંગી છું. હું અચાનક દરિયામાં પડી ગયો અને બૂડવા લાગ્યો. મને તરતાં આવડતું નથી જેથી મેં ભગવાનને સંભાર્યા, એટલે ભગવાને મારી સહાય કરી મારી પીઠ નીચે પોતાના હાથ મૂકીને મને કર્યો ઊંચો. ત્યાં તો તમોને હું આ દરિયામાં દેખાયો અને તમોએ વહાણ પાછું વાળીને આવીને તમોએ મને વહાણમાં લઈ લીધો. ત્યારે ખેવટીયાઓ કહેજે, આ તો ખરેખર તારા ભગવાનેજ તારી રક્ષા કરી છે. માટે તારા ભગવાન સાચા અને તું સત્સંગી પણ સાચો. માટે તારા ભગવાને જ તુને જીવતો રાખ્યો. માટે એ તારા ભગવાન અમોને મેળવ્ય એ અમો તારી પાસે માગીએ છીએ. પછી કિનારે આવીને પોતાને ઘેર ગયો અને પછી નાવિકોને સાથે લઇને ગઢપુરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પાસેજઇને નાવિકોને ભગવાનની ઓળખાણ કરાવીને કહ્યું જે,જેણે ભરસમુદ્રમાં મારી રક્ષા કરી તે જ આ અમારા ભગવાન છે. પછી



નાવિકોએ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરીને પોતાના અંતરમાં શાંતિને પામ્યા અને ભગવાનના આશ્રિત સત્સંગી થયા અને પ્રાર્થના કરવા લાગ્યા જે,હે પ્રભુ, અમારો ધંધો હંમેશા સમુદ્રમાં જ હોય છે. માટે અમારી તમો દયા કરીને રક્ષા કરજો. એમ કહીને પોતાને ઘેર ગયા અને ભગવાનનું ભજન કરીને દેહને અંતે ભગવાનના ધામને પામ્યા. નિષ્કુળાનંદ મુનિ કહે છે જે, આવી રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભક્ત નાગદાન સોનીને પરચો આપીને ખારા સમુદ્રમાં રક્ષા કરી. એવી રીતે ૩૪ મો પરચો થયો.

---

### *પરચો ૩૫ મો*

## *નાગદાન સોનીના દીકરાની રક્ષા કરી*

વળી નિષ્કુળાનંદ સ્વામી એવી જ ચમત્કારી એક બીજી નાગદાન સોનીના દીકરાની વાત કહે છે. ભગવાનના ભક્તોએ કોઈની સાથે ધર્મ કે પોતાના ઈષ્ટદેવની બાબતમાં વાદ-વિવાદમાં નહીં પડવાનું. કારણ કે વાદ-વિવાદ એવો છે કે પરસ્પર વિખવાદ ઊભો કરે અને પરસ્પર ઝઘડાને રસ્તે લઇ જાય. માટે કોઇની સાથે વાદ-વિવાદમાં ઊતરવું નહીં જે, મારા ઈષ્ટદેવ મોટા છે, તારા ઈષ્ટદેવ નાના છે, તારો ધર્મ ખોટો છે, મારો ધર્મ સાચો છે. આવા વાદ-વિવાદમાં સુખ નહીં અને ભજનમાં પણ શાંતિ નહીં. કારણ કે સૌને પોતાના જ ઈષ્ટદેવ પ્રત્યે શ્રદ્ધા હોય અને પોતાના ધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા હોય એ હકીકત છે અને જો વાદ-વિવાદમાં પડીએ તો આપણે પોતે જ આપણા ઈષ્ટદેવની નિંદા કરાવી કહેવાય. અહીં વાત એવી છે કે નાગદાન સોનીનો દીકરો ભગો અને એક વોરાજી, આ બંને જુવાન હતા. એક વખત બંને વાદ-વિવાદમાં ઊતરી પડ્યા. ભગો કહે જે, તારા અલ્લાહથી તો મારા સ્વામિનારાયણ મોટા છે. ત્યારે વોરાજી કહે જે, એ ભગલા,

*સ્વામિનારાયણ તારા ખોટા । મારા અલ્લાથી એ નહીં મોટા ॥*

મારા અલ્લા જ મોટા છે અને તારા સ્વામિનારાયણ તો નાના. એમાં આ વોરાજી અને ભગો બંને જુવાનિયા એટલે આવો વાદ વિવાદ થાય એ સંભવ છે અને એમાંથી પછી વિખવાદ થાય. ભગો કહે તારી વાત ખોટી છે, મારી વાત સાચી છે. ત્યારે વોરાજી કહે છે જે, આમ ચાલે નહીં અમે અમથા વાદ-વિવાદમાં

કાંઇ વરે નહીં, પણ જ્યારે એની ખાતરી કરીએ ત્યારે નક્કી થાય જે, કોણ મોટા છે ? અને કોણ નાના છે ? ત્યારે ભગો કહે જે, બહું સારું. તું કહે તે કરીએ. ત્યારે વોરો કહે જે, જો, આ સામે મોટું અને ઊંચું મકાન દેખાય છે તે ઉપર બંને જણા ચડીએ અને તે ઉપરથી નીચે શરીરને પડતું મૂકીએ અને મને કંઇ પણ વાગે નહિ તો હું તને વટલાવીને વોરો બનાવીને મારા અલ્લાનું ભજન કરાવું. ત્યારે ભગો કહે જે, બહુ સારું, પણ જો તુને વાગે અને મારે શરીરે કાંઇ પણ ન વાગે તો તારે પણ કંઠી બાંધીને સ્વામિનારાયણનું ભજન કરવું જોઇશે. એ વાતનું નક્કી રાખવું પડશે. ત્યારે વોરાજી કહે જે, ભલે એ વાત આપણે કબૂલ છે. કારણ કે બંનેને પોતપોતાના ઈષ્ટદેવ પ્રત્યે નિષ્ઠા પાકી હતી જેથી બંનેના મનમાં નક્કી હતું જે મારા ઈષ્ટદેવ મોટા છે જેથી મારી રક્ષા કરશે. એટલે આવો ઠરાવ પાકો કરીને બંને જણા અતિ ઊંચા મકાન ઉપર ચડ્યા અને ત્યાંથી પ્રથમ વોરાજીએ પોતાનું શરીર પડતું મૂક્યું. પડતાની સાથે,

*ભાંગ્યા હાથ પગ વળી હૈયું । મોઢું ભાંગી લોહીલુહાણ થયું ॥*

વોરાજીના હાથ ભાંગી ગયા, પગ ભાંગી પડ્યા અને મોઢું-માથું સર્વે ભગીને લોહીલુહાણ થઇ ગયું અને ભગાને તો કાંઇયે ન થયું. ભગવાને એની રક્ષા કરી અને

*વોરો હાય હાય કરે રહ્યો । ભગા તું તો સાચો ભાઈ થયો ॥*
*આવ્યા ગામના લોક સાંભળી । કહે માંહો માહીં એમ મળી ॥*
*ભાઈ ભગો જીત્યો હોડ આજે । રાખ્યો એને સ્વામી મહારાજે ॥*
*આપ્યો પરચો એને ભગવાને । હસે મૂરખ તે નહીં માને ॥*

એવી રીતે ૩૫મો પરચો થયો.

---

### પરચો ૩૬મો

## રાજાભાઈને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવી જ પરચાની વાત કહું છું તેને સર્વે સાંભળો. ભાવનગરમાં ક્ષત્રિય એવા રાજોભાઇ હતા. તે શ્રીજી મહારાજના



પાકા સત્સંગી હતા. તે પાસે તેને ઘેર રૂપોભાઇ હરિભક્ત આવેલા. તે બંનેજણા ઘડીવાર ભેગા બેસીને ભગવાનની વાતો કરતા હતા તેવામાં રાજાભાઇને અચાનક અંતરવૃત્તિ થઈ. તેમાં એને શ્વેત દ્વિપ ધામ જોવામાં આવ્યું અને તે અતિ તેજોમય ધામમાં શ્રીજી મહારાજની મૂર્તિ જોવામાં આવી. વળી ઝીણાભાઇને પણ ત્યાં દીઠા. બીજા પણ અતિ તેજોમય જેનાં દિવ્ય શરીરો છે એવા અનંત મુક્તોને દીઠા. તે અતિશે તેજને જોઇને રાજોભાઇ અતિશે આનંદ પામી ગયા. પછી શ્રીજી મહારાજ રાજાભાઇને કહે જે, હે રાજાભાઇ, હવે તમો પાછા દેહમાં જાઓ, ત્યારે રાજોભાઇ કહે જે, હે મહારાજ, આવું અલૌકિક સુખ મૂકીને હું પાછો દેહમાં નહીં જાઉં. ત્યારેમહારાજ કહે જે, હે રાજાભાઇ, અહીં રહેવાય નહીં માટે પાછા દેહમાં જાઓ. ત્યારે રાજોભાઈ કહે જે, હેમહારાજ,મારે તો દેહમાં જવાની ઇચ્છા નથી. છતાં જો આપની આજ્ઞા હોય તો આ ઝીણાભાઇની સાથે જઇશ. ત્યારે શ્રીજી મહારાજ કહે છે જે, એ ઝીણોભાઇ તો શરીરને મૂકીને અહીંયા આવ્યા છે અને અમોતેને તેડી લાવ્યા છીએ માટે એ તો નહીં ચાલે. માટે તમો પાછા દેહમાં જાઓ. પછી રાજોભાઇ પોતાના દેહમાં આવ્યા અને પોતે જે શ્વેત દ્વિપ ધામમાં આશ્ચર્ય જોયું હતું તે વાત સર્વેની આગળ કહી અને ઝીણાભાઇ પણ પોતાના શરીરનો ત્યાગ કરીને ધામમાં ગયા છે તે વાત પણ કહી ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા. ત્યાર પછી બે-ચાર દિવસો વિત્યા બાદ ખબર પડી જે, ઝીણોભાઇ દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા છે તે વાત સાચી થઈ. આવો અલૌકિક ચમત્કાર ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ રાજાભાઇને દેખાડ્યો. એવી રીતે ૩૬ મો પરચો થયો.

---

### પરચો ૩૭ મો

## ભક્ત પૂંજાભાઈને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી જ એક આશ્ચર્યકારક બીજી વાત કહું છું તેને સર્વે સાંભળો.

*એક પાણવી નામે છે ગામ । ક્ષત્રી ભક્ત પૂંજોભાઈ નામ ॥*

એક પાણવી નામે કરીને ગામ છે. તેમાં એક ક્ષત્રિય પૂંજોભાઇ નામે

ભક્ત હતા. તેને અંતરમાં એવું નક્કી કર્યું, જો પ્રગટ ભગવાન મળે તો જ આ શરીરને રાખવું અને જો પ્રગટ ભગવાન નહીં મળે તો આ શરીરને પણ પાડી નાખવું. કારણ કે જો આ દેવોને પણ દુર્લભ એવા શરીરે કરીને જો ભગવાનની પ્રાપ્તિ ન થાય તો એવા શરીરનું પાલન-પોષણ કરવાની કોઈ જરૂર નથી. આવો વિચાર કરીને સમુદ્ર સમીપમાં જ છે અને તેમાં મહાદેવ છે તે જ્યાં સમુદ્રમાં વિર આવે ત્યારે એ શિવલિંગ પાણીમાં ઢંકાઈ જાય અને જ્યારે ભરતી વળે ત્યારે ત્યાં જવાય અને મહાદેવની સેવા પૂજા થાય, પણ એ મહાદેવ કાંઈ કિનારે જ નથી, પણ એ મહાદેવ સમુદ્રની અંદર એક ગાઉ દૂર છે. ત્યારે એક ગાઉ અંદર ચાલીનેજવાય ત્યારે મહાદેવની પૂજા થાય. પછી પૂંજા ભક્ત પણ અંદર ગયા. ત્યાં તો ભરતી ચડી ત્યારે પૂંજાભાઈએ શિવલિંગને બાથ ભરાવી પણ પાણીના અતિ વેગથી બાથ છૂટી ગઈ અને ઠેલીને એક ગાઉ દૂર સમુદ્રથી બહાર ઠેલી નાખ્યો. ત્યારે અંતરમાં વિચાર કર્યો જે, મારું મોત કેમ થયું નહીં. આ તો અતિ આશ્ચર્ય કહેવાય. ગમે તેવો બળવાન હોય તો પણ આ સમુદ્રમાં વિરના જોરથી કોઈ જીવતો જ ન રહે અને મારું મોત થયું નહીં તેનું શું કારણ ? માટે હવે તો મારે જરૂર મરવું જ છે. એમ વિચારીને જ્યારે સમુદ્ર ભણી ચાલ્યો ત્યારે આકાશવાણી થઈ જે, અલ્યા, પૂંજા, તું અમથો મરે છે શા માટે? તું તારે ઘેર પાછો જા અને તારે ઘેર તુને ભગવાન મળશે અને અત્યારે પ્રગટ ભગવાન સહજાનંદ સ્વામી છે તે જ સર્વોપરી ભગવાન છે અને એના જ સંત તારે ગામ આવ્યા છે. તેને શરણે જઈને નિયમ ધરાવીને સત્સંગી થાજે અને તુને ભગવાન પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ભેટો કરાવશે, માટે તું ઘરે જા. આવી રીતની આકાશવાણી સાંપળીને પૂંજો પાછો ઘેર આવ્યો. ત્યાં આવેલા સંતને દીઠા ત્યારે તેને પગે લાગ્યો અને કહેવા લાગ્યો જે, હે સંતો આજથી હું તમારે શરણે છું. કારણ કે તમોને પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા છે અને તેના તમે સંત છો. ત્યારે સંતોએ પૂછ્યું જે, તમોએ અમને શી રીતે ઓળખ્યા ? ત્યારે તેણે આકાશવાણીએ કહેલી સર્વે હકીકત કહી સંભળાવી. ત્યારે સંતો પણ અતિ આશ્ચર્ય પામ્યા અને તેને વર્તમાન ધરાવી કંઠી બાંધીને પછી પ્રત્યક્ષ ભગવાનના મહિમાની વાતો કરીને પાકો નિશ્ચય કરાવીને પછી ત્યાંથી પૂંજાજીને સાથે લઈને ચાલ્યા. તે ગઢપુરમાં વિરાજમાન એવા પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણને મળ્યા અને ભગવાનને



પગે લાગ્યા. ત્યારે ભગવાને તેના માથા ઉપર હાથ મૂકીને પૂછ્યું જે, આવો આવો પૂંજાજી, અને કેમ તમો દરિયામાં મરવા માટે ગયા હતા ? ત્યારે તેણે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. સ્વામી કહે જે, જ્યારે શ્રીજી મહારાજે માથા ઉપર હાથ મૂક્યો ત્યારે હૃદયમાં માયાનું આવરણ દૂર થઈ ગયું અને અંતરમાં સદાય આનંદ આનંદ વર્તવા લાગ્યો. અખંડ ભગવાનનું ભજન કરવા માંડ્યા અને અંતે ભગવાનના ધામને પામ્યા. એવી રીતે ૩૭મો પરચો થયો.

---

### પ્રકરણ : ૪૦ મું, પરચો ૩૮મો

## નારદીપુરમાં તિતા ભક્તને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*સામર્થી શ્રી મહારાજની । વાત સાંભળીને સહુ જન ॥*
*સુંદર પરચા સાંભળ્યા । જે પૂર્યા શ્રી ભગવાન ॥*
*ડંઢાવ્ય દેશમાં નાર્દિપુરે । દ્વિજ તિતારામ નામ ॥*
*ભક્ત એક મહારાજનો । બીજું વિમુખ સઘળું ગામ ॥*

ઉત્તર ગુજરાતમાં ડંઢાવ્ય દેશમાં એક નાર્દિપુર એવા નામનું ગામ છે. તેમાં તિતારામ નામના એક જ બ્રાહ્મણ ભક્ત રહેતા હતા. તે એક જ સત્સંગી હતા. બીજું તો આખુંય ગામ ભગવાનથી વિમુખ હતું. એક સમયે તિતા મહારાજને ઘેર અચાનક શ્રીજી મહારાજ પધાર્યા ત્યારે તિતા મહારાજે શ્રીજી મહારાજનું સન્માન કર્યું. સુંદર ઝારી વડે શ્રીજી મહારાજના ચરણ ધોયા. પછી તે પ્રસાદીનું જળ ગંગાજીથી પણ અતિ ઉત્તમ જાણીને પોતે પીધું, ઘરમાં છાંટ્યું. પછી મહારાજને પોતાની શક્તિ પ્રમાણે થાળ કરીને જમાડ્યા. પછી શ્રીજી મહારાજે પૂછ્યું કે, હે ભૂદેવ ! તમારા નિર્વાહનું કેમ કરો છો ? ત્યારે તિતા મહારાજ કહે કે, હે મહારાજ, યજમાનોને ઘેરથી નારાયણ હરે કરીને લોટ લાવું છું. ત્યારે મહારાજ કહે જે, હવે તો તમારી ઉંમર થઈ. ભિક્ષા માટે જવામાં તમોને તકલીફ પડતી હશે ? ત્યારે કહે જે, હે મહારાજ, તકલીફ તો પડે પણ શું થાય. પાંચ-સાત ઘરે જઈને લોટ લાવું છું અને એમાં મને સંતોષ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, જ્યારે શ્રીજી મહારાજ

તિતા મહારાજને ઘેર વિરાજમાન હતા ત્યારે આજુબાજુના ઘેરથી કેટલાક પટેલો આવ્યા ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું જે, આ બધા તમો કોણ છો ? ત્યારે તે સહુ કહે જે, અમો સર્વે પટેલો છીએ અને આ તિતા મહારાજ અમારા ગોર છે. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, આ તમારા ગોરની અવસ્થા થઈ છે માટે એની ખબર તમો બરાબર નથી રાખતા અને આ વૃદ્ધ અવસ્થાએ ભિક્ષા મંગાવો છો એ બરોબર ન કહેવાય. માટે એને સીધું એના ઘેર પહોંચાડીદેતા હો તો સારું કહેવાય. ત્યારે પટેલોએ સ્વામિનારાયણ કહે છે તે વાત સાચી છેએમ જાણીને સર્વે યજમાનોએ તેને ઘેર વારાફરતી એક એક મહિનાનું સિધું વિગેરે પહોંચાડી દેવાનું નક્કી કર્યું. શ્રીજી મહારાજ તો ત્યાંથી બીજે જતા રહ્યા પછી સર્વે યજમાનો તિતા મહારાજને ઘેર લોટ વગેરે સિધું પહોંચાડી દે અનેતિતા મહારાજ સુખેથી વિશેષ ભજન ભક્તિ કરવા લાગ્યા અને પ્રચાર કરવા માંડ્યા જે, સર્વે ભક્તો, સ્વામિનારાયણનું ભજન કરશો તો સુખી થાશો અને જો ભજન નહીં કરો તો બધા જમપુરીમાં જાશો અને જમનો માર ખાશો અને પછી નરકના કુંડમાં પડશો અને અસહ્ય દુઃખને પામશો. પછી ચોરાસી લાખ યોનીમાં રખડવું પડશે. એટલે મશ્કરા માણસો કહે જે, હે તિતા મહારાજ, ભગવાનનું ભજન કરીએ તો ભગવાન આપણને શું આપે ? ત્યારે તિતા મહારાજ કહે જે, અરે જો ભગવાનનું ભજન કરીએ તો ભગવાન વિમાન લઈને તેડવા આવે. ત્યારેમાણસો કહેજે, હે તિતા મહારાજ, તમોને ભગવાન વિમાન લઈને તેડવા આવશે ? ત્યારે કહે જે, જરૂર મને મારા ભગવાન શ્રી સ્વામિનારાયણ વિમાન લઈને તેડવા માટે આવશે, ચોક્કસ આવશે. ત્યારે કહે જે, હે ગોર મહારજ, જ્યારે સ્વામિનારાયણ ભગવાન તમોને તેડવા આવે ત્યારે અમને કહેજો તો ખરા, અમે બધા ભગવાનના દર્શન કરવા માટે આવીશું. ત્યારે બીજો કહે, અરે તિતા મહારાજને લેવા માટે ભગવાન આવશે ત્યારે એના વિમાનને તો જોઈએ. વિમાન કેવું હશે ? ત્યારે વળી ત્રીજો બોલ્યો જે, અરે આપણે તો વિમાનનો ડાંડિયો પકડી લેશું અને ઠેઠ ભગવાનના ધામમાં પહોંચી જઈશું અને તે ભગવાનનું ધામ કેવું છે તે જોઈને વળીશું પાછા, નિષ્કુળાનંદ સ્વામી કહે જે,

*એમ બોલે ખળતાઈમાં બહુ । બાળ જોબન ને વૃદ્ધ સહુ ॥*

એમ કરતાં જ્યારે તિતાનો અંતકાળ સમો થયો ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણ તિતા મહારાજને તેડવા માટે દિવ્ય વિમાન લઈને આવ્યા અને



આકાશમાં ગામ ઉપર એક આંટો દઈને આવ્યા તિતાને ઘેર. તે સમયે પહેલાં જે મશ્કરીમાં બોલતા હતા તે કહેવા લાગ્યા જે,

*સહુ કહે મારા ઘર માથે । હાંક્યો રથ તે તિતાને નાથે ॥*
*ભાઈયો આપણે કરતાં ખળતાઈ । આ તો કુડું પડ્યું નહીં કાંઈ ।*
*ગયું વિમાન તિતાને ઘેર । તેડી ચાલ્યા તેને રૂડિ પેર ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, જેમ શીખ માંગીને બીજે ગામ કોઈ જાય તેમ ચાલ્યો તિતો કરી કામ. આ જોઈ સહુ જનો અતિ આશ્ચર્ય પામી ગયા અને સર્વે કહેવા લાગ્યા જે,

*આવું ન દીઠું ને ન સાંભળ્યું ! પ્રગટ વિમાન તેડીને વળ્યું ॥*
*સાચી ભક્તિ એ ભગત તણી । થયો પરચો કહીયે શું વખાણી ॥*

એવી રીતે ૩૮મો પરચો થયો.

---

### પરચો ૩૯મો

## કાનજી કંસારાને પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ જ ડંઢાવ્ય દેશમાં પ્રાંતિજ ગામમાં સંતો ફરવા માટે ગયેલા. તે સંતો હંમેશાં ભગવાનની વાતો કરે ને સર્વે મનુષ્યોને સાચો ઉપદેશ આપે. તેને સાંભળવા માટે સર્વે માણસો આવે અને સંતોની વાતો સાંભળીને સર્વે જનો રાજી થાય. તેમાં એક કાનજી નામે કંસારો હતો. તે કુસંગી, કબીર પંથનો ત્યાગ કરીને સાચો સત્સંગી થયો. ત્યારે સર્વે કબિરીયાઓ મળીને એ કાનજીને ઘેર આવીને કહેવા લાગ્યા જે, અરે ભાઈ, આપણા કબીર પંથમાં તમે શું ખામી જોઈ અને સ્વામિનારાયણને તમે સાચા શી રીતે જાણ્યા ? અને તું કહે છેજે, અમારો ધર્મ સાચો અને તમારો ધર્મ ખોટો, આવી જ્યાં ને ત્યાં વાતો કરે છે તે અમને કેમ મનાય ? પણ કાનજી ભગતને તો એવી જ ટેવ પડી ગયેલી તેથી જ્યાં ને ત્યાં વાતો કરીને વિખવાદ ઊભો કરે. એક દિવસ બધા કબિરીયા ભેગા મળીને કહે જે, તું જ્યાં ને ત્યાં વાતો કરે છે કે અમારો ધર્મ સાચો અને અમારા ભગવાન સ્વામિનારાયણ સાચા એ વાત બરોબર છે પણ તું અમને કાંઈક

પરચો આપ તો એ વાત અમે માનીએ અને કાં તો તું બોલવાનું બંધ કર. ત્યારે કહે જે, કહો હું શું પરચો આપું ? બોલો જે કહો તે પરચો મારા ભગવાન શ્રી સ્વામિનારાયણ તમોને આપશે. ત્યારે સર્વે કબિરીયા ભેગા મળીને કહેવા લાગ્યા જે, જો કાનજી, અમે એક અર્ધા મણનો લોખંડનો ગોળો તપાવીને લાલચોળ કરીએ પછી એ તપેલા ગોળાને તું તારા બે હાથે ઉપાડ્ય અને જો તારા હાથ જરા પણ દાઝે નહીં તો અમે તારો ધર્મ અને તારા સ્વામિનારાયણને સાચા માનીએ અને જો તારા હાથ દાઝે તો તું ભક્ત ખોટો અને તારો ધર્મ અને તારા ભગવાન પણ ખોટા. ત્યારે કાનજી કહે જે, ભલે તમે ગોળો તપાવો અને હું ઉપાડીશ. પછી તેઓએ અર્ધા મણનો લોખંડનો ગોળો તપાવ્યો, તપીને લાલચોળ જ્યારે થયો ત્યારે સહુ કહેવા લાગ્યા જે, હે કાનજી, હવે આ ગોળાને તું તારા બે હાથે સર્વે જનોને દેખતાં ઉપાડ્ય અને જો તારા સ્વામિનારાયણ ભગવાન સાચા હશે તો તારી રક્ષા કરશે અને તારા હાથ બળવા નહીં દે. ત્યારે કાનજી ભક્તે ભગવાનની પ્રાર્થના કરી જે, હે મહારાજ, કૃપા કરીને આ સમે આપ મારી રક્ષા કરવા પધારજો. કારણ કે જો તમે આ સમે મારી રક્ષા કરવા નહિ આવો અને જો મારા હાથ બળશે એની મને કોઈ ચિંતા કે દુઃખ નહીં થાય પણ આ સર્વે પાપીઓ તમોને ખોટા કહેશે એ મને મોટું દુઃખ થશે. માટે મારી રક્ષા કરવા માટે પધારજો. એમ કહીને ભગવાન શ્રી સ્વામિનારાયણને સંભારીને અગ્નિના સમાન લાલચોળ ગોળાને પોતાના બે હાથે ઉપાડ્યો અને સહુને કહેવા લાગ્યો જે, અરે પાપીઓ, તમે જુઓ અને સર્વે થાઓ સત્સંગી અને જુવો મારા હાથ જરા પણ દાઝ્યા નથી. માટે મારા ભગવાન અને અમારો ધર્મ સાચો છે અને હું સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત પણ સાચો છું. ત્યારે સર્વે કબિરીયા કાળા મોઢા કરીને નીચું જોઈ રહ્યા અને કહેવા લાગ્યા, હે કાનજી, તારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સાચા છે અને તેનો સત્સંગી તું પણ ભક્ત સાચો છે, પણ અમથી સત્સંગી ન થવા એટલા માટે અમો કાચા છીએ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*એમ કરે છે ભક્તની સાહાય । સહજાનંદજી સંકટમાંય ॥*
*એમ પરચો પૂર્યો ભગવાને । પણ હોય પાપી તે ન માને ॥*

**એવી રીતે ૩૯ મો પરચો થયો.**

---



### પરચો ૪૦મો

## ગામ વસોમાં જમુનાબાઈને પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી ચડોતર દેશમાં એક વસો એવા નામનું ગામ છે. તેમાં એક પવિત્ર બ્રાહ્મણ ભક્ત દાદો ભાઈ એવે નામે રહેતા હતા. તેની દીકરી જમુના એવે નામે હતી. તેને શ્રીજી મહારાજની દયાથી હંમેશાં સમાધિ થતી અને તે સમાધિએ કરીને પોતાને સુખી માનતી હતી. તે જમુના એક દિવસે સમાધિ કરીને શ્રીજી મહારાજ પાસે ગઈ. શ્રીજી મહારાજના દર્શન કરીને અતિશે રાજી થઈ. વળી શ્રીજી મહારાજે. જે, જે, વાતો કરી તેને સાંભળીને અતિશે પોતાના મનમાં પ્રસન્ન થઈ. પછી તેણે મહારાજના મુખાર્વિન્દ સામું જોઈને વિચાર કર્યો જે, મહારાજ આ સમે મારી ઉપર અતિ પ્રસન્ન છે. માટે મહારાજ પાસેથી પ્રસાદીની કાંઈક વસ્તુ માગી લઉં. એમ વિચારીને બે હાથ જોડીને કહેવા લાગી જે, હે મહારાજ, આપ જો મારી ઉપર રાજી હો તો મને કાંઈક આપની પ્રસાદીની વસ્તુ આપો તો તે વસ્તુ હું લઈ જાઉં અને સર્વેને દર્શન કરાવીશ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ સમે શ્રીજી મહારાજ નાતા હતા. પછી નાહીને એક સુંદર રૂમાલે કરીને પોતાનું શરીર પોતાને હાથે કરીને લૂઈને પછી તે રૂમાલ જમુનાબાઈને આપ્યું અને કહ્યું જે, હે જમુનાં, હવે તું જા તારે ઘેર અને અહીં આવે તને ઘણી વાર થઈ ગઈ માટે તત્કાળ જા તારા દેહમાં. ત્યારે તે જમુનાને સમાધિમાંથી પોતાના દેહમાં આવી અનેભગવાને સમાધિમાં જે રૂમાલ આપ્યું હતું તે પણ પ્રત્યક્ષ લાવી અને સર્વેને દેખાડ્યું. ત્યારે સર્વે જનો જમુનાંને કહેવા લાગ્યા જે, હે જમુનાં, તારાં તો મોટાં ભાગ્ય કહેવાય. કેમ જેભગવાને તુને સમાધિમાં આપેલી વસ્તુને તું આ લોકને વિશે લાવે છે અને સર્વેને દર્શન કરાવે છે. માટે,

*અલૌકિક લૌકિકમાં નાવે । જે આવે તે અલૌકિક કાવે ॥*
*એમ અલૌકિક એક રૂમાલ । પામી જમુના થઈ નિહાલ ॥*
*એવો પ્રતાપ મહારાજ તણો । શું કહીએ મુખથી ઘણો ઘણો ॥*

**એવી રીતે ૪૦ મો પરચો થયો.**

---

### પરચો ૪૧મો

## ચાંગાના વસનદાસને આપેલ પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ ચડોતર દેશમાં ચાંગા ગામને વિશે શ્રીજી મહારાજે પરચો આપ્યો તે વાત કહું છું. એ ચાંગા ગામમાં એક વસનદાસ એવે નામે એક પટેલ હતો અને તેને ખેતીનો હંમેશા અભ્યાસ. તે આઠે પહોર ખેતીનું કામ કરે પણ તે ભગવાનને તો સંભારે જ નહીં. વળી તે ક્રોધી અને અતિ રીસામણો હતો. જેથી ગામના સર્વે માણસોને ડર લાગતો. પછી તેણે કાળે કરીને શરીરનો ત્યાગ કર્યો અને મુવા પછી એ કાળો નાગ થયો અને પોતાનીજ વાડીમાં રહ્યો અને કોઈ ચોર કે ઢોર વાડીમાં પેસે તેને કરડે અને તેનો જીવ લીએ. એમ કરતાં કોઈ સમયે તેની વાડીમાં નાવા માટે શ્રીજી મહારાજ પધાર્યા અને ભગવાન એક સ્થાને બેસીને દાંતણ કરતા હતા. તેને જોઈને એ નાગ વિસ્મય પામ્યો અને તેને કોઈક પૂર્વના પુણ્યના યોગે કરીને જ્ઞાન થયું. આ તો સાક્ષાત પુરણ પુરુષોત્તમ ભગવાન છે અને મને એ ભગવાનનાં દર્શન થયાં અને એ ભગવાનને જોઈને મારા અનંત જન્મનાં પાપ સર્વે નાશ પામી ગયાં છે અને હું નિષ્પાપ થઈ ગયો. માટે આજથી હું કોઈપણ જીવને મારીશ નહીં અને નિરવિખ થઈને રહીશ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી સાપે સાધુતા ગ્રહણ કરી. એટલે પછી જે મળે તે તેને દુઃખ આપવા માંડ્યા. કોઈ લાકડી મારે, તો કોઈ કાંકરી મારતા જાય, તો કોઈક તેની પૂંછડીપકડીને પાછો ઢસડે. એક દિવસ પોતાના દીકરાને દીકરે બીજાના ભેળા મળીને તે સર્પને માર્યો ત્યારે તે ખીજાઈને છોકરાને કરડ્યો અને પછી તેના જ દેહમાં પ્રવેશ કર્યો અને તે છોકરો માંડ્યો ધુણવા, કારણ કે એ સર્પ વાસનિક હતો એટલે ધુણીને છોકરાના મુખે માંડ્યો બોલવા કે તમે બધા વગર વાંકે મને હેરાન શા માટે કરો છો ? કારણ કે,

*મને મળ્યા જે દિના મહારાજ । તે દિનું મારું થયું છે કાજ ॥*
*હું તો નિર્વિખ થઈને ફરું છું । સ્વામી સંતના દર્શન કરું છું ॥*

કર્પ કહે છે જે, હું તો હવે ઝેરીલા સ્વભાવનો ત્યાગ કરીને ફરું છું અને કોઈ મોટા સંત કે મોટા ભક્ત અહીંથી પસાર થાય તો તેને પગે લાગું છું અને



કોઈને હેરાન કરતો નથી. છતાં તેછોકરાએ મને માર્યો શા માટે? મેં એનું શું બગાડ્યું છે ? અને હવે મને નક્કી જણાય છે જે મારા શરીરનો જ્યારે અંત સમો આવશે ત્યારે મને ભગવાન તેડવા માટે આવશે અને મને કોઈ સત્સંગીને ઘેર જન્મ આપીને પોતાનું ભજન કરાવીને મને પોતાના ધામમાં લઈ જશે. માટે હવેમને કોઈ પરેશાન કરશો નહીં. એમ કહીને તે સર્પ બાળકના શરીરમાંથી નીકળી ગયો. એટલે છોકરો સાજો થયો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, પછી એ સર્પ જીવ્યો ત્યાં સુધી નિર્વિખ થઈને વાડીમાં રહેતો હતો અને જ્યારે અંત સમો આવ્યો ત્યારે દેહનો ત્યાગ કરીને કોઈ સત્સંગીને ઘેર જન્મ ધારીને પોતાના તામસી સ્વભાવનો ત્યાગ કરી, ભગવાનનું ભજન કરીને અંતે ભગવાનના ધામને પામ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*જો જ્યો સ્વામી શ્રીજીનો પ્રતાપ । જે થકી મુક્તિ પામિયો સાપ ॥*
*ભાઈયો આ તો અલૌકિક વાત । થયો પરચો માનો સાક્ષાત ॥*

એવી રીતે ૪૧મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૧, પરચો ૪૨મો

## જેકર્ણને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવા જ બીજા પરચાની વાત વર્ણવીને કહું છું.

*દંઢાવ્ય દેશમાં રાજપુરે । કણબી ભક્ત જે કર્ણ ॥*
*સર્વે કુટુંબ સહિત પોતે । સ્વામી શ્રીજીને શર્ણ ॥*
*તેને મહારાજે મોર્યથી । વર્ષ આગમ જણવી વાત ॥*
*આજ થકી દ્વાદશ માસે । પિંડ થાશે તારું પાત ॥*

દંઢાવ્ય દેશમાં રાજપુર નામે એક ગામ છે. તેમાં જેકર્ણ એવા નામે એક ભક્ત રહેતા હતા. તે પોતાના કુટુંબ પરિવાર સહિત સર્વે શ્રીજી મહારાજના પરમભક્ત હતા. વળી એ જેકર્ણ ભક્ત રાજપુર ગામમાં આગેવાન હતા. એ ગામમાં બીજા હરિભક્તો થોડા હતા. પણ ભજન ભક્તિ કરવામાં શૂરવીર હતા,

પણ ગામમાં મંદિર નહીં હોવાથી થોડી તકલીફ રહેતી. જેથી બધા હરિભક્તો મળીને વિચાર કર્યો જે, આપણા ગામમાં મંદિર કરીએ, પણ જેકર્ણ ભાઇ જરા ઢીલી વાત કરે કે, મંદિરને ક્યાં મોડું થાય છે. એ તો ધીરે ધીરે થશે, પણ મંદિર બાબતમાં ઉત્સાહ જરા પણ નહીં, એમ કરતાં ઘણોક સમય વ્યતિત થઇ ગયો. શાસ્ત્રનો એવો નિયમ હોય છે જે, ધર્મ સંબંધી કાર્ય હોય તે તત્કાળ કરવું જોઇએ. કારણ કે ધર્મની ગતિ બહુ ઉતાવળી હોય છે અનેજેકર્ણભાઇનો વિચાર ઢીલો, જેથી બીજા હરિભક્તો પણ ઢીલા પડી જાય. એમ કરતાં એક વખતે જેકર્ણ ભક્તને સ્વામિનારાયણ ભગવાને દર્શન આપ્યા અને કહ્યું જે,

*તેને મહારાજે મોરથી । વર્ષ આગમ જણાવી વાત ॥*
*આજ થકી દ્વાદશ માસે । પીંડ થાશે તારું પાત ॥*

શ્રીજી મહારાજ કહે જે, આજથી બાર માસે તારું શરીર પડશે. માટે તે મંદિર કરવાનું શુભ કામ તારા કારણથી અટકી ગયું છે તે તત્કાળ પૂરું કરાવ. ત્યારે જેકર્ણે બધા સત્સંગીઓને બોલાવીને ભેળા કરીને કહ્યું જે, શ્રીજી મહારાજ મને દર્શન આપીને કહી ગયા છે જે, તારું શરીર એક વર્ષે પડી જશે માટે મંદિરનું કામ તત્કાળ પૂરું કરો. આવી રીતે મહારાજ મને કહી ગયા છે.

*માટે મંદિર સંત ઉતરવા । કાલથી જ આદરીએ કરવા ॥*

આપણે મંદિરનું કામ કાલથી જ શરૂ કરી દઇએ. ત્યારે સર્વે હરિભક્તો અતિ રાજી થયા અને મંદિરનું કામ થયું શરૂ. અતિ ઝડપથી સર્વે કામ કરવા મંડી પડ્યા અને છ મહિનામાં તો મંદિર તૈયાર થઇ ગયું અને સંતોને બોલાવ્યા. સંતોએ વિધિ પ્રમાણે ઠાકોરજીની મૂર્તિઓપધરાવી ને આરતી કરી. પછી સંતોએ બધા હરિભક્તોને ભલામણ કરી જે, હે ભક્તજનો, જુવો આ મંદિરમાં ઠાકોરજી વિરાજમાન થયા અને આ મૂર્તિઓ છે તે પ્રત્યક્ષ શ્રીજી મહારાજ છે. શ્રીજી મહારાજની મૂર્તિમાં અને આ પધરાવેલી મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી. એ બંને એક જ છે એમ જાણીને હંમેશા દર્શન કરવા આવજો અને ભજન ભક્તિ કરજો. આવી રીતની સંતોએ સર્વે રાજપુરના હરિભક્તોને ભલામણ કરીને સંતો ગયા. ત્યાર પછી સર્વે હરિભક્તો ભજન ભક્તિ કરતાં અગિયાર માસ થયા ત્યારે ફરીવાર શ્રીજી મહારાજે જેકર્ણને દર્શન દઇને કહ્યું જે, જેકર્ણ ભક્ત હવે



એક મહિનો તમોને દેહ મેલવાને આડો છે. માટે જેને કહેવાનું હોય તેને કહી દેજો. ત્યારે જેકર્ણે સર્વે હરિભક્તોને ભેળા કરીને કહ્યું જે, હવે મને દેહ મેલવાને એક જ મહિનો બાકી છે. માટે હું મારા દેહને મૂકીને ધામમાં જઇશ. ત્યારે સર્વે હરિભક્તો કહેવા લાગ્યા જે, આ વાત તમોએ અમને ભલે કહી, પણ બીજે આ વાત કરશો મા. કારણ કે આ વાત સત્સંગી હોય તેને મનાય પણ બીજાને આ વાત મનાય નહીં. એમ કરતાં મહિનો પણ પૂરો થવા આવ્યો ત્યારે તેણે પોતાની પત્નીને વાત કહી જે, મને મરવાને એક જ દિવસ બાકી છે. કાલે મને દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં જવાનું છે તેમાં તારો શું વિચાર છે. ત્યારે તે બાઇ કહે જે, તો હું પણ ધામમાં ચાલીશ. ત્યારેજેકર્ણ કહે જે, તારે ધામમાં ચાલવું હોય તો આજે જ કર્ય તૈયારી.

*માટે મૌર્ય થકી તું તો ચાલ । કેડ્યે હું પણ આવું છું કાલ ॥*
*પછી બેઠી તે કરવા ભજન । આવ્યા નાથ તેડ્યે તજ્યું તન ॥*

પછી જેકર્ણે પોતાનાં પત્નીના શરીરને અગ્નિસંસ્કાર કરીને ઘેર આવીને પછી બીજે દિવસે જેકર્ણે સર્વે મોટા મોટાને બોલાવીને કહ્યું જે, આ પ્રત્યક્ષ શ્રીજી મહારાજનો પ્રતાપ તો તમો જુવો. આ તો અલૌકિક વાત કહેવાય. ગઇકાલે ભગવાન મારા પત્નીને ધામમાં તેડી ગયા અને આજે મને લેવાને માટે પોતાની સાથે ઘણા બધા સંતોને લઇને પધાર્યા છે. માટે હું ભગવાનની સાથે ધામમાં જઇશ. ત્યારે તેનો પુત્ર કહે જે, હે પિતાજી, તમો ધામમાં જાશો તો હું પણ તમારી સાથે ધામમાં ચાલીશ. ત્યારે જેકર્ણ કહે જે, બહુ સારું. પછી જેકર્ણ સર્વેને કહેવા લાગ્યો જે, હું મારા દીકરાને પણ સાથે ધામમાં લઇ જઇશ. હવે કોઇને પણ સંશય હોય અને કાંઇ પૂછવું હોય તો પૂછજો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે અને જે કોઇ એ ભગવાનનું શરણું સ્વીકારે તેના અનંત જન્મનાં પાપ કર્મ હોય તેનો નાશ થઇ જાય.

*એમ કહીને પછી તજ્યું તન । જોઇ આશ્ચર્ય પામિયા મન ॥*
*બોલ્યાં માંહો માંહિ એમ મળી । થયો પરચો કહે સહુ વળી ॥*

એવી રીતે ૪૨મો પરચો થયો.

---

### પરચો ૪૩મો

## પોર ગામમાં જતનબાઈને પરચો આપ્યો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી જ બીજી એક પરચાની વાત કહુન છું તેને સર્વે સાંભળો. પોરગામ એવા નામનું ગામ છે. તેમાં એક કણબી ભક્ત જતનબાઇ હતા. તે પોતે સાંખ્યયોગી વ્રતમાન પાળતાં હતાં. તે હંમેશાં પોતાના ઘરનું કામકાજ કરતાંની સાથે સ્વામિનારાયણનો જાપ કર્યા કરે અને ભગવાનનું ધ્યાન કરે. એમ કરતાં તેનો અનંતકાળ વખત થયો ત્યારે તેને તેડવા માટે શ્રીજી મહારાજ પધાર્યા. તેને જોઇને જતનબાઇ કહે જે, હે મહારાજ, તમો ભલે પધાર્યા. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, અમો અત્યારે તમોને તેડવા સારું લાખો વિમાનો લઈને આવ્યા છીએ માટે તું તત્કાળ તૈયાર થા અને વિમાનમાં બેસ અને વાર કરીશ નહીં. ત્યારેજતનબાઇ કહે જે, ભલે મહારાજ, બહુ સારું. ત્યારે શ્રીજી મહારાજની સાથે સંતો ઘણા આવ્યા હતા તે કહેવા લાગ્યા કે, હે મહારાજ, અમો બે હાથ જોડીને વિનંતી કરીને આપને કહીએ છીએ જે, અત્યારે કોગળિયાનો રોગ ચાલે છે અને તેમાં સર્વે મનુષ્યોને ઘણું દુઃખ છે અને તેમાં કેટલાયે માણસો મરે છે. તેની સાથે જો આ બાઈ મરશે તો સર્વે માણસો બોલવા માંડશે જે, આ જતનબાઇ સર્વોપરી એવા ભગવાન શ્રી સ્વામિનારાયણની ભક્ત છે. નિયમ ધર્મ પણ પાળે છે. તો પણ આ કોગળિયાના રોગમાં સહુની જેમ મરી ગઈ. એના ભગવાને એની પણ રક્ષા ન કરી. માટે હે મહારાજ, અત્યારે એને મેલીજાઓ અને જો એને તેડીજવી હોય તો પછી વળી થોડા દિવસો વિત્યા પછી એને લેવાને માટે આવજો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, ભલે બહુ સારું. એમ કહીને વિમાન પાછાં વાળ્યાં. તે સર્વે ગામના મનુષ્યે દેખ્યાં અને સર્વે,

*આશ્ચર્ય પામ્યા છે જન । થયો પરચો કહે ધન્ય ધન્ય ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ત્યાર પછી થોડા દિવસો પછી તે બાઈને ભગવાન અતિ આશ્ચર્યકારક પરચો આપીને પોતાના ધામમાં તેડી ગયા. એવી રીતે ૪૩મો પરચો થયો.

---



### પરચો ૪૪મો

## જમુનાબાઈને પરચો દીધો

વળી એવી જ રીતે એક પરચાની વાત કહું છું જે, ઉમરેઠ ગામમાં ભગવાનના એક બ્રાહ્મણ ભક્ત જમુનાબાઇ નામે હતા. તેને ઘેર શ્રીજી મહારાજ પધાર્યા અને પોતાના દિવ્ય દર્શન દીધાં. એવી રીતે ત્યાં સાત દિવસ સુધી રહ્યા અને પછી ત્યાંથી પણસોરે પધાર્યા ત્યારે જમુનાબાઇ તો ઝંખના કરવા લાગી જે, અરે પ્રાણપતિ ભગવાન અહીંથી જમ્યા વિના ક્યાં ગયા ? એમ કહીને અતિ આકુળવ્યાકુળ થઇ ગઇ. તેને કરીને પોતાના શરીરનીશુદ્ધ પણ ભૂલી ગઇ. પછી ધીરે ધીરે જ્યારે ભાનમાં આવી ત્યારે તેને શ્રીજી મહારાજે દર્શન કીધાં અને કહે જે, હે જમુનાં, અમે તારે માટે આવ્યા છીએ. માટે તમો રસોઇ કરો અને આજે અમોને તમારે હાથે જમવું છે. ત્યારે જમુનાબાઇ તત્કાળ ઊઠ્યાં અને શ્રીજી મહારાજને પગે લાગીને પછી સુંદર રસોઇ કરી, ત્યારે શ્રીજી મહારાજ પ્રેમથી જમ્યા.નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એમ જમુનાંબાઇ સમે સમે રસોઇ કરે અને શ્રીજી મહારાજ તેનેજમે.

*એમ જમ્યા જમુના ઘેર । કરી મહારાજ શ્રીજીએ મહેર ॥*
*પામ્યા આશ્ચર્ય ગામના વાસી । કહે ધન્ય ધન્ય અવિનાશી ॥*
*આપ્યો પરચો અંતરજામી । સુખદાયી સહજાનંદ સ્વામી ॥*

એવી રીતે ૪૪ મો પરચો થયો.

---

### પરચો ૪૫મો

## મોરજના પ્રભુદાસને પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવી જ એક પરચાની વાત કહું છું તેને સાંભળો. જે એક મોરજ એવા નામના ગામમાં ભગવાનના પરમ ભક્ત પ્રભુદાસ એવે નામે એક ભક્ત હતા. તે હંમેશાં પ્રેમથી ભગવાનનું કીર્તન કરે. તેના દેહનો અંતકાળ સમો આવ્યો ત્યારે તે પોતાના દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયા ત્યાં અનંત મુક્તોને દીઠા. વળી હજારો સૂર્ય ઉદય પામ્યા

હોય એવો અતિ સુંદર અને શીતળ એવો તેજનો સમૂહ દેખ્યો અને તે અનંત મુક્તોના મધ્યમાં અતિ તેજોમય અને અતિ સુખમય જેની મૂર્તિ છે એવા શ્રીજી મહારાજને જોઈને વારંવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા જે, આવા અખંડ સુખમાં હંમેશાં રહીશું એમ વિચારી બે હાથ જોડીને ભગવાન આગળ બેઠા એટલે ભગવાન શ્રી સ્વામિનારાયણ કહેવા લાગ્યા જે, હે પ્રભુદાસ ભક્ત, હવે તમો અત્યારે તમારે ઘેર તમારા શરીરમાં જાઓ અને ત્યાં જ રહીને અમારું ભજન કરજો અને થોડા દિવસ પછી અમો તમોને તેડવા માટે આવીશું ત્યારે આ ધામમાં તમો સુખેથી રહેજો, પણ હમણાં તો તત્કાળ વહેલા વહેલા દેહમાં જાઓ અને ત્યાં રહીને ભગવાનના ગુણ ગાજો. ત્યારે તે પ્રભુદાસ ભક્ત અક્ષરધામમાં ચાર પહોર લગી રહ્યા અને પછી શ્રીજી મહારાજની આજ્ઞાથી પોતાના દેહમાં આવીને તે અક્ષરધામની દિવ્ય વાતો સર્વેને કહી સંભળાવી. તે વાતો સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા જે, હે પ્રભુદાસ, તમો ધન્ય ભાગ્યશાળી છો. કારણ કે તમો અક્ષરધામમાં ભગવાનની પાસે જઈ આવ્યા અને ત્યાર પછી થોડા દિવસ વિત્યાબાદ ભગવાન અનંત મુક્તોને સાથે લઈને વિમાને સહિત થકા આવ્યા અને પ્રભુદાસને વિમાનમાં બેસાડીને આખાય ગામને દિવ્ય દર્શન દેતા થકા અક્ષરધામમાં તેડી ગયા ત્યારે તે ગામના સર્વે લોકો કહેવા લાગ્યા જે, એ પ્રભુદાસ ભક્ત તો,

*પામ્યો પરચો અલૌકિક એહ । તેમાં નથી લગારે સંદેહ ॥*

એવી રીતે ૪૫ મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૨, પરચો ૪૬મો

## અ.મુ.સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના પરચા

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે જે, હવે હું શ્રીજી મહારાજે પાંચસો પરમહંસોમાં જે સંતને અગ્રગણ્ય મોટેરા કર્યા હતા એવા સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના ઐશ્વર્ય પ્રતાપ, અલૌકિક અને આશ્ચર્યકારી છે તે કથાને કહું છું.

*અનુપ ઈડર દેશમાં । ધન્ય ધન્ય ટોડલા ગામ ॥*
*ધન્ય ધન્ય દ્વિજની જાતિને । જ્યાં ઉપન્યા ભક્ત અકામ ॥*



*યોગી પૂર્વ જન્મના । જેને વાલા સંગાથે વાલ ॥*
*પ્રભુ સંગાથે પ્રગટ્યા । ખરા ભક્ત નામ ખુશાલ ॥*

ગોપાળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ ખુશાલ ભટ્ટ હતું. એ પૂર્વ જન્મના યોગી હતા અને એમનો જન્મ સાબરકાંઠા ટોડલા ગામમાં થયો હતો. એ નાનપણથી જ અતિ પ્રતાપશાળી હતા. એ નાના હતા ત્યારે પણ બીજા જગતના બાળકો જેવા રમતિયાળ સ્વભાવ એમનામાં ન હતા.

એવા એ ભગવાનના પરમભક્ત ખુશાલ ભટ્ટ હતા અને એને સંસારી વાત તો ગમતી જ નહીં. બાળપણમાં પણ એને ભગવાનની ભક્તિ કરવી ગમતી. એમ કરતાં એને સત્સંગ થયો ત્યારે તે સત્સંગનો રંગ ચિત્તમાં લાગી ગયો. હંમેશાં શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કર્યા કરે. એક વખત તે ધ્યાનમાં બેઠેલા ભટ્ટની ચિત્તવૃત્તિ ભગવાનની મૂર્તિની સાથે એક થઈ ગઈ. મનની વૃત્તિ ભગવાન સાથે જોડાઈ ગઈ. ત્યારે ભગવાનની મૂર્તિમાંથી અતિશે પ્રકાશ ઉત્પન્ન થયો થયો તે આખાય ઘરમાં વ્યાપીને ઘરથી બહાર અતિશે ફેલાઈ ગયો ત્યારે ગામના માણસોને એમ લાગ્યું જે, અરે અચાનક આ પ્રકાશ ક્યાંથી આવે છે અને આ પ્રકાશ શાનો છે ? પછી સર્વેને ખબર પડી જે, આ તો ખુશાલ ભટ્ટનો પ્રતાપ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એક વખતેખુશાલ ભટ્ટ સમાધિમાં હતા, તેવામાં અતિ જોરદાર કડાકા થયા. તે અવાજ આજુબાજુના ગામોમાં પણ સંભળાયો હતો. ત્યારે સર્વેને લાગ્યું જે, આવો અતિ મોટો અવાજ શાનો થયો ? અને સર્વેને એમ બીક લાગી જે, હવે આપણું સર્વેનું મરણ આવ્યું છે અને આ તો અવશ્ય પ્રલયની તૈયારી છે અને એ કડાકા અને તેજ ગામોગામ અને ઘરોઘર છ જોજન દૂર સુધી સર્વેને જણાયું ત્યારે ધીમે ધીમે સર્વેને જાણવા મળ્યું જે, આ તો ખુશાલ ભટ્ટ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે એને ધ્યાનમાં ભગવાનની અતિ તેજોમય મૂર્તિનાં દર્શન થાય છે એનો જ આ પ્રકાશ છે એમ જાણીને સર્વેને અતિ આશ્ચર્ય થયું. એવી રીતે ૪૬મો પરચો થયો.

---

### પરચો ૪૭મો

## ખુશાલભાઈએ વરસાદ કર્યો

વળી એક સમયે ચોમાસામાં વરસાદ તાણી ગયો. અર્થાત્ વરસાદ આવ્યો નહીં ત્યારે સર્વેજનો ખુશાલ ભટ્ટ પાસે આવી વિનંતી કરી કહેવા લાગ્યા જે, હે ખુશાલ ભટ્ટ, કાંઈક દયા કરો નહિ તો આપણે બધા દુઃખી થઈ જઈશું. ત્યારે ખુશાલ ભટ્ટ કહે જે, તમો સર્વે ભગવાન શ્રી સ્વામિનારાયણના નામનું ભજન કરવા માંડો. ત્યારે સર્વેજનો ભજન કરવા માંડ્યા. તે જ સમયે અતિશે જોરદાર વરસાદ વરસવા માંડ્યો અને સર્વેને અતિ આનંદ થઈ ગયો. એવી રીતે ૪૭મો પરચો થયો.

---

### પરચો ૪૮મો

## ભગવાન શામળાજી ખુશાલભાઈ સાથે રમતા

એ ખુશાલ ભટ્ટનું બાળપણું એવું હતું કે, સર્વેને એની સાથે મિત્રતા કરવાનું મન થાય એ સ્વાભાવિક છે, પણ ભગવાનને પણ એમ થયું કે, આવા ભક્ત મળતા હોય તો તેની સાથે ભાઈબંધાઈ કરીએ તો મજા આવે. ટોડલાની જ નજીકમાં પ્રસિદ્ધ એવું તીર્થધામ શામળાજી છે. એ ભગવાનને પણ ખુશાલ ભટ્ટ સાથે રમવાની ઈચ્છા થઈ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, આવા ભગવાનના એકાંતિક ભક્તો હોય તો ભગવાન પણ એમના સાથે રમવા તૈયાર છે. શામળાજી મંદિરના પૂજારી હંમેશની રીતે ઠાકોરજીની પૂજા-આરતી વગેરે વિધિમાંથી પરવારીને ઠાકોરજીને રાત્રે પોઢાડીને મંદિરના દરવાજા બંધ કરે અને બીજા સર્વે દર્શનાર્થીઓ સહુ જાય પોતપોતાને નિવાસસ્થાને અને ભગવાન નિત્યે જાય ખુશાલ ભટ્ટની સાથે રમવા અને સવારમાં પૂજારી મંદિરમાં ઠાકોરજીને જગાડવા આવે તે પહેલાં જ ભગવાન મંદિરમાં આવી જાય. એક દિવસે પૂજારીએ રાત્રે કરવાનો વિધિ પૂરો કર્યો. મંદિરના દરવાજા બંધ કર્યા. ચોકીદારો પોતપોતાને સ્થાને ગોઠવાઈ ગયા. પછી શામળાજી ભગવાન પણ દરરોજની જેમ ખુશાલ ભટ્ટની જોડે રમવા માટે નીકળી ગયા. આ વાતની પૂજારીજીને ખબર નથી અને ચોકીદારોને પણ



ખબર નથી. સવાર થઈ પૂજારીએ નાહી-ધોઈ પોતાનો તમામ નિત્યવિધિ પૂરો કરીને હાથમાં ચાવી લઈને ખોલ્યાં મંદિરના દ્વાર અને ભગવાનના ચરણ સામું જોયું તો ચરણમાં પહેરેલાં ઝાંઝર જોવામાં ન આવ્યાં. પૂજારીને ધાસ્તી લાગી. અરે, આ ભગવાનના ઝાંઝર કેમ જોવામાં નથી આવતાં અને ક્યાં ગયાં, કોણ લઈ ગયું ? હવે મને કાર્યકરો પૂછશે ત્યારે મારે જવાબ શું દેવાનો ? પૂજારી તો ચિંતામાં ડૂબી ગયા અને હકીકત છે કે જ્યારે આવો બનાવ બને ત્યારે સર્વેને પહેલી શંકા પૂજારી ઉપર જ જાય. કાર્યકરોને બીતાં બીતાં વાત કરી. ચોકીદારોને પૂછતાં જવાબ મળ્યો જે, અહીં મંદિરમાં રાત્રે કોઈપણ આવ્યો નથી. પૂજારીને પૂછતાં કહેવામાં આવ્યું જે, છેલ્લે રાત્રે હું મંદિરમાં હતો ત્યારે ભગવાનના ચરણમાં ઝાંઝર હતાં. દ્વાર પણ મેં જ બંધ કરેલા અને મંદિરની ચાવી પણ મારી પાસે જ છે. સવારે મંદિરનું દ્વાર ખોલતાં ઝાંઝર જોવામાં ન આવ્યાં. ત્યારે સર્વે કહેવા લાગ્યા જે, આમાં વાંક પૂજારીનો જ છે. ત્યારે પૂજારી કહે જે, મને કાંઈ ખબર નથી અને હું નિર્દોષ છું, એ ભગવાન જાણે જ છે, પણ બીજા તો કહેવા લાગ્યા જે, પૂજારી ખોટું બોલે છે. આમાં પૂજારી સિવાય બીજો કોણ હોય ? કારણ કે ચાવી એમની પાસે જ છે તો બીજો કોણ આવે, માટે પૂજારીનો જ વાંક છે. એમણે જ ઝાંઝર ચોર્યા છે. આમ સહુ કોઈ કહેવા લાગ્યા, પણ પૂજારીનો પ્રેમભાવ, ભક્તિભાવને ભગવાન તો જાણતા જ હતા. પૂજારીજી ઉદાસ થઈને ભગવાનને બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, મારી ઉપર દયા કરો અને આપનાં ઝાંઝર ક્યાં ગયાં ? આપ જ કહો. ત્યારે ભગવાન પૂજારીજીનો નિષ્કામ ભાવ જોઈને સર્વેને સાંભળતે સતે કહેવા લાગ્યા જે, આમાં પૂજારીજીનો કાંઈ વાંક નથી, પણ હંમેશાં જ્યારે પૂજારી રાત્રિનો વિધિ પૂરો કરીને દરવાજા બંધ કરે ત્યાર પછી રાત્રે હું મારા મિત્ર ડોડલાના ખુશાલભાઈ, તેને ત્યાં રમવા માટે જાઉં છું. આજે રમતાં રમતાં મોડું થઈ ગયું. અહીં પૂજારીએ મંદિર ખોલ્યું એટલે મને ઉતાવળથી આવતાં મારાં ઝાંઝર ખુશાલ ભક્તને ત્યાં ભૂલાઈ ગયાં છે અને એ ઝાંઝર લેવાને માટે કોઈક જાઓ અને તે ઝાંઝર આપવા માટે ખુશાલભાઈ આવે છે અને તમને સામા મળશે. ત્યારે કાર્યકરો બે-ચાર જણા ટોડલા જવા માટે રવાના થયા તો માર્ગમાં બે-ચાર જણાની સાથે ખુશાલ ભટ્ટ ઝાંઝર લઈને આવતા હતા તે સામા મળ્યા. તેને પૂછતાં કહ્યું જે, ભગવાન રોજ રાત્રે મારી સાથે રમવા

માટે આવે છે તેમ આજે પણ આવ્યા હતા પણ આજે રમતાં રમતાં જ્યારે મોડું થયું. ભગવાનને ઉતાવળા આવતાં ઝાંઝર ભૂલાઇ ગયાં છે તે આ રહ્યાં. અમો આપવા જ આવતા હતા તેવામાં તમો આવ્યા. તો લ્યો આ ઝાંઝર લઈ જાઓ અને પૂજારીનો આમાં કાંઇ વાંક નથી, પૂજારીજી નિર્દોષ છે. જુઓ શામળાજી ભગવાનખુશાલ ભક્તની સાથે જ્યારે બાળક થઈને રમવા માટે જાય અને ઉતાવળમાં ઝાંઝર ભૂલી જાય એ વિચારવા જેવી વાત છે. આપણને પણ ઈચ્છા થાય કે, ભગવાન ઘનશ્યામ આપણી સાથે રમે, પણ એ આપણી સાથે રમે ક્યારે ? આપણા મનની વૃત્તિ જ્યારે ભગવાનમય બની જાય અને સંસાર વ્યવહાર સંબંધી કોઈ વસ્તુ યાદ જ ન આવે અને દેહભાવ ભૂલાય ત્યારે ભગવાન આપણી સાથે રમે. એવી રીતે ૪૮મો પરચો થયો.

---

### પરચો ૪૯મો

## ખુશાલભાઈએ સ્કૂલ શરૂ કરી

વળી બીજી પણ એ ખુશાલભાઈની સુંદર કથા છે. એક વખતે ખુશાલ ભટ્ટને એવો વિચાર થયો જે, આપણે સ્કૂલ શરૂ કરીએ. એવો વિચાર કરીને સ્કૂલ શરૂ કરી નાના નાના છોકરાઓને બોલાવીને ભણાવવાનું ચાલુ કર્યું. વિદ્યા ભણાવવી એ બ્રાહ્મણનું કામ છે. છોકરાઓને ભેળા કરીને દરરોજ થોડું ઘણું ભણાવે.

*પોતે પંડ્યા થઈ માંડી નિશાળ । આવ્યા ત્યાં ભણવા નાના બાળ ॥*
*તેને ભણાવે છે થોડું ઘણું । કરાવે ભજન હરિતણું ॥*

છોકરાને થોડું ઘણું ભણાવે અને પછી ભગવાનનું ભજન, ધૂન્ય, કીર્તન પોતે કરે અને છોકરાને કરાવે અને તેને ભગવાન શ્રી સ્વામિનારાયણની મૂર્તિનું ધ્યાન કરતાં શીખવે ત્યારે બાળકો આંખ બંધ કરીને ભગવાનના સ્વરૂપનું ચિંતન કરે અને ખુશાલ ભટ્ટના પ્રભાવથી હૃદયમાં ભગવાનની મૂર્તિને દેખે અને જ્યારે ધ્યાનમાંથી જાગે ત્યારે હૃદયમાં ભગવાનને જોયા હોય તે વર્ણન કરીને એકબીજાને કહે.

એક દિવસે બાળકો ખુશાલ ભટ્ટને કહેવા લાગ્યા કે, જે સ્વરૂપનું અમને તમો ધ્યાન કરાવો છો તે જ ભગવાન બ્રાહ્મણના રૂપે તમોને તેડવા માટે અહીં



આવે છે. આ સર્વે વાતને ખુશાલભાઈ તો જાણતા જ હતા પણ ખુશાલ ભટ્ટના પ્રતાપથી બાળકો પણ ત્રિકાળ જ્ઞાની થઈ ગયા. પછી જ્યારે બ્રાહ્મણના વેશે શ્રીજી મહારાજ ખુશાલ ભટ્ટને ઘેર આવીગયા અને ભટ્ટજીને કહે જે, અમોને, તમોને તેડવા માટે ભગવાને મોકલ્યા છે. માટે તમો ચાલો અમારી સાથે. ત્યારે ખુશાલ ભટ્ટ સર્વેને કહેવા લાગ્યા જે, મને એક બ્રાહ્મણ ભગવાનની આજ્ઞાથી તેડવા માટે આવ્યા છે, તો તેભેળો હું ભગવાનની પાસે જઈશ. એમ કહીને તે વિપ્રની સાથે થયા ચાલતા. તે સમયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ જેતલપુરમાં મોટો ઉત્સવ કરી રહેલા હતા. તેની સાથે ઘણા સંતો હતા. ત્યાં બ્રાહ્મણની સાથે ખુશાલ ભટ્ટ આવી ગયા. તે કહેવા લાગ્યા જે, હવે તમો ઓ સામે સભામાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વિરાજમાન છે તેનાં દર્શન કરો પછી ખુશાલ ભટ્ટ શ્રીજી મહારાજ પાસે જઈને દંડવત્ પ્રણામ કરવા લાગ્યા ત્યારે શ્રીજી મહારાજ ઊભા થઈને ભટ્ટજીને બાથમાં લઈને મળ્યા અને પૂછ્યું કે, ખુશાલ ભટ્ટ, તમો અહીં શી રીતે આવ્યા ? અને માર્ગમાં કોઈ સાથે હતો ? ત્યારે ભટ્ટ કહે જે, મહારાજ, એક બ્રાહ્મણ ભેળો હતો. ત્યારે મહારાજ કહે જે, હે ભટ્ટજી, તમો તો મોટા ભાગ્યશાળી છો અને તમો અહીં શા માટે આવ્યા છો ? ત્યારે ભટ્ટજી કહે જે, હે મહારાજ,

*ત્યારે બ્રાહ્મણ કહે મહારાજ । હું તો આવ્યો છું ભણવા કાજ ॥*
*ત્યારે નાથ કહે ઘણું સારું । એમાં ગમતું ઘણું અમારું ॥*

પછી શ્રીજી મહારાજે ખુશાલ ભટ્ટને સંતોની સાથે રાખ્યા અને કહ્યું જે, તમો જે વિદ્યાને ભણ્યા છો તે બધા સંતોને ભણાવો. ત્યારે તે કહે જે, ભલે મહારાજ, બહુ સારું. એવી રીતે ૪૯મો પરચો થયો.

---

### પરચો ૫૦મો

## શ્રીહરિએ ખુશાલ ભટ્ટને વડોદરે મોકલ્યા

પછી વળી એક દિવસ શ્રીજી મહારાજે ખુશાલ ભટ્ટને કહ્યું જે, તમો વડોદરે જાઓ. થોડા દિવસો ત્યાં રહીને સત્સંગ કરાવો. ત્યારે ખુશાલ ભટ્ટ કહે જે, ભલે મહારાજ, પછી તે શ્રીજી મહારાજની આજ્ઞાથી વડોદરા ગયા અને ત્યાં

સદાશિવ નામે એક બ્રાહ્મણને ઘેર ઉતારો કર્યો અને એક માસ સુધી ત્યાં રહ્યા. એક દિવસે તે સદાશિવભાઈએ કહ્યું જે, હે ભટ્ટજી, તમારે દરરોજ મારે ઘેર જ જમવાનું અને તમારે બીજે ક્યાંય પણ ભિક્ષાને માટે જવાનું નહીં. ત્યારે ભટ્ટજી કહે જે, ભલે બહુ સારું. સ્વામિનારાયણ ભગવાન હંમેશાં ભટ્ટજીની સાથે જમતા તે બીજા કોઈને ભગવાનનાં દર્શન ન થાય, પણ સદાશિવ, એમના પત્ની અને એમના કુટુંબીજનોને ભગવાનને જમવા માટે જે થાળી મૂકી હોય એમાંથી ભોજન ઓછું થતું જાય તે દેખાય. એવું એક કે બે દિવસ નહીં પણ,

*એક માસ લગી અહોનિશ । જમ્યા હરિ ખુશાલ હંમેશ ॥*

ભગવાન જે થાળ જમતા હોય તેમાંથી ધીરે ધીરે ભોજન ઓછું થતું જાય એની સાથે જે શાક, પકવાન, અથાણાં વગેરે જે જે પીરસ્યું હોય વળી જળનો અબખોરો આગળ ધર્યો હોય, મુખવાસ એ સર્વેમાંથી ઓછું થતું જાય તે સહુને દેખાય. વળી જે સોપારી આપેલી હોય તો તે પણ અડધી જમેલ સોપારી ભગવાન પાછી ખુશાલભાઈને આપે. એમ એક મહિના સુધી ભગવાન અને ખુશાલભાઈ જમે, તેનાં દર્શન સર્વે સદાશિવભાઈ અને તેના સંબંધી વગેરેને થાય પણ બીજાને થાય નહીં.

*જમે જન હાથે નાથ નિત્યે । તે તો ખુશાલ ભક્તની પ્રિત્યે ॥*
*એમ ખુશાલ વિપ્રને વળી । પૂર્યા પરચા બહુ નાથ મળી ॥*

આવું આશ્ચર્ય એક મહિના સુધી સર્વેને દેખાયું. વળી એ ખુશાલ ભક્ત મોટા મોટા પંડિતોને બોલાવીને શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રગટની વાતો કરે. તેને સાંભળીને કેટલાય પંડિતો અને બીજા પણ કેટલાય જનોને સત્સંગ થયો. પછી શ્રીજી મહારાજે ખુશાલ ભટ્ટને વડોદરાથી ગઢપુરમાં બોલાવ્યા ત્યારે એ ખુશાલ ભક્ત શ્રીજીમહારાજની સમીપે આવ્યા અને શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં. બે હાથ જોડીને આગળ બેઠા ત્યારે શ્રીજી મહારાજ કહે જે, હે ભટ્ટજી, હવે તમને અહીં આવે ઘણો સમય થઈ ગયો, માટે હવે તમો ટોડલા તમારે ઘેર જાઓ. ત્યારે ભટ્ટજી કહે જે, હે મહારાજ, હું અહીં ઘેર જવા માટે આવ્યો નથી. ત્યારે પ્રભુ કહે જે, તો તમારી શી ઈચ્છા છે ? ત્યારે ખુશાલ વિપ્ર કહે જે, જે આપની આજ્ઞા એ જ મારી ઈચ્છા. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તો સંત દીક્ષા આપીએ.



ત્યારે ભટ્ટજી કહે જે, બહું સારું.

*પછી ધાર્યો છે ધાર્મિક યોગ । તજી ભવતણા વૈભોગ ॥*
*ધાર્યું નામ તે ગોપાળાનંદ । થયા યોગેશ્વર જગવંદ ॥*
*કર્યા મહારાજે મોટેરા બહુ । માને મોટા મુનિવર સહુ ॥*

શ્રીજી મહારાજે ખુશાલ ભક્તને વૈશ્નવી દીક્ષા આપીને સાધુ કર્યા અને ગોપાળાનંદ સ્વામી નામ ધારણ કર્યું. એક સમયે શ્રીજી મહારાજે સર્વે સંતો, હરિભક્તોને આજ્ઞા કરીને કહ્યું જે, તમારે જે કામ કરવાનું હોય તે સર્વે આ ગોપાળાનંદ સ્વામીને પૂછીને કામ કરવાનું. વળી શ્રીજી મહારાજની આજ્ઞાથી ગોપાળાનંદ સ્વામી સંતોનું મંડળ લઈને વડોદરા ગયા ત્યારે સ્વામી આવ્યા છે એવું સાંભળીને શહેરના સર્વે સત્સંગીઓ સ્વામીનાં દર્શન કરવા માટે આવ્યા. સ્વામીને પગે લાગીને કહેવા લાગ્યા જે, હે સ્વામી, આપ અહીં પધાર્યા, એ અમારા મોટા ભાગ્ય ઉઘડ્યાં. કારણ કે જન્માષ્ટમીના સમૈયા ઉપર જ આપ પધાર્યા છો. તો હવે આપ ઉત્સવ ઉજવો અને સુંદર હિંડોળો બાંધો. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે, બહુ સારું. તમારી સર્વેની ઈચ્છા ભગવાન પૂરી કરશે. પછી અષ્ટમીનો દિવસ આવ્યો તે દિવસે સર્વે જનોએ વ્રત કર્યું અને રાત્રે હિંડોળો બાંધીને તેમાં શ્રીજી મહારાજની સુંદર મૂર્તિ પધરાવીને ઝૂલાવવા લાગ્યા અને તેનાં દર્શન કરીને સર્વેજનો અતિ આનંદિત થયા અને કહેવા લાગ્યા જે, હે ભગવાન, આજે અમને અલૌકિક દર્શન દીધાં અને અમોને સર્વેને કૃતાર્થ કીધાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*તિયા સત્સંગી કુસંગી હતા । દીઠા પ્રગટ સહુએ ઝૂલતા ॥*
*ઝૂલ્યા હિંડોળે ઘડી બે ચાર । પછી ન દીઠા તે નિરધાર ॥*

એ વખતે ત્યાં જે કોઈ સત્સંગી હતા, કુસંગી હતા એ સર્વેએ હિંડોળામાં ઝૂલતા મહારાજને દીઠા. એવી રીતે ચાર ઘડી સુધી દર્શન સર્વેને થયાં અને ત્યાર પછી ભગવાન અદૃશ્ય થઈ ગયા ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્યને પામી ગયા અને,

*સહુ રહ્યા છે આશ્ચર્ય પામી । કહે ધન્ય સહજાનંદ સ્વામી ॥*
*આપ્યો પરચો પ્રભુજી આપે । સ્વામી ગોપાળાનંદને પ્રતાપે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી ગોપાળાનંદ વામી વડોદરે હતા

તેવામાં એક વરસે વરસાદ વરસ્યો નહીં. તેણે કરીને ક્યાંય પણ અનાજ પૈસા દેતાં પણ મળે નહીં. તેણે કરીને કેટલાય માણસો મરવા માંડ્યા. સર્વેજનો કહેવા લાગ્યા જે, આ તો ભયંકર દુષ્કાળ પડ્યો. ત્યારે સર્વે સત્સંગી મળીને ગોપાળાનંદ સ્વામીનું મંડળ હતું ત્યાં આવીને ગોપાળાનંદ સ્વામી પાસે આવીને સર્વે કહેવા લાગ્યા જે, હે સ્વામી, શહેરમાં પૈસા દેતાં પણ ક્યાંય અનાજ નથી મળતું. અનાજ વિના કેટલાય મનુષ્યો મરે છે. માટે તમો સમર્થ છો. ભગવાન પાસે પ્રાર્થના કરો તો વરસાદ થાય, તો જ સર્વે ઉગરીશું. નહીં તો સર્વે મરી જઇશું. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે, સર્વે સંતમંડળ તથા સર્વે હરિભક્તો મળીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા માંડો એટલે ભગવાન સ્વામિનારાયણ પણ અતિ દયાળુ છે. તે કાંઇક દયા કરશે. ત્યારે સર્વે ધૂન્ય કરવા લાગ્યા. એવી રીતે ચાર ઘડી સુધી ભજન કર્યું ત્યાં તો જોરદાર વરસાદ વરસવા માંડ્યો. એવીરીતે ત્રણ રાત-દિવસ વરસાદ કાળા ઉનાળામાં વરસ્યો ત્યારે સર્વે સત્સંગી-કુસંગી કહેવા લાગ્યા જે, આ તો સ્વામીએ પરચો પૂર્યો. એમ કહીને સર્વે સ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામી કહે જે, એતો સર્વે ભગવાન સ્વામિનારાયણના હાથમાં છે. જે આ વરસાદ થયો એ તો સ્વામિનારાયણ ભગવાનની સામર્થી વડે જ થયો છે, પણ બીજાથી કાંઇ પણ થતું નથી. બીજા તો અમથા ફૂલાતા હોય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*એમ પરચા કેટલા કહું । થયા ગોપાળ સ્વામીને બહુ ।।*
*કહેતાં લખતાં ન આવે પાર । કહે નિષ્કુળાનંદ નિરાધાર ।।*

એવી રીતે ૫૦મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૩, પરચો ૫૧ મો

## ઉમૈયાબાઇને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*વળી વડોદરા શહેરમાં । પૂર્યા પરચા જે મહારાજ ।।*
*તે લેખે ન આવે લખતાં । એમ કર્યાં જનના કાજ ।।*



*જણ જણ પ્રત્યે જુજવા । વળી પરચાનો નહીં પાર ।।*
*કહ્યા ન જાય કોયથી । એવા થાય ચમત્કાર ।।*

વળી વડોદરા શહેરમાં શ્રીજી મહારાજે જણ જણને પરચા આપીને સર્વેના મનોરથ પૂરા કર્યા છે. એવા પરચા એક-બે નહીં, એવા પરચા તો અનંત છે. તેનો કહેતાં કે લખતાં પાર પામી શકાય તેમ નથી, પણ તેમાંથી અમુક પરચા કહું છું. એ વડોદરા શહેરમાં એક પવિત્ર ભગવાનના મહાન ભક્ત બ્રાહ્મણ હતા. જેનું નામ સદાશિવભાઇ છે. તેની દીકરી છે, તેનું નામ ઉમૈયાબાઇ છે. તે ઉમૈયાબાઇ ઉપર શ્રીજી મહારાજની અપાર દયા. જે દયાએ કરીને તે બાઇને હંમેશાં સમાધિ થાય. તે સમાધિ કરીને ભગવાનના ધામમાં જાય. ક્યારેક દેવલોકમાં જાય, ક્યારેક કૈલાશ, વૈકુંઠ, ગોલોક, શ્વેતદ્વીપ, અક્ષરધામ વગેરે ધામોમાં જાય અને એ ધામોમાં તે ધામોના અધિપતિઓ અને મુક્તોનાં દર્શન કરીને સમાધિમાંથી જ્યારે પોતાના દેહમાં આવે ત્યારે ધામોમાં જે જે જોયું હોય તે તે સર્વેને વર્ણન કરીને કહી સંભળાવે. વળી ક્યારેક ધામોમાં જાય ત્યારે ત્યાંના અધિપતિઓ એને બોલાવે. એક દિવસે ઉમૈયાબાઇ અક્ષરધામમાં સમાધિ કરીને ગઇ ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, હે ઉમૈયા, તું સમાધિમાંથી જાગીને દેહમાં જા, ત્યારે તારે ઘેર તું સુંદર રસોઇ કરજે. અમો આવીને તારે હાથે જમીશું. પછી જ્યારે સમાધિમાંથી જાગૃત થઇ ત્યારે સુંદર રસોઇ કરવા લાગી.જ્યારે સુંદર રસોઇ તૈયાર થઇ ત્યારે પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણ જમવા માટે પધાર્યા. ત્યારે ઉમૈયાએ મહારાજને સુંદર બાજોઠ ઉપર વિરાજમાન કર્યા અને બીજા બાજોઠ ઉપર સુંદર થાળ મૂક્યો અને પ્રાર્થના કરી જે, હે મહારાજ, આ સુંદર થાળ આપને માટે તૈયાર કરેલો છે. તેમાં સુંદર ઘી, સાકરેયુક્ત કેળાં અને સુંદર ઘીમાં બોળેલી રોટલી તેને તમો જમો. ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આવીને જમ્યા, તે સર્વે ઘરના મનુષ્યોએ દીઠા. જમી મુખવાસ લઇને પછી સુંદર આસન ઉપર બે-ચાર ઘડી સુધી બેઠા અને પછી અચાનક અદૃશ્ય થઇ ગયા તે કોઇને ખબર ન પડી, ત્યારે સર્વે અતિ આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા જે, આ તો અલૌકિક પરચો ભગવાને દીધો. એવી રીતે ૫૧મો પરચો થયો.

---

### પરચો પરમો

## ઉમૈયાબાઈનો બીજો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવી જ એક બીજી પરચાની વાત કહું છું તેને તમો સાંભળો. વળી ઉમૈયાબાઇ સમાધિ કરીને ભગવાન ગઢપુરમાં જ્યાં વિરાજમાન હતા ત્યાં ગઇ અને ભગવાનનાં દર્શન કરીને પાસે બેસી ગઇ. પછી ભગવાનને બે હાથ જોડીને કહેવા લાગી જે, હે મહારાજ, દયા કરીને મને કાંઇક પ્રસાદી આપો. ત્યારે શ્રીજી મહારાજ અનેક પ્રકારના સુંદર ભોજન જમતા હતા. પછી જમી, ચળું કરીને સુંદર રૂમાલથી બે હાથ લૂંછીને તે રૂમાલ ઉમૈયાબાઇને આપ્યું અને કહ્યું જે, લે આ રૂમાલ અને હંમેશા આ રૂમાલની પૂજા કરજે. પછી તે જ્યારે સમાધિમાંથી જાગી ત્યારે રૂમાલ પોતાના હાથમાં જોયું ત્યારે સર્વે સંબંધીજનો કહેવા લાગ્યા જે, આ રૂમાલ તો શ્રીજી મહારાજ હંમેશાં પોતાની પાસે રાખતા, તે રૂમાલ તારી પાસે ક્યાંથી આવ્યું ? ત્યારે ઉમૈયા કહે જે, હું સમાધિ કરીને ગઢડે મહારાજનાં દર્શન કરવા ગઇ હતી. ત્યાં શ્રીજી મહારાજ જમી, ચળું કરીનેપોતાના હાથ લૂંછીને મને આપ્યું છે. તે રૂમાલ હું પૂજવા માટે લાવી છું. ત્યારે,

*ત્યારે સહુ કહે ધન્ય ધન્ય । થયો પરચો કહે એમ જન ॥*
*વળી એકદી ધારણા કરી । આવી મહારાજ પાસળ્યે ફરી ॥*

વળી એક દિવસે એ ઉમૈયા સમાધિ કરીને મહારાજ પાસે ગઇ ત્યાં જઇને શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં અને મનમાં અતિશય રાજી થઇ. તે દિવસે સંક્રાંતિનો દિવસ હોવાથી શ્રીજી મહારાજે ઘણા બ્રાહ્મણોને જમવા બોલાવેલા હતા. તે બ્રાહ્મણો જમી લીધા પછી અન્ન, ધન, વસ્ત્રો વગેરેનું દાન આપતા હતા. ત્યારે તે ઉમૈયાબાઇને ત્યાં બેઠેલી જોઇને તેને શ્રીજી મહારાજે તલના લાડુ પ્રસાદીના આપ્યા અને કહ્યું જે, આ પ્રસાદી તારા પિતા સદાશિવભાઇને આપજે. પછી તે ઉમૈયા જાગી ત્યારે શ્રીજી મહારાજે જે પ્રસાદીના તલના લાડુ આપ્યા હતા તે પ્રત્યક્ષ સર્વેએ દીઠા. પછી તે ઉમૈયાબાઇએ એ તલના લાડુ પ્રસાદીના તે પોતાના પિતા સદાશિવભાઇને આપ્યા. પછી સદાશિવભાઇએ પ્રસાદી સર્વેજનોને વહેંચી



આપી ત્યારે સર્વેજનો ધન્ય ધન્ય ભાગ્ય એ ઉમૈયાબાઇનાં એમ કહીને સર્વે શ્રીજી મહારાજનોજય જયકાર કરવા લાગ્યા.

*વળી એક દિવસની માંઇ । કરી સમાધિ ઉમૈયાબાઇ ॥*
*ગઇ શ્રી મહારાજની પાસ । સામું જોઇ બોલ્યા અવિનાશ ॥*

વળી એક દિવસ ઉમૈયાબાઇ સમાધિ કરીને શ્રીજી મહારાજની પાસે ગઇ ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, હે ઉમૈયા, તું હંમેશાં અમારી પાસે શા માટે આવે છે ? અને તે અમમાં એવું શું છે ? ત્યારે ઉમૈયા કહે છે, હે મહારાજ, આપ તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છો. માટે હું આપનાં દર્શન કરવા માટે આવું છું. તે સિવાય બીજું કાંઇ પણ કામ નથી. ત્યારે શ્રીજી મહારાજ હસવા લાગ્યા અને તે બાઇને એક મુઠ્ઠી સાકર આપી, વળી તુલસીનાં માંજર તોડીને આપ્યાં અને વળી તે દિવસે જન્માષ્ટમીનો દિવસ હોવાથી સુંદર મજાની પિંજુરીની પ્રસાદી આપી. વળી મસ્તક ઉપર પાઘમાં સુગંધીમાન કેવડો ધરેલો તે આપ્યો. ત્યાર પછી શ્રીજી મહારાજ કહે જે, હે ઉમૈયા, હવે તું તારે ઘેર જા. ત્યારે તે બાઇ સમાધિમાંથી જાગીને જે પ્રસાદી લાવી હતી તે સર્વેને વહેંચી આપી. જે પ્રસાદી માટે શિવજીએ શ્રાપ સહન કર્યો વળી જે પ્રસાદીને માટે બ્રહ્માજી મત્સ્ય રૂપે થયા એવી અતિ દુર્લભ પ્રસાદી સમાધિમાં ભગવાનના ભક્તોને પ્રાપ્ત થાય. એવી રીતે '૫૨' મો પરચાય થયો.

---

### પરચો ૫૩મો

## ઉમૈયાબાઈને આપેલો પરચો

*વળી એક દિવસની વાત । અતિ તાણી ગયો વરસાત ॥*
*સહુ લોક થયા છે ઉદાસ । મેલી મેઘ આવવાની આશ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક વરસે વરસાદ અતિશે તાણી ગયો. તેણે કરીને સર્વેજનો ઉદાસ થઇ ગયા અને સર્વે ચિંતા કરવા લાગ્યા જે, આવો દુષ્કાળ કેમ ઉતરીશું અને સદાશિવભાઇ પણ શોક કરવા લાગ્યા જે, આપણા ઘરમાં તો હવે અનાજ ખૂટી ગયું છે, તો આ કાળ વર્ષ કેમ ઊતરાશે ?

માટે શ્રીજી મહારાજને પૂછાવીએ. તે વિના વરસાદ આવશે કે કેમ એનો વિશ્વાસ ન આવે. એવો વિચાર કરીને પોતાની દીકરી ઉમૈયાબાઇને કહ્યું જે, મહારાજને પૂછી તો જો જે, કે આ વરસે વરસાદ આવશે કે કેમ ? પછી ઉમૈયા ધારણા કરીને શ્રીજી મહારાજ પાસે જઇને દર્શન કરીને, બે હાથ જોડીને પાસે બેઠી. ત્યારે શ્રીજી મહારાજ હસીને કહેવા લાગ્યા જે, હે ઉમૈયા, તારે શું પૂછવાનું છે ? તારે જે પૂછવું હોય તે સુખેથી પૂછ્ય. ત્યારે ઉમૈયા પૂછવા લાગી જે, મારા બાપુએ પૂછાવ્યું છે કે, વરસાદ ક્યારે થશે ? ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તારે વરસાદનું શું કામ છે ? તું નિશ્ચિંત થઈને અમારું ભજન કર્યા કર્ય તો તુને અન્ન ને વસ્ત્ર મળશે. ત્યારે ઉમૈયા કહે જે, હે મહારાજ, હું નથી કહેતી પણ મેં તો બીજા લોકોની વતીથી પૂછ્યું છે. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તું અહીંથી જા અને ચાર ઘડીમાં વરસાદ થાશે. ત્યારે ઉમૈયાએ આવીને સર્વેને કહ્યું, ત્યાં તો અતિશે વરસાદ વરસવા માંડ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે કે, આ વરસે વરસાદને વરસવું નોતું પણ ભગવાનને વચને વરસાદ વરસ્યો અને સર્વેને અતિ આનંદ થયો અને સર્વે જયજયકાર કરીને કહેવા લાગ્યા જે,

*ધન્ય બાઈ ધન્ય તારી ભક્તિ । આ તો પરચો થયો મોટો અતિ ॥*
*વળી એક દિવસની વાત । સહું સાંભળજ્યો તે સાક્ષાત્ ॥*

એવી રીતે ૫૩મો પરચો થયો.

---

### પરચો ૫૪મો

## ઉમૈયાબાઈને આપેલ પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક દિવસની વાત કહું છું તેને તમો સર્વે સાંભળજ્યો. એક વખત ઉમૈયાબાઈ સમાધિ કરીને શ્રીજી મહારાજ પાસે જઈને શ્રીજી મહારાજનાં દર્શન કરીને પાસે બેઠી. ત્યારે શ્રીજી મહારાજ હસીને કહેવા લાગ્યા જે, આ છોડી તો હળિ છે. તે રોજ ધ્રોડી ધ્રોડીને અહીં આવે છે એમ કહીને મહારાજે પોતે કંઠમાં સુંદર મોટા ફૂલનો હાર પહેર્યો હતો તે ઉમૈયાને આપ્યો. વળી પોતે જે તોરા, ગજરા, બાજુબંધ ધર્યા હતા તે સર્વે ઉમૈયાબાઈને આપ્યા. પછી જ્યારે ઉમૈયા સમાધિમાંથી દેહમાં આવી ત્યારે તે સર્વે પ્રસાદીની



વસ્તુ પોતા પાસે પ્રત્યક્ષ રહી. વળી એક દિવસે મહારાજે તેને સમાધિમાં સાત જામફળ આપેલાં. વળી એક દિવસેમહારાજે તેને સુંદર અને અતિ સ્વાદિષ્ટ કેરી આપી અને વળી એક દિવસે શ્રીજી મહારાજે અતિ સુંદર તરત તાજા બનાવેલા અને પોતાના થાળમાં ધરેલા બે મોતિયા લાડું પડિયામાં આપ્યા. એમ ઉમૈયાબાઇને સમાધિમાં ભગવાન જે જે પ્રસાદીની વસ્તુ આપે, તે તે અલૌકિક વસ્તુ જ્યારે સમાધિમાંથી જાગે ત્યારે તે પ્રત્યક્ષપણે સર્વેને દેખાય અને તે પ્રસાદી સર્વેને વહેંચી આપે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આ કાંઇ બીજી વાતો જેવી વાત નથી, આ તો અલૌકિક વાતો છે. સર્વેજનો પોતપોતાના હૃદયમાં વિચાર કરજો. આવી રીત તો કોઇ દિવસ દીઠીયે નથી અને સાંભળીયે નથી.

*આજ વાવરે સામર્થિ બહુ । એક જીભે હું કેટલી કહું ॥*
*જનના લાડ પાડે છે જેહ । નથી આવતા કહ્યામાં તેહ ॥*
*લખ્યા પરચા મેં જે જનતણા । નથી એટલા બીજા છે ઘણા ॥*
*આજ અતિ આપે છે આનંદ । ધન્ય ધન્ય કહેનિષ્કુળાનંદ ॥*

એવી રીતે ૫૪મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૪, પરચો ૫૫મો

## રામચંદ્ર વૈદ્યને મહારાજે આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*વળી વડોદરા શહેરની । કહી વર્ણવી વાત ॥*
*પૂર્યા પરચા જનને । સહુ જાણે એમ સાક્ષાત્ ॥*
*એક એકને અનેક પરચા । આપે છે અવિનાશ ॥*
*તેણે ખુમારી તનમાં । મન મગન રહે છે દાસ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી વડોદરા શહેરની આશ્ચર્યકારક વાત કહું છું તેને સર્વે સાંભળો. જે જનો આ સત્સંગમાં આવેલા છે તે જનો અતિ ધન્ય ભાગ્યશાળી છે. કારણ કે એની શ્રીહરિ હંમેશાં સહાય કરે છે. હવે ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ જ્યાં જ્યાં પોતાના આશ્રિતોની સહાય કરી છે તે

કથા હવે કહું છું. વડોદરામાં એક રામચંદ્ર વૈદ્ય એવે નામે એક બ્રાહ્મણ રહે છે. તેણે સમજી-વિચારીને સત્સંગ કર્યો છે અને હંમેશાં ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીનું ભજન કર્યા કરે, પણ અંતરમાં પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શનની ઈચ્છા રહ્યા કરે જે, ઘણા દિવસો થઈ ગયા ભગવાનનાં દર્શન નથી થયાં અને હું પણ વ્યવહારના કામમાં ગૂંચવાયેલો હોવાથી દર્શન માટે જઈ શકતો નથી. તો હવે મને ભગવાનનાં દર્શન ક્યારે થશે ? એમ વિચારીને તે એક દિવસે ઢોલિયા ઉપર સૂતા ત્યાં રાત્રે અચાનક ભગવાને આવીને સાદ કર્યો જે, હે રામચંદ્ર, દરવાજો ખોલો. ત્યાં તો રામચંદ્રે શબ્દ સાંભળીને જાણ્યું જે ભગવાન પધાર્યા છે એમ જાણીને દરવાજો ખોલ્યો એટલે ભગવાન અંદર પધાર્યા. તે ભગવાન કેવા, તો કરોડે કરોડ સૂર્યના સમાન અતિ તેજોમય જેની મૂર્તિ છે, અપાર સુખના સાગર એવા ભગવાનને જોયા અને સાથે નખશિખ પર્યંત જેને સોળે શણગાર ધારણ કરેલા છે એવાં લક્ષ્મીજી સાથે રહેલાં છે એવા ભગવાનનાં દર્શન રામચંદ્રને થયાં. પછી રામચંદ્ર બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે મહારાજ, આપે આજે મને દયા કરીને દર્શન દઈને મને કૃતાર્થ કીધો છે અને મારાં પણ મોટાં ભાગ્ય કે, આજે મને તમારાં અલૌકિક દર્શન થયાં. તો હે મહારાજ, હવે મને આપ આજ્ઞા આપો તો રસોઈ કરાવું અને તમો જમો. ત્યારે ભગવાન કહેવા લાગ્યા જે, અમે તો અત્યારે તમારી અમારા દર્શનની તાણ હતી એટલે અમો તમોને દર્શન દેવા માટે જ આવ્યા છીએ. માટે અમો અત્યારે જમીશું નહીં. કારણ કે અમારે જવું છે માટે તમો દર્શન કરી લ્યો. એમ કહીને શ્રીજી મહારાજ ત્યાંથી ચાલતા થયા. પછી રામચંદ્ર કહે જે, મારાં ધન્ય ભાગ્ય છે કે, ભગવાને દયા કરીને મને પોતાનાં દર્શન દીધાં અને મારા ઉપર પ્રભુ આજે અઢળક ઢળ્યા છે અને ભગવાનેમને મોટો પરચો આપ્યો છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક દિવસે સર્વે રાત્રે દરાજા બંધ કરીને સૂતાં હતાં તેવામાં અર્ધી રાત્રે ભગવાને રામચંદ્રની નોકરાણીને જગાડીને કહ્યું જે, તારા ઘરમાં આગ લાગી છે માટે ઊઠ્ય ત્યારે તેણે ઊઠતાં વાર લગાડી એટલે તેના પત્ની અમૃતબાઈને જગાડીને કહ્યું, તમારા ઘરમાં લાહ્ય લાગી છે અને તમારું ઘર બળે છે અને તમને સૂતાં સારું કેમ લાગે છે ? ત્યારે તેણે વૈદ્યરાજને જગાડીને કહ્યું જે, અરે ઊઠો ઊઠો, મહારાજે મને જગાડીને કહ્યું જે, તમારા ઘરમાં લાય લાગી છે માટે જાગો અને જુવો તો, આગ ક્યાં લાગી છે?



દૂરછે કે અહીં જ સમીપમાં છે ? ત્યારે રામચંદ્રે જાગીને જોયું તો આગ પોતાના જ ઘરમાં થયેલી. પછી તેને ઓલવીને ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, તમોનેધન્ય છે પ્રભુ. તમોએ દયા કરી અમોને જો જગાડ્યા ન હોત તો આજે અમારે કાળ આવવાનો હતો. હે મહારાજ, તમોએ અમારી રક્ષા કરી, જેણે કરીને અમો સર્વે નવે અવતારે આવ્યા છીએ. એમ કહીને સર્વે ભગવાનને પગે લાગ્યા. ત્યારે શ્રીજી મહારાજ કહેવા લાગ્યા કે, અમોએ અત્યારે આ અવતાર લીધો છે તે અમારા અનન્ય ભક્તોની રક્ષા કરવા માટે જ લીધો છે. માટે મારા ભક્ત કોઈ રીતે દુઃખી થાય એવું અમે ક્યારેય ન કરીએ.

*માટે આપ્યો છે પરચો આજ । ધન્ય ધન્ય સુખના સમુદ્ર ॥*

એવી રીતે ૫૫મો પરચો થયો.

---

### પરચો ૫૬મો

## એ રામચંદ્રનો પરચો બીજો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી એક બીજી પરચાની વાત કહું છું જે, એક વખતે રામચંદ્ર વૈદ્યે પોતાને ઘેર સંતોને જમવા માટે આમંત્રણ આપેલું અને તેને માટે પોતાને ઘેર સારી રસોઈ બનાવી તેમાં પકવાનમાં મુખ્ય જલેબી બનાવેલી. તેની સાથે સુંદર શાક, રોટલી વગેરે બનાવીને પોતાને ઘેર સિંહાસનમાં બિરાજમાન ભગવાનની મૂર્તિ આગળ થાળીમાં જલેબી આદિકથી ભરેલો થાળ મૂકીને પાસે બેસીને ભગવાનને જમાડતા હતા. તેમાં પોતાના નેત્રો બંધ કરીને સાથે માનસી પૂજા કરીને ભગવાનને જમાડતા હતા ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ આવીને સિંહાસનમાં રહેલી પોતાની મૂર્તિ, તેની સાથે જમીને એમાંથી આઠ જલેબીની એક થપ્પી પોતાના હસ્તમાં લઈને અદૃશ્ય થઈગયા અને જલેબી ગામમાં એક ભગવાનના ભક્ત બાઈને આપીને કહ્યું જે, હે ભક્તબાઈ, આજે રામચંદ્ર વૈદ્યે સંતોને જમવા માટે આમંત્રણ આપેલું હતું અને તેને જમાડવા માટે થાળમાં સુંદર મજાની જલેબી એમનાં પત્ની અમૃતબાઈએ અતિ ભાવથી બનાવીને સિંહાસનમાં રહેલી અમારી મૂર્તિને જમાડવા માટે જલેબીનો થાળ ભરીને મૂકેલો તેને અમો જમવા માટે ગયેલા હતા. પછી જમીને અમો આ આઠ જલેબીની એક થોકળી

લેતા આવ્યા છૈએ, તેને તમે લ્યો અને જ્યારે બીજા બાઈઓ આવે તેને થોડી થોડી જલેબીની પ્રસાદી આપજો. આમ કહીને પ્રભુ અદૃશ્ય થઈ ગયા. હવે રામચંદ્રભાઈએ જ્યારે ભગવાનને જમી લીધા પછી થાળ વારવાનો વખત થયો ત્યારે ઊભા થઈને પડદાની અંદર થાળમાં જોયું તો આઠ જલેબીની એક થોકળી ઓછી દેખાણી અને મનમાં વિચાર કરવા લાગ્યા જે, આ થાળમાંથી આઠ જલેબી ઓછી કેમ થઈ ગઈ છે ? અને આમ કેમ થયું હશે ? આમ પોતે જ મનમાં વિચાર કરવા લાગ્યા, પરંતુ કાંઈપણ બોલ્યા નહીં અને મનમાં જાણ્યું જે, હશે, ભગવાનને ખબર. પછી સંતો આવ્યા અને જમ્યા. હવે શ્રીજી મહારાજ થાળ જમીને આઠ જલેબીની એ થોકડી લઈને હરિભક્ત એક બાઈને આપી ગયા હતા. તે બાઈને એમ થયું જે, આ જલેબીની પ્રસાદી મને મહારાજ આપી ગયા છે તો તે પ્રસાદી બીજા પણ બાઈઓને આપું. એમ વિચારીને જે જે બાઈઓ, હરિભક્તો મળ્યાં, તેને જરા જરા પ્રસાદી આપી. તે પ્રસાદીની જલેબી જમીને સર્વે બાઈઓ કહેવા લાગ્યાં જે, આવી સુંદર જલેબીની પ્રસાદી અમોને તમોએ આપી તે પ્રસાદી તમોને કોણે આપી ? ત્યારે તે વાત જેમ હતી તેમ કહી તે વાત રામચંદ્રભાઈએ સાંભળીને બાઈઓને બોલાવીને પૂછ્યું, ત્યારે જેને શ્રીજી મહારાજ જલેબીની પ્રસાદી આપી ગયા હતા તે બાઈએ કહ્યું જે, આજે તમોએ સંતોને જમાડવા માટે રસોઈમાં જલેબી બનાવીને ઠાકોરજીને જમાડવા માટે થાળ ઠાકોરજી આગળ મૂકેલો. ત્યારે શ્રીજી મહારાજ પ્રત્યક્ષ જમવા માટે આવેલા હતા. તે જમીને તેમાંથી આઠ જલેબીની થપ્પી લેતા આવ્યા અને મને આપીને કહ્યું જે, અમો વૈદ્યરાજને ઘેર જમવા ગયા હતા તે જમીને થાળમાંથી લાવ્યા છીએ તે આ જલેબીની પ્રસાદી સર્વે બાઈઓને આપજો. એમ કહીને શ્રીજી મહારાજ જતા રહ્યા. તે પ્રસાદી મેં સર્વે બાઈઓને જરા જરા આપેલી છે. આ વાત સાંભળીને રામચંદ્રભાઈને ખાતરી થઈ કે, શ્રી સ્વામિનારાયણ ભગવાન મારે ઘેર મૂર્તિ સ્વરૂપે પ્રગટ વિરાજમાન છે અને અમારો થાળ ભગવાન પ્રત્યક્ષ સ્વીકારે છે. થાળમાંથી જલેબી ઓછી કેમ થઈ તેનો નિર્ણય થઈ ગયો અને રામચંદ્રભાઈને અતિ આનંદ થયો. આ અતિ સુંદર કથા છે. એવી રીતે ૫૬મો પરચો થયો.

---



## *પરચો ૫૭ મો*

# *રામચંદ્ર મહારાજ માટે પોશાક બનાવ્યો*

વળી એક સમયે રામચંદ્રભાઈએ પોતાના ધર્મપત્ની અમૃતબાઈને પૂછ્યું કે, આપણે આવતા સમૈયા ઉપર વડતાલ જઈશું ત્યારે મહારાજને માટે શું લઈ જઈશું ? ત્યારે અમૃતબેન કહે જે, જેમ તમારી મરજી હોય તે વસ્તુ બનાવીએ. ત્યારે રામચંદ્રભાઈ કહે જે, મને તો એવો સંકલ્પ થયો છે કે આપણે મહારાજને માટે અતિ સુંદર કસુંબી વસ્ત્રો બનાવીને લઈ જઈએ. કારણ કે ભગવાનને માટે બનાવવું તે સારી કિંમતી વસ્તુ જ બનાવવી જોઈએ. ત્યારે અમૃતબાઈ કહે જે, તમો કહો છો તેમ જ આપણે કરીએ એમાં વાંધો નથી, પણ એમાં એક વાત છે જે,

*કહે અમૃત કસુંબી વસન । નાથ પહેરે છે કોઈક દન ॥*
*શ્વેત પોશાક પહેરે છે ઝાઝું । માટે એવો કરાવીએ કાજુ ॥*

અમૃતબાઈ કહે જે, શ્રીજી મહારાજ તો કસુંબી વસ્ત્રો તો કોઈક સમયે જ પહેરે છે અને શ્વેત વસ્ત્રો તો હંમેશા પહેરે છે. માટે ધોળાં વસ્ત્રો જ કરાવીએ તો સારું. ત્યારે રામચંદ્રભાઈ કહે જે, એ શ્વેત વસ્ત્રો તો સાદા વસ્ત્રો કહેવાય. માટે આપણે તો આપણી સ્થિતિ અનુસારે કરવું જોઈએ. ભગવાને દયા કરીને ઘણુંયે આપ્યું છે. માટે આપણે તો મહારાજને માટે કસુંબી વસ્ત્રો જ બનાવવાની મારી મરજી છે. એ વાત સાંભળીને અમૃતબાઈનું મોં બગડી ગયું. આવી રીતે ભગવાન માટે વાઘા બનાવવામાં બંનેને મતભેદ થયો. શ્રીજી મહારાજને મનમાં થયું જે, અરે મારા એકાંતિક ભક્ત પતિ-પત્ની વચ્ચે આવો મતભેદ પડે એ સારું નથી એમ જાણીને તરત ચળકતાં કસુંબી વસ્ત્રો ધારણ કરીને દિવ્ય સ્વરૂપે મહારાજ રામચંદ્રભાઈના ઘરની પાસેથી થઈને ચૌટામાં તેની પડોશણ એક બાઈ હતી તેને કહ્યું જે, એ આલી, અમૃતબાઈને બોલાવ અને એ કહે છે કે, મહારાજ જરિયાની વસ્ત્રો નથી પહેરતા તે આ શું છે, જોઈ લે. ત્યારે એ પડોશણે તરત અમૃતબાઈને જઈને કહ્યું જે, આવો, આવો. મહારાજ પધાર્યા છે. ત્યારે અમૃતબહેન તત્કાળ બહાર આવ્યાં અને મહારાજને પગે લાગ્યાં. ત્યારે મહારાજ કહે જે, કેમ અમૃતબેન, અમો કેવા લાગીએ છીએ અને અમારાં વસ્ત્રો કેવાં લાગે છે ? ત્યારે અમૃતબાઈ કહે જે, હે મહારાજ, તમો તો બહુ સારા લાગો છો, ત્યારે શ્રીજી

મહારાજ કહે જે, તમો કહો છો જે, મહારાજ કસુંબી વસ્ત્રો નથી પહેરતા, તો આ શું છે, જુવો, અને અમથી તમારી વાત પકડી બેઠાં છો ? માટે જો તમારે અમારા સારું પોષાક બનાવવો હોય તો આવો સુંદર કસુંબી પોષાક જ બનાવજો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, અમૃતબાઈના મનનું સમાધાન થઇ ગયું. શ્રીજી મહારાજ અદૃશ્ય થઇ ગયા અને અમૃતબાઇ ઘરમાં આવીને હસતાં હસતાં રામચંદ્રભાઈને પગે લાગીને કહ્યું જે, હે પતિદેવ, આપણે મહારાજને માટે સારામાં સારા જરિયાની વસ્ત્રો બનાવવાં છે. કારણ કે સુંદર જરિયાની વસ્ત્રો તો બહુ સરસ લાગતાં હતાં. એટલા માટે આપણે મહારાજને માટે સારામાં સારા કસુંબી વસ્ત્રો બનાવીએ અને એ વસ્ત્રો લઇને મહારાજને દર્શને જઇશું અને એ વસ્ત્રો આપણે મહારાજને પહેરાવીશું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, પતિ-પત્ની વચ્ચે જે મતભેદ થયો, તેનું સમાધાન થઇ ગયું અને અતિ આનંદ થયો. પછી રામચંદ્રભાઈએ સુંદર જરિયાની કાપડ લઇને અતિ સુંદર વાઘા બનાવ્યા. પછી વડતાલ સમૈયા ઉપર પતિ-પત્ની બંને જણાં એ પોષક લઇને ગયાં ત્યારે શ્રીજી મહારાજ સામેથી બોલ્યા જે, આવો આવો વૈદ્યરાજ, અને તમો અમારે માટે કસુંબી પોષાક લાવ્યા છો તે લાવો અમે પહેરીએ. ત્યારે રામચંદ્રભાઈએ એ પોષાક મહારાજને આપ્યો એટલે તરત જ જે વસ્ત્રો પહેરેલાં હતાં તે ઊતારીને વૈદ્યરાજ જે કસુંબી વસ્ત્રો લાવેલા હતા તે વસ્ત્રો ધારણ કરીને સર્વેને પોતાનાં દર્શન આપ્યાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ભગવાન આવી રીતે પોતાના અનન્ય ભક્ત હોય તો તેની પાસેથી કોઇપણ વસ્તુ માંગીને પોતે અંગીકાર કરીને પોતાના પ્રેમીભક્તોના મનોરથ પૂરા કરે છે. આવા ભગવાન શ્રી સ્વામિનારાયણ અતિ દયાળુ છે. એવી રીતે ૫૭મો પરચો થયો.

---

### *પરચો ૫૮મો*

## *શોભારામના પુત્રની રક્ષા કરી*

*નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,*

*વળી વાત એક અતિ સારી । કહુ સહુ લેજો મન ધારી ॥*
*એક શાસ્ત્રી દ્વિજ શોભારામ । ભજે સહજાનંદ સુખધામ ॥*



વળી એક અતિ સુંદર વાત કહું છું તેને સર્વે સાંભળે જે, એ વડોદરા શહેરમાં એક પવિત્ર બ્રાહ્મણ હતા. તે શ્રી સ્વામિનારાયણ ભગવાનના પરમ આશ્રિત સત્સંગી હતા. જેનું નામ હતું શોભારામ શાસ્ત્રી. તેને શ્રીજી મહારાજના વચનમાં દૃઢ વિશ્વાસ હતો. એક વખત એમના પુત્રનો અંતકાળ આવ્યો, જેથી ભગવાન શ્રી સ્વામિનારાયણ તેને તેડવા માટે પધાર્યા. તે સમયે તેના દેહની નાડી તૂટી ગઇ, બોલી બંધ થઇ ગઇ અને તે કોઇને ઓળખી પણ શકે નહીં. એ સમયે શોભારામ શ્રીજી મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા. જે હે મહારાજ, આ મારો દીકરો છેલ્લા શ્વાસ લઇ રહ્યો છે. તો હે મહારાજ, તમારી જેમ ઈચ્છા હોય તેમ કરજો. કારણ કે આ પુત્ર તમારો છે, તમે જ આપેલો છે. મારા દીકરાને તમે જીવાડો તો સારું. આવી રીતનો મારો કોઇ આગ્રહ નથી. કારણ કે હું જાણું છું કે, આ લોક, પરલોકમાં ધાર્યું તો તમારું જ થાય છે. પુત્રને જીવાડશો તો એમ માનીશ કે મહારાજની મરજી અને જો તમો તેને તમારા ધામમાં તેડી જાશો તો પણ હું એમ માનીશ કે મહારાજની મરજી. મને કોઇ જાતનો હર્ષ શોક નથી. વળી હે મહારાજ, તમે દયા કરીને અમો સર્વેને દર્શન દીધાં, અમારી આ સમયે સંભાળ લીધી એ અમારા સર્વેના અહોભાગ્ય કહેવાય. તો હે મહારાજ, આ પુત્રને તમોને યોગ્ય લાગે તેમ કરો. આવી એ શોભારામ શાસ્ત્રીની પ્રાર્થના સાંભળીને શ્રીજી મહારાજ કહેવા લાગ્યા જે, હે ભક્તરાજ, અમો,

*કહે નાથ તારા સુત કાજ । આવ્યા'તા તેડવા અમે આજ ॥*
*પણ મૂકી જઇએ છીએ અમે । સર્વે શોક તજી દેજો તમે ॥*

શ્રીજી મહારાજ કહે છે જે, અમો તમારા પુત્રને તેડવા માટે આવ્યા હતા, પણ હવે અમો તેને તેડી નહીં જઇએ. માટે તમો સર્વે સંબંધીજનો શોકનો ત્યાગ કરી દેજ્યો. એમ કહીને શ્રીજી મહારાજ અદૃશ્ય થઇ ગયા અને તેનો પુત્ર તે જ સમયમાં આળસ મરડીને બેઠો થયો ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા. પછી પથારીથી બેઠો થયેલો પુત્ર કહેવા લાગ્યો જે, અત્યારે તુને અમે મુકી જઇએ છીએ અને તને ધામમાં નહીં તેડી જઇએ. માટે તું અત્યારે અહીં રહે. એમ કહીને મહારાજ અદૃશ્ય થઇ ગયા. આવી પરચાની વાત પુત્રે સર્વેને કહી. તે સાંભળીને સર્વે અતિ આનંદ પામ્યા અને સર્વે કહેવા લાગ્યા જે, આ તો ભગવાને મોટો

પરચો દીધો. જેથી હે ભગવાન, હે સહજાનંદ સ્વામી, તમોને ધન્ય છે કે તમોએ દયા કરીને આ મૃત્યુ પામી ગયેલા બાળકને જીવાડ્યો.

વળી સર્વેને તમોએ દર્શન દીધાં.

*વળી દર્શન દીધાં સહુને । રાખ્યો મનુષ્યની હારમાં મુને ॥*
*એમ કહ્યું શોભારામે જ્યારે । લખ્યું નિષ્કુળાનંદે તે વા રે ॥*

એવી રીતે ૫૮મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૫, પરચો ૫૯મો

## નારૂપંતનાનાના પુત્રની મહારાજે રક્ષા કરી

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*વળી શહેર વડોદરે । કરી જનની જીવને સાર ॥*
*સંભળાવું સંક્ષેપસું । સહુ સુણજ્યો નરનાર ॥*

વળી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ વડોદરા શહેરમાં એક હરિભક્તની સહાય કરી તે વાત સંભળાવું છું તેને સર્વે ભક્તજનો સાંભળજો. ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ આ અવતારે કરીને જે પોતાની સામર્થિ વાવરી છે તે સામર્થિ કોઈથી પણ કહી ન શકાય એવી અલૌકિક સામર્થિ વાવરી છે. આગળમાં અનંત અવતારો ધારણ કરી સર્વે ભક્તજનોને ઘણા પરચા પૂર્યા છે, પણ આજની રીત્ય તો અતિ અલૌકિક છે. તેનો કહેતાં પણ પાર આવે તેમ નથી. વડોદરા શહેરના દક્ષિણી બ્રાહ્મણ નારૂપંતનાના એવે નામે એક શ્રીજી મહારાજના આશ્રિત પરંભક્ત હતા. તે રાજાના મોટા કારભારી હતા. એમ કરતાં તેને સત્સંગ થયો ત્યારથી એને આ દિવ્ય સત્સંગનો રંગ લાગ્યો અને અતિ ઉત્તમ સમજણની દૃઢતા થઈ કે, મને તો પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા છે. તો હવે તો મારા કલ્યાણમાં કોઈ વાતની ખામી નથી. કારણ કે અત્યારે જે મને સહજાનંદ સ્વામી મળ્યા છે તે જ એ સત્ય ભગવાન છે. તે વિના તો બીજા અસત્ય છે. એમ સમજીને પોતાના અંતરમાં એવી ગાંઠ્ય વાળી દીધી તે કોઈની ઉખાડી પણ ઉખડે નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહેછે કે, એમ કરતાં કોઈક દિવસ કાંઈક



વ્યવહાર સંબંધી વિઘ્ન આવ્યું. તે શું ? તો એ નારૂપંતનાનો દીકરો બીમાર પડ્યો. તેને જોઈને એની માતુશ્રીને ચિંતા થવા લાગી જે, આ મારો દીકરો એક જ છે, માટે કોઈ ઉપાયે મારો દીકરો બચી જાય તો સારું. એમ વિચારીને તેણે દેવીને પ્રાર્થના કરીને કહ્યું જે, હે માતાજી, આ મારા એકના એક પુત્રની અત્યારે રક્ષા કરવા પધારો. આવી રીતે જ્યારે દેવીને સંભારી ત્યારે દેવી તો આવી નહીં. પણ એ સમયે અચાનક શ્રીજી મહારાજ આવ્યા અને સાથે હજારો સંતો, પાર્ષદો હતા અને ઘરમાં કરોડે કરોડ સૂર્યના સમાન પ્રકાશ થઈ ગયો. પછી શ્રીજી મહારાજ કહેવા લાગ્યા જે, અમે તારા દીકરા-બાપુને તેડવા આવ્યા છીએ, માટે અમે તે બાપુને તેડી જઈશું એમાં લેશમાત્ર શંકા નથી અને એમાંય તને તારા દીકરાને જીવતો રાખવો હોય અને મારા વિના બીજો કોઈ જીવાડનાર કોઈ દેવી કે ભૈરવ, ભવાની કે ભૂત તેને સંભાર્ય, જો કોઈ અત્યારે તારા દીકરાને જીવાડવા આવે, અરે ભલે તું કોટિ ઉપાય કરીશ તો પણ તારો દીકરો જીવશે નહીં. ત્યારે તે બાઈ બોલી જે, હે મહારાજ, તમારા સિવાય બીજા કોઈપણ દેવ-દેવીઓનો મને જરા પણ ભાર નથી, પણ માનો જીવ છે એટલે તમનેછોડીને મેં દેવીને સંભારી એ મારી ભૂલ થઈ. માટે હેમહારાજ, મારો દોષ નહીં જોઈને મારા ઉપર રાજી થાઓ અને તમને મારા દીકરાને તેડી જવો હોય તો ભલે સુખેથી તેડી જાઓ, એમાં હું રાજી છું. એમાં આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. કારણ કે આ તો દીકરો તમે જ આપેલો છે અને તમારો છે. એમ કહીને બે હાથ જોડીને તે બાઈ મહારાજને પગે લાગી. ત્યારે શ્રીજી મહારાજની સાથે આવેલ દયાળુ સંતો કહેવા લાગ્યા જે, હે મહારાજ, એને આ એક પુત્ર છે અને સંસારીને તો સૂત કે વિત્ત વિના તો આ સર્વે સંસાર દુઃખરૂપ જ લાગે અને પુત્ર અને ધન હોય તો જ આ સંસારમાં ગૃહસ્થને સુખ. માટે હે ભગવાન, એને આપ દયા કરીને અત્યારે જીવાડો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, અમે તારા દીકરાને તેડવા માટે જ આવ્યા હતા, પણ હવે એને અમો તેડી નહીં જઈએ અને તે હવે સાજો થશે અને હવે અમો આવ્યા છીએ તો તારી પડોશણ્યના દીકરા ઘણા છે. માટે એને તેડીજઈશું. માટે તમો ચિંતા કરશો નહીં. એમ કહીને શ્રીજી મહારાજ સંતો સહિત ત્યાંથી અદશ્ય થઈ ગયા અને તેની પડોશણ્યના દીકરાને તેડી ગયા. તેનાં સર્વે ગામમાં સત્સંગી અને કુસંગીને પણ દર્શન થયાં અને સર્વેજનો અતિ આશ્ચર્યને પામી ગયા.

*એમ પ્રગટ પરચો દઈ । ચાલ્યા બીજા બાળકને લઈ ॥*
*નહીં છાનું એ પ્રગટ જાણો । કહે પરચો થયો એ પ્રમાણો ॥*
*કહે નાનો જોડી જુગ હાથ । ધન્ય ધન્ય દિનબંધુ નાથ ॥*
*તમે દયાનિધિ છો દયાળ । દીના નાથ દીન પ્રતિપાળ ॥*

એવી રીતે ૫૯ મો પરચો થયો.

---

## પરચો ૬૦ મો

## વડોદરામાં બાપુભાઈને આપેલ પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*વળી વાત કહું એક સારી । હરિજનને છે હિતકારી ॥*
*એક દ્વિજ બાપુ સરવરિયો । તેણે સમજીને સત્સંગ કરિયો ॥*

એ જ વડોદરા શહેરમાં એક બાપુભાઈ એવે નામે સરવરિયા બ્રાહ્મણ હતા. તેણે કોઇ પૂર્વના પુન્યે કરીને સાચા સંતનો યોગ થયો અને એ સંતોનો આચાર-વિચાર એને સારો લાગ્યો અને વિચાર્યું જે, આવા સંતો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય બીજે ક્યાંય નથી.એમ વિચારીને સંતનોસમાગમ કરવા લાગ્યા. સંતોની વાતો એને સારી લાગી અને મનમાં જે શંકા-કુશંકાઓહતી તે સર્વે નિવૃત્તિ પામી ગઇ. પછી સ્વામિનારાયણના સત્સંગી થયા. સંતોના હાથે કંઠી બાંધી ત્યાર પછી એ બેપરવા થઇ ગયા અને આકરા સ્વભાવના સિપાઇ હતા. સત્સંગ થયા પછી એને અતિ દૃઢ ટેક ઝાલી, કોઇની મૂકે નહીં એવા એ બાપુભાઇ હતા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, હું તેની એક વાત કહું છું તેને સર્વે સાંભળો. એ બાપુભાઈનો એક પુત્ર હતો. તેનું નામ હતું રામસેવક. તે રામસેવક અતિશે માંદોથયો અને અંતકાળ સમીપે આવ્યો ત્યારે દયાળુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ ગરૂડ ઉપર બેસીને પધાર્યા અને સાથે મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીએ પોતાના હાથમાં જળની ભરેલી ઝારી લીધેલી હતી અને નિત્યાનંદ સ્વામીએ સુંદર શ્વેત ચામર ધારણ કરેલું હતું. આવાં દર્શન સર્વે સત્સંગી અને કુસંગીને પણ થયાં. આવા થકા પ્રભુ બાપુભાઈને ઘેર પધાર્યા



ત્યારે તે બાપુભાઈ તથા સર્વેજનોએ સંતમંડળે સહિત એવા શ્રીજી મહારાજને જોઈ, દર્શન કરીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા જે, હે મહારાજ આપ ભલે પધાર્યા અને આપે દયા કરીને અમોને દર્શન આપીને અમોને કૃતાર્થ કીધા છે. ત્યારે મહારાજ કહે જે, હે બાપુભાઈ, અમો તો અત્યારે તમારા દીકરા રામસેવકને તેડવા માટે આવ્યા છીએ. ત્યારે બાપુભાઇ બે હાથ જોડી વિનંતી કરી કહેવા લાગ્યા જે, હે મહારાજ, બહુ સારું. તમે મારા પુત્રને સુખેથી તમારા ધામમાં તેડી જાઓ અને એના ભાગ્યનો પાર ન કહેવાય. કારણ કે એના અંતકાળ સમયમાં તેડવા માટે દયા કરીને પધાર્યા. ત્યારે બાપુભાઇના આવા નિર્દોષ વચનો સાંભળીને સંતો કહે જે, હે બાપુભાઇ, તમોને ધન્ય છે અને તમારી આવી ઊંચા પ્રકારની સમજણનેપણ ધન્ય છે. સ્વામી કહેછે કે પછી સંતો મહારાજને બે હાથ જોડીને કહેવા લાગ્યા જે,

*પછી સંત કહે જોડી હાથ । આજ મેલી જાઓ એને નાથ ॥*
*ત્યારે મહારાજ કહે ઘણું સારું । જાઓ માન્યું એ વચન તમારું ॥*

હે મહારાજ, આજે એનેમેલી જાઓ તો સારું. ત્યારે મહારાજ કહે જે, ભલે બહુ સારું. અમે તમારું વચન માન્યું. એમ કહીને પછી સર્વેજનોને દર્શન દઇ, બાપુભાઇનો શોક ટાળીને ત્યાંથી ચાલતા થયા. તે સર્વેજનોએ દીઠા,

*દીઠા સહુએ પ્રગટ પ્રમાણો । થયો પરચો જન સહુ જાણો ॥*

વળી એક દિવસે બાપુભાઈએ પોતાને ઘેર જમવા માટે સંતોને આમંત્રણ આપ્યું. ત્યારે સંતો તેને ઘેર જમવા માટે પધાર્યા અને તે દસ સંતોનું મંડળ હતું. તેમાં ગોપાળાનંદ સ્વામી મોટા સંત હતા એ પ્રમાણે જ રસોઇ કરેલી હતી. સંતોએ ઠાકોરજીને જમાડીને જમ્યા તો પણ રસોઈ તો ઘણી વધી. તે જોઇને બાપુભાઇ કહેવા લાગ્યા જે, હે સંતો, તમે જમ્યા તો કાંઇ નથી અને આ રસોઇ તો એટલી ને એટલી જ પડી છે. ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે જે, અમો તો અતિ જમ્યા છીએ અને જમવામાં કાઇ પણ ખામી રાખી નથી તો પણ રસોઇ વધી. તો કોઈ બીજા ભગવાનના ભક્તો જમશે, એની ચિંતા તમો કરશો નહીં. હમણાં જ ભગવાન અને ભગવાનના ભક્તો આવશે. ત્યારે બાપુભાઇને સ્વામીના વચનમાં વિશ્વાસ આવ્યો કે આવા સંત બોલે છે એ ખોટું ક્યારેય પણ ન હોય, એમ વિશ્વાસ રાખીને

રાજી થયા. તેવામાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણ દસ-વીસ પાર્ષદોની સાથે અચાનક આવીને કહેવા લાગ્યા કે, હે બાપુભાઇ, આ પાર્ષદો સહિત અમો ભૂખ્યા છીએ. માટે કાંઇ પણ તૈયાર ભોજન હોય તો આપો, તો આ ભૂખ્યા પાર્ષદોને જમાડીએ. ત્યારે બાપુભાઇ કહે જે, હે મહારાજ, ભોજન તૈયાર જ છે, માટે તમો સર્વેને હું અત્યારે જ જમાડીશ. એમ કહીને બાપુભાઇએ શ્રીજી મહારાજને પ્રથમ જમાડીને પછી સર્વે પાર્ષદોને પણ જમાડ્યા. આવી રીતેસંતોના વચને ભગવાન અને સર્વે પાર્ષદો દિવ્યપણે આવીને બાપુભાઇની રસોઇ જમીને તરત જ અંતર્ધ્યાન થઇ ગયા.

*એમ આપ્યો છે પરચો એહ । વળી બીજો કહું સુણો તેહ ॥*
*આપી મૂરતિ મહારાજે એક । પૂજિ જળ લેવું એવી ટેક ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવી રીતે ભગવાને બાપુભાઇને પરચો આપીને તરત જ અદૃશ્ય થઇ ગયાં. એવી રીતે ૬૦ મો પરચો થયો.

---

## પરચો ૬૧મો

## મહારાજે બાપુભાઇને પોતાની મૂર્તિ આપી

વળી એવી જ ચમત્કારી બીજી વાત કહું છું જે, શ્રીજી મહારાજે એ બાપુભાઇને પૂજવા માટે પોતાની મૂર્તિ આપેલી અને કહેલું કે, હે બાપુભાઇ, અમો તમોને પૂજવા માટે આ મારી મૂર્તિ આપું છું. તો હંમેશાં તેની પૂજા કરીને તમારે પાણી પીવું અને આ મૂર્તિ છે તે પ્રત્યક્ષ શ્રીજી મહારાજ જ છે, એ ભાવનાથી હંમેશાં પૂજા કરશો. તો તે પૂજાને આ મૂર્તિ દ્વારા હું અંગીકાર કરીશ. પ્રગટની ભાવનાથી જે થાળ જમાડશો તેને હું જમીશ, જળપાન કરાવશો તે જળપાન હું કરીશ. નિષ્કુળાનંદ સ્વામી કહે છેજે, પછી આવી રીતે તે બાપુભાઇ હંમેશાં મૂર્તિની પૂજા કરતા અને શ્રીજી મહારાજ હંમેશાં પૂજાને સ્વીકારતા હતા. એમ કરતાં એક દિવસે બાપુભાઇએ એ મૂર્તિને બે પૈસાવાળો હલકો હાર ઠાકોરજીને પહેરાવ્યો, ત્યારે ભગવાને ખીજાઇને પોતાના બંને હસ્ત ઊંચા કરીને કંઠમાંથી હાર ઊતારીને દૂર ફેંકી દીધો અને બોલ્યાજે, મને આવો હળવો હાર કેમ પહેરાવો છો ? બીજે ઠેકાણે તો પૈસા વાપરવામાં મન મોકળું રાખો છો અને મને આવો એક પૈસાનો



હલકો હાર પહેરાવો છો તે અમે નહીં પહેરીએ. એવું ભગવાનનું વચન સાંભળીને બાપુભાઇએ બે હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ, ધન્ય મહાપ્રભુ, ધન્ય. તમે મારી ભૂલ ઓળખાવી અને હું હવે ક્યારેય પણ આવી ભૂલ નહીં કરું. એમ કહીને પછી એવો નિયમ લીધો જે, હવે હંમેશા અડધા રૂપિયાનો મોટો અને ભારે સુગંધીમાન પુષ્પોનો મોટો હાર ધરાવવો. પછી હંમેશા એવી રીતે સારો હાર ભગવાનને પહેરાવવા લાગ્યા. વળી એક દિવસ મૂર્તિમાંથી પ્રત્યક્ષ પ્રગટ થઇને શ્રીહરિએ બાપુભાઇને ઠપકો દઇને કહ્યું જે, હે બાપુભાઇ, તમો અમારી પૂજા કરીને નિત્ય બે પતાસા કે બે કાંકરી સાકરની ધરાવો છો અને તમે તો રોજ ટકેં બશેરેક જેટલું મિષ્ટાન્ન જમો છો, તે તમોને શરમ નથી આવતી ? અને અમોને તમો આ તો ચિત્રની મૂર્તિ છે એમ માનો છો ? અમે તો આ મૂર્તિ સ્વરૂપે પ્રત્યક્ષ વિરાજમાન છીએ. માટે ઘરમાં જે રસોઇ થાય તે જ થાળ અમોને નૈવેદ્યમાં જમાડીને ત્યાર પછી જ તમારે જમવાનું. ત્યારે બાપુભાઇએ કહ્યું જે, હે મહારાજ, આપે મારી ભૂલ ઓળખાવી અને હવેથી હું નિત્યે આપને પાકો થાળ કરાવીને તમોને જમાડીશ. આવો પાકો નિયમ બાપુભાઇએ લીધો અને હંમેશાં એવીજ રીતે ભગવાનની આ મૂર્તિ છે તે પ્રત્યક્ષ શ્રીજી મહારાજ જ છે એમ જાણીને હંમેશાં પૂજા કરવા લાગ્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી ગંગાબાઇ એવે નામે એ બાપુભાઇનાં પત્ની હતાં તેની વાત લખે છે.

*વળી એક દને ગંગાબાઇ । બેઠી માનસી પૂજાની માંઇ ॥*
*તિયાં કર્યો તો સુંદર થાળ । આવ્યા પ્રગટ જમવા દયાળ ॥*

પ્રથમ તો તે ગંગાબાઇ પાસેથી દાતણ માગીને લીધું. પછી દાતણ કરીને તેની ચિરૂં ગંગાબાઇને આપી અને પછી ગંગાબાઇએ આપેલ પવિત્ર જળથી સ્નાન કરીને પ્રત્યક્ષ ભગવાન ધીરે ધીરે ગંગાબાઇએ કરેલો થાળ જમ્યા પછી પોતાના પ્રત્યક્ષ દર્શન દઇને મહારાજ અદૃશ્ય થઇ ગયા. પછી તે બાઇએ માનસી પૂજામાં જે થાળ ભગવાનને જમાડેલો તેની પ્રસાદી સર્વેજનોને વહેંચી અને કહે જે, આ પ્રસાદી મેં માનસી પૂજામાં મહારાજને જમાડેલા થાળની છે. વળી મેં મહારાજને માનસી પૂજામાં જે દાતણ આપેલું તેનું ચિરૂં મને મહારાજે આપી છે તેનાં સર્વે દર્શન કરો. ત્યારે સર્વેએ પ્રત્યક્ષ દર્શન કર્યાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

*વળી એક દિને ગંગાબાઈ । કહ્યું દીઠું જે સમાધિ માંઈ ॥*
*થયા મહારાજના દરશન । ભેળા દીઠા બહુ મુનિજન ॥*

વળી એક દિવસે ગંગાબાઈને સમાધિ થઈ. તેમાં ઘણા સંતોની સાથે શ્રીજી મહારાજનાં દર્શન થયાં અને સાથે ઘણા બધાં સંતો હતા અને તે સંતો કોણ હતા તેના નામો પણ સર્વેને કહી સંભળાવ્યાં. ત્યારે સર્વેજનો આશ્ચર્ય પામી ગયાં. એવી રીતે ૬૧ મો પરચો થયો.

---

### પરચો ૬૨ મો

## બાપુભાઈના પુત્રને મહારાજે પરચો આપ્યો

વળી એવી જ બીજી એક આશ્ચર્યકારી વાત કહું છું સાંભળો. એ બાપુભાઈનો પુત્ર રામસેવક તે ગણપતિનો અષ્ટક શીખતો હતો. તેને રાત્રે સ્વપ્નું આવ્યું અને તેને શ્રીજી મહારાજનાં દર્શન થયાં. ત્યારે શ્રીજી મહારાજે પૂછ્યું જે, રામસેવક, તું શું ભણે છે ? ત્યારે તે કહે જે, હે મહારાજ, હું ગણપતિજીનો અષ્ટક ભણું છું પણ મને આવડતો નથી, માટે એ અષ્ટક મને આવડે એવી મારા ઉપર કૃપા કરો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, હું તુને રાધાકૃષ્ણાષ્ટક શીખવાડું છું. એમ કહીને તે અષ્ટક શીખવાડી ગયા.

*નવિનજીમૂતસમાનવર્ણં, રત્નોલ્લસત્કુણ્ડલશોભિકર્ણમ્ ।*
*મહાકિરીટગ્રમયૂરપર્ણં, શ્રી રાધિકાકૃષ્ણમહં નમામિ ॥*

પછી જ્યારે રામસેવક જાગ્યો ત્યારે એ અષ્ટક બોલવા લાગ્યો. તે સાંભળીને સર્વે કહેવા લાગ્યા જે, અરે રામસેવક, તું ગણપતિજીનો અષ્ટક શીખતો હતો અને તે પણ આવડતો નહોતો અને વળી આ અષ્ટક તું ક્યાંથી શીખ્યો ? ત્યારે સર્વેને સાંભળતાં કહેવા લાગ્યો જે, આજે રાત્રે મને શ્રીજી મહારાજ શીખવાડી ગયા છે. તે વાત સાંભળીને સર્વે કહેવા લાગ્યા જે, આ તો તુને ભગવાને પરચો દીધો. માટે તું તો મોટો ભાગ્યશાળી છો, જેથી તુને અષ્ટક ભણાવી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

*મોટા સુગાભી એ નરનાર । પામ્યા પરચા તે એમ અપાર ॥*



*તે તો કહ્યે લખે નાવે પાર । કવિ બહુ બહુ કરે વિચાર ॥*

એવી રીતે ૬૨ મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૬, પરચો ૬૩ મો

## નાથજી ભક્તને આપેલો પરચો

*વળી શહેર વડોદરે । નકિ ભક્ત નાથજી નામ ॥*
*તન ધન ભવન આદિ । આણ્યું હરિને કામ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી વડોદરા શહેરમાં ભગવાનના પરંભક્ત નાથજીભાઈ હતા. તેણે પોતાનું તન, ધન, ઘર જે કાંઈ પદાર્થ હતું તે ભગવાનને અર્થે જ કરી રાખેલું હતું. વળી એના હૃદયમાં કામાદિક અંતઃશત્રુનો તો ક્યારેય અંકુર પણ નહોતો, આવા એ ભગવાનના ભક્ત હતા અને તેનાં પત્ની પણ તેવાં જ અતિ પવિત્ર સ્વભાવનાં હતાં અને તેણે સાંસારિક સુખમાંથી પ્રીતિ તોડીને એક ભગવાનમાં જ દૃઢ પ્રીતિ જોડેલી હતી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

*અવધિ પોત્યે આવિયો । તેહના તે દેહનો કાળ ॥*
*આવ્યા તેડવા તેહને । દીન બંધુ દીન દયાળ ॥*

તે બાઈના દેહનો અંતકાળનો સમય આવી ગયો ત્યારે તેને તેડવા માટે ભગવાન દયાળુ આવ્યા. તે ભગવાનની સાથે હજારો સંતો હતા. વળી હજારો વિમાનો સાથે લાવેલા હતા. આવીને તે બાઈને કહ્યું જે, તમોને તેડવા માટે અમો આવ્યા છીએ માટે ચાલો. ત્યારે તે બાઈ કહે જે, ભલે મહારાજ, એમ કહીને બેઠી વિમાનમાં. એટલેમહારાજ તેને તેડીને ચાલતા થયા. તેનાં સર્વે સત્સંગી અને કુસંગીને પણ દર્શન થયાં ત્યારે સર્વેજનો કહેવા લાગ્યાં જે, આ બાઈ તો વિમાનમાં બેસીને અક્ષરધામમાં જાય છે. અહો, આવો ચમત્કાર તો ક્યાંય દીઠો નથી અને સાંભળ્યો પણ નથી, એમ કહીને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયાં. વળી વાત એવી જ બીજી કહું છું તેને સાંભળો અને તે વાત છે તેના દીકરાની. નાથજી ભક્તનો એક દીકરો હતો. તેને હંમેશાં સમાધિ થતી. તે સમાધિ કરીને જ્યાં શ્રીજી મહારાજ વિરાજમાન હોય ત્યાં જાય ત્યારે ભગવાન તેને પોતે તે સમયમાં જે જમતા હોય

તે બોર, ખારેક, સાકર આપે. ક્યારેક શ્રીહરિ સારી સોપારી મુખવાસમાં જમતા હોય તે સોપારી આપે અને તે પ્રસાદી સમાધિથી જાગે ત્યારે પ્રત્યક્ષ રીતે સર્વેને દેખાડે અને સર્વેને પ્રસાદી આપે.

વળી એ વડોદરા શહેરમાં એક રાયજી એવે નામે હરિભક્ત હતો. તે હમેશાં નાથ ભક્તની સાથે જ રહેતો. એક વખતે તેના દેહનો અંતકાળ વખત આવ્યો ત્યારે શ્રીજી મહારાજે તેને દરશન દઈને કહ્યું જે, હે રાયજી ભક્ત ! તમારી આયુષ્ય પૂરી થઈ છે. માટે અમો તને તેડવા માટે આવ્યા છીએ. ત્યારે નાથભક્ત બે હાથ જોડી, સ્તુતિ કરીને કહે જે, હે મહારાજ, અત્યારે એને મેલી જાઓ તો સારું. ત્યારે મહારાજ કહે જે, હે નાથભક્ત, તમો એકલા થઈ રહેશો. માટે અત્યારે તેને મેલી જઈશું. પછી,

*પછી સહુને દર્શન દીધાં । એમ કાજ નાથજીનાં કીધાં ॥*
*આપે એમ પરચા અત્યંત । કહેતાં લખતાં ન આવે અંત ॥*

એવી રીતે ૬૩ મો પરચો થયો.

---

### પરચો ૬૪ મો

## કિશોરદાસના પુત્ર લખા ભક્તને આપેલો પરચો

વળી એક કિશોરદાસ એવા નામે એક ભક્ત હતા. તેનો પુત્ર હતો તેનું નામ હતું લખો ભક્ત. તેને શ્રીહરિની કૃપાથી સમાધિ થતી. એક વખતે તેને તેના બાપુએ કહ્યું કે, તું સમાધિ કરીને ભગવાન પાસે જ્યારે જા ત્યારે મહારાજને પૂછી તો જો જે કે, જો મહારાજ, આપને ઘેર જમવા પધારે તો આપણે સુંદર થાળ બનાવીએ. પછી લખો સમાધિમાં ગયો અને મહારાજનાં દર્શન કરીને બે હાથ જોડીને પૂછવા લાગ્યો જે, હે મહારાજ, મારા પિતાશ્રીએ આપને પૂછાવ્યું છે કે, મહારાજ જો થાળ જમવા માટે આપણે ઘેર પધારે તો સુંદર રસોઈ બનાવું. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, ભલે અમો જમવાને માટે આવીશું. પછી લખો ભક્ત સમાધિમાંથી જાગ્યો અને પોતાના પિતાને કહ્યું જે, હે બાપુજી, મહારાજ જમવા માટે પધારશે, માટે રસોઈ કરાવો. ત્યારે સુંદર રસોઈ કરીને પછી શ્રીજી મહારાજને સંભાર્યાં એટલે તત્કાળ પ્રભુ આવીને કિશોરદાસે બનાવેલા થાળને



આરોગવા લાગ્યા. જમતાં જમતાં,

*આવ્યા જમવા શ્યામ સુજાણ । પ્રભુ પોતે પ્રગટ પ્રમાણ ॥*
*જમી અર્ધ લાડુ થાળમાંથી । પછી પધાર્યા પ્રભુજી ત્યાંથી ॥*
*દીધાં બહુ જનને દર્શન । નિરખી નાથને કહે ધન્ય ધન્ય ॥*

ભગવાન શ્રીહરિ માત્ર અડધો લાડુ જ થાળમાંથી જમીને તરત જ અદૃશ્ય થઈ ગયા ત્યારે ઘણા સત્સંગી, કુસંગી સર્વેને દર્શન થયા. ત્યારે સર્વેજનો ધન્ય ધન્ય કહીને આશ્ચર્ય પામી ગયા. એવી રીતે ૬૪ મો પરચો થયો.

---

### પરચો ૬૫ મો

## લખાની માને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી બીજી પણ એક વાત કહું છું. એક દિવસે લખાની માતુશ્રીએ લખાને કહ્યું જે, હે લખા, તારી સમાધિને હું સાચી તો માનું કે તારા સ્વામિનારાયણ મને શ્રીકૃષ્ણ રૂપે દર્શન આપે. ત્યારે લખે સમાધિમાં જઈને મહારાજને એ વાત કહી ત્યારે મહારાજ કહે જે, બહુ સારું. તારી માને એવાં દર્શન આપીશું. પછી ભગવાને મસ્તક ઉપર સુંદર મોરના પીંછાએ યુક્ત મુગટ જેને ધારણ કરેલોછે અને પીળું પીતાંબર જેને ધારણ કરેલું છે અને સુંદર મધુર સ્વરે વાંસળીને વગાડી રહેલા અને સોળ વર્ષની કિશોર અવસ્થા જેની છે અને ઘોડા ઉપર વિરાજમાન એવા થકા લખાની માતાને દિવ્ય દર્શન દીધાં અને કહે જે, હે ડોશી, લ્યો અમારાં દર્શન કરો. ત્યારે ડોશીએ પ્રત્યક્ષ પ્રમાણ દર્શન કરીને કહેવા લાગી જે, ધન્ય પ્રભુ, ધન્ય પ્રભુ. તમે મને દયા કરીને આવાં અલૌકિક દર્શન દીધાં અને મારો મનોરથ પૂર્ણ દીધો અને આવી વાત તો કોઈ દિવસ દીઠી પણ નથી અને સાંભળીયે નથી. માટે મારાં પણ મોટા ભાગ્ય કહેવાય. વળી એક વખતે લખો સમાધિ કરીને ભગવાન પાસે ગયો અને પ્રભુનાં દર્શન કર્યાં. તે સમયમાં શ્રીજી મહારાજે સ્નાન કરીને એક સુંદર રૂમાલે કરીને પોતાનું શરીર લૂંઈને પછી એ રૂમાલ લખા ભક્તને આપ્યો. પછી જ્યારે સમાધિમાંથી જાગ્યો ત્યારે તે રૂમાલ પોતા પાસે જ રહ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*લાવ્યો અલૌકિક લોક માંઇ । એથી પરચો મોટો નહિ કાંઇ ।।*

વળી નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ જ વડોદરા શહેરમાં કોઈક કુસંગીને લેવા માટે જમરાજાએ પોતાના દૂતોને મોકલ્યા. તેને દેખીને લખો કહે જે, તમો કોણ છો ? ત્યારે દૂતો કહે જે, અમે તો જમરાજાના દૂતો છીએ અને એક પાપીને લેવા માટે આવેલા છીએ. ત્યારે લખો ભક્ત કહે જે, આ મારી પોળ્યમાં તમારે પેસવાનું નથી. માટે તમો અહીંથી જતા રહો.

*ત્યારે જમ બોલ્યા ડારો દઈ । જા તું બેસ તારે ઘેર જઈ ।।*
*તારે લખો કે નહીં દીયું લેવા । બહુ જમ દીઠાં મેં તું જેવા ।।*
*એમ કહીને વધાર્યું દેહ । માંડ્યા મારવા ભાગ્યા છે તેહ ।।*
*ગયો મારતો જમપુરીમાં । ભાગ્યા બીજા જે રહેતા'તા તેમાં ।।*

લખો ભક્ત જમને કહે જે, તમારે આ પોળ્યામાં પેસવાનું નથી ત્યારે જમ કહે જે, તું તારે ઘેર જઈને બેસી જા. એમ કહીને જ્યારે જમે ડારો દીધો ત્યારે લખો કહેજે, અલ્યા પાપીઓ, મેં તમારા જેવા જમ ઘણાયે દીઠાં છે. માટે ભાગો છો કે નહીં ? એમ કહીને શ્રીજી મહારાજને સંભારીને પોતાનું શરીર વિરાટના સમાન વધાર્યું અને મોટી લાકડીથી માંડ્યો જમને મારવા. ત્યારે જમ તો રાડ્ય નાખીને ભાગ્યા અને પાછળ લખો અને આગળ જમ. આવી રીતે લખો જમને મારતો મારતો છેક જમપુરી સુધી પહોંચી ગયો ત્યારે જમપુરીમાં બીજા જમ હતા તે પણ ભય પામીને સર્વે ભાગી ગયા અને આખીય જમપુરી ખાલી કરી નાખી. ત્યારે જમરાજા શ્રીજી મહારાજ પાસે આવીને પગે લાગીને રાવ ખાધી. ત્યારે ભગવાન કહે જે, હે દૂતો, તમે પાછા જમપુરીમાં જાઓ અને હવે એ તમોને મારશે નહીં અને તમો કહેજો કે, મહારાજની આજ્ઞા છે. માટે તમો બીવડાવશો નહીં. પછી એ જમ ગયા અને લખો ભક્ત પણ પાછો આવ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એવી રીતે લખે ભક્તે કુસંગીની રક્ષા કરી. એવી રીતે ૬૫ મો પરચો થયો.

---



## પરચો ૬૬મો

## લખા ભક્તનો એવો જ બીજો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં એક પીતાંબરદાસ એવા નામે એક ભક્ત હતો. તેણે એક દિવસે લખા ભક્તને કહ્યું કે, આ હું એક સુંદર જામફળ લાવ્યો છું તે તું લઈને સમાધિમાં મહારાજની પાસે જઈને મહારાજને જમાડજે. એમ કહીને લખાને આપ્યું. એટલે લખે ભક્તે તે જામફળ હાથમાં લઈને ગયો સમાધિમાં અને મહારાજને કહે જે, હે ભગવાન, આ સુંદર જામફળ પીતાંબરદાસે આપને માટે આપ્યું છે, માટે આપ જમો. ત્યારે શ્રીજી મહારાજે એ જામફળ પોતાના હસ્ત કમળમાં લઈને માંડ્યા જમવા. અર્ધું જમીને અર્ધું પાછું દીધું અને કહ્યું જે, આ પ્રસાદી પીતાંબરદાસને આપજે. પછી જાગીને પ્રસાદી પીતાંબરદાસને આપી અને પીતાંબરદાસે સર્વેને જામફળની પ્રસાદી વહેંચી આપી. આવી રીતે,

*થયા લખાને પરચા લાખું । એક જિભે હું કેટલા ભાખું ।।*

એવી રીતે ૬૬ મો પરચો થયો.

---

## પરચો ૬૭મો

## ભગવાનદાસને મહારાજે પરચો દીધો

વળી વડોદરા શહેરમાં એક ભગવાનદાસ એવે નામે એક ભક્ત હતા. તેને મહારાજે દિવ્ય દર્શન આપીને કહ્યું જે, હે ભગવાનદાસ, ચાલો અમારી સાથે. ભગવાનદાસને, આ તો ભગવાન દિવ્ય સ્વરૂપે પધાર્યા છે એ ખબર નથી અને એ તો મહારાજની સાથે થયો ચાલતો. ભગવાનદાસ મહારાજને કહે જે, હે મહારાજ, કઈ બાજુ જવું છે ? ત્યારે મહારાજ કહે જે, વડતાલ જઈએ છીએ. અત્યારે વડતાલમાં, શ્રીહરિ જયંતીનો ઉત્સવ છે. માટે ત્યાં જઈએ છીએ. ત્યારે ભગવાનદાસને થયું જે, બહુ સારું થયું. વડતાલમાં ઉત્સવનાં દર્શન થઈ જશે. પછી જ્યાં વડતાલ પહોંચ્યા ત્યાં અતિ વિશાળ સભા ભરાઈને બેઠેલી અને તેમાં હજારો સંતો, હરિભક્તોની મધ્યે સિંહાસન ઉપર વિરાજમાન શ્રીજી મહારાજને

દીઠા. ત્યારે ભગવાનદાસને થયું જે, મહારાજ તો મારી જોડે જ હતા અને આ સભામાં ક્યારે આવી ગયા ? આવી રીતે મનમાં વિચાર કરે છે તેવામાં મહારાજ કહે જે, હે ભગવાનદાસ, ચાલો જેતલપુર જઈએ. વડતાલમાં ભક્તને દર્શન કરાવીને ચાલતા થયા જેતલપુર બાજુ. ચાલતાં ચાલતાં આવ્યા જેતલપુર. તો ત્યાં હજારો સંતો અને હરિભક્તોની સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા શ્રીજી મહારાજનાં દર્શન થયાં.

*તિયાં દીઠાં છે દર્શન કરતાં । પ્રભુ મુખ થકી ફૂલ ઝરતાં ॥*
*ઘડી ઊભે લગી એમ રહ્યું । નહીં પરોક્ષ પ્રત્યક્ષ થયું ॥*

ભગવાનદાસ મહારાજનાં દર્શન કરતા હતા તેવામાં મહારાજના મુખાર્વિન્દ થકી ફૂલ ઝરતાં હોય ને શું ? આવાં દર્શન થયાં. આવાં ભગવાનદાસને બે ઘડી સુધી દર્શન થયાં. આ તો અલૌકિક પરચો મહારાજે ભગવાનદાસને આપ્યો. નિષ્કુળાનંદ સ્વામી કહે છેજે, આ તો મારા અંતરની વાત છે. તે મેં જે દીઠી છે તેમ લખી છે. વળી એક દિવસ શ્રીજી મહારાજ થાળ જમતા હતા. તે થાળમાં ધરાવેલી સાકર જમતા હતા, તેમાંથી ભગવાનદાસને પ્રસાદી આપી. પછી તે ભગવાનદાસ પોતાને ધન્ય ભાગ્યશાળી માનવા લાગ્યો. એવી રીતે ૬૭ મો પરચો થયો.

---

### પરચો ૬૮મો

## વડોદરામાં જગજીવન ભક્તને પરચો દીધો

વળી એ વડોદરા શહેરમાં એક જગજીવન નામે હરિભક્ત હતો. તે હંમેશાં શ્રીજી મહારાજનું ભજન કર્યા કરે. તેને સત્સંગ મૂકાવવાને માટે દુષ્ટ લોકોએ વગર વાંકે કોઈ વાંકમાં લઈને તેને પકડાવીને બંધીખાને નાખવામાં આવ્યો અને હાથે-પગે બેડીઓ પહેરાવી દીધી, પછી દુષ્ટ લોકો કહેવા લાગ્યા જે, તું જ્યારે એક હજાર રૂપૈયા અમોને આપીશ ત્યારે અમો તુને બહાર કાઢીશું, નહીં તો તુને મારીશું. એમ દુષ્ટ પુરુષો ડરાવવા લાગ્યા ત્યારે જગજીવન તો ભગવાનની અતિશે પ્રાર્થના કરવા લાગ્યો ત્યારે તે જ સમયે ભગવાન શ્રીહરિ સહજાનંદ



સ્વામી તત્કાળ ભક્તની રક્ષા કરવા માટે પધાર્યા અને પોતાના દાસને દર્શન દઈને કહ્યું જે, તું કાંઈ પણ ચિંતા રાખીશ માં અને તુને ડારો દઈને કહેજે, તું એક હજાર રૂપૈયા આપીશ ત્યાર પછી જ તુને છૂટો કરીશું તો પણ રૂપૈયા આપવાની હા કહીશ નહીં અને અમો કાલે તુને પહેરાવેલી બેડીઓને તોડીને તુને છોડાવીશું એમ કહીને પ્રભુ અંતર્ધ્યાન થઈ ગયા, પછી બીજે દિવસે ભગવાને એને પહેરાવેલી બેડીઓને ભાંગીને એ જગજીવનને છોડાવી ગયા. બંધીખાનેથી બહાર કાઢયો.

વળી એક દિવસે એ જગજીવનના બાપુને આયુષ્ય પૂરી થઈ હોવાથી શ્રીજી મહારાજ તેને પોતાના ધામમાં તેડી ગયા. ત્યારે ગામમાં સત્સંગી સર્વેને દર્શન થયાં. વળી એક દિવસે જગજીવન ભગવાનનું ભજન કરવા માટે બેઠો હતો. તેવામાં અચાનક ઉત્પન્ન થયેલો તેજનો મોટો અંબાર દીઠો અને તે તેજનો સમૂહ સર્વજનોએ દીઠો અને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી રીતના પરચા જગજીવનને અનંતવાર આપેલા. તેને લખવા માંડીએ તો પાર જ ન આવે. એવી રીતે ૬૮ મો પરચો થયો.

---

### પરચો ૬૯મો

## કાછિયા ખુશાલ ભક્ત્યની દીકરી અમૃતબાઈને પરચો દીધો

વળીએ વડોદરા શહેરમાં એક હરિભક્ત કાછિયો ખુશાલ એવે નામે હતો. તેને ભગવાન સંગાથે હેત ઘણું. તે ખુશાલ કાછિયાની દીકરી હતી. તેનું નામ હતું અમૃતબાઈ. તેને સમાધિ થાતી. તે સમાધિ કરીને ભગવાનના ધામમાં જાય અને ભગવાનનાં દર્શન કરે. એક દિવસે સમાધિ કરીને ધામમાં ગઈ અને દર્શન કર્યાં ત્યારે ભગવાને એ બાઈને પ્રસાદીના પેંડા આપ્યા અને તે સમયે શ્રીહરિએ પોતાના કંઠમાં ગુલાબના પુષ્પનો હાર પહેરેલો હતો તે હાર ઊતારીને અમૃતબાઈને આપ્યો. વળી પોતે શેલડીનાં માદળિયાં જમતા હતા તે શેલડીનાં પ્રસાદીનાં માદળિયાં તે બાઈને આપ્યાં, પછી જ્યારે એ અમૃતબાઈ જાગી ત્યારે સર્વેને પ્રત્યક્ષ દર્શન થયાં, પછી તે કહે જે, હું આજે સમાધિમાં મહારાજનાં દર્શન કરવા ગઈ હતી, તે આ પ્રસાદી મહારાજે મને આપી છે, તે તમો પણ આ પ્રસાદી

લીયો. એમ કહીને એ પ્રસાદી સર્વેજનોને વહેંચી આપી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી રીતે એ અમૃતબાઈ વારે વારે સમાધિ કરીને ભગવાન પાસે જાય અને ભગવાને આપેલી પ્રસાદી આ લોકમાં લઈ આવે અને પોતે જમે અને બીજા સર્વેને પ્રસાદી આપે. ત્યારે સર્વેજનો એ અલૌકિક પ્રસાદીને પામીને અતિ આનંદ પામે અને સર્વે કહે જે, હે અમૃત, તું તો મોટી ભાગ્યશાળી છો. કારણ કે ભગવાન વારંવાર સમાધિમાં તુને પ્રસાદી આપે છે. આ તો અતિ મોટો ચમત્કાર કહેવાય. એવી રીતે ૬૯ મો પરચો થયો.

---

### પરચો ૭૦મો

## વડોદરામાં બેચર કાછિયાને મહારાજે પરચો દીધો

વળી એ વડોદરા શહેરમાં શ્રીજી મહારાજનો આશ્રિત એક બેચર એવે નામે કાછિયો ભક્ત હતો તેની વાત કહું છું તેને સર્વે સાંભળો જે,

*જાય સમાધિમાં પ્રભુ પાસ । હરિ રાજી થાય દેખી દાસ ।।*
*પછી આપે પ્રસાદી દયાળ । જાણી બેચરને નાનો બાળ ।।*

એ બેચર સમાધિ કરીને ભગવાનનાં દર્શન કરવા માટે જાય ત્યારે મહારાજ એને નાનો બાળક જાણીને પ્રસાદી આપે. તે કયારેક મીઠાં લીંબુ આપે, જામફળ આપે, કયારેક પ્રસાદીના પેંડા આપે. તે જ્યારે સમાધિથી જાગે ત્યારે સર્વેને પ્રત્યક્ષ દેખાય અને તે બાળક પ્રસાદી ખાય અને વખાણે જે, આ જુવો, મને મહારાજે પ્રસાદી આપી છે અને તે અતિશે સ્વાદિષ્ટ પ્રસાદી છે એમ કહે અને બેચર રાજી થાય.

એક દિવસે સર્વે કુસંગી ભેળા થઈને કહે જે, હે બેચરીઆ, તું અહીં આવ્ય અને અમો તારું પારખું લૈયે. તે શું તો અમે તારાં વસ્ત્ર સર્વે ઊતારીને નગ્ન કરીએ અને પછી તું સમાધિમાં તારા ભગવાન પાસે જઈને પ્રસાદી લાવે, તો અમને માન્યમાં આવે જે, તારા ભગવાન સાચા અને તેનો સત્સંગી તું પણ સાચો. એમ કહીને તેને પહેરેલાં સર્વે વસ્ત્રો ઊતારીને નગ્ન કરીને કહે જે, હવે તું સમાધિમાં જઈને તારા ભગવાન પાસેથી પ્રસાદી લાવ્ય, એટલે એ બેચર સમાધિ કરીને



ધામમાં શ્રીજી મહારાજ જ્યાં બેઠા હતા ત્યાં જઈને મહારાજનાં દર્શન કરીને પાસે બેઠો ત્યારે શ્રીજી મહારાજ એની દિગંબર દશા જોઈને હસ્યા અને એ સમયે મહારાજ તે સર્વેને દેખાડયા અને સર્વેને પ્રસાદી આપી. તે સર્વજનો અતિ આશ્ચર્ય પામી ગયા અને સહુ કહેવા લાગ્યા જે, ધન્ય છે સ્વામિ નારાયણના આશ્રિત સત્સંગીને એમ કહીને સર્વે પગે લાગ્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*એમ પરચા અપરમપાર । આપે અલબેલોજી આવાર ।।*
*તેણે વર્તે છે અતિ આનંદ । કહ્યું ન જાય નિષ્કુળાનંદ ।।*

એવી રીતે ૭૦ મો પરચો થયો.

---

### પરચો ૭૧મો

## દયાળજી સોનીને મહારાજે પરચો દીધો

*વળી વડોદરા શહેરમાં । જેહ કર્યાં જનનાં કાજ ।।*
*સાંભળજ્યો સંક્ષેપ શું । જેહ જેહ કર્યું મહારાજ ।।*
*સોની કુળમાં ભક્ત ભલો । ત્રિકમજી તેનું નામ ।।*
*તેનો સૂત દયાળજી । થાય ધારણા દેખે ધામ ।।*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં જે જે ભક્તોને શ્રીજી મહારાજે પરચા આપ્યા છે તે વાતને સંક્ષેપથી કહું છું તેને તમો સર્વે સાંભળજ્યો. એ વડોદરા શહેરમાં એક ત્રિકમજી સોની નામે શ્રીજી મહારાજનો આશ્રિત ભક્ત હતો. તેના પુત્ર દયાળજીને વારે વારે સમાધિ થાય અને સમાધિમાં ભગવાનના ધામમાં જાય અને ત્યાં ભગવાનનાં અને અનંત મુક્તોનાં અને મહારાજની પ્રાર્થના કરતા તેત્રીસ કરોડ દેવતાઓનાં દર્શન થાય. એક સમયે દયાળજી સમાધિ કરીને ભગવાનના ધામમાં ગયો. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા શ્રીજી મહારાજનાં દર્શન એ દયાળને થયાં. વળી તિયા શ્રીજી મહારાજની પાસે બેઠેલા અનંત મુક્તોને અને શ્રીજી મહારાજની સ્તુતિને કરતા તેત્રીસ કરોડ દેવતાઓને દીઠા. વળી એક સમયે શ્રીજી મહારાજે સર્વે મુક્તોને અને દેવોને પૂછ્યું કે, હે મુક્તો અને દેવો, જો તમો બધા રાજી હો'તો અમદાવાદમાં

મંદિર કરાવીને તેમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવીએ. ત્યારે સર્વે મુક્તો અને સર્વે દેવોએ તાળી વગાડીને કહ્યું જે, હે મહારાજ, બહુ સારું. તમોએ આ વાત અતિ સરસ ઉચ્ચારી છે અને એ નરનારાયણદેવની મૂર્તિ પૃથ્વી ઉપર કયાંયે છે નહીં. વળી આ ભરતખંડના રાજા પણ એ નરનારાયણ દેવ છે. માટે એ વાત અમને ગમે છે.

*માટે જરૂર કરવું એ કાજ । એમ બોલીયો સૂર સમાજ ॥*
*તે દયાળજી જોઈને આવ્યો । ત્યાંની ખબર તે અહીં લાવ્યો ॥*

સર્વે મુક્તો અને સર્વે દેવોએ બે હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ, શ્રી નરનારાયણદેવની મૂર્તિ અમદાવાદમાં અવશ્ય પધરાવવી જ જોઈએ. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવી રીતની અક્ષરધામમાં થયેલી વાય સમાધિમાં ગયેલા દયાળજીએ જોઈને પછી સમાધિમાંથી જાગીને સર્વેજનોને કહી સંભળાવી. તે વાત સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા જે આ તો અતિ મોટો પરચો કહેવાય. પછી કોઈ સમયે કેટલાક સંતો વડોદરા આવેલા ત્યારે તે હરિભક્તોએ પૂછ્યું કે, હે સંતો, અમદાવાદમાં મંદિર પૂરું થશે ત્યારે તે મંદિરમાં કયા દેવોની પ્રતિષ્ઠા થવાની છે ત્યારે સંતો કહે જે, હજી કાંઈ નક્કી થયું સાંભળ્યું નથી, ત્યારે હરિભક્તો કહેવા લાગ્યા કે, હે સંતો, આ દયાળજી સમાધિ કરીને અક્ષરધામમાં ગયેલો હતો. તે અક્ષરધામમાં શ્રીજી મહારાજ અનંત મુક્તો અને અનંત દેવોને કહેતા હતા જે, અમો અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ પધરાવીશું, એ વાત સાંભળીને સમાધિમાંથી જાગીને સર્વેને વાત કહે છે. નિષ્કુળાનંદસ્વામી કહે છે જે, વળી એ ત્રિકમજીની વાત કહું છું. એક વખતે ત્રિકમજીએ પોતાના પુત્ર દયાળજીને કહ્યું જે, હે દયાળજી, તું જ્યારે સમાધિ કરીને અક્ષરધામમાં જા ત્યારે મહારાજની પાસેથી એક માળા માગજે અને જો મહારાજ માળા આપે તો તું લેતો આવજે. તેવામાં ઈચ્છારામે અને રણછોડદાસે કહ્યું જે, અમારા માટે એક માળા લેતો આવજે, ત્યાં વળી ભગવાનદાસે કહ્યું જે, મારે માળા ફેરવવા માટે એક ગૌમુખી નથી, તો લેતો આવજે, કારણ કે મહારાજના હાથની પ્રસાદીની વસ્તુ મળે કયાંથી ? ત્યારે વળી એક વણારસી ભક્ત બોલ્યો જે, હે દયાળજી મારે માટે માળાની ગણતરી કરવા માટે એક બેરખોને એક



માળા મહારાજની પાસે બે હાથ જોડીને માંગી જો જે. જો આપે તો પ્રસાદીની વસ્તુ લેતો આવજે, પછી તે દયાળજી બેઠો ધ્યાનમાં. ત્યાં તો તેને સમાધિ થઈ અને ગયો અક્ષરધામમાં, ત્યાં મહારાજનાં બે હાથ જોડી દર્શન કરીને પાસે બેઠો, ત્યારે મહારાજે કહ્યું જે, હે દયાળજી, તું આજે શું શું વસ્તુ લેવા આવ્યો છો તે તું કહે. જે જે વસ્તુ કહીશ તે તે પ્રસાદીની વસ્તુ અમો આપીશું, ત્યારે દયાળજી કહે જે, હે મહારાજ, સાંભળો. મારા પિતાશ્રી આદિક હરિભક્તોએ જે જે વસ્તુ પ્રસાદીની મારા દ્વારા મંગાવી છે તે કહું છું જે, છો માળા, એક ગૌમુખી અને એક બરેખો આટલી વસ્તુ મને આપો ત્યારે મહારાજે એ સર્વે વસ્તુ આપી, એટલે દયાળજી તત્કાળ સમાધિથી જાગ્યો અને પોતે ધામમાંથી જે જે વસ્તુ લાવ્યો હતો તે તે વસ્તુ જેને જેને જોઈતી હતી તેને તેને તે તે વસ્તુ આપી દીધી.

*જેણે જેણે મગાવી'તી જેવી । દીધી સહુને માળાઓ તેવી ॥*
*જાડી ઝીણી સુખડચ તુલસીની । આપી ગૌમુખી એક નવિની ॥*
*સહુ જોઈને આશ્ચર્ય પામ્યા । ધન્ય સ્વામી કહી શિશ નામ્યા ॥*
*ભાઈઓ આ તો વાત મોટી કહીએ । આથી પરચો બીજો કિયો લઈએ ॥*

વળી એક દિવસ દયાળજી સમાધિ કરીને અક્ષરધામમાં ગયો. પછી જ્યારે સમાધિથી જાગ્યો ત્યારે સુંદર જામફળ લાવ્યો. એવી જ રીતે જ્યારે જ્યારે એ સમાધિમાં જાય અને પાછો આવે ત્યારે ક્યારેક તો પાંચ, ક્યારેક સાત અને ક્યારેક છો અને ક્યારેક સાત જામફળ લાવે. તે જ્યારે સમાધિમાંથી જાગે ત્યારે પ્રત્યક્ષ પોતાની પાસે દેખાય અને તે પ્રસાદીની વસ્તુ પોતાને જરૂર હોય એટલી રાખીને બાકીની બીજા સત્સંગીઓને આપી દે. વળી તે દયાળજી ક્યારેક સાકર લાવે. આવી રીતે જ્યારે જ્યારે સમાધિમાં જાય ત્યારે કાંઇને કાંઇ પ્રસાદી લાવે.

વળી એક દિવસે દયાળજીએ સુંદર થાળ મહારાજ માટે કરીને પછી મહારાજની પ્રાર્થના કરી જે, હે મહારાજ, તમો મારે ઘેર જમવા માટે પધારો. ત્યારે શ્રીજી મહારાજ આવી થાળ જમ્યા, તેને સર્વેજનોએ દીઠા. જમીને પાછા પધાર્યા ત્યારે પણ સર્વેજનોને પ્રત્યક્ષ દર્શન થયાં.

*એમ પરચા થાય છે નિત્ય । ધન્ય ધન્ય એ ભક્તની પ્રિત્ય ॥*

વળી નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એક સમયે એ દયાળજીના ઘરમાં

ચોરી થઈ. તેમાં સોના-ચાંદીના દાગીના અને એક માળા ચોરાઈ ગઈ. પછી તેણે વિચાર કર્યો જે, મારા ઘરમાં ચોરી થઈ છે તેની ફરિયાદ જો પોલીસમાં કરીશ તો તો એનો વિધિ બહુ લાંબો ચાલશે અને તેમાંય મારી ચોરાયેલી વસ્તુ મળશે કે ન મળે પણ એનું કાંઈ પણ નક્કી નહીં અને વળી ચોર તો બધું લઈ ગયો અને વળી પોલીસોને આપવું પડે એ વધારાનું. આ તમો ક્યાંથી લાવ્યા છો, ક્યાં રાખ્યું હતું, ચોરી ક્યારે થઈ ત્યારે તમો ક્યાં હતા અને એ ચોરને તમોએ જોયોછે કે નથી જોયો ? આ બધું મોટી ચિંતામાં નાખશે. માટે કોઈને વાત નહીં કરતાં હું મહારાજને પૂછી જોઉં. એમ વિચાર કરીને દયાળજી સમાધિમાં ગયો અને મહારાજને કહ્યું જે, હે મહારાજ, મારા ઘરમાં ચોરી થઈ છે. તે સર્વે દાગીના અને એક માળા ચોરાઈ ગઈ છે તો તે વસ્તુ મળશે કે નહીં મળે. ત્યારે મહારાજ કહે જે, એ ચોરી કરનાર ચોર કોણ છે એ ખબર નથી પણ તારા ચોરાયેલા દાગીના આ રહ્યા, લઈ જા. ત્યારે દયાળજી અતિ રાજી થયો અને પોતાના દાગીના ઓળખીને લઈ લીધા. આવી રીતે જો આપનું દ્રવ્ય ન્યાયનું હોય અને નામ ધરમાદો મહારાજની આજ્ઞા પ્રમાણે ચોખો કાઢતા હોઈએ તો ભગવાન આપણી પણ રક્ષા કરે છે એમાં સંશય નથી. એવી રીતે ૭૧ મો પરચો થયો.

---

### પરચો ૭૨મો

## વલ્લભજી સોનીને મહારાજે પરચો દીધો

*વળી વાત કહું એક બીજી । જે વાવરિછે સામર્થિ શ્રીજી ।।*
*એક સોની વલ્લભજી સારો । પ્રેમી ભક્ત પ્રભુજીને પ્યારો ।।*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એક વલ્લભજી એવા નામે સોની ભક્ત હતો અને તે ભગવાનમાં બહુ પ્રીતિવાળો હતો. તેને એક દિવસે જમતાં ભોજનમાં જંતુની ભ્રાંતિ થઈ એટલે વિચાર કર્યો જે, આવું જીવડાવાળું અન્ન કેમ ખવાય ? માટે હવે આજથી અન્ન જ લેવું નથી. તેને ઘણા દિવસો વીતી ગયા તો પણ તેને જમવાનું મન જ થાય નહીં અને ભગવાનનું ભજન કર્યા કરે અને તેની જ ખુમારીમાં રહે. એક દિવસ તેને શ્રીજી મહારાજે કહી મોકલાવ્યું જે, એવી ટેક તારે રાખવી



નહીં અને હવે આજથી અન્ન જમજે અને ખાવું મેલીને સિદ્ધ થવાની કોઈ જરૂર નથી. એ વચન જ્યારે શ્રીજી મહારાજે કહ્યું ત્યારે વલ્લભજીને ભૂખ લાગી અને અન્ન જમવા માંડ્યો.

*એવી સામર્થિ નાથની જોઈ । કહે ધન્ય ધન્ય સહુ કોઈ ।।*
*એવી આશ્ચર્યકારી છે વાતુ । તે મેં લખતાં નથી લખાતું ।।*

એવી રીતે ૭૨ મો પરચો થયો.

---

### પરચો ૭૩ મો

## વજેસિંહ ભક્તનો તાવ મહારાજે કાઢ્યો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં એક ક્ષત્રિય ભક્ત હતા. વજેસિંહ એનું નામ હતું. તેને શરીરે તાવ આવે તે કોઈ રીતે તાવ ઊતરે નહીં. તેણે કરીને એને અન્નનો અતિશે અભાવ થઈ ગયો જેથી તેનું શરીર અતિશે સૂકાઈ ગયું, તો પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ આવી રીતે ભગવાનનું ભજન બરોબર કર્યા કરે. તેવામાં એક દિવસે ભગવાન શ્રીહરિ પધાર્યા અને તાવને કહ્યું જે, અલ્યા તાવ, તું અત્યારે નિસરેં છે કે નથી નીસરતો ? એમ કહીને પોતાના હાથમાં સોટી હતી તે તાવને અતિ જોરથી સોટી મારી ત્યારે તેના શરીરમાંથી તાવ નિસરીને અતિ ચીસ નાખીને કહે જે, હે મહારાજ, મને તમે વગર વાંકે શા માટે મારો છો ? અને આવળી રીસ શા સારું કરોછો ? ત્યારે મહારાજ કહે જે, હવે આજ પછી તું મારા ભક્તના દેહમાં આવીશ માં. ત્યારે તાવ કહે જે, હવે હું ફરીવાર ન આવું અને જો ફરીવાર આવું તો તમારો ચોર કહેવાઉં. એમ કહી ભગવાનને પગે લાગીને જતો રહ્યો તે પાછો ફરીને આવ્યો જ નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી રીતે ભગવાનને પગે લાગીને જતો રહ્યોતે પાછો ફરીને આવ્યો જ નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી રીતે ભગવાને પોતાના ભક્તના દેહમાંથી તાવને કાઢીને તેને પોતાનું દર્શન દઈને અંતર્ધ્યાન થઈ ગયા. એવી જ રીતે એ જ વડોદરા શહેરમાં એક આદિત નામે કડિયો હતો તેને પણ તેવોજ અતિ જોરદાર તાવ આવે. તેને પણ ભગવાને સોટી મારીને કાઢી મેલ્યો તે ફરી પાછો આવ્યો જ નહીં.

*એમ ઘડી ઘડી પળે પળે । બહુ પરચા જનને મળે ॥*
*કરે રક્ષા અનંત પ્રકારે । હરે છે જન દુઃખ આવા રે ॥*

એવી રીતે ૭૩ મો પરચો થયો.

---

### પરચો ૭૪ મો

## બાપુજી વણિક ભક્તને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં વણિક ભક્ત હતા. તેનું નામ હતું બાપુજી. તે જ્યારથી સત્સંગી થયા ત્યારથી એણે કુસંગીજનોના સંગનો ત્યાગ કરી દીધો. એક ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના સંત જ સાચા છે તે સિવાય બીજા તો બધાય કામી, ક્રોધી આદિક અનંત દોષના ભરેલા છે એમ જાણીને સાચો સત્સંગ કર્યો છે અને એક જ ભગવાન શ્રી સ્વામિનારાયણ એ જ સર્વોપરી ભગવાન છે. આવો દૃઢ નિશ્ચય કર્યો છે અને તેમાં જરા પણ સંશય નથી. તેણે એક દિવસે શ્રીજી મહારાજને દર્શન કરવાને માટે બહુ સંભાર્યા ત્યારે તે બાપુભાયે, અહો, આ તો સાક્ષાત્ ભગવાન પધાર્યા એમ જાણીને ઊઠીને ભગવાનને પગે લાગ્યો અને હૃદયમાં અતિશે આનંદ પામી ગયો અને કહેવા લાગ્યો જે, આ તો અલૌકિક રૂપે ભગવાન દર્શન દેવા માટે પધાર્યા છે તેનાં સર્વે દર્શન કરો. ત્યારે મહારાજનાં બાળ-વૃદ્ધો, નર-નારીઓ સર્વેએ દર્શન કર્યાં. પછી એ બાપુભાઈ મહારાજની પૂજા કરવા માટે પૂજાનો સામાન લેવા ગયા તેવામાં તોભગવાન ચાલી નિસર્યા તેને સર્વેએ દીઠાં અને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવી રીતે ભગવાન શ્રીહરિ દયા કરીને પોતાના અનન્ય ભક્તોને જ્યારે જ્યારે સંભારે ત્યારે ત્યારે પોતાનાં દર્શન આપીને સુખિયા કરે છે. આવી વાત તો કોઈ દિવસ દીઠી નથી અને સાંભળી પણ નથી.

*આવા પરચા આપે જિયાં હરિ । નથી વાત બીજી એ ઉપરી ॥*
*ઘણા થયા થાશે અવતાર । વાળ્યો આંક વાલે આણિવાર ॥*
*આજ આપ્યો છે જે જે આનંદ । લખી નહીં શકે નિષ્કુળાનંદ ॥*



નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ભગવાન સ્વામિનારાયણ આવા અલૌકિક પરચા જિયા જિયા જેને જેને આપે છે તો એનાથી ઉપર બીજી કોઈ ચમત્કારી વાત નથી. વધારે શું કહું ? આગળમાં ભગવાનના અવતારો ઘણા થઈ ગયા અને ઘણાયે થાશે પણ આજે તો આડો આંક વાળી દીધો છે. માટે આજે પોતાના આશ્રિતોને જે જે આનંદ આપ્યોછે તે તો નિષ્કુળાનંદ યથાર્થ રીતે લખી નહીં શકે. જયશ્રી સ્વામિનારાયણ. એવી રીતે ૭૪ મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૪૮, પરચો ૭૫ મો

## મોંઘીબાઈને મહારાજે પરચો દીધો

*વળી વખાણું વડોદરે । હરિજન મનનું હેત ॥*
*ભાવે ભક્તિ ભલી કરે । સોંપી તન મન ધન સમેત ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી વડોદરા શહેરના હરિભક્તોનું મહારાજમાં હેત કેવું ? તો તન, મન, ધન સર્વે ભગવાનનું છે. એમ માનીને અતિ ભાવથી ભગવાનને ભજે અને ભગવાનમાં ટેક તે કેવી રીતે તો પોતે જે ટેક ગ્રહણ કરી હોય તે કોઈ પણ મુકાવી શકે નહીં અને શ્રીજી મહારાજે જેના સર્વે મનોરથ પૂર્ણ કર્યાં છે એવા તો અનેક હરિભક્તો એ વડોદરા શહેરમાં છે, કે જેની કીર્તિ લખવાની મારા ચિત્તમાં ઉત્કંઠા ઘણી છે. બ્રાહ્મણ નાતમાં એક મોંઘીબાઈ કરીને નાગર બ્રાહ્મણી હતાં. તેને મહારાજને વિશે અચળ નિષ્ઠા ને ભગવાનને ભજે અને એને જ્યારે પ્રગટ ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા થાય ત્યારે સમાધિ કરીને જ્યાં મહારાજ હોય ત્યાં જઈને દર્શન કરે અને અતિસુખમાં સમય વ્યતિત કરે. તે મોંઘીબાઈ એક વખતે સમાધિમાં જઈને મહારાજનાં દર્શન કર્યાં અને પછી બે હાથ જોડીને મહારાજને કહેવા લાગી જે, હે મહારાજ, તમો તો મોટા મોટા રાજાઓના પણ રાજાધિરાજ છો. વળી આગળમાં જુગો જુગમાં જીવોના કલ્યાણ માટે અનેક અવતારો તમે જ ધારણ કરીને અનેક જનોનો ઉદ્ધાર કર્યો. વલી તેમાંય તમે કૃષ્ણા અવતાર ધર્યો હતો અને એ વખતે રુક્ષ્મણી આદિક અષ્ટ પટરાણીઓ અને તે સર્વેના સુપુત્રો તેણે સહિત એવા શ્રીકૃષ્ણનાં મને દર્શન કરાવો

તેમજ તમો સર્વ વ્રજવાસીઓએ પ્રાર્થના કરી જે, હે મહારાજ, અમને તમારા વૈકુન્ઠધામનાં દર્શન કરાવો ત્યારે તે ભગવાને લક્ષ્મીજી અને નંદ અને સુનંદાદિક પાર્ષદો અને શંખ, ચક્ર, ગદા અને પદ્મ આ આયુધોને ધારી રહેલા એવા આપનાં ચતુર્ભુજ સ્વરૂપનાં મને દર્શન કરાવો. ત્યારે શ્રીજી મહારાજે એ મોંઘીબાઈને રાજી કરવા માટે અતિ રમણીય એવું કૃષ્ણ સ્વરૂપ અને અષ્ટ પટરાણીઓ અને શંક, ચક્ર, ગદા અને પદ્મ, અષ્ટ પટરાણીઓના સુપુત્રો તેણે સહિત એવું પોતાનું દર્શન એ મોંઘીબાઈને કરાવ્યું અને બીજા પણ હરિભક્તોને એવાં દર્શન થયાં. તેણે કરીને સર્વેજનો અતિ આશ્ચર્ય અને અતિ આનંદ પામી ગયાં. નિષ્કુળાનંદન સ્વામી કહે છે જે, એવી રીતે શ્રીજી મહારાજ મોંઘીબાઈને અને બીજા પણ સર્વે ભક્તજનોને દર્શન દઈને અંતર્ધ્યાન થઈ ગયા. પછી આવા આલૌકિક દર્શન કરીને સર્વેજનો કહેવા લાગ્યા જે,

*કહે આશ્ચર્ય વારતા આ તો । થયો પરચો કહ્યો નથી જાતો ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એક બીજી એ મોંઘીબાઈની વાત કહું છું સાંભળો.

*કર્યો મહારાજને કાજે થાળ । આવી જમિયા દીનદયાળ ॥*
*જમ્યા પેંડા પતાસા ને પાક । રૂડાં ભજિયા સુંદર શાક ॥*
*જમી અર્ધ વડું આપ્યું નાથે । લીધું મોંઘીબાયે હાથો હાથે ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એક વખતે મોંઘીબાઈએ મહારાજને માટે સુંદર થાળ બનાવ્યો. પછી મહારાજની પ્રાર્થના કરી જે, હે મહારાજ, મેં આપને જમાડવા માટે સુંદર થાળ બનાવ્યો છે. માટે હે મહારાજ આપ પધારો અને આ થાળને આપ આરોગો. ત્યારે શ્રીજી મહારાજ જમવા પધાર્યા. તે જમીને અર્ધ વડું પ્રસાદીનું મોંઘીબાઈને આપ્યું. પછી મોંઘીબાઈએ એ વડાંની પ્રસાદીં પોતે લીધી અને સર્વે હરિભક્તોને પ્રસાદી વહેંચી આપી. વળી બીજે દિવસે શ્રીજી મહારાજ એ મોંઘીબાઈને અતિ ઝીણા બીજ અને જાડા દળ જેના છે એવાં બોર ખોબો ભરીને આપ્યાં. તે બોરની પ્રસાદી પોતે જમ્યાં અને સર્વે ભક્તજનોને પ્રસાદી આપી.

*એમ પરચા અપરમપાર । આપે વાલોજી વારમવાર ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ મોંઘીબાઈ સર્વે હરિભક્તોમાં મુખ્ય હતાં



અને વળી અલૌકિક એવું જે મહારાજની મૂર્તિનું સુખ તેણે કરીને તે અતિ સુખી હતાં અને મોંઘીબાઈ પોતાને ઘેર બાઈઓની સભા કરીને સર્વે બાઇની સભામાં પ્રગટ ભગવાનની વાતો કરે. તેને સાંભળીને સત્સંગી અને કુસંગી સર્વે બાઇઓ અતિ રાજી થઈને કુસંગી હોય તે સત્સંગી થાય અને પ્રગટ ભગવાનનું ભજન કરે. વલી એક સમયે અચાનક તે મોંઘીબાઈના આંગણામાંથી પુષ્પની વૃષ્ટિ થઈ. તે પ્રસાદીનાં ફૂલો સત્સંગી અને કુસંગી સર્વે બાઇયોએ વીણી લીધાં. એવી રીતે પુષ્પોની વૃષ્ટિ ચાર દિવસ સુધી થઈ. તે જોઈને સર્વેજનોએ પરચો માન્યો.

*એવા પરચા થાય અનંત । કહેતાં લખતાં ન આવે અંત ॥*
*વળી એક કહુ બીજી વાત । સામર્થિ શ્રીહરિની સાક્ષાત્ ॥*

એવી રીતે ૭૫મો પરચો થયો.

---

### પરચો ૭૬મો

## અંબાબાઈને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવી જ એક બીજી શ્રીજી મહારાજની સમાર્થિની અલૌકિક વાત કહું છું. એક દક્ષિણી બ્રાહ્મણ અંબાબાઈ હતાં. તે હંમેશાં ભગવાનની પ્રેમેયુક્ત ભક્તિ કરે. એક વખત તેના દેહનો અંતકાળ સમય આવ્યો ત્યારે તેને તેડવા માટે શ્રીજી મહારાજ લાખો લેખે વિમાનો સાથે લાવ્યા અને બાઈને, સત્સંગી અને કુસંગી એ સર્વેને દેખતે સતે તેડીને ચાલ્યા ગયા. તેનાં સર્વજનોને દર્શન થયા.

*જોઈ આશ્ચર્ય પામીયા જન । સહુ કહેવા લાગ્યા ધન્ય ધન્ય ॥*
*વળી વાત અનુપમ એક । કહું સામર્થિ હરિની વિશેક ॥*

એવી રીતે ૭૬ મો પરચો થયો

---

### પરચો ૭૭મો

## જમુનાબાઈને મહારાજે પરચો દીધો.

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એવી જ એક ઉત્તમ વાત કહું છું.

બ્રાહ્મણ કુળમાં એક જમુનાબાઈ એવે નામે એક ભગવાનનાં પરમભક્ત બાઇ હતાં. તે બાઇ હંમેશાં અતિ હેતથી ભગવાનનું ધ્યાન-ભજન કર્યા કરે અને તેનું અતિ હેત જોઇને ભગવાન હંમેશાં પોતે સારા પીતાંબર વસ્ત્રો પહેરીને તેને ઘેર આવે અને તે જમુનાબાઈને દર્શન દઇને નિત્ય ભોજનનો થાળ જમે. વળી મહારાજ એ બાઇને ભૂત-ભવિષ્યની જે કાંઇ વાતો હોય તે કહી જાય અને કાંઈ ભવિષ્યમાં થવાનું હોય તે કહી જાય. પછી તે વાત જમુનાબાઈ સર્વેને કહે તે સર્વે સાચું જ થાય. એમ શ્રીજી મહારાજ જમુનાબાઈને ઘેર નિત્ય આવે. તેનાં કોઈ કોઈ વખતે બીજા જનોને પણ દર્શન થાય. એવી રીતે ૭૭મો પરચો થયો

---

### પરચો ૭૮મો

## પાર્વતીબાઈને મહારાજે પરચો દીધો

*એક સોનીબાઇ હરજિન । નામ પાર્વતીબાઈ પાવન ॥*
*જેને હેત અતિ હરિમાંઇ । બિજે પ્રીત નહીં જેને ક્યાંઈ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં એક પાર્વતીબેન એવે નામે એક ભગવાનનાં ભક્ત હતાં. તેને ભગવાન શ્રીહરિમાં અપાર હેત, પણ તે સિવાય બીજા દેવદેવલામાં ક્યાંય પણ પ્રીતિ નહીં, પણ તે બાઈને એક વાતનું અતિ મોટું દુઃખ હતું. તે શું ? તો તેના ઘરમાં કુસંગ, જેથી ભજન-ભક્તિમાં જેવું જોઇએ તેવું સુખ નહીં. તેના સગાંસંબંધી કાંઇને કાંઇ દ્વેષ કર્યા કરે. ક્યાંય સત્સંગમાં જવા દે નહીં. વળી મેણાંટોણાંના વચનો કહીને તેને કષ્ટ આપ્યા કરે. તો પણ તે બાઇ કાંઇ પણ બોલે નહીં અને ઘરમાં ને ઘરમાં બેસીને ભજન ભક્તિ કર્યા કરે.

*તેની પ્રિત્યે તાણ્યા ભગવાન । દિયે નિત્યે તે દર્શન દાન ॥*
*જમે થાળ દયાળ આવીને । દિયે પ્રસાદી સારી લાવીને ॥*
*કોઈ દિવસ એવો ન જાય । જે નાવે નાથજી ઘરમાંય ॥*
*એમ પાર્વતીબાઈને ઘેર । નિત્ય કરે હરિ લીલાલેર ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ક્યારેક એવો સંજોગ આવે તો ઘરમાં બેઠે સાચા ભાવથી ભજન કરે તો પણ ભગવાન પ્રસન્ન થાય છે. કારણ કે ભગવાન કોઈ



વસ્તુના ભૂખ્યા નથી પણ એક સાચા ભજનના જ ભૂખ્યા ભગવાન છે. આ પાર્વતીબાઈનો ભાવ સાચો હતો. તો ભગવાન તેની પ્રેમરૂપી દોરીથી તણાઈને નિત્યે તેને પોતાનાં દિવ્ય દર્શન આપતા અને અતિ દયાળુ ભગવાન ક્યારેક પોતે આવીને તે બાઇએ કરેલો થાળ જમી જાય, ક્યારેક પોતે આવીને તે બાઇને પ્રસાદી આપી જાય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવો કોઇપણ દિવસ ન જાય કે, એ બેનને ઘેર ભગવાન ન આવે. એમ ભગવાન પાર્વતીબાઈને ઘેર હંમેશાં આવે અને અતિ લીલાલેર કરે. એમ ભગવાન પોતાના આશ્રિત ભક્તજનોને હંમેશાં લાડ લડાવે અને અનંત પરચા આપીને પોતાના ભક્તોની રક્ષા કરે છે.

*વળી એક દિન આવ્યા હરિ । તેને જમાડ્યા ભજિયાં કરી ॥*
*અતિ પ્રેમમાં ટેવ ન રહી । આપ્યાં ભજિયાં કાચેરાં લહી ॥*

એક દિવસે રસોઈ કરતાં પાર્વતીબાઈને એવો સંકલ્પ થયો જે, આજે હું રસોઈમાં સારાં ભજિયાં બનાવું અને મહારાજ આવીને ભજિયાં જમે તો અતિ આનંદ થાય. તેવામાં ભગવાને આવીને રસોઈ કરતાં બાઇને કહ્યું જે, હે પાર્વતીબાઈ, અમોને આજે તમારા હાથનાં ભજિયાં જમવાની ઈચ્છા થઈ છે. માટે ભજિયાં આપો. ત્યારે પાર્વતી કહે જે, હે મહારાજ, હમણાં જ તમોને ભજિયાં જમાડું એમ કહીને ભજિયાં બનાવવા લાગ્યાં. પ્રેમમાં ને પ્રેમમાં ખ્યાલ ન રહ્યો. પ્રેમ એક એવી વસ્તુ છે કે એમાં વિવેક ન જાળવી શકાય અને પ્રેમનો કોઈ નિયમ ન રહે. એ બાઇએ અતિ પ્રેમમાં ભજિયાં બનાવવા માંડ્યાં, પણ

*અતિ પ્રેમમાં ટેવ ન રહી । આપ્યાં ભજિયાં કાચેરાં લહી ॥*

અતિ પ્રેમમાં ને પ્રેમમાં કડાઈમાં ઓરતાં જ તરત જ કાઢીને મહારાજને આપીને કહે જે, હે મહારાજ, લ્યો આ ગરમા ગરમ ભજિયાં જમો, પણ આ તો ભગવાન છે એટલે કાંઇ વાંધો નથી, પણ ચણાના લોટનાં કાચાં ભજિયાં હોત, તો જમનારાની દશા શી થાત ? તમો એક વખત અખતરો કરી જો જો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવાં કાચાં ભજિયાં તેલમાંથી કાઢીને મહારાજને આપ્યાં એટલે ગરમા ગરમ ભજિયાં મહારાજ માંડ્યા જમવા. ભગવાને વિચાર કર્યો જે, આ ભજિયાં ભલેને કાચાં હોય પણ મારો ભક્ત તો પાકો છે ને ? એમ વિચારીને પ્રભુ ભજિયાં પ્રેમથી બહુ જમ્યા. જમીને પછી મહારાજ પધાર્યા મોંઘીબાઈને ઘેર. ત્યાં જઈને મહારાજ

કહે, એ મોંઘીબાઇ, જયશ્રી સ્વામિનારાયણ. ત્યારે મોંઘીબાઈએ મહારાજનાં દર્શન કરીને પંચાંગ પ્રણામ કરી, બે હાથ જોડીને કહે જે, હે મહારાજ, તમો આ ટાણે અચાનક પધાર્યા અને મને દયા કરીને દર્શન દીધાં એ આપે મારા ઉપર મોટો અનુગ્રહ કીધો છે. તો આપ મને આજ્ઞા કરો તો હું આપને માટે થાળ બનાવું. ત્યારે મહારાજ કહે જે, આજે થાળ અમારે માટે કરશો માં. કારણ કે આજે મારા પેટમાં બરોબર મજા નથી, માટે જમવાની ઇચ્છા નથી. ત્યારે મોંઘીબાઇ કહે જે, મહારાજ, પેટમાં મજા નથી એમ કહો છો ? તો પેટમાં શું થઇ ગયું છે જેથી આપને પેટમાં મજા નથી ? ત્યારે મહારાજ કહે જે, શું કરીએ ? અમારા એવા કોઈક કેટલાક પ્રેમીભક્તો હોય તે એમોને આગ્રહ કરીને કાચું-પાકું જમાડે તે અમને જમવું પડે. શું કરીએ ? ત્યારે મોંઘીબાઇ કહે જે, હે મહારાજ, એવા વળી પ્રેમીભક્તો કોણ હોય તે આપને કાચું-પાકું જમાડે ? ત્યારે મહારાજ કહે જે, તમારા બહેનપણી પાર્વતીએ ઉતાવળમાં ને ઉતાવળમાં અતિ આગ્રહથી કાચાં ભજિયાં વળી ગરમા ગરમ જમાડ્યાં જેથી આજે પેટમાં મજા નથી. એમ કહીને મહારાજ તરત જ અદૃશ્ય થઇ ગયા.

*કહે આજ પાર્વતી હાથ । કાચા ભજિયાં જમ્યા કહે નાથ ॥*
*એવી વાત અલૌકિક જેહ । જાણી જન મગન રહે તેહ ॥*

પછી મોંઘીબાઇ તો દોડતાં દોડતાં ગયાં પાર્વતીને ઘેર અને ઠપકો આપવા લાગ્યાં જે, અરે પાર્વતી, તુંતો આવીને આવી જ અબૂધ જ રહી. ત્યારે પાર્વતી કહે મને વઢવું હોય તો પછી પ્રેમથી વઢજો, પણ હે મોંઘીબેન, હમણાં જ મહારાજ આવ્યા હતા અને મને કહ્યું જે, હે પાર્વતીબાઇ, મને આજે તારા હાથે બનાવેલાં તાજાં તાજાં ભજિયાં જમવાની ઇચ્છા થઇ છે, માટે મને ભજિયાં જમાડ. ત્યારે મેં તરત જ તાજાં ભજિયાં બનાવીને મહારાજને જમાડ્યાં. તે જમીને બાકીનાં ભજિયાં પ્રસાદીના તું જમજે અને બીજા ભક્તોને પ્રસાદી આપજે એમ કહીને મહારાજ હમણાં જ ગયા. માટે આ ભજિયાંની પ્રસાદી લ્યો અને જમો. ત્યારે મોંઘીબાઇ કહે જે, હું પણ તુને એ જ વાત કહેવા આવી છું. સાંભલ, તારા ભજિયાં જમીને મહારાજને પેટમાં દુઃખી આવ્યું છે. કારણ કે આ તો સાવ કાચાં ભજિયાં છે અને આવાં કાચાં ભજિયાં તેં મહારાજને જમાડ્યાં ? તને કાંઇ શુદ્ધ છે કે નહીં ? ત્યારે



પાર્વતીબાઇને વિચાર આવ્યો અને અતિ પ્રશ્ચાતાપ કરવા લાગ્યાં જે, આ તો મહારાજનો મોટો અપરાધ કર્યો છે. માટે હે મહારાજ, તમે મારા અપરાધને ક્ષમા કરજો. કારણ કે મેં આપને ભજિયાં કાચાં જમાડ્યાં છે અને હવે આજ પછી આવી ભૂલ મારાથી ન થાય એવી મારા ઉપર કૃપા કરજો. એવી રીતે ૭૮મો પરચો થયો

---

### પરચો ૭૯મો

## તંબોળી જમુનાબાઈને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ વડોદરા શહેરમાં ભગવાનનાં પરમભક્ત તંબોળી જમુનાબાઈ હતાં. તેને હંમેશાં શ્રીજી મહારાજનાં પ્રતાપથી સમાધિ થાય અને તે સમાધિ કરીને જ્યાં શ્રીજી મહારાજ વિરાજતા હોય ત્યાં જાય અને મહારાજનાં દર્શન કરીને મહારાજ જે કાંઇ પ્રસાદી આપે તે આ લોકમાં લાવે અને જ્યારે સમાધિમાંથી જાગે ત્યારે તે પ્રસાદીની વસ્તુ પ્રત્યક્ષ દેખાય. વળી ક્યારેક પોતાને ઘેર સુંદર રસોઇ કરીને મહારાજને જમવા માટે બોલાવે ત્યારે મહારાજ પ્રત્યક્ષ આવીને થાળ આરોગે. આ વાત બીજા કુસંગી લોકોએ જાણી ત્યારે તે કહેવા લાગ્યાં જે,

*કહે આ વાત સર્વે છે ખોટી । મુખ સ્વાદની કરો છો મોટી ॥*

આ વાત તમો કરો છો એ વાત ખોટી છે અને આ તો તમો કેવળ મોહવાદે વાતો કરો છો, પણ

*જ્યારે નજરે દેખિયે અમે । ત્યારે માનીએ જે કહો તમે ॥*

પણ જો અમો નજરે દેખીયે તો આ વાતને અમો માનીએ. તમો તમારે ઘેર થાળ કરો અને ભગવાન જમવા આવે અને થાળમાં જે જે ભોજન પીરસેલાં હોય તેમાંથી જો ઓછું થાય અને તેને અમારી નજરે દેખીએ તો જ એ વાતને અમે સાચી માનીએ. એવું સાંભળીને જમુનાબાઈએ અતિ સુંદર થાળ કર્યો અને પછી મહારાજને સંભાર્યા એટલે તત્કાળ ભગવાન આવીને માંડ્યા જમવા. જમીને તે બાઇને સુંદર અને તાજાં ગુલાબનો હાર આપી ગયા અને થાળમાં જે જે ભોજન

પૂરેલાં હતાં તેમાંથી અર્ધા પકવાન જમીને અર્ધા પ્રસાદીના ભોજન મૂકી ગયા. તે જોઇને સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા અને પ્રત્યક્ષ રહેલો ફૂલનો હાર તે પણ સર્વેએ દીઠો અને સર્વે કહેવા લાગ્યાં જે, આ વાત ખોટી નથી પણ સાચી વાત છે.

*જોને હાર સારુ નરસઈ । કર્યા કાલાવાલા જોને કઈ ॥*
*એવા હજારો આપે છે હાર । વાલો ભક્તોને વારમવાર ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, નરસિંહ મહેતાએ કેટલાય કાલાવાલા ભગવાનની આગળ કર્યાં ત્યારે એક હાર ભગવાને આપ્યો અને આજે તો ભગવાન પોતાના આશ્રિતોને વારંવાર અજારો હાર આપે છે. ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી આજે, જે, સામર્થિ વાવરે છે તેવી સામર્થિ તો કોઇ અવતારે પણ નથી વાવરી. માટે,

*ધન્ય ધન્ય આજનો પ્રતાપ । કવિ ક્રોડે થાય નહીં થાપ ॥*
*વળી કરી છે જનની સાય । તે નિષ્કુળાનંદે નવ લખાય ॥*

એ રીતે ૭૯મો પરચો થયો

---

### પ્રકરણ : ૧૪૯, પરચો ૮૦મો

## ખત્રી કુળમાં ભક્ત શામબાઈને આપેલો પરચો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે,

*વળી પરચા વડોદરે । જે પૂર્યા જગજીવન ॥*
*અતિ અનુપમ વારતા । કહું સાંભળજો સહુ જન ॥*

વળી એ વડોદરા શહેરમાં ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ પોતાના આશ્રિત સત્સંગીઓને જે પરચા પૂર્યા છે તે અતિ અનુપમ વારતા કહું છું તેને સર્વેજનો સાંભળો. ભગવાન સ્વામિનારાયણ પોતાના આશ્રિતોની ડગલે ને પગલે હંમેશાં રક્ષા કરે છે. અપાર, અલૌકિક સામર્થિને વાવરે છે. તે લખી શકાય તેમ નથી. છતાં પણ એ ભગવાનના ગુણો ગાવામાં મને જરા પણ આળસ આવતી નથી. માટે એ ભગવાનની આશ્ચર્યકારક વાર્તાને કહું છું તેને સર્વેજનો સાભળો. એ વડોદરામાં ખતરી કુળમાં એક ભગવાનના ભક્ત હતા, જેનું નામ હતું શામબાઇ.



*કહું તેહ તણી હવે વાત । કરે ભજન બાઈ દિન રાત ॥*
*રહે ધારણામાં અઠુ જામ । કરતાં થાય નહીં ઘરકામ ॥*

તે શામબાઇ રાત-દિવસ ભગવાનનું ભજન કર્યા કરે અને આઠે પહોર સમાધિમાં જ રહે. તેણે કરીને ઘર સંબંધી સાફસૂફ કરવું, રસોઇ કરવી વગેરે કાંઇપણ કામ થાય નહીં અને તે વિના દેહનો નિર્વાહ પણ કેમ ચાલે ? તે જ્યારે સમાધિમાંથી જાગે ત્યારે તેને શ્રીજી મહારાજ અન્ન-જળ આપે. તેણે કરીને દેહનો નિર્વાહ કરે. એમ કરતાં એ શામબાઇને એક દિવસે એવી હૃદયમાં ચિંતા થઇ જે, મને અન્ન-વસ્ત્રો કોણ આપશે. આવી ચિંતાની સાથે ગઇ સમાધિમાં. પછી જ્યારે તે સમાધિમાંથી જાગી ત્યારે પોતાની પાસે રહેલું તૈયાર ભોજન જે સારા અને મોટા રોટલા અને દાળ ભગવાન પોતાની પાસે મૂકી ગયા. તેને જોઇને અતિશે મનમાં રાજી થઇ. એમ એ બાઇને હંમેશાં તૈયાર ભોજન આપી જાય. તેણે કરીને એ શામબાઇ પોતાના દેહનો નિભાવ કરે. એક વખતે તે બાઇ સમાધિમાં ગઇ અને ભગવાન એની પાસે એક મણ ઘઉંનો લોટ અને વૈંતાકનું શાક મુકી ગયા અને તેને પૂજવા માટે એક ચરણાર્વિન્દની જોડ આપી. વળી તેના શરીરે વસ્ત્રો ફાટેલાં જોઇને શ્રીજી મહારાજે નવાં વસ્ત્રો સારા રંગથી રંગેલાં આપ્યાં. તે વસ્ત્રો બાઇ જ્યારે સમાધિથી જાગી ત્યારે તે વસ્ત્રો અને પગલાં એ સર્વે પ્રત્યક્ષ દીઠું અને પછી તે શામબાઇ સર્વેજનોને કહેવા લાગી જે, જુઓ આ નવાં વસ્ત્રો અને પગલાં મહારાજે આપ્યાં છે. તે જોઇને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એમ ભગવાન શ્રીહરિ પોતાના ભક્તોની ચિંતા દૂર કરીને સુખિયા કરે છે. એ રીતે ૮૦મો પરચો થયો

---

### પરચો ૮૧મો

## કણબી ભક્ત જીવીબાઈને મહારાજે પરચો દીધો

*વળી જન એક જીવીબાઈ । કાજુ ભાક્ત છે કણબી માઈ ॥*
*તેનો પ્રેમ જોઈ ભગવાન । આપે અહોનિશ દર્શન દાન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જે વળી એ વડોદરા શહેરમાં એક જીવીબાઈ

એવે નામે કણબી ભક્ત રહે છે. તેને ભગવાનને વિશે અતિશે પ્રેમ. તેણે કરીને ભગવાન હંમેશાં પોતાનું દિવ્ય દર્શન આપે. એટલું જ નહીં પણ ક્યારેક તેને સુંદર સાકરની પ્રસાદી આપી જાય. ક્યારેક સુગંધીમાન ફૂલનો હાર આપી જાય. વળી એક દિવસ શ્રીજી મહારાજ અચાનક આવીને કહે જે, હે જીવીબાઈ, આજે અમને ભૂખ બહુ લાગી છે, માટે અત્યારે જે કાંઇ તૈયાર ભોજન હોય તે અમોને જમવા માટે આપ્ય અને જો તારી પાસે કાંઇ તૈયાર ન હોય તો બીજા કોઈક ભક્તને ઘેર જમવા માટે જઈએ. ત્યારે તે જીવીબાઈ કહે જે, હે મહારાજ, અત્યારે મારા ઘરમાં રાંધેલી કોદરી તૈયાર છે. માટે હે મહારાજ, પધારો આપને કોદરી જમાડું. એમ કહીને તે જીવીબાઈએ મહારાજને કોદરી જમાડી. ભગવાન પણ તે બાઈનો શુદ્ધ ભાવ જોઇને જમીને અંતર્ધ્યાન થઇ ગયા. વળી બીજે દિવસે તે જીવીબાઈએ સુંદર રોટલી અને ભાજીનું શાક તૈયાર કરીને મહારાજને સંભાર્યા જે, હે ભગવાન, મેં આપના સારું રોટલીને ભાજીનું શાક તૈયાર કરી રાખ્યું છે. તો હે મહારાજ, આપ દયા કરીને જમવા પધારો. ત્યારે તરત જ મહારાજ આવીને કહે જે, હે જીવીબાઈ, તમોએ અમારા સારું રોટલી અને ભાજી તૈયાર કરી રાખેલ છે તો તે અમોને આપો, અમો ભૂખ્યા છીએ. ત્યારે તે જીવીબાઈએ મહારાજને રોટલી ને ભાજીનું શાક આપ્યું. એટલે અતિ પ્રેમથી મહારાજ જમ્યા પછી ચળું કરીને મહારાજ અદૃશ્ય થઇ ગયા. તેનાં સર્વેજનોને દર્શન થયાં અને કહેવા લાગ્યાં જે, આ તો સ્વપ્નાની કે સમાધિની વાત નથી પણ આ તો પ્રત્યક્ષપણે મહારાજ આવીને બાઇના મનોરથ પૂરા કરે છે. એવી રીતે ૮૧મો પરચો થયો

---

**પરચો ૮૨મો**

## ઉમૈયાબાઇ ને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં એક ઉમૈયાબાઇ એવે નામે વણિક ભક્ત હતાં. તેના ઘરમાં બધાય કુસંગી હતાં. તે સર્વે બાઇને સત્સંગ કરવા દીયે નહીં. ક્યાંક સત્સંગી હરિભક્તો હોય ત્યાં જવા દે નહીં અને જોરે જાય તો તેને હેરાન કરે. એક વખતે તેને સત્સંગ મુકાવવા માટે ઘરમાં પૂરી દીધી. એને ત્રણ દિવસ થઇ ગયા અને સર્વેએ નક્કી કર્યું જે, જો એ સત્સંગ મૂકી



દે અને મુખેથી સ્વામિનારાયણનું ભજન મૂકી દે, તો જ બહાર કાઢવી. મરી જાય તો ભલે મરી જાય. એમ કરતાં એણે ત્રણ દિવસ પર્યંત કાંઇપણ અન્નજળ લીધું નહીં અને મહારાજનું ભજન અખંડ કર્યા કરે. તેવામાં ભગવાન સ્વામિનારાયણ સુંદર થાળ લઇને આવ્યા અને પોતાનાં દર્શન દઈને કહે જે, હે ઉમૈયાબાઇ, તું આ અમો તારા સારું થાળ લાવ્યા છીએ તેમાં સુંદર તાજી રોટલી અને સાકર જેમાં નાખેલી છે એવો આ કેરીનો રસ જમી લે. પછી તે ઉમૈયાબાઇ એ મહારાજનાં દર્શન કરીને મહારાજે આપેલી પ્રસાદી જમીને પરમ શાંતિને પામી ગયાં. પછી મહારાજ અદૃશ્ય થઈ ગયા. આવી રીતે અતિશે દયાળુ ભગવાન પોતાના ભક્તોની સંકટમાં સહાય કરે છે. એવી રીતે ૮૨મો પરચો.

---

**પરચો ૮૩મો**

## એક પ્રેમબાઈને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ વડોદરા શહેરમાં ક્ષત્રીય કુળમાં એક શ્રીજી મહારાજની આશ્રિત એક બાઇ હતી. તેની ઉંમર તો પાંચ વરસની હતી, પણ પોતાની મા જ્યારે ભગવાનના ધ્યાનમાં બેસે ત્યારે તેને દેખીને એ પ્રેમબાઇ પણ દેખાદેખી એની માની સમીપે નેત્ર બંધ કરીને બેસી જાય. ત્યારે તે નાની બાળ બાઇનો અતિ શુદ્ધ ભાવ જોઇને તેને મહારાજે પોતાનાં દિવ્ય દર્શન દીધાં અને મહારાજે તેને પ્રેમથી બોલાવીને પછી પોતાના કંઠમાં રહેલો સુંદર ફૂલનો હાર તે ઊતારીને એ પ્રેમબાઇને પહેરાવી દીધો. વળી પોતાના હાથમાં ફૂલોના ગજરા હતા તે પણ એ બાઇને આપ્યા, તે સર્વેજનોએ પ્રત્યક્ષ દીઠા. પછી સર્વેએ પૂછ્યું જે, હે બાઇ, તું આ તાજાં ફૂલનો હાર અને આ ગજરા ક્યાંથી લાવી ? ત્યારે તે કહે જે, હું મહારાજનું ધ્યાન કરીને અક્ષરધામમાં ગઇ હતી તે ધામમાં મહારાજે મને આ પ્રસાદી આપી છે. તે સાંભળીને સહું કહેવા લાગ્યાં જે, હે બાઇ તુને ધન્ય છે અને આ તો શ્રીજી મહારાજે તુને અલૌકિક પરચો દીધો એમ તું જાણજે.

*એમ જનને જગજીવન । આપે મહાસુખ કરે મગન ॥*

એવી રીતે ૮૩મો પરચો થયો

---

### પરચો ૮૪મો

## મથુરાંબેન ને મહારાજે પરચો દીધો

વળી એ વડોદરા શહેરમાં એક ઢુંઢુબા નામે દક્ષણી ભક્ત હતા. તે હંમેશાં શ્રીજી મહારાજનું ભજન કર્યા કરે. તેની એક દીકરી હતી. તેનું નામ હતું મથુરાબાઇ. તેની ઉંમર ફક્ત પાંચ વર્ષની હતી. તે બાળઅવસ્થામાં જ સમાધિની અતિ ઉત્તમ સ્થિતિને પામેલી હતી અને તે હંમેશાં સમાધિમાં જાય અને ભગવાન શ્રીહરિનાં દર્શન કરે પછી,

*જ્યારે આવે સમાધિથી બાર । કરે વારતા મોટી અપાર ॥*
*તે તો સાંભળી સર્વે જન । અતિ મનાણું આશ્ચર્ય મન ॥*

એ પાંચ વર્ષની બાળકી સમાધિમાંથી જાગીને વેદ વેદાંતની મોટી વાતો કરે. પછી કેટલાક સમજુ માણસોએ આ વાત રાજા સિયાજીરાવને કહી જે, એક પાંચ વર્ષની બાળકી છે તે અતિ સામર્થિવાન અને સમાધિની સ્થિતિને પામેલી છે. ત્યારે રાજાએ કેટલાક વિદ્વાનો પંડિતોને તેની તપાસ કરવા માટે મોકલ્યા ત્યારે એ પંડિતો અનંત પ્રકારના પ્રશ્નો પૂછીને તેની ખાતરી કરવા માટે આવ્યા.

*આવ્યા ડાહ્યા શિયાણા ત્યાં મળી । બાઈ મુખની વાત સાંભળી ॥*
*થયા થક્તિ ન શક્યા બોલી । હતું પૂછવું તે ગયા ભૂલી ॥*

તે પંડિતો તો બાઇના મુખની વાતો સાંભળીને અતિ સ્થિર થઇ ગયા અને આશ્ચર્ય પામી ગયા અને એ બાઇની આગળ કાંઇપણ બોલી શક્યા નહીં એ જે પૂછવાના પ્રશ્નો નક્કી કરીને આવ્યા હતા તે પ્રશ્નો ભૂલી ગયા. પછી તે પંડિતોએ રાજાની પાસે જઇને કહ્યું જે, એ બાઇ તો કોઇક દેવી લાગે છે. કારણ કે એની સામર્થિ અમે જોઇને અમે તો કાંઇ બોલી શક્યા નહીં. કારણ કે આ પાંચ વરસનું બાળક વેદ વેદાંતોની અલૌકિક વાતો કરે. આવું તો ગમે તેવો પંડિત હોય તે પણ બોલી ન શકે, એવી આ બાળકી વાતો કરે. માટે અમોને તો આ મોટો પરચો લાગ્યો. જેથી અમો તો એ બાઇને મસ્તક નમાવી, પગે લાગીને આપની પાસે આવ્યા છીએ. વળી તેના જ સંબંધવાળી એક બીજી વારતા કહું છું તેને સહુ સાંભળો. એક અબૂજ જેવી વણિક બાઈ હતી. તે આ સત છે કે અસત તેની ગમ નહીં. તેને કોઇ



ગાફલ અને ગમાર ગુરુનો ભેટો થયો. તેને બહુ સેવ્યા, સમાગમ કર્યો. તેમ કરતાં વીસ વરસ વહી ગયાં તો પણ એ બાઇને અંતરમાં ભગવાન સંબંધી કે સત્સંગ સંબંધી કાંઇ સુખ આવ્યું નહીં અને અંતરમાં શાંતિ થઇ નહીં. પછી તે વણિક બાઇ મથુરાબાઇને મળી અને પોતાની બધી વાત મથુરાંબાઇને કહી, જે, હે બહેન, હું વીસ વરસ વૈશ્નવ મતમાં રહી અને વૈશ્નવ ગુરુને સેવ્યા તો પણ મારા અંતઃકરણમાં શાંતિ થઈ નહીં અને એનું મને દુઃખ છે કે આટલા વરસ કલ્યાણને માટે પ્રયત્ન કર્યા, છતાં તે મોક્ષનો કોઈ માર્ગ દેખાતો નથી. તો એનો ઉપાય તમો મને દેખાડો. કારણ કે મને મારા હૃદયમાં અતિ પસ્તાવો થાય છે. ત્યારે હું તમારી પાસે આવી છું અને તમે જેમ કહેશો તેમ હું કરીશ. માટે મને એવો રસ્તો દેખાડો કે જેણે કરીને હું સંસારસાગને તરી જાઉં. ત્યારે મથુરાંબાઈ કહે જે,

*ત્યારે બોલીયાં મથુરાંબાઈ । કાલ્ય વહેલી આવજે તું આંઈ ॥*
*પછી આવી બાઈ બીજે દિન । તેને બેસાડી કરવા ભજન ॥*

કાલે તું વહેલી અહીં આવજે. પછી બીજે દિવસે તે બાઇ આવી ત્યારે તેને મથુરાંબાઇ કહે જે, તું અહીં આસન વાળીને બેસ અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ નેત્ર બંધ કરીને કર્ય ભજન. ત્યારે તે બાઇ એક આસને બેસીને ભજન કરવા માંડ્યું. તેવામાં જ એને સમાધિ થઇ અને સમાધિમાં અતિ દિવ્ય એવું ગોલોકધામ તેનું દર્શન થયું. વળી એ ધામમાં ઘણાક ગોપ, ગોપીઓ ને ગાયોના વૃંદ જોયાં. જેનું વર્ણન પણ થઈ શકે નહીં એવી વિરજા નદીનાં દર્શન થયાં. ત્યાર પછી રાધિકા આદિક ઘણીક પટરાણીઓ અને તેની અનંત ઘણી સખીઓથી સેવાયેલા અને મધુર સ્વરે વેણુંને વગાડતા એવા ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં. આવી રીતે એ બાઇને દિવ્ય દર્શન થયાં. તેણે કરીને હૃદયમાં અતિ શાંતિ શાંતિ થઇ ગઇ. પછી તે બાઇ સમાધિમાંથી જાગીને સર્વેને સાંભળતે સતે સર્વે ધામની વાત કહી અને વળી કહ્યું જે, હવે તો હું કૃતાર્થ થઇ ગઇ અને ભગવાને મારા ઉપર મોટી મહેર કરી છે અને મને તો આ મોટો પરચો ભગવાને દીધો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ જ સત્ય છે અને એનો મત પણ સાચો છે, તે સિવાય બીજા મત તો ખોટા છે.

*હું તો પામી છું પરચો મોટો । સત્ય સ્વામી બીજો મત ખોટો ॥*

*એમ પૂરે પરચા હંમેશ । લખી ન શકે ગુણ ગણેશ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આ પાંચ વર્ષનાં મથુરાંબાઈના સમાગમથી એ વણિક બહેનનું જીવન કૃતાર્થ થઈ ગયું. ત્યાર પછી તે બાઈ સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્યની વાતો અતિ હર્ષભેર કરવા લાગી. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, મેં જે આ વડોદરા શહેરની વાતો કહી છે તે એટલી જ વાતો નથી. આ તો મેં લાખ ભાગની અને તેમાંય વળી સંક્ષેપમાં કહી છે, પણ તેનો વિસ્તાર મેં નથી કર્યો અને ભગવાન શ્રી સ્વામિનારાયણ આજે પોતાના આશ્રિત ભક્તજનોની સહાર કરી છે તે તો યથાર્થ કહી શકાય તેમ નથી.

*જે જે સમરે છે સહજાનંદ । તે તો પામે છે અખંડ આનંદ ॥*
*તેનો તોલ માપ નવ થાય । તે કેમ નિષ્કુળાનંદે લખાય ॥*

એ રીતે ૮૪મો પરચો થયો.

---

## પ્રકરણ : ૧૫૦, પરચો ૮૫મો

## હવે કાનમ દેશમાં પૂરેલા પરચા કહું છું.

### જીજીભાઈની વાત

*કહું દેશ કાનમમાં । એક ઈટોળું ગામ ॥*
*ભક્ત ભલા કણબી કુળે । જાણો જીજીભાઈ નામ ॥*
*સત્સંગમાં શિરોમણી । વળી હરિમાં ઘણું હેત ॥*
*અચળ કીધો આસરો । સોંપી તન, મન, ધન સમેત ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જે, હવે હું કાનમ દેસના હરિભક્તોને શ્રીજી મહારાજે. જે, જે, પરચા પૂર્યા છે તે પરચા સંક્ષેપમાં લખું છું. કાનમ દેશમાં ઈટોળા નામનું એક નાનું ગામ છે. તેમાં કણબીના કુળમાં એક જીજીભાઈ નામે એક ભક્ત હતા. તે ભક્ત સત્સંગમાં શિરોમણી હતા અને ભગવાન સંગાથે અતિ ઘણું હેત અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો દૃઢ આશરો અને પોતાનું તન, મન, ધન સર્વે ભગવાન પરાયણ કરી દીધેલું. આવા એ જીજીભાઈ ભગવાનના એકાંતિક ભક્ત હતા. એની આયુષ્ય પૂરી થઈ અને દેહનો અંતકાળ



આવ્યો ત્યારે તેને તેડવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સખા અને મોટા મોટા સંતોને લઈને સોનાનો દિવ્ય રથ લઈને અર્ધી રાત્રે પધાર્યા. તેણે કરીને ગામમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો. એવા ભગવાન એક બ્રાહ્મણ ભક્ત બાપુભાઈના ફળિયામાં રથને છોડ્યો અને બાપુભાઈને જગાડ્યા. ત્યારે બાપુભાઈ જાગીને શ્રીજી મહારાજને પગે લાગ્યા અને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યા જે, હે મહારાજ, આજે તમે દયા કરીને આ ટાણે અનંત સંતોની સાથે મારે ઘેર પધાર્યા અને મને આવાં અલૌકિક દર્શન દીધાં તેણે કરીને હું તો અતિશે કૃતાર્થ થયો છું. તો હવે હું આપની પ્રાર્થના કરું છું કે, હે મહારાજ, હવે તમો રાજી થઈને મારે ઘેર રહો. એમ કહીને બે હાથ જોડીને બાપુભાઈ મહારાજની આગળ ઊભા રહ્યા. ત્યારે શ્રીજી મહારાજ કહેવા લાગ્યા જે, હે બાપુભાઈ, આજે અમો આ ટાણે આવ્યા શા માટે છીએ ? જીજીભાઈના દેહની આયુષ્ય પૂરી થઈ ગયેલી હોવાથી તેને તેડવા માટે આવ્યા છીએ. માટે અવશ્ય તેને અમે તેડી જઈશું. એમાં તમે રાજી છો ને ? ત્યારે બાપુભાઈ કહે જે, હે મહારાજ, આપ જો જીજીભાઈને તેડી જાઓ તો તો એના જેવાં બીજાં મોટાં ભાગ્યા કોનાં કહેવાય ? પણ હે મહારાજ, એક મારી આપની પાસે વિનંતી છે. જો આપ સ્વીકારો તો ? તે શું ? તો આ નાના ગામમાં બીજા સર્વે સત્સંગીઓને શીખામણ દેનાર એ જીજીભાઈ જેવો બીજો કોઈ નથી. વળી એને લઈને આ ગામમાં સર્વે સત્સંગીઓને સમાસ સારો છે અને એને તમો તેડી જાશો તો સત્સંગ ઘટી જશે, માટે જો એને મેલી જાઓ તો સારું. આટલી મારી વિનંતી છે. પછી હે મહારાજ, આપ જેમ રાજી હો તેમાં હું પણ રાજી છું. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, હે બાપુભાઈ એવું જો હોય તો અમો એને મેલી જઈશું અને એના બદલામાં અમો એના બળદને લઈ જઈશું. ત્યારે બાપુભાઈ કહે જે, હે મહારાજ, એ બળદનાં એવાં મોટા શું પૂન્ય છે ? જે, પૂન્યે કરીને તે બળદને આપ ધામમાં તેડી જશો ?

*ત્યારે શ્રીહરિ કહે સંત અર્થે । જુતો તો એ રસોઈને રથે ॥*
*માટે લઈ જાશું એને આજ । એમ કહી પધાર્યા મહારાજ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ વાત એવી છે કે એક વખતે શ્રીજી મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી પચાસ સંતોની સાથે તવરાને મેળે ગયેલા.

ત્યાં સંતોને કાંઇ જમવા મલ્યું નહીં. સંતો ભૂખ્યા હતા. દશમીનો ઉપવાસ થયો, એકાદશીનો ઉપવાસ હતો. બારસને દિવસે જીજીભાઈને કોઈકે સમાચાર આપ્યા કે, શ્રીજી મહારાજની આજ્ઞાથી સંતો તવરાના મેળામાં ગયા છે, પણ આજે ત્રણ દિવસ થયા કાંઇપણ જમવા મલ્યું નથી. જેથી સંતો અતિશે ભૂખ્યા છે. આવી વાત સાંભળતાં જ જીજીભાઈ બળતણ, વાસણ, ઘી, ખીચડીની દાળ વિગેરે સિધાંનો સામાન ભર્યો એકામાં અને ઉતાવળા ઉતાવળા આવ્યા નર્મદાને કાંઠે. ત્યાં એકો છોડી રસોઇનો સર્વે સામાન તરાપામાં મૂકયો. નર્મદા ઊતરીને સામાન લઈને પહોંચ્યા તવરા અને સંતોને સર્વે રસોઇનો સામાન આપીને કહ્યું જે, હે સંતો, લ્યો આ રસોઇનો સામાન આપને સારું લાવ્યો છું. તમો ત્રણ દિવસના ભૂખ્યા છો, માટે રસોઇ કરીને જમો. એમ કહીને સર્વે સામાન આપ્યો. પછી સંતો રસોઇ કરી ઠાકોરજીને જમાડીને સર્વે સંતો જમ્યા અને જીજીભાઈ ઉપર ખૂબ રાજી થયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, જીજીભાઈએ તો સંતોની સેવા કરી પણ એ સેવામાં એના બળદનો સાથ-સહકાર હતો. તો શું ? તો સામાન રસોઈનો તો ગાડામાં ભર્યો, પણ ગાડું કોણ તાણે ? માટે શ્રીજી મહારાજ કહે જે, એના બળદને અમો તેડી જઇશું. આ તો અલૌકિક વાતો છે. આવી આશ્ચર્યકારક વાતો આ સત્સંગમાં જોવા-સાંભળવા મળે પણ બીજે મળે નહીં. વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે જે, આ સત્સંગનો અતિ મોટો પ્રતાપ છે કે એમાં પશુનું પણ કલ્યાણ થાય છે. કુસંગી અને સત્સંગીને ઘેર રહેલા ગાયો-બળદો-ભેંસો વગેરે પશુઓમાં ઘણો બધો તફાવત છે. કેમ જે, સત્સંગીને ઘેર રહેલા ગાયો, ભેંસો વગેરેનું દૂધ, દહીં, ઘી વગેરે વસ્તુ ભગવાન, સંતો અને સત્સંગીઓના ઉપયોગમાં આવે, બળદ ગાડામાં સંતો, સત્સંગીઓને અને ક્યારેક ભગવાનને ગાડામાં બેસાડે અને એનું એને પુણ્ય થાય. ભગવાન રાજી થાય. સંતો, હરિભક્તો રાજી થઇ આશીર્વાદ આપે. જેણે કરીને એ પશુનું પણ કલ્યાણ થાય.

એમ કહીને મહારાજ અને સર્વે સંતો ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા અને જીજીભાઈના બળદના આત્માને તેડી ગયા. પછી બાપુભાઈ રાતે જ ઉતાવળા ઉતાવળા ગયા જીજીભાઈને ઘેર અને જીજીભાઈને જગાડ્યા અને સર્વે વાત જીજીભાઈને કહી જે, મહારાજ તમોને તેડવા માટે પધાર્યા હતા, પણ મારી પ્રાર્થનાથી મહારાજે કહ્યું જે, હવે અમો જીજીભાઈને તેડી નહીં જઈએ પણ એના



બદલામાં એના બળદને તેડી જઈશું એમ મને મહારાજ કહીને અંતર્ધ્યાન થઈ ગયા. માટે હે જીજીભાઈ, આપણે તમારા બળદ પાસે જઇને ચાલો તપાસ કરીએ. એમ કહીને બંને ગયા બળદ પાસે અને જોયું તો બળદને પ્રાણરહિત જોઇને અતિ આશ્ચર્ય પામી ગયા. પછી એ વાત સર્વે ભક્તજનોને બોલાવીને કહી-સંભળાવી ત્યારે તે વાત સાંભળીને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયા અને સહુ કહેવા લાગ્યા જે, આ તો અતિ મોટો પરચો થયો કહેવાય. એવી રીતે ૮૫મો પરચો થયો

---

## પરચો ૮૬મો

## બેચર ભક્તને મહારાજે પરચો દીધો

*વળી વાત બીજી એક કહુ । તમે સાંભળજો જન સહુ ॥*
*કાનમમાં માંગરોળ ગામે । કણબી ભક્ત ત્યાં બેચર નામે ॥*
*કરે ખેતી તે નિર્વાહ કાજ । મુખે ભજે સ્વામી શ્રી મહારાજ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી બીજી એક પરચાની વાત કહું છું તેને સહુ ચિત્ત દઈને સાંભળજો. કાનમ દેશમાં એક માંગરોળ ગામમાં કણબી કુળમાં એક ભક્ત હતા. તેનું નામ બેચર ભક્ત હતું. તે ભક્ત પોતાના નિર્વાહને માટે ખેતીનું કામ કરે અને સાથે શ્રીજી મહારાજનું ભજન-સ્મરણ કરે અને પંચ વ્રતમાન અતિ દૃઢ રીતે પાળે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, તેને ભગવાનમાં અતિશે પ્રીતિ હોવાને કારણે એનું ખેતીના કામમાં ચિત્ત બેસે નહીં. જેથી કાંઇ પણ કમાણી થાયન હીં. તેણે કરીને સરકારનો જે કાંઇ કરવેરો તે પણ ભરાય નહીં. ત્યારે સરકારે તેને બોલાવીને કહ્યું જે, તારી ખેતીવાડીનો ઘણા સમયનો કરવેરો ચડી ગયો છે, તે તું ભરતો કેમ નથી ? માટે તે સરકારી કરવેરો ભરી દેજે. ત્યારે બેચર ભક્ત કહે જે, તે કર હું શેમાંથી ભરું ? કારણ કે મારી પાસે કમાણી કાંઇ છે નહીં. ત્યારે સરકારે કહ્યું જે,

*ત્યારે સરકારે કહ્યું બોલાવી । ભર રૂપૈયા અમને લાવી ॥*

એમ કહીને તેને બંધીખાને બેસાડી દીધો અને કહે જે, જો તું રૂપૈયા ભર્ય તો તુને છોડીશું. ત્યારે બેચર ભક્ત કહે જે, મારી પાસે રૂપૈયા છે જ નહીં તો હું રૂપૈયા

ક્યાંથી લાવીને તમોને આપું ? ત્યારે સરકારી નેતાઓ કહે જે, જો તું રૂપૈયા નહીં ભરે ત્યાં સુધી તુને બંધીખાનેથી છોડવામાં નહીં આવે. તેને બે દિવસો વિતી ગયા. હાથ-પગમાં બેડીઓ પહેરાવી, ને વગર ગુને એને જેલમાં બેસાડી દીધા. બેચર ભક્ત કહે જે, હે ભાઈઓ, મેં કાંઈ સરકારી કાયદો લોપ્યો નથી, તેમ મેં ખેતરમાં કાંઇ વાવ્યું નથી, જેથી હું સરકારી વિઘોટી વગેરે કર ભરી શક્યો નથી. જેથી મને તમો દયા કરીને છોડો. મને આ જેલમાં શા માટે પૂર્યો છે ? અને ક્યારે મને છોડશો ? ત્યારે સરકારી માણસો કહે જે, તમો પૈસા ભરી દેશો એટલે અમો તને છોડીશું, પણ તે સિવાય તુને અમો નહીં છોડીએ અને ખાવા-પીવા પણ કાંઇ નહીં મળે. એમ કરતાં બે દિવસ થઇ ગયા. પછી બેચરભાઇએ વિચાર કર્યો જે, હવે તો ભગવાન સિવાય મુને કોઈ પણ છોડાવશે નહીં.

*ત્યારે બેચરે કર્યો વિચાર । પ્રભુ કેમ ઉતારશો પાર ॥*
*મારે તો બલ એક તમારું । બીજું નથી તમ વિના મારું ॥*

હે મહારાજ, હે ભગવન્ હવે આ બંધીખાનામાંથી તમારા સિવાય મને છોડાવનાર કોઈ નથી. માટે હે મહારાજ, મારા ઉપર દયા કરીને મારી રક્ષા કરવાને યોગ્ય છો. આમ સંભારતાં જ ભગવાન એ જેલમાં પોતાના ભક્તની રક્ષા કરવા માટે આવી ગયા અને ચોકીદારોના સામે કરડી દૃષ્ટિ કરીને કહ્યું જે, અરે પાપીઓ, તમોએ મારા ભક્તને કેમ પૂર્યો છે ? છૂટો કરો. ત્યારે ચોકીદારો કહે જે, અરે તમો વળી અમોને કેહનારા કોણ છો ? ત્યારે પ્રભુ કહે જે, હું બેચરનો ભગવાન છું. ત્યારે ચોકીદારો કહે જે, તમો અહીં શા માટે આવ્યા છો ? અંદર જવાશે નહીં. ભગવાન કહે જે, તમારાથી થાય તે કરી લેજો. એમ કહીને ભગવાને તાળાંનો સ્પર્શ કર્યો એટલે તરત જ તાળું તૂટી ગયું અને ચોકીદારોને ભગવાને અતિ ભયાનક પોતાનું સ્વરૂપ દેખાડ્યું. એટલે ચોકીદારો દૂર જતા રહ્યા અને વિચાર કર્યો જે, આવું મજબૂત તાળું માત્ર હાથના સ્પર્શથી તૂટી ગયું ! તો આપને હાથ અડાડશે તો આપની શી દશા થશે ? એમ વિચારીને ચોકીદારો છેટે ભાગી ગયા. ભગવાન જેલમાં જઈ બેચરભાઈને પોતાનું દિવ્ય દર્શન આપ્યું. ભગવાને દૃષ્ટિ કરી એટલે પહેરાવેલી બેડીઓ તૂટી ગઈ અને મહારાજ કહે જે, હે બેચર ભક્ત, તમો ચાલો મારી સાથે. એમ કહીને બેચર ભક્તને જેલમાંથી બહાર કાઢી



ગયા. ચોકીદારો ભય પામતાં થકા જોઈ જ રહ્યા. કાંઇ કરી શક્યા નહીં. પછી શ્રીજી મહારાજે એના ઘરની સર્વે સામગ્રી ગાડામાં ભરાવીને પર રાજ્યમાં લઈ જવા માટે ચાલ્યા ત્યારે ચોકીદારો પાછળ દોડ્યા અને કહેવા લાગ્યા જે, અમારી વિઘોટી આપ્યા વિના બેચરીયો ક્યાં જવાનો છે ? ત્યારે શ્રીજી મહારાજે તેને ભયંકર સ્વરૂપ દેખાડ્યું અને કહે જે, આવો જોઈએ, વગર મોતે મરી જશો. એટલે સર્વે ચોકીદારો ભય પામીને પાછા વળી ગયા.

*સર્વે જખ મારી રહ્યા જોઈ । કેડે આવી શક્યા નહીં કોઈ ॥*

સ્વામિનારાયણ ભગવાને બીજા રાજ્યમાં બેચરભાઈને રહેવા કહ્યું. પછી ભગવાનની ઈચ્છાથી તેને રહેવા માટે મકાન, ખેતીવાડી સર્વે સાજ મળી ગયો અને ત્યાં સુખેથી રહેવા લાગ્યા. એમ,

*એમ કરી અલૌકિક કાજ । પછી પધાર્યા ત્યાંથી મહારાજ ॥*

**એવી રીતે ૮૬મો પરચો થયો**

---

### પરચો ૮૭મો

## નાનાભાઈને મહારાજે પરચો દીધો

વળી એ જ કાનમ દેશમાં કરાળી નામે એક ગામ છે. તે ગામમાં ભગવાનના ભક્તો ઘણા રહે છે અને તે ભક્તો ભાઈ-બાઈ સર્વે ભગવાનમાં અતિ પ્રીતિવાળા. તે ભક્તોને શ્રીજી મહારાજે લાખો પરચા આપ્યા છે. તો નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ બધાય પરચાને લખવાની મારી સામર્થિ નથી. ભગવાન સ્વામિનારાયણ અંતકાળ વખતે પોતાના આશ્રિત ભક્તોને અનંત વિમાનો, રથ, પાલખી, ઘોડા અને હાથી આદિક દિવ્ય વાહનો લઇને તેડવા આવે. તેનાં સત્સંગી, કુસંગી સર્વેને દર્શન થાય અને ગાજતે વાજતે ભગવાન પોતાના ધામમાં તેડી જાય. એવા તો લાખો પરચા છે. તેમાંથી હું એક પરચો કહું છું તેને સર્વેજનો સાંભળો.

*એક પાટી દાર નાનો ભાઈ । થયા દુઃખી મંદવાડમાંઇ ॥*
*તજ્યું ખાવું પીવું જળ અન્ન । તેને વીતી ગયા બહુ દન ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ કરાળી ગામમાં નાનાભાઈ એવે નામે

એક પાટીદાર ભક્ત હતા. તે માંદા થયા. મંદવાડમાં ખાવું-પીવું સર્વે બંધ થઈ ગયું અને ઘણા દિવસો વિતી ગયા. તેના શરીરમાં એક દિવસે નાડી પ્રાણ પણ કાંઇ રહ્યા નહીં ત્યારે સર્વે સગાં-સંબંધી ભેળા મળીને કહેવા લાગ્યાં જે, હવે આના દેહમાં કાંઈ છે નહીં, માટે સ્મશાનયાત્રાની તૈયારી કરો અને વાર લગાડશો નહીં. ત્યારે સર્વે તૈયારી કરવા લાગ્યા. ત્યારે તે જ સમયે શ્રીજી મહારાજ રથ, વેલ્ય અને ઘણાંક વિમાનો અને સાથે ઘણાંક સંતોને સાથે લઈને આવી ગયા. તેનાં, એ ગામમાં સર્વેને દર્શન થયાં. દર્શન વિના ગામમાં કોઇ ન રહ્યું અને સર્વેજનો અતિ રાજી થઈને કહેવા લાગ્યા જે, હે ભગવાન, આપ દયા કરીને ભલે પધાર્યા. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, અમો તો નાનાભાઈને આજે જ અમારા ધામમાં તેડી જવા માટે જ આવ્યા છીએ, પણ હવે એને અમો નહીં તેડી જઈએ અને એને મેલી જઈશું.

*તેને તેડી લઈ જવાતા સાથ । પણ મેલી જાશું કહે નાથ ॥*
*પછી નાનાને કહે મહારાજ । તને તેડી નહીં જાઈએ આજ ॥*
*માટે અન્નજળ હવે લે જે । સુખે સ્વામિનારાયણ કહેજે ॥*

પછી મહારાજે નાનાભાઈને કહ્યું જે, હે નાનાભાઈ, હવે અમો તમોને તેડી નહીં જઈએ, માટે હવેથી તમો અન્નજળ લેજો અને સુખેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરજો. એમ કહીને મહારાજ સર્વે રથ, પાલખી, વિમાનો અને સંતો સહિત અંતર્ધ્યાન થઇ ગયાં તેનાં સર્વેજનોને દર્શન થયાં. પછી,

*જોઈ આશ્ચર્ય પામિયા સહુ । કહે વાત આ તો મોટી બહુ ॥*
*આથી પરચો બીજો શિયો કહીએ । સહુ વિચારી જુવોને હૈયે ॥*

એવી રીતે ૮૭મો પરચો થયો

---

## પરચો ૮૮મો

## જેઠા ભક્તને મહારાજે પરચો દીધો

વળી એક કરાળી ગામમાં ભગવાનનો ભક્ત નાનો બાળ એક સત્સંગી હતો. તેનું નામ જેઠો ભક્ત હતું, પણ નાના છોકરાને તો સમાજમાં સહુ જેઠીયો



કહીને બોલાવે, એટલે સ્વામી પણ એ જ રીતે લખે છે.

*એક ભક્ત છે જેઠીયો બાળ । તેનો દેહનો આવીયો કાળ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, જ્યારે નાનો બાળક બીમાર પડે ત્યારે મા-બાપ દુઃખી થઈ જાય. જેઠીયો એવો તો માંદો પડ્યો કે કાંઈ પણ બોલી શકે નહીં. દેહની શુદ્ધ રહી નહીં. ત્યારે સર્વેજનો કહેવા લાગ્યા જે, અરે બેઠા શું છો અને શું જોઈ રહ્યા છો ? આને તો કોઈ ભૂત વળગ્યું છે, માટે દોડો અને ભૂવાને જઈને બોલાવો, પણ બધાય મનુષ્યો ભૂતને વશ થોડા જ હોય. આ તો એવો જેઠીયો પાકો સત્સંગી હતો તેવો જ એનો બાપ અને તેની મા-બંને પાકા સત્સંગી હતા. જેથી,

*ત્યારે બોલીયો છે એનો તાત । એવી કરશો મા કોઈ વાત ॥*
*મરે જીવે તેનું નહીં કાંય । પણ ભૂવા પાસે ન જવાય ॥*
*થાશે હરિનું ગમતું હશે । તેનો શીદને કરવો સંશે ॥*
*એહ વાત સુણી નહીં કાન । ત્યાં તો પધારિયા ભગવાન ॥*

એ જેઠીયાનો બાપ કહે જે, અહીં એવી વાત કોઈપણ કરશો નહીં. કોઇ જીવે કે મરે પણ ભૂવા પાસે તો જવાય જ નહીં. ભગવાનની જેવી ઇચ્છા હશે તેમ થશે. ભગવાનનું ધાર્યું થશે એમાં સંશે શા માટે કરવાનો હોય ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, કેવી નિષ્ઠા બળવાન છે. આપણે તો જરાક કાંઇક થાય તો દોરા-ધાગા બંધાવવા દોડીએ. કોઈ દેવ-દેવલાની માનતાઓ કરીએ. વળી આ પેલો ભૂવો છે તે સારું જાણે છે, માટે તમે ત્યાં જઈને જોવરાવો. વહાલા ભક્તો, જો આવું થાય તો આપણી નિષ્ઠા ક્યાં જઈ ? ભાઈઓ, આપણે કોણ છીએ અને આપણો ધર્મ, આપણો બાપ કોણ છે ? સર્વ કર્તાહર્તા, સર્વ નિયંતા આપણા ભગવાન છે. જરા પેટમાં દુઃખે કે માથું દુઃખે કે જરા તાવ આવે એટલે ભગવાનને મૂકીને કયાંયને કયાંય દોડીએ, એ આપણી નિષ્ઠામાં ખોટય નથી દેખાતી ? નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એક વાતનું ધ્યાન રાખવું, આ શરીર છે, એટલે સાજું કે માંદું થાય તે વખતે વૈદ્ય કે ડૉક્ટર પાસે દવા કરાવીએ એ ખોટું નથી. એ કરાવવાથી ભગવાનના નિશ્ચયમાં ખામી ન કહેવાય. કારણ કે આ પંચભૂતનો દેહ છે. તે ક્યારેક સાજો રહે અને ક્યારેક કર્માધિનપણે કરીને માંદો પણ થાય. ત્યારે દવા કરવી જરૂરી છે

પણ કોઈ મંત્ર, યંત્ર, દોરા, ધાગામાં ભગવાનના ભક્તોએ વિશ્વાસ કે શ્રદ્ધા રાખવાની કોઈ જરૂરિયાત નથી. ભગવાનમાં દૃઢ નિષ્ઠા હોય તો ભગવાન સ્વામિનારાયણ એ ભક્તની નિષ્ઠા જોઈને બહુ રાજી થયા છે. સૌરાષ્ટ્ર દેશમાં કારિયાણી ગામના માંચા ભક્તની વાત ક્યાં જાણીતી નથી. તેની પાસે કોઈક બાવો આવ્યો. જંત્ર, મંત્ર જાણતો હતો. તે માંચા ભક્તને કહે જે, હે રાજન, તમો સદાવ્રતી છો. દાન-પુન્ય કરો છો. માટે તમારા ઘરમાં કોઈપણ ત્રાંબાનાં વાસણો આદિક વસ્તુઓ હોય તો લાવો હું જંત્ર, મત્ર, જાણું છું. વલી મારી પાસે જડીબુટ્ટી છે. જેથી હું ત્રાંબામાંથી રૂપું કરી જાણું છું. તો તમોને ત્રાંબામાંથી રૂપું બનાવી દઉં. વળી તમોને પણ રૂપું કરતાં શીખાવું, એટલે તમો અતિ ધનવાન થઈ જાશો. ત્યારે માંચા ભક્ત સમજી ગયા કે એવું જો તારામાં બળ હોય અને ત્રાંબામાંથી રૂપું બનાવવાની તારામાં શક્તિ હોય તો તું અહીં મારે ઘેર માગવા શા માટે આવ્યો છે. ત્રાંબામાંથી રૂપું કરીને તું જ મોટો આસામી બનીને, રૂપાના બંગલામાં રહીને સુખ કેમ માણતો નથી ? અને આમ જ્યાં નેત્યાં રખડે શા માટે છે ? માટે ઊઠચ અહીંથી અને મારા ઘરમાંથી અને ગામમાંથી બહાર નીકળે છે કે નહીં ? એમ કહીને લાકડી લઈને જેમ ગધેડાંને તગડે તેમ તેને ગામ બહાર કાઢી મૂક્યો. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, મંત્ર-જંત્રથી કે ભૂવા પાસે જોવરાવવાથી કાંઇ પણ સિદ્ધિ પ્રાપ્ત થાય નહીં અને મંદવાડ પણ દૂર થાય નહીં. શરીર સાંજું-માંદું થાય તો ઔષદ જરૂર કરવું પણ શ્રદ્ધા તો એક સ્વામિનારાયણ ભગવાન ઉપર જ રાખવી. આવી જેઠીયાના મા-બાપની દૃઢ નિષ્ઠા જોઈને ભગવાન સ્વામિનારાયણે વિચાર કર્યો જે, જેના મા-બાપને અમારી ભક્તિ અને ઉપાસનાની આટલી બધી સર્વોપરી નિષ્ઠા હોય તેના દીકરાનું મૃત્યુ થાય એ સારું ન કહેવાય. અત્યારે ભલે એનું આયુષ્ય પૂરું થયું છે, તો પણ મારે એને મરવા દેવો નથી. એમ વિચારીને ભગવાને એ જેઠીયાને કે એમના મા-બાપને દર્શન દીધાં નહીં પણ એના જ પડોશમાં રહેતી ભગવાનની ભક્ત એક બહેનને દર્શન દીધાં અને એ બાઈને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા ત્યારે તે બાઈ કહે જે, હે મહારાજ, આજે તમોએ મારા ઉપર દયા કરીને દર્શનનો અમૂલ્ય લાભ દીધો. તો હે મહારાજ, હું આપની શી સેવા કરું ? મને આજ્ઞા આપો. ત્યારે ભગવાન કહે જે, આ જેઠીયાની આયુષ્ય પૂરી થઈ છે, જેથી અમો તેને તેડવા માટે આવ્યા હતા, પણ આ સર્વેને મને નિશ્ચય



કરાવવો છે કે સર્વના નિયંતા એક ભગવાન જ છે અને એમનું જ ધાર્યું એક થાય છે, પણ બીજા કોઈનું કાંઈ ચાલતું નથી. માટે તું એટલું એક કામ કર્ય. અમે અત્રે જેઠીયાને ધામમાં તેડી નહીં જઈએ અને એને અમો જીવાડીશું. હું તુને પ્રસાદીનું કુંકુમ આપું છું તે તું લઈને જેઠીયાને ઘેર જઈને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કહીને તેના ભાલમાં ચાંદલો કરજે એટલે તે જેઠીયો આળસ મરડીને થાશે બેઠો.

*કરજે ચાંદલો આનો તું જઈ । સ્વામિનારાયણ નામ લઈ ॥*
*બેઠો થઈને બોલશે બાળ । એમ કહીને ચાલ્યા દયાળ ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

*પછી બાઈ આવી તેની પાસ । કહ્યું આવ્યા હતા અવિનાશ ॥*
*આપ્યું કુંકુમ ચાંદલો કરવા । કહ્યું નથી જેઠીયાને મરવા ॥*

પછી તે બાઈ મહારાજે આપેલું પ્રસાદીનું કુંકુમ લઈને તેને ઘેર જઈને સર્વેને વાત કહી જે, ભગવાન અત્યારે મારે ઘેર પધારી, મને પોતાના દર્શન દઈને કહી ગયા છે કે, જેઠીયાની આયુષ્ય તો આવી રહી છે, માટે અમો તેને તેડવા માટે આવ્યા હતા પણ અત્યારે તેને નહીં તેડી જઈએ અને આ કુંકુમથી તારે હાથે તેના ભાલમાં ચાંદલો કરજે, એટલે તે બેઠો થાશે.

*પ્રભુ પદાર્યા હતા સાક્ષાત્ । કહી સર્વે મુજને વાત ॥*
*સહુ સાંભળી થકિત થયાં । ધન્ય ધન્ય પ્રભુ કહે રહ્યા ॥*

પછી તે બાઈએ મહારાજે આપેલ કુંકુમનો ચાંદલો જેઠીયાના ભાલમાં સ્વામિનારાયણ નામ લઈને કર્યો એટલે તરત જ જેઠીયો આળસ મરટીને થયો બેઠો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આવી જેને ભગવાનને વિશે નિષ્ઠા પાકી હોય તેની આજે પણ ભગવાન અવશ્ય રક્ષા કરે છે. એવી રીતે ૮૮મો પરચો.

---

## પરચો ૮૯મો

## પ્રભાતગર બાવાજીને મહારાજે પરચો દીધો

*વળી એક વારતા અનૂપ । સહુ સાંભળજો સુખરૂપ ॥*
*એહ દેશમાંઇ રણું ગામ । ત્યાં જોગી પ્રભાતગર નામ ॥*

વળી એ જ કાનમ દેશમાં રણું એવા નામે ગામમાં એક પ્રભાતગર એવે નામે જોગી હતા. તેને સર્વે લોકો મોટો સિદ્ધ છે એમ જાણતા અને તે જોગી રાજા પ્રજામાં પ્રસિદ્ધ હતા. તે જોગીએ,

*તેણે સુણી સંતની વારતા । જાણ્યા સ્વામીને કલ્યાણ કરતા ।*
*પછી ત્જી સંન્યાસીની રીત્ય । કરી પ્રગટ પ્રભુજી શું પ્રિત્ય ॥*

સંતોની વાતો સાંભળીને એમ નિશ્ચય કર્યો જે, આ જીવનું કલ્યાણને કરનારા તો એક ભગવાન શ્રી સ્વામિનારાયણ જ છે એમ જાણીને પોતાની સંન્યાસીની રીત્યનો ત્યાગ કરીને પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણમાં જ દૃઢ પ્રીતિ કરીને તેનું ભજન કરવા લાગ્યા. એમ કરતાં ઘણા દિવસો વીતી ગયા અને એના દેહની આયુષ્ય પૂરી થઇ ત્યારે તેને તેડવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા અને સાથે અનંત વિમાનો અને અનંત સંતો બાવાજીને માટે લાવ્યા અને ભગવાને બાવાજીને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા અને પોતાના કંઠમાં રહેલો સુંદર ગુલાબનો હાર ઉતારીને બાવાજીના કંઠમાં પહેરાવ્યો અને પાઘમાંથી ફૂલનો તોરો આપીને કહે જે, હે બાવાજી, અમો તમોને તેડવા માટે આ અનંત વિમાનો લઈને આવ્યા છીએ માટે તમો થાઓ તૈયાર. ત્યારે બાવાજી તો પોતાના શરીરનો ત્યાગ કરીને બેઠા વિમાનમાં અને મહારાજ તેને તેડી ચાલ્યા ત્યારે ગામના સર્વે મનુષ્યોને દર્શન થયા. વળી મહારાજે જે પોતાના કંઠમાંથી હાર ઉતારીને બાવાજીને પહેરાવેલો હતો તે પણ વિમાનમાં દિવ્ય દેહે બેઠેલા બાવાજીના કંઠમાં પ્રત્યક્ષ સર્વને હારના દર્શન થયા.

*સહુ દેખીને પામ્યા આશ્ચર્ય । કહે જુઓ આ તોરો ને સ્રજ ॥*
*આ તો અલૌકિક વાત બહુ । એમ કહે જન મળી સહું ॥*
*આ તો પ્રતાપ મહારાજ તણો । સ્વામી સહજાનંદજીનો ઘણો ॥*
*એમ પરચા બહુ બહુ થાય । તે નિષ્કુળાનંદે ન લખાય ॥*

અને સર્વે આશ્ચર્ય પામી ગયા અને સર્વે મળીને કહેવા લાગ્યા જે, જુઓ જુઓ મહારાજે. જે, હાર અને ફૂલનો તોરો બાવાજીને આપેલ તે હાર અને તોરો વિમાનમાં દિવ્ય દેહે બેઠેલા બાવાજીના કંઠમાં પ્રત્યક્ષ રહેલો છે. આ તો અલૌકિક પરચો કહેવાય. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામી



પોતાના અનન્ય ભક્તોને અનંત પરચા આપે છે તે સર્વે પરચા તો નિષ્કુળાનંદ સ્વામી લખી શકે તેમ નથી. એવી રીતે ૮૯મો પરચો થયો.

---

## પ્રકરણ : ૧૫૧, પરચો ૯૦મો

# સાકરબાઈને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ જ કાનમ દેશમાં એક ઉતરાદ એવે નામે ગામ છે. તેમાં એક સાકરબાઈ એવે નામે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં આશ્રિત ભક્ત હતાં. તેના દેહનો જ્યારે અવધિ આવ્યો ત્યારે તેને શ્રીજી મહારાજ ચાર દિવસ પહેલાં પોતાના દિવ્ય દર્શન દઈને કહી ગયા કે, તું હવે વિશેષ ભજન કરજે. કારણ કે તારા દેહનો અંતકાળ નજીક આવ્યો છે. જેથી આજથી ચોથે દિવસે તારો દેહ પડશે અને અમો તુને તેડવા માટે આવીશું. એમ કહીને મહારાજ અદ્રશ્ય થઈ ગયા. પછી તે સાકરબાઈ મહારાજનું વચન માનીને જગતના સુખથી ઉદાસ થઈને શ્વાસોશ્વાસે ભગવાનનું સ્મરણ કરવા લાગી. એમ કરતાં ચાર દિવસ વિતી ગયા અને શ્રીજી મહારાજ આવ્યા તેને તેડવા, સ્વામી કહે જે, શ્રીજી મહારાજ જ્યારે સાકરબાઈને તેડવા માટે આવ્યા ત્યારે સીધા સાકરબાઈ ઘરે ન આવ્યા પણ એ સાકરબાઈની ભત્રીજી કેશરબાઈને ઘેર જઇને તેને પોતાનાં દર્શન દીધાં. ત્યારે કેશરભાઈ કહે જે, હે મહારાજ, તમોને ધન્ય છે. પ્રભુ આજે આપે મને કૃતાર્થ કરી છે. કારણ કે આપ ઘણે દાડે મારે ઘેર પધાર્યા છો પ્રભુ, અને રાંક એવી મારા ઉપરમોટી મહેર કરી છે. એમ કહીને સુંદર આસન બિછાવીને તે ઉપર મહારાજને બેસાડ્યા. પછી બે હાથ જોડી, પગે લાગીને કહે જે, હે મહારાજ, હું અત્યારે આપને માટે રસોઇ કરું અને આપ મારે ઘેર જમો. ત્યારે મહારાજ કહે જે, બહું સારું. અમો ભૂખ્યા છીએ, માટે થાળ બનાવો. પછી તે કેશરબહેને સુંદર થાળ કર્યો અને તેના ઉપર મોટી મહેર કરીને મહારાજ જમ્યા. જમી, ચળું કરીને પછી તે બાઇએ આપેલો મુખવાસ જમીને મહારાજ ઊઠ્યા ત્યારે કેશરબાઈ બે હાથ જોડીને કહેવા લાગ્યાં જે, હે મહારાજ, આપને અચાનક આવ્યાનું કારણ શું છે ? અને આપ કેમ પધાર્યા છો ? ત્યારે મહારાજ કહે જે, હે કેસરબાઈ, અમો આવ્યા છીએ તારી કાકી સાકરબાઈને તેડવા માટે. કારણ કે તેની આયુષ્ય પૂરી

થઈ છે. માટે અમો તેને તેડી જઈશું, પણ તેમાં તું રાજી છો ? કે કુરાજી ? અને એટલા માટે જ અમો અત્યારે ઘોડા ઉપર બેસીને આવ્યા છીએ. ત્યારે તે કેશરબાઈ કહે જે, હે મહારાજ, એ મારી કાકીનાં અહોભાગ્ય કહેવાય કે, જેને આપ તમારા ધામમાં તેડી જાશો, પણ આપ મને પૂછો છો, તો બે હાથ જોડીને કહું છું જે, હે મહારાજ, એ મારી કાકી તમારાં ભક્ત બહુ મોટાં છે અને તમારી આજ્ઞા યથાર્થ પાળે છે. જેથી આ ગામમાં સત્સંગી બાઈયોને સમાસ સારો છે. એને તમો તોડી જશો તો પછી બાઈઓમાં સત્સંગમાં ફેર પડી જશે. માટે હમણાં એને મેલી જાઓ તો સારું. પછી જેમ તમો રાજી હો, તેમાં અમો પણ રાજી છીએ. તે સાંભળીને શ્રીજી મહારાજ કહે જે, જો એવું હોય તો, અમે તેને નહીં તેડી જઈએ અને હમણાં મૂકી જઈશું, પણ અમો એને ચાર દિવસ પહેલાં કહી ગયા હતા કે અમો તમોને તેડવા માટે આજતી ચોથે દાડે આવીશું. તો તે સાકરબાઈ અમારી આવ્યાની વાટ જોતાં હશે. માટે તું ત્યાં જઈને કહે, કે મહારાજ અત્યારે તમોને તેડી નહીં જાય. આવી રીતે મહારાજ મારે ઘેર આવીને મને કહી ગયા છે. પછી તે કેશરબાઈ ઉતાવળી ઉતાવળી સાકરબાઈના ઘેર જઈને સર્વે વાત કહી. તે સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયાં. એવી રીતે ૯૦મો પરચો થયો

---

### *પરચો ૯૧મો*

## *વલીભાઈને મહારાજે પરચો દીધો*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે,

*વળી વાત કહું એક સારી । હરિજન લેજો હૈયે ધારી ॥*
*કાનમ દેશમાં કેલોદ ગામ । તિયાં શેખ વલિભાઈ નામ ॥*

વળી એ કાનમ દેશમાં કેલોદ ગામમાં એક શ્રીજી મહારાજના આશ્રિત શેખ વલીભાઈ એવે નામે ભક્ત હતા. તેને શ્રીજી મહારાજે પરચો આપ્યો તે વાત કહું છું. તેને સર્વેજનો સાંભળો. એ શેખ વલીભાઈ મુસલમાન હતા. એક સમયે પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતો કેલોદ ગામની સીમમાંથી પસાર થતા હતા. તેણે રસ્તામાં એક બાજું કપડું પાથરીને નમાજ પાડતા વલીભાઈને જોયા અને તેને સમીપે જઈને બેઠા. વલીભાઈએ નમાજ પઢી લીધા પછી સંતોએ



પૂછયું, શું તમારું નામ ? ત્યારે તે કહે જે, મારું નામ વલીભાઈ. ત્યારે સંતો કહે જે, તમો હંમેશાં નમાજ પઢો છો અને ખુદાની બંદગી કરો છો, તો તમોને ખુદાએ કોઈ દિ' દર્શન આપ્યાં છે અને કોઈ દિવસ તમોને જવાબ આપ્યો છે ? ત્યારે વલીભાઈ કહે જે, એ સ્વામીજી, ખુદાનાં દર્શન તો અંત સમયે થાય. ત્યારે જે પવિત્ર આત્મા હોય તેને પોતાના તખતમાં લેશે અને જે પાપી હશે તેને દોજખમાં નાખે (નરકમાં નાખે) એવું અમારા શાસ્ત્રમાં લખેલું છે. ત્યારે સંતો કહે જે, એ ખુદા તો અત્યારે આ પૃથ્વી ઉપર પ્રગટ પ્રમાણ છે અને એમનો આશરો કરવાથી જીવાત્માનો મોક્ષ થાય છે. ત્યારે વલીભાઈ કહે જે, સ્વામીજી, ખુદા આ પૃથ્વી ઉપર આવે એવું મને તમો શાસ્ત્રની રીતે સાબિત કરી આપો. ત્યારે સંતો કહે જે, અત્યારે ખુદા સાક્ષાત્ શ્રી સ્વાવમિનારાયણ ભગવાન રૂપે પ્રગટ વિરાજમાન છે. તેના તમો એકવાર દર્શન કરો તો તમોને ખાતરી થશે કે ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે અને જો અત્યારે જ તમને ખાતરી કરવી હોય તો આવો અને અમારી પાસે બેસો. ત્યારે વલીભાઈ સંતોની પાસે પલાંઠી વાળીને બેઠા. ત્યારે સંતો કહે જે, સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલો. ત્યારે વલીભાઈ માંડવા બોલવા. ભગવાનના નામનો જપ કરવાથી તરત જ હૈયામાં છે તે સાચું છે. કદાચ ભગવાનની ઈચ્છાશક્તિ ભળી એટલે વલીભાઈના હૃદયમાં થોડી પ્રતીતિ જણાઈ કે આ સંતો જે બોલે છે તે સાચું છે. કદાચ ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થયા હોય એમ લાગે છે અને જો પરમાત્મા પ્રગટ ન હોય તો આ સંતોએ મને ભગવાનની વાતો સંભળાવી એટલામાં જ મને હૈયામાં શાંતિનો અનુભવ થયો એ વાત કેમ બને ? વલીભાઈને અંતરમાં નક્કી થયું જે, ભગવાન પોતાન ાઅનન્ય ભક્તોની રક્ષા કરવા માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. પછી તે વલીભાઈ કહે જે, હવે મને તમારી વાતો સાંભળવાથી એમ નક્કી થાય છે કે, ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ થાય છે. તો એ ભગવાન સ્વામિનારાયણ માટે શું કરવું જોઈએ ? તે તમો કહો. ત્યારે સંતો કહે જે, તમારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવાનું તો અંતે તમારું કલ્યાણ તશે. સંતો આવી રીતે ભજન કરવાનું શીખવાડીને ગયા. ત્યાર પછી વલીભાઈ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કર્યા કરે ત્યારે તેના સગાં-સંબંધી નાતિલાઓ સર્વે વિરોધ કરવા માંડ્યા. ત્યારે વલીભાઈએ કહી દીધું કે, હું કરું છું એ બરાબર જ છે અને એ સ્વામિનારાયણ ભગવાન છે અને

એના ભજનમાં મને આનંદ આવે છે, એવો આથી પહેલાં મને આનંદ આવ્યો નથી અને જો હું સ્વામિનારાયણનો આશ્રિત થયો ન હોત, તો મારું જીવન નકામું જાત. માટે મારા જીવનની સફલતા માટે હું સ્વામિનારાયણ નામનો જાપ કરીશ. પછી બધા નાતિલાઓ ભેગા મળીને વલીભાઈને બહિષ્કાર કરીને નાત બહાર કરી દીધા. ત્યારે તે વલીભાઈ કહે જે, તમો મને નાત બહાર મૂકો કે મારી નાખો, તો મરવા તૈયાર છું, પણ સ્વામિનારાયણનું ભજન તો નહીં છોડું. આમ સર્વેના તિરસ્કારને સહન કરીને પણ સ્વામિનારાયણ ભગવાનનું ભજન છોડ્યું નહીં. એમ કરતાં,

*તેની વીતી ગયાં વર્ષ ચાર । નહીં વલિને સંશય લગાર ॥*
*ભલો ભક્ત જક્ત નહીં જેને । સ્વામી વિના માને નહીં કેને ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ વલીભાઈ નિઃશંસય થઈને ભગવાનનું ભજન કરે અને સ્વામિનારાયણ વિના બીજા કોઈને માને નહીં. એમ ભગવાનનું ભજન કરતાં કરતાં ઘણાં દિવસો વીતી ગયા. એમ કરતાં તેના દેહનો અંતકાળ સમય આવી ગયો ત્યારે તેને તેડવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ હજારો રથ, વેલ અને ઘોડા લઈને આવ્યા. આવીને ગામની ભાગોળમાં એક વાડી હતી તેમાં ઊતર્યા. તેને જોઈને એ વાડીનો માલિક કહેવા લાગ્યો જે, અરે તમે કોણ છો ? અને અહીં મારી વાડીમાં શા માટે આવ્યા છો ? વાડીની બહાર જાઓ. કારણ કે આવડા બધા ઘોડા અને બળદ આ મારી વાડીમાં રહેલો મોલ ખાઈ જાશે અને આટલી જ મારી જીવાઈ છે. માટે બહાર નીકળી જાઓ. ત્યારે ભગવાને કહ્યું જે, અમો ભગવાન શ્રી સ્વામિનારાયણ છીએ અને આ અમારા બળદ ને ઘોડા છે તે તારી ખેતીને ખાય એવા નથી અને અમો તે શેખ વલીભાઈને તેડવા માટે આવ્યા છીએ તે હમણાં જ જતા રહીશું. માટે હે રખવાળ, તું તારી ખેતીની ચિંતા મ કર્ય. એમ કહીને પછી મહારાજ આવ્યા વલીભાઈની પાસે અને વલીભાઈને પોતાનાં દર્શન દીધાં. ત્યારે તે વલીભાઈ ભગવાનને પગે લાગી, બે હાથ જોડીને કહેવા લાગ્યો જે, હે મહારાજ, ધન્ય પ્રભુ ધન્ય પ્રભુ, મારે તો એક તમારો જ આશરો હતો જે, ભગવાન મને ક્યારેય વિસારશે નહીં.

*ત્યારે નાથ કહે અમે આજ । આવ્યા તમને તેડવા કાજ ॥*



*એવું સુણ્યું વાલાનું વચન । ચાલ્યા વલીભાઈ તજી તન ॥*
*દીઠાં સત્સંગી કુસંગી સહુએ । માન્યું આશ્ચર્ય મનમાં બહુ એ ॥*

ત્યારે મહારાજ કહે જે, હે વલીભાઈ, અમો તમને તેડવા માટે આવ્યા છીએ, માટે તમો થાઓ તૈયાર. ત્યારે વલીભાઈ મહારાજનું વચન સાંભળીને થયા તૈયાર અને પોતાના શરીરનો ત્યાગ કરીને ભગવાનની સાથે થયા ચાલતા. ત્યારે સર્વે સત્સંગીઓ અને કુસંગી સર્વેને દર્શન થયાં અને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયા અને સર્વે કહેવા લાગ્યા જે, અહો, આ સત્સંગને ધન્ય છે કે આ વલીભાઈ આ જગતનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયા. આ તો પ્રગટ પ્રમાણ પરચો કહેવાય. માટે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ ભગવાન છે અને આ વાતને જે નહીં માને તે મૂર્ખ અને અજ્ઞાની છે.

*એમ કહી રહ્યાં નર નારી । જોઈ સામર્થિ સ્વામીની ભારી ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી વિશેષ આશ્ચર્યકારી પરચો એ, કે, જેની વાડીમાં શ્રીજી મહારાજે ઘોડાને અને બળદોને છોડ્યા હતા તે માલિક પણ આશ્ચર્ય પામી ગયો કે આટલા બધા ઘોડા, આટલા બધા બળદો આવેલા છે, પણ મારા પાકને તો કાંઈ નુકસાન નથી કરતા. વલીભાઈને લઈને શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા, પણ પેલો ખેડૂત તો જીવ્યો ત્યાં સુધી બોલતો રહ્યો જે, શ્રી સ્વામિનારાયણ ભગવાન સાચા અને સ્વામિનારાયણના સાધુઓ સાચા અને તેના ભક્તોએ સાચા અને સ્વામિનારાયણના બળદો અને ઘોડાઓ સાચા. કેમ જે, એ સર્વે મારી વાડીમાં આવ્યા પણ જરાય નુકસાન કર્યું નહીં, એક ઘાસનું ત્રુણ પણ કોઈએ તોડ્યું નહીં. આ પ્રસંગને યાદ કરતાં કરતાં સ્વામિનારાયણ ભગવાનને યાદ કરતો રહ્યો. જેથી તે પણ દેહને અંતે એને ભગવાન તેડવા આવ્યા અને એનુંયકામ થઈ ગયું. જયશ્રી સ્વામિનારાયણ. એવી રીતે ૯૧મો પરચો થયો. પરચો ૯૧મો

---

### પરચો ૯૨ મો

## અરદેસર પારસીને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, હવે સુરત શહેરના હરિભક્તોને ભગવાને પરચા આપ્યા છે તે પ્રસંગો કહું છું તેને સર્વે સાંભળો જે, સુરત નામે એક મોટું શહેર છે. તેમાં શ્રીજી મહારાજની આજ્ઞાથી દરેક દેશોમાં ફરતા સંતોની અવર-જવર થઈ. તેને યોગે કરીને શહેરમાં સત્સંગની જમાવટ થવા માંડી. એક વખતે એ શહેરમાં સંતોનું મંડળ આવેલું. તે સંતો જે કોઈ મુમુક્ષુ પોતા પાસે આવે તેને ઉપદેશ આપી ભગવાનની ઓળખાણ કરાવીને ભજન કરતા કરે. એક વખતે શ્રીજી મહારાજના મોટા સમર્થ સંત આત્માનંદ સ્વામી પોતાના મંડળ સાથે પધારેલા. તે શહેરમાં એક અરદેશરજી કરીને પારસી હતા. તેને રાજાએ કોટવાળ તરીકેના હોદ્દા ઉપર રાખેલા હતા. તે દરેક પ્રજાને સુખી રાખતા, પણ રાજકારણમાં લગભગ એવું જ ચાલતું હોય જે, કોઈ સારું કામ કરતા હોય તો તેને વિઘ્નસંતોષીઓ દેખી ન શકે અને તેને કોઈ રીતે ઉતારી પાડવાનું કામ કરે. આ અરદેશરજીને પણ એવું જ થયું. વિઘ્નસંતોષીઓની ભંભેરણીથી રાજાએ તેને કોટવાળની પદવીથી ઉતારી નાખ્યા. આ અરદેશરજીએ સંતોને જોઈને વિચાર થયો જે આ સાધુ તો બીજા કેટલાક જગતના સાધુ સમાજથી અલગ દેખાય છે. એના ભગવા કપડાં, એમનું વર્તન સર્વે જુદી રીતનું દેખાય છે. એમ વિચારીને તેની સમીપે આવીને પૂછ્યું જે, તમો કોના સાધુ છો ? કારણ કે તમારો આચાર-વિચાર સર્વે બીજા સાધુથી કાંઈક જુદો જણાય છે. ત્યારે આત્માનંદ સ્વામી કહે જે, અમો સ્વામિનારાયણ ભગવાનના સંત છીએ અને અમો એ ભગવાનની આજ્ઞાથી દરેક ઠેકાણે વિચરણ કરીએ છીએ અને કોઈ તમારા જેવા મુમુક્ષુ આવે તેને ઉપદેશ આપી ભગવાનની ઓળખાણ કરાવીને ભજન કરતા કરીએ છીએ અને તે દેહને અંતે ભજનના પ્રતાપથી મોક્ષ ગતિને પામે. ત્યારે એ કોટવાળે સંતોને પૂછ્યું જે, એ તમારા ભગવાન સ્વામિનારાયણ અહીં આ સુરત શહેરમાં ક્યારે પધારશે અને મને એમના દર્શન કરવાં છે. ત્યારે સંતો કહે જે, જો તમારો ભાવ સાચો હશે તો ભગવાન આવશે અને પોતાના દિવ્ય દર્શનનો અલભ્ય લાભ તમોને આપશે. ત્યાર પછી કોટવાળે પૂછ્યું જે, હું સાચા ભાવથી નિઃસ્વાર્થપણે



પ્રજાની સેવા કરતો હતો અને અચાકન ગુના વગર રાજાએ મને મારી પદવીથી ઉતારી કેમ નાખ્યો ? ત્યારે સંતો કહે જે, સ્વામિનારાયણ ભગવાનની એવી ઈચ્છા હશે. પ્રથમ તમોને અધિકાર મલ્યો, એ પણ ભગવાનની ઈચ્છા અને એ અધિકાર જતો રહ્યો એ પણ ભગવાનની જ ઈચ્છા જાણવી અને ભગવાન જેમ રાખે તેમ રહેવામાં જ સુખ છે અને એ પદવીથી તમોને રાજાએ ઉતારી પાડ્યા એમાં પણ ભગવાનને કાંઈક તમારું સારું કરવું હશે, માટે એની ચિંતાનો ત્યાગ કરીને ભગવાનને સંભારો, ભગવાન તમારું સારું કરશે. આવી રીતની સંતોની વાત સાંભળીને કોટવાળના મનમાં એમ થયું જે, આ સંતો કહે છે તે વાત સત્ય જ છે. કારણ કે, ઈશ્વરનું જ ધાર્યું થાય છે, પણ આપણે તો જીવ છીએ, તે જીવનું ધાર્યું ન થાય, પણ એ ભગવાન સ્વામિનારાયણ મને પોતાના દર્શન ક્યારે આપશે કે, એ ભગવાનની સેવા કરીને એમને રાજી કરી લઉં, તો આ મનુષ્યજન્મની સફળતા થઈ જાય. એવામાં એક વખતે અચાનક એવા સમાચાર સાંભળવામાં આવ્યા જે, ભગવાન સ્વામિનારાયણ સુરતમાં પધારે છે. નિષ્કુળાનંદ કહે છે જે, એક વકતે ભગવાન સ્વામિનારાયણ ગઢપુરથી પાંચસો સંતોને લઈને ધર્મપુરના મહારાણી કુશળ કુંવરબાઈને પોતાનાં દર્શન આપવા માટે અને એમનો મોક્ષ કરવા માટે ધર્મપુર પધારતા થકા અહીં સુરતમાં પધાર્યા છે અને શહેરની ભાગોળે રૂસ્તમ બાગમાં ઉતરેલા છે એવું સાંભળીને અરદેશરજી કોટવાળ સ્વામિનારાયણ ભગવાન પાસે આવ્યા. સભામાં સુંદર સિંહાસન ઉપર વિરાજમાન એવા ભગવાનને વંદન કરીને નમ્રતાપૂર્વક ભગવાનની પાસે બેઠા ત્યારે ભગવાને તે કોટવાળાની અતિ શુદ્ધ ભાવના જોઈને તેમના ઉપર અતિ પ્રસન્ન થયા અને પોતાના મસ્તક ઉપર ધારેલી પાઘ ઉતારીને કોટવાળને આપી અને એ કોટવાળે કરેલી સેવાને અંગિકાર કરતા થકા ત્યાં નવ દિવસ રહ્યા.

*તિયાં નાથ રહ્યા નવ દન । દીધાં બહુ જીવને દર્શન ॥*
*કરી અનેક જનના કાજ । ત્યાંથી પાછા પધાર્યા મહારાજ ॥*
*તેને વીતી ગયા બહુ દન । થયું અરદેશરજીને સ્વપ્ન ॥*

તિંયા નવ દિવ સુધી રહ્યા અને અનેક જીવોને પોતાનાં દર્શન દીધાં. એવી રીતે અનેક ભક્જનોના મનોરથ પૂરા કરીને પછી ત્યાંથી ચાલતા થયા. તે ધર્મપુર

પધાર્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, શ્રીજી મહારાજ સુરતથી પધાર્યા પછી કેટલાક દિવસો વિત્યા બાદ ેક વખતે રાત્રિને વિશે અરદેશરને સ્વપ્ન થયું. તેમાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનાં દર્શન થયાં. ત્યારે અતિ તેજોમય મૂર્તિ જોઈને વારંવાર દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. પછી બે હાથ જોડીને ભગવાનની આગળ બેઠા ત્યારે ભગવાને પોતાના હાથમાં રહેલા કુંકુમથી તે કોટવાળના ભાલમાં ચાંદલો કરીને કહ્યું જે, હે અરદેશરજી, તમોને સવારમાં રાજા બોલાવીને આ શહેરની સુબાગીરી આપશે. એમ કહીને ભગવાન તો અદશ્ય થઈ ગયા. પછી સવારે જ્યારે અરદેશરજી જાગ્યા અને દર્પણમાં પોતાનું મુખ જોયું તો પ્રત્યક્ષ કુંકુમનો ચાંદલો જોઈને આશ્ચર્ય પામી ગયા. પછી સવાર થયું ત્યારે મહારાજના કહેવા પ્રમાણે રાજાએ બોલાવીને શહેરની સુબાગીરી આપી. અરદેશરજીને પાકો નિશ્ચય થયો જે,

*જે તે કહિતિ સ્વપ્રે વાત । તે તો સરવે થઈ સાક્ષાત્ ॥*
*પામ્યો પરચો આશ્ચર્ય લેખ્યો । ભાલમાં ચંદ્ર પ્રગટ દેખ્યો ॥*
*એવાં એવાં આ સમે મહારાજ । કરે છે જનના બહુ કાજ ॥*

સ્વામિનારાયણ સાક્ષાત્ સર્વોપરી ભગવાન છે. એના જેવો આથી પહેલાં કોઈ થયો નથી અને થાશે પણ નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, આ સમયે ભગવાને આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને અનેક જીવોનાં કલ્યાણ કર્યાં.

*ન જોઈ જાત કુજાત । પુરુષોત્તમ પ્રગટી રે ॥*

એવા સર્વોપરી ભગવાન આપણને મલ્યા છે, જેથી આપણાં તો અતિ મોટાં ભાગ્ય કહેવાય. માટે એ ભગવાનની આજ્ઞા અને ઉપાસના દઢ કરીને, એમનું ભજન કરીને પોતાના જીવનું આત્યંતિક કલ્યાણ સાધી લેવું એ જ અવશ્ય કરવાનું છે. એવી રીતે ૯૨મો પરચો થયો

---

### *પરચો ૯૩મો*

## *ભગુ ભક્તને મહારાજે પરચો દીધો*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી એ સુરત શહેરમાં એક ભગુ એવે



નામે એક ભક્ત હતો.

*વળી ભક્ત એક ભગુ નામ । તેને જાણે તે સઘળું ગામ ॥*
*લીયે પારકી વઢવેડય વેચાતી । કરે નિત્ય કમાણી તેમાંથી ॥*

આ ભગુભાઈને ખબર પડે કે અમુક ઠેકાણે ઝઘડો થાય છે તો તરત જ ત્યાં પહોંચી જાય અને એક પક્ષને પૂછી લે જે, તમો શા માટે ઝઘડો છો ? ત્યારે તે કહે જે, એ ભાઈએ મને આમ કહ્યું ને તેમ કહ્યું. એ સાંભળીને સામા પક્ષવાળાને પૂછે જે, તમારે ને એને શી વાતનો ઝઘડો છે ? પછી તે વાત સાંભળીને કહે જે, એ તો તમોને મારી નાખવાની તૈયારી કરે છે, માટે એને તમો પહોંચી નહી શકો. કારણ કે તમો છો ગરીબ. ત્યારે કહે જે, તો અમારે કેમ કરવું ? અને ઝગડો મટે કેમ ? ત્યારે ભગો કહે જે, તમો કહેતા હો તો હું સમજાવું, જો માની જાય તો સારી વાત છે. જો મને તમો રૂપૈયા પચાસ આપો તો આ સમાધાનમાં હું વચ્ચે પડીને સમજાવું. ત્યારે તે કહે જે, લીયો ૃપૈયા પચાસ, પણ આ ઝગડો પતી જાય તેમ કરો. એમ કહીને રૂપિયા લઈને જાય સામા પક્ષવાળાની પાસે અને તેને પૂછે જે, એ સામાવાળાને તમારી સાથે શી વાતનો વાંધો છે એ તમારું આમ વાંકું બોલતો હતો અને એ તો બહુ જોરમાં છે જે, તમારું શું કરી નાખે એનું કાંઈ નક્કી ન કહેવાય. માટે ચેતવા જેવું છે. ત્યારે તે કહે જે, અરે ભગાભાઈ, એ જો તમારું માની જતા હોય તો તમો તેને સમજાવો. કારણ કે અમારે એવી લાંબી ઉપાધિમાં પડવું નથી. ત્યારે ભગાભાઈ કહે જે, અરે એમાં શી વાત છે. હું સમજૂતી કરી જોઉં. જો માની જતા હોય તો સારું. હું પ્રયત્ન કરી જોઉં, પણ એ પતાવટમાં હું પચાસ રૂપિયા લૈશ. કારણ કે મારે એને સમજાવવા પડશે. ત્યારે તે કહે જે, અરે એમાં શું, લ્યો રૂપિયા પચાસ અને લાંબી ઉપાધિમાં પડવા રતાં પચાસ રૂપિયા દેવા શું ખોટા છે ? એમ કહીને રૂપિયા પચાસ લઈને જાય પેલા પાસે અને સમજાવે અને ઝગડો પતાવે. એને પાછું સમજાવતાંયે સારું આવડે. જે બોલે તેમાં વેંને વિશ્વાસ બેસી જાય એવી એ ભગામાં હોશિયારી હતી. વળી ઝગડો કયાંક કરાવતાંયે આવડે. એમ કરીને તે કમાણી કરે અને પોતાના ઘરનો વ્યવહાર ચલાવે. કેટલાક માણસોને ઝઘડો કરાવતા આવડે, પણ ઓલાવતા ન આવડે, પણ આ ભગાભાઈને તો ઝઘડો ન હોય તો કરાવતાંયે આવડે અને પાછો ઓલવતાંયે આવડે. આવી

એની સ્વાભાવિક પ્રકૃતિ હતી. એમ કરતાં કરતાં સંતના યોગે કરીને એ ભગાને સત્સંગ થયો ત્યારે કુસંગીની રીત છોડી દીધી, પણ વઢવેડ્યની રીત એમને એમ ચાલુ રાખી. કેમ જે, એમાંથી એની કમાણી હતી, ત્યારે પણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ આવી રીતે ભગવાનના નામોચ્ચારણ ચાલુ રાખે ત્યારે કેટલાક માણસો કહે જે, અરે આ તો ભગો છે કજિયાદાર,

*સહુ કહે છે જે કજિયાદાર । મૂવા પછી જાશે જમદ્વાર ॥*
*પણ ભગુને ભરોસો ભારી । નાથ નહીં જુવે કરણી મારી ॥*

એમ કહીને ગાળો દે, જે, અરે ભગલા, તું તો કજિયાદર છો. માટે તું તો જમપુરીમાં જવાનો. માટે તૂં સ્વામિનારાયણ ભજન કરે છે એ બરોબર નથી. એ નામને તું લજાવે છે, માટે છોડી દે એ સ્વામિનારાયણ નામને. તુને ભગવાન સ્વામિનારાયણ તેડવા આવે એવા એ ભગવાન તારા માટે નવરા બેઠા નથી. ત્યારે ભગો કહે જે, અરે આ તમો શું બોલ છો ?

*પણ ભગુને ભરોસો છે ભારી । નાથ નહીં જુવે કરણી મારી ॥*
*લોભી લંપટી હું છું હરામી । પણ નહીં તજે મુજને સ્વામી ॥*

ભગો સર્વેને જોરથી કહે જે, હું ગમે તેવો લોભી, લંપટી છું પણ મારા ભગવાન સ્વામિનારાયણ બહુ દયાળુ છે. એ મારી કરણી નહીં જોઇને અંત સમયે ભગવાન મને નહીં વિસારે અને મને તેડવા માટે ચોક્કસ આવશે એમાં જરા પણ સંશય નથી એવો પાકો વિશ્વાસ રાખીને બીજા કોઇ દેવ-દેવીઓને નહીં ભજતાં એક સ્વામિનારાયણને અતિ કેફથી ભજે. એમ રતાં એના દેહનો અવધિ આવી ગયો. ત્યારે તેને તેડવા માટે મહારાજ અનંત સંતો, પાર્ષદોની સાથે આવી ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે જે, ભગવાન સ્વામિનારાયણ પોતાના આશ્રિતોને તેડવા માટે આવે ત્યારે કોઇકને વિમાનો લઇને આવે, કોઈકને અનંત રથો લઇને આવે, પણ ભગલાને તો અલૌકિક બે હાથી જેમાં જોડેલા છે એવો રથ લઇને તેડવા આવ્યા તે આખાય ગામના સર્વે માણસોને દર્શન થયાં. તે જોઈને સર્વે ધન્ય ધન્ય કહેવા લાગ્યાં જે, અરે આ તો અલૌકિક ચમત્કાર કહેવાય. કેમ જે, બળદોના રથ હોય અને ઘોડાનાય રથ હોય પણ આ તો બે હાથીના રથ લઇને ભગાને તેડવા માટે ભગવાન સ્વામિનારાયણ આવ્યા. આવો ચમત્કાર તો કોઈ દિવસ દીઠોય



નથી અને સાંભળ્યો પણ નથી. ભગા ભગતને રથમાં બેસાડીને ભગવાનજ્યારે ચાલ્યા ત્યારે આખા શહેરમાં સર્વેને પ્રત્યક્ષ દર્શન થયાં અને સર્વેને મોટો પરચો મનાણો. એવી રીતે ૯૩મો પરચો થયો.

---

### *પ્રકરણ : ૧૫૨, પરચો ૯૪મો*

## *દાદા દિવાનની ભગવાને રક્ષા કરી*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, હવે હું બુરાનપુરમાં શ્રીજી મહારાજે પોતાના આશ્રિતોની રક્ષા કરી છે તે પરચાની વાતો લખું છું. ખાનદેશમાં બુરાનપુર એવે નામે એક મોટું શહેર છે. તેમાં ઘણાય હરિભક્તોની સંકટમાં શ્રીહરિએ સહાય કરી છે તેમાંથી એક જીવની સહાય કરી છે તેની વાત કહું છું તેને સર્વે સાંભળો. બુરાનપુરમાં દાદો દિવાન એવે નામે એક બ્રાહ્મણ હતો. તે સત્સંગી ન હતો અને તે પોતાની જશકીર્તિ માટે સદાવ્રત આપતો હતો. તેમાં કેટલાક ભેખધારી બાવાઓ અને કેટલાક ગરીબ લોકો સદાવ્રતમાં અન્ન લેવા આવે, કોઇને તૌર ભોજન જમવાની ઈચ્છા હોય તો તેને તૈયાર ભોજન જમાડી દે. કોઈને કાચું લોટ દાળ જોઈએ તો, તે આપી દે અને તે સદાવ્રતની તો એવી વાત છે કે એમાં સત્સંગી ભક્તો થોડા જ સદાવ્રત લેવા આવે ! એ તો સદાવ્રતનું અનાજ ખાઇને પછી આખોય દિવસ ન કરવાનાં કામ કરે પણ ભગવાનને થોડા જ યાદ કરે ! કોઇ ન કરે અને એ લોકો જે પાપકર્મ કરે તેનું ફલ સદાવ્રત આપનારને મળે. વળી જે કોઇ દાનપુન્ય કરે તે જો પોતાની જશકીર્તિને માટે કરતો હોય તે દાન પુન્ય ઠાકોરજીને ચોપડે નથી ચડતું પણ એ તો વાહ વાહ બોલાવવામાં જ ખપી જાય. આ દાદાભાઈનું દાન આવું હતું, પણ એમાં અજાણતાં થોડુંક સાચું પુણ્ય થઈ ગયું. તે શું, તો એક વખતે સ્વામિનારાયણ ભગવાનના બે સંતો ત્યાંથી પસાર થયા અને તે સંત બે દિવસના ભૂખ્યા હતા. તેઓએ કોઇકને પૂછ્યું કે, અમો ભૂખ્યા છીએ, તો કયાંઇ સિંધુ વગેરે મળશે ? ત્યારે કોઈકે કહ્યું જે, અહીં દાદાભાઈ દિવાનનું સદાવ્રત ચાલે છે ત્યાં જાઓ, તો ત્યાં કાચું સિધું લોટ-દાળ વગેરે મલશે અને તૈયાર ભોજન જોઇતું હોય તો તે પણ મલશે. પછી તે ભૂખ્યા સંતો ત્યાં ગયા. ત્યારે તે સંતોના કહેવા પ્રમાણે સંતોને જમાડ્યા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે એ

દાદા દિવાનના સદાવ્રતમાં આટલું પુણ્ય થયેલું. તે સિવાય તો બીજું કોઈ પુણ્ય ન હતું. ેણ કરતાં પૂર્વ છાયો,

એમ કરતાં અવધિ તેનો । આવ્યો તે દેહનો અંત ॥
અવશ્ય તેડવા આવીયા । મહા કરૂર તે કૃતાંત ॥

એ દાદા દિવાનના દેહનો અંતકાળ આવી પહોંચ્યો ત્યારે તેને લેવાને માટે અતિશે ભયાનક ેવા યમના દૂતો આવી પહોંચ્યા અને તેના પાપ તપાસી તપાસીને માંડ્યા મારવા. ત્યારે તે દાદાભાઈ તો માંડ્યા રાડો પાડવા અને પથારીમાં પડ્યા પડ્યા અરે મને કોઈ બચાવો, બચાવો એમ બૂમો પાડે, પણ એ સમયે કોણ આવે બચાવવા, ત્યારે દાદાને વિચાર થયો જે, મેં કેટલાયને દાન આપ્યા, જમાડ્યા પણ આ સમે કોઈ રક્ષા કરવા માટે આવ્યું નહીં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, કીર્તિ માટે આપેલું દાન ભગવાનને ચોપડે નહીં ચડે. માટે જે કાંઈ ભગવાનની પ્રસન્નાર્થે આપેલું હશે તે જ અક્ષરધામને ચોપડે લખાશે અને તે જ દાન પોતાના અંતિમ સમયે સુખને આપનારું થાશે. આ દાદાભાઈએ પોતાની વાહ વાહ બોલાવવા માટે આપેલું દાન અંત સમયે કાંઈપણ કામ આવ્યું નહીં. આ સમયે દાદાને વિચાર થયો જે, મારી જિંદગી આખીયે નિષ્ફળ ગઈ. મેં જે કર્યું તે સર્વે નકામુ ગયું. મારી મદદમાં કોઈ આવ્યું નહીં. આમ કરતાં ભગવાનની કૃપાથી અચાનક યાદ આવ્યું જે, એકવાર મેં સ્વામિનારાયણના બે સાધુને જમાડેલા હતા. આવો સંકલ્પ થયો કે, તત્કાળ વીજળીના ચમકારાની જેમ બે સંત આવીને ઊભા રહ્યા અને બોલ્યા જે, અરે પાપીી, તમો આ દાદાને મારો કેમ છો ? જતા રહો અહીંથી.

કહે સંત સુણો જમદૂત । કેમ આવીયા અહીં કપૂત ॥
જાઓ વેલા વેલા પાછા વળી । કેમ ઊભા રહ્યા છો સાંભળી ॥

ત્યારે જમદૂતો કહેવા લાગ્યા જે, તમો અમથી માથીકૂટ શા માટે કરો છો અને આ જીવ તમારો છે જ કયાં ? સર્વે રીતે આ જીવ અમારો જ છે. માટે આમાં તમારે આડું પડવાની કોઈ જરૂર નથી. માટે તમો શા માટે આવ્યા છો ? અને અહીંથી જતા રહો. આવો જમદૂતોનો અને સંતોનો વાદ-વવિાદ દાદાભાઈ સાંભળે



છે. ત્યારે સંતો કહે જે, અરે વધારે બોલવાની જરૂર નથી અને આ જીવને તમો કેમ લઈ શકો છો જોઈએ ? આમો કોઈ રીતે આ જીવને તમને નહીં લઈ જવા દૈયે. ત્યારે જમ બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે સંતો, આ જીવને તમારે છોડાવવો જ હોય, તો તમો પણ ચાલો અમારી સાથે જમપુરીમાં. કારણ કે અમો પણ ધર્મરાજાની આજ્ઞાથી જ આ જીવને લેવા માટે આવ્યા છીએ. માટે તમો ત્યાં અમારી સાથે ચાલો અને ત્યાં એના પાપને પુન્ય કેટલા છે તેની તપાસ કરાશે. પછી જો તેના પુન્ય ઘણા હશે તો ધર્મરાજા તમને સોંપી દેશે. ત્યારે સંતો કહે જે, ભલે ચાલો. પછી બે સંતો, બે જમદૂતો અને દાદાનો જીવ અને દાદાની પાછળ સતી થયેલી એની પત્નીનો જીવ - આ છોનું મંડળ ગયું જમપુરીમાં. ત્યારે પોતાના તખત ઉપર બેઠેલા ધર્મરાજાએ દૂરથી આવતા સંતોને જોઈ પોતાના સિંહાસન ઉપરથી ઊઠી, સંતોને સામા જઈને, બે હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે જમદૂતોને મનમાં થયું જે, હવે આપણે તો હારી જ ગયા. કેમ કે આ પુરીના અધિપતિ જે, જમરાજા તે પણ આ સાધુને પગે લાગે છે. માટે હવે તો આપણું આવી જ બન્યું. પછી ધર્મરાજાએ સંતોને જમપુરીમાં આવવાનું કારણ પૂછ્યું. ત્યારે સંતોએ સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે ધર્મરાજાએ એ જીવનું ખત લઈને જોયું તો પાપ તો ઘણું છે અને પુન્ય તો બે સંતને જમાડ્યા એટલું જ છે, એમ વિચારીને ધર્મરાજા કહેવા લાગ્યા જે, હે સંતો, આમ વિચારીએ તો પાપ તો આ જીવનું ઘણું છે. માટે આ જીવ તો જમપુરીનો જ અધિકારી છે, પણ પ્રગટ ભગવાનના સંત વચ્ચે પડ્યા છો એટલે મારાથી કાંઈ પણ બોલાય નહીં. કારણ કે આના પાપ તો અનંત છે અને પુન્ય તો ફક્ત બે સંતને જમાડ્યા છે એટલું થોડું જ છે. માટે એનો ન્યાય તો હવે હું નહીં આપી શકું અને જો તમારે એ જીવને છોડાવવો જ હોય તો તમો અને હું અને આ બંને જીવ આપણે જઈએ ભગવાન પાસે. ભગવાન જે ચુકાદો આપે એ આપણને માન્ય રાખવો. ત્યારે સંતો કહે જે, ભલે બહુ સારું. ચાલો ભગવાન પાસે. પછી આ મંડળી પહોંચી ભગવાન પાસે. ભગવાનને પગે લાગીને સર્વે વૃત્તાંત કહી સંભળાવ્યું. ત્યારે ભગવાન કહે જે, એનું પાપ તો ઘણું છે અને પુણ્ય તો ફક્ત બે સંતને જમાડ્યા છે એટલું જ છે.

માટે હમણાં સુરપુર જાશે । પછી વૈકુન્ઠમાં વાસ થાશે ॥
એમ કહીને આપ્યા બે હાર । પહેરી ચાલ્યાં પુરુષ ને નાર ॥

*કહે આજ થકી નવ વર્ષે । દાદો સત્સંગમાં દેહ ધરશે ॥*
*થાશે સત્સંગી નારી ને નર । પછી જાશે તે બ્રહ્મ નગર ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, ભગવાનની દયા કેટલી બધી ? માત્ર બે સંતને જમાડ્યા એટલું અલ્પમાત્ર પુન્ય છે અને પાપ તો અપાર છે. તે કહી પણ ન શકાય. તો પણ અલ્પ પુન્યના પ્રભાવે એ સ્વર્ગલોકમાં નિવાસ આપ્યો. નવ વર્ષ પછી સત્સંગમાં જન્મ ધારણ કરશે અને બંને જણા અમારી ભક્તિ ઉપાસના કરીને અમારા અક્ષરધામને પામશે. આવી રીતનું ભગવાને વચન આપ્યું ત્યાર પછી બંને જણાં સ્વર્ગમાં ગયાં. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, આવી અલૌકિક વાત એક સમાધિવાળા સંતે સમાધિમાં જઇ, જોઇને સમાધિમાંથી જાગીને સર્વે વાત કહી સંભળાવી ત્યારે તે વાત સાંભળીને સર્વે આશ્ચર્ય પામી ગયા. સ્વામી કહે છે કે, આવી અલૌકિક વાત મેં નજરે જોઇને લખી છે, પણ સાંભળીને નથી લખી માટે પ્રગટના સંતોને જમાડ્યાનું કેટલું બધું પુન્ય છે ? કે ફક્ત બે સંતોને જમાડવાથી અતિ પાપી જીવ પણ જમપુરીના દુઃખ થકી છૂટીને સ્વર્ગલોકના સુખને પામી ગયો. માટે હે ભક્તો, આવા બ્રહ્મવેતા સંતોને અતિ શુદ્ધભાવથી જે જમાડશે તે ભક્ત અવશ્ય અંતે ભગવાનના અક્ષરધામને પામશે એમાં જરા પણ સંશય નથી. એવી રીતે ૯૪મો પરચો થયો

---

### પરચો ૯૫મો

## સામજી અને પિતાંબરને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એ બુરાનપુરમાં ત્રણ વણિક ભાઈ હતા. તેમાં મોટો શોભારામ અને શામજી અને નાનો પીતાંબર. એ ત્રણે સગા ભાઈ હતા. ભલે ને એક જ મા-બાપના દીકરા હોય અને એક જ મા-બાપથી જન્મેલા હોય પણ બધા ભાઈ એકસરખા હોતા નથી. તેની પ્રકૃતિ, શ્રદ્ધા, આસ્થા કે સાત્વિકતા આદિકમાં તફાવત ઘણો હોય. શામજી અને પીતાંબર એ બે ભાઈ સારા સત્સંગી અને એનો મોટો ભાઈ શોભારામ તે કુસંગી વૈશ્નવ તે પાકો અનાડી સ્વભાવનો. આ ત્રણે ભાઈમાં આ એક અભાગિયો હતો, તે સત્સંગી એવા બંને



નાના ભાઈની નિંદા કર્યા કરે કે, મારા બેય ભાઈ મોટી મોટી માળાઓ ફેરવે છે, મોટી કંઠીઓ ગળામાં પહેરે છે. સવારના પહોરમાં મોટા આસનો પાથરીને બેસી જાય. આ તો મોટા ભગતડા થઈ ગયા છે અને આઠે પહોર મોઢેથી સ્વામિનારાયણ સ્વામિનારાયણ બોલ્યા કરે અને પૂછીએ જે, આ તમે મોઢેથી શું બક બક કરો છો ? તો કહે અમે ભગવાનનું નામ લૈયે છીએ. ત્યારે તે સાંભળી ગાળો ભાંડે અને તેમાં નાના પીતાંબરને વધારે પરેશાન કરે, ત્યારે શામજી તેને વારે અને સમજાવે જે, ભલેને શોભારામ નિંદા કરે પણ આપણે સત્સંગ મુકાય નહીં. આ બે ભાઈ મંદિરે જાય કે સંતો આવ્યા હોય તો સંતો પાસે જાય તો જવા દે નહીં અને જો આગ્રહપૂર્વક જાય તો માર મારે અને કહે જે, શા માટે તું ગયો હતો અને શા માટે જાય છે ? એ સાધુડા શું તને ખેતીમાં મદદ કરવા આવશે ? એવી આડાઇ કરે અને બંને ભાઈને પરેશાન કર્યા કરે. એ રીતે શોભારામ બંને ભાઈની નિંદા કરે. સંતો-સત્સંગીઓની નિંદા કર્યા કરે. એમ એનો નિંદા કરવાનો અભ્યાસ જ થઈ ગયો. પછી કોઈ વખતે સંતોના મનમાં થયું જે, એ શોભારામને સમજાવીએ, એના નાના બંને ભાઈ સત્સંગી છે અને એનો જ ભાઇ શોભારામ કુસંગી છે. તે જો સમજી જાય તો સારું. કારણ કે દ્રોહનું બહુ મોટુ પાપ છે. એમ વિચારીન સંતોએ તેની પાસે આવીને ભલામણ કરી જે, એ શોભારામ તમો દરેક સંત-સત્સંગીઓની નિંદા દ્રોહ કરો છો એ સારું નથી કરતા. અરે ભાઈ, કદાચને આપણે ભજન ભક્તિમાં શ્રદ્ધા ન હોય તો કાંઇ નહીં, પણ જે ભજન, ભક્તિ કરતા હોય તે જોઇને રાજી થવું જોઈએ, જે મારાથી તો એ થાતું નથી, પણ એ કરે છે. એને ધન્ય છે. આટલો સંત સત્સંગીનો જો ગુણ લે, તો પણ તેનું કલ્યાણ થાય. કોઈ આડોશી-પાડોશી, સગા-સંબંધી ભજન ભક્તિ કરતા હોય એનો જો ગુણ લે કે, મારાથી તો થાતું નથી, પણ એ કરે છે તે સારુ કરે છે, આટલો આપણે ગુણ લિએ તો આપણું કામ થઈ જાય. આમ સંતોએ ઘણી વાતો કરી, પણ એ શોભારામને એકેય વાત સારી ન લાગી અને વધારે નિંદા કરવા લાગ્યો. ત્યારે સંતોએ એને થોડોક ભય બતાવીને કહ્યું જે, હે ભાઈ, તું ભજન નહીં કરે અને સર્વે સંતોની અને સત્સંગીઓની નિંદા કરશો તો જાશો જમપુરીમાં અને ખાશો જમનો માર. ત્યારે તે કહે જે, એ જમપુરી બમપુરીમાં કાંઇ છે જ નહીં. એ તો તમો સ્વામિનારાયણ વાળાઓએ ખોટી ખોટી જગતને બીવડાવવા માટે ઊભી કરી દીધી છે. માટે

તમોયે ખોટા છો અને તમારો ભગવાને ખોટો છે અને તમો મને જમપુરીનો ભય બતાવો છો એ જમપુરી છે જ નહીં અને જો જમપુર સાચી હોય અને તમે એવા સમર્થ હો તો દેખાડો મને તમારી જમપુરી. હવે ભાળી તમારી જમપુરી, જમપુરી હોય તો મને દેખાડો. ત્યારે સંતોએ વિચાર કર્યો જે, આને હવે કઈ રીતે સમજાવવો ? પછી સંતોએ કહ્યું જે, અરે ભાઈ, એવું શાસ્ત્ર વિરુદ્ધ બોલાય નહીં. તમો ન માનો તો કાંઈ નહીં, પણ બધાને ખોટા કહો છો એ સારું નથી, એનું પરિણામ સારું નહીં આવે ભાઈ. ત્યારે તે કહે જે, અરે સાધુડાઓ, તમથી શું થવાનું છે ? જે થાય તે કરી લેજો. ત્યારે સંતોએ વિચાર્યું જે, આને જમપુરી જોવી જ છે, માટે દેખાડીયે. એમ વિચારીને શ્રીજી મહારાજને સંભાર્યા જે, હે મહારાજ, આમાં હવે તમારું જ કામ છે. માટે એની ઈચ્છા પૂરી કરવી એ તમારું કામ છે. આપ તો કલ્પવૃક્ષ છો તો એને જરા દર્શન કરાવો તો ભલે રાજી થાય. આમ ભગવાનની પ્રાર્થના કરીને જરા શોભારામ સામી દૃષ્ટિ કરી કે તરત થઈ સમાધિ, પહોંચી ગયો જમપુરીમાં અને ત્યાં જોયા મોટા મોટા નરકના કુંડ અને કુંડમાં પીડાતા પાપ જીવો અને દેખી અતિ ભયંકર અતિ વિકરાળ એવી ચૌદ કરોડ જમની ફોજ. આ શોભારામ જમપુરીમાં ગયો. એટલે ચારે બાજુથી મોટા મોટા ધોકા લઈને જમદૂતો આવીને એ શોભારામને વીંટી વળ્યા અને માંડ્યા મારવા.

*ઠામો ઠામથી ઊઠ્યા છો જમ । દેવા લાગ્યા છે માર વિષમ ।।*
*અતિ ભારે મુખે બોલે એમ । પાપી સત્સંગીને પીડે કેમ ।।*

અરે પાપી ! તું હરિભક્તોને પરેશાન કરે છે એનું આ ફળ લેતો જા, એમ કહે ને વલી માર મારે અને એ શોભારામ રાડો પાડે અને કહે જે, અરે ભાઈઓ, મને મારશો ક્યાં સુધી ? ત્યારે જમ કહે જે, અરે પાપી, આ તો તુને ભય દેખાડીએ છી, મારશું તો વળી હવે. સત્સંગીઓની નિંદાનું. ભક્તિની નિંદાનું તો ફળ હવે આપીશું.

*તેનું ફળ સર્વે તને દેશું । તારો મારી મારી જીવ લેશું ।।*
*એમ કીધો દંડ ઘડી ચાર । પછી આવ્યો સમાધિથી બાર ।।*

એમ જમદૂતોએ માર મારી પોંચો કરી દીધો. પછી તે સમાધિથી જાગ્યો અને અતિ ઢીલો ઢફ્ થઈ ગયો. ત્યારે સંતોએ પૂછ્યું જે, એ શોભારામભાઈ, કેમ છો ? પણ શોભારામભાઈનો વટ બધોય ઊતરી ગયો. જેથી એ શોભારામ સંતોના પગમાં પડીને, બે હગાથ જોડીને કહે જે, હે સ્વામીજી, તમો મારો અપરાધ માફ કરો અને હવે આજથી પ્રતિજ્ઞા લઉં છું કે,



*હવે જ્યાં લગી રે મારા પ્રાણ । ન કરું સત્સંગના કુવખાણ ।।*

ત્યારે સંતો કહે જે, હે શોભારામભાઈ, તમે સંત-સત્સંગીઓની નિંદાનું ફળ જોયુ ને ? અને હવે સત્સંગ કરવાનું ફળ જોવું છે ? તું ભગવાનનું હૃદયમાં ધ્યાન કર્ય. ત્યારે,

*પછી બેઠો ધ્યાને શોભારામ । દીઠાં હરિને હરિના ધામ ।।*
*પામ્યો સુખ સમાધિમાં અતિ । જોઈ સ્વામીશ્રીજીની મૂરતિ ।।*

સંતોને વચને તે શોભારામ ધ્યાન કરવા બેઠો એટલે તરત જ સમાધિ, સમાધિમાં ભગવાન અને ભગવાનનું ધામ જોયું. તેણે કરીને તે અતિશે સુખને પામ્યો અને સમાધિમાં ઘણીવાર સુધી રહ્યો પછી સમાધિથી જાગ્યો અને સંતોને બે હાથ જોડીને પગે લાગીને કહેવા લાગ્યો જે, મેં સમાધિમાં સાક્ષાત્ ભગવાનને દીઠા અને અતિશે સુખને પામ્યો. અને,

*આવું ન દીઠું ને ન સાંભળ્યું । અતિ મોટું સુખ મને મળ્યું ।।*
*હું તો પામિયો પરચો આજ । મને મળ્યા પ્રગટ મહારાજ ।।*
*હું પામિયો આનંદ અંગ । કહે ધન્ય ધન્ય સત્સંગ ।।*

એવી રીતે ૯૫મો પરચો થયો.

---

## પરચો ૯૬મો

## હરિરામને મહારાજે પરચો દીધો

એ બુરાનપુરમાં એક વિપ્ર હતા. તેનું નામ હતું નારાયણજી મહારાજ. તે વિપ્ર પોતાના ઉદ્યમને માટે ગુજરાતમાં ગયેલા. ત્યાં તેને સંતનો યોગ થવાથી સત્સંગી થયા અને તે નિયમ ધર્મ બરોબર પાલન કરે અને ભગવાનનું ભજન ભક્તિ કરે. એમ કરતાં તેના દેહનો અંતકાળ વખત આવ્યો અને તેડવા માટે ભગવાન સ્વામિનારાયણ વિમાન લઈને આવ્યા અને તે નારાયણજીભાઈ પોતાના

દેહનો ત્યાગ કરીને વિમાનમાં બેસીને ભગવાનની સાથે ગયા અક્ષરધામમાં. એ નારાયણજીભાઈનો એક પુત્ર હતો તેનું નામ હતું હરિરામ. એ હરિરામ પણ માવિત્રના સંસ્કાર હોવાથી સત્સંગી સારો હતો. તેને ભગવાનની દયાથી સમાધિ થાતી. તેને જ્યારે કાંઈક વ્યવહારમાં તકલીફ જેવું થાય તો સમાધિ કરી અક્ષરધામમાં ઈને પોતાના બાપુને પૂછી આવે અને પોતાની માતાને કહે જે, આજે હું અક્ષરધામમાં સમાધિ કરીને ગયો હતો અને ત્યાં ભગવાનના દર્શન કરી આવ્યો અને મારા બાપુજીને મલી આવ્યો. મારા બાપુજીએ જયશ્રી સ્વામિનારાયણ કહ્યા છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ અક્ષરધામમાં તો સર્વે મુક્તોનાં શરીરો ભાગવતી તનું અને સર્વે મુક્તોનાં અતિ તેજોમય અને એક જ સરીખાં હોય છે. આ મારા બાપુજી કે આ મારા કાકા કે આ મારા ભાઈ એવું નથી હોતું, પણ જો ભગવાનની ઈચ્છા તોય તો એવું દેખાડે. એક સમયે તે સમાધિમાં ગયો અને જયારે સમાધિથી જાગ્યો ત્યારે તે વાત સર્વે સત્સંગીએ સત્ય માની, પણ કુસંગી તો બોલવા માંડ્યા જે, એ વાત સર્વે ખોટી છે. માટે અમો તો એ તારી વાત માનીયે નહીં, પણ જો કાંઈક એંધાણ આપે તો તારી વાત સાચી મનાય. તે સમયે એ નારાયણજીભાઈના મિત્ર વ્યંકટરામ અને જ્ઞાનેશ્વર એ બે ભાઈ આવેલા. તેણે હરિરામને કહ્યું જે, તારો બાપ અને અમે બે ભાઈ એમ ત્રમે જણા એક વખતે બીજે ગામ ગયા હતા. તે શા માટે ગયા હતા અને ત્યાં શું થયું તે તું તારા બાપને પૂછી આવ્યા. એ વાત પછી અમોને કહેજે. જો એ વાત સાચી થાય તો તારી સમાધિની વાત સાચી મનાય ત્યારે હરિરામ સમાધિ કરીને ગયો અક્ષરધામમાં અને ભગવનના દર્શન કરીને પછી પોતાના પિતાને મલીને પૂછયું જે, હે પિતાશ્રી, તમો અને તમારા બે મિત્રો વ્યંકટરામ અને જ્ઞાનેશ્વર એમ ત્રણે મલીને બીજે ગામ એક વખતે ગયા હતા. તો ત્યાં શા માટે ગયા હતા અને ત્યાં શું થયું હતું ? ત્યારે નારાયણજીભાઈએ કહ્યું જે, અમો ત્રમે મિત્રો એક વખતે પોંક ખાવા માટે બદલપુર ગયા હતા. ત્યાં અમો પોંક ખાઈને પાછા વળ્યા ત્યારે માર્ગમાં લૂટારા ભીલ લોકો અમોને લૂંટવા માટે આવ્યા, પણ અમારી પાસે પૈસા કે કોઈ વસ્તુ હતી નહીં. પછી તે ભીલો અમારા સર્વે વસ્ત્રો લૂંમટી ગયા અને અમો ત્રણે નગ્ન થઈ ગયા અને હવે અમારે આ અવસ્થામાં ક્યાં જવું ? પછી અમો ત્રમે જણા ત્યાં જ જંગલમાં રહ્યા. જયારે અડધી રાત્રિ થઈ ત્યારે ચૂપચાપ આવીને પોતોપાતના ઘરમાં પેસી



ગયા. આ ખાનગી વાત હરિરામે અક્ષરધામમાં પોતાના પિતા થકી સાંભળી ને પછી સમાધિમાંથી જાગીને વ્યકંટરામ અને જ્ઞાનેશ્વરને કહી ત્યારે હરિરામને મોઢે આ ખાનગી વાત સાંભળીને વ્યંકટરામ અને જ્ઞાનેશ્વરને થયું જે, આ વાત ખાનગી હતી. અમારા ત્રણ જણ સિવાય કોઈને પણ ખબર નથી. કારણ કે એ વાત કોઈકને કહીએ તો શરમ થાય એવી હતી, પણ આ વાત આ બાળકે કહી. માટે આ વાત સાવ સાચી છે અને એમની સમાધિ પણ સાચી છે. પછી આ બંને મિત્રોએ હરિરામને નમસ્કાર કર્યા અને બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે હરિરામ, તું અવસ્થાએ તો અમારાથી નાનો છો પણ સ્થિતિએ કરીને અમારાથી ખરેખર મોટો છે. માટે જયશ્રી સ્વામિનારાયણ. એમ કહીને નમસ્કાર કર્યા અને પછી ભગવાનની પ્રાર્થના કરી જે, મહે મહારાજા, અમે આ સત્સંગને અને સમાધિને ખોટી કહેતા હતા. માટે અમારા અપરાધને ક્ષમા કરજો. નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એવી રીતે બુરાનપુરમાં,

એમ બહુ બહુ ચમત્કાર । થાય બુરાનપુર મોઝાર ॥
કહેતાં લખતાં ન આવે અંત । એમ પરચા થાય છે અત્યંત ॥
પળે પળે કરે હરિ સહાય । નિત્ય પ્રત્યે સતસંગ માંય ॥
તેણે મગન રહે નારનાર । કહે નિષ્કુળાનંદ નિરધાર ॥

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, એમ એ બુરાનપુરમાં ભગવાન શ્રી સહજાનંદ સ્વામી આ સત્સંગમાં પોતાના ભક્તોને દિવ્ય પરચા આપીને હંમેશાં ડહલે ને પગલે સહાય કરે છે. તેણે કરીને સર્વે ભક્તજનો પણ આનંદથી ભગવાનની ભજન ભક્તિ કરે છે. તેમ હે ભક્તો, આપણે પણ હંમેશાં ભગવાનની ભક્તિ ઉપાસના તન, મનથી કરીશું તો આપણી પણ કષ્ટમાં સહાય કરશે એમાં સંશય નથી. એવી રીતે ૯૬મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૫૩, પરચો ૯૭મો

## યાત્રિક સંઘની મહારાજે રક્ષા કરી

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, એ બુરાનપુરમાં હરિભક્તો ઘણા છે. તે અતિ ભાવથી ભગવાનનું ભજન કરે. ત્રણે અવસ્થામાં ભગવાનને ક્યારેય પણ

વિસારે નહીં. તે ભક્તોની પળે પળે રક્ષા કરે છે. જે ભક્તજનો ભગવાનને ભૂલે નહીં તે ભક્તોને ભગવાન પણ ક્યારેય ભૂલે નહીં. વળી જેમ કોઈકને દારૂનો કેફ હોય, કોઈને ભાંગનો, કોઈને બીડી કે તમાકું આદિકનો કેફ હોય તેમ આ બુરાનપુરના ભક્તોને સત્સંગનો અને ભગવાનનો કેફ. તેણે કરીને અતિ આનંદમાં ભજન ભક્તિ કરે તેની ભગવાન પણ ડગલે ને પગલે સહાય કરે છે. એક વખતે બુરાનપુરના હરિભક્તોએ વિચાર કર્યો જે, હમણાં ઘણો સમય થયો ભગવાનના દર્શન થયા નથી. માટે આપણે ભેળા મળી સંઘ લઈને જઈએ. એવો વિચાર કરીને પોતાને જે કાંઈ વાટખર્ચી માટે પૈસા જોઈએ કે, ટીમણ વગેરે વસ્તુ લીધી. કેટલાક ભક્તોએ મહારાજની પૂજા કરવા માટે વસ્ત્રો કે ઘરેણાં કે રૂપિયા વગેરે સાથે લીધું. કારણ કે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે જે, ગુરુદેવ અને રાજાના દર્શને જવું ત્યારે ખાલી હાથે ન જવું, પણ કાંઈક ભેટ લઈને જવું એ ન્યાયે સર્વે ભક્તોએ પોતપોતાની શક્તિ પ્રમાણે વસ્તુ લીધી અને તેમાં તો કેટલાક ભક્તો,

*બાઈ ભાઈ બુઢાં બાળ સંગે । ચાલ્યા સર્વે અતિશે ઉમંગે ॥*
*બાંધી ખરચી ખાવાને કાજ । લીધી પૂજા પૂજવા મહારાજ ॥*
*ધીરે ધીરે કરતાં મુકામ । ચાલ્યા સમરતા હરિનામ ॥*

આ સર્વે નાના-મોટા વૃદ્ધો, બાળકો મળીને થયા ચાલતા. જ્યારે રાત્રિ પડે ત્યારે મુકામ કરે અને સવાર થાય એટલે પોતાના નિત્ય નિયમોમાંથી પરવારે એટલે થાય ચાલતા. કોઈ ભગવાનના કીર્તનો ગાતા જાય. તો કોઈ ભગવાનની સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામની ધૂન બોલતા જાય. તો કોઈ પરસ્પર ભગવાનની વાતો કરતા જાય. આવી રીતેસંઘ ચાલતાં ચાલતાં ઝાડી દેશનું ગાઢ જંગલ આવ્યું. એ ઝાડી દેશમાં કેટલાક ચોરલોકો પણ હોય. એ ઘાટી ઝાડીમાં ચોરલોકોનું ટોળું આવી ગયું અને તે ચોરલોકો તો માંડાયા સંઘને લૂંટવા. કોઈની પાસે ઘોડા, વેલ્યો હશે, ઘરેણાં, પૈસા સર્વે લૂંટી લીધા. એટલું જ નહીં પણ એ ચોરલોકોએ જાણ્યું જે, રખેને આપણા ઉપર કાંઈક હુમલો કરે તો ? એમ જાણીને સર્વેના હાથ પાછળ વાળીને બાંધી દીધા અને કોઈને ખબર ન પડે તેમ તેને રસ્તો ભૂલાવીને ભયંકર જંગલમાં લઈ જઈને ભૂલા પાડી દીધા. પછી તે ચોરલોકો,

*આવ્યા ઝાડીમાંહી જ્યારે જન । ત્યારે ચોરે કર્યું છે વિઘન ॥*



*ખર્ચી ખાવાની રહેવા ન દીધી । સર્વે વસ્તુ તે લૂંટી જ લીધી ॥*

લૂંટેલી વસ્તુના ભાગ પડવા માંડ્યા. તે સંઘમાં કેટલાક બાઓિ, બાળકો અને વૃદ્ધો એ સર્વેને સંઘના આગેવાન સત્સંગીઓ ધીરજ આપવા લાગ્યા જે, હે ભક્તજનો, સર્વે કોઈ મનમાં દુઃખી ન થાશો.

*કહે માંહો માંહી એમ વલી । રખે દુઃક માનો કોઈ વળી ॥*

કોઈના મનમાં એમ શંકા થાય છે, આપણે આ બધી વસ્તુ ભગવાન માટે લીધી હતી અને આપણે સર્વે ભગવાનના દર્શન કરવા માટે જતા હતા છતાં આપણને આ યાત્રામાં વિઘન કેમ આવ્યું ? અને ભગાવને આપણી રક્ષા કેમ ન કીધી ? એમાં ભગવાનનો કોઈ દોષ ન હોય, એમાં આપણો જ દોષ હોય.

*હશે ભક્તિ આપણીમાં ભૂલ । ત્યારે આપણા થયા આ શૂલ ॥*

આપણી ભક્તિમાં કાંઈક ભૂલ હશે, આપણી નિષ્ઠામાં કાંઈક કચાશ હશે, માટે આપણી આ પરિસ્થિતિ થઈ છે અને જો આપણી નિષ્ઠા પાકી હશે, આપણી ભક્તિ પણ સાચી હશે અને આપણી શ્રદ્ધા સાચી હશે તો અમોને એમ લાગે કે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ આપણી રક્ષા કરવા માટે હમણાં જ આવશે.

*હમણાં આવશે ઘોડલે ચડી । વેળ્ય વાલમ નહીં કરે વળી ॥*
*આવી છોડાવશે અવિનાશ । જાણી બંધીવાન નિજદાન ॥*

મારો વાલો અત્યારે જ આપણી રક્ષા કરવા માટે આવશે, માટે એકીસાથે ઊંચે સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા માંડો. પછી સર્વે માંડ્યા ભજન કરવા તેવામાં જ ત્યાં ઘોડાના પગના અવાજ સંભળાયા, એટલે ચોરલોકો તો ધ્રુજવા લાગ્યા જે, કોઈક આવતા જણાય છે. તેવામાં જ ભગવાન શ્રી સ્વામિનારાયણ સિપાઈના વેશમાં ઘોડા ઉપર બેસીને બીજા પચાસેક હથિયારબંધ પાર્ષદો સાથે આવી ગયા અને ચોરલોકોને ચારેય બાજુથી ઘેરી લીધા અને શ્રીજી મહારાજ તો ચોરનો આગેવાન હતો તેને અતિ જોરથી શોટી વડે માંડ્યા મારવા અને બીજા પાર્ષદો પણ બીજા ચોરોને માંડ્યા મારવા અને કહેવા લાગ્યા જે, આ સંઘની પાસેથે તમોએ જે જે વસ્તુ લીધી હોય તે બધી વસ્તુ આપી દ્યો. એમ કહીને

માર મારે ત્યારે ચોરલોકો કહે જે, અરે સાહેબ, આ માર અમારાથી સહન થતી નથી. માટે દયા કરીને અમને મારો મા અને અમે બધી વસ્તુ આપી દૈયે છીએ. એમ કહીને જે જે વસ્તુ ચોરેલી હતી એ બધી વસ્તુનો કર્યો ઢગલો. પછી હરિભક્તોને કહ્યું જે, હે ભક્જતનો, આ ઢગલામાંથી જે જે જેની વસ્તુ હોય તે સર્વે ઓળખીને શાંતિથી લઈ લ્યો અને ચોરલોકોને ક્યાંય જવા દેવા નથી. તેવામાં ચોરલોકો ભાગવા માંડ્યા ત્યારે તેને પકડીને કહેવા લાગ્યા જે, અરે તમો ભાગીને જાશો ક્યાં ? હજુ મારે તો તમોને હવે મારવાની છે !

*જાય કીયાં લીધા સર્વે જાલી । કર્યા મોર ઘુમરીએ ઘાલી ॥*
*સર્વે વસ્તુ તો સંભારી લીધી । એ પાસે એકે રહેવા ન દીધી ॥*

એ ચોરની પાસેથી વસ્તુ બધી સંભારીને લઈ લીધી અને ચોરલોકોને બાંધીને પોતાની સાથે લઈને ચાલ્યા અને કહેવા લાગ્યા જે, તમો આવો ચોરીનો ધંધો કરીને કેટલાય માણસોને પરેશાન કરો છો તે તમોને લાજ કે શરમ નથી આવતી ?

*ત્યારે ચોર બોલ્યા એમ મુખે । શું કરું મરું છું સહુ ભૂખે ॥*
*માટે ન કરવાનું આ કીધું । તેનું તરત ફળ અમે લીધું ॥*
*હવે જેમ કહો તેમ કરીયે । એવું સુણી દયા કરી હરિએ ॥*

ત્યારે ચોરલોકો કહેવા લાગ્યા જે, શું કરીએ અમે સર્વે ભૂખે મરીએ છીએ એટલા માટે ચોરીનો ધંધો કરીને પેટ ભરીએ છીએ અને એઠલા માટે જ અમોએ અત્યારે આ સંઘને લૂંટવારૂપ ન કરવાનું કામ કીધું તેનો અમોને આ મારરૂપી ફળ મળ્યું. માટે હવે તમો જેમ કહો તેમ કરીએ. આવી ચોરલોકોની વાણી સાંભળીને ભગવાને દયા કરીને કહ્યું જે, જાઓ આજે તો અમો મૂકી દૈયે છીએ પણ હવે પાછું ફરીવાર આવું ચોરીનું કામ કરશો નહીં અને આજથી કાંઈક કામધંધો કરશો તો તમોને અન્નપાણી મળશે. માટે આજથી આ ચોરીનું કામ કરશો નહીં એમ કહી ચોરોને છોડી દીધા.

*એમ ચોરથી મુકાવી જન । સંઘ સંગાથે ચાલ્યા જીવન ॥*
*જીયાં લગી ઉતરીયાં ઝાડી । તિયાં લગી રહ્યા સંગે દાડી ॥*
*જ્યારે આવ્યા છે વસ્તીના ગામ । ત્યારે અદશ્ય થયા છે શ્યામ ॥*



અને સર્વે સંઘને ચોરથી મુકાવીને ભગવાન એ સંઘ સાથે ચાલ્યા અને જ્યારે એ ઝાડી પ્રદેશ ઉલ્લંગી ગયા ત્યાં લગી ભગવાન સાથે રહ્યા પછી જ્યારે વસ્તીનાં ગામ આવ્યાં ત્યારે મહારાજ અદશ્ય થઈ ગયા. ત્યારપછી સર્વે સંઘમાંના હરિભક્તો વાતો કરવા લાગ્યા જે, જો જો ભાઈઓ ભગવાનની સામર્થિ, આ કાંઈ નાનીસૂની વાત નથી. આ ભગવાન આપણ સર્વેને ચોરો થકી મુકાવીને આપણી રક્ષા કરી. વળી આપણી વસ્તુ પણ કાંઈ ગઈ નહીં. નહીં તો ચોરાયેલી વસ્તુ કોઈ પણ પાછી હાથ ન આવે.

*આપ્યો પરચો પ્રગટ આવી । ગયા ચોર કરથી મુકાવી ॥*
*આવી વાત કહો કિયાં હોય । સતસંગ વિના બીજે નોય ॥*

સર્વેજનો પરસ્પર વાતો કરવા માંડ્યા જે, આ તો ભગવાને આપણને મોટો પરચો આપ્યો. પ્રત્યક્ષ પોતાના સખાની સાથે પોતે આવીને ચોર થકી આપણને છોડાવીને અદશ્ય થઈ ગયા. આવી અલૌકિક વાતો સત્સં સિવાય બીજે ક્યાં હોય ? આવા પરચાની વાતો કરતાં કરતાં ધીરે ધીરે મહારાજની પાસે આવી, મહારાજનાં દર્શન કરીને અતિ પ્રસન્ન થયા અને વાટમાં જે ચોરોનું વિઘન થયું એ બધી વાત કહી ત્યારે મહારાજે હસીને કહ્યું જે, એ તો અમો જ તમારી રક્ષા કરવા માટે આવેલા હતા. ત્યારે ભક્તજનો કહેવા લાગ્યા જે, હે મહારાજ, આવા વિકટ જંગલમાં અમારી તમારા વિના કોણ સહાય કરે ? હે મહારાજ, આપ તો અતિ દયાળુ છો, માટે દયા કરીને અમારી ચોરો થકી રક્ષા કરી. હે ભક્તજનો, આપણે પણ એવી જ રીતે ભગવાનને અખંડ યાદ કરીશું તો આ લોકમાં દુઃખ થકી રક્ષા કરશે અને અંતે પોતાની ધામમાં પોતાની સેવાનું અલૌકિક સુખ આપશે. એવી રીતે ૯૭મો પરચો થયો.

---

### *પરચો ૯૮મો*

## *રામજીભાઈને મહારાજે પરચો દીધો*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, હવે એક નિમાડ્ય દેશની વાત કહું છું સાંભળજો. નિમાડ્ય દેશમાં સરસોદ નામે ક ગામ છે. તેમાં એક કણબી પટેલ

હતા. તેનું નામ હતું રામજીભાઈ. એમની અવસ્થા પૂરી થઇ ગયેલી. છેલ્લી આખરીનો મંદવાડ થયેલો. તે મંદવાડથી તેને શરીરે પીડા બહુ થાય. તેમાં સુખ થવાના ઉપાયમાં દેવો, પિત્રીઓ, ભૂત, ભવાની માતા, ભૂવા, જાગરિયા આદિક સર્વેની માનતાઓ કરી. દોરા-ધાગા પણ કર્યાં, વળી સાધુ, સંન્યાસી, જોગી, જંગમ અને સર્વેને મંદવાડ મટાડવા માટે જમાડ્યા, તેઓને અન્ન-વસ્ત્રોનાં દાનો કર્યાં, પણ મંદવાડ ઓછો થયો નહીં પણ ધીમે ધીમે તે રોગ વધતો ગયો. એમ કરતાં તેને ઘેર ભિક્ષાને અર્થે સ્વામિનારાયણ ભગવાનના બે સંત આવ્યા. ત્યારે રામજીભાઈ તેના ચરણમાં પડીને પગે લાગીને કહે જે, હે સંતો, હું દુઃખી છું. માટે મારી ખબર તમે રાખજો. ત્યારે સંતો કહે જે, તમારા મંદવાડને અમોએ ઓળખી લીધો છે અને એની દવા પણ સારામાં સારી અમે ભગવાનને પ્રતાપે જાણીએ છીએ અને એ દવા અમો કરીશું. દવા એવી ચમત્કારી છે કે આ શરીરનો રોગ તો મટી જશે પણ તમારા જન્મ-મરણનો બહુ મોટો રોગ પણ ટળી જશે. એમ કહીને જરાવાર પોતાના બે નેત્રો બંધ કરીને સ્વામિનારાયણ ભગવાનને સંભારીને તુંબડામાંથી પોતાના હાથમાં જળ લઈને એ રામજીભાઈના હાથમાં,

*કાળમાયાપાપકર્મજમદૂતભયાદહં । શ્રીકૃષ્ણદેવંશરણં પ્રપન્નોસ્મિ સ પાતુ મામ્ ।*

આ મંત્રોચ્ચારની સાથે જળ આપ્યું. પછી તે જળ તેના જ હાથે ભગવાનના ચરણોમાં મુકાવ્યું અને પછી ઉપદેશ આપતાં કહ્યું જે, આથી પહેલાંનાં તમારાં અશુભ કર્મ બળી ગયાં છે અને આજ દિવસથી તમે ભગવાનના આશ્રિત થયા છો, માટે બીજી બધી ચિંતાનો ત્યાગ કરીને આ માળા આપીએ છીએ તેને જમણા હાથમાં લઈને મણકે મણકે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ ઉચ્ચારણ કરીને માળા ફેરવજો અને બીજા દોરા-ધાગાનો ત્યાગ કરીને આ તમારા કંઠમાં પ્રસાદીની કંઠી પહેરાવીએ છીએ. આજથી તમારા દેહનો મંદવાડ તો ઓછો થઈ જશે પણ વિશેષમાં તમોને વચન આપીએ છીએ કે તમારો જન્મ-મરણનો મોટામાં મોટો રોગ છે તે પણ આજથી નાશ થઇ ગયો જાણજો અને તમોને તેડવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ આવશે. આવું વરદાન આપીને સંતો, ભલે હવે અમો જઈશું. જયશ્રી સ્વામિનારાયણ કહીને થયા ચાલતા. રામજીભાઈ સંતોના કહેવા પ્રમાણે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામનો જપ હાથમાં માળા લઈને માંડ્યા કરવા એટલે તરત જ જરા શાંતિ થઈ. એટલે પોતાના મનમાં જરા વિશ્વાસ



બેઠો. કારણ કે સ્વામિનારાયણ નામનો પ્રતાપ બહુ જબરો છે. ઘણાય માણસો વ્યવહારીક કે દૈહિક ઉપાધી હોય, જેણે કરીને ઊંઘ આવે નહીં એટલે શાંતિ થાય નહીં. ઊંઘ પણ એક શાંતિની દવા છે. ઊંઘ ન આવે એટલે માણસ બીમાર પડી જાય, જેથી ઊંઘની ટેબ્લેટસ લેવી પડે છે. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામમાં પણ ટેબ્લટેસ કરતાં ઊંઘ આવવાની શક્તિ બહુ મોટી છે. આ રામજીભાઈ સંતોના કહેવા પ્રમાણે માંડ્યા જપ કરવા. શાંતિ થઈ, ઊંઘ આવવા માંડી એટલે પોતાને અનુભવ થયો કે આ મંત્રમાં ચમત્કાર બહુ મોચો છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, સ્વામિનારાયણ મહામંત્રથી કાળા નાગનું ઝેર પણ ઊતરી જાય, એવી તો ઘણીય કથાઓ છે. આ રામજીભાઈને હૃદયમાં શાંતિ થઈ. એમ કરતાં થોડા ઘણા દિવસો વ્યતિત થયા ત્યાં એના દેહનો અંતકાળ આવી ગયો અને દેહનો ત્યાગ કરવાની તૈયારી થઈ. એવામાં શ્રીજી મહારાજ એને તેડવા માટે પધાર્યા. એ ગામની પાદરમાં સભા કરીને બેઠા. સાથે હજારો સંતો અને પાર્ષદો હતા. તેને જોઈને કેટલાક માણસો કહેવા લાગ્યા જે, તમો કોણ છો ? અને અહીં કેમ આવ્યા છો ? અને આ ગામ તો નાનું છે તો આટલા બધા સમાસો કયાં ? ત્યારે મહારાજ કહે જે, અમો તો સ્વામિનારાયણ છીએ અને અમારા સંતને વચને રામજી પટેલને તેડવા માટે આવ્યા છીએ. થોડીવાર આ વાડીમાં નિવાસ કરીને પછી એ રામજીને ઘેર જઈશું અને રામજીને રથમાં બેસાડીને અમારા ધામમાં લઈ જઈશું. આવા ભગવાનનાં કેટલાક મનુષ્યોને દર્શન થયાં. સ્વામિનારાયણ પોતાના સંતો-પાર્ષદોની સાથે વાડીમાં ઊતર્યા છે અને તે રામજી પટેલને તેડવા આવ્યા છે આવી ગામમાં જાણ થતાંની સાથે કેટલાય વૃદ્ધો, બાળકો, બાઈયો, ભાઈયોના ટોળે ટોળાં દોડી દોડીને આવવા લાગ્યાં. સર્વેને દર્શન થયાં અને સર્વેએ પોતાને કૃતાર્થ માનીને દર્શન કર્યાં. થોડીવાર પછી સંતો-પાર્ષદોની સાથે શ્રીજી મહારાજ પધાર્યા રામજી પટેલને ઘેર અને કહે જે, હે રામજી ભગત, જયશ્રી સ્વામિનારાયણ. એમ કહીને ઊભા રહ્યા. રામજી પટેલે દર્શન કર્યાં, સાથે પોતાને નિયમ ધરાવનાર બે સંતોના પણ દર્શન કર્યાં. પછી મહારાજ કહે જે, અમો તમોને તેડવા માટે આવેલા છીએ, માટે તમો થાઓ તૈયાર. એવી મહારાજની વાત સાંભળીને રામજીભાઈએ તત્કાળ પોતાના પ્રાણનો ત્યાગ કરીને સર્વે ઘરના અને સગાં-સંબંધીને જોતે રામજી તો પોતાના દેહનો ત્યાગ કરીને ચાલ્યો મહારાજની સાથે.

નિષ્કુળાનંદ કહે છે કે, જ્યારે રામજી દેહ છોડવા માટે તૈયાર થયો ત્યારે સર્વેને કહેવા લાગ્યો જે, જુઓ આ ભગવાન શ્રી સ્વામિનારાયણ. મને તેડવાને ાટે વરદાન આપી ગયા હતા કે, તમો સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરજો, ભગવાન તમને તેડવા માટે આવશે, એ સંતોને પણ સાથે લાવ્યા છે અને જો તમોને પણ સુખી થાવું હોય તો, અને પોતાના જીવનનું શ્રેય કરવું હોય તો આ ભગવાનને યાદ કરજો અને તેનું ભજન ભક્તિ કરજો. મને તો એમ લાગે છે કે જો તમો આ દિવ્ય સ્વરૂપને યાદ કરશો તો તમો વંશપરંપરા સુખી રહેશો અને હવે હું ભગવાનની સાથે જાઉં છું ધામમાં. રામજીભાઈએ દેહ છોડ્યો. આખુંય ગામ જોતે સતે શ્રીજી મહારાજ એ રામજીને લઈને અદશ્ય થઈ ગયા તે જોઈને આશ્ચર્યને પામેલા સર્વેજનો કહેવા લાગ્યા જે,

*અહો વાત અતિશય મોટી । હસે પાપી તે માનશે ખોટી ॥*
*એમ બોલે ગામ લોક વાણ । થયો પરચો પ્રગટ પ્રમાણ ॥*

સ્વામી કહે છે કે, આજે તો ભગવાન અઢળ ઢળ્યા છે, લૌકિક-અલૌકિક લીલા પ્રવર્તાવી છે. ભગવાને આગળમાં અવતારો તો ઘણાય ધર્યા અને એ સર્વે અવતારો આ સ્વામિનારાયણના જ હતા, પણ આજ તો નોતી દીઠી અને નોતી સાંભળી એવી અલૌકિક રીતે પ્રવર્તાવી છે.

*આજની તો રીત છે અલેખે । પણ હોય ધીમંત તે દેખે ।*
*આજ અઢળ ઢળ્યા અપાર । કહે નિષ્કુળાનંદ નિરધાર ॥*
*બોલો શ્રી સહજાનંદ સ્વામી મહારાજ કી જય... ॥*

એવી રીતે ૯૮મો પરચો થયો

---

### પ્રકરણ : ૧૫૪, પરચો ૯૯મો

## બિન્દા ભક્તની કાકીને મહારાજે પરચો દીધો

હિન્દુસ્તાન દેશનાં એક ધુંવા નામે ગામ છે. તેમાં લુહાર જ્ઞાતિનો બિંદો એવે નામે એક ભક્ત હતો. એને અઢારેક વર્ષની ઉંમરે સાચા સંતનો યોગ થયો. સંતોની વાતો સાંભળીને સત્સંગી થયો. પોતે ઉદ્યમને માટે લુહારનું કામ કરતો.



લોખંડ તપાવીને તેને એરણ ઉપર રાખીને ઉપર ઘણના ઘાવની સાથે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામોચ્ચાર કર્યા કરે. એના મા-બાપ જો કે સત્સંગી નહીં પણ બિંદો ભગવાનને યાદ કરે. કોઈ અજોગ્ય કામ કરે નહીં. હંમેશાં નાવું-ધોવું ભગવાનની પૂજા કરવી. એકાદશીનું પાલન કરે તે જોઈને રાજી થાય જે, આપણાથી તો નથી થાતું પણ પણ અમારો બિન્દો કરે છે એ સારું કરે છે. આપણા પણ મોટા ભાગ્ય જે આપણો બિન્દો ભગવાનને યાદ કરે છે, પણ એ બિન્દાની કાકી કુલખણી હતી તે બિન્દો નાય-ધુવે ભગવાનની પૂજા કરે તેને જોઈને બળી મરે અને બિન્દાની ઠેકડી કરે અને તે ઘરમાં સાથે જ રહેતી. તે કારણ સિવાય બિન્દાને ગાળો દેતી. ત્યારે બિન્દાના મા-બાપ કહે જે, એ અમારો બિન્દો સારું કરે છે અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભજન કરે છે એમાં તારું શું બગડી જાય છે જેથી તું એને ગાળો ભાંડે છે ? તો પણ એ કાકી કોઈનું સાંભળે જ નહીં અને કોઈ સમજાવે તો ઉલટી વધારે ગાળો દે અને વાતની વાતમાં એના ઉપર ખોટી આળો નાખે જે, અમારો બિન્દો સ્વામિનારાયણીયો થઈ ગયો છે અને ગામમાં ચાલતી જાય અને બોલતી જાય જે, અમારો બિન્દો બગડી ગયો છે. કેમ જે, એ તો સ્વામિનારાયણનો ભગતડો થઈ ગયો છે. કોઈ સાધુડાનો જોગ એ બિન્દાને થયો એટલે સાધુડાએ ભૂત ઘાલી દીધું છે, જેથી આ બિન્દો ખાવા બેસે ત્યારે પહેલાં આંખો મીંચે, ત્યારે હું કહું જે, અલ્યા બિન્દીયા, રોટલો આગળ પડ્યો છે અને આંખો બંધ શા માટે કરે છે ? સ્વામી કહે છે કે, આમાંથી આપણે શીખવાનું છે, જ્યારે આપણે જમવા બેસીએ ત્યારે પોતાની આંખો બંધ કરીને મહારાજની પ્રાર્થના કરવી જે, મહારાજ, હે દયાળુ, મેં મારી શક્તિ પ્રમાણે થાળ બનાવ્યો છે, તો હે પ્રભુ, આપ જમો. હે ભક્તો, આટલું તો જરૂર શીખવાનું. આ બિન્દો જ્યારે જમવા બેસે ત્યારે આંખો બંધ કરે અને મહારાજની પ્રાર્થના કરે જે, હેમહારાજ, પ્રથમ આપ જમો અને ત્યાર પછી તમારી પ્રસાદી હું જમીશ. ત્યારે એની કાકી ગાળો દીએ, છણકા કરતી જાય અને બોલતી જાય,

*કહે બિન્દો તે બગડી ગયો । કરી સત્સંગ સ્વામીનો થયો ॥*
*શ્વાસે શ્વાસે એ જ સ્મરણ । ભૂલી નહીં જ્યાં લગી આવ્યું મરણ ॥*

એ જીવી ત્યાં સુધી બિન્દાની નિંદા જ કરતી રહી. ત્યારે કોઈકે કહ્યું કે,

બિન્દા તારી કાકી તેને ગાળો દે છે તેમાં તને દુઃખ નથી થાતું ? ત્યારે બિન્દો કહે જે, એ મારી પરીક્ષા કરે છે કે બિન્દો ભગત કાચો છે કે પાકો ? એ મારીકાકી ગાળો દે છે એમાં મને લાભ છે. બીજું હું મારી કાકીને ભલામણ કરીશ કે હે કાકી, તમો સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજનો કરો તો એ નહીં કરે અને મને જેટલી ગાળો દેશે એમાં પહેલું મારું નામ લેશે, પછી મારા ભગવાનનું નામ લેશે કે બિન્દીયો સ્વામિનારાયણીયો થઈ ગયો છે, બિન્દયો સ્વામિનારાયણનો ભગતડો થઈ ગયો છે. આમ નામ લેશે તો અંતકાળ તેનું કલ્યાણ થાશે. સ્વામી કહે છે જે, આ કાકીએ ખરી હઠ પકડેલી. બુઢી થઈ ગઈ, મોઢેથી સ્વામિનારાયણ નામ પણ સરખું ન બોલાય. બિન્દાનું નામ પણ સ્પષ્ટ રીતે ન બોલય તો પણ ગાળો દેવાનું છોડ્યું નહીં. આમાં પણ કેટલુંક રહસ્ય સમાયેલું છે. તે શું તો, ભાગવતમાં વાતો આવે છે કે, કંસમામે કોઈ દિવસ સંત સમાગમ નહીં કરેલો હોય. કોઈ દિવસ એણે કથાયે સાંભળેલી નહીં હોય. કેવળ એ શ્રીકૃષ્ણ ભગવાનને ગાળો જ દેતો હતો, પણ પહેલી ગાળ અને પછી કૃષ્ણ નામ બોલે. એણે કરીને એ કંસનો ઉદ્ધાર થઈ ગયો તેમજ કાકીને પણ ગાળો દીધાનું વ્યસન પડી ગયેલું. જેથી ગાળો દીધા વિના તો એને શાંતિ જ ન આવે. વધારે શું કહીએ ? એ બિન્દાની કાકી છેલ્લે મરવા પડી તોય એણે ગાળો દીધાનું ભૂલાયું નહીં. બોલી ન શકે તો પણ ગાળો દે. એમ કરતાં અંતકાળ સમય આવી ગયો અને થઈ પથારીવશ. એમ કરતાં,

*તૂટી નાડીઓ પીડાણા પ્રાણ । આવ્યા લેવા દીઠા જમરાણ ॥*
*અતિ કાળારીસાળા વિકરાળ । ક્રોધવાળા કરૂર કોપાળ ॥*

એવા ભયંકર જમદૂતોને જ્યારે દીઠા ત્યારે તે, દેવી-દેવલાંને સંભારવા લાગી, વળી કેટલાક ભેખધારીને સેવ્યા હતા તેને સંભાર્યા પણ કોઈએ સહાય કરવા આવ્યા નહીં અને જમદૂતો માંડ્યા ધોકેથી પીટવા અને મોઢેથી બોલે જે, મારો મારો, એને પોતાના ભત્રીજા બિન્દાને, સાધુને અને સ્વામિનારાયણ ભગવાનને ખૂબ પેટ ભરીને ગાળો દીધી છે. માટે બરોબર ધોકા પીટો, એના ઉપર દયા કરવાની નથી. ડોશી તો ઘણીયે રાડ્યો પાડે અને બોલે જે, અરે હાય વોય રે, હવે હું શું કરું અને કિયાં જાઉં ? અને આ માર નથી સહેવાતો રે, કોઈ મને આનાથી મુકાવો, પણ કોણ મુકાવે ? કોઈએ આવ્યું નહીં. જમદૂતોએ ગલામાં



નાખ્યો પાશ અને માંડ્યા ઢસરડવા. ત્યારે પણ પાસે જ બેઠેલા બિન્દાને બે-ત્રણ ગાળો દીધી જે, આ મુઓ, મારો પીટીઓ, સ્વામિનારાયણનો થઈ ગયો છે. આમ ગાળમાં સ્વામિનારાયણનું નામ બોલાયું એટલે તરત જ જમદૂત દૂર ખસી ગયા. ડોશીને જાણ થઈ જે, સ્વામિનારાયણ નામ લીધું એવામાં જમદૂત ખસી ગયા, એ જોઈ બોલી જે, અરે બિન્દા, તારા ભગવાન સ્વામિનારાયણ ક્યારે આવશે ? આમ બોલે છે એવામાં જ દયાળુ ભગવાન સ્વામિનારાયણ આવી ગયા અને જમદૂત દૂર ખસી ગયા. ત્યારે ડોશીએ જાણ્યું જે, આ દવા સારી છે, એમ જાણીને મંડી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલવા. તેવામાં જ ભગવાન સ્વામિનારાયણ પોતાના પાર્ષદો, ઘોડેસવારો, સંતોની સાથે આવીને ડોશીને પોતાના દિવ્ય દર્શન દીધા અને જમદૂતોને હાકલ મારી એટલે જમદૂતો ભાગી ગયા. પછી ડોશીએ ભગવાનનાં દર્શન કર્યાં અને બે હાથ જોડીને સ્તુતી કરવા લાગી જે, હે પ્રભુ, તમે બહુ દયા કરી અને મારા અનંત અવગુણ નહીં જોઈને આ સમે મારી સહાય કરી. એમ બે હાથ જોડી, સ્તુતિ કરીને, પોતાના દેહનો ત્યાગ કરીને ભગવાનની સાથે રથમાં બેસીને ધામમાં ગઈ. તે સમયે આખા ગામમાં સર્વેને આ ડોશીને લઈને મહારાજ જતા હતા તેનાં દર્શન થયાં ત્યારે સર્વેજનો આશ્ચર્ય પામી ગયા અને સહુ કહેવા લાગ્યા જે, આ તો મોટો પરચો થયો અને ડોશીનું એવું કયું મોટું પુણ્ય હશે કે જેણે કરીને આ ડોશી પોતાના ભત્રીજાને, સાધુને અને ભગવાનને પણ ગાળો દેતી હતી. એના પણ ગુના નહીં જોઈને તેને પોતાના ધામમાં તેડી ગયા. એવી રીતે ૯૯મો પરચો થયો.

---

## પરચો ૧૦૦મો

## ઠાકોરદાસ અને તેના પત્નીને મહારાજે પરચો દીધો

વળી એ જ દેશમાં ઘુવા ગામમાં ભગવાનના પરમભક્ત ઠાકોરદાસ અને તેનાં પત્ની ધનબાઈ રહેતાં હતાં. તેને પોતાના લગ્ન થયા પછી બંને જણાં બેસીને વિચાર કર્યો જે આપણે સાંસારિક વિષય સુખ તો ભોગવતાં ભોગવતાં કેટલાય જન્મ થઈ ગયા તો પણ એ સુખનો ઓડકાર આવતો નથી. વળી એવું પણ ઘણી વખત સાંભળ્યું છે કે બ્રહ્મચર્ય વ્રતમાન પાળે તેને ભગવાન દર્શન આપે છે. આવો

વ્રતનો મોટો પ્રતાપ છે. ઠાકોરદાસ કહે જે, મને તો એમ વિચાર થાય છે કે, આપણા લગ્ન ભલે થયા પણ હવે આપણે ગૃહસ્થાશ્રમમાં રહીને અખંડ બ્રહ્મચર્ય પાળવું, એમાં તારો શું વિચાર છે. જો તારી પણ એવી મરજી હોય તો આપણે એવી રીતે નિયમ લૈયે. આ વાતમાં તું શું કહે છે ? ત્યારે ધનબાઈ કહે જે, બહુ સારું. એ વાતમાં હું પણ સંમત છું. માટે આજથી આપણે લૈયે નિયમ,

*કોઈ કોઈનું અડે અંબર । કરે ઉપવાસ નારી ને નર ।।*

બંને પતિ-પત્ની છે છતાં નિયમ કેવું લે છે, જો અજાણમાં એકબીજાના વસ્ત્રનો છેડો અડી જાય તો બંને જણાએ એક ઉપવાસ કરી નાખવો. આવી આકરી ટેક રાખવી અતિ કઠિન છે, પણ જેના ઉપર ભગવાનની કૃપા હોય તે એવું નિયમ રાખી શકે.

*જ્યારે ઘરમાંહી હોય નાર । ત્યારે પુરુષ જઈ બેસે બાર ।।*
*જ્યારે પુરુષ હોય ઘરમાં હી । ત્યારે બાર બેસે જઈ બાઈ ।।*

આવું બંનેનું નિયમ જોઈને જે, ભગવાનના ભક્ત હતા તે તો રાજી થયા કે ધન્ય છે કે તમોને કે આવા હળાહળ કળીયુગમાં ગૃહાસ્થાશ્રમમાં રહીને આવા કઠણ સાંખ્ય યોગના નિયમ પાળો છો, પણ કુસંગી હતા તે તો નિંદા કરવા માંડાયા.

*કહે વિમુખ એમ અભાગી । જો જો થઈ બેઠા બેઉ ત્યાગી ।।*

એ પતિ-પત્ની બંને જણાં મોટા બ્રહ્મચારી થઈ બેઠાં છે. માટે ચાલો ચાલો એને આપણે પગે લાગીએ, એમ મશ્કરી કરવા માંડ્યા. વળી કેટલાક કહે જે, આવું કરવું હતું તો પરણ્યાં શા માટે ? વળી કેટલાક તો એમ નિંદા કરવા લાગ્યા જે, જો સ્વામિનારાયણ ભગવાન આશ્રિત સત્સંગી થૈયે તો એના જેવા થઈ બેસીએ.

*સતસંગ કહો કેમ કરીએ । કરીએ તો એ જેવા થઈ ફરીએ ।।*
*માટે વાત તો ઘણી સારી । પણ ધારીયે તો થાય ખુવારી ।।*

વાત તો ગમે તેવી સારી હોય પણ આમાં કાંઈ ભલીવાર નહીં થાય. કેટલાક કુસંગી લોકો નિંદા કરવા લાગ્યા ત્યારે શ્રીજી મહારાજથી સહન થયું નહીં. જાણ્યું જે, એ મારા ભક્તની નિંદા કરે એ મારાથી સહન કેમ થાય ? એમ



વિચારીને શ્રીજી મહારાજે તે બંનેને દર્શન દઈને કહ્યું જે, તમારું આવું કઠિન સાંખ્યયોગનું વ્રતમાન જોઈને અતિશે રાજી થયો છું. માટે હવે હું તમોને આજ્ઞા આપું છું જે, હવે એ સાંખ્યયોગના નિયમની સમાપ્તિ કરો અને કર્મયોગીના નિયમમાં રહીને અમારું ભજન કરો. આ અમારું વચન માનો અને આજથી તમારું વ્રત પૂરૂ થયું માની લ્યો.

*કહે ઠાકરો દાસને સ્વામી । થયું પૂરૂં વ્રત નિષ્કામી ।।*
*જેહ પાળે ગૃહસ્થ વર્તમાન । તે સહુ સાંખ્યયોગી સમાન ।।*

હંમેશાં જે એક પત્ની વ્રત ધારીને ગૃહસ્થાશ્રમમાં રહેલો હોય તે સાંખ્યોગીના સમાન છે. કારણ કે જે બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીમાં લગ્ન થયા હોય એ પતિ-પત્ની બંને ગૃહસ્થના ધર્મ પાળે એમાં પાપ નથી, એવો એ પતિ-પત્ની બંને સાંખ્યયોગીના સમાન છે.

*માટે માની અમારું વચન । કર્મયોગી થઈ કરો ભજન ।।*

એમાં અમો અતિ રાજી છીએ એમ કહીને તેના વર્તમાનની સમાપ્તિ કરાવીને શ્રીજી મહારાજ અદૃશ્ય થઇ ગયા અને પછી તે જ ગામમાં જે, ભગવાનના એકાંતિક ભક્તો હતા તેમાં પંદર-વીસ ભક્તોને દર્શન દીધા અને તેને કહ્યું જે, અમો ઠાકોરદાસ અને તેમના પત્ની ધનબાઇએ એવું નિયમ લીધેલું હતું કે જ્યારે આપણે ભગવાન પોતાના દર્શન આપે ત્યાં સુધી આપણે બ્રહ્મચર્યનું પાલન કરવું. તો તે વ્રતના પ્રભાવે અમો તેને દર્શન દઈને એના વ્રતની આજે સમાપ્તિ કરાવી છે. હવે એ બંને જણાં અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમના નિયમનું પાલન કરીને અમારું ભજન ભક્તિ કરશે અને એટલા માટે જ અમો ।વેલા હતા એમ કહીને શ્રીજી મહારાજ અદૃશ્ય થઇ ગયા. તે સમે ભગવાનને સુંદર રથ ઉપર બેઠેલા ભગવાનનાં કેટલાક કુસંગીને પણ દર્શન થયાં. તેણે કરીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામીને ધન્ય ધન્ય કહીને સર્વેજનોએ જાણ્યું જે, આતો ભગવાને અલૌકિક પરચો દીધો. એવી રીતે ૧૦૦મો પરચો થયો.

---

## પરચો ૧૦૧ પેલો

# ગાંગુબાઈને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, વળી એ જ ગામમાં લુહાર જ્ઞાતિમાં ભગવાનનાં પરમ ભક્ત ગાંગુબાઈ એવે નામે કરીને હતાં. તે હંમેશાં પોતાના ધર્મ નિયમને યથાર્થ રીતે પાળે અને અતિ પ્રેમે સહિત ભગવાનનું ભજન કરે. એક દિવસે એ ગાંગુબાઈ બીજા બાઈઓની સાથે જંગલમાં છાણાં લેવાને માટે ગયાં. બીજા બાઈયોની સાથે છાણાં વીણે અને ઊંચા સ્વરે અતિ પ્રેમપૂર્વક ભગવાનનાં ગીતો ગાય. એક વખતે એનો અતિશે પોતામાં પ્રેમ જોઈને ભગવાન શ્રીહરિ સહજાનંદ સ્વામીએ તે સર્વે બાઈયોને પોતાનાં અલૌકિક દર્શન દીધાં ત્યારે તે બાઈયો મહારાજને જોઈને અતિ આનંદને પામી ગયાં. ત્યારે ભગવાન પણ તેની સામે તેનો પ્રેમ જોઈને અતિ રાજી થઈને તે બાઈઓની સાથે કીર્તન ગાવા લાગ્યા. ત્યારે પોતાની સાથે કીર્તન ગાતા ભગવાનને જોઈને આ ગાંગુબાઈને સમાધિ થઈ. સમાધિ કરીને અક્ષરધામમાં ગયાં. ત્યાં એ ધામના પતિ એવા શ્રીજી મહારાજને અનંત મુક્તોની સાથે વિરાજમાન એવા જોઈને દર્શન કરી અતિ રાજી થઈને ગોલોક ધામમાં ગયાં. ત્યાં તો ધામના નિવાસી અને અનંત મુક્તોએ વીંટાએલા એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરીને પછીવૈકુન્ઠધામમાં ગયાં તો ત્યાં, ત્યાંના મુક્તોની સાથે રહેલા એવા લક્ષ્મીનારાયણ ભગવાનનાં દર્શન કરીને શ્વેતદ્વીપમાં ગયાં તો ત્યાં અનંત શ્વેતમુક્તોએ સેવાયેલા એવા વાસુદેવ સ્વરૂપે ભગવાનને જોઈને બદ્રીકાશ્રમમાં ગયાં. તો તે ધામમાં અનંત ઋષિગણોની સાથે વિરાજમાન એવા શ્રી નરનારાયણ સ્વરૂપે રહેલા ભગવાનનાં દર્શન કરીને સમાધિથી જાગીને પોતાના દેહમાં આવીને એ સર્વે ધામોમાં જે જે જોયું તેની અલૌકિક વાતો કરવા લાગ્યાં. તે સાંભળીને સર્વે બાઈઓ અતિ આશ્ચર્ય પામી ગયાં અને કહેવા લાગ્યાં જે, આ તો અતિ મોટીવાત કહેવાય. વળી ભગવાન અહીં આ બાઈની સાથે કીર્તન ગાવા લાગ્યાં તેનાં આપણ સર્વેને દર્શન થયાં. આ વાત તો અતિ મોટી કહેવાય અને આ તો ભગવાને આપણને અતિ મોટો પરચો દીધો કહેવાય એમ સર્વે કહેવા લાગ્યાં. એવી રીતે ૧૦૧મો પરચો થયો.

---



## પરચો ૧૦૨ બીજો

# બુધ અને મદારી ભક્તને પરચો દીધો

વળી એ જ ગામમાં ભગવાનના પાકા ભક્ત એક બુધ્ધ અને મદારી બંને ભાઈ હતા. તે બંને ભાઈ સાચા ભાવથી ભગવાનનું ભજન કરે અને પોતાના નિર્વાહને માટે પોતાની શક્તિ પ્રમાણે ઉદ્યમ કરે. એક દિવસ બંને ભાઈ વચ્ચે વિખવાદ ઊભો થયો. તેમાં મોટા ભાઈનું નામ હતું બુધ્ધ અને નાના ભાઈનું નામ હતું મદારી. આ બંને ભાઈ ખેતીનો ધંધો કરતા હતા. તે વાડીમાં જે કાંઈ અનાજ વગેરે ઉત્પન્ન થયું હશે તેમાં આટલું મારું થાય અને તારાં છોકરાં ઘણાં છે માટે તારો ખરચો ઘણો છે અને મારું ખરચ ઓછું છે. તારાં છોકરાં બગાડ વધારે કરે છે, મારાં તો જરાય બગાડ કરતાં નથી. આમ બોલાચાલી શરૂ થઈ. એમ કરતાં લગભગ ત્રણ-ચાર કલાક સુધી ઝઘડ્યા. સાંજ પડી સહુ સહુને ઘેર ગયા. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, જ્યાં સુધી આ આપણું છે, આવી રીતે માન્યું હોય ત્યાં સુધી વાંધો ન આવે, પણ જ્યારે આ તારું અને આ મારું થાય એટલે કુસંપ ઘર કરે. ખેતીમાંથી ઉત્પન્ન થયેલું ધાન્ય આદિક વેંચ્યું તેના પૈસા આવ્યા તેના હિસાબમાં મારું, તારું થયું કે આટલા આવ્યા અને આટલા ખરચ્યા એમ વિખવાદ કરતાં વાતમાં વિધવાદ વધી ગયો અને બંને ભાઈ વચ્ચે ભેદ પડી ગયો. બુધ્ધ ને મદારી બંને ભાઈ સત્સંગી છે અને તે સ્વામિનારાયણ ભગવાનના પાકા ભક્ત છે. નાનો ભાઈ મોટા ભાઈ સાથે ઝગડ્યો કે તમો મોટા થિને આમ કરો છો, તમો મને હંમેશાં નાનો જાણીને દબાવો છો. આ વાત સ્વામીએ લખી છે તે આપણા માટે લખી છે. આપણે જો આગળ-પાછળનો વિચાર ન હોય તો વાત વાતમાં ઝઘડો થાય અને ઝઘડામાં કાંઈ સારા શાંતિના શબ્દો તો ન જ બોલાય. તે બંને ભાઈ ત્રણ-ચાર ઘડી સુધી ઝગડીને છુટા પડ્યા અને પોતપોતાના ઘેર ગયા. પછી મોટા ભાઈને વિચાર ıવ્યો જે, આ અમે શું કર્યું ? મોટા ભાઈ તરીકે મારા નાના ભાઈને નમવું જોઈએ. એ મારો નાનો ભાઈ છે. એ નાનો ભાઈ હંમેશાં મારા પગમાં પડતો રહે, મને પગે લાગે એ બહુ મોટી વાત કહેવાય અને જે નાના ભાઈના શબ્દોને સહન કરે એનું જ નામ મોટો કહેવાય. ઉંમરથી મોટો હોય એ કાંઈ મોટો ન કહેવાય પણ જે ધર્મથી મોટો હોય, જ્ઞાને કરીને મોટો હોય એને જ

શાસ્ત્રોમાં મોટો કહ્યો છે. એ વખતે મોટા ભાઈને એમ વિચાર થયો જે, મારો નાનો ભાઈ મને ભલેને કદાચને વેગમાં આવીને બે શબ્દો સંભળાવી ગયો તો મેં એને ચાર શબ્દો સંભળાવી દીધા. તો મોટા તરીકે મારું કર્તવ્ય શું ? કાયમ માટે એણે મારી આજ્ઞા પાળી છે. હું જે કહું એ પ્રમાણે એ વર્ત્યો છે. તો આજે કદાચને મને વેગમાં આવીને બે શબ્દો સંભળાવી ગયો, તો તેણે કરીને મને શું થઈ ગયં અને હું મોટો છું તો મારે સહન ન કરવું જોઈએ ? અને એ મારો નાનો સગો ભાઈ છે અને એની સાથે હું ઝઘડું તો એ મને શોભે ખરું ? વળી સત્સંગી તરીકે પણ મને મોટું લાંછનરૂપ છે અને જગત શું કહેશે કે આ મુવા સ્વામિનારાયણીયા થઈને ઝઘડે છે. આ તો શરમદાયક વાત છે અને સાથે સ્વામિનારાયણનું નામ વગોવાય એ પણ બરોબર ન કહેવાય. કારણ કે હું સત્સંગી છું, સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત છું અને મારા નાના ભાઈની સાથે હું ઝઘડું અને જો મને ફાવે એમ કરીશ અને જો તારે ગમતું ન હોય તો તારે રસ્તે, આમ નાના ભાઈને હું ધમકાવું તો મોટા ભાઈ તરીકેની મોટાઈ મને શોભારૂપ નથી. માટે મને ધિક્કાર છે. આ રીતે મોટા ભાઈને હૃદયમાં ખૂબ પસ્તાવો થયો. રાત્રે ઊંઘ આવી નહીં અને રડવા માંડ્યો અને મારા વિચારને, મારા જ્ઞાનને અને મારી બુદ્ધિને પણ ધિક્કાર છે.

*ધિક ધિક એ વ્યવહાર માંહી । એક હરિભક્ત મારો ભાઈ ॥*
*તે શું બોલ્યો હું તાણમાં તાણ । મું જેવો નહીં કોઈ અજાણ ॥*

અને હું એ ભગવાનનો પાકો ભક્ત અને વળી મારો નાનો ભાઈ, તેની સામે હું ફાવે તેમ બોલ્યો, તો ખરેખર મારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા ઉપર નારાજ થશે અને કુરાજી થશે. આ રીતે મોટો ભાઈ આખીય રાત ઊંઘ્યો નહીં અને ખૂબ પસ્તાવો થયો. સવાર પડે કે, હું મારા નાના ભાઈને બાથમાં ઘાલીને ભેટું અને કહું જે, આવ્ય ભાઈ આવ્યા અને તારી ઈચ્છામાં આવે એમ તું સુખેથી કર અને તું રાજી થા. આપણે બંને એક બાપના દીકરા છીએ અને વળી ભગવાનના ભક્ત છીએ અને આપણા સાચા બાપ તો ભગવાન સ્વામિનારાયણ છે. નિષ્કુળાનંદ સ્વામી કહે છે કે, બુધ્ધને આખીય રાત ચિંતા થઈ છે, આખીય રાત ઊંઘ આવી નથી. સવાર થયું એટલે નાહી-ધોઈને માનસી પૂજા કરવા બેઠો અને માનસી પૂજામાં ભગવાનની સ્તુતિ કરે જે, હે ભગવાન, દે દયાળુ મેં આજે



આપનો મોટો અપરાધ કર્યો છે. તો હે મહારાજ, દયા કરીને મારા અપરાધને માફ કરજો. હે દયાળુ, મારા ગુના સામું જોશો માં. આ મારો દાસ છે, આ મારો બાળક છે એમ જાણી પ્રભુ ક્ષમા કરજો. આવી રીતેની સાચી હૃદયપૂર્વકની પ્રાર્થના કરીએ તો તે પ્રાર્થનાને ભગવાન સાંભળે. બાકી તો ઉપરલે મને, વિશ્વેશ છો સકળ મંગળ શાંતિ દાતા, આવી રીતે પદ ગોખેલું હોય અને ભગવાન સામે બોલીએ તો કદાચ એ પ્રાર્થના ભગવાન સુધી ન પણ પહોંચે, પણ જ્યારે હૃદયની સાથે પ્રશ્ચાતાપ કરવાપૂર્વક પ્રાર્થના થાય તો ભગવાન જરૂર સાંભળે છે. આ મોટા ભાઈને બહું દુઃખ થયું અને અતિ પસ્તાવો થયો ત્યારે તે આર્તનાદને સાંભળીને,

*એવી સાંભળી જનની વાણી । આવ્યા દીનબંધુ દીન જાણી ॥*
*દીધાં દાસને દર્શન નાથે । નિરખ્યા બાઈ ભાઈ સહુ સાથે ॥*

આવી રીતની પ્રાર્થનાને સાંભળીને ભગવાન તેને દર્શન દેવા પધાર્યા. હજુ બુધ્ધ તો માનસી પૂજા કરતો હતો. તેના માથા ઉપર પ્રભુએ અભય હસ્ત કમળ મૂક્યો ત્યારે આંખ્ય ઉઘાડીને જોયું ત્યાં મહારાજનાં દર્શન થયાં. સુંદર પાઘ મસ્તકે બાંધેલી હતી અને રશમી ખેસ ખભા ઉપર ધારણ કર્યો હતો અને અતિ મંદ હાસ્યયુક્ત જેનું મુખાર્વિન્દ છે એવા ભગવાનનાં દર્શન કરીને એ ભક્ત અતિ આનંદપૂર્વક ભગવાનને દંડવત્ પ્રણામ કરીને બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો અને કહેવા લાગ્યો જે, હે મહારાજ, આપ અચાનક કયાંથી પધાર્યા ? અને મારા યોગ્ય જે કાંઈ સેવા હોય તે આજ્ઞા કરો. ત્યારે ભગવાન કહે જે, અમોને ભૂખ લાગી છે માટે તત્કાળ થાળ કરો, તેમાં સારો મજાનો દૂધપાક બનાવજો. તેની સાથે શાક, પૂરી, રોટલી, ભજિયા વગેરે બનાવો. ત્યારે બુધ્ધ ભક્તે એ બધું તૈયાર કરીને એક સુંદર બાજોઠ ઉપર મહારાજને વિરમજામાન કર્યાઅને સામેના બાજોઠ ઉપર થાળ પીરસીને બે હાથ જોડી વિનંતીપૂર્વક કહેવા લાગ્યા જે, હે મહારાજ, આપ જમો. ત્યારે મહારાજ કહે જે, જમવાની વાત પછી પણ પ્રથમ તારા ભાઈ મદારીને બોલાવ. ત્યારે બુધ્ધ દોડતો દોડતો ગયો મદારીને ઘેર. ત્યાં મદારી હજુ નાહી-ધોઈને પૂજામાં બેઠો હતો. જઈને કહ્યું જે, હે ભાઈ, ચાલ ચાલ, મહારાજ પધાર્યા છે અને તુને બોલાવે છે. ત્યારે નાના ભાઈને પણ રીસ તો હતી

કે હવે મારે મોટા ભાઈને ઘેર પગ નથી મૂકવો પણ મહારાજ બોલાવે છે એવું સાંભળતાની સાથે જ દોડતો આવ્યો. સુંદર બાજોઠ ઉપર મહારાજ વિરાજમાન હતા અને આગળ બીજા બાજોઠ ઉપર થાળીમાં પૂરી શાક, મોટા વાટકામાં અતિ સુંદર દૂધપાક પુરેલો હતો. એક સુંદર લોટામાં જળ ભરેલું હતું. હજુ મહારાજે જમવાનું શરૂ કર્યું ન હતું ત્યાં મદારીએ આવીને મહારાજના દર્શન કર્યાં. દંડવત પ્રણામ કરીને મોટા ભાઈની સાથે બે હાથ જોડીને બેઠો. પછી મહારાજ કહે જે, કેમ હવે હું જમું ? ત્યારે બંને ભાઈ કહે જે, હે મહારાજ આપ જમો. ત્યારે મહારાજે કહે જે, એમ જમાશે નહીં અને આ થાળ અમોને ભાવશે નહીં અને એક કોળિયો અમારા ગળે નહીં ઊતરે. કારણ કે પહેલી વાત તો એ છે કે ગઈકાલે તમે બંને જણાએ શું કર્યું હતું ? તમો બંને ભગવાનના ભક્ત છો. તમોને એટલોય વિચાર ન આવ્યો ? અને બંને જણા સામસામા ઝઘડ્યા, તમને જરાય શરમ ન આવી કે આપણે કોણ છીએ ? અને આ શું બોલીએ છીએ ? સત્સંગી આપણા સાચા સગાં છે, તેની સાથે ઝઘડાય ખરું ? માટે તમારા બંનેમાંથી વેરઝેર નીકળી જશે ત્યારે આ થાળ જમાશે. બોલો આ તમોએ મોટી ભૂલ નથી કરી ? ત્યારે મોટો ભાઈ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. મહારાજ, મારી ભૂલ થઈ, માફ કરો. ત્યારે નાના ભાઈએ પણ રડતાં રડતાં મોટા ભાઈના પગ પકડીને કહે જે, મોટા ભાઈ, મારો જ વાંક છે, માટે તમે મને માફ કરો. ત્યારે ભગવાન તો સામું જોઈ રહ્યા અને પછી દૂધપાકનો વાટકો હાથમાં લઈને માંડ્યા જમવા.

*બોલ્યા જમતાં જમતાં નાથ । હેત રાખીએ હરિજન સાથ ॥*
*સાચા સગા સત્સંગી જાણો । આલોકે પરલોકે પ્રમાણો ॥*
*તે શું વઢી ન કીજીએ વેર । માંહોમાંહી ન વાવીએ ઝેર ॥*

સત્સંગી આપણા સાચા સગાં છે. આ લોકમાં સગાં છે અને પરલોકના પણ સગાં છે. એમની સાથે વઢ ઝઘડ કરીને વેર-ઝેર શા માટે ઊભાં કરીએ ? બોલો તમો બંને જણાએ મોટી ભૂલ નથી કરી ? ત્યારે બંને ભાઈ બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે મહારાજ, અમોએ મોટી ભૂલ કરી છે અને અમોએ આપની આજ્ઞા લોપી છે, માટે માફ કરો અને આજ પછી અમો ક્યારેય પણ આવી ભૂલો નહીં કરીએ. એમ કહીને મહારાજને પગે લાગ્યા અને બંને ભાઈ પરસ્પર



એકબીજાને બાથમાં લઈને ભેટ્યા છે. ત્યારે મહારાજ પણ અતિ પ્રસન્ન થઈને બંનેને રૂડાં આશીર્વાદ આપ્યા જે, તમો બંને સુખી થાશો, પછી મહારાજ તત્કાળ અદૃશ્ય થઈ ગયા. વહાલા ભક્તો, આ કથા આપણને સમજાવે છે જે, બંને ભાઈ વચ્ચે વાણીનો જ વિરોધ હતો ત્યાં સુધી મહારાજ થાળ જમ્યા નહીં. બંનેમાંથી વેરઝેર નીકળી ગયું ત્યારે ભગવાન જમ્યા. તો પછી આજે બે ભાઈ હોય અથવા બાપ-દીકરો હોય અને બંને ભગવાનના ભક્ત હોય, તિલક-ચાંદલો ભાલમાં હોય, કંઠમાં કંઠી હોય, ભગવાનની પૂજા નિત્યે કરતા હોય, મોઢેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ દરેક ક્રિયામાં લેવાતું હોય, સાંજે-સવારે મંદિરે જતા હોઈએ, કથામાં બસેતા હોઈએ અને એકબીજાને કોર્ટમાં ઊભા રાખીએ એ આપણા ભગવાનને ગમતું હશે ખરું ? અને એના થાળ, સેવા વગેરે ભગવાન સ્વીકારતા હશે ? સ્વીકારવાની વાતો તો દૂર રહી પણ ભગવાન આપણી સેવાની સામુંયે નહીં જુએ. સુખ છેસંપમાં અને જો સત્સંગ કરીને વેર-ઝેર દૂર ન થાય તો એમાં સત્સંગમાં કાંઈ ઉણપ નથી, પણ આપણે સત્સંગને હૃદયમાં ઉતારી શક્યા નથી. આપણે સત્સંગનો મહિમા જાણતા નથી. માટે આ કથા દરેક સત્સંગીઓએ પોતાના હૃદયમાં ઉતારવા જેવી છે. એ બુધ્ધ અને મદારી બંને ભાઈ તો મુક્ત હતા, પણ આ વાત આપણા માટેની છે. સત્સંગ કરીને વેર ઝેરીલા સ્વભાવો કાઢીને જો મહારાજની સેવા કરીશું તો મહારાજ રાજી થશે અને આ સત્સંગ કર્યાની પણ ત્યારેજ સાર્થકતા ગણાશે એ જ દરેક હરિભક્તોએ સાર લેવાનો છે. ભલે, જયશ્રીસ્વામિનારાયણ. એવી રીતે ૧૦૨જો પરચો થયો

---

### પ્રકરણ : ૧૫૫, પરચો ૧૦૩ ત્રીજો

## લુકી લુહારને મહારાજે પરચો દીધો

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ જ ઘુવા ગામમાં ભગવાન શ્રીહરિમાં અતિ હેતવાળા ભક્તજનો ઘમા રહે છે. તેમાં પણ એક લુહાર ભક્ત લુકી નામે હતા. તેની ભગવાન શ્રીહરિએ સહાય કરી તે પરચાની વાત કહું છું તેને સર્વે સાંભળો. એ ઘુવા ગામમાં એક લુકી એવો નામે લુહાર ભક્ત હતો. તે હંમેશાં પોતાના ધર્મ નિયમમાં રહીને પ્રેમે સહિત ભગવાનની ભક્તિ કરતો હતો. તેના

દેહનો અંતકાળ સમય પ્રાપ્ત થયો ત્યારે તેને તેડવા માટે અનંત સંતો અને પાર્ષદોને સાથે લઈને શ્રીજી મહારાજ આવ્યા અને પોતાના ભક્ત લુકીને દર્શન દીધાં. ત્યારે તે ગામમાં રહેલા સત્સંગી અને કુસંગી બાઈ-ભાઈ સર્વેને દર્શન થયાં. ત્યારે સર્વેજનો કહેવા લાગ્યા જે, આ તો ભગવાને આપણને દયા કરીને પોતાનાં અલૌકિક દર્શન દીધાં. આ તો પ્રત્યક્ષ પ્રમાણ એવા ભગવાનનાં દર્શન થયાં. આ સ્વપ્નાની વાત નથી એમ જાણીને સર્વે મહારાજને પગે લાગ્યા અને લુકી ભક્તે પણ ઊઠીને મહારાજને દંડવત્ પ્રણામ કર્યા અને મહારાજને જોઈને અતિ આનંદિત થયો અને મહારાજને બે હાથ જોડીને કહે જે, હે મહારાજ, આજે તમે દયા કરીને આપનાં દર્શન દઈને મને કૃતાર્થ કીધો. ત્યારે મહારાજ કહે જે, અમે તો આજે તમોને તેડવા માટે આવ્યા છીએ. કારણ કે તમારા દેહની આયુષ્ય પૂરી થઈ છે, માટે તમો થાઓ તૌર અને વાર લગાડશો માં, કરો ઉતાવળ. ત્યારે ભક્ત કહે જે, બહું સારું મહારાજ. હું તો તૈયાર જ છું. એમ કહીને તત્કાળ પોતાના દેહનો ત્યાગ કરીને દિવ્ય દેહે ચાલ્યો મહારાજની સાથે, ત્યારે તેનાં સર્વેને દર્શન થયાં. તે સમયે સર્વે કહેવા લાગ્યા જે, આ તો મોટો પરચો કહેવાય. આ ગામમાં ઘણાય માણસો મરે છે, પણ ભગવાન તેડવા આવે એવું તો કોઈ કાળે નથી દીઠું. માટે આ લુકી ભક્તનાં તો મોટાં અહોભાગ્ય કહેવાય કે તેને પ્રત્યક્ષ ભગવાન અનંત સંતો અને પાર્ષદોની સાથે સર્વેને દેખતાં પોતાના ધામમાં તેડી ગયા. આવા પરચા તો આ સત્સંગમાં છે. તે સિવાય બીજે આવી અલૌકિક વાતો ન હયો. બીજે તો જ્યારે કોઈ મરે ત્યારે તેને જમ લેવા માટે આવે. તેને મારતા મારતા જમપુરીમાં લઈ જાય, પણ સાક્ષાત્ ભગવાન તેડવા આવે એવું તો કયાંય દીઠુંયે નથી અને સાંભળ્યું પણ નથી. માટે આ તો અતિ મોટો પરચો કહેવાય. એવી રીતે ૧૦૩જો પરચો થયો.

---

### પરચો ૧૦૪ ચોથો

## પ્રાણનાથ લુહારને મહારાજે પરચો દીધો

વળી તે જ ઘુવા ગામમાં પ્રાણનાથ એવે નામે એક લુહાર ભક્ત હતો. તે હંમેશા શિક્ષા પત્રીમાં કહેલી મહારાજની આજ્ઞાનું પાલન કરે અને અતિ પ્રેમપૂર્વક ભગવાનની પટ મૂર્તિની પૂજા કરે. એક વખતે ભગવાન તેને ઘેર પધાર્યા અને



પ્રાણનાથને પોતાનાં દર્શન દીધાં ત્યારે પ્રાણનાથે ઊઠીને મહારાજને દંડવત્ પ્રણામ કર્યા અને બે હાથ જોડીને મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા ત્યારે મહારાજ કહે જે, હે ભક્ત હું તારા ઉપર અતિ પ્રસન્ન થયો છું માટે તુને જે ઇચ્છા હોય તે માંગી લે. ત્યારે પ્રાણનાથ કહે જે, હે મહારાજ, મને આપનાં ચરણાર્વિન્દ પૂજવા માટે આપો. ત્યારે મહારાજે સુંદર વસ્ત્ર ઉપર કંકુના ચરણાર્વિન્દ પાડી આપ્યાં. વળી બીજા પણ કેટલાક હરિભક્તોને દર્શન દીધાં. ત્યારે સર્વે ભક્તજનો અતિશય પ્રસન્ન થઈને કહેવા લાગ્યા જે, આ તો ભગવાને મોટો પરચો દીધો કે, આપણ સર્વેને ભગવાનનાં દર્શન થયાં. વળી ભગવાને રાજી થઈને પ્રાણનાથને પોતાનાં પગલાં પાડી આપ્યાં તેનાં પણ સહુને દર્શન થયાં.

*આ તો વાત અતિશય મોટી । હશે પાપી તે પરઠશે ખોટી ॥*

નિષ્કુળાનંદ સ્વામી કહે છે, જે આ તો અતિ મોટી આશ્ચર્યકારક વાત કહેવાય, પણ જે પાપી જીવ હશે તેને આ વાત નહીં મનાય અને તે તો આ વાતને ખોટી કહેશે, પણ જે ભગવાનના ભક્ત હશે તેને જ આ વાત મનાશે.

*હવે પ્રાણનાથના બાપની વાત કહે છે.*

વળી તે પ્રાણનાથનો બાપ કેશર એવે નામે હતો. તે કુસંગી હતો અને તે કબીર પંથમાં હતો જેથી તેને ભગવાનમાં જરા પણ પ્રીતિ હતી નહીં. પોતાનો દીકરો ભગવાનની ભક્તિ કરે તેમાં પણ વારે વારે અવરોધ કરે અને સુખેથી ભજન ભક્તિ કરવા દેતો નહીં. એમ કરતાં તેના દેહનો અંતકાળ આવ્યો ત્યારે તેને લેવા માટે અતિ ભયાનક વિકરાળ દેહવાળા જમદૂતો આવ્યા અને તેને મારી-કુટીને દેહથી બહાર કાઢ્યો, પણ તે અતિ વિષયાલિભાષી હતો, જેથી તે જમના હાથમાંથી છોડાવી ગયો, જેથી તે ભૂત થયો અને પોતાને ઘેર જઈને પોતાની જ સ્ત્રીના દેહમાં પ્રવેશ કરીને હો.. હો.. કાર કરવા લાગ્યો અને બોલવા લાગ્યો જે, અરે ભાઈઓ સાંભળો, જે સ્વામિનારાયણ ભગવાન સાચા છે તેના સાધુ પણ સાચા છે અને તેના સત્સંગી પણ સાચા છે. તે સિવાય તો બીજા બધા ખોટા છે અને જો જીવાત્માનું કલ્યાણ કરવું હોય તો એક સ્વામિનારાયણ ભગવાનનો જ આશ્રય કરજો. હું તો એમ માનતો હતો કે આપણો કબીર મત સાચો છે અને એ મતમાં જ જીવોનું કલ્યાણ તશે, પણ એ મારી સમજણ ખોટી પડી. કારણ કે

કબીર મતમાં આગળમાં મરી ગયેલા મોટા મોટા મહંતો, ગુરુઓ સર્વે તીર્થ, વ્રત, ભગવાનના અવતારો, ભગવાનના ભક્તોનું ખંડન કરતા હતા અને પોતાના શિષ્યોને પણ એવી જ રીતનો અવળો ઉપદેશ કરીને અવળે માર્ગે ચડાવ્યા. જેથી એ સર્વે ભૂતપ્રેતની યોનીને પામીને અતિ નિંદિત યોનીમાં રખડે છે. માટે મારું વચન માનતા હો તો કબીરિયા કોઈ મ થાજો. જો પોતાના જીવનું કલ્યાણ ઈચ્છતા હો તો ભગવાનનો એક જ આશ્રય કરીને ભગવાનનું ભજન કરજો અને પ્રાણનાથની વાતો સાંભળજો અને એ જેમ કહે તેમ કરજો અને એ પ્રાણનાથ અતિ પવિત્ર છે અને અતિ પુન્યવાન છે. જેથી હું પણ થયો સનાથ અને એ પ્રાણનાથના યોગે કરી હું પણ જમના હાથમાંથી છૂટીને ભૂત થયો અને હવે હું ભૂતની યોનિમાંથી છૂટને ભગવાનના ધામમાં જાઉં છું. એમ કહીને ઊંચેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતો બોલતો પોતાની સ્ત્રીના દેહમાંથી નિસરી ગયો. સ્વામી કહે છે કે, જુઓ ભક્તો ! આ કેવી અલૌકિક વાત છે ? માટે એક ભગવાન સ્વામિનારાયણ જ સાચા કલ્યાણના કરનારા છે, પણ તે વિના તો બધા ખોટા છે. જુઓ કબીરિયો ભૂત થઈને પોતાની સ્ત્રીમાં રહીને બોલ્યો જે, એક સ્વામિનારાયણ સિવાય બીજા બધા તો કપટી અને કુકર્મી છે અને તે સર્વે મરીને જમપુરીમાં જઈને અનંત પ્રારનો જમનો માર ખાશે અને પછી ભૂત પ્રેતાદિકની નિંદિત યોનિમાં અનંત કાળ સુધી રખડશે અને દુઃખ ભોગવશે. માટે,

*સાચા કહ્યા સહજાનંદ સ્વામી । બીજા કહ્યા તે કપટી કામી ।।*
*માટે એથી વાત મોટી કઈ । થયો પરચો સાચો ફેર નહીં ।।*

એવી રીતે ૧૦૪થો પરચો થયો.

---

### પરચો ૧૦૫મો

## ઘુવા ગામમાં ભક્તોની સાથે શ્રીહરિ રાસ રમ્યા

નિષ્કુળાનંદ સ્વામી કહે છે જે, વળી એ જ ઘુવા ગામમાં રહેલા ભક્તજનો હંમેશાં ભગવાનનું ભજન-કીર્તન કરે અને સાથો સાથ વાર્ષિક એકાદશી આદિક વ્રતો કરે અને જન્માષ્ટમી, રામનવમી આદિક ઉત્સવો આવે તેને પણ સર્વે ભેળા મળીને કથા, વાર્તા, કીર્તન આદિક કરીને તે સર્વ ઉત્સવો ઉજવે. એમ કરતાં



જ્યારે હોળી આવે તે દિવસે બીજા મનુષ્યો ભેળા મળીને એકબીજાા ઉપર્ય ધૂડ્ય ઊડાડે, ગાળો આપે અને એ દિવસે જેને ઘણી ગાળો દેતાં આવડેતે હુંશિયાર અને ડાયો કહેવાય અને એના સહુ વખાણ કરે. ત્યારે ભગવાનના આશ્રિત સત્સંગોએ વિચાર કર્યો જે, આ તો જેમ તેમ એલફેલ બોલવું એ બરોબર નહીં. માટે આપણે તો મંદિરમાં ભેળા મળીને કથા, વાર્તા કીર્તિન કરવાં. એમ કરતાં જ્યારે હુતાસણીનો દિવસ આવ્યો ત્યારે સર્વે સત્સંગીઓ ભેળા મળીને મંદિરમાં રંગ, ગુલાલ પરસ્પર ઊડાડે અને મોઢેથી બધા સ્વામિનારાયણ ધૂન્ય બોલે. એમ કરતાં સર્વે સત્સંગીઓ રાસોત્સવ કરવા લાગ્યા ત્યારે તેના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન તે સર્વેને દર્શન દઈને તે સર્વેની સાથે રાસ રમવા લાગ્યા. સર્વેના ભેળી તાળી પાડે અને ધૂન્ય ભેળી ધૂન્ય બોલવા માંડ્યા,

*રમે દાસ સાથે રંગ ભિનો । કરે ઉત્સવ હુતાસનીનો ।।*
*પ્રભુ પોતે પ્રગટ પ્રમાણ । રમે જનને સંગે સુજાણ ।।*

સ્વામી કહે છે કે, આવી રીતે જ્યારે શ્રીજી મહારાજ સર્વેની સાથે રાસ રમવા લાગ્યા ત્યારે સર્વેને દર્શન થયાં. તે સમયે તે મંદિરમાં કેટલાક કુસંગીઓ આવેલા તેને પણ દર્શન થયાં. ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા જે, અત્યારે તો મહારાજ કચ્છ દેશમાં વિચરે છે અને આ તો આવો ભક્તિભાવ જોઈને મહારાજે દિવ્ય રૂપે આવીને આપણ સર્વેને પોતાનાં અલૌકિક દર્શન આપ્યાં છે. માટે જેને દર્શન કરવાં હોય તો દર્શન કરો, એમ પરસ્પર વાતો કરે છે. તેવામાં મહારાજ અદશ્ય થઈ ગયા. ત્યારે તે સર્વે કહેવા લાગ્યા જે, મહારાજે મારી સાથે તાળી દીધી, તો કોઈ કહે જે, મહારાજ મારી સાથે રમતા હતા અને મને મહારાજને મળવાની ઈચ્છા હતી ત્યાં તો મહારાજ અચાનક અદશ્ય થઈ ગયા. ત્યારે એક ભક્ત કહે જે, સર્વે હરિભક્તો સાંભળો, જે આપણ સર્વેને મહારાજનાં દર્શન થયાં એ આપણાં મોટાં ધન્ય ભાગ્ય કહેવાય. માટે હવે ચિંતા મ કરો અને જેવા મહારાજને દીઠા તેવા ને તેવા પોતાના અંતરમાં ધારીને ભગવાનનું ભજન કરવું અને આ તો ભગવાને આપણ સર્વેને અલૌકિક પરચો દીધો છે એ આપણાં મોટા ધન્ય ભાગ્ય કહેવાય સ્વામી કહે છે જે,

*એહ રીતે અપરમપાર । થાય પરચા હજારો હજાર ।।*

વળી ક્યારેક મહારાજ કોઈક પ્રેમી ભક્તને ઘેર આવીને થાળ જમે, કોઈકને પોતાના કંઠમાંથી ઉતારીને પુષ્પનો હાર આપે, કોઈક ભક્ત અતિ પ્રેમગ્ન થઈને ભજન, કીર્તન, ધુન્ય કરતા હોય, તો તેની સાથે મહારાજ આવીને તેની સાથે તાળી પાડીને કીર્તન, ધુન્ય કરવા માંડે, તેનાં તે, ભક્તને તો દર્શન થાય, પરંતુ બીજા સત્સંગી, કુસંગીને પણ દર્શન થાય. વળી પોતાના ભક્તનો જ્યારે અંતકાળનો વખત આવે ત્યારે તો મહારાજ અવશ્ય તેડવા માટે આવે અને પોતાના ભક્તને પોતાના ધામમાં તેડી જાય ત્યારે સર્વ ગામના મનુષ્યોને દર્શન થાય. માટે જો કોઈ,

*જે કોઈ સ્વામિનારાયણ કેય । તેને માથે નથી કેનો ભેય ॥*
*માટે રહો નિર્ભય નિશંક । મળ્યે મહારાજ ન રહેવું રંક ॥*
*જેને પાસે હોય ચિંતામણી । કેમ દુઃખી રહે તેહ ધણી ॥*

સ્વામી કહે છે કે જેની પાસે ચિંતામણી હોય તેને ક્યારેય કંગાલપણું ન રહે અને જો ચિંતામણી મળી અને પોતાને કંગાલ માને તો તેના ચિંતવ્યામાં ફેર છે. તેમ જેને પ્રત્યક્ષ મહારાજ મલ્યા એને કોઈ જાતની ખામી રહે નહીં અને મહારાજ મળ્યા અને જો કોઈ પોતાને દુઃખી માને તો તેને ભગવાન જેવા છે તેવા ઓળખાણા નથી,

*હરિ કલ્પવૃક્ષ સમ કાવે । નિશ્ચે નિષ્કુળાનંદ એમ ગાવે ।*

સ્વામી કહે છે કે, આવા પરચા તો અપરંપાર છે. તે સર્વે પરચાને કહેવાની તો મારી પણ સામર્થી નથી. એવી રીતે ૧૦૫મો પરચો થયો.

---

## પરચો ૧૦૬ઠો

## શ્રીજી મહારાજે જીભાઈની રક્ષા કરી

નિષ્કુળદાનંદ સ્વામી કહે છે કે, હવે એક બીજી પરચાની વાત કહું છું તેને સર્વે સાંભળો. ભાલ દેશની સમીપે ખંભાત પાસે ગુડેલ એવા નામે એક ગામ છે. તેમાં જીભાઈ એવા નામે એક ક્ષત્રિય ભક્ત રહેતા હતા. આ ગુડેલ ગામમાં એક વખતે રાતે ચોરલોકોએ ધાડ પાડી, એટલે ચોરલોકોએ ગામમાં લૂંટફાટ કરી,



ત્યારે ગામના સર્વે લોકો ભેળા થઈને તેને સામે સામનો કર્યો. બધાય ચોરોને મારીને કાઢી મૂકયા. તેમાં કેટલાકનાં મોત થયાં અને કેટલાક ઘાયલ થયા. તેમાં એક ઘાયલ થયેલો ચોર સંતાઈ ગયેલો. એણે સંતાઈને હથિયારના પ્રહાર કર્યો. એમાં જીભાઈ ઝપટમાં આવી ગયા. માથામાં વાગ્યું. ખબર પડી એટલે સંતાઈ ગયેલા ચોરને પણ પાર પાડી દીધો. બધા ઘેર આવ્યા. જીભાઈને વિચાર થયો કે કાંઈ વાંધો નથી. ગામના મનુષ્યોની રક્ષા કરી છે અને બીજી બાજું વિચારીએ તો ગામમાં ભગવાનના ભક્તો ઘણા છે, એમની પણ સેવા થઈ છે. મને માથામાં વાગ્યું એની કોઈ ચિંતા નથી. મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની ઈચ્છા હશે તેમ થાશે. જો એને મને બચાવવો હશે તો આ દેહની રક્ષા કરશે અને એમની ધામમાં લઈ જવાની ઈચ્છા હશે તો ધામમાં લઈ જશે. એમ કરતાં દસેક દિવસ વિત્યા, તેવામાં સ્વામિનારાયણ ભગવાને પોતાનાં દર્શન દીધાં ત્યારે જીભાઈએ મહારાજની પ્રાર્થના કરી જે, મહારાજ, આપે બહુ કૃપા કરીને મારી સંભાળ લેવા માટે પધાર્યા. ત્યારે મહારાજ કહે જે, હે જીભાઈ, તમોને કોઈ જાતની ઈચ્ચા હોય તો કહો. અમે તમારી ઈચ્છા પૂરી કરવાનું અગાઉથી જ જાણ કરવા અને તમને દર્શન દેવા આવ્યા છીએ. કારણકે આજથી ત્રીજે દિવસે તમારા દેહની આયુષ્ય પૂરી થશે. માટે આજથી ત્રીજે દિવસે તમોને તેડવા માટે આવીશું, માટે તમો તૈયાર રહેજો. આ વાત સાંભળીને જીભાઈને અતિ આનંદ થયો અને કહેવા લાગ્યા જે, હે મહારાજ, મારાં ધન્ય ભાગ્ય અને ધન્ય ઘડી. વાલા ભક્તો, આપણને કદાચને ભગવાન સ્વપ્નમાં આવીને કહી જાય અથવા કોઈ સંત કહી જાય તો આપણું હૈયું કેવું રહે ? દેહ પડવાની વાત સંભળાય ત્યારે જીવ માત્રને ગભરામણનો પાર રહે નહીં અને અતિ દુઃખી દુઃખી થઈ જાય. જીભાઈને તો અતિ આનંદ થયો કે, મહારાજ મને તેડવા માટે આજથી ત્રીજે દિવસે પધારશે. બધા હરિભક્તોને અને સર્વે સંબંધીજનોને કહી દીધું જે, આજથી ત્રીજે દિવસે હું અક્ષરધામમાં જઈશ. તે વાત સાંભળીને બધા હરિભક્તો ભેળા થયા અને સર્વે ભજન-કીર્તન કરવા લાગ્યા. એમ કરતાં ત્રીજો દિવસ આવી ગયો અને મહારાજ પણ કેટલાક સંતોને સાથે લઈને આવી ગયા. સરવ્જેનોને દર્શન આપીને જીભાઈના દેહનો ત્યાગ કરાવી ગાજતે વાજતે પોતાના ધામમાં તેડી ગયા તેનાં સર્વે જનોને દર્શન થયાં. એવી રીતે ૧૦૬ઠો પરચો થયો

---

### પરચો ૧૦૭મો

## કાશીદાસભાઈના નશ્ચિયની વાત

શ્રી સ્વામિનારાયણ ભગવાન આશ્રિત પાકા હરિભક્તો બોચાસણ ગામના વતની મુક્તરાજ કાશીદાસભાઈ અને તેના પિતા કાનદાસભાઈ વચ્ચે ભગવાનના નિશ્ચિયની બાબતમાં થોડી થોડી ગરબડ ચાલ્યા કરતી. કાશીદાસભાઈ હંમેશાં કહ્યા કરે જે, બાપુજી, તમે શ્રીજી મહારાજને કેવા જાણો છો ? ત્યારે કાનદાસ પટેલ કહે જે,

*ત્યારે કાનદાસે એમ કહ્યું । શુકજી સરીખા એવું મેં લહ્યું ॥*

કાનદાસ કહે જે, સ્વામિનારાયણ તો શુકદેવજી, સનકાદિક, નારદજી આદિક જેવા કહેવાય. ત્યારે કાશીદાસ કહે જે, બાપુજી, તમો હજુ સમજ્યા નથી. હજુ તમોને નિશ્ચિયમાં ઘણી ન્યૂનતા છે. શ્રી સ્વામિનારાયણ તો સાક્ષાત્ સર્વોપરી ભગવાન છે, એ પરમાત્મા છે, અક્ષરધામના અધિપતિ છે અને સદાય પ્રગટ પ્રમાણ છે. ત્યારે કાનદાસભાઈને એમ જે, હવે દીકરા સાથે હંમેશાં વાદવિવાદ કોણ કરે. એટલે કહી દે કે, તું કહે છે, તેમ હશે, પણ મનમાં નિશ્ચય થયો નહીં. એક વખત કાશીદાસભાઈ પોતાની વાડીમાં આવ્યા ત્યાં વાડીને સેઢે પાસે જ અનંત સિદ્ધો અને મહર્ષિઓનાં દર્શન થયાં. એમાં શુકદેવજી, નારદજી હતા. સનકાદિકો હતા, વાલ્મીકિ, ઋષિ હતા, વળી અઠ્યાસી હજાર મહર્ષિઓ પણ હતા. તેને જોઈને કાશીદાસજીને સર્વેને બે હાથ જોડી, પગે લાગીને પૂછ્યું જે, આ તમો સર્વે કોણ છો ? ત્યારે તેઓએ કહ્યું જે, અમો તો સર્વે અઠ્યાસી હજાર ઋષિઓ છીએ. ત્યારે કાશીદાસજી કહે જે, તમો સર્વે અહીં શા માટે આવ્યા છો ? ત્યારે તે ઋષિઓ કહે જે, અત્યારે આ ધરતી ઉપર પ્રગટ પ્રમાણ સર્વાવતારી ભગવાન પુરુષોત્તમ નારાયણ વિચરે છે. એમનાં દર્શન કરવા અમે આવ્યા હતા. વળી અમોને ણ વિચાર થયો જે, આ વાડી અતિ પવિત્ર છે. કારણ કે આ વાડીમાં સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પવિત્ર પગલાં પડ્યાં છે. વળી આ વાડીમાં ખેતી કરનાર કાશીદાસભાઈ મહામુક્ત છે. એટલે આ વાડીનાં દર્શન કરવા માટે આવ્યા છીએ. આવી રીતની ઋષિ, મહર્ષિઓની વાત સાંભળીને કાનદાસભાઈનાં જ્ઞાનચક્ષુ તરત જ ઉઘડી ગયાં અને જાણ્યું જે, મારો દીકરો



કાશીદાસ મને વારે વારે કહે છે એ વાત સાચી છે. સ્વામિનારાયણ સર્વોપરી, સર્વ અવતારના અવતારી ભગવાન છે.

*જોઈ આશ્ચર્ય અંતરે પામ્યો । સંશય સર્વે મનમાં વામ્યો ॥*

મનની સર્વે શંકાઓ દૂર થઈ ગઈ અને દીકરાના પગમાં પડીને બે હાથ જોડીને કહ્યું જે, જો તું મને ન મલ્યો હોત ? તો મારા મોક્ષમાં મોટી ખામી રહી જાત. તેં મારી ભૂલ સુધારી, માટે ધન્ય છે પુત્ર તુને. સ્વામી કહે છે જે, આ જીવને સંત સમાગમ વિના વાત સમજાય નહીં અને ભગવાનનો મહિમા પણ જેવો છે તેવો સમજાય નહીં. માટે હંમેશાં સાચા સંતનો સમાગમ કરવો અને એવા સંતના વચનમાં વિશ્વાસ રાખવો, જેથી પોતાની સમજણમાં કાંઈ ભૂલ રહેતી હોય તે ટળી જાય અને ભગવાનનું ભજન કર્યામાં સુખ આવે, એ જ આ વાતનો સાર છે. એવી રીતે ૧૦૭મો પરચો થયો.

---

### પરચો ૧૦૮મો

## ભગવાનનો પ્રતાપ અલૌકિક છે ?

સ્વામી કહે છે જે, એ ચડોતર દેશમાં વડતાલથી થોડે દૂર એક મેઘવા નામે ગામ છે અને કહેવત પણ છે કે ગામ હોય ત્યાં બધાય હોય. તેમાં કેટલાક ભગવાનના ભક્ત હોય અને કેટલાક મુમુક્ષુ હોય અને કેટલાક તો પાપી, વ્યસની, વિકારી માણસો પણ હોય અને કેટલાક તો એવા પણ હોય જો કોઈક ભગવાનની ભક્તિ કરતા હોય તો તેને જોઈને નિંદા, મશ્કરી કરીને પોતાને સુખી માનતા હોય, પણ રાજી થાયે વા તો બહુ થોડા હોય, જે, આપણાથી તો ભજન-ભક્તિ નથી થતી, પણ એ સત્સંગીઓ કરે છે એ ઘણું સારું કરે છે, આવો ગુણ લેવાવાળા ઓછા હોય. એ જ ગામમાં બે પટેલો હતા. એકનું નામ નરોત્તમદાસ અને બીજાનું નામ હતું નાગરદાસ. એ બંને જણા અતિ ઉદ્ધત હતા. એની પાસે કંઈક પૈસા પણ હશે. તેણે કરીને વધારે ઉદ્ધતાઈ હતી. પોતાને સર્વેથી શ્રેષ્ઠ માનતા હોય, સર્વેથી મોટા માનતા હોય, પણ એ મોટપાઇ નથી પણ એ મોટપાઇ એક દિવસે નીચે ફગાડનારી થાય છે અને અધોગતિને પમાડનારી થાય છે. જેમ આપણે એક

વરંડાની અંદર બેઠા હોઈએ અને વરંડાની બહાર રસ્તામાં ઊંટ ચાલ્યું જતું હોય, તે સર્વેથી ઊંચું દેખાય, પણ બકરી ચાલી જતી હોય તે દેખાય નહીં. પછી એ ઊંટને રસ્તામાં ચાલતાં ચાલતાં મોટો ઉકરડો આવે અને ઊંચ ચડે ઉકરડા ઉપર એટલે એ ડબલ ઊંચું દેખાય. તેમ એક ઉદ્ધત સ્વભાવ અને વલીપૈસાનો મદ એટલે ઉદ્ધતાઈની વાત શું કહીએ ? પણ આવી ઉદ્ધતાઇ કરાવાવાળાનું બહું ભૂંડું થાય અને અતિ દુઃખ આવી જાય એનું કાંઇ નક્કી નથી. એ બે જણા ભક્તિ ભજન કરે એનો વાંધો નહીં પણ ભગવાનના ભક્તોની, સંતોની નિંદા કરે એ બરોબર નહીં. તે હાલતાં ચાલતાં સ્વામિનારાયણના આશ્રિતોની નિંદા કર્યા કરે અને તે બંને જણા કોઇ હરિભક્તોને દેખે એટલે નિંદા મશ્કરી શરૂ કરી દીએ,

*ધન જોબનને બળે કરી । પગ ન ભરે પ્રભુથી ડરી ॥*
*કરે ભક્તની નિંદા અમટ । તે પાપે વળગ્યા ભૂત ષટ્ ॥*

તેમાં બે ભોઈ, બે ભંગિયા, એક ખત્રી અને એક મુસલમાન, આ છો ભૂતો નરોત્તમને વળગ્યાં. તે ભૂતો શરીરમાં અતિ દુઃખ આપે. તે જ્યારે બે ભોઈને શરીરમાં પ્રવેશ થાય ત્યારે કેટલો બધો ભાર ઉપાડી જાય અને જ્યારે મુસલમાન અંગમાં પ્રવેશે ત્યારે કાંઇનું કાંઇ ખાવા માંગે, ન ખાવાનું મદ્ય, માંસ, વિષ્ટા વગેરે અભક્ષ્ય માંગે અને જ્યારે બે ભંગિયાનો પ્રવેશ હોય ત્યારે પણ ખાવા માટે કાંઇને કાંઇ અખાજ માંગે અને જ્યારે શરીરમાં ખત્રીનો પ્રવેશ હોય ત્યારે હોયેશ હોયેશ કરે. જ્યારે જ્યારે જે ભૂતનો પ્રવેશ હોય ત્યારે સહુ તેવા તેવા રંગ કરે. એ છોયે ભૂતો મૂવા લગી એનો છેડો ન મૂકે અને નાગરદાસને એક જેના ધડ ઉપર માથું નથી એવો ખવીશ વળગ્યો ત્યારે તેવી જ ચેષ્ટાઓ કરે,

*કોઈ મુઝવે કોઈ રોવારે, કોઇ જગાડે કોઇ સુવારે ।*
*કોઇ ધુણવે ધ્રૂજવે વળી, એમ દીયે દુઃખ ભૂત મળી ॥*

કોઇ ભૂત ।વીને સુવારી દે, એમ કહે જે, મારે સૂઈ જવું છે. એ કહીને ગોદડું ઓઢીને સૂઈ જાય. બીજો આમતેમ દોડાદોડ કરે, ઘરના માણસો પકડીને બેસાડે તો ઊંચે સાદે માંડે રોવા. કોઈ ભૂત હસવા માંડે તો કોઈ ખાવા માંડે ત્યારે લગભગ બે ટોપલા જેટલું ખાઇ જાય. એ વખતે કોઈને ભૂત વળગે તો તેને કાઢવાનો કોઈ ઉપાય નહીં. એને કોઇ દવા કામ ન લાગે. ડોકટર-વૈદ્યનું કામ



નહીં. એટલે પછી કંટાળીને ભૂઆ જાગરિયા પાસે જાય,

*તે કાઢવા ઉપાય બહુ કરીયા । કર્યા ભેળા ભૂવા ને જાગરિઆ ॥*
*ધૂણી ધૂણી ધન ગયા ખાઈ । તોય ફેર ડ્યો નહીં કાંઈ ॥*

વળી એ નરોત્તમ અને નાગરદાસ એ બંનેનો એક મિત્ર હતો. તે પણ તેની સાથે સત્સંગીઓની નિંદા કર્યા કરે. તેને એક ભૂત થયેલો કોળી વળગેલો. એમ આ ત્રણે જણાના સગાં-સંબંધી હેરાન હેરાન થઇ ગયાં. ઘરમાં પૈસા બધા ખૂટી ગયા ત્યારે સત્સંગીઓએ કહ્યું જે, અમારું જો માનતા હો તો અમે તમો સર્વેને સાચી સલાહ આપીએ છીએ અને એ ઉપાય કરવાથી સર્વે ભૂતો બળીને ભાગી જશે. નહીં તો એ ભૂતો એ ત્રણને ઉપાડી જશે, પણ પાછા એ ભૂતો તમોને પણ કદાચ વળગે એનુંયે કાંઈ નક્કી ન કહેવાય. માટે અમે ઉપાય તમોને બતાવીએ અને એ ઉપાય સારામાં સારો છે. જો તમોને મનાય તો કહીએ. ત્યારે એ ભૂતોથી અતિ કંટાળેલા ત્રણે જણાના સંબંધીજનો બે હાથ જોડીને કહેવા લાગ્યા કે, હે ભક્તો, અમો સર્વે હેરાન હેરાન થઇ ગયા છીએ. માટે તમો અમારા ઉપર દયા કરીને ઉપાય કહો. તમે જેમ કહેશો તેમ કરીશું. કારણ કે અમે તો બહુદુઃખી થઇ ગયા છીએ. ત્યારે ભક્તજનો કહેવા લાગ્યા જે, જુઓ અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અત્યારે વડતાલ પધાર્યા છે. તમો જો અમારી વાતમ ।નો તો આ ત્રણે જણાને લઈને વડતાલ જાઓ. સ્વામી કહે છે જે, સત્સંગી ભક્તોએ કેવો સરસ માર્ગ દેખાડ્યો. સાચા સત્સંગીના હૃદયમાં દયાભાવ હોય છે કે ગમે તેવો કુપાત્ર જીવ હોય તેનું પણ કલ્યાણ થાય. નહીં તો આપણે તો કોઇ સત્સંગની, સંતની અને ભગવાનની નિંદા કરતા હોય એને જ્યારે કાંઇ કષ્ટ આવે ત્યારે કહી જ દઈએ જે, એ જ લાગનો છે. ભલે દુઃખ ભોગવે, એ જ લાગનો છે અને કર્યા ભોગવે છે. આમ એને સંભળાવી જ દઈએ. પણ એ રીત સત્સંગીની નથી. ગમે તેવો હોય તેનું પણ હિત થાય એવો ઉપાય બતાવે તે જ સાચો સત્સંગી કહેવાય. આ હરિભક્તોએ તો સાચા ઉપાય બતાવ્યો કે તમારે આ લોકમાં ને પરલોકમાં સુખી થવું હોય, અને બંને ભવ સુધારવા હોય તો અમારા ભગવાન પાસે આ ત્રણે જણાને લઈ જાઓ. સ્વામિનારાયણ ભગવાનને પગે લગાડો. તમારે કાંઇયે કરવું નહીં પડે. સ્વામિનારાયણ ભગવાનના ચરણાર્વિન્દમાં નમસ્કાર કરાવો. બધુંયે

દુઃખ મટી જશે. સ્વામી કહે છે કે, સત્સંગીઓની સલાહ પ્રમાણે એ ત્રણને પકડીને લઈ ગયા વડતાલ. આ ભૂત વડતાલ જવા માટે રાજી નહોતા. જ્યાં સુધી કોઈ જીવ મંદિરમાં ન આવે, દર્શન કરવા ન આવે તો સમજવું કે હજુ એને વિશે ભૂતો રહેલા છે, જેથી એને આ દિવ્ય સત્સંગમાં આવવા દેતા નથી. આ ત્રણે જણાને વડતાલ લઈ આવ્યા. સ્વામિનારાયણ ભગવાન વડતાલ મંદિરના વિશાળ ચોકમાં સભા ભરીને વિરાજમાન હતા. શ્રીહરિને સમીપે સંતોની સભા હતી. સન્મુખ અસંખ્ય હરિભક્તો બેઠા હતા. એ સભાનાં જ્યાં દર્શન થયાં ત્યાં ભૂતો માંડ્યા બળવા. મહારાજની પાસે તો પહોંચ્યાયે નહીં. એ પહેલાં જ મહારાજના પ્રતાપનો અનુભવ થઈ ગયો.

*જોઈ મહારાજનો પરતાપ । થયો ભૂત તેણે તનતાપ ॥*
*ન ખમાણું તે નસીર્યાં ખસી । જે રહ્યાંતાં એ ત્રણેમાં વસી ॥*

સભાના દર્શન થતાં જ ભૂતો નીકળીને ભાગી ગયાં. સ્વામિનારાયણ ભગવાને આવકાર આપ્યો, પોતાને શરણે લીધા અને કંઠી બાંધી. હવે ભૂતની તાકાત નથી. જેના કંઠમાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી હોય, જેના ભાલમાં સ્વામિનારાયણ ભગવાનો ચાંદલો હોય તેના શરીરમાં બૂત-પ્રેતાદિક કોઈ પ્રવેશ કરી શકે જ નહીં. જો કંઠી, તિલક, ચાંદલો પવિત્ર હોય તો. કંઠી, તિલક અને ચાંદલો અપવિત્ર હોય તો ભૂત-પ્રેતાદિક પ્રવેશ કરે. કંઠમાં કંઠી હોય, ભાલમાં તિલક હોય અને મોઢેથી ભાંગ, તમાકુ, દારૂ, બીડી વગેરેનો ઉપયોગ થતો હોય, બાઈઓ હોય અને માસિક ધર્મમાં બરોબર સાવધાની ન હોય તો ભૂત-પ્રેતાદિકનો પ્રવેશ થાય એમાં શંકા જ નથી. માટે આ કંઠીને પવિત્ર રાખશો તો ભૂત-પ્રેતનો પ્રવેશ નહીં થાય. માટે બરાબર સાવધાની રાખજો. સત્સંગી, સંતોની નિંદા કરશો નહીં તો ભૂત-પ્રેતાદિકનો શરીરમાં પ્રવેશ થશે એમાં શંકા નથી.

*પછી ત્રણે સત્સંગી થયા । ધારી નિયમ નિજ ઘેર ગયા ॥*
*તે જોઈ સહુ આશ્ચર્ય પામ્યાં । ધન્ય સ્વામી કહી શિશ નામ્યાં ॥*

પછી તો એ ત્રમે પોતાના સંબંધી સહિત સત્સંગી થઈ ભગવાનને પગે લાગીને પોતાને ઘેર ગયા. એવી રીતે ૧૦૮મો પરચો થયો.

---



## પરચો ૧૦૯મો

# શ્રીજી મહારાજે બ્રહ્મરાક્ષસ કાઢ્યો

વળી એ જ દેશમાં એક મુમધા નામે ગામમાં એક ઈશ્વર નામે બ્રાહ્મણ રહેતો હતો. આ બ્રાહ્મણે ક્યાંક પોતાના પંચ વ્રતમાનમાં ભૂલ કરી હશે, એ કારણથી એને બ્રહ્મરાક્ષસ વળગ્યો. માણસથી કોઈપણ પ્રકારની પોતાના પંચ વર્તમાન સંબંધી નિયમનો લોપ થાય તો જ તેમાં ભૂત-પ્રેતાદિકનો પ્રવેશ થાય, પણ જો પંચ વર્તમાનરૂપી ધર્મમાં બરોબર સાવધાની હોય તો એવા ભક્તોને દૂરથી જ પગે લાગે. આ ઈશ્વરથી એવા કોઈ નિયમમાં ભંગ થયો. એટલે એને બ્રહ્મરાક્ષસ વળગ્યો. ઈશ્વરને હેરાન હેરાન કરી નાખ્યો. તેને કાઢવા માટે નારાયણ કવચ, વિષ્ણુ સહસ્ત્ર નામનો પાઠ કરવા માટે એક ભણેલા પંડિતજીને બેસાડ્યા. એ પંડિતજી શ્લોક બોલે તે ભેળો બ્રહ્મરાક્ષસ પણ સામા શ્લોક બોલે. એ બ્રહ્મરાક્ષસ ભણેલો હતો,

*ભણે શ્લોક ભેળા શ્લોક તેહ । થયો ભૂત તે ભણેલો એહ ॥*
કૌમુદી ન્યાય વ્યાકરણ જાણે । બોલે ગીરવાણ સામે ગીરવાણે ॥

આવી રીતે સામો સંસ્કૃત બોલવા માંડે અને કહે જે, હું કોઈ દહાડો આમાંથી જવાનો નથી, પરંતુ આમાં જ રહેવાનો છું. આ ઈશ્વરના દેહમાં રહેવું મને બહુ ગમે છે. સરસ જમવાનું મળે છે, મકાન મોટું છે, મને કોઈ જાતની તકલીફ નથી. માટે આવા મકાનમાંથી કાઢવાની કોઈની તાકાત નથી કે મને આના શરીરમાંથી કાઢી શકે. માટે તમો સર્વે વિષ્ણુ સહસ્ત્રના પાઠ શા માટે કરો છો. એ પાઠ તો મને પણ મોઢે આવડે છે. એ પાઠથી મને કાંઈ થવાનું નથી અને નારાયણ કવચ તો તમો કહેતા હો તો હું રોજના એકસો પાઠ કરી બતાવું. મને તો એથી પણ ઘણું મોઢે છે. એનાથી મને કંઈ પણ થવાનું નથી. ત્યારે સર્વે વિચાર કરવા લાગ્યા જે, આને હવે શી રીતે કાઢવો. આ ઈશ્વર તો હવે બહુ દુઃખી થઈ ગયો. દુઃખનો કોઈ પાર રહ્યો નહીં. આને શી રીતે બચાવવો ? ત્યારે કોઈક સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોએ કહ્યું કે, તમો આને શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે લઈ જાઓ. ત્યારે સમાચાર પૂછતાં જાણવા મળ્યું જે, શ્રી સ્વામિનારાયણ ભગવાન તો અત્યારે જેતલપુરમાં બિરાજે છે. માણસનો સ્વભાવ છે કે સહેજે, સહેજે

યાત્રા કરવા જાય નહીં, પણ ગરજે સો ગાઉ દૂર હોય તો પણ જાય. મુમધાથી ચાલતાં ચાલતાં જેતલપુર આવ્યા. રસ્તામાં બ્રહ્મરાક્ષસ ધૂણે અને બોલે જે, જેતલપુર તો શું, તમે મને આકાશમાં લઈ જાઓ પણ હું નીકળવાનો નથી. એ સ્વામિનારાયણ પાસે લઈ જાઓ તોય શું ? હું આમાંથી નીકળવાનો જ નથી, મને કોઈનો ડર નથી. તો પણ સર્વેને એમ થયું જે, હવે નીકળ્યા છીએ તો ધક્કા ભેળો ધક્કો પૂરો કરીએ. પણ બ્રહ્મરાક્ષસ બહુ ભૂંડો છે. તે કોણ જાણે શું એ કરશે. એમ વિચાર કરતાં જેતલપુર આવ્યા. ગામથી આથમણી દિશામાં દેવસરોવરના પશ્ચિમ કિનારે વાડીમાં અનેક સંતો હરિભક્તોની દિવ્ય સભામાં દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન શોભી રહેલા હતા. સુંદર અને શાંત વાતાવરણ હતું. ગમે તેવો પાપી જીવ હોય અને એ વાડીમાં પ્રવેશ કરે તો તેની અપવિત્ર બુદ્ધિ પણ પવિત્ર બની જાય એવું દિવ્ય વાતાવરણ હતું. એ વખતે બ્રહ્મરાક્ષસ જેને વળગ્યો છે એવા ઈશ્વર વિપ્રને લઈને તેના સંબંધીજનો એ વાડીમાં પ્રવેશ કર્યો અને એને બંને બાજુથી પકડીને શ્રીજી મહારાજની સમીપે લાવ્યા અને મહારાજની એ ઈશ્વરના સંબંધીજનો પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, અમો દુઃખના માર્યા અહીં આપની પાસે આવ્યા છીએ. આ ઈશ્વરને બ્રહ્મરાક્ષસ વળગેલો છે. માટે અમારી ઉપર કૃપા કરો અને એ બ્રહ્મરાક્ષસને કાઢો અને અમારી રક્ષા કરો. એમ કહીને એ ઈશ્વરને બળાત્કારે પકડીને શ્રીહરિની પાસે બેસાડ્યો. ભગવાને તેના સામે દ્રષ્ટિ કરી એટલે તે રાડ્યો પાડવા માંડ્યો અને બોલે જે હું બળું છું, હું બળું છું. મહારાજ કહે જે, અરે પાપી, તું આ ઈશ્વર બ્રાહ્મણને શા માટે વળગેલો છે અને એને તું દુઃખ શા માટે દે છે ? માટે તું આ ઈશ્વરના શરીરમાંથી નીકળી જા. ત્યારે તે કહે જે, હું નહીં નીકળું.

આવી રીતે ભગવાન સામો બોલ્યો, સ્વામી કહે છે જે આવી રીતે જે ભગવાન કે, મોટા સંત સામું બોલે એને જ કહેવાય ભૂત. કેના સામું બોલાય અને કેના સામું ન બોલાય ાવો જેમાં વિવેક ન હોય તેને કહેવાય જીવતો જાગતો ભૂત. અત્યારે પણ એવા ઘણાંય ભૂતો હોય છે. શ્રીહરિએ કહ્યું જે, આ ઈશ્વરમાંથી ગમે તેમ કરીને પણ નીકળવું પડશે. ત્યારે ભૂતે કહ્યું જે, એમાંથી નીકળીને હું રહું ક્યાં ? શ્રીહરિ કહે જે, એથી કરતાંયે તુને રહેવા માટે સારું ઠેકાણું બતાવું અને એમાં રહેવામાં તુને બહુ મજા આવશે. ત્યારે ભૂત કહે જે, હે મહારાજ, એવું ઠેકાણું



બતાવો, ત્યારે મહારાજ કહે જે, જો આ અમારા સાધુ બેઠા છે, તેમાં આવ તો તુને બધા હરિભક્તો પગે લાગશે, હાર પહેરાવશે, જમાડશે, બહુ મજા પડશે. માટે આવી જા આ સાધુમાં. ત્યારે બ્રહ્મરાક્ષસે સંતસભા સામે જોયું અને બોલ્યો જે, હે મહારાજ, તેના સામું જોતાંય હું બળું છું તો તેમાં મારાથી રહેવાય શી રીતે ? એમાં રહું તો તો બળીને ભસ્મ થઈ જાઉં. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, તું એમ કર્ય, આ હરિભક્તો ઘણા છે, તેમાં આવ અને તેમાં તુને જે સારું ઠેકાણું જણાય તેમાં આનંદથી રહેજે. ત્યારે તે કહે જે, એમાં પણ મારાથી ન રહેવાય. કારણ કે આ સભામાં બેઠેલા સર્વે હરિભક્તોમાં પ્રવેશ કરીને રહેવાની મારી હિંમત ચાલતી નથી. કારણ કે એ સર્વેના મુખમાં અખંડ તમારું સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામનું રટણ છે. એટલે મારાથી એ હરિભક્તોમાં પ્રવેશ કરી શકાશે નહીં. પછી મહારાજે કહ્યું જે, તો પછી તું એ.. સામે સભામાં બાઈઓ બેઠેલાં છે તેમાં તું જા અને સુખેથી તું એ બહેનોમાં રહે. એમાં તુને મજા પડશે. ત્યારે એ બહેનોની સભામાં જાવા અને રહેવાની બ્રહ્મરાક્ષસ હા કહી. ત્યારે મહારાજે તેનું કારણ પૂછ્યું કે, આ સંતોમાં નહીં અને હરિભક્તો ઘણાય છે તેમાં નહીં અને બાઈઓમાં રહેવાની તેં કેમ હિંમત કરી ? આવી રીતે શ્રીજી મહારાજે સર્વેના ુપદેશને માટે પૂછ્યું. ત્યારે તે બ્રહ્મરાક્ષસ કહે જે, હે મહારાજ, એ સર્વે બહેનો સભામાં બેઠા છે તેમાંથી હું તપાસ કરીશ કે જે બહેનમાં સ્નાનની બાબતમાં કે દિશા જઈને હાથ ધોવામાં આદિક બાબતમાં પવિત્રતા ન જળવાતી હોય અથવા માસિકધર્મમાં ગોબરપણું હોય, આવી બહેનોમાં ગોબરતા હોય એમાં પ્રવેશ કરીને રહેવાનું ફાવશે. માટે આપ જો રજા આપતા હો તો એ બહેનોમાં જાઉં. પછી મહારાજે બહેનોને પૂછ્યું કે, હે બાઈઓ, આ બ્રહ્મરાક્ષસ સંતોમાં રહેવા તૈયાર નથી, હરિભક્તોમાં રહેવા તૈયાર નથી, પણ તમારી સભામાં આવવા તૈયાર છે. તમો કહેતા હો તો આજ્ઞા આપીએ. કોઈ બહેન સ્નાન આચાર, આચરણ કે માસિકધર્મ જેવી બાબતમાં ગોબરી રીતે ચલાવી લેતી હશે એમાં આ બ્રહ્મરાક્ષસ રહેવા તૈયાર થયો છે. ત્યારે સર્વે બહેનો તત્કાળ ઊભાં થઈ ગયાં અને કહેવા લાગ્યાં જે, હે મહારાજ, હે જયાળુ, અમારા ઉપર દયા કરીને આ પાપીને અહીં ોકલશો માં. અમારા નિયમધર્મમાં કાંઈક ખામી હશે તો અમે સુધારી લેશું, આચાર-વિચારમાં કાંઈ પણ ગોબરું હશે તો હવેથી સુધારો કરી લેશું અને સ્વચ્છતા અને પવિત્રતા

જાળવીશું. ત્યારે શ્રીજી મહારાજે બ્રહ્મરાક્ષસને કહ્યું જે, તું બહેનોમાં જવા તૈયાર થયો પણ બહેનો તુને આવકારવા તૈયાર નથી અને ચોખ્ખી ના પાડે છે. તો હવે તું શું કરીશ બોલ ? ત્યારે તે કહે જે, હે મહારાજ, તો તો આપ મને આ ઈશ્વરના દેહમાં જ રહેવા દ્યો. આટલી મારા ઉપર દાય કરો. ત્યારે શ્રીજી મહારાજ કહે જે, હવે આ ઈશ્વરના શરીરમાં તારાથી રહેવાશે નહીં. કારણ કે એ ઈશ્વર અમારે શરણે આવ્યો છે. માટે હવે તું બદરીકાશ્રમમાં જા અને ત્યાં જઈને તપ કરીને તારી મલિન વાસનાને બાળીને ભસ્મ કર.

*કહે નાથ જા બદરી વન । કર્ય નરીવરનાં દર્શન ॥*

બદરીકાશ્રમમાં જઈને શ્રી નરનારાણદેવની પાસે રહીને તપ કરજે અને શુદ્ધ થયા પછી આ સત્સંગમાં દેહ ધરીને, અમારું ભજન કરીને, નિર્વાસનિક થઈને અમારા ધામને પામીશ. માટે હવે તું આ ઈશ્વરના દેહમાંથી નીકળી જા. એમ કહીને પોતાના હાથમાં જળ લઈને છાંટ્યું એટલે તરત જ ધુમાડાના ગોટા રૂપે નીકળીને આકાશમાં અદશ્ય થયો. તેને સભામાં બેઠેલા સર્વેજનોએ દીઠો. આકાશમાં થોડીવાર ધુમાડારૂપે દેખાણઓ પછી અદશ્ય થઈ ગયો અને ઠેઠ બદરીકાશ્રમમાં પહોંચી ગયો. પછી એ ઈશ્વરે

ત્યારે શ્રી હરિ કહે જે, આ ઈશ્વરના શરીરમાં પ્રવેશ કરી રહેલો એવો તું કોણ છે ? આવી રીતે જ્યારે શ્રીહરિએ પૂછ્યું, ત્યારે એ વિપ્રમાં પ્રવેશેલો બ્રહ્મરાક્ષસ બોલ્યો જે, હે ભગવાન હું અનંતપ્રાણિઓનો નાશ કરનાર એવો બ્રહ્મરાક્ષસ છું. ત્યારે શ્રી હરિ કહે જે હે મૂર્ખ, ભૂત, તું આવી નિન્દિત યોનિને કીયા પાપથી પામેલો છે ? તે કહે ત્યારે એ બ્રહ્મરાક્ષસ બોલ્યો જે, હે મહારાજ મારૂં આવી નિન્દિત યોનિને પામવાનું કારણ કહું છું. સાંભળજો જે, એક સમયે અમો પરસ્પર સ્નેહવાળા પાંચ બાલ મિત્રો રતમા રમતા મુમઘા ગામની ભાગોળમાં રહેલા એક મોટા વડના વૃક્ષની પાસે આવીને એ વડલાની મોટી ડાળ ઉપર ચડીને રમવા લાગ્યા, તેવામાં અચાનક વાવાઝોડું ઉત્પન્ન થયું એણે કરીને અચાનક એ વડલાની મોટી ડાળ ભાંગીને પડી નીચે, તેની સાથે ઓ પણ પાંચે મિત્રો પડ્યા અને એ ડાળની નીચે દબાઈને મરણ પામ્યા છીએ, ત્યારે શ્રી હરિએ પૂછ્યું જે તુને આવી નિન્દિ એવી બ્રહ્મરાક્ષસની યોનિ કેમ પ્રાપ્ત થઈ ? ત્યારે એ



બ્રહ્મરાક્ષસ કહેવા લાગ્યો જે, હે પ્રભુ મારૂં આ બ્રહ્મરાક્ષસ થવાનું કારણ કહું છું સાંભળો જે, હું શાળામાં ભણતો હતો ત્યારે મને ક્યારેક ભણવામાં ભુલ પડે, પાઠ પાકો બરાબર થાય નહિ ત્યારે મારા વિદ્યાગુરૂ મને વઢે, ક્યારે લાપોટ મારે, ત્યારે હું ગુરૂજીને સામો થઈને હુંકારે અને ટુંકારે કહીને ગુરૂજીનું અપમાન કરતો એ પાપે કરીને આવી નિન્દિત યોનિને પામેલો છું. અને મારી સાથે મરણ પામેલા ચાર બાળકો ભુતની યોનિને પામેલા છે અને હું જે સ્થાને મૃત્યુને પામેલો હતો, ત્યાં જ રહેલો હતો, ત્યારે શ્રી હરિ કહેજે, અતું આ ઈશ્વરને શા માટે વડગેલો છો, ત્યારે તે ભુત કહે જે, હે પ્રભુ. એક વખતે આ ઈશ્વર વિપ્ર. એ વડને સમીપે આવીને એ વડ ઉપર ચડીને વડની ડાળ ઉપર રમવા લાગ્યો, તે અચાનક ડાળ ઉપરથી પડ્યો નીચે અને વડની નીચે ભુતના દેહમાં રહેલો હું બેઠેલો હતો. તે મારી ઉપર પડ્યો જેથી મને બહુ વાગ્યું, એટલે હું એને વડગેલો છું. માટે હું તો આ ઈશ્વરના પ્રાણને અવશ્ય લઈશ જ. અને કોટી ઉપાયે પણ હું એમાંથી નિકળવાનો નથી, કારણ કે એમાં રહેવાની મને બહુ મજા પડે છે.

સ્વામિનારાયણ ભગવાનના ચરણમાં નમસ્કાર કર્યા અને શ્રીજી મહારાજે દયા કરીને પોતાના શરણમાં લીધો. નિયમ ધરાવી, કંઠી બાંધીને પરમ ભક્ત બનાવ્યો. સ્વામિનારાયણ ભગવાનના એશ્વર્યો અપાર છે. હું તમોને કેટલા સંભળાવું, જે ભગવાનને શરણે થાય એની ભગવાન રક્ષા કરે છે. એવી રીતે ૧૦૯મો પરચો થયો.

---

### પરચો ૧૧૦મો

## જેતલપુરમાં રાઈબાઈને આપેલો પરચો

સ્વામી કહે છે કે, વળી એવી જ એક બીજી પરચાની વાત કહું છું સાંભળો. એ જેતલપુર ગામમાં જ એક કણબી બાઈ હતી. એનું નામ રાઈબાઈ હતું. તેને એક ચૂડેલ વળગેલી તે તેને અતિ દુઃખ આપ્યા કરે. પહેર્યાનાં કપડાં હોય તે ઉપાડી જાય, ઘરમાં રસોઈના અને ખાવાનાં વાસણ હોય તે કોઈને ખબર ન પડે તેમ ઉપાડી જાય. પછી પાંચ-દસ દિવસો પછી કપડાં ફાડી-તોડીને અને વાસણોને ભાંગી-તોડીન છાનાંમાનાં પાછી ઘરમાં નાખી જાય. ભેંસનું પાડું હોય તેને છોડી

ઉપાડીને મેડા ઉપર ચડાવી જાય. એમ એ બાઈને હેરાન કર્યા કરે. પછી એના સંબંધીજનો, એ બાઈને લઈને મહારાજની પાસે આવ્યા. મહારાજની પ્રાર્થના કરીને સર્વે વૃત્તાંત કહ્યું. ત્યારે મહારાજ કહે જે, તું વ્રતમાન ધારીને સત્સંગી થયો તો એ ભૂત તારામાં રહી ન શકે, પણ તું સત્સંગના નિયમો બરાબર પાલન કરજે. ત્યારે તે બાઈએ વ્રતમાન ધાર્યાં, સત્સંગી થઈ ત્યારે તે જ વખતે ભૂત તેના દેહમાંથી નીસરીને ભાગી ગયું.

*તે પ્રતાપશ્રી મહારાજ તણો । શું કહીએ વળી મુખેથી ઘણો ॥*
*એમ આપે જનને આનંદ । નયણે નિર્ખિ કહે નિષ્કુળાનંદ ॥*

એવી રીતે ૧૧૦મો પરચો થયો.

---

### પ્રકરણ : ૧૫૭, પરચો ૧૧૧મો

## દીનાનાથની છોડીમાંથી પ્રભુએ ભૂત કાઢ્યું

કાનમ દેશમાં આમોદ નામે ગામ છે. એ દીનાનાથ ભટ્ટનું એ ગામ કહેવાય. એ ગામમાં શ્રીજી મહારાજ ઘણીયે વખત પધારેલા. જેથી એ ગામ પ્રસાદીનું છે. એ ગામમાં દીનાનાથ ભટ્ટ રહેતા હતા. એ ભટ્ટે આ સત્સંગમાં મોટી મોટી સેવા કરેલી. એ સ્વામિનારાયણ ભગવાનની સાથે રહેતા. આ ભટ્ટજીએ ઘણા સ્તોત્રો, અષ્ટકો રચીને શ્રીજી મહારાજને અતિ રાજી કરેલા અને એ ભટ્ટજીએ રચેલા સ્તોત્રો, અષ્ટકો વગેરે આપણા સત્સંગમાં ગવાય છે, આવા ભટ્ટજી હતા. છતાં એને એક વખત મુશ્કેલી આવી પડી. આપણે ઉત્તમ ભક્તો હોઈએ છતાં વિચારીને ચાલવું પડે. ચાલતાં ચાલતાં જરા પગ લપસ્યા અને રસ્તો ભૂલ્યા તો તકલીફ ઊભી થવાની. ભટ્ટજી આવા મોટા હતા છતાં એક વખતે એક વિમુખનો યોગ થયો. તેણે કરીને ભટ્ટજી ભરમાઈ ગયા. તોએ વિમુખ કોણ હતો ? તો કહે છે,

*એવા સભામાંઆવીયો । વિમુખ અતિ મતિમંદ ॥*
*અભાગ જોગે આવી મળ્યો । જે નિર્વિકલ્પાનંદ ॥*

શ્રીહરિથી વિમુખ થએલ નિર્વિકલ્પાનંદ નામનો સાધુ એ ભટ્ટજી પાસે આવી ચડ્યો. તેને અવડો ઉપદેશ આપીને ભટ્ટજીની બુદ્ધિને ફેરવી નાખી.



*એણે ભટ્ટ ભરમાવીયો । આવીયો તેણે અભાવ ॥*
*પૂરણ સંશય પાડીયો । એ વિમુખે ભજવ્યો ભાવ ॥*

સ્વામી કહે છે કે, નિર્વિકલ્પાનંદે અવડો ઉપદેશ આપીને ભટ્ટજીને ભરમાવી નાખ્યા અને ભગવાનનો અભાવ હૃદયમાં ઘાલી દીધો. એ ભટ્ટજી સ્વામિનારાયણની સાથે રહેતા અને સાથે જ ફરતાં છતાં પણ એણે એવા ભરમાવી નાખ્યા કે, આમોદમાં આવીને રહેવા લાગ્યા. શ્રીજી મહારાજને દર્શને પણ જાય નહીં. ક્યારેય ઉત્સવ સમૈયામાં જાય નહીં. જેને મહારાજના દર્શન વિના જરા પણ ચાલે નહીં અને કેટલાય મહિનાઓ વિતી ગયા, આખોય પાટો ફરી ગયો, આવા વિમુખો ભટકાઈ જાય તો ભગવાનનો અભાવ ઘાલી દે, ભક્તોનો, આ દિવ્ય સત્સંગનો, મોટા સંતનો અવગુણ ઘાલીને જીવનો મોક્ષ બગાડી દે. માટે આ સત્સંગમાં સાવચેતી રાખવી જરૂરી છે. નહીં તો આવા નિર્વિકલ્પાનંદ જેવા વિમુખો ભટકાઈ જાય તો મોક્ષનું કામ બગડી જાય અને કર્યું કાર્વુયં સર્વે વ્યર્થ થઈ જાય. આ વિમુખે ભટ્ટજીને સત્સંગનો, મહારાજનો, સંતનો અભાવ ઘાલી દીધો.ભટ્ટજીએ મહારાજનો આશરો મૂકી દીધો.

*મેલ્યું શરણ મહારાજનું । ત્યારે ભૂતે વર્ત્યો લાગ ॥*
*આવી લાગ્ય અપત્યને । જ્યારે કર્યો સત્સંગ ત્યાગ ॥*

ભટ્ટજીએ સત્સંગ છોડી દીધો એટલે હવે ભૂતને લાગ આવ્યો કે હવે આ ઘરમાં મારો લાગ ફાવશે. કારણ કે એને સત્સંગ છોડી દીધો છે. ભૂત ભટ્ટજીના ઘરમાં પેઠું. ભટ્ટજીને તો અડી ન શક્યું. કારણ કે એણે,

*સ્તોત્ર અષ્ટક વળી આરતી । તેણે કરી'તી હરિની વિનતી ॥*

જેને ભગવાનને રાજી કરવા માટે અષ્ટક, સ્તુતિ, શ્લોકો બનાવ્યા હતા એટલે ભૂત પ્રવેશી શક્યું નહીં. એટલે ભટ્ટજીની દીકરીમાં ભૂત પેઠું. કારણ કે એને ભગવાનનો આશરો ન હતો. માટે,

*માટે એની સૂતા જે વિમુખ । વળગ્યું ભૂત દીયે તેને દુઃખ ॥*

દીકરીમાં ભૂત પેઠું તેણે કરીને તે છોડી દુઃખી થઈ ગઈ તેમજ એ ભટ્ટજીના ઘરમાં બધા દુઃખી દુઃખી થઈ ગયા. કારણ કે એ ભૂતનો ત્રાસ ભયંકર હતો.

ઘરમાં બાઈ, ભાઈ સર્વેનાં કપડાં હોય તેને ફાડીને લીરે લીરા કરી નાખે. તે પાછા સાંધી પણ શકાય નહીં. વળી એ નાના લીરા જ્યાં ને ત્યાં ઊડાવી દે. વળી રાંધીને તૈયાર થયેલી રસોઈનાં પાત્રો, રોટલી, શાક, દાળની ભરેલી તપેલીઓ ઉપાડીને ઘરની બહાર રસ્તામાં ફેંકી દીએ. વળી ક્યારેક તો,

*રાંધી રસોઈ કરે તૈયાર । આવી વિષ્ટા નાખે તે મોઝાર ॥*
*ગોળ, ધૃત, જળ, દૂધ, દહીં । તેમાં નાખે નરક ભૂત લઈ ॥*

ભાત ને દાળ બધું તૈયાર હોય એમાં બહારથી ગંદકી ઉપાડીને નાખી દે એટલે બધી વસ્તુ ફેંકી દેવી પડે. ઘરમાં સંગ્રહ કરીને રાખેલ ગોળ, ઘી, સાકર વગેરે હોય એમાં પણ દુર્ગંધ મારતી વસ્તુ નાખી દે, જેથી એ બધી વસ્તુ ફેંકી દેવી પડે. આ ભટ્ટજી કાંઈ જેવા તાવા ન હતા. એ તો બહુ વિદ્વાન હતા. એક વખતે મહારાજે તેને પૂછ્યું કે, ભટ્ટજી, અમોએ સાંભળ્યું છે કે, ભટ્ટજીને આખુંય ભાગવત કંઠે છે. માટે તે વાત સાચી છે ? ત્યારે તે કહે જે, હા મહારાજ, ભાગવતના અઢારે હજાર શ્લોક મને મોઢે છે. ત્યારે મહારાજ કહે જે, એ દરેકમાંથી તમારા મોક્ષને માટે કયા અને કેટલા શ્લોકો તમે નક્કી કર્યા છે ? ત્યારે ભટ્ટજી કહે જે, મહારાજ, એનો તો કાંઇ વિચારે કર્યો નથી. સ્વામી કહે છે કે, કેવળ ગોખીને કંઠે કરી નાખવું એ કાંઈ મોક્ષમાં ઉપયોગી ન થાય. એમાંથી થોડુંક હૃદયમાં ઉતારીને એ પ્રમાણે વર્તનમાં લેવું જોઈએ. આ ભટ્ટજી આવા વિદ્વાન હતા અને ભૂતોને કાઢવાના ઉપાયને પણ જાણતા હતા. જેથી એ ભૂતને કાઢવા માટે ઘણાય પ્રયત્નો કર્યા પણ કાંઈ સફળતા મળી નહીં. આ ભટ્ટજી વિદ્વાન હતા. જેથી એક વખતે બેસીને વિચાર કરવા લાગ્યા, હું આટલો દુઃખી કેમ છું ? વળી મારી દીકરીને આટલો બધો ત્રાસ કેમ ? આખુંય ઘર અત્યારે બેચેન છે. જેથી મને તો એમ જ જણાય છે કે મેં સ્વામિનારાયણ ભગવાનને છોડી દીધા છે. ખરેખર મેં નિર્વિકલ્પનાનંદના કહેવાથી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું શરણ તોડી નાખ્યું છે, તો પછી હું સુખી ક્યાંથી થાઉં ? અને આ અસહ્ય દુઃખનું કારણ પણ એ જ છે. હવે ભટ્ટજીની વિદ્વતા કામ લાગી. આવી રીતે સારો વિચાર પ્રેરે એ જ સાચી વિદ્યા. પછી ભટ્ટજી દીકરીને લઈને ગઢપુર આવ્યા. ભગવાનને પગે લાગીને પાસે બેઠા. હે મહારાજ, હું તમારે શરણે આવ્યો છું,



*શીશ નમાવી હરિ ચરણે । કહે નાથ આવીયો હું શરણે ॥*

હે મહારાજ, આપ મારી રક્ષા કરો. મારા ઉપર રાજી થાઓ અને મને આપ કૃપા કરીને ક્ષમા કરો. ત્યારે સ્વામિનારાયણ ભગવાને ભટ્ટજી સામી અમૃતદૃષ્ટિ કરી અને કહ્યું જે, ભટ્ટજી, તમારા ઘરમાં આવી ઉપાધી ક્યાંથી આવી ? હે મહારાજ, હું અનાથ છું. એટલે મારા ઘરમાં આ અણધારી ઉપાધી આવી પડી છે. મહારાજ, માટે હવે મને સનાથ કરો અને મારા નાથ આપ જ થાઓ. ત્યારે શ્રીજી મહારાજે અભયમુદ્રા હાથ ઊંચો કર્યો એટલે ભૂત ચીસ પાડીને ભાગી ગયું અને ભટ્ટજીને શાંતિ થઈ. ત્યારથી ભટ્ટજી આ સત્સંગમાં સ્થિર થયા. ભટ્ટજીએ મહારાજની માફી માંગી જે, હે મહારાજ, આ જીવનો એવો અવળો સ્વભાવ હોય છે જેથી આવું બની ગયું.

*તેહજણાણુ સર્વે જનને । જોઈ આશ્ચર્ય માનીયું મને ॥*
*થયો પરચો પ્રગટ પ્રમાણ । ગયું ભૂત જે કરતું હેરાણ ॥*

એવી રીતે ૧૧૧મો પરચો થયો.

---

### પરચો ૧૧૨મો

## વિશનગરનો શોભારામ આંધડો થયો

*દેશ ડંઢાવ્યે વિશનગર । દ્વિજ શોભારામ ત્યાં નાગર ॥*
*તેણે રાખી રાક્ષસની રીત । કરે સત્સંગનો દ્રોહ નિત ॥*

ડંઢાવ્ય દેશમાં વિશનગર એવે નામે એક મોટું અને પ્રસિદ્ધ નગર છે. તેમાં એક શોભારામ એવે નામે નાગર બ્રાહ્મણ હતો. તે સત્સંગનો અતિ દ્વેષી હતો. વળી એ સરકારી હોદ્દાવાળો હતો જેથી અતિશે ઉદ્ધાઈ કરતો હતો. નાગર બ્રાહ્મણ, પણ એનો સ્વભાવ રાક્ષસી હતો. જે સત્સંગી થાય તેને નાત્ય બાર્ય કરતો. વળી સરકારમાં ચાડી કરીને સત્સંગીઓને હેરાન કરતો. સુખેથી ભજન-ભક્તિ કરવા દેતો નહીં. છતાં પણ હરિભક્તો એ બધું દુઃખ સહન કરીને ભજન-કીર્તન કર્યા કરતા. એક સમયે સર્વે સત્સંગીઓ બાઈ-ભાઈ સર્વેને બોલાવી ભેળા કરીને કહ્યું જે, હવે તમારે સર્વેને સ્વામિનારાયણના સત્સંગનો ત્યાગ કરવો છે કે

નહીં ? અને જો તમો હવે સત્સંગને છોડશો નહીં તો સર્વેને કેદ કરવામાં આવશે. ત્યારે સર્વે સત્સંગીઓ અતિ આનંદથી કહી દીધું કે, હે શોભારામ, તમારે જે કરવું હોય તે કરી લેજો, પણ અમો સત્સંગનો ત્યાગ નહીં કરીએ. ત્યારે તમારાથી જે થાય તે કરી લેજો. કારણ કે અમોએ સાચો માર્ગ સમજીને અમે સત્સંગ કર્યો છે અને એમાંજ જીવનો મોક્ષ માન્યો છે. કારણ કે અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણ સાચા અને સર્વાવતારી અને સર્વોપરી ભગવાન છે. એમના સાધુ પણ સાચા સંત છે અને એ સ્વામિનારાયણના અમે સત્સંગી પણ સાચા છીએ. કારણ કે કોઈને સાચી વસ્તુ મળી હોય તેને કોઈ તારા જેવા વિમુખના કહેવાથી શું છોડી દે છે ? નથી છોડતો. માટે અમે સમજી વિચારીને સત્સંગ કર્યો છે. એટલે એનો ત્યાગ અમે નહીં કરીએ. ત્યારે તે ધૂંધવાઈને આકળો થઈને બોલ્યો જે, આ તમો સર્વે શું બકો છો ? અને સ્વામિનારાયણને ભગવાન કહો છો, તે તમોને શરમ નથી આવતી ? ત્યારે સત્સંગીઓ કહેવા લાગ્યા જે, કોઈ સૂર્યને સાચા સૂર્ય કેહ કોઈ ચંદ્રને સાચો ચંદ્ર કહે એમાં શરમ શાની હોય ? તેમ અમારા ભગવાન સ્વામિનારાયણ સાચા ભગવાન છે તો એને ભગવાન કહેવામાં શરમ શાની ? ત્યારે શોભારામ કહેવા લાગ્યો જે, આ તમો શું બોલો છો ? એ સ્વામિનારયમને હું ભગવાન માનતો નથી. અને જો એ ભગવાન હોય, તો મને પરચો આપે તો ભગવાન માનું. ત્યારે સત્સંગીઓ કહે જે, તમારે શું પરચો માગવો છે ? ભગવાન તો કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ નીચે જઈને જે ચીંતવે તે મળે. માટે અમારા સ્વામિનારાયણ પણ કલ્પવૃક્ષથી પણ વિશેષ ચમત્કારી છે. જે પરચો માગશો તે આપશે. ત્યારે તે કહે જે,

*આજ થખી આઠ દન માંહી । થાઉં આંધળો ન દેખું કાંઈ ॥*
*ત્યારે સત્સંગી કહે છે વિમુખ । શીદ મુખે માંગી લે છે દુઃખ ॥*
*સ્વામી શીદ કરે કેને અંધ । એવું ન માગીએ મતિમંદ ॥*

ત્યારે શોભારામ કહે જે, જો તમારા સ્વામિનારાયણ ભગવાન હોય તો મને એ પરચો આપે કે હું આઠ દિવસમાં આંધળો થાઉં. ત્યારે સત્સંગીઓ કહે જે, અરે વિમુખ એવુ દુઃખ શામાટે માંગી લે છે. કાંઈ સારું માંગ ને, પણ આસૂરી જીવને સારુ માગતાં સૂઝે જ નહીં. ત્યારે તે કહેજે, ના ના મારે બીજું માગવું નથી.



એ જ માગું છું જો ભગવાન હોય તો ભલે મને સુખેથી આંધળો કરે. એ તો એમ જ માનતો હતો કે, એ સ્વામિનારાયણ ભગવાન નથી અને હું આંધળો થવાનો નથી. ત્યારે હરિભક્તો કહે જે, અરે મંદબુદ્ધિના, આવું શા માટે માંગે છે ? અમારા ભગવાન સ્વામિનારાયણ બહુ દયાળુ છે. તે કોઈને આંધળા શા માટે કરે ? માટે કાંઈક સારું માગ, પણ જેની બુદ્ધિ જ અવળી હોય તેને સવળું સૂઝે જ નહીં.

*ત્યારે શોભારામ બોલ્યો મુખે । જે માંગ્યું તે થાય મર સુખે ॥*

શોભારામ કહે જે, હું ડરતો નથી, મને ખાતરી છે હું આંધળો નહીં થાઉં. છતાં ફરીથી કહું છું કે, સ્વામિનારાયણ ભગવાન હોય તો હું આઠ દાડામાં ભલે આંધળો થાઉં.

*ત્યારે શ્રીહરિ છે કલ્પવૃક્ષ । તીયાં ચિંતવ્યું થાવા અચક્ષ ॥*
*પછી વાયદો વેગળો રહ્યો । દિન ચારમાં આંધળો થયો ॥*

પછી એ આઠ દાડા તો વેગળા રહ્યા, પરંતુ ચાર દિવસમાં જ એ આંધળો થઈ ગયો.

*એવી વિમુખ જીવની રીત । સમું ચિંતવી ન શકે ચિત્ત ॥*

સ્વામી કહે છે કે, વિમુખ જીવની આવી ઊંધી રીત હોય છે. સવળું ચિંતવતાં આવડે જ નહીં. સ્વામી કહે છે કે, શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આવો અદ્ભુત પ્રતાપ છે.

*એમ પરચા અપરમપાર । આપે હરિ હજારે હજાર ॥*
*તે કહેતાં લખતાં નાવે અંત । સમજી લેજો સદ્બુદ્ધિવંત ॥*

એવી રીતે ૧૧૨મો પરચો થયો.

---

## પરચો ૧૧૩મો

## ભુજના સુંદરજીભાઈને મહારાજે પરચો દીધો

*વળી વાત કહું એક સારી । લેજો હરિજન હૈયે ધારી ॥*
*કચ્છ દેશમાં ભુજ નગર । તીયાં સુતાર નામ સુંદર ॥*

કચ્છ-ભુજમાં રામાનંદ સ્વામીના શિષ્ય સુંદરજીભાઈ સુથાર હતા. એ

સ્વામિનારાયણ ભગવાનના પરમ ભક્ત હતા. આવા ભક્તના જીવનમાં કોઈ ખામી હોતી નથી, પરંતુ જે કાંઈ ખામી જણાય એ આપણા ઉપદેશ માટે હોય છે. એ સુંદરજી સુથાર કાંઈ જેવા તેવા ન હતા. રામાનંદ સ્વામીએ જેને કંઠી બાંધી હોય અને સ્વામિનારાયણ ભગવાનનું જેને ભજન કર્યું હોય, જેના ઘેર હંમેશાં સ્વામિનારાયણ ભગવાનનો ઉતારો હોય એવા મુક્ત સ્થિતિના આ સુંદરજીભાઈ હતા માટે સ્વામી કહે છે કે, એ સુંદરજીભાઈ સત્સંગમાં શિરોમણી હતા.

*સત્સંગમાં તો શિરોમણી । પણ રાખતા પ્રવૃત્તિ ઘણી ॥*

એ હરિભક્ત બહુ સારા પણ પ્રવૃત્તિ એટલી બધી રાખે કે એમાંથી નવરા જ ન થાય. અતિ પ્રવૃત્તિ બંધન કરતા થાય છે. આ પ્રવૃત્તિ કેવી રાખતા,

*મોટા મોટા માણસના મોબતી । શેઠ શાહુકારના શોબતી ॥*

મોટા મોટા માણસોની મહોબત રાખે. આજે આ અમલદારોને મળવું છે, કાલે આ રાજાને વાત કરવી છે, આવતીકાલે પ્રધાનસાહેબ મળવા માટે ઘેર આવવાના છે. આવું તો દરોજ ચાલ્યા જ કરતું. પણ,

*પણ તે તો હરિથી વિમુખ । તેની રાખે નિત્ય પ્રત્યે રૂખ ॥*

બિનસત્સંગી એવા હજારો માણસોના સોબતી આ સુંદરજીભાઈ સૌની સાથે મિત્રતા રાખે. એ સૌની સાથે બેસીને ક્યારેક જમવું પડે, ભેગા બેસીને ક્યારેક નાસ્તા-પાણી કરવા પડે, ક્યારેક એવાની સાથે બહાર જવું પડે, રાજકારણમાં ભાગ લેવો પડે, મહારાજાને ક્યારેક મળવા જવું પડે. એવી સતત પ્રવૃત્તિથી કોઈ મર્યાદા નિયમો જળવાય નહીં. સ્વામી કહે છે કે, આવી કથા સાંભળીને છેલ્લે આપણે કાંઈક વિચાર કરવો જોઈએ કે આ બધી ધમાલ ક્યારે છોડીશું ? અને નહીં છોડો તો એનું પરિણામ શું આવશે ? સાંભલજો, સુંદરજીભાઈ આયુષ્યના અંત સુધી ચેતી શક્યા નહીં અને અંત અવસ્થા આવી પહોંચી. સ્વામિનારાયણ ભગવાન ધામમાં તેડાવા માટે આવવાના છે ત્યારે છેલ્લી અવસ્થામાં પથારીમાં સૂતાં સૂતાં કાંઇને કાંઇ બોલ્યા કરે અને એવું છે કે આખાય જીવનમાં જે જે ઉપાધિ કરી હોય એ છેલ્લી અવસ્થામાં યાદ આવે અને બેભાન અવસ્થામાં બોલે આ સાહેબ આવ્યા છે, સાહેબ આવો-બેસો, જમ્યા વગર જવાય નહીં, ઊઠો-ઊઠો, આ મોટા શેઠ આવ્યા છે, એને ખુરશી નાખી આપો, આમ બોલ્યા કરે. આપણે એને બકવાસ કહીયે. તે બકવાસ કર્યા કરે. જીવનમાં જે જે



ઉપાધિ કરી હોય એ અંત વખત યાદ આવે. વળી ક્યારેક જરા ભાનમાં આવે એટલે માંડે રોવા,

*પછી આવે જાગૃતિમાં જ્યારે । થાય અતિશે ઓરતો ત્યારે ॥*

જે, અરેરે, આ મેં શું કર્યું મારે મોઢે અત્યારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન થવું જોઈએ તેને બદલે આ સમયે મને આ બધી સંસારી ઉપાધિ યાદ આવે છે અને મોઢામાંથી સંસારિક વાતો નીકળે છે. પછી પશ્ચાતાપ કરીને કહે જે, કોઇ મારા જેવો મૂરખ નહીં.

આવો સત્સંગ અને ભગવાનની મૂર્તિને મૂકીને મેં નહીં કરવાનું કામ મેં કર્યું,

*આવો સત્સંગ ને શ્રી મહારાજ । તેને મૂકી મેં કર્યું અકાજ ॥*
*માટે શઠમાં હું શિરોમણી । એમ કરે છે પસ્તાપ ઘણી ॥*

અરેરે, મેં કેવી મોટી ભૂલ કરી, મનમાં બહુ દુઃખ થયું, અતિ દુઃથ થયું એટલે શ્રીજી મહારાજે પોતાનું દર્શન દીધું.

*દીધાં દાસને દર્શન દાન । નીરખ્યા સુંદરે શ્રી ભગવાન ॥*
*નીરખી હરખ પામીયા અતિ । પછી કરવા લાગ્યા વિનંતી ॥*
*જેવી દીઠા અંત સમે નાથ । તેવા કહેવા લાગ્યા જોડી હાથ ॥*

સુંદરજીભાઈએ મહારાજની સ્તુતિ કરી કે, હે મહારાજ, તમે ધામના ધામી છો. હે અનંત નામના નામી, હે સર્વાવતારી, હે સ્વામિનારાયણ ભગવાન, તમે મારી અંત સમયે સંભાળી લીધી. હે પ્રભુ, તમે મારા ઉપર અતિ કૃપા કરીને મને આપનાં દર્શન દીધાં. હે મહારાજ, મેં મોટા મોટા સંસારી અને સ્વાર્થી માણસોની સાથે વ્યવહાર રાખ્યો એ મોટી ભૂલ કરી છે, તે તો આ સમયે કાંઈ કામ આવ્યું નહીં.

*તે તો ન આવ્યું આ સમે કામ । સુત વિત ભાઈ વળી ભામ ॥*
*પછી કહે છે સહુને વાત । હવે તન થાશે મારું પાત ॥*
*આવ્યા છે મને તેડવા નાથ । હું જાઉં છું મહારાજની સાથ ॥*
*કઈવારના ઊભા છે આવી । મુજ કારણે વિમાન લાવી ॥*

*એમ કહીને શીખ જમાંગી । પછી તર્ત દીધું તન ત્યાગી ॥*

સ્વામી કહે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ સુંદરજી સુથારનો દેહત્યાગ કરાવીને પોતાના ધામમાં તેડી ગયા. સ્વામીએ આ સુંદરજીભાઈની આશ્ચર્યની કથા લખી છે તે આપણા માટે લખી છે. કારણ કે સુંદરજીભાઈ તો મુક્ત જ હતા અને એ હંમેશાં શ્રીજી પારાયણ જ હતા, પરંતુ એમાંથી આપણે સર્વને શીખવાનું છે. ભગવાન બહુ દયાળુ છે, પણ આપણે વ્યવહારીક પ્રવૃત્તિ અતિ વિકસાવી એ તો જો અંત સમો આવી પહોંચે ત્યાં સુધી એ પ્રવૃત્તિ ઓછી ન થાય અને મહારાજ દયાળુ છે. તેડવા માટે ઓચિંતાના આવીને કે, હે ભક્તરાજ, અમો તમોને તેડવા માટે આવ્યા છીએ માટે તૈયાર થાઓ. ત્યારે જો પ્રવૃત્તિ સંબંધી વાસના રહી ગઈ તો ભગવાન તત્કાળ મૂકીને ચાલ્યા જાય એમાં કોઈ શંકા નથી. માટે ભગવાનના ભક્તો એ વિકસાવેલી પ્રવૃત્તિને ધીમે ધીમે ઓછી કરતા શીખવું અને આ લોકના પદાર્થ સગાં-સંબંધી, વાડી, ખેતર, ધન આદિકમાંથી પ્રીતિ ઓછી કરીને ભગવાનના ભજન, કથા, વાર્તા, કીર્તન આદિકમાં મન જોડતાં શીખવું અને નિર્વાસનિક થતાં શીખવું એ જ સાર લેવાનો છે. શ્રીજી મહારાજ સુંદરજીભાઈને પરચો આપીને પોતાના ધામમાં તેડી ગયા. તેનાં સર્વેજનોને આખાય ભુજ શહેરમાં દર્શન થયાં તે જોઈને સર્વે આશ્ચર્ય પામી ગયા અને સર્વે કહેવા લાગ્યા જે, આ તો શ્રીજી મહારાજે અલૌકિક પરચો આપ્યો.

*એવા પરચા અપરમપાર । થાય આ સમે લાખ હજાર ॥*
*કેતાં કેતાં કીયાં લગી કૈયે । અપરમનો પાર નવ લૈયે ॥*

સ્વામી કહે છે કે, આ તો મેં મારી બુદ્ધિ પ્રમાણે જેમ છે તેમ કહ્યું છે અને એવા પરચા તો લાખો ને હજારો થાય છે અને હજુ પણમથશે, એનો પાર આવે તેમ નથી.

*તેનો કહેતાં આવે કેમ અંત । થોડે ઘણું માનોબુદ્ધિ વંત ॥*
*દેશો દેશ વળી ગામો ગામ । કરે દયાળુ દાસનાં કામ ॥*
*સર્વે દાસને સુખ દીધું છે । એવું બિરુદ પહેલાંથી લીધું છે ॥*

સ્વામી કહે છે કે, મહારાજે દેશો દેશ અને ગામો ગામમાં રહેતા ભક્તોને



અતિ સુખ આપ્યું છે અને અક્ષરધામમાંથી એવું બિરુદ લઈને જ પધાર્યા છે કે કોઈ પણ મારો આશ્રિત ભક્તજન દુઃખી ન થાય અને એવું ગુરુ શ્રી રામાનંદ સ્વામી પાસેથી વરદાન માગેલું છે જે,

*સ્વામી રામાનંદજીની પાસે । માંગી લીધું છે પોતે હુલાસે ॥*
*કહે સત્સંગી નામ કહેવાય । કોઈ રીતે એ દુઃખી ન થાય ॥*
*એનું આવે અમને એ દુઃખ । એહ ભોગવે સદાય સુખ ॥*
*તે વચન વાલે સત્ય કીધું । સર્વે સત્સંગીને સુખ દીધું ॥*

જે કોઈપણ સત્સંગી દુઃખી ન થાય. વળી સત્સંગીને પ્રારબ્ધમાં રામપતર લઈને માગી ખાવાનું હોય તે રામપતર મને આવે અને સત્સંગી અન્ન વસ્ત્રે દુઃખી ન થાય, તે વચન ભગવાને સત્ય કીધું છે. વળી,

એવો સતસંગી કોઈ ન કાવે । જેને તેડવા નાથ  ન આવે ॥
જાણો અવશ્ય ટેક એ ખરી । છુટે તન આવે જ્યારે હરિ ॥

ભગવાન સ્વામિનારાયણ આ લોકમાં પણ સર્વે પોતાના આશ્રિતોની રક્ષા કરે છે અને દેહનો અંતે તેને તેડવા આવે. તેને કરીને,

*સ્વયં પ્રભુ આજ સહજાનંદ । તેણે વરતે છે સહુને આનંદ ॥*
*કોઈ  વાતની ન રહી ખામી । મળ્યા જેને સહજાનંદ સ્વામી ॥*
*કૃપાનિધિ જે કરૂણા કંદ । મળ્યે મગન કહે નિષ્કુળાનંદ ॥*

હે ભક્તો, આ સમયે જેને ભગવાન સહજાનંદ સ્વામી મળ્યા છે તેને કોઈ વાતની ખામી રહી નથી અને હંમેશાં આનંદ આનંદ વર્ત્યા કરે છે અને અંતે ભગવાનના ધામને પામે છે, જય સ્વામિનારાયણ. એવી રીતે ૧૧ ઉમો પરચો .

---

### પ્રકરણ : ૧૫૮, પરચો ૧૧૪મો

## કારિયાણી ગામમાં મહારાજે પરચો દીધો

કાઠિયાવાડ્ય દેશમાં એક કારીયાણી નામે ગામ છે. તેમાં શ્રી મહારાજે અનંત પ્રકારની લીલાઓ કરી છે અને ભગવાને તે ગામને પોતાનું ધામ બનાવેલું છે.

*તેહ ગામમાં જે વસે । નરનારી આદિક જન ॥*
*ભાવા ભાવે ભગવાનના । સહુને થયાં દર્શન ॥*
*સમજુ થયા સતસંગી । અણસમજુ રહ્યા એમ ॥*
*પાપી નરે પર મોદિયા । તે કુસંગ તજશે કેમ ॥*

સ્વામી કહે છે કે, તે ગામમાં જે કોઈ નિવાસ કરીને રહે છે તે સર્વેને ભાવ હશે કે નહીં, પણ હોય તો પણ એ સર્વેને મહારાજનાં દર્શન થયાં. તેમાં પણ જે સમજુ હશે તે સત્સંગી થયા અને જે આસૂરી હતા તે સત્સંગી ન થયા. કારણ કે પૂર્વ જન્મા પાપી હોય એ ક્યારેય પણ કુસંગને તજી ન શકે, પણ જેને ભગવાનનું દર્શન થયું હોય તે ક્યારેય પણ નિષ્ફળ તો ન જાય.

*પણ દર્શન જેને દયાળુનું । તે નિષ્ફળ નવ્ય જાય ॥*
*અંત સમે અવશ્ય આવી । શ્રીહરિ કરે છે સહાય ॥*

સ્વામી કહે છે કે, તે વાત કહું છું સાંભળો, એ કારીયાણી ગામમાં એક કાઠી હતો. એનું નામ હતું માણસીયો ખાચર. તે કુસંગી હતો. છતાં પણ દગેહે કરીને સાજો, જરા પણ એને દુઃખ નહીં. એ સમયે એ ઘરની બાર ઓટા ઉપર બેઠો હતો. તેને લેવાને માટે ચાર જમદૂતો આવ્યા તે અતિ કાળા અને અતિ ભયંકર અને અતિશે ભૂખ્યા હતા. હાથમાં કૂહાડા અને પાશ. એટલે પાપીને બાંધવા દોરડાં લીધેલાં હતાં. બે જણા લોખંડના ગાડા ઉપર બેઠેલા હતા અને બે જમ પાડા ઉપર બેઠેલા હતા. એ ચારે ગાડા ઉપરથી ને પાડા ઉપરથી ઊતરીને એ કાઠીને પકડી ગળામાં પાશ નાખીને માર મારતાં મારતાં કર્યો પોતાથી આગળ અને એનો માર સહન નહીં થવાથી અતિશે બૂમરાણ પાડવા લાગ્યો, અરે મને શા માટે મારો છો ? જમ કહે જે, તુ કુસંગિ શા માટે રહ્યો. આ ગામમાં સ્વામિનારાયણે અનંત પ્રકારની લીલાઓ કરી છે અને કેટલાય જનો સ્વામિનારાયણ ભગવાનના પાકા સત્સંગી થયા અને તું સ્વામિનારાયણનો ન થયો અને અમારો થયો માટે અમે તુને મૂકીશું નહીં. તું જો અમારે જ પાને પડ્યો છે તો હવે સુખની શીદ ઈચ્છે છે. અમારી પાસે તો માર જ મળવાની છે. ત્યારે તે કહે જે,

*બોલ્યો માણશિયો તેહવારે । છે સ્વામીજીનું દર્શન મારે ॥*
*બીજું તો મેં કાઈ નવ કર્યું । કર્યું તેમાં તો આવું નિસર્યું ॥*



ત્યારે માણશિયો કહે જે, મને સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન થયાં છે. તે સિવાય બીજું તો મેં પાપ કર્મ જ કર્યું છે તેનું હવે મને આ ફળ મળ્યું છે. માટે મારી જો હવે સ્વામિનારાયણ ભગવાન રક્ષા કરે તો ભલે પણ તે સિવાય બીજો મને કોઈ આધાર નથી. માટે હે ભગવાન મારી સહાય કરો.

*એમ કહેતાં આવ્યા અવિનાશ । જમ મેલી ભાગ્યા પામી ત્રાસ ।*
*પછી આવ્યો માણશિયો ઘેર । કહે નાથ ઉગાર્યો આ વેર ॥*

પછી માણશિયો દેહમાં આવ્યો અને સર્વેને કહેવા લાગ્યો જે, મને તો જમદૂતો ગળે પાશ નાખીને માર મારવા લાગ્યા ત્યારે મેં સ્વામિનારાયણ ભગવાનને સંભાર્યા એટલે તત્કાળ એ ભગવાને મારી રક્ષા કરી અને એ ભગવાને જમ થકી મને છોડાવી અદ્રશ્ય થઈ ગયા. સ્વામી કહે છે કે,

*એમ કરતાં વીતી ઘડી ચાર । આવ્યા ન કૃતાંત તે વાર ॥*
*તેણે તરત મારી કીધો મોર । પાડે માણશિયો બહુ બકોર ॥*

સ્વામી કહે છે કે એમ કરતાં ચાર ઘડી વીતી એટલે ફરીવાર એને લેવાને માટે નવ જમદૂતો આવ્યા. તેને બાંધીને મારીને કર્યો મોર, ત્યારે માણશિયો અતિ બૂમો પાડવા માંડ્યો. ત્યારે જમ કહેજે, આ હારો આખુંય ગામ જગાડશે. માટે ઉતાવળા ઉતાવળા એને ગામ બહાર લઈ જઈએ. ત્યારેબીજો જમ કહે જે, આપણે એને લઈને જઈશું પમ ત્યાં આગળ સ્વામિનારાયણના સંત હશે ત્યારે વળી બીજો જમ કહે જે, અરે ત્યાં સાધુ નથી માટે મનમાં બીક શા માટે રાખો છો ? ચાલો, ગામની ભાગોળે, એ કહીને પછી,

*પછી લઈ ચાલ્યા ગામ બાર । આવ્યા અલબેલો તેહ વાર ॥*
*કરી રીશ કિંકરને કહ્યું । કેમ ફુટ્યું છે મૂરખો હૈયું ॥*
*આ ગામ માંહી વસે છે જન । જેને છે મારું સંત દર્શન ॥*
*તેને લેવા આવ્યા છો અભાગી । શિદને મોત લીયો છો માંગી ॥*

તેને ગામની ભાગોળે લઈ ગયા અને ત્યાં તેને માંડ્યા મારવા. એટલે ફરીવાર પણ તેણે મહારાજને સંભર્યા. એટલે તત્કાળ શ્રીજી મહારાજ તે જીવની રક્ષા કરવા માટે આવી ગયા અને જમને કહેવા લાગ્યા જે, અરે પાપીઓ, કેમ

તમારું માથું ફરી ગયું છે કે કેમ ? ત્યારે જમ કહે જે, અરે મહારાજ, આ તો અતિપાપી જીવ છે. તમારી અને સંતો-હરિભક્તોની નિંદા કરતો હતો. ત્યારે મહારાજ કહે જે, આ ગામમાં જે જે મનુષ્યો રહે છે એ સર્વેને મારું દર્શન થયું છે. જેને મારાં અથવા મારા સંતનાંદર્શન થયાં હોય તેને તમારાથી લેવાય જ નહીં. માટે એને મેલી દીયો અને ભાગી જાઓ, નહીં તો તમારું મોત થશે. તો વગર મોતે મોત શા માટે માંગી લીયો છો. મેલી દીયો. ત્યારે તે જીવને મૂકીને જમ જતા રહ્યા અને મહારાજ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા. એટલે માણશિયો ફરીવાર દેહમાં આવીને સર્વેજનોની આગળ જે પોતાને વીતી હતી તે સર્વે વાત સંભળાવી. તે વાતને સાંભળીને સર્વેજનો આશ્ચર્ય પામી ગયા અને કહેવા લાગ્યા જે, આ તો ખરેખર મોટો પરચો થયો કહેવાય. વાલા ભક્તો, આપણે એ માણશિયા જેવું કરવાનું નથી કે માણશિયો નિંદા સત્સંગીની કરતો હતો તો પણ મહારાજે રક્ષા કરી, તેમ આપણી પણ અંત સમયે ભગવાન રક્ષા કરશે, એમ જાણીને એ માણશિયાની જેમ કરવાનું નથી. આપણે તો ક્યારેય કણ કોઈની નિંદાના પક્ષમાં ભાગ નહીં લેવાનો અને ભગવાન, સંત કે સત્સંગીની નિંદામાં મહારાજ કોઈ રીતે રાજી નહીં થાય. માટે આપણે તો જેમ મહારજાજા, મોટા સંત રાજી થાય તેવી રીતે વર્તીને પોતાના જીવનો મોક્ષ પ્રાપ્ત કરી લેવો એ જ આ વાતનો સાર છે. એવી રીતે ૧૧૪મો પરતો થયો.

---

### પરચો ૧૧૫મો

## એક કુસંગી સઈને લેવા જમ આવ્યા

વળી નિષ્કુળાનંદ સ્વામી એવી જ બીજી વાત કહે છે.

વળી ગામમાં એક સઈ । નામ માવો તે સત્સંગી નઈ ॥
*તેના દેહનો આવિયો અંત । કહું તેનું હવે વરતંત ॥*
*તેને લેવા આવ્યા જમ ત્રણ । લીધો જીવ પામીયો મરણ ॥*

સ્વામી કહે છે કે, વળી એ જ કારીયાણી ગામની બીજી વાત કહું સાંભળો. એ જ ગામમાં એક સઈ હતો. અત્યારે એને દરજી કહેવાય છે. તે પણ સત્સંગી ન હતો. તેના દેહનો જ્યારે અંતકાળ વખત થયો ત્યારે તેને લેવાને માટે ત્રણ જમદૂતો



આવ્યા. તેના જીવને દેહમાંથી કાઢીને લઈ ચાલ્યા. ત્યારે સંતનારૂપમાં ભગવાન સામા મલ્યા. સંત કહે જે, આ જીવને તમે કેમ લીધો ? ત્યારે જમ કહે જે, આ સઈ તો કુસંગી છે, માટે એને અમે જમપુરીમાં લઈ જઈશું. ત્યારે સંત કહે જે, અરે પાપીઓ, એને તમે મૂકી દીઓ, આ જીવ તમારાથી નહીં લેવાય. કારણ કે એણે અમારું કામ કર્યું છે, અમારાં કપડાં સાંધી આપ્યાં છે, તેને તમારું તેડું ન હોય. ત્યારે જમ કહે જે, આ જીવ તમારો નથી, માટે અમને વારો છો શા માટે ? અને એ જે તમારું કામ કરે છે તે તો કોઈકના ભયથી કરે છે. સ્વામી કહે છે કે, સંતો કપડાં સંધાવવા માટે જાય ત્યારે તેને માંચા ખાચરની બીકથી કપડાં સાંધી આપતો. જો હું સંતોને ના કહીશ તો માંચા ખાચર મને વઢશે. આવી બીકથી કામ કરવાની ના કહેતો નહીં. કપડાં સાંધી આપતો. ત્યારે જમ કહે જે, એ તો બીજાની બીકથી કામ કરતો હતો માટે અમે એને લઈ જઈશું,

*એ જે કામ તમારું કરે છે । તે તો કોઈક થકી ડરે છે ॥*
*ત્યારે સંત કહે સાચું કહ્યું । પણ સંત સેવા ફળ ગયું ॥*

ત્યારે સંત કહે જે, ભલે એ કોઈકના ભયથી કામ કરતો હશે, પણ સંત સેવાનું ફળ ગયું ? એણે ગમે તેમ સંતની સેવા કરી છે, માટે તમે અમથા ખોટી થાઓ માં અને એ જીવ તમારાથી કોટિ ઉપાયે પણ લઈ શકાશે નહીં. તમો એને મેલીને અહીંથી રવાના થઈ જાઓ. પછી જમ જખ મારીને એને મૂકીને ભાગી ગયા અને સંતે એ જીવને છોડાવી લીધો.

*આવ્યો દેહ માંહિ માવો જ્યારે । વીતી વાત સર્વે કહી ત્યારે ॥*
*પામ્યા આશ્ચર્ય સહુ સાંભળી । થયો પરચો કહે જન મળી ॥*

સ્વામી કહે છે કે, પછી એ માવો સઈ દેહમાં આવીને સર્વેજનોને એ વાત કહી ત્યારે એ સાંભળીને સર્વેજનો આશ્ચર્ય પામી ગયા. પછી એ માવો સઈ સત્સંગી થયો અને ભગવાનને ભજવા લાગ્યો. એવી રીતે ૧૧૫મો પરચો થયો.

---

### પરચો ૧૧૬મો

## ત્રિકમજી સથવારાને મહારાજે પરચો દીધો

વળી સ્વામી કહે છે જે, એ જ કારીયાણી ગામમાં એક ત્રિક એવે નામે સથવારો હતો. તે સત્સંગી સારો હતો, પણ એક સમયે તેના શરીરમાં ટૂટિયું આવ્યું. તેણે તેના દેહની નાડીઓ તાણી લીધી, હાથ-પગ પણ હાલે-ચાલે નહીં અને બોલી બંધ થઈ ગઈ અને તે અતિ પરવશ થઈ ગયો.

*પછી રત જીવ તેનો કાઢી । ચાલ્યું ટૂટિયું તેહને પાડી ॥*
*ત્યારે ત્રિકમે કર્યું સ્મરણ । આવો નાથ હું પામીયો મરણ ॥*
*એવું સૂણી આવ્યા અવિનાશ । સંગે ભક્ત માંચા વિરદાસ ॥*

ટૂટિયું તેના જીવને કાઢીને ચાલતું થયું. તેના દેહને પાડી નાખ્યો ત્યારે ત્રિકમે ભગવાનને સંભાર્યા. ત્યારે સ્મરણ માત્રમાં ભગવાન સ્વામિનારાયણ માંચા ભક્તને અને વિરદાસ ભક્તને સાથે લઈને આવ્યા અને ટૂંટિયાને ભગવાન કહે જે, અરે તેં આ જીવને શા માટે લીધો ? અને આ તો અમારો આશ્રિત છે. મારા આશ્રિતોને લેવા માટે તારે ક્યારેય આવવું નહીં. એટલું જ નહીં પણ જો તારે ઉગરવું હોય તો આ કારીયાણી ગામમાં પણ તારે પેશવું નહીં. સ્વામી કહે છે કે, મહારાજે એ ટૂંટિયાને કાઢીને તગડી મૂક્યું અને ત્રિકમની રક્ષા કરી અને ત્રિકમને ટૂંટિયા થકી છોડાવીને એના દેહમાં મૂકી ગયા અને કહ્યું જે, હમણાં તું તારા દેહમાં રહે. હમણાં અમે તુને તેડી નહીં જઈએ, હમણાં તારેબદલે પુરી ડોશીને લઈ જઈશું, એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

*મેલી ગયા ત્રિકમને નાથ । તેડી ગયા ડોશી એક સાથ ॥*
*પછી ત્રિકમ તનમાં આવી । કરી વાત સહુને બોલાવી ॥*

ભગવાન એ ત્રિકમને મેલી ગયા અને એના બદલામાં પુરી ડોશીને તેડી ગયા. પછી ત્રિકમે પોતાના દેહમાં આવીને સર્વેજનોને એ વાત કહી સંભળાવી જે, મારા ઉપર તો આજે બહુ થઈ,

*કહે મારે માથે બહુ થઈ । મને ગયું'તું તૂંટિયું લઈ ॥*
*તેના હાથમાંથી નાથ મૂકાવી । મને મેલ્યો આ દેહમાં લાવી ॥*



મને ટૂંટિયું લઈને ચાલ્યું ત્યારે મેં મહારાજને સંભાર્યા. એટલે મહારાજે આવીને મને એના હાથમાંથી મૂકાવીને મારા દેહમાં મેલીને મહારાજ અદૃશ્ય થઈ ગયા અને મને કહ્યું જે, હમણાં તું તારા દેહમાં રહેજે અને તારે બદલે પુરીબાઈને તેડી જઈશું. આ વાત મારી સાચી માનજો.

*સુણી સહુ થયા છે વિસમે । તજ્યું તન પુરીયેં તે સમે ॥*
*મળી વાત લાગી નહીં વાર ॥ પામ્યા આશ્ચર્ય સહુ નરનાર ॥*

એ ત્રિકમે કહેલી વાત સાંભળીને સર્વેજનો આશ્ચર્ય પામી ગયા અને તપાસ કરી તો પુરીબાઈ પોતાના શરીરનો ત્યાગ કરીને ભગવાનના ધામમાં ગયેલી. એ જોઈ સહુ કહેવા લાગ્યા જે, આ તો મહારાજે મોટો પરચો દીધો. સ્વામી કહે છે કે, આ વાત સત્સંગી હશે એને સાચી મનાશે, પણ જે જીવ પાપી હશે એ તો ખોટી માનશે, પણ સ્વામી કહે છે કે, આવા પરચા તો ભગવાનના અપાર છે, તેનો લખતાં પાર આવે તેમ નથી.

*એમ પરચાનો નહીં પાર । થાય હંમેશ હજારો હજાર ॥*
*કેતાં કેતાં કિયાં લગી કહીએ । અપરમનો પાર નહીં લહીએ ॥*

સ્વામી કહે છે જે, એમ આ સત્સંગમં પરચાનો પાર નથી. હંમેશાં હજારો પરચા થાય છે. તે કહેતાં કહેતાં ક્યાં સુધી કહીએ. કારણ કે એ પચા તો અપરમપાર છે. તેનો પાર આવે તેમ નથી.

*આગે પરચા કવિએ કહ્યા । તે તો ઠીક એટલા જ થયા ॥*
*પણ આજનો અંત ન આવે । મર કોટિ કવિ મળી ગાવે ॥*
*મેં કહ્યું વિચારી મન માંઈ । નથી કરતો હું વાત વડાઈ ॥*
*જેમ છે તેમ કહ્યું મેં જન । સત્ય માનજો મારું વચન ॥*

સ્વામી કહે છે કે, આગળમાં કવિયોએ પરચા તો કહ્યા છે, પણ આજનો તો અંત ન આવે. ભલે ને કરોડયે કરોડ્ય કવિઓ ગાય તો પણ તેનો પાર આવે નહીં. સ્વામી કહે છે કે, મેં જે આ પરચા લખ્યા છે તે મારા મનથી વિચારી વિચારીને લખ્યાં છે, પણ હું મારી વડાઈની વાત કરોત નથી. આ વાતો જે,

*હશે દુષ્ટ દંભિ ને નાસ્તિક । કહેશે ખોટી ખાંચ્યો ખોડી છેક ॥*
*તે તો ભોગવશે ફળ તેનું । નથી નિષ્કુળાનંદને એનું ॥*

**સ્વામી કહે છે કે , આ તો જેમ છે તેમ મેં કહ્યું છે. માટે મારું વચન સત્ય માનજ્યો અને આ વાતો જે સત્યવાદી હશે એને સાચી મનાશે, પણ જે દુષ્ટ બુદ્ધિના હશે, દંભિ અને નાસ્તિક હશે તે તો ખાંચ્યો કાઢીને અનેક પ્રકારની ખોટ્ય કાઢશે. એનો નિષ્કુળાનંદને કાંઈ વાંધો નથી. આ પરચા અલૌકિક છે. તે મેં મારી બુદ્ધિને અનુસાર લખ્યા છે. એ પરચાને જે સાંભળશે અથવા સંભળાવશે, મનમાં સંભારશે તે જનો આ લોકમાં પણ અપાર સુખ-શાંતિને પામશે અને દેહને અંતે ભગવાન સ્વામિનારાયણ તેને તેડવા માટે આવશે અને અક્ષરધામમાં મહારાજના ચરણારવિંદની સેવાનું અલૌકિક સુખને અવશ્ય પામશે એમાં લેશમાત્ર સંશય નથી. ઈતિ પરચા પ્રકીર્ણ ૧૫૮મું સમાપ્ત. જયશ્રી સ્વામિનારાયણ. એવી રીતે ૧૧૬મો પરચો થયો.**

*ઈતિ પરચા પ્રકરણ સમાપ્તમ્*

★ ★ ★



**શ્રી સ્વામિનારાયણો વિજય તેતરામ્**

**શ્રી સ્વામિનારાયણાય નમો નમઃ, શ્રી સહજાનંદસ્વામિને નમો નમઃ, શ્રીનરનારાયણદેવાય નમો નમઃ, શ્રી ઘનશ્યામાય નમો નમોઃ, શ્રી રાધાકૃષ્ણદેવાય નમો નમઃ આવી રીતે મેં સદગુરૂ શ્રી નિષ્કુળાનંદસ્વામી વિરચિતશ્રી ભકત ચિંતામણીમાં સ્વામીએ પોતે, શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને જે જે અલૌકિક પરચા આપેલા છે. તે તે પરચા પ્રકરણ ૧૨૮ થી પ્રકર્ણ ૧૫૮ એમ પ્રકરણ ૩૦ ત્રીશ સુધીમાં લખેલા છે તે પરચા પુર્વછાયો, ચોપાઈના રૂપરૂમાં છે, તેજ પરચા મેં મારી બુધ્ધિને અનુસારે સર્વેને સુખેથી સમઝ સકાય, એટલા માટે વાર્તાના રૂપમાં લખ્યા છે, એ પરચા સ્વામીએ જે, લખેલા છે, તેમના તેમજ લખેલા છે, પણ એમાં કાંઈ પણ ફેરફાર કરેલો નથી, પરંતુ ફેરફાર એટલોજ છે કે, ભકત ચિંતામણીમાં પુર્વછાયો, ચોપાઈના રૂપમાં છે, તેજ પરચા મેં વાર્તાના રૂપમાં લખેલા છે.**

*શ્રીજીમહારાજના અલોકિક પરચા*

ભાગ ૨ જો

**હવે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન સંતશ્રી સ.ગુરૂ કૃષ્ણાનંદ સ્વામી રચિત ગ્રન્થ શ્રીહરિચરિત્રામૃતમાં અધ્યાય સીંતેરથી અધ્યાય ચોર્યાશી સુધી, એમ અધ્યાય પંદર પર્યંત પરચા લખેલા છે, તે પરચા લખું છું. એ ગ્રાન્થ પણ ભકત ચિંતામણીની જેમ જ પુર્વ છાયો, ચોપાઈના રૂપમાં જ છે, તે ગ્રાન્થમાં સ.ગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામી અને કચ્છ ધમડકાના રહીશ દરબાર રામસંઘજીના સંવાદ રૂપે છે, તેમાં સ.ગુરૂ બ્રહ્માનંદ સ્વામીએ, દરબાર રામસંઘજીને પરચા સંભળાવેલા છે તેજ પરચાને વાર્તાના રૂપમાં લખું છું, આ ગ્રાન્થ સ.ગુરૂ શ્રી કૃષ્ણાનંદ સ્વામીએ અમદાવાદમાં રહિને રચેલો છે અને સ.ગુરૂ શ્રી બ્રહ્માનંદ સ્વામીનો, અને દરબાર રામસંઘજીનો સંવાદ ભુજમાં આપણા મંદિરના સભા મંડપમાં થયેલો છે.**

**લેખક :- પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી ભુજ-કચ્છ.**

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## અધ્યાય ૭૦ મો પરચો ૧ લો

એક વખતે સ.ગુરૂ શ્રી બ્રહ્માનંદસ્વામી ભુજ નગરમાં પધારેલા હતા. ત્યારે આપણા શ્રીસ્વામિનારાયણ મંદિરમાં આપણા કચ્છના તમામ સત્સંગીઓના ઉધાર માટે શ્રી મહારાજે પોતે બાથમાં લઈને પધરાવેલા શ્રીનરનારાયણ દેવની સાનિધ્યમાં દિવ્ય સભા મંડપમાં વિરાજીને સર્વે સંતો અને હરિભકતોને કથામૃતનું પાન કરાવી રહેલા હતા, અર્થાત્ કથા સંભળાવી રહેલા હતા, એવા સમયમાં ત્યાં ભગવાનનાં દર્શન કરવા માટે કચ્છ ધમડકાના રહીશ ભગવાનના પરમ એકાંતિક ભકત દરબાર રામસંઘજી (રામસિંહજી) આવ્યા, (સ્વામી કહે છે જે, આ રામસંઘજી પણ, આ સત્સંગમાં અનંત ચમત્કારી કથાઓ પ્રસિધ્ધ છે, કે ધમડકાના હેવાસી એવા મહા મુકતરાજ કરણીબાના દીયર થાય.) આ રામસંઘજી આવિને શ્રી નરનારાયણદેવનાં દર્શન કરીને સભા મંડપમા આવિને સંત હરિ ભકતોની સભાનાં દર્શન હરિને સભામાં સ.ગુરૂ શ્રી બ્રહ્માનંદસ્વામીની સનમુખ બેઠા, અને કથા વાર્તાનું શ્રવણ હરિને સંતોષને પામ્યા, પછી એ દરબારે બે હાથ જોડીને સ.ગુરૂશ્રી બ્રહ્માનંદસ્વામીને વિનયથી પૂછ્યું જે, હે ગુરૂજી, હે સ્વામીજી, મેં આપના મુખેથી શ્રીજીમહારાજે આ પૃથ્વી ઉપર અનેક દૈવી આત્માઓના આત્યંતિક કલ્યાણ માટે પ્રગટ થઈને અનેક દિવ્ય અને માનુસિક ચરિત્રો વડે પોતાના આશ્રિતોને અપાર સુખ આપ્યા. એ સર્વે કથા સાંભળીને મને અતિશય આનંદ થયો છે, હવે હું આપના જ મુખેથી શ્રીજીમહારાજે પોતાન આશ્રિતોને અંત સમયે તેડવા માટે પધારેલા હોય, વળી કયારેક પોતાના આશ્રિતોની કોઈક કષ્ટ થકી રક્ષા કરેલી હોય, અને કોઈક પ્રેમી ભકતોના થાળ જમીને એમના મનોરથ સફળ કરેલા હોય, એવા જે, શ્રીજીમહારાજના અલૌકિક પરચા, તેની મને સાંભળવાની અતિ ઈચ્છા છે, માટે આપ અધ્યાય, ૭૦ મો, પરચો ૧ લો દયા કરીને સંભળાવવાને યોગ્ય છો. ત્યારે સ.ગુરૂશ્રી બ્રહ્માનંદ



સ્વામી કહેવા લાગ્યા જે, હે રાજન્

પૂર્વછાયો

*ભલું પૂછ્યું ભુપ ભાવથી, સામર્થિ અલોકિક શ્યા ॥*
*જાણવી જીવન જગપતિ, જનને જન સુખધામ ॥*
*અલૌકિક લોકિકમાં, સામર્થ્ય દેખાડયું શ્યામ ॥*
*પુરી પરચા પ્રેમથી, કર્યા અનેક જનનાં કામ ॥*
*પરચા પુરુષોતમ તણા, છે અપાર નાવે પાર ॥*
*તેમાંથી સંક્ષેપથી, કહું સાંભળ ભુપ ઉદાર ॥*

સ.ગુરૂશ્રી બ્રહ્માનંદ સ્વામી કકહે છે કે, હે રાજન તમોએ આ બહુ સારૂં પુછ્યું છે, હે રાજન સાંભળો, સર્વે જનોના જીવન, અને જ ગતના પતિ, અને સર્વે સુખના ધામ એવા ભગવાનશ્રી સ્વામિનારાયણે આ લોકમાં પોતાની અલૌકિક સામર્થિ પોતાના અશ્રિતોને જણાવી છે, અને પોતાના પ્રેમી ભકતોને અનંતપરચા આપીને સુખિયા કરેલા છે, એ પરચાતો અપાર છે, તે સર્વે પરચા નો તો કહેતાં પાર આવે તેમ નથી, પરંતુ એમાંથી અમુક પરચા સંક્ષેપથી તમોને સંભળાવું છું તેને તમો સાંભળો જે, જે,, પરચાને સાંભળીને તમારો સંશપ ટળી જાય, અને એ પરચાના પ્રતાપથી પુરૂષોતમ નારાયણ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો અપાર મહિમા જણાય, હે રાજન, ઉતર ગુજરાતમાં વિશનગર એવે નામે એક પ્રસિધ્ધ પુર છે, તેમાં ભગવાનના પરમ ભકત એક વણિક હતા તેનું નામ હતું બેચરભાઈ, તેના એક ઝુમખરામ, અને બીજા નાના મુગટરામ, એ બે પુત્ર હતા. તે બન્ને પુત્રો પણ માવિત્રોના શુભ સંસ્કારી હતા, જેથી શ્રીજી મહારાજને વિશે અનન્ય નિષ્ઠાવાન હતા, તે બેચર વણિક પોતાના કુંટુંબની સાથે ઉધમને માટે દક્ષિણ દેશમાં ગએલા, અને તે ગાંડાપુર માં નિવાસ કરિને રહેતા હતા, ત્યાં રહિને મહારાજની આજ્ઞા પ્રમાણે ઉધમ કરે, અને સાથે પ્રેમ પૂર્વક ભગવાનનું ભજન ભકિત કરે, આખાય ઘરમાં સત્સંગ અને કોઈપણ આવેતો તેને ભગવાનની વાત કરે, કોઈ પ્રશ્ન પુછે, તો તેનો ઉતર આપે એવા એ એકાંતિક ભકત હતા, એક દિવસ મુગટરામે પોતાના સંબંધી જનોને કહ્યું જે, મને શ્રીજીમહારાજ, પોતાના દિવ્ય દર્શન દઈને કહી ગયા છે, જે, આજથી ચોથે

દિવસે મધ્ય રાતે તુને તેડવા માટે અમો આવિશું માટે તું તૈયાર થઈ રહેજે, માટે હું અક્ષરધામમાં જઈશ, એ ચાર દિવસ પહેલાં સર્વેને વાત કરી, તે સાંભળીને સહુને અતિઆશ્ચર્ય થયું, અને સહુ પાસે બેસીને શોક કરીને ઉદાસ થઈ ગયાં, અને કહેવત છે કે, જયારે અંત સમો આવે ત્યાર કાંઈપણ બિમારીનું નિમીત ભગવાનની ઈચ્છાથી થાય, અને કયારેક તો કાંઈ પણ બિારી વગર હાલતાં ચાલતાં ભગવાન તેડવાજાય એમાં મહારાજની મરજી હોય, તેમ થાય, આ મુગટરામને એ નિમીતે થોડી બિમારી જેવું થયું, વળી એમ કહેવત છે કે, જયારે મનુષ્યને અંતકાળ સમો થાય, ત્યારે એને એકસો જન્મની સ્મૃતિ થાય, એ રીતે એ મુગટરામને પણ અનંત જન્મની સ્મૃતિ થઈ, તે સમે પોતાની પાસે મોટોભાઈ ઝુમખરામ સેવામાં હતો ત્યારે મુગટરામે મોટા ભાઈને કહયું કે, હે ભાઈ આ વખતે આપણા પિતાશ્રીને કહી દેજો કે, મારી પાસે આવે નહિ, ના પાડી દેજો, પણ ઝુમખરામ એ વાત ભુલી ગયો, અને પિતાના મનમાં એમ થયું કે મુગટને શરીરે પીડા થતી હશો. માટે જરા ઔષધી આપું, તો કાંઈક શરીરે શાંતિ થાય, આમ વિચારી બેચર ભકત પુત્રને ઔષધી પાવા માટે સમિપે આવ્યા એટલે મુગટરામે પિતાજીની હાથની આંગળીમાં બચકું ભર્યું આંગળી ને કરડી નાખી, ત્યારે બેચરભાઈ ત્યાંથી જતા રહ્યા, એ જોઈને ઝુમખ રામે ઠપકો દઈને કહયું જે, અરે મુગટરામ, આ તે શું કર્યું? બાપુજી દયા કરીને તુને ઔષ પાવા માટે આવ્યા, અને તે આંગળી માં બચકું ભર્યું, પિતાજીને પગે લાગવું જોઈએ અને આ તે શું કર્યું ? ત્યારે મુગટ રામ કહે જે, મેં તમોને પહેલેથી જ કહયું હતું ને કે, બાપુજીને મારે સમીપે આવવા મ દેશો તો તમે તેને ના કેમ ન કહી? ત્યારે ઝુમખરામ કહે જે, એતો હું ભુલી ગયો, ત્યારે મુગટરામે કહે જે, ભુલી ગયા, તો એમ થયું, પણ એક વાત, મેં પિતાજીને બચકું ભર્યુ એ બહુ સારૂ થયું કારણ કે, મને પિતાશ્રીની સાથે આગળનું વૈર હતું, તે આજે વૈરનો બદલો વળી ગયો, ત્યારે ઝુમખરામ કહે જે, તુને બાપુજીની સાથે કયા કારણથી વૈર હતું, ત્યારે મુગટરામ કહે જે, હે ભાઈ સાંભળો, એ વાત અતિ ચમત્કારી છે, અને સાંભળ્યા જેવી છે,

ચોપાઈ

*॥ વળી સાંભળજો સહુ આપ । કહું વાત તે પ્રગટ પ્રતાપ ॥*
*॥ રામા અવતારમાં મારો તાત । હતો ક્ષત્રી તે જાણજો વાત ॥*



ભગવાન જયારે રામ રૂપે હતા, ત્યારે આપણા પિતાજી ક્ષત્રીય હતા. અને એ ભગવાનના ભાઈ ભરતજી તેના ચાકર હતા, તે સીપાઈના હોદા ઉપર હતા જેથી અતિ અભિમાની હતા, અને કહેવત છે, કે, જયારે કોઈક અધિકાર મળે, એટલે હોદાના અભિમાને કરીને કેટલાંક ગરિબોને હેરાન કરે, મુગટરામ કહે છે કે, જયારે મા કૈકેઈના હઠાગ્રહ થી પિતા દશરથની આજ્ઞા લઈને રામ પ્રભું પત્નિ સીતાજી અને લક્ષ્મણની સાથે જયારે વનવાસમાં ગયા, અને અતિ પ્રેમથી ચિત્ર કોટ ઉપર નિવાસ કરીને રહેલા હતા, એ વખતે ભરતજી સૈન્યની સાથે ભાઈને વાળવા ને માટે ગયા, ભગવાનને પગે લાગીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે પ્રભુ આપ પાવા અયોધ્યા પધારો અને રાજ ગદીને આપ જ, સ્વીકારો, એમ ભરતે ઘણી ઘણી પ્રાર્થના કરી, પણ પ્રભુએ વળવાની હા કહી નહિ અને કહયું કે, મા કૈકેઈને ચૌદ વર્ષનું વચન આપ્યું છે, જેથી ચૌદ વર્ષ પુરા થશે ત્યાર પછી અમો આવીશું. ત્યાં સુધી આ મારી પ્રસાદીની પાદુકા તમોને આપું છું તે લઈને તમો જાઓ અને રાજ્યને તમોજ ચલાવજો. મુગટરામ કહે છે કે, પછી ભરતજી પ્રભુએ આપેલી પાદુકા લઈ ને પાછા વળ્યા, ત્યારે વનમાં હું એક ઘાસની પર્ણ કુટીમાં બેસી ને તપ કરતો હતો, અને ઋષિના વેશમાં હતો એ વખતે સીપાઈએ પોતાના અભિમાને કરીને કાંઈ પણ લેવા દેવા વિના વગર વાંકે મારી ઝુપડી પાડી નાખી, ત્યારે મેં વિચાર કર્યો જે, મારી ઝુપડી કોને પાડી, બહાર નિકળીને જોયું તો એ સીપાઈને જોઈને અતિ ક્રોધ કરીને મેં પુછયું જે, મારી ઝુંપડી કોને પાડી, તેં પાડી કે, ત્યારે તે અભિમાનીએ કહયું જે, હા હા મેં પાડી છે, ત્યારે મેં પુછયું જે, એવો અભિમાની તું કોણ છો ? ત્યારે તે કહે જે, હું ભગવાન રામના ભાઈ ભરતનો ચાકર છું, ત્યારે મેં વિચાર્યુ જે , આતો ભરતનો ચાકર છે. એટલે મારાથી કાંઈ કરાય નહિં, પરંતુ જો બીજો કોઈ હોય તો ભાળીને ભસ્મ કરી નાખું, એમ વિચારીને મેં કાંઈ પણ કર્યુ નહિ, પણ તે દાડાનું વૈર રહિ ગયું, તે આજે આંગળી કરડી, એટલે બદલો વળી ગયો, વળી આ દિવ્ય સત્સંગમાં જન્મ મલ્યો છે, તે પણ એ ભગવાનના પરમ ભકત, વળી ભગવાનના ભાઈનો પક્ષ રાખ્યો જે, એ સીપાઈ ભરતજીનો ચાકર છે, જેથી મારાથી કાંઈ કરાય નહિ આવા પક્ષના પ્રતાપે આ સર્વોપરી ભગવાન, સર્વોપરી સંત અને સર્વોપરી સત્સંગ નો યોગ થયો છે. ત્યારે ઝુમખ રામે કહયું જે, હે

મુગટ મને આ સત્સંગનો યોગ થયો છે. ૧ તે કયા જન્મના મુન્યે થયા છે. ત્યારે મુગટ રામ કહે જે, હે ભાઈ, હું તમારી વાત કહું છું સાંભળો, તમોં પેલા રાક્ષસ હતા, હિરણ્યકસિપની ચાકરી કરતા હતા. એમનો પુત્ર પહલાદજી ભગવાનનું નામ જયે, એ એને ગમતું નહિ જેથી તેણે વિચાર કર્યો કે, આ પ્રહલાદીઓતો આપણા રાક્ષસ સકુળ રૂપી જંગલનો કુહાડો છે, વિષ્ણું નું ભજન કરે એ બરોબર નથી માટે અત્યારે એને બાળ અવસ્થામાંજ મારી નાખવો જોઈએ, એમ ચિારીને તેને મારવાના અનંત ઉપાયો કર્યા, છતાં જયારે પ્રહલાદનું મૃત્યું ન થયું ત્યારે તમોને મારી નાખવા માટે આજ્ઞા કરી જે, અરે આ પ્રહલાદીઆ ને તું ગમે તેમ કરીને મારી નાખ્ય, ત્યારે તમો તેને મારવા માટે હથિયારો ઉગામતા પણ મનમાં જરા દયા આવતી કે, આ નાનો બાળક વળી ઈશ્વરનું નામ લે છે, તો એને મારાથી મરાય કેમ? આમ વિચારીને શસ્ત્રોને ધીમાં કરી નાખતાં આ પુણ્યે કરીને આ સત્સંગમાં જન્મ આવ્યો છે.

*। ઘણા જન્મની છે વાત આપું । એતો સત્સંગનો પરતાપ, ॥*
*। એમ વારતા કરતા એહ । પહોર રાતે મુકયો એણે દેહ ॥*
*। પછી પ્રતિજ્ઞાના ચાર દન । થયા ત્યારે આવ્યા ભગવાન, ॥*
*। બેસી વિમાનમાં તહેવાર । ગયો ધામમાં ભકત ઉધાર, ॥*

આવી રીતે એ મુગટ રામે કહેલી વાત સાંભળી ને સર્વે બાઈયો, ભાઈયો અતિ આશ્ચર્યને પામી ગયાં અને સર્વે કહેવા લાગ્યાં જે આવી રીતે ઘણા જન્મની સ્મૃતિ થવી, એતો આ દિવ્ય સત્સંગ નો જ પ્રતાપ છે, સ્વામી કહે છે, કે આવી રીતે વાતો કરતાં કરતાં ચાર દિવસની પ્રતિજ્ઞા પુરી થઈ, એટલે એ મુગટ રામે સહુને કહયું જે, હવે સર્વે સંતોને સાથે લઈને શ્રીજી મહારાજ મુને તેડવા માટે પધાર્યો છે, માટે હવે હું મહારાજ ની સાથે ધામમાં જાઉ છું એમ કહિને અર્ધિ રાત્રે શરીર નો ત્યાગ કરીને વિમાનમાં બેસીને અક્ષરધામમાં ગયો, તેના સર્વે સત્સંગી, કુસંગી ને અતિ તેજોમય દર્શન થયાં, ત્યારે સર્વે જનો અતિ આશ્ચર્ય ને પામી ગયાં, અને સહુ કહેવા લાગ્યા જે, આતો અતિ મોટો પરચો કહેવાય, આવી વાતતો કોઈ દિવસ દીઠીએ નથી અને સાંભળી એ નથી, માટે શ્રી સ્વામિનારાયણ સર્વોપરી પ્રગટ ભગવાન છે, તે વિના આવી ચમત્કારી વાતો



બીજે હોય નહિ માટે આવા દિવ્ય સત્સંગને અને આવા સત્સંગી ને ધન્ય છે, એવી રીતે ૧ પરચો થયો.

---

### અધ્યાય ૭૦ મો, પરચો ૨ જો

## ચંપાબાઈને મહારાજે પરચો દીધો

હવે સ્વામી કહે છે કે, મુગટરામ ધામમાં ગયો ત્યાર પછી ત્રિજે દિવસ ધામમાંથી પાછો આવ્યો, તે વાત કહું છું તેને સહુ સાંભળો !

*ગયો મુગટ ધામમાં જ્યારે, ત્રિજે દહાડે આવ્યો પાછો ત્યારે ॥*
*માલે ગામમાં આવિયો તેહ, કહું વારતા નિરસંદેહ ॥*

એ મુગટરામ ધામમાં ગયા પછી ત્રિજે દહાડે પાછો માલેગામ આવ્યો, તે ગામમાં ભગવાનના એકાંતિક ભકત અગ્રવાલ સીતારામ એવે નામે હતા, તેની દીકરી હતી તેનું નામ ચંપા હતું, તેને વરતાલ ધામમાં ભગવાન નાં દર્શન કરવાની તીવ્ર ઈચ્છા હતી જેથી મુગટરામને જયારે મળે, ત્યારે કહેતી કે, હે મુગટભાઈ મને વરતાલ ધામમાં ભગવાનના દર્શન કરવા તેડ જાઓ આમ વારે વારે કહેતી જેથી ત્રિજે દહાડે આવીને ચંતાને કહે જે, હે ચંપા, ચાલ, ચાલ, હું તુને વરતાલ ધામના દર્શન કરાવું ત્યારે એ ત્રણ વર્ષની ચંપાબાઈ અતિ રાજી થઈ, મુગટરામ ચંપાને લઈને થયો ચાલતો, માલે ગામથી વરતાલ બસોને ચાલીશ ગાઉ દુર થાય, પણ એક ક્ષણ વારમાં વરતાલ આવી ગયો, અને ચંપાને કહયું કે, જો આ વરતાલધામ અને મોટી સભામાં વિરાજમાન એવા આ મહારાજનાં દર્શન કર્યાં, અને અતિ વિશાળ મંદિરમાં વિરાજમાન એવા શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના દર્શન કર્યાં, એમ કહીને સભામાં વિરાજમાન એવા મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીનાં દુરથી દર્શન કરાવીને ભગવાનના દશ અવતારોની મુર્તિઓના દર્શન કરાવ્યાં, પછી એ ચંપાને મુગટરામ કહે જે, હવે ઘણીવાર થઈ ગઈ માટે ચાલ્ય તારે ઘેર પહોચાડું અને હવે સાંજ પડી ગઈ, પછી ચંપાને વાત કરી કે, હું તો મારા દેહનો ત્યાગ કરીને અક્ષરધામમાં ગયો છું તેને ત્રણ દહાડા થઈ ગયો છે, પણ આતો તું પહેલાં વારે વારે કહેતી, કે મને વરતાલધામનાં દર્શન કરાવો, એટલે આજે તુને દર્શન કરાવવા માટે આવ્યો છું અને હું તો આક્ષરધામમાં

ભગવાનનો પાર્ષદ થયો છું અને ભગવાને મને એજ, કામ સોંપ્યું છે કે, કોઈ ભકતને દેહ ત્યાગ કરવાનો સમય થાય, ત્યારે તારે તેડવા જવાનું, એમ કહીને ચંપાને ખબે બેસાડીને તેને ઘેર પહોંચાડીને અદૃશ્ય થઈ ગયો, પછી એ ચંપાએ પોતાના પિતાને અને માતાને કહયું જે, મારી વાત સાંભળો, મને તો આજે અલૌકિક આશ્ચર્ય જોવા મલ્યું, તે શું ? તો મને આજે મુગટ મામો મલ્યા, અને મને વરતાલ ધાર્મનાં દર્શન કરાવીને હમણાંજ મુને આપણે ઘેર મુકીને અદૃશ્ય થઈ ગયા, અને મને વાત કહી જે, હું તો ત્રણ દિવસ થયા દેહને મુકીને ભગવાનના ધામમાં ગયો છું, તે વાત સાંભળીને સીતારામ કહેવા લાગ્યા જે, અરે છોડી, તુતો જુઠા બોલી છો માટે એવું બોલતી નહિ.

*॥ પછી ચંપાએ એંધાણ દીધાં, કહયાં સર્વે તે સાંભળી લીધા ॥*
*॥ ઘોડે બેસી ગયા સીતારામ, ભકત મુગટ રામને ધામ ॥*
*॥ ત્યાંતો ચંપાએ કહિ તે વાત, સાચી મળી સહુ સાક્ષાત ॥*

ત્યારે ચંપાએ સર્વે એંધાણ કહયાં એટલે સીતારામ ઘોડે બેસીને ગાંડાપુર મુગટ રામને ઘેર ગયા, તો ત્યાં ચંપાએ કહેલી સર્વે વાત મળતી આવી, અને સર્વે જનો અતિ આશ્ચર્ય ને પામી ગયાં.

*॥ ધન્ય કહે પ્રગણ પ્રમાણ, નથી માનતા એતો અજાણ ॥*
*॥ નથી જુઠી કહી દીઠી વાત, આતો પરચો મોટો સાક્ષાત ॥*
*। જઈ ધામ માંથી પાછો આવ્યો, આવીને ચમત્કાર જણાવ્યો ॥*

**અધ્યાય ૭૦ મો, પરચો ૩ જો યાત્રિક સંઘની મહારાજે રક્ષાકરી**

હવે સ્વામી ઝુમખરામની વાત લખે છે. હવે બીજે વરસે ઝુમખરામ કેટલીક સત્સંગી બાઈ ભાઈ સર્વેનો સંઘ કાઢીને ભગવાન સ્વામિનારાયણ હાલમાં વરતાલમાં વિરાજે છે એમ જાણીને ભગવાનનાં દર્શન કરવા માટે ગાંડા ગામથી ચાલતાં થયાં તે સર્વે માલે ગામ આવીને પોતાના સંબંધી સીતારામ, દોલતરામ આદિક સર્વેને વાત કહિ ત્યારે તે પણ સર્વે પોતાનાં સગા સંબંધીની સાથે સંઘ કાઢી ને વરતાલ જવા માટે નિકળ્યાં, તેમાં ઝુમખરામ સંઘવી તરિકે આગેવાન હતો, માર્ગમાં બધા ભગવાનનાં કીર્તનો, ધુન્ય કરતાં કરતાં ચાલ્યાં જાય, માર્ગમાં કયારે રસ્તો ભુલાઈ નીય, ત્યારે મહારાજ ને સંભારે એટલે મહારાજ આવી ને



રસ્તો દેખાડી જાય, ટીમણા ખુટેતો મહારાજ આપી જાય, એમ રસ્તામાં કાંઈ પણ કષ્ટ આવે, એટલે મહારાજ ને સંભારે, એટલે મહારાજ તત્કાળ આવીને સહુની રક્ષા કરતા આવે, એમ ચાલતાં ચાલતાં સર્વે વરતાલ આવી ગયાં દિવ્ય સભામાં વિરાજમાન, સર્વેને સુખ આપનાર, કરૂણાના નિધિ એવા મહારાજનાં દર્શન કર્યા, મહારાજને સર્વેએ પોત પોતાની શકિત પ્રમાણે જે જે ભેટલો લાવ્યા હતા, તે અર્પણ કરી, મહારાજ ને માટે થાળ કરાવ્યા, સંતોને રસોઈ આપીને જમાડયા, પછી મહારાજે સર્વેને પ્રસાદી આપી, તે સહુ જમ્યા, અને પોતાના હૃદયમાં પરમ શાંતિને પામ્યા.

*॥ એમ દિન રહયા દશબાર, ઘણું સુખ પામ્યાં નરનાર ॥*
*॥ પછી વાલમ ગઢડે ગયા, સીતારામ જવા તૈયાર થયા ॥*

કુષ્ણાનંદ સ્વામી લખે છે કે, એ સર્વે ભકત જનો દશબાર દિવસએ વરતાલમાં રહયા, ત્યાર પછી ભગવાન પણ ત્યાંથી ગઢડે ગયા, ત્યારે સીતારામ અને દોલતરામ કહે જે, હવે આપણે પણ જઈએ, ત્યારે ઝુમખરામ કહે જે, મારે અમુક કામ ને માટે વિશનગર જવાનું છે, માટે તમો સહુ જાઓ, એમ કહિને તે ઝુમખ રામ ગયો વિશનગર, અને સીતારામ અને દોલતરામ સંઘની સાથે પોતાને ગામ જવા માટે થયા ચાલતા, ચાલતાં ચાલતાં એક દિવસ થયો, ત્યાં દોલતરામ અચાનક દેહને મુકીને ગયા ભગવાનના ધામમાં, ત્યાંથી ચાલતાં થોડા દિવસ ગયા, ત્યારે સીતારામ માર્ગમાં દેહને મુકીને ગયા ધામમાં, પછી અમુક સ્થાને ગાડી વાડો ગયો, બળદો મૃત્યુ પામી ગયા.

**ચોપાઈ**

*બેચાર બાઈયો પોતે રઈ, । બીજા સર્વેની એ ગતિ થઈ ॥*
*બાપું વિલાપ કરે અપાર, । કોઈ પુરૂષ નહિ સહુ નાર ॥*

માત્ર બે ચાર બાઈયો રહયાં, પછી બાઈઓ વિલાપ કરવા લાગ્યાં કે, આપણી સાથે હવે કોઈ પુરૂષ ન રહયો, માત્ર આપણે બાઈયોજ રહયાં, આપણી પાસે વાટ ખરચી ને માટે દ્રવ્ય કે, ટીમણ કાંઈ પણ નથી હવે આપણી શી ગતી થાશે, આમ શોક કરતાં કરતાં ચાલેન સોનગઢમાં આવીને અતિ શોક કરવા લાગ્યાં કે આપણો દેશતો હજુ દુર છે, અને ધન વિના આપે પહોંચી શું, શી, રીતે,

આમ પશ્ચાતાપ કરે છે, ત્યાંતો શ્રીજીમહારાજ, ઝુમખરામને વેશે આવી ગયા, અને પુછયું કે, તમો શોક શા માટે કરો છો? ત્યારે એ બાઈયો એ સર્વે વાત કહી, ત્યારે ઝુમખરામ કહે જે, હે બહેનો, તમો શોક મ કરો. બધાં દેહ મુકી ગયાં. એતો જેમ ભગવાનની ઈચ્છા હોય, એમ થાય, એમાં આપણું કાંઈ ચાલે નહિ, એમાં શોક શાનો કરવાનો,. અને તમો મુંઝાઓ છો શા માટે, તમોને માલે ગામ હું પહોંચાડી દઈશ. એમ કહી ગાડુ ભાડે કરી આપ્યું, અને ગાડે બેસાડીને પોતે પણ રસ્તામાં સાથે ચાલતાં ચાલતાં માલે ગામ એક ક્ષણવારમાં આવી ગયા અને પછી ગાડીવાન કહેવા લાગ્યો કે, જુઓ આ માલેગામ આવી ગયા, અને આ આપણા સગાં નુ ગામ છે, ત્યાં થોડા દિવસ રહિને પછી આપણે ગાંડા ગામ પહોંચી જઈશું એમ કહિને બાઈયોને ત્યાં ઉતારીને ગાડીવાન અંતર્ધાન થઈ ગયો, ત્યારે બાઈયો વિચાર કરવા લાગ્યાં કે, ગાડા વાળો ભાડું લીધા વિના કિયાં ગયો, એમ વિચારીને શહેરમાં શોધ કરી પણ કયાંય જોવામાં આવ્યો નહિ, પછી એ બાઈયો શોક કરતાં કરતાં ચાલીને પોતાને ગામ આવી ગયાં, અને રાત દિવસ રૂદન કર્યા કરે, ત્યારે ભગવાને રાત્રે આવીને પોતાના દિવ્ય દર્શન દઈને કહયું જે, તમો આવો શોક શા માટે કરો છો, અને અમો તમારી રક્ષા કરવા માટે ઝુમખરામને વેશે આવ્યા વળી તમારૂ દુઃખ જોઈને અમોએ તમને ગાડું ભાડે કરી આપ્યું, તમારી પાસે મેં ભાડું પણ માગ્યું નહિ, તે સાંભળી ને એ બાઈયો અતિ આશ્ચર્ય પામી ગયાં અને કહેવા લાગ્યા જે, હે મહારાજ તમો જો, ન આવ્યા હોત તો અમારી શી વલે થાત? માટે દયા કરીતે તમોએ અમારી રક્ષા કરી, પણ હે મહારાજ, હવે અમારી શી વલે થશે, કારણ કે, અમારા પતિ દેહ મુકી ગયા, ત્યારે મહારાજ કહે જે, એની ચિંતા કરશો નહિ અને અમો તમાર પતિ છીએ, માટે અમો તમારી રક્ષા કરીશું એમ કહિ ને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

*ચોપાઈ :- એવા પરચા આપે અપાર, પુરૂષોતમ પ્રાણ આધાર ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે હે રાજન, ભગવાન સ્વામિનારાયણ આજે અનંત જીવોનો ઉધાર કરવા માટે આ પૃથ્વી ઉપર પ્રગટ થઈને પોતાના આશ્રિતોને પળે પળે આવીને પોતાના ભરતોની રક્ષા કરે છે.

એવી રીતે *પરચો ૩ થયો.*

---



### *અધ્યાય ૭૧ મો, પરચો ૪ થો,*

## *મયાચંદ મણિયારની વાત,*

*ચોપાઈ :- પરચા પુરૂષોતમ તણા ॥ અતિ ઘણા રાજન આજ ॥*
*॥ હું સંભળાવું સાંભળો, ॥ તમે તમારા જીવને કાજ, ॥*

બ્રહ્માનંદસ્વામી કહે છે કે, હે રાજન પુરૂષોતમ ભગવાનના પરચા તો અતિ ઘણા છે તેનો કહેતા પાર આવે તેમ નથી, તો પણ અમુક પરચા તમારા જીવનના હિત માટે સંભળાવું છું તેને તમો સાંભળો, માણસા ગામમાં મયાચંદ એવેનામે એક મણિયાર વણિક ભકત હતો, તેને શરીરે કાંઈ રોગ થયો, ઘણુંયે ઔષધ કર્યુ પણ બિમારી ઓછી થઈ નહિ પરંતુ રોગ વધતો જાય, પછી તેને સાંભળ્યું જે વિશનગરમાં વૈદ્ય સારો છે, એમ જાણીને વિશનગર ગયા, ત્યાં મંદિરમાં થઈ ઠાકોરજીનાં દર્શન કરિને પછી ત્યાં રહયા, સ્વામી કૃષ્ણાનંદ મુનિ પણ ત્યાંજ હતા, તેની પાસે જઈ સ્વામીનાં દર્શન કરીને પોતાનું સર્વે વૃતાંત સ્વામી ને કહયું ત્યારે કૃષ્ણાનંદ સ્વામીએ ધીરજ ની વાતો કરી કે, તમો મહારાજને સંભારજો એ ભગવાન સારૂ કરશે, આપણે ઔષધાદિક પ્રયત્નો કરવો જોઈએ પરંતુ એમાં મહારાજની મરજી હોય તેમ થાય, માટે ભગવાનને ભુલશો માં, ભગવાન સારૂં કરશે, ત્યારે મયાચંદ પણ સ્વામીની વાત સાંભળી ને શાંતિને પામ્યા, પછી સ્વામી ની આજ્ઞા લઈને વૈદ્ય પાસે ગયા, વૈદ્યનિ દાન કરીને ઔષ આપ્યું, તે લઈને ત્યાં કોઈક પોતાના જ સંબંધી હશે,તેને ઘેર નિવાસ કર્યો, પણ એ સબંધી સત્સંગી ન હતા, ત્યાં પોતે રહયા, ઔષધ કરે પણ બિમરીમાં તો કાંઈ પણ ફેર પડયો નહિ, કૃષ્ણાનંદ સ્વામી પણ બીજા સંતોને લઈને તેને દર્શન દેવા માટે જતા, અને તેને શાંતિની વાતો કરે, એમ કરતાં કેટલાક દિવસો વિત્યા પછી અનંત સંતોના મંડળની સાથે ભગવાન સહજાનંદ સ્વામી તેને તેડવા માટે આવ્યા, સાથે કૃષ્ણાનંદ સ્વામી પણ મંડળની સાથે હતા. બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન ભગવાન તેડવા માટે આવ્યાતો ખરા, પણ ઘરની અંદર નહિ આવતાં ઘરની બહાર ઉભા રહયા, ત્યારે મયાચંદ કહે જે, મને તેડવા માટે મહારાજ ઘણા સંતોને સાથે લઈને આવ્યા છે, કૃષ્ણાનંદ સ્વામી પણ સાથે છે, અને બહાર ઉભા છે માટે મને પાણી લાવો અને નવરાવો અને ધોએલાં વસ્ત્રો

પહેરાવો, કારણ કે, મહારાજ ખોટી થાય છે, વળી મહારાજને કહેવા લાગ્યો જે, હે મહારાજ તમો બહાર કેમ ઉભા છો, અંદર આવો અને મને લઈ જાઓ હું આપની વાટ જોઈ રહયો છું, ત્યારે મહારાજે બહારથી કહયું જે, તુંતો અત્યારે કુસંગીના ઘરમાં રહેલો છે, તો અમે કુસંગીના ઘરમાં કેમ આવીએ, એમ કહિને મહારાજ સંતોની સાથે અદૃશ્ય થઈ ગયા, પછી એની સેવામાં રહેલાં ઘરવાળાંએ નવરાવ્યા, ધોએલાં વસ્ત્રો પહેરાવ્યાં, ત્યારે કુંસંગી કહેવા લાગ્યા જે, આતો ચાળે ચઢયો છે, તે ચળા કરે છે, મયાચંદ તો વારે ભગવાનને બોલાવે જે, હે મહારાજ આવો આવો પણ મહારાજ તો આવ્યા નહિ, અને પાછા જતા રહયા, પછી મયાચંદ દેહની સુધ્ધિમાં આવ્યા, ત્યારે કૃષ્ણાનંદ સ્વામીને તેડાવ્યા એટલે સ્વામી આવ્યા અને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા, ત્યારે મયાચંદે પગે લાગીને કહયું જે, હે સ્વામી મહારાજ અનંત સંતોને સાથે લઈને મને તેડવા માટે આવ્યા હતા, તમો પણ સાથે હતા, અને મને તેડી કેમ ન ગયા, અને પાછા કેમ જતા રહયા, અને કહયું જે, તું કુસંગીને ઘેર છો, એટલે એ ઘરમાં અમો નહિ આવીએ, એમ કહિને જતા રહયા, ત્યારે સ્વામી કહે જે, અમોતો આવ્યા ન હતા, અમોતો મંદિરમાં સુતા હતા, પણ એતો મહારાજે એવું તમોને દેખાડયું હશે, એ ભગવાને તમોને પરચો દીધો, ત્યારે મયાચંદ કહે જે, હે સ્વામી, હવે મહારાજ કયારે આવશે? ત્યારે કૃષ્ણાનંદ સ્વામી કહે કે, તમો હવે માણસે તમારે ઘેર જાઓ, અને બધી ચિંતા છોડીને મહારાજને સંભારજો, મહારાજ સારૂ કરશે, એમ કહિને સ્વામી મંદિરમાં ગયા, અને મયાચંદ પોતાનાં પત્નિની સાથે ગામ માણસે પોતાને ઘેર ગયા, ત્યારે રાત્રે ભગવાન સ્વામિનારાયણ રથ વિભાન લઈને અનેક સંતોની સાથે આવી મયાચંદને દર્શન દઈને કહે જે, હે મયાચંદ, અમો તમોને તેડવા માટે આવ્ય છીએ માટે થાઓ તૈયાર, ત્યારે મયાચંદ કહે જે, હે મહારાજની સાથે અક્ષરધામમાં ગયો, ત્યાર પછી એ મયાચંદની પત્નિ અતિશે રૂદન કર્યા કરે, અને મહારાજને યાદ કરે, ત્યારે મહારાજે દિવ્ય પણે આવિને એને પોતાનાં દર્શન ન દીધાં, પણ એની પાડોસણ સત્સંગી એક બહેનને દર્શન દઈને કહયું કે, તું એને ઘરે જઈને ભલામણ કરજે, અને કહે જે, કે રૂદન કરે નહિ, અને કહે જે કે, તારા પેટમાં ગર્ભ છે, તે પુત્ર જન્મશે, અને તારી સેવા કરશે. તુને કાંઈ પણ દુઃખ થશે નહિ, એમ કહિને મહારાજ અદૃશ્ય થઈ ગયા



પછી એ બાઈઓ મયાચંદને ઘરે જઈને સર્વે વાત કહિ, ત્યારે એ બાઈએ શોકતો ત્યાગ કર્યો, પછી પુરે માસે તેના પેઠે પુત્રનો જન્મ થયો, અને મોટો થયો અને પોતાની માની સારી સેવા કરી અને એ પણ સારો સત્સંગી થયો, વહાલા ભકતો, આમાંથી આપણે પણ એટલો સાર લેવાનો છે, કે એનો ઉતારો કુસંગી ને ઘેર હતો જેથી મહારાજ ઘર થી બહાર ઉભા ઉભા કહે જે, અમો કુસંગી ના ઘરમાં કેમ આવિએ, ૧ એમ કહિને પાછા જતા રહયા, પછી કૃષ્ણાનંદ સ્વામી ના વચને પોતાને ઘરે આવ્યા, ત્યારે મહારાજ રથ વિમાન લઈને અનંત સંતોની સાથે આવી મયાચંદને પોતાના દિવ્ય દર્શન આપીને પોતાના ધામમાં તેડી ગયા, તો આપણે આપણાજ ઘરમાં કુસંગ ને રાખ્યો હોય, તે શું તો, દારૂ, ડુંગાળી, લશણ, તમાકું, માવો વગેરે કુસંગ રાખ્યો હોય, અને સત્સંગી કહેવાતા હોઈએ, તો તેને મહારાજ તેડવા શી રીતે આવશે, માટે આવા કુસંગનો ત્યાગ કરીને પવિત્રતા આપણા ઘરમાં હશે, તો જ મહારાજ આપણા ઘરમાં આવશે અને મયાચંદની જેમ અલૌકિક પરચો આપીને મહારાજ પોતાના ધામમાં લઈ જશે. પરચો ૪ થો.

---

### *અધ્યાય :- ૭૧ મો, પરચો ૫ મો.*

## *વસંતરામને મહારાજે પરચો દીધો.*

હવે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે એવી એક બીજી વાતકહું છું તેને તમો ચિત દઈને સાંભળો, જે,

*॥ વિશનગ્રે વસંતરામ વ્યાસ । હતા પ્રગટ પ્રભુના તે દાસ, ॥*
*॥ દીઠા સ્વપ્નામાં ગોપાળા નંદ । પામ્યો વસંતરામ આનંદ ॥*
*॥ સ્વામી કહે તમને ચોજો દન । લેવા આવશું જાણજો મન, ॥*
*॥ સુંણી વસંતરામે એ વાત, । ઘણો મનમાં થયો રળિયાત, ॥*

વિશનગરમાં એક ભગવાન નો ભકત વસંતરામ વ્યાસ એ બેના મે એક બ્રાહ્મણ હતો, તેને રાત્રે સ્વપ્નામાં ગોપાળા નંદ સ્વામીએ દર્શન દઈને કહયું કે, હે વસંતરામ, આજથી ચોથે દહાડે મહારાજની સાથે લઈને અમો તુને તેડવા માટે આવિશું માટે તું તૈયાર થઈ રહે જે, એમ કહિને સ્વામી અંતર્ધ્યાન થઈ

ગયા, ત્યારે એ વસંતરામ તો આવિશે રાજી રાજી થઈ ગયો, અને સવાર માં ઉઠીને શરીરે પણ સાજો તાજો , કાંઈ પણ બિમારી નહિ અને કહેવા લાગ્યો જે, હવે મારે કાંઈ પણ કરવાનું બાકી રહયું નથી અને આજથી ચોથો દિવસે મને મહારાજ સંતોને સાથે લઈને તેડવા આવશે, તેમ મને ગોપાળાનંદ સ્વામી સ્વપ્નામાં કહિ ગયા છે, તો એ સ્વામીના વચનમાં મને દૃઢ વિસ્વાસ છે, માટે આજથી ચોથો દહાડે છું મહારાજ ના ધામમાં જઈશ, પછી મંદિરમાં દર્શન કરવા ગયો, અને ત્યાં પણ સર્વે સંતાને અને હરિ ભકતોને કહેવા લાગ્યો જે, આજથી ચોથે દહાડે મહારાજ સંતો ને સાથે લઈને મને તેડવા માટે આવશે, અને હું ધામમાં જઈશ, ત્યારે એનાં સગા સબંધી કહેવા લાગ્યાં જે,

*॥ એના સગાં કહે બાઈ ભાઈ । ઠાલા શીદ કરો બહુવાઈ, ॥*
*॥ તમને તો થાશે નહિ કાંઈ । ઠાલી લાજ જાશે લોકમાંઈ ॥*

ઠાલા બકવાદ શા માટે કરો છો, અને તમને કાંઈ પણ થવાનું નથી, અને આ લોકમાં ઠાલી લાજ જાશે, ત્યારે ભકત કહે જે, લાજ ન જાય, કારણ કે, મને ગોપાળાનંદ સ્વામી કહી ગયા છે, મને સ્વામીના વચનમાં દૃઢ ભરૂસો છે, માટે હવે તો તૈયારી જ છે, જરા પણ વાર નથી એમ અતિ હર્ષ પુર્વક સર્વે ને કહે, એમ વાતો કરતાં કરતાં ચાર દિવસ પુરા થયા, એટલે પત્નિ, પુત્ર સગા સંબંધી માંથી પ્રિતી ત્રોડીને એક ભગવાન માંજ પ્રિતી કરીને પોતાનું ચિત ભગવાનમાં જોડી દીધું, અને ચોકો કરીને જેમ સાજો માણસ સુઈ જાય, તેમ ચોકામાં સુઈ ગયો અને જેમ કોઈ સિધ્ધયોગી શરીર નો ત્યાગ કરે, તેમ દેહને છોડી દીધો, તેવા માંજ શ્રીજી મહારાજને તેને પોતાનાં દર્શન દીધાં અને ઠરાવ પ્રમાણે તેને તેડી ગયા, તેનાં સર્વે સગા સંબધી, ગામના સર્વે જનોને દર્શન થયાં, તે જોઈને સર્વે જનો કહેવા લાગ્યાં જે, આતો મોટો પરચો થયો,

*॥ તેડી ગયા સહજાનંદ સ્વામી । ન માને પરચો તે હરામી ॥*

આ પરચાને નહિ માટે તેને હરામી કહેલો છે, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, આવા પરચાતો ભગવાનના અનંત છે, તેનો કહેતાં પાર આવે તેમ નથી, પરચો પ મો થયો.

---



### અધ્યાય :- ૭૧ મો, પરચો :- ૬ ઠો.

## રૂપાભાઈને મહારાજે પરચો દીધો.

*॥ બીજી વાત કહું સુણો રાય । જેને સાંભળતાં સુખ થાય ॥*
*॥ એક વ્યાહાર નામે છે ગામ । હરિજન હેમરાજ નામ, ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે રાજન હવે એક એવી જ બીજી વાત કહું છું, જે વાતને સાંભળીને અતિ આનંદ થશે, એક વ્યાહારના જો ગામ છે, તેમાં એક ભગવાનના પરમ ભકત હેમરાજ કરીને હતા, તેના દિકરો હતો, તેનું નામ હતું રૂપો, તે રૂપો પણ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી સર્વોપરી ભગવાન છે એમ જાણી ભગવાનનું ભજન ભકિત કરે, અને સાથે આ લોકના વ્યવહાર સંબંધી કામ કાજ કરે, અને એ રૂપાનો દીકરો ભગો હતો. તે પણ ભગવાનનો ભકત હતો, સ્વામી કહે છે કે, ગમે તેવા પાકા ભકત હોય, તો પણ એમાં કોઈક કુટેવ હોય, તે કુટેવ કયારેક પરેશાન કરાવી દે, સ્વામી કહે છે, કે, એક વખતે શ્રીજીમહારાજે જેતલપુરમાં મોટો યજ્ઞ કર્યો, ત્યારે તે યજ્ઞમાં જવા માટે સગાસબંધી, કેટલા ક ગામના સત્સંગી તૈયાર થયા ત્યારે રૂપાભાઈએ પોતાના ઘરનાં માણસોને જગનમાં જવાની ના કહી જે, યજ્ઞમાં કોઈને જવાનું નથી, સ્વામી કહે છે કે, એનું કારણ એ હતું કે, કયાંક યાત્રા કે, દર્શન કરવા જવું હોય, તો વાટ ખર્ચી આદિક માટે પૈસાની જરૂરતો અવશ્ય પડે જ, આ બધાં યજ્ઞમાં જશે, તો પૈસા વપરાઈ જશે. આવા એ રૂપા ભગતમાં લોભ વૃતિ હતી.

*॥ સર્વે ઘરનાં દર્શને ચાલ્યાં, વાર્યાં રૂપે તો ન રહ્યાં ઝાલ્યાં ॥*
*। ભેળો જાય નહી ન દે જાવા, ન લે ભકતપણાના તે લાવા ॥*
*॥ બીજો સંઘતો દર્શને ગયો, રૂપો એકલો ઘરમાં રહયો ॥*

સ્વામી કહે છે કે, સર્વે ઘરનાં માણસો તો દર્શન કરવા માટે ચાલ્યાં રૂપા ભગતે ઘણીયે ના કહિ, તો પણ સર્વે ગયાં અને ઘેર એકલા રૂપા ભાઈ રહયા, પોતેતો કયાંય દર્શનને જાય નહિ, પણ બીજા ને જવાયે ન દે આવા રૂપાભાઈ હતા, પછી એક દિવસ રાતે એકલો રૂપાભાઈ ઘરમાં સુતો હતો, ત્યાં એક વિક્રાડ યમદૂત આવ્યો અને રૂપાને જોરે પકડીને માંડયો મારવા, અને લઈને ચાલ્યો

યમપુરીને રસ્તે ત્યારે રૂપો કહે જે, અલ્યા યમ તું મને મારે છે શા માટે, હું તો સ્વામિનારાયણનો પાકો સત્સંગી છું. ત્યારે યમ કહે જે તું સત્સંગી નથી તું તો કુસંગી છો, કારણ કે, જે સત્સંગી હોય, તેતો સમૈયે, જાય, અને તું તો, જતોય નથી, અને બીજા જાય, તેને પણ તું જવા ન થી દેતો, અને તેમાં તું આડય કરે છે, વળી તારી પાસે પૈયા ઘણા છે તો પણ સત્સંગને અરથે જરા પણ વાપરતો નથી.

*।। નથી સત્સંગ અરથે કાંઈ, । દામ વાવરતો રૂપાભાઈ, ।।*
*।। માટે લોભ છે તું માં અપાર, । એજ કુસંગના છે આચાર ।।*
*।। માટે સાધુની સાપદી લઈશ । ત્યારે હું તુજને મુકી દઈશ ।।*
*।। એમ કહી મારી લઈ જાય, । ઘણું દુઃખ આપે ન ખમાય, ।।*

હે રૂપાભાઈ આવો લોભ તારામાં છે, એજ એ કુસંગના આચાર છે, માટે હવે જો તું કોઈ સાધુની સાપદી લઈશ, તોજ તને હું છોડીશ, એમ કહીને મારતો મારતો યમપુરીને માર્ગે રૂપાને લઈ જાય છે.

*ત્યાંતો પરચો પ્રભુએ જણાવ્યો । કરી દર્શન ને સંઘ આવ્યો ।।*
*।। ઉતર્યો નારદીપુર માંઈ । ઉંઘ માંથી ઉઠી એની માઈ, ।।*
*।। કહયું સર્વેને સાંભળો વાત, । ઉઠી ઉંઘમાં કહુ સાક્ષાત, ।।*
*।। મારા રૂપાને જમ લઈ જાય, । મારે માર કરે હાય હાય, ।।*

સ્વામી કહે છે કે, હે રાજન તેવામાં ભગવાને એક અલૌકિ પરચો જણાવ્યો, તે શું? તો કહે છે, કે, જયારે જેતલપુરમાં યજ્ઞના દર્શન કરીને સંઘ સર્વે પાછો વાળ્યો અને નારદીપુરમાં આવી ને રાત્રી રહયાં, ત્યારે રાત્રે એ રૂપાન્ત માં ઉંઘ માંથી ઓચિંતાની ઉઠીને બલોવા માંડી જે, અરે, સર્વે ઉઠો, અને મારી વાત સાભળો, મારા રૂપાને જમ પકડીને મારતા મારતા જમપુરીમાં લઈ જાય છે, ત્યારે સર્વે જનો કહેવા લાગ્યાં જે, અરે બોલ્યમાં, અનેછા ની માની સુઈ ની, તોપણ એ બોલ્યા કરે જે,

*।। મારા રૂપાને જમ લઈ જાય, મારે માર કરે હાય હાય, ।।*

સ્વામી કહે છે, કે, હે રાજન, એવી રીતે રૂપો ભગત જમના સાથે હાય



હાય કરતો ચાલ્યો જાય છે, પછી અતિશે જમનો માર સહન નહિ થવાથી સંતોને સંભાર્યા, એટલે તત્કાળ સંતો સામા મલ્યા અને યમને ડારો દીધો જ, અરે પાપીઓ, આને શા માટે લઈ જાઓ છો, મુકી દીયો, ત્યારે જમ કહે જે, અરે આતો સત્સંગી નથી, આ તો કુસંગી છે, કારણ કે કોઈ દર્શને જાય, તો તેને જવાય ન દે અને સત્સંગને અર્થે કોઈ પૈસા પણ વાપરતો નથી માટે આતો અતિ લોભી છે, એમાં સત્સંગના કોઈ આચરણ નથી, ત્યારે સંતો કહે જે, ભલે ગમે તેવો હોય, પણ ભગવાનનું ભજન તો કરે છે ને? માટે મુકી દીઓ, ત્યારે તેને મુકીને જમ જતો રહયો, પછી સંતો એ કહયું કે, હે રૂપાભાઈ અતિ લોભીની આજ, ગતી થાય છે,

*।। મળ્યા સત્સંગ શોભાનું ધામ । તોય નથી ખચરતો દામ, ।।*
*।। લોભે કરી સમૈયે ન જાય । તેની જાણજો આ વલે થાય ।।*

માટે હે રૂપાભાઈ હવેથી તું સંતને અર્થે, અને આ સત્સંગને અર્થે દ્રવ્ય વાવરજે, કારણ કે, તું સમર્થ છો તારી પાસે દ્રવ્ય ઘણુયે છે, અને એવી રીતે તું નહિ કરે, તો જમ લઈ જશે, એમ કહીને જમ થકી રૂપાને છોડાવી ને સંતો અદૃશ્ય થઈ ગયા, સ્વામી કહે છે કે, આવી રીતે જમ થકી સંતોએ રૂપાને છોડાવ્યો, ત્યારે નારદીપુરમાં એ રૂપાની માને ઉંઘ આવી, પછી બીજે દિવસે સંઘ ત્યાંથી ચાલ્યો તે જયારે માલે ગામની સમીપે આવ્યો ત્યારે રૂપો સંઘની સાામો ગયો પોતાની માને મલ્યો, પછી ડોસીએ રાત્રે સ્વપ્નામાં દીઠેલી વાત રૂપાને પૂછી, ત્યારે રૂપે સર્વે વાત સંઘના માણસોને સંભળતે સતે પોતાની માને બધી વાત કહી સંભળાવી ત્યારે સર્વેએ જણ્યું જે, આતો મોટો પરચો થયો કહેવાય, અને સર્વે જનો અતિ રાજી થયાં ત્યાર પછી રૂપે ભકતે પણ ભગવાન, સંતો, સત્સંગીઓ, તીર્થો વગેરેનો મહિમા અપાર છે, એમ જાણીને લોભવૃતિ નો ત્યાગ કર્યો.

*।। સંતો સાધુની સેવાઓ કીધી, લાવો લીધો રસોઈયું દીધી ।।*
*।। એમ સંતને અર્થે તે વાર, દામ રૂપાએ ખરચ્યું અપાર, ।।*

સ્વામી કહે છે કે, હે રાજન પછી રૂપાભાઈએ સાધુ સંતને રસોઈયો આપી, વસ્ત્રો ઓઢાડયાં, મંદિરો માં દેવોને અર્થે ઘણું ઘન વાપર્યું, અને મોટી

મોટી સેવાઓ કરી એમ કરતાં જયારે એના દેહનો અંતકાળ સમય પ્રાપ્ત થયો, ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવાને માટે આવ્યા, રૂપાને કહ્યું, હે રૂપાભાઈ અમો તમોને તેડવા માટે આવ્યા છીએ, માટે તમો થાઓ તૈયાર, ત્યારે રૂપોભાઈ કહે જે, હે મહારાજ, તમો મને તેડવા માટે ભલે આવ્યા, પણ મારી આપની પાસે એક વિનંતી છે કે, અત્યારે તમો મને મેલી જાઓ, કારણ કે, આજથી ચોથે દિવસે, બારસને રોજ અહીં અમારી નાત એકઠી મળવાની છે, ત્યારે મને સર્વેને આ વાત કહેવી છે ત્યાર પછી તમો મને તેડવા માટે આવજો એટલે હું અવશ્ય ચાલીશ, આવી રીતની રૂપાની વાત સાંભળી ને મહારાજ કહે જે, બહુ સારૂં, એમ કહીને રૂપાને મેલી ગયા, ત્યાર પછી જયારે ચોથે દિવસે નાત ભેળી થઈ ત્યારે રૂપે સઘળી નાત આગળ વાત કરી જે,

*॥ પુરૂષોત્તમનો અવતાર, આજ થયો જાણો નરનાર, ॥*
*॥ કરો સત્સંગ કલ્યાણ થાશે, નહિ માને તે યમપુર જાશે ॥*
*। માટે માનજો સહુ વાત મારી, સાચી કહું છું નપણે નિહારી ।*

એ સર્વે જનો સાંભળો, એક સર્વેના હીતને કરનારી વાત કહું છું આજે આ પૃથ્વી ઉપર અક્ષરધામના પતિ પુરૂષોત્તમનો અવતાર થયો છે, માટે સત્સંગ કરો, અને ભગવાન શ્રી સ્વામિ નારાયણનું ભજન કરો, અને ભગવાન, અને સાચા સંતની સેવા કરશો, તો તમારૂં કલ્યાણ થશે, અને આ મારી વાત ને જે નહિ માને, તે દેહને અંતે યમપુરી માં જાશે, અને જમનો માર ખાશે,આ મારી વાત સર્વે સાચી માનજો, આ વાત તે માર નજરે જોઈને તમારી આગળ કહિ છે, અને એટલા માટે જ, મહારાજ મને મેલી ગયા છે, હવે.

*॥ આજ મારે જાવું પ્રભુ પાસ । આવશે તેડવા અવિનાશ ॥*
*॥ પામ્યાં આચરજ સૌ નર નારી । આતો વાત છે આશ્ચર્ય કારી ॥*
*॥ સાજો તાજો કહે છે મારે મરવું । આનું નિશ્ચે કેમ કરી કરવું ॥*
*॥ એટલામાં આવિયા મહારાજ । સંગે લઈને સંત સમાજ ॥*

આજે મને મહારાજ તેડવા માટે આવશે અને હું ભગવાન ના ધામ માં જઈશ, તે વાત સાંભળીને સર્વે જનો અતિ આશ્ચર્યને પામી ગયાં અને સહુ કહેવા લાગ્યાં જે, આતો વાત આશ્ચર્ય કારીછે, કેમ જે, આ રૂપો હાજો હારો કહે છે કે



મને મહારાજ તેડવા આવશે તો એ વાતનું નકકી કેમ થાય, આમ સહુ પરસ્પર વાતો કરે છે, તેવામાં તો સર્વે સંત સમાજને સાથે લઈને શ્રીજી મહારાજ પધાર્યા તેનાં સર્વેને દર્શન થયાં, ત્યારે રૂપો કહે જે, સર્વે મારી વાત સાંભળો, જુઓ આ મહારાજ સર્વે સંતોને સાથે લઈને મને તેડવા માટે પધાર્યા છે, તેનાં તમો દર્શન કરો, અને હવે હું આ શરીરને મુકીને જાઉં છું મહારાજની સાથે, એમ કહીને પોતાના દેહનો ત્યાગ કરીને ગયો ધામમાં, ત્યારે રૂપાને તેડીને વિમાનમાં બેસાડી ને મહારાજ ચાલતા થયા, તેનાં સર્વે જનોને દર્શન થયાં ત્યારે સર્વે જનો કહેવા લાગ્યા જે, આતો આશ્ચર્ય કારી વાત કહેવાય.

*॥ જોઈ આશ્ચર્ય પામ્યાં અપાર । આતો પરચો થયો ઉદાર ॥*
*॥ જેમ કહેતો તેમ થઈ વાત । માટે સ્વામી પ્રભુ સાક્ષાત ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે, હે રાજન આવી રીતે દયાના નિધિ, સર્વના મનને આનંદ આપનારા એવા ભગવાન સ્વામિ નારાયણ પોતાના ભકતો ને એવા અનંત પરચા આપે છે, અને આ લોકમાં અલૌકિક રીત દેખાડીને પોતાના આશ્રિતોની રક્ષા કરે છે, આવા પરચાને જે સાંભળશે, અને બીજાને સંભળાવશે તેને પણ શ્રીજી મહારાજ આશ્ચર્યકારક પરચો આપીને પોતાનો ધામમાં અવશ્ય તેડી જાશે, એમાં સંશય નથી, પરચો ॥ ૬ ॥

---

## અધ્યાય ૭૨ મો, પરચો ૭ મો.

# પંડીતોની સભામાં સંતોની જીત.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન, અક્ષરધામના પતિ અને સર્વે અવતારોના અવતારી એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર અનંત દૈવી આત્માઓના કલ્યાણ માટે અનંત સંતોને સાથે લઈને પધાર્યા છે. વળી આગળમાં આવતારો તો ઘણાય ધારણ કર્યા, પરંતુ આ અવતારે જે, અલૌકિક પરચા પુર્યા છે તેનો કહેતા પાર આવે નહી. તો પણ તમારા પ્રત્યે એક અલૌકિ પરચો કહું છું તેને સાંભળો,

*।। એક લુણાવાડા મોટું ગામ । ઘણા વાડવનો વિસરામ ।।*
*।। સર્વે ભણેલા પુરાણ વેદ, । અંગે સહિત જાણીને ભેદ ।।*

લુણાવાડા, એવે નામે એક મોટું ગામ છે, તેમાં બ્રાહ્મણો ઘણા રહે છે, તે સર્વે બ્રાહમણો અંગે સહિત વેદો પુરાણોને ભણેલા, તેમાં પણ પચાસ, સાઈઠ જેટલાતો પુરાણીઓ અને સાત કે આઠ તો શસ્ત્રીઓ રહે છે અને તે ગામનો રાજા ફૂતેસંગ હતો, તે અતિખડ સ્વભાવનો, સત્સંગનો અતિદ્વેષી, મદ્ય, માંસ, ચોરી, અવેરી આદિક સર્વે કુલક્ષણે પુરો હતો, તે ગામમાં સત્સંગના પ્રચાર માટે ફરતા એવા કૃષ્ણાનંદ સ્વામી ગએલા, એ દશ સંતોનું મંડળ હતું. ત્યારે કેટલાક કુસંગી બ્રાહમણોએ રાજાની આગળ જઈને કહ્યું જે, હે રાજન આ ગામમાં સ્વામિનારાયણના સાધુ કૃષ્ણાનંદ પોતાના મંડળના સાધુની સાથે આવ્યા છે, તે કેટલાક ભોળા લોકોને ઉપદેશ કરીને પોતાના આશ્રિત કરશે અને સેર્વે અવતારના અવતારી સર્વોપરી તો એક સ્વામિનારાયણ ભગવાન છે, આવીવાતો કરીને કેટલાક લોકોને ખોટી રીતે ભરમાવશે અને ગામ બગાડશે, માટે એ સાધુ અહીં રહેવા ન જોઈએ, કારણ કે, એનો મત ખોટો છે. આ કળીયુગમાં ભગવાનનો અવતાર હોય જ નહી, કારણ કે ભગવાનને ત્રિયુગી કહેલા છે. માટે ભગવાન ત્રણ યુગમાં જ અવતાર ધારણ કરે છે, અને એ સ્વામિનારાયણને ભગવાન કહે છે, એ વાત સાવ ખોટી છે, ત્યારે રાજાએ ઠરાવ કર્યો કે, આપણે આ ગામમાં મોટી સભા કરાવીએ અને તેમાં વિદ્વાન ભૂદેવોની સાથે ચરચા કરાવીએ અને એ ભૂદેવોના પ્રશ્નોના એ સાધુ જવાબ શાસ્ત્રોની રીતે ન આપી શકે, તો આપણે એનો મત ખોટો, સાધુ ખોટા અને એના સ્વામિનારાયણ ભગવાન પણ ખોટા ઠરાવીને એ સાધુને અહિંથી કાઢી મુકવા, આવો ઠરાવ રાજાએ બ્રાહ્મણોની સાથે કર્યો, ત્યારે આ ઠરાવની જાણ કૃષ્ણાનંદ સ્વામીને થઈ કારણકે, તે ગામમાં કેટલાક નાગર બ્રાહ્મણો સત્સંગી હતા, કરૂણાશંકર, મનોહરદાસ, લક્ષ્મીરામ જાની, પુરૂષોતમ, ઉત્તમરામ આદિ કેટલાક હતા, તેમણે સ્વામીને ખબર કરી કે, હે સ્વામી આ સત્સંગના દ્વેશી બ્રાહ્મણો અને રાજાએ આવો ઠરાવ કર્યો છે, ત્યારે કૃષ્ણાનંદ સ્વામીના મનમાં ચિંતા થવા લાગી કે કેમ થાશે, રાજાએ અને વિદ્વાન બ્રાહ્મણોએ સભા કરીને આપની સાથે ચરચા કરવાનો ઠરાવ કર્યો



છે અને એ વિદ્વાનો તો સંસ્કૃતમાં વેદાંતાદિના પ્રશ્નો કરશે, અને આપણે તો સંસ્કૃતમાં કોઈ ભણેલા નથી, અને આપણાની જવાબ આપી નહી શકાય ? તો આપણી નિંદા કરશે અને આપણા સંપ્રદાયને ખોટો કહેશે. અને ભગવાન સ્વામિનારાયણને પણ એ ખોટા કહેશે માટે કેમ થાશે, તેવામાં સ્વામીને સ્મૃતિ થઈ કે સ્વામી ભગવદાનંદ આદિક મહા વિદ્વન સંતો ઉમરેઠમાં છે, એ સંતોને બોલાવીએ. આમ વિચાર કરીને બે સંતોને ઉમરેઠથી ભગવદાનંદ સ્વામીને તેડવા માટે મોકલ્યા, સંતોએ જઈને સર્વે સમાચાર કહ્યા, એટલે તત્કાળ, ભગવદાનંદ સ્વામી, ભદ્રાનંદ સ્વામી અને દહરાનંદ સ્વામી એમ ત્રણ સંતો આવ્યા, ત્યારે કૃષ્ણાનંદ સ્વામીના હૃદયમાં અતિ શાંતિ થઈ, વળી લુણાવાડામાં સભા થવાની છે, એ વાત જાણીને બીજા દેશમાં ફરતા યજ્ઞપુરૂષાનંદ સ્વામી, શ્વેત પ્રકાશાનંદ સ્વામી અને નિરંજનાનંદ સ્વામી આદિક દશ સંતોનું મંડળ આવ્યું એટલે જે, હરિભકતો હતા, તે અતિ રાજી થયા અને સંતોને રસોઈયો આપવા લાગ્યા, સંતો રસોઈ કરી ઠાકોરજીને જમાડીને ભગવાનની પ્રસાદી જમે અને ભગવાનનું ભજન, કથા, વાર્તા, કીર્તન વગેરે કરે, પછી સંતોએ રાજાને કહેવડાવ્યું જે અમો સભા કરવાને માટે તૈયાર છીએ એટલે ભ્રષ્ટ બુદ્ધિ રાજાએ અને વિદ્વાનોએ સભા કરીને સંતોની લાજ લેવી એવા ભુંડા આશયથી સભાનો દિવસ નક્કી કરીને સંતોને સભામાં બોલાવ્યા, ત્યારે કૃષ્ણાનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, ભદ્રાનંદ સ્વામી, અને દહરાનંદ સ્વામી એ ચાર સંતો સભામાં ગયા, હૃદયમાં મહારાજને સંભારીને સભામાં બેઠા, ત્યારે તે સભામાં તો કેટલાક પુરાણીઓ શાસ્ત્રીઓની મોટા પ્રમાણમાં સભા ભરાએલી હતી, સ્વામી કહે છે કે, એ સભા જોઈને સંતોએ મહારાજને સંભાર્યા, એટલે મહારાજે પોતાનાં દિવ્ય દર્શન દઈને કહ્યું જે, હે સંતો, હું તમારી સાથે છું તમારી લાજ રાખવી મારા હાથમાં છે, માટે ચિંતાનો ત્યાગ કરીને એને જવાબ આપજો, એ ભગવાનનાં દર્શન સંતોને જ થયાં, પરંતુ સભામાં બીજા કોઈને દખાણા નહિ, પછી સંતોએ હિંમતમાં આવીને કહ્યું જે, હે પંડિતો, જેને જે કાંઈ પુછવું હોય ? તો સુખેથી પુછી શકો છો, અમો અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તમોને જવાબ આપવા તૈયાર છીએ, ત્યારે વિદ્વાનો તો જેમ જેને ઠીક લાગે, તેમ માંડયા સંસ્કૃતમાં બોલવા,

*।। બોલે ગિર્વાણ વાણી ન તુટે, જેમ ગંગાનો પ્રવાહ છુટે ।।*
*।। જાણે પર્વમાં ઉધ્ધી ગાજે, એમ ગિર્વાણ વાણી ત્યાં રાજે ।।*

જેમ ગંગાનો પ્રવાહ છુટે અને જેમ પવનના વેગથી સમુદ્ર ગર્જના કરે, એમ માંડ્યા પ્રશ્ન પૂછવા, કોઈને વિદ્વાનોની સભામાં કેમ બોલવું જોઈએ, એનોયે કોઈને વિવેક નહિ, ત્યારે.

*।। સંતે સંભરિયા સુખકંદ, । સુખ દાયક સહજાનંદ ।।*
*।। આપ્યું સામર્થ્ય સંતને શ્યામ, । પુરૂષોતમ પુરણ કામ ।।*
*કહ્યું સાનમાં સંતોને સોઈ, । બોલો ઝપટ નહિ ઝાલે કોઈ।।*

સંતોએ પોતાના હૃદયમાં મહારાજને સંભાર્યો, ત્યારે સહેજે, સહેજે પોતાના ભકતોને સુખને આપનારા એવા ભગવાન શ્રી હરિ સહજાનંદ સ્વામી તત્કાળ આવીને પોતાના સંતોને અલૌકિક સામર્થી આપીને મહારાજ સંતોને સાન કરીને કહ્યું જે, હે સંતો, તમો બોલો, તમારો ઝપાટો કોઈયે નહિ ઝાલી શકે, ત્યારે પ્રથમ ભગવદાનંદ સ્વામી અતિ હિંમતમાં આવીને જેમ સીયાળીયાંને સામો કેશરી સિંહ અતિ જોરથી ગરજના કરે, તેમ કહેવા લાગ્યા જે, અરે પંડિતો સાંભળો, સાંભળો, આ બધા તમો જેમ ને તેમજ એકી સાથે ઠીક લાગે ? તેમ બોલો છો? એ સભાની રીત નથી કાંઈક સભાની તો મર્યાદા રાખો, જેને પુછવું હોય, તે આ સભાની રીત પ્રમાણે એક એક આવી ને જેટલા પ્રશ્નો પુછવા હોય, તેટલા પુછી શકો છો, અને એના ઉતરો અમો તમોને અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણની દયાથી આપીશું અને એટલા માટે જ અમો આવેલા છીએ, પણ આતો જેમ નાનાં બાળકો રમત કરે, અને હાહાકાર કરે, તેમ બધા બોલો છો, એ સભાની રીત નથી, અને આ સભામાં વિવેક વગર જેમ ઠીક લાગે, તેમ બોલવું, એ વિદ્વતાની રીત નથી, અને એ ગમે તેવો વિદ્વાન હોય, તો પણ એ વિદ્વાન નથી, એને તો મુર્ખ કહેલો છે, માટે સભ્યતા પુર્વક બોલો, ત્યારે

*।। સુણી વચન દબાયા દ્વિજ, જેમ છાત્ર સુણી સિંઘ ખીજ ।।*

આવુ ભગવદાનંદ સ્વામીનું વચન સાંભળીને સર્વે પંડિતો જેમ સિંહની ગરજના સાંભળીને બકરાં ચુપ થઈ જાય, તેમ સર્વે ચુપ થઈ ગયા અને દબાઈ



ગયા, પછી એ પંડિતોએ એક ખડ સ્વભાવનો શંભુરામ શાસ્ત્રી હતો તેને પ્રશ્ન પુછવા માટે ઉભો કર્યો, ત્યારે તેણે નોખો નોખા છતરીશ પ્રશ્નો પુછયા, તેના સ્વામીએ યથાર્થ ઉતરો આપ્યા, પછી સ્વામીએ એને પ્રશ્નો પુછયા, ત્યારે તેનો ઉતર તે આપી શકયો નહિ. અને મોઢું બંધ થઈ ગયું પછી કાળા મોઢાં લઈને બધા એક પછી એક એમ ઉઠીને ભાગી ગયા, સ્વામી કહે છે કે, એમ ચાર સંતોએ ઘણા પંડિતોને જીત્યા, અને સંતોની ભગવાને સહાય કરી, સ્વામી કહે છે કે હેરાજન આનાથી બીજો મોટો પરચો હું તમોને શું કહું.

*।। આખા ગામભાઈ ચાલી વાત, દ્વિજ હાર્યા જીત્યા સંત ખ્યાત, ।।*
*।। જોઈ સંતમાં ચમતકાર, પામ્યો ભુપતિ વિસ્મે અપાર ।*
*।। રાજી થઈ નૃપ કહે સંત । સાચા તમે સાચા ભગવંત ।।*

પછીતો આખાથે ગામમાં વાતો થવા લાગી કે, વિદ્વાનો સર્વે હારી ગયા, અને સ્વામિનારાયણના સંતોની જીત થઈ, પછીરાજા પણ રાજી થઈને સંતોને હાથ જોડીને પગે લાગ્યો, સંતોની પુજા કરી, ધોતિયાં ઓઢાડીને કહે જે, હે સંતો તમારે નિવાસ સ્થાને જાઓ એમ કહિને ગાજતે વાજતે સંતોને ઉતારે મોકલાવ્યા સંતો પણ સ્વામી નારાયણની જય, જય બોલતા ઉતારે આવ્યા, ત્યારે એ ગામમાં ઘણા હરિભકતો હતા, તે પણ અતિશે રાજી થયા, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન સંતો જયારે સભા જીત કરીને ઉતારે આવ્યા ? ત્યારે ત્યાં આવેલા બે સંતને જોયા, તેમાં એક હતા દૃષ્ટ પ્રકાશાનંદ સ્વામી, અને બીજા સુખદાતાનંદ સ્વામી, એ બન્ને સંતોને જોઈને ભગવદાનંદ સ્વામીએ પુછયું જે, હે સંતો, અત્યારે તમો કયાંથી આવ્યા ? ત્યારે તે સંતો એ કહયું કે, અમો રામપુર ગામમાં હતા, સવારમાં અમો માનસી પુજા કરવા બેઠા, ત્યારે અમોને મહારાજે પ્રત્યક્ષ દર્શન દઈને શ્રી મુખે કીધું કે,

*અમો જઈએ લુણાવાડા માંઈ, સભા જીતવા સંત સહાઈ ।।*
*એમ કહી વાલો અહીયાં આવ્યા, ભેળા સંત શ્રીજી ચાર લાવ્યા ।।*

અમો લુણા વાડા સંતોની સભામાં જીત કરવા માટે, અને તેની સહાય માટે જઈએ છીએ, એટલે અમો પણ દર્શન કરવા માટે આવ્યા, તમારા અમોને દર્શન થયાં તેણે કરીને પરમ સંતોષને પામ્યા છીએ અને તમો સભામાં જીત

કરીને આવ્યા એતો મહા રાજનો જ પ્રતાપ કહેવાય, એ બે સંતની વાત સાંભળી ને ભગવદાનંદ સ્વામી, કૃષ્ણાનંદ સ્વામી વગેરે અતિ રાજી થયા, અને એતો મોટો પરચો માન્યો.

*॥ એમ નિજ સેવકની સહાય, આવી કરે છે મહા દુઃખ માંય ॥*
*॥ મળી પરસ્પર સંત ચાલ્યા, અતિ આનંદ ના ઓઘ વાળ્યા, ॥*

સ્વામી કહે છે કે, એમ ભગવાન પોતાના એકાંતિક ભકતોની સંકટમાં સહાય કરે છે, પછી એ સર્વે સંતો પરસ્પર મળીને અતિશે આનંદ પામ્યા, એવી રીતે પ.—૭ મો થયો.

---

### અધ્યાય :– ૭૨ મો, પરચો ૮મો.

## રળિયાતબાઈને મહારાજે પરચો દીધો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે એવી એક બીજી વાત કહું છું તમો સાંભળો, અમદાવાદ સહેરમાં એક નારાયણએ નામે ભગવાનના ભકત હતા, તેની માતા રળિયાત બાઈતે પણ ભગવાનના પરમ ભકત હતાં, હમેશા શ્રીજી મહારાજનું ભજન કરે તેણે કરીને એને નાત સંઘાથે વૈર બંધાફણું, પોળ્યમાં એક લાંજ રહે.

*॥ દીવો દેવતા કોઈને આપે, પાપી બોલી કરીને સંતાપે, ॥*
*॥ ત્યારે ડોશીને થયો કલામ, પ્રભુ ભજે પણ ઉર તાપ ॥*

દીવો દેવતા કોઈ આપે નહિ, અને કુસંગી લોકો એને પરેસાન કર્યા કરે ત્યારે ડોશીને એવો મનમાં સંકલ્પ થયો જે, ભગવાનનું ભજન તો કરીએ પણ હૃદયમાં શાંતિ નહિ, બીજું તો જેમ થવાનું હશે, તેમ થશે, પણ જયારે મારો દેહ પડશે, ત્યારે ઉપાડીને મસાણે કોણ લઈ જશે, એમ ચિંતા કર્યા કરે એક દિવસે સાજી સારી પથારીમાં સુતી હતી, અને મનમાં ભગવાનને સંભાર્યા કરે ત્યારે મહારાજે ડોશીને દર્શન દીધાં, અને મહારાજે દુધેશ્વરને રસ્તે ચાલ્યા, ત્યારે ડોશીના મનમાં જે, ચિંતા હતી, તે મટી ગઈ કે, મારા દેહની ચિંતા ભગવાનને છે, ભગવાનને જેમ યોગ્ય લાગશે તેમ કરશે, પછી ડોશીએ પોતાના દીકરાને વાત



કહી જે, આજે રાત્રે મહારાજે મને હજારો સંતો, પાર્ષદોએ સહિત પોતાનાં દર્શન દીધાં અને મને સંશય હતો કે, મારો દીકરો એકજ છે, નાતના કોઈ સહાય કરે તેમ નથી, તો મને મસાણે કોઈ ઉપાડી જાશે, તે મારો સંશય નિવૃતિ પામી ગયો, કારણ કે, હજારો સંતો પાર્ષદો આવી મને ઉપાડીને દુધેશ્વરને માર્ગે લઈ ગયા એવું મને દીઠામાં આવ્યું એ વાત સાંભળીને કુસંગી લોકો નિંદા કરવા લાગ્યા, અને સત્સંગી હતા, તેને તો આ મોટો પરચો માન્યો, સ્વામી કહે છે, કે હે રાજન ભગવાને આવી રીતે પરચા આપીને પોતાના ભકતોની હમેશાં રક્ષા કરે છે, પરચો ૮ મો થયો.

---

### અધ્યાય :– ૭૩ મો, પરચો ૯ મો.

## મહારાજે અમદાવાદમાં ચોર્યાશી કરી.

વળી બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે હે રાજન હવે પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણનો બીજો પરચો કહું છું સાંભળો, જે પરચા સાંભળી ને ભગવાનનો અપાર મહિમા સમજાય છે, અને ભગવાનમાં ભકિત વૃધ્ધિ પામે છે, અમદાવાદમાં મહારાજે જે, પરચા આપ્યા છે તે સર્વે પરચાનો તો કહેતાં પાર આવે તેમ નથી, પરંતુ અમુક પરચા આપ્યા છે તે સર્વે પરચાનો તો કહેતાં પાર આવે તેમ નથી, પરંતુ અમુક પરચા સંક્ષેપ થી તમારા પ્રત્યે કહું છું તેને સાંભળો, ખોખરા મહેમદાવાદમાં જયારે ખાખી બાવાઓ ની લડાઈ થઈ, ત્યારે એ અસુરોતો ઘણા હતા, અને મહારાજ ની સાથે પાર્ષદો દશ જણા હતા, તો પફણ મહારાજના પ્રતાપ થી દશ જણાએ અસુરોનું મોટું સૈન્ય તેને મોટો ચોક મેદાનમાં મારી નાખ્યું તે જોઈને કેટલાકતો એ લંગોરા બાવાઓ ભાગી ગયા, અને હજારો મરી ગયા, એજ મહારાજ નો મોટો પરચો. એવો જ બીજો પરચો શ્રીજીમહારાજે અમદાવાદમાં આપેલો છે, તે કહું છું સાંભળો, શ્રીજી મહારાજે જયારે અમદાવાદમાં ભરત ખંડાધિપતિ શ્રી નરનારાયણ દેવ પધરાવવ્યા, ત્યારે શ્રીજી મહારાજે વિચાર કર્યો જે, આપણે અહિં અનંત જીવોનો કલ્યાણ માટે શ્રી નારાયણ દેવતો પધરાવ્યા, પફણ જયાં સુધી અમદાવાદના બ્રાહ્મણો ન જમે ત્યાં

સુધી એટલું અધુરૂં કહેવાય, માટે આપણે અમદાવાદના બ્રાહ્મણોની ચોર્યાશી જમાડવી, આવો વિચાર કરીને બ્રાહ્મણોની નાતમાં જે, અગ્રેસર બ્રાહ્મણો હતા, તેને બોલાવીને કહયું જે, હે ભુ દેવો, અમોએ આ શહેરમાં મોટું મંદિર કરાવીને શ્રી નરનારાયણદેવની અતિ ચમત્કારી મૂર્તિઓ પધરાવી, પણ જયાં સુધી પવિત્ર બ્રાહ્મણોને જમાડીને રાજી ન કર્યા હોય, ત્યાં સુધી એટલું અધુરૂં કહેવાય, માટે અમારે અમદાવાદ શહેરના બ્રાહ્મણોની ચોર્યાસી જમાડવાની ઈચ્છા છે, તો તમો જમવા બાબતમાં શું કહો છો? તમો સર્વે જમશો, કે કેમ ? ત્યારે ભૂદેવો એ કહ્યું કે, અમો સર્વે બ્રાહ્મણો જમીશું, પણ તમારે કયારે જમાડવા છે ત્યારે મહારાજ કહે જે, આવતી કાલે જ, જમાડવાની અમારી ઈચ્છા છે, કારણ કે શાસ્ત્રોમાં કહ્યું છે કે, ધર્મ સંબંધી કામ તત્કાળ કરવું જોઈએ, ત્યારે બ્રાહ્મણો કહેવા લાગ્યા કે, હે સ્વામિનારાયણ આ તમો વાત કેવી કરો છો? આ અમદાવાદમાં બ્રાહ્મણોની ચોર્યાસી કરવી હોય તો, તો તો છ મહિનાથી પહેલાં એની તૈયારી કરવી જોઈએ, અને તમોતો આવતી કાલની જ વાત કરો છો, એ વાત કેમ બને અને એક જ દિવસમાં લોટ, દાળ, ઘી વગેરે ઘણીક સામગ્રી એકઠી કયાંથી કરશો? ત્યારે મહારાજે કહે જે, એનું તમારે શું કામ છે? તમારે જમવાથી જ કામ છે ને, માટે આવતી કાલે રસોઈ બનાવવા માટેના વાસણો વગેરે લઈને કાંકરિયા તળાવે આવી જજો, ત્યારે બ્રાહ્મણો મનમાં વિચાર કરવા લાગ્યા જે, સ્વામિનારાયણ વાત કરે છે, એ બને જ કેમ, કારણ કે, સિધા સામાનની કાંઈ પણ તૈયારી નથી, ત્યારે વળી કેટલાક બ્રાહ્મણો બોલ્યા કે, સ્વામિનારાયણ આવતી કાલે જ જમાડવાની વાત કરે છે તો તમો હા કહિદ્યો, અને રસોઈના સાધનો લઈને આવી જવાનું અને કહેવાનું કે, લાવો રસોઈનો સામાન, ન આપે તો આપણે ચાલ્યા જઈશું, અને કહીશું કે, સ્વામિનારાયણે આમંત્રણ આપ્યું અને સિધું સામગ્રી તો કાંઈ છે નહિ, એટલે એમાં લાજ જશે, તો એની જાશે, માટે તમો સર્વે હા કહિદ્યો, પછી બધા ભૂદેવોએ કહ્યું જે, ભલે મહારાજ, અમો આવતી કાલે સવારમાં જ કાંકરિયા તળાવે આવી જઈશું, એમ કહીને સર્વે બ્રાહ્મણો ચાલ્યા ગયા, પછી શ્રીજી મહારાજે રાત્રે અષ્ટ સિધ્ધિઓને આજ્ઞા કરી, એટલે રાતો રાત, સિધ્ધિઓ એ તળાવના કિનારા ઉપર લોટ, દાળ, ઘી, સાકર, ખાંડ, ગોડ, મસાલા, ઈંધાણાં વગેરે સામાનના મોટો મોટો ઢગલા કરી દીધા, સવારમાં જયાં બ્રાહ્મણો આવ્યા,



ત્યારે રસોઈના બધી સામગ્રી જોઈને મનમાં વિશ્મય પામી ગયા કે, સ્વામિનારાયણે આ રાતો રાતમાં શું કર્યું, એમ વાતો કરતા, કરતા માંડ્યા રસોઈ કરવા, શેરે શેરે ઘી નાખીને લાડુ બનાવ્યા, પુરી રોટલી , ભજીયાં, ગાંઠિયા, સાટા, ઘેબર, દાળ, ભાત શાક વેગેરે અનેક પ્રકારના પકવાનો કરીને સર્વે બ્રાહ્મણો અતિ આગ્રહ પુર્વક જમ્યા, તો પણ પકવાનો ખુટયાં નહિ, પછી એક પકવાનો કેટલા ભિક્ષુકો ને છુટે હાથે, આપ્યાં, તો પણ ખુટયાં નહિ, ત્યારે નાખ્યાં તળાવમાં જળજંતુને, આવી રીતે શ્રીજીમહારાજે એક જ દિવસમાં શહેરના બ્રાહ્મણોની ચોર્યાશી જમાડી, સ્વામી કહે છે, કે હે રાજન.

પૂર્વછાયો

*॥ એ આદી પરચા અતિ, જણાવ્યા તે શહેર મોઝાર ॥*
*॥ એક બીજો કહી વર્ણવું, તમો સાંભળો ભુપ કુમાર ॥*

આવી રીતે શ્રીજીમહારાજે એ અમદાવાદમાં ઘણાક પરચા પોતાના આશ્રિતોને જણાવ્યા છે, તેનો પાર આવે તેમ નથી, પરચો :- ૮ મો થયો.

**અધ્યાય :- ૭૩ મો, પરચો ૧૦ મો.**

## કુબેર ભક્તને મહારાજે પરચો દીધો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમારા પ્રત્યે એ અમદાવાદમાં એક કણબી કુબેર એવે નામે કરીને ભગવાનના આશ્રિત ભકત હતા, તેને ભગવાન ને વિષે અતિશે પ્રેમ ભાવ હતો, પણ એને તાવ આવે, તેને મટવાના ઘણાય કર્યા પણ તાવ જાય નહિ, એમ કરતાં એક દિવસે તેને શ્રીજી મહારાજે, દર્શન દઈને કહયું જે, હે કુબેર ભકત, તું મારૂ વચન માન.

*॥ મોત આડા છે દિનતે દશ । ફરવું હોય તે ફરજે અવશ્ય ॥*
*॥ સુંણી વાણી ને બોલ્યો કુબેર । પ્રભુ કીધી મારા પર મહેર ॥*

ભગવાન કહે જે, હે કુબેર હવે તારી આયુષ્ય દિવસ દશની છે, માટે તને જે કાંઈ કરવાનું હોય, તે કરી લેજે. ત્યારે કુબેર ભકતે રાજી થઈને કહ્યું જે, હે મહારાજ, તમોએ મારા ઉપર મોટી મહેર કરીને મને તમારા અલૌકિક

દર્શન દીધાં, પણ મારી એક ઈચ્છા હતી, સાધુ થાવાની એ મારી ઈચ્છા મારા મનમાં રહી જાશે ત્યારે મહારાજ કહે જે,

*ત્યારે મહારાજ કહે સાધુ કરશું । અમે તુજને સભર ભરશું ॥*
*હરિ તમે સાધુ કરશો મને । કોય દેખે એવો નથી કને, ॥*

અમે તુને સાધુ કરશું, અને તારી ઈચ્છા પુરી કરીશું, ત્યારે ભકત કહે જે, હે મહારાજ તમો સાધુ કરશો, પણ મને સાધુ કર્યો એ બીજો દેખશે કેમ? કારણ કે, મારી પાસે દેખે એવો એવો કોઈએ નથી. ત્યારે મહારાજ કહે જે, બાઈ, ભાઈ સર્વે દેખશે એવી રીતેજ અમો કરીશું એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા, અને પછી મહારાજ ઠરાવ પ્રમાણે આવી ગયા, અને પહેલાં મંદિરમાં સંતો હતા તેને દર્શન દીધાં અને કહ્યું જે, અમો કુબેર ભકતને તેડવા માટે આવ્યા છે, એ ત્યારે સર્વે સત્સંગી, અને કુસંગી લોકોને પણ દર્શન થયાં, પછી કુબેરને ઘેર જઈને તેને દર્શન દઈને કહ્યું જે, અમો તુને તેડવા માટે આવ્યા છીએ પણ તુને સાધુ થવાની ઈચ્છા હતી, અને તે પણ બીજા દેખે જે, આ કુબેર સાધુ થયો, તે તારી ઈચ્છા પુરી કરીએ છીએ એમ કહીને તેને ભગવી ટોપી પહેરાવી ને સાધુની પદવી આપી પછી કહ્યું જે, અત્યારે અમે તુને નહિ તેડી જાઈએ, અત્યારે અમો વડતાલ જઈએ છીએ, પછી જયારે પાછા વાળીશું ત્યારે તુને તેડી જઈશું, એમ કહીને મહારાજ વડતાલ ગયા.

*॥ એમ કહી વરતાલે ગયા, જન જોઈ ટોપી રાજી થયા, ॥*
*॥ દેખે સત્સંગી કુસંગી જન, થયો કુબેર સાધુ પાવન, ॥*

ત્યારપછી સર્વે સત્સંગી, કુસંગી ટોપી જોઈને રાજી થયા, અને સહુ કહેવા લાગ્યા જે, આતો કુબેર સાધુ થઈ ગયો, ત્યારે કુબેર કહે જે, મને મહારાજ સાધુ કરી ગયા છે, અને હમણાં મહારાજ વડતાલ ગયા છે, ત્યાંથી હમણાં અહી આવશે, અને મને પોતાના ધામમાં તેડી જશે, એમ વાતો કરે છે, એટલામાંતો વદાન પ્રમાણે મહારાજ આવ્યા અને કુબેરને કહે જે, કુબેર ભકત ચાલો, એમ મહારાજે કહ્યું, એટલે કુબેર તત્કાળ દેહનો ત્યાગ કરીને મહારાજની સાથે વિમાનમાં બેસીને ધામમાં ગયો, તેનાં સર્વે જનોને દર્શન થયાં.



*॥ જોઈ આશ્ચર્ય પામ્યાં અપાર, તેનો કોણ કરે નિરધાર ॥*
*॥ એવા ચમત્કાર થાય અનંત, આજ દેખાડે છે ભગવાન ॥*

*એવી રીતે પરચો ૧૦ મો થયો.*

---

### *અધ્યાય :- ૭૩ મો, પરચો ૧૧ મો.*

## *મંગળદાસનો પરચો.*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમારા પ્રત્યે એવો જ એક બીજો પરચો કહું છું તેને તમો સાંભળો,

*॥ બીજી વાત કહું સુણો રાય, એક શેષપર ગામને માંય ॥*
*॥ એક પટેલ મંગળદાસ, કાળ ભૈરવ વળગ્યો કાસ ॥*

સ્વામી કહે છે કે, હે રાજન એક શેષપુર એવે નામે ગામમાં એક મંગળદાસ એવે નામે પટેલ હતો, તેને કાળ ભૈરવ વળગ્યો, તે તેને રાત દિવસ હેરાન કર્યા કરે, તેને કાઢવાના અનેક ઉપાય કર્યા, પણ તે નિકળ્યો નહિ, પછી તેના સંબંધીજનોએ એ ગામમાં ભગવાનના ભકતો સત્સંગીઓ હતા તેને પુછયું કે, મંગળદાસને કાળભૈરવ વળગ્યો છે, તેને કાઢવા માટે હજારો ઉપાય કર્યા, ભુવા જાગરીઆ ને ધુંણાવ્યા, દોરા ધાગા કરાવ્યા પણ તે નિકળતો નથી માટે તમો ભગવાનના ભકતો છો, તમારા ભગવાન મોટો છે, અને તમારા ગુરૂ સાધુ પણ અતિ સમર્થ છે, માટે અમોને એ કાળ ભૈરવ નિકળે, એવો ઉપાય દેખાડો, સ્વામી કહે છે કે, ભગવાન ના ભકતો અને સંતોના હૃદયમાં સ્વાભાવિક દયા ભાવ હોય છે, અને કોઈ જીવ દુઃખી થતો હોય, તો એને સારો ઉપાય દેખાડે, એ ન્યાયે હરિ ભકતો એ કહ્યું કે, એ મંગળ દાસને સંતોની પાસે જઈને કંઠી બંધાવો, તો કાળ ભૈરવ નિકળી જાશે, પણ તે સિવાય એ નહિ નીકળે, પછીતો એ મંગળદાસને સંતો પાસે લાવ્યા, વ્રતમાન ધરાવીને કંઠી બાંધી, સત્સંગી કર્યો, એટલે કાળ ભૈરવ નિકળી ગયો, અને એ મંગળ દાસ સુખી થયો, હમેશાં મંદિરમાં આવે, ઠાકોરજી ના અને સંતોના દર્શન કરે, મંદિરમાં બેસીને કથા વાર્તા કીર્તન વગેરે ભગવત ભકિત કરે, એમ કરતાં એ મંગળદાસનાં ડોશીમાં મૃત્યુ પામ્યાં,

એટલે તેણે સઘળી નાત જમાડવા માટે વિચાર કરીને પછી વાત કરી જે, અમારાં ડોશીમાં દેહ મુકી ગયાં છે, તો તે નિમિતે અમોને નાત જમાડવાની ઈચ્છા છે, માટે નાત જમશે, કે કેમ? આવી રીતે નાતના આગેવાનોને વાત કરી, ત્યારે તેણે કહ્યું જે, તમોએ નવા ધર્મના સ્વકાર કર્યો છે જેથી નાત જમશે નહિ, પણ જો તમો સત્સંગને મુકી દીયો, અને કાંઠી કાઢી નાખો, તો જ નાત જમવા માટે તૈયાર છે, ત્યારે મંગળદાસે કહ્યું જે, ભલે એમા શું છે? નાત જમવા તૈયાર થતી હોય, તો કંઠી કાઢી નાખીએ અને સત્સંગને છોડી દૈયે.

*॥ કંઠી વોડીને થયા કુસંગી, ત્યારે જમ્યા આવી જંગી ભંગી ॥*
*॥ થયો કુસંગી ભૈરવે જાણ્યું, ભળી નાત્ય માં હી સુખ માંણ્યું ॥*

એક મહીને કંઠી કાઢી નાખી, અને સત્સંગી મટીને મંગળદાસ કુસંગી થયો, એટલે સર્વે નાત વાળા જમ્યા, અને જંગી ભંગી સર્વેને જમાડ્યા, ત્યારે ભૈરવે જણ્યું જે, હવે મંગળદાસ સત્સંગ છોડીને કુસંગી થઈ ગયો છે અને ઘરમાં ન કરવાનાં કામ કરે છે, ન ખાવવાનું ખાય છે, માટે હવે ફરી વાર લાગ આવ્યો છે, એમ વિચારીને ફરીવાર મંગળદાસને કાળ ભૈરવ વળગ્યો, એટલે પછી બોલાવ્યા ભુવા, ભુવા ઘરમાં આવીને માંડ્યા ધુંણવા, ધુંણે અને ધુધકારી કરે, ત્યારે મંગળદાસના શરીરમાં રહેલો કાળ ભૈરવ બોલે જે.

*॥ જ્યારે સત્સંગી તુંતો થયો, મુકી તુને હું તો નાશી ગયો ॥*
*॥ પાછો થયો તું તો કુસંગી, માટે વળગ્યો છું આવી ઉમંગી ॥*

હે મંગળદાસ મને તો તારા દેહમાંથી નિકળવું જ ન હતું, પણ તું જયારે સત્સંગી થયો, એટલે હું તો તુને મુકીને નાશી ગયો હતો, પણ હવે, તે સત્સંગ મુકી દીધો, કંઠી તોડી નાખીને કુસંગી થયો, એટલે ફરીવાર તુને વળગેલો છું, હવે તો હું તુને લઈ જવાનો છું, તુને મુકીશ નહિ, કારણ કે હું કોણ છું ? તું મને ઓળખે છે?

ચોપાઈ

*॥ હું તો કાશી તણો કોટવાળ, પાપી કુસંગીનો હું છું કાળ, ॥*
*॥ દેખું સત્સંગી નરત્રિયા બાલ, તેની આગળ હું છું કંગલ, ॥*



હું તો કાશીનો કોટવાળ છું અને પાપી, કુસંગીનો તો કાળ છું. સ્વામી કહે છે કે, હે રાજન કયારેક કાળભૈરવ આદિક ભુતો પણ સત્સંગી કરે, સ્વામી કહે છે કે, પછીતો એને કાઢવા માટે જંત્ર મંત્ર દોરા ધાગા કરાવ્યા, ભુવા ધુણાવ્યા, તો પણ કાળભૈરવ લગારે દુર થાય નહિ, તેણે કરીને સર્વે દુઃખી, દુઃખી થઈ ગયાં. પછીતો એ કાળભૈરવને પુછયું કે એલા તું નિકળે કેમ ? તુને જે જોઈએ, એ અમો આપીએ પણ તું આ મંગળદાસના શરીરમાંથી નિકળી જા, ત્યારે કાળભૈરવ કહે જે.

ચોપાઈ

*॥ બાંધ ભૈરવ કહે ફરી કંઠી । નહિતો સર્વે વાતું તારી વંઠી ॥*
*॥ કરી ઉપાય સૌ થયાં અલખાં । કરો સત્સંગ મ કરો વલખાં ॥*

માટે કાંઈ પણ જોઈતું નથી, પણ જો તમારે સુખી થાવું હોય, તો ફરીવાર કંઠી બાંધો, અને સત્સંગી થાઓ, તો જ હું નિકળીશ, ત્યારે સર્વે જનો કહેવા લાગ્યાં જે હવે બીજા બધાય ઉપાયો ને મુકીને સત્સંગી થાઓ અને કંઠી બાંધો, તે વિના આ ભુત જાય તેમ નથી.

ચોપાઈ

*॥ સુણી આવિયો મંગળ દાસ । પ્રિતે નરનારાયણની પાસ, ॥*
*॥ ત્યાંથી આવિયો મહારાજ પાસ । ફરી હુલાસ મંગળદાસ ॥*
*॥ પડ્યો ચરણમાં લઈ મુખ ધાસ । ત્રાહી ત્રાહી પ્રભુ અવિનાશ ॥*

સ્વામી કહે છે કે, પછીતો મંગળદાસ આવ્યો મંદિરમાં, અને શ્રી નરનારયણદેવના દર્શન કર્યા, પછી શ્રીજીમહારાજની પાસે જઈને તેના ચરણમાં પડ્યો અને પ્રાર્થના કરવા લાગ્યો જે, હે મહારાજ, હું અતિ દુઃખી છું માટે મારી રક્ષા કરો, પછી મંગળ દાસ પહેલાં જે, સંત થકી કંઠી બાંધી હતી, તેજ ગુરૂ પાસે જઈને કંઠી બાંધીને સત્સંગી થયો.

ચોપાઈ

*॥ બાંધી કંઠી ગુરૂએ ફરીને । ત્યારે ઉઠયો જીવતો મરીને ॥*
*॥ કહ્યું ભૈરવે નારાયણ ઘાટે । નિત્ય નહાજે તુ કલ્યાણ માટે ॥*

સ્વામી કહે છે કે, હે રાજન જયારે એ મંગળદાસે કંઠી બાંધી, ત્યારે એ મૃત્યુ માંથી જીવતો ઉઠયો, વળી કાળભૈરવે કહ્યું કે, જો હવેથી તું નિત્ય નારાયણઘાટ માં સ્નાન કર જે, તો સારૂ કલ્યાણ થાશે, પછીતો તે મંગળ દાસે જેમ ભૈરવે કહયું તેમજ હમેશા કરતો, અને રોજ શ્રી નારાયણ દેવના દર્શન કરે, અને સંતોને પગે લાગે અને સત્સંગ કરે, અને ત્યાર પછી તે અતિશે સુખી થયો, અને દેહને અંતે ભગવાનના ધામને પામ્યો. સ્વામી કહે છે કે.

ચોપાઇ

*॥ એવો પરચો અલૌકિક દીધો । જેવો થયો તેવો લખી લીધો ॥*
*॥ એવો પરચા તણો નહિ પાર । આપે છે પ્રભુ આ અવતાર ॥*

એવી રીતે ૧૧ મો પરચો થયો.

---

### *અધ્યાય :– ૭૩ મો, પરચો ૧૨ મો.*

## *પુતળીબાઈનો પરચો.*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન ઝાલાવાડ દેશમાં વઢવાણ એવે નામે એક મોટું શહેર છે, તેમાં ડોસાભાઈ એવે નામે એક ભકત હતો, તેની માતા પુતળીબાઈ નામે હતાં, તે શ્રીજી મહારાજના પરમ એકાંતિક ભકત હતાં, એક વખતે એ પુતળીબાઈ અતિશે બિમાર થયાં.

ચોપાઇ

*॥ તેના દેહ અતિ માંદો થયો, બહુ દુઃખ નવ જાય કહ્યો ॥*
*॥ તેહ રાતે કૃષ્ણાનંદ પાસ, દેવા દર્શન આવ્યા અવિનાશ ॥*

અતિશે શરીર માં દુઃખ થવા લાગ્યું, ત્યારે તે બાઈ મહારાજને સંભારવા લાગ્યાં, ત્યારે શ્રીજીમહારાજ તેને દર્શન દેવા પધાર્યા, પણ પહેલા મહારાજ પુતળીબાઈને ઘેર નહિ જતાં મંદિરમાં કૃષ્ણાનંદ સ્વામીને દર્શન સ્વપ્નામાં દીધાં, એટલે સ્વામી તો તત્કાળ જાગ્યા મહારાજ ના દર્શન કર્યા, પછી મહારાજ ને બે હાજ જોડીને પુછયું કે હે મહારાજ, અત્યારે રાત્રે તમોએ પધારી ને અમોને દર્શન દીધાં એ અમારા ઉપર અપાર દયા કરી, ત્યારે મહારાજ કહે જે, અમો



તો અત્યારે પુતળીબાઈને તેડવા માટે આવ્યા છીએ એમ કહીને મહારાજ ત્યાંથી ડોસાભાઈને ઘેર ગયા, ત્યારે કૃષ્ણાનંદ સ્વામીએ પોતાના મંડળના દશે સંતોને કહ્યું કે, હે સંતો અત્યારે મહારાજ પુતળીબાઈને તેડવા માટે તેને ઘેર પધાર્યા છે, પણ જો મહારાજ પુતળીબાઈને તેડી જશે તો બહેનો માં સત્સંગની ઘણી ખામી આવશે, કારણ કે, એને લઈને બાઈયોમાં સત્સંગનો સમાસ સારો છે, અને જો મહારાજ એ બાઈને તેડી જશે તો સત્સંગ નબડો પડી જશે માટે હે સંતો, તમો મહારાજને સંભારીને પ્રાર્થના કરો કે, અત્યારે એને મહારાજ તેડી જાય નહિં, ત્યારે સર્વે સંતો મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા, અને સ્વામીએ જગન્નાથ નામે એક બ્રાહ્મણ ભકત હતો, તેને કહ્યું કે, તમો અત્યારે જ ડોસાભાઈને ઘેર જાઓ અને મહારાજને વિનંતી કરો જે, અત્યારે એ બાઈને તેડી જાય નહિ, ત્યારે જગન્નાથ દોડતા દોડતા ગયો ડોસાભાઈ ને ઘેર અને મહારાજને પ્રાર્થના કરીને કહેવા લાગ્યો જે, હે મહારાજ, મને કૃષ્ણાનંદ સ્વામી એ મોકલ્યો છે, અને કહ્યું છે કે, એ બાઈને સત્સંગમાં સમાસ સારો છે, માટે એને હમણાં મેલી જાઓ તો સારૂં, પછી મહારાજે પુતળી બાઈને દર્શન દીધાં અને કહ્યું જે, અત્યારે અમો તમોને તેડવા માટે જ, આવ્યા હતા, પણ હમણાં તમને તેડી નહિ જઈએ, ત્યારે બાઈ મહારાજને બે હાથ જોડી પ્રાર્થના કરીને કહેવા લાગ્યાં જે હે મહારાજ.

ચોપાઈ

*॥ પછી મહારાજને જોડી હાથ, બાઈ કહે છે ભલે આવ્યા નાથ ॥*
*॥ દયા કરી મુને તેડી જાઓ, આજ અવસર છે મન ભાઓ ॥*

તમો ભલે પધાર્યા, દયા કરીને મને દર્શન દીધાં, તો હે મહારાજ મને આજે દયા કરીને તેડી જાઓ, કારણ કે, આજે સમય બહુ સારો છે, અને આપ તો અતિ દયાળું છો, માટે મેલી શા માટે જાઓ છો? ત્યારે.

ચોપાઈ

*॥ કહે છે મહારાજ સાંભળો બાઈ । રહે સત્સંગમાંઈ ભલાઈ ॥*
*॥ એમ કહીને પધાર્યા નાથ । પછી બાઈએ જોડીયા હાથ ॥*

આ જોઈને સર્વે કુટુંબી જનો, અને ગામવાસી સર્વેજનો અતિ આશ્ચર્યને પામી ગયાં, અને બાઈ પણ સાજાં થયાં અને આ પરચાની વાત સર્વેને કહી,

સંભળાવી, તે સાંભળીને સર્વે જનો રાજી થયાં અને જગન્નાથ પણ સાંભળીને અતિ રાજી થયો, બ્રાહમાનંદ સ્વામી કહે છે કે, હે રાજન પછી એ પુતળી બાઈએ મંદિરમાં સંતોને રસોઈ દીધી.

ચોપાઈ

*॥ એવા પરચા છે અપરમ પાર । આપે છે ઘણા આ અવતાર ॥*

સ્વામી કહે છે કે, એવી રીતે સુખના સાગર એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિત ભકત જનોને દયા કરીને અનેક પરચા આપીને સુખીયા કરે છે, અને ભકત જનો પણ આવા પરચાને પામીને અતિ આનંદથી ભગવાન નું ભજન કરે, પણ જે અણસમજુ હોય, અને ભગવાન સાથે જેને વૈર બુધ્ધિ હોય, તે આવી અલૌકિક વાતો ને માને નહિ.

પૂર્વછાયો

*॥ પ્રગટ હોય જ્યારે શ્રી હરિ । ત્યારે માને નહિ નરનાર ॥*
*॥ પ્રોક્ષમાં પ્રિતી કરે । તે અસુર ભુમિ ભાર ॥*
*॥ પ્રગટ વિના પ્રાપ્તિ । કેદી ન જનની થાય ॥*
*॥ સાધન ભર કોટી કરે । વિના અંક શુન્ય કહેવાય ॥*

સ્વામી કહે છે કે, હે રાજન જયારે ભગવાન આ પૃથ્વી ઉપર પ્રગટ હોય ત્યારે ભગવાન ને કોઈ માને નહિ અને પરોક્ષમાં પ્રિતી કરે, એતો પૃથ્વીના ભાર રૂપે છે, કારણ કે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ વિના પોતાના મોક્ષ માટે ભલેને કરોડો સાધનો કરે, તો પણ એ સર્વે એકડા વિનાનાં મીડાં જેવું છે, એનો મોક્ષ નહિ થાય, અને જે પ્રગટને મુકીને અન્ય દેવોને ભજે છે, તેતો ગંગાજીને મુકીને એના કિનારે કુવાને ખોદે એવો મુર્ખ છે, અને આ લોકમાં દૈવી જીવો છે, તેતો પ્રગટ પ્રમાણ એવા મહારાજને ઓળખીને અને શાસ્ત્રમાં પ્રતિ પાદન કરેલા ધર્મનું પાલન કરીને દેહને અંતે ભગવાનના ધામમાં જાય છે, અને એવા ભગવાન આજે જીવોને તારવા માટે અક્ષરધામ માંથી આ લોકમાં પધાર્યા છે. તેને આ લોકમાં જે, વિષયા શકિતથી રહિત હશે, તેજ મનુષ્યને ભગવાનમાં પ્રિતી થશે, પરંતુ આસુરીને ભગવાનમાં પ્રિતી નહિ થાય.



પૂર્વછાયો

*॥ ભાગ્ય ઘણાં આ ભૂમિનાં, જ્યાં પ્રગટ પ્રભુનો વાસ ॥*
*॥ તારવા ભવ નરનારને, પરચા દીયે રહી પાસ ॥*

એવી રીતે પરચો ૧૨ મો થયો.

---

### *અધ્યાય ૭૪ મો, પરચો ૧૩ મો.*

## *વાંકાનેરના હરજીવનની વાત.*

પૂર્વછાયો

*॥ વળી પરચા વર્ણવું । તમે સાંભળો ભુપ ઉદાર ॥*
*॥ સાંભળતાં સુખ ઉપજે । વળી ટળે મન વિકાસ ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વળી હું તમારા પ્રત્યે ભગવાનનો પરચો કહું છું તેને તમો સાંભળો, જે સાંભળી ને પોતાના હૃદયમાં સુખ આવે, અને મનમા સર્વે વિષય વિકારો નિવૃતી પામી જાય છે, સ્વામી કહે છે કે, વાંકાનેર એવે નામે એક મોટું ગામ છે, તેમાં ભગવાનનાં એકાંતિક ભકત હરજીવન એવે નામે પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા, એની અટક રાવલ હતી. એક દિવસે તેને શ્રીજી મહારાજે પોતાના દર્શન દીધાં, તે મહારાજનાં દર્શન ગામના બીજા સર્વે મનુષ્યોને પણ થયાં, એ ભગવાને સર્વે મનુષ્યોને સાંભળતાં હરજીવનને કહ્યું જે, હે હરજીવન અમે આજથી દશ દિવસ પછી તુને તેડવા માટે આવીશું તુને ખબર ન હોય, તો અમે તુને કહીયે છીએ, એમ કહીને ભગવાન ચાલતા થયા, તેને હરજીવનને દીઠા, પછી હરજીવને સર્વે સગાસબંધીને બોલાવીને સર્વેને વાત કહી જે, મને આજે મહારાજ પોતાનાં દિવ્ય દર્શન દઈને કહી ગયા છે કે, આજથી દશ દાડા પછી અમો તુને તેડવા માટે આવીશું. એતો મહારાજે મારા ઉપર મોટી દયા કરી છે, માટે હવે મારી આ દેહમાં રહેવું નથી, અને હું ભગવાનના ધામમાં જાઈશ, પછી પોતાની પત્નિને કહ્યું જે, હું ધામમાં જાઉ ત્યાર પછી તું સંતો સર્વેને રસોઈ આપીને જમાડજે, આમ વાત કરે છે, તેવામાં એ હરજીવનના મુખમાં તેજનો અંબાર જોવામાં આવ્યો, આવો મહારાજનો પ્રતાપ જોઈને સર્વેને અતિ

આશ્ચર્ય થયું, એવામાંતો મહારાજ આવ્યા, એટલે સર્વે જનોને દેખતાં હરજીવને મહારાજની પુજા કરીને સુંદર પોશાગ ધારણ કરાવ્યો, ત્યારે ભકિતપુત્ર ભગવાને સર્વે ભકત જનોને દેખતાં પોશાગ ધારણ કર્યો, સ્વામી કહે છે કે, મહારાજ આવો ચમત્કાર સર્વેજનોને દેખાડીને પછી પોતાના દાસ હરજીવનને વિમાનમાં બેસાડીને તત્કાળ પોતાના ધામમાં લઈ ગયા, તેના સર્વે જનોને દર્શન થયાં, ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયાં, અને આતો મોટો પરચો થયો, એમ સહુ માનવા લાગ્યાં, સ્વામી કહે છે કે.

પૂર્વછાયો

*॥ દિવ્ય દેહે દાસને । આપે છે દર્શન દાન ॥*
*॥ જન મગન થાય જોઈને । પરચા તે પ્રીતમ પ્રાન ॥*

એવી રીતે ૧૩ મો પરચો થયો.

---

### *અધ્યાય :- ૭૪ મો, પરચો ૧૪ મો.*

## *કચ્છ કંથકોટના રાજાની વાત.*

વળી બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે હેરાજન્

પૂર્વછાયો

*॥ વળી પરચા વર્ણવી । કહું સાંભળો કિંચિત કાંઈ ॥*
*॥ શ્રોતા જન સહુ સાંભળો । બહુ મગન રહી મન માંઈ ॥*

વળી તમારા પ્રત્યે શ્રીજીમહારાજના અલૌકિક પરચા કહું છું તેને સાંભળો અને સભામાં બેઠેલા સર્વે શ્રોતાજનો, તેપણ સાંભળો, આ કચ્છ વાગડ દેશમાં એક કંથકોટ એવે નામે શહેર છે. તેમાં ગૌ વધ આદીક પાપ થતું જોઈને અતિ દયાળું ભગવાને એ કંથકોટ ના રાજા ડોસાજી ને કહ્યું કે, હે રાજન તમારા ધર્મનું પાલન કરવું જોઈએ અને ગાયોનું, બ્રાહ્મણોનું પાલન કરવું જોઈએ, પણ પાપ કયારેય રાજાને કરવું ન જોઈએ, એજ સાચા ક્ષત્રિયોનો ધર્મ છે, ત્યારે ડોસોજી કહે જે, હે સ્વામિનારાયણ હું તો પાપ કર્મ કાંઈ પણ કરતો નથી, ત્યારે મહારાજ કહે જે, તમારા રાજયમાં અધર્મ થાય, અને નિત્યે ગાયો મરાય, એ



પાપ નથી? તે શું છે? ત્યારે ડોસોજી કહે જે, એ ગાયોને હું તો મારતો નથી પણ એતો મિયાંણા મારે છે, ત્યારે મહારાજ કહે જે, એ મિંયાણા તારાજ છે ને ? ત્યારે ડોસોજી કહે જે, એ મિંયાણા મારા શહેરની રક્ષા કરે છે, માટે હું એને ગાયો મારવાની ના કહેતો નથી કારણ કે, એ મિંયાણા ગાયો મારે ને ખાય, અને મારા શહેરની રક્ષા કરે છે, ત્યારે મહારાજ કહે જે, હે રાજન એવી રીતે પાપ કરવાથી રાજ્યની રક્ષા ન થાય, એ પાપે કરીને તો રાજ્ય જાય, એ વચન સાંભળીને

પૂર્વછાયો

*॥ સુણી પ્રભુનાં વચનને । બોલ્યો ડોસોજી તેહ વાર ॥*
*॥ મફત રાખે કોટ મારો । મિયાણા નિરધાર, ॥*
*॥ તેને કઠણ કોણ કહે, । જો હૈયે તો નાશી જાય, ॥*
*॥ કોટની ચકાસ કોણ કરે, । માટે મારી ગાયું ખાય, ॥*

ડોસોજી કહે જે, હે સ્વામિનારાયણ એ મિંયાણા મારા રાજયની મફત રક્ષા કરે છે, તેને જો કઠણ વચન કહીએ, તો મિંયાણા નાશી જાય, તો પછી શહેરનું રક્ષણ કોણ કરે? માટે એ મિંયાણા ગાયું મારે ને ખાય, અને શહેરની રક્ષા કરે છે, અને જો તમારે અમોને ધર્મ પળાવવો હોય, તો તમો અમોને દ્રવ્ય આપો, એટલે હું સારા સિપાઈ રાખું અને મિંયાણાને ગાયો મારવાની બંધી કરી દઉ, કારણ કે, તમોને સર્વે તમારા આશ્રિતો ભગવાન કહે છે, માટે

પૂર્વછાયો

*॥ ધર્મ ધારવા અવતર્યા, તમે પ્રભુ કહેવાઓ છો આજ ॥*
*॥ આપો દ્રવ્ય મુજને અતિ, પાળોને ધર્મની પાજ ॥*

તમો આ પૃથ્વી ઉપર ધર્મનું પાલન કરવા માટે અવતર્યા છો તો, તમો મને મન માન્યું દ્રવ્ય આપો, અને ધર્મ મર્યાદાનું પાલન કરો, આવાં યુકિતનાં વચન સાંભળીને મહારાજ કહેવા લાગ્યા જે, અરે રાજન આ પૃથ્વી ધર્મથીજ સ્થિર રહેલી છે, અધર્મતો અતિશે દુઃખને આપનારો છે, આગળમાં જેણે જેણે ધર્મનું પાલન કર્યુ છે, તે સર્વે સુખીયા થાય છે, આ સંસારનું સુખ ભોગવીને એતે ભગવાનના ધામને પામ્યા છે, જુએ વિભીષણે ધર્મનું પાલન કર્યુ. તો તે રાજ્ય

સંબંધી સુખને પામ્યો અને દેહને અંતે મોક્ષ ગતીને પામ્યો, અને સર્વે લોકો એના યશ ગાય છે, અને એનો જ ભાઈ રાવણ પાપી, અધર્મી, અને દુષ્ટી બુધ્ધિ વાળો હતો, તો એ વગર મોતે મરી ગયો, અને આ લોકમાં સર્વે લોકો પણ તેના અપયશ ગાય છે, વળી પ્રહ્લાદજીએ અપાર દુઃખો સહન કરીને પણ ધર્મનું પાલન કર્યું, તો ભગવાને સ્થંભમાંથી પ્રગટ થઈને તેની રક્ષા કરી, અને રાજા હિરણ્યકશિપુ અધર્મી અને પાપી હતો, તો ભગવાને પોતાના હાથના નખ વડે એને મારી નાખ્યા, વળી જુવો પાંડવો એ ધર્મનું પાલન કર્યુ તો, એના પાક્ષમાં રહિને ભગવાને એની રક્ષા કરી અને કૌરવોએ ધર્મનો લોપ કર્યો, તો રણ સંગ્રામમાં વગર મોતે સર્વે મરી ગયા, અને પાંડવોને તો કાંઈ પણ આંચ ન આવી.

પૂર્વછાયો

*।। એમ અનાદિ ની રીત છે, ધર્મે કરી જાય થાય ।।*
*।। દુઃખ ન આવે દેહમાં, તેનું અંતે કલ્યાણ થાય ।।*

મહારાજ કહે છે કે, હે રાજન એમ અનાદિની રીત છે, કે જે ધર્મનું પાલન કરે છે, તેને આ લોક માંતો સાધારણ દુઃખ આવે પણ અંતે એનું અવશ્ય કલ્યાણ થાય છે, માટે હે રાજન ધર્મનો લોપ કરીને સુખ થવાને ઈચ્છતો હોય, પણ તેને કયારે સુખ મળે નહિ અને અંતે મરીને જમપુરી માં જઈને અતિ અસહય દુઃખને પામે છે, માટે હે રાજન જો તમો ધર્મનું પાલન કરશો, તો આ તમારૂ રાજય રહેશે. અને તમો સુખી થશો, અને દેહને અંતે તમારૂ કલ્યાણ થશે. સ્વામિ કહે છે કે, આવી રીતની મહારાજની વાત સાંભળીને ડોસોજી બોલ્યો જે, એ મિયાણા પગાર વિના મારા રાજયની રક્ષા કરે છે તો એનો ત્યાગ કેમ કરાય, કારણ કે, રાજાઓને ધન વિના ધર્મનું પાલન કરવું એતો વાત કયારેય બને નહિ, એતો જયારે,

પૂર્વછાયો

*।। બાવા થઈ જયારે બેસીયે, ત્યારે પળાય પ્રિતે ધર્મ ।।*
*।। ખાઈ મફ્તનું મસાણમાં, જઈ સુવે જાણજો મર્મ ।।*

તમારા જેવા બાવા થઈને બેસીએ અને મફતનું ખાઈને મસાણમાં જઈને સુઈ જઈએ ત્યારે ધર્મ પ્રિતે કરીને પાલન થાય માટે હે સ્વામિ નારાયણ રાજાઓને



રાજ્યનું રક્ષણ કરવું હોય, તો ધન વિના એ રક્ષણ થાય નહિ, કારણ કે, પૈસા વિના સારા માણસો મળે નહિ, અને મળે તો પાપી અને નકામા માણસો મળે. અને એવા માણસો કોઈએ રાજ્યની રક્ષા ન કરે, માટે જો તમો કહેતા હો તો એ મિંયાણાને કાઢી મુકિયે, અને તમો ધન આપો, એટલે સારા માણસો રાખીએ, અને એ અમારા રાજયની રક્ષા કરે, સ્વામી કહે છે કે, રાજન આવી રીતે ડોસોજી યુકિતનાં વચન બોલ્યો, ત્યારે ભગવાન શ્રી હરિ સહજાનંદ સ્વામી કહેવા લાગ્યા જે, હે રાજન અમો તો સાધુ છીએ જેથી અમો ધન રાખતાએ નથી અને કોઈને આપતાએ નથી, અને જો અમારી પાસે ધન હોય તો તો હમણાં જ તમોને આપિયે.

પૂર્વછાયો

*।। પણ બીજો કોઈ મળશે, દેનાર તમને દામ ।।*
*।। મદ તમારો ઉતારશે, લઈ લેશે ગરાસને ગામ ।।*

પણ જયારે કોઈ શત્રુ રાજા તમોને ધન દેનાર મળશે તે તમારૂ ગામ ગરાસ સર્વે લઈ લેશે અને તમારો મદ ઉતારશે, હે રાજન પાપ કર્યા થકી કાંઈ પણ મળતું નથી, પૃથ્વીનું રાજય ધર્મે કરીને મળે છે, ધર્મે કરીને ધન મળે છે, સ્વર્ગાદિક લોકોનું સુખ પણ ધર્મે કરીને જ મળે છે, આ સંસારમાં ધર્મ વિના કાંઈ ધન, ધામ, વગેરે સુખની ઈચ્છા રાખતાં હશો. તો તે કાંઈ પણ મળવાનું નથી, એ નકકી માનજો, તારા મનમાં એમ હશે કે પાપ કરી ને મારૂ રાજય હેમ કુશળ રહેશે, પણ એ કાંઈ પણ રહેવાનું નથી પરંતુ કોઈ રાજા તારા ઉપર ચડાઈ કરીને તારૂ રાજ પાટ બધું લઈ લેશે.

પૂર્વછાયો

*।। આજથી દિવસ પાંચમે । જાણો જાશે તમારૂં રાજ ।।*
*।। એમ કહીને ચાલીયા । નિજ ભકત ગૃહે મહારાજ ।।*

અને આજથી પાંચમે દિવસે તમારૂં રાજય જશે, આ મારૂં વચન સત્ય માનજે, અમે કહીને મહારાજ થયા ચાલતા, અને ભકતને ઘેર જઈ સર્વે જનોને બોલાવી ને કહયું જે, હે ભકત જનો, તમારે સુખી થાવું હોય, તો આ શહેર માં કોઈ પણ રહેશો નહિ, આ ગામનો ત્યાગ કરીને બીજા આજુ બાજુના ગામમાં જઈને સુખેથી નિવાશ કરીને રહેજો, કારણ કે આ શહેર કંથકોટ લુટાશે અને

આ શહેર ભંગાશે, માટે સર્વે તમો આ કંથકોટનો ત્યાગ કરીને બીજે ગામ જતા રહેજો, નહિતો તમો, તમારા ઘર બાર સર્વેનો નાશ થઈ જશે. અને હતું ન હતું થઈ જશે, સ્વામી કહે છે કે, હે રાજન આવી રીતે પોતાના આશ્રિત સર્વે હરિ ભકતોને કહીને પછી શ્રી હરિ ત્યાંથી થયા ચાલતા, તે ભુજ નગર ગયા, અને હરિ ભકતો સર્વે પોત પોતાના ઘર વખરી સર્વે લઈને ગાડાં ભરીને બીજે ગામ જતા રહ્યા, ત્યારપછી પાંચમે દિવસે ફતે મહમદે પોતાનું લશ્કર લઈને ભુજથી આવીને કંથકોટ ઉપર ચડાઈ કરીને આખા શહેરને લુંટી લીધું અને તોપે કરીને શહેરના ગઢને તોડી નાખ્યો અને રાજની સર્વે સમૃધી પોતાના હાથમાં કરી, અને જે પાપ કર્મને કરનારા મિંયાણા હતા તે તો પોતાના જીવ બચાવને માટે ભાગી ગયા, એ રીતે શ્રીજી મહારાજે, એ કંથકોટમાં પોતાનો ચમત્કાર જણાવ્યો, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, રાજન

પૂર્વછાયો

*॥ જીવ જગમાં પાપીયા, સુધી માને નહિ વાત ॥*
*॥ પડે પેજારૂ પાગમે, ત્યારે માને તે સાક્ષાત ॥*
*॥ પપ સામા રહી નવ પીયે, પીયે ઉંધા પડીને મુત ॥*
*॥ એવા જનને કારણે, જગે જન્મ ધારે અચ્યુત ॥*

આ જગતમાં જે એ ડોસાજી જેવા પાપી જીવા હોય છે, તે હિતની વાત પણ માને નહિ, પછી જયારે મુંડમાં જોડાનો માર પડે, ત્યારે માને તેને તો જેમ સામા રહીતે દુધ ન પીવે, અને ઉંધા રહીને મુત્ર પીવે એવા જાણવા, અને ભગવાન પણ એવા આસુરી જીવોના નાશને માટે જ આ લોકમાં જન્મ ધારણ કરે છે. પરચો–૧૪ મો થયો.

---

## *અધ્યાય ૭૫ મો, પરચો ૧૫ મો.*

## *છગન પારેખને પરચો પુર્યો.*

વળી બ્રહ્માનંદ સ્વામી કહે છે જે, હે રાજન અમદાવાદમાં શ્રીજીમહારાજે પોતાના આશ્રિતોને જે, પરચા આપ્યા છે, તેમાંથી કેટલાક પરચા તમારા પ્રત્યે



કહું છું તેને તમો સાંભળો જે.

પૂર્વછાયો

*॥ એક વાર અમદાવાદમાં, પોતે આવ્યા જયારે અવિનાશ ॥*
*॥ ફર્યા સર્વે શહેરમાં, પણ રહી ગયો એક દાસ ॥*
*॥ છગન પારેખ નામ જેનું, ભુલ્યા તેહનું ઘર ॥*
*॥ નાવ્યા હરિવર જાણીને, તેને સુખ નહિ પલભર ॥*

એક વખતે શ્રીજીમહારાજ અમદાવાદમાં પધાર્યા, તે આખાયે શહેરમાં રહેલા પોતાના આશ્રિત ભકત જનોને ઘેરોઘેર ફર્યા, પણ એક છગન પારેખનું ઘર ભુલી ગયા, ત્યારે ભગવાન પોતાને ઘેર આવ્યા નહિ, તેણે કરીને એ છગન ભકતને અતિ દુઃખ થયું જે, મહારાજ, બધાય ભકતોને ઘેર પધરામણી કરી અને મારે ઘેર કેમ ન પધાર્યા ? મારા નિયમ ધર્મમાં કાંઈક ખોટ હશે, અથવા તો મારાં ભાગ્ય ફુટેલ હશે, જેથી મહારાજ મારે ઘેર પધાર્યા નહિ હોય, સર્વે હરિભકતોને ઘેર પધારીને સર્વેને સુખ આપ્યાં પણ મારા એવાશું અભાગ્ય હશે કે, મહારાજ મારે ઘેર આવ્યા નહિ એમ જાણીને શોક કર્યા કરે, અન્ન જળનો ત્યાગ કરીને રાત દિવસ રૂદન કર્યા કરે, અને મનમાં અતિશે મુંઝાયા કરે, ત્યારે અંતર્યામી ભગવાન શ્રી હરિ પોતાના ભકતને અતિશય દુઃખી જાણીને તેને ઘેર પધાર્યા, અને છગનને આવીને કહે જે, હે ભકત જય શ્રી સ્વામિનારાયણ એમ કહીને પોતાના પાર્ષદોએ સહિત જગત માંજ પોતાના દર્શન આપ્યાં, અને કહે જે, હે છગન, તું શોકનો ત્યાગ કરી દે, હું તારા ઉપર રાજી થઈને દયા કરીને સંતો સહિત તુને દર્શન દેવા માટે તારે ઘેર આવ્યો છું. ત્યારે છગન સંતોએ સહિત પોતાને ઘેર પધારેલા મહારાજને જોઈને અતિશે રાજી થયો, અને અતિ પ્રેમથી મહારાજના અને સર્વે સંતોના દર્શન કર્યા પછી બે હાથ જોડી પગે લાગીને કહેવા લાગ્યો જે, હે મહારાજ, તમો એક ઘડીવાર રહો તો હું આપની પૂજા કરૂં, ત્યારે મહારાજ કહે જે, ભલે અમો એક ઘડીવાર રોકાઈ શું તમો પૂજા કરો, પછી છગને મહારાજની ષોડસ ઉપચારોથી પૂજા કરી, સ્વામી કહે છે કે, હે રાજન એવી રીતે અતિ દયાળુ એવા ભગવાન દયા કરીને પોતાના દાસ છગનને પોતાના દર્શન આપીને એ ભકતના દુઃખને દુરી કરીને અંતધર્યા ન થઈ ગયા, એવી રીતે

મહારાજે પોતાના અનન્ય ભકત છગન તે પરચો આપ્યો અને તેને રાજી કર્યો, એવી રીતે શ્રીજી મહારાજ પોતાના આશ્રિત ભકતોના મનોરથને પૂર્ણ કરીને સુખીયા કરે છે, એવા ભગવાન દયાળુ છે. એવી રીતે ૧૫ મો પરચો થયો.

---

### અધ્યાય :– ૭૫ મો, પરચો ૧૬ મો.

## છગન પારેખને આપેલ પરચો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે હે રાજન વળી એજ છગન પારેખને શ્રીજી મહારાજે બીજો પરચો આપેલો, તે પરચાની વાત કરૂં છું સાભળો જે.

ચોપાઈ

*ll વળી એવી રીતે એક દન, હરિ ઘરમાં આવ્યા છગન ll*
*ll જોઈ છગન પડ્યો ચરણ, જયશ્રી હરિ અશરણ શર્ણ ll*

એક સમયે અમદાવાદમાં શ્રીજી મહારાજ પોતાનો આશ્રિત જે છગન પારેખ તેને ઘેર પધાર્યા, ત્યારે પોતાને ઘેર અચાનક પધારેલા શ્રીજી મહારાજને જોઈને છગન પારેખે ઉભા થઈ ને દંડ વત પ્રમાણ કર્યા, પછી બે હાથ જોડી વિનંતી કરીને પૂછયું જે, હે મહારાજ આપની હું શી સેવા કરૂ? તે આપ મને આજ્ઞા આપો, ત્યારે શ્રીજીમહારાજ કહ્યું જે, હે છગન ભકત, અમોને અમારા થાળમાં પીવા માટે દુધ પુરૂ થતું નથી, માટે તું અમોને એક સારી અને દુઝાણી ગાય લાવી આપ, ત્યારે છગન કહે જે, હે મહારાજ મારે ઘેર ગાય તો નથી માટે હું ગાય કયાંથી લઈને તમોને આપુ? અને એ તમારી આજ્ઞાને હું કેવી રીતે પાલન કરૂ, ત્યારે શ્રીજી મહારાજ કહે જે,

ચોપાઈ

*ll શ્રીજી કહે તું ઉઠજે સવારે, ગાય મળશે સામી તુને ત્યારે ll*
*ll લઈ નરનારાયણને દેજે, તારો જન્મ સુફળ કરી લેજે ll*

શ્રીજીમહારાજ કહે જે, તું સવારે વહેલો ઉઠીને આ શહેરના ઈડરીઆ દરવાજા પાસે જઈને બેસ જે, અને દરવાજો ઉઘડશે, એટલે તરત જ એક સોદાગર વેચવા માટે એક ગાય લઈને આવશે, તેની પાસેથી પચીશ રૂપૈયા માં



ગાય લઈને મંદિરમાં નરનારાયણ સ્વરૂપે વિરાજમાન એવો જે, હું તે મને અર્પણ કરજે. એમ કહીને શ્રીજી મહારાજ અદૃશ્ય થઈ ગયા, ત્યાર પછી તે છગન પારેખ સવારે વહેલા ઉઠીને પોતાના નિત્ય વિધિ કરીને ઈડરીએ દરવાજે જઈને બેઠો, પછી જયારે દરવાજો ઉઘડયો, કે તરત જ એક સોદાગર દુઝણી ગાય વચ્છે સહિત લઈને આવ્યો, ત્યારે તેને છગન પારેખે પૂછયું જે, હે ભાઈ આ ગાયને તમો કયાં લઈ જાઓ છો? ત્યારે તેણે કહ્યું જે, હું આ ગામને વેંચવા માટે જાઉ છું ત્યારે છગને પુછયું કે, આ ગાયની કેટલી કિંમત છે, ત્યારે સોદાગરે કહ્યું કે, આ ગાયની કિંમત પચીશ રૂપૈયા છે, ત્યારે છગને કહ્યું જે, તમો લ્યો આ રૂપિયા પચીશ, અને ગાય આપો મને, એમ કહીને તેની પાસેથી ગાય લઈને મંદિરમાં આવ્યો, ત્યારે તે ગાયતો વચ્છે સહિત મંદિરના મંડપ ઉપર ચડી, અને શ્રી નરનારાયણ દેવના દર્શન કરીને પાછી નીચે ઉતરી, તે જોઈને એ મંદિરમાં રહેલા સર્વે જનો અતિશે આશ્ચર્યને પામી ગયાં, ત્યાર પછી એ છગન પારેખે મહંત સ્વામીની પાસે જઈને, વાત કરીને ગાય મંદિરમાં અર્પણ કરી, એવી રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાની મૂર્તિઓ દ્વારા પણ પોતાના એકાંતિક ભકત જનોને પરચા આપે છે, તે પરચાનો લખતાં પાર આવે તેમ નથી.

*ll એવા પરચા આપ્યા છે અપાર । કહેતાં લખતાં ન આવે પાર ll*

એવી રીતે ૧૬ મો પરચો થયો.

---

### અધ્યાય :– ૭૫ મો, પરચો ૧૭ મો.

## ઝવેર ભક્તને મહારાજે પરચો પૂર્યો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, રાજન વળી એવો જ એક બીજો પરચો કહું છું તેને તમો સાંભળો જે જે પરચો સાંભળી આપણા હૃદયમાં ભગવાનના નિશ્ચયની પાકી દૃઢતા થાય છે, સ્વામી કહે

પૂર્વછાયો

*ll કાજુ ગામ કોટેસરે, વસે કણબી ભકત ચાર ll*
*ll સત્સંગ માં શિરોમણી, હરિ પરાયણ નર નાર ll*

એક સુંદર કોટેસર એવે નામે ગામમાં સત્સંગીઓના ઘર ચાર જ હતાં પણ બીજાતો સર્વે કુસંગી હતા એ ચારે ઘરમાં બાઈયો, ભાઈયો સર્વેનાં ભગવાન પરાયણ અંગ હતા એમાં પણ ઝવેર ભકત મુખ્ય હતા, એક વખતે એ સર્વે મળીને મહારાજના દર્શન કરવા માટે ગઢપુર ગયા, અને ઘર ચારેનાં બંધ હતાં. એવામાં એક દિવસે ગામમાં અગ્નિ લાગ્યો, તેણે કરીને સર્વેનાં ઘર બળી ગયાં, પછી એ સત્સંગીઓ જયારે પોતાના ગામ આવ્યા, ત્યારે કુસંગી લોકો કહેવા લાગ્યા કે, તમો કહો છો કે, અમારા ભગવાન મોટા છે, અને એના સત્સંગી અમે પણ સાચા છીએ, તો સત્સંગીમાં અને કુસંગીમાં ફરજ શું છે, સર્વે એક સરખાજ છીએ, કારણ કે, ગામમાં અગ્નિ લાગ્યો અને સર્વેના ઘરો બળ્યાં તે ભેળે તમારા પણ ઘર બળી ગયાં. અને જો તમારા સ્વામિનારાયણ, ભગવાન હોય તો તમાર ઘરની રક્ષા કરવી જોઈએ, તેવો કરી નહી માટે તમો પણ અમારા હારે જ છો, કારણ કે જો એ સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન હોય, તો તમને પરચો આપીને તમારા ઘરનો બચાવ કરવો જોઈએ, તેતો કર્યો નહિ, માટે તમો સર્વે ખોટા ખોટા વાદ વિવાદ કરો છો, અને જો તમારા સ્વામિનારાયણ ભગવાન હોય? તો પરચા આપે, આવી રીતનાં કુસંગી ના વચનો સાંભળી ને સર્વે સત્સંગીમાં શિરોમણી એવા ઝવેર ભકતે કહયું કે, અમારા ભગવાન પરચો આપે, કે ન આપે તો પણ એ ભગવાન સાચા છે, અને આલોકમાં ભગવાન રક્ષા કરે કે ન કરે, એતો એ ભગવાનની ઈચ્છા હોય, તેમ કરે, પરંતુ આ લોકના નાસ્વંત પદાર્થોની રક્ષા કરે, એ કાંઈ પરચો ન કહેવાય, પણ કામ, ક્રોધ, લોભ, માન, મત્સરાદિક સત્રુ થકી રક્ષા કરે, વળી નરક ચોર્યાસી જન્મ, મરણ, ગર્ભવાસના દુઃખો થકી રક્ષા કરે, એજ મોટો પરચો કહેવાય, અને એવી પોતાના આશ્રિતોની ભગવાન શ્રી સ્વામિ નારાયણ રક્ષા કરે છે, અને પોતાના આશ્રિતોના ગુના નહિ જોઈને અંત સમયે આશ્ચર્ય કારક ચમત્કાર દેખાડીને પોતાના ધામમાં તેડી જાય છે, અને એ વાતો ભગવાનના લાખો પરચા છે, તેનો કોઈ પણ પાર પામી શકે તેમ નથી.

પૂર્વછાયો

*।। પુરણ પરચા પ્રીતથી । આપે છે વારમ વાર ।।*
*।। નિજ ઈચ્છા એ નાથજી । કરૂણા તણા ભંડાર ।।*



બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન દયાના સાગર એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના આશ્રિતોને પોતાની ઈચ્છા એ કરીને અનંત પરચા આપે છે, એ પરચાને કહેવામાં

*।। પંચાનન મુખ પાંચથી, ચતુરાનન કહે મુખ ચાર ।।*
*।। ષડાનન ષડ મુખથી, કહે સહસ્રાનન સતસાર ।।*

સ્વામી કહે છે કે, શિવજી પોતાના પાંચ મુખેથી વર્ણન કરે બ્રહ્માજી પોતાના ચાર મુખે ગાય, કાર્તિક સ્વામી પોતાના છો મુખે વર્ણન કરે, શેષજી હજાર મુખેથી ગાય, તો પણ એ ભગવાનના પરચાનો પાર પામી શકતા નથી. તો આ લોકના અલ્પ બુધ્ધિ વાળા કવિઓ એ, પરચાનો પાર કયાંથી લઈ શકે, પક્ષિ આકાશમાં ઉડે, તે જેટલું પોતાની પાંખમાં બળ હોય, એટલે ઉંચે ચડે, પણ આકાશનો પાર કોઈ પામી શકે નહિ.

પૂર્વછાયો

*।। તેમ મહિમા નાથનો, કવિ યથાર્થ કહે કેમ ।।*
*।। નિજ બુધ્ધિ બળથી કહે, નવ કહેવાય જેમ છે તેમ ।।*

સ્વામી કહે છે કે, આવી રીતે જયારે ઝવેર ભકતે કહ્યું, ત્યારે કુસંગી સર્વે બોલતાં બંધ થઈ ગયા, એવી રીતે ૧૭ મો પરચો થયો.

---

### અધ્યાય ૭૬ મો, પરચો ૧૮ મો.

## મોઢ ઘાંસી બેચરને આપેલો પરચો

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજા હવે એક બીજી વાત કહું છું.

ચોપાઈ

*।। એક વાતા કહું બીજી વળી, ભુપ સંભાળજો મેં સાંભળી ।।*
*।। મોઢ ઘાંસી બેચર ખુશાલ, ગામ પ્રાંતિજમાં રહે છે હાલ ।।*

તેને તમો સાંભળો જે, અને એ વાત મેં સાંભળી છે, તે કહું છું, પ્રાંતિ જ ગામમાં મોઢ ઘાંસી જેની અટક છે, એવો એક સ્વામિનારાયણનો આશ્રિત બેચર

ખુશલ એવે નામે ભકત હતો. તે વ્યવહાર માંતો અતિ ગરીબ સ્થિતિ વાળો હતો, પરંતુ ભગવાન ભજવામાં અને મહારાજની આજ્ઞા, ઉપાસનામાં અતિ સુરવીર હતો, તેણે એક વખતે, મહારાજ વિજાપુરમાં પધારેલા છે, એવું જાણીને મહારાજનાં દર્શન કરવા માટે ચાલતો થયો, હાથમાં માળા રાખીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામનો જપ કરતો જાય. ચાલતાં, ચાલતાં, માર્ગમાં સંગપર ગામ આવ્યું ત્યાંતો રસ્તામાં ચાર યમ દુતો સામા મળ્યા, તેના હાથમાં તલવાર આદિક હથીયારો હતાં એ ભયંકર યમ દુતો, બેચરની આગળ આવીને અતિ ક્રોધે યુકત થઈને કહેવા લાગ્યા જે, અરે બેચરીઆ, તું કયાં જાય છે. અને આ તેં લલાટમાં વિલક ચાંદલો શા માટે કર્યો છે, માટે તેને ભુંસી નાખ્ય, અને કંઠમાં રહેલી કંઠી ત્રોડી નાખ્ય, અને હાથમાં રહેલી માળાને ફેંકી દે, અને કહીએ છીએ, તે પ્રમાણે નહિ કરે તો આ તલવારે કરી ને તારૂ માથું કાપી નાખીશું, અને તારા હાથ, પગ કાપીને તુને જે અલ્યા પાપીઓ, તમો મને કંઠીનું શા માટે પુછો છો? આ કંઠી તો, મારા ઈષ્ટ દેવ શ્રી સ્વામિનારાયણ ની છે, ભાલમાં તિલક, અને આ માળા એ સર્વે મારા ઈષ્ટ દેવનાં ચિહન છે, અને મારી સહાય કરનારા અતિ બળવાન મારા ભગવાન છે, જેથી મને મોટો આનંદ છે, જેથી હે પાપીઓ, હે હરામી, તમારાથી જે, થાય તે કરી લીયો મને તમારી બીક નથી. મારા ઈષ્ટ દેવ શ્રી સ્વામિનારાયણ અતિ બળવાન છે, એનું જ મને બળ છે, માટે કંઠી, માળા, અને વિલક તેને, મને મોઢેથી શ્રી સ્વામિનારાયણ નામને હું છોડવાનો નથી, આવી રીતે એ ચારે યમ, અને બેચરના વાદ વિવાદમાં, યમ હારી ગયા, અને જાણ્યું જે, આતો અતિશે બળવાન ભગત છે, માટે આપણું માનશે નહિ. એમ વિચારીને યમ બોલતા બંધ રહ્યા, તેવામાં ત્યાં એક ડોશી આવી, અને તે અતિ રૂપવાન હતી અને સાથે ઘણુંક દ્રવ્ય અને અનંત પ્રકારના ધરેણાના ભરેલા ભંડાર સાથે હતા, રૂપ, ગુણમાં તો સાગર સમાન હતી, તે બેચરને પગ લગીને રડતી રડતી કહેવા લાગી જે, હે બેચર ભકત, હું એક શેઠની પત્નિ છું મારી પાસે દ્રવ્ય ઘરેણાં વગેરે અપાર છે, પણ મારો પતિ મૃત્યુ પામી ગયો છે, હું હવે વિધવા થઈ રહી છું માટે હું તારે શરણે આવી છું અને તું પણ નિર્ધન છો માટે તું આ કંઠી તીલક, માળા અને સત્સંગનો ત્યાગ કરીને મને રાખ્ય, તમો મારા અને હું તમારી, તમારે શરણે આવી છું, એ સાંભળીને બેચર



કહે જે, મારા ધણી ભગવાન શ્રી સ્વામિનારાયણ બહુ મોટા અને અતિ બળવાન છે, માટે તું મને નથી જોઈતી, તું ભાગીજા, હું ભગવાનનાં દર્શન કરવા માટે વીજાપર જાઉ છું, માટે મને તું ખોટી ન કર, મને મોડું થાય છે, ત્યારે તે સ્ત્રી અતિશે રોવા લાગી, ત્યારે બેચર કહે જે, અરે રાંડ, એક બાજુ ખશેં છે કે નહિ, નહિ તો મારીશ પથરો તારૂ માથુંયે ભાંગી નાખીશ ત્યારે તું જઈશ રોતી, તેવામાં ત્યાં એક સુંદર અને સુંદર ઘુઘરા જેમાં ઝણકાર કરી રહેલો છે, અને સારા રૂપાળા બળદો જેમાં જોડેલા છે, એવો એક રજા આવ્યો તેને હાંકનાર પણ ઓળખા તોજ હતો. એ રથમાં ચાર સંતો બેઠેલા હતા, આવો રથ જયારે આવ્યો ત્યારે પેલા યમ અને સ્ત્રી ભાગી ગયાં, અને સંત રથ ઉપરથી નીચે ઉતર્યા, ત્યારે બેચર સંતોને પગે લાગ્યો, અને પુછયું કે, હે સંતો એ યમ શા માટે આવ્યા હતા, અને પેલી સ્ત્રી કોણ હતી, ત્યારે સંતો એ કહ્યું જે, એ ચાર યમ તમારી શ્રીજીમહારાજ પ્રત્યેથી નિષ્ઠા કેવી છે, તેની પરીક્ષા કરવાને માટે ભગવાનની જ ઈચ્છાથી આવ્યા હતા, પણ તમારી ભગવાન પ્રત્યે દ્રઢતા પાકી જોઈને બોલતાં બંધ થઈ ગયા અને સ્ત્રી તો સાક્ષાત મુર્તિમાન માયા જ હતી. તમો સત્સંગી છો અને ગરીબ સ્થિતી વાળા છો, જેથી એ સર્વે માઈક વસ્તુમાં લોભાઓ છો, કે કેમ ? એ તમારી પરીક્ષા કરવાને માટે મહારાજની ઈચ્છાથી આવી હતી, તમારી આગળ ઘણા હાવ ભાવ વગેરે કર્યું, છતાં તમો તેમાં લોભાણા નહિ. જેથી મહારાજે, તમારી રક્ષા કરી, પછી સંતોએ બેચરને પાણી આપ્યું તે પીધું, અને સંતોનાં દર્શન કર્યા પછી

ચોપાઇ

*॥ થયો રથ તે અંતર્ધાન, એવો પરચો આપ્યો ભગવાન ॥*

સ્વામી કહે છે કે, હે રાજન પછીતો એ રથ અંતર્ધાન થઈ ગયો, એવો પરચો ભગવાને આપ્યો, સ્વામી કહે છે કે, બ્રાહ્મા, ભવ, ઈન્દ્રાદિકદેવ સર્વે માયામાં લોભાયા, તેહ માયા મુર્તિમાન આવીને પોતાની સર્વે ચેષ્ટાઓ કરી તો પણ

ચોપાઇ

*॥ તોય ભકત ન લોભાયો મન, એવા બળિયા આજના જન ॥*
*॥ તેતો પ્રતાપ નાથનો કહાવે, એવા પરચા અલૌકિક જણાવે ॥*

ભકત એમાં જરા પણ લોભાયો નહિ, એવા આજના ભકતો બળવાન હોય છે, એ સર્વે પ્રતાપ ભગવાનનો જ કહેવાય, અને એ ભગવાન પોતાના આશ્રિતોને એવા અલૌકિક પરચા આપે છે, વળી જેનું નામ સાંભળીને જીવોને અતિ ત્રાસ થાય, એવા ભયંકર યમ હાર પામીને ભાગી ગયા, એ વાત કાંઈ નાની ન કહેવાય, એ વાતને મનમાં સર્વે તપાસી જુઓ, સ્વામી કહે છે કે, પછી એ બેચરે વીજાપર આવીને મહારાજનાં દર્શન કર્યા અને મહારાજની આગળ હસ્તે મુખે બે હાથ જોડીને બેઠો, ત્યારે મહારાજે સર્વે વૃતાંત પુછયું ત્યારે બેચરે પોતાને વિતેલી સર્વે વાત સર્વેને સાંભળતાં મહારાજની આગળ કહી સંભળાવી, ત્યારે તે સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્યને પામી ગયા. એવી રીતે પરચો ૧૮ મો થયો.

---

### અધ્યાય ૭૬ મો, પરચો ૧૯ મો.

## અમદાવાદના શ્યામ કુંવરની વાત કહે છે.

હવે બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે હે રાજન

ચોપાઈ

*॥ એક વાત કહું સુણો રાય, થયો પરચો શ્રી નગરમાંય ॥*
*॥ શ્યામ કુંવર વણીક નામ, જાહેર કરી આવ્યા તેને ધામ ॥*

હવે હું તમારા પ્રત્યે અમદાવાદમાં પોતાના એકાંતિક ભકત એક શ્યામ કુંવરબાઈ વણીક હતાં, તેને ઘેર ઓચિંતાના શ્રીજી મહારાજ પધાર્યા અને એ બાઈને કહે જે, હે બહેન, અમોને ભુખ બહુ લાગી છે, એટલા માટે જ અમો આવ્યા છીએ માટે તત્કાળ રસોઈ કરો. ત્યારે એ બાઈ મહારાજને બે હસ્ત જોડી પગે લાગી ને કહે જે, મહારાજ તમોં ભલે પધાર્યા, અને મારા ઉપર તમોએ દયા કરી, હે મહારાજ હમણાં જ હું રસોઈ કરીને તમોને સુંદર થાળ જમાડું, ત્યાં સુધી તમો આ સુંદર ઢોલિયા ઉપર બેસો, ત્યારે મહારાજ કહે જે તમો રસોઈ કરો, ત્યાં સુધી અમો ને નાવા માટે જવું છે, તે નાહીને પછી જમીશ, એમ કહીને મહારાજ ગયા, અને બાઈ રસોઈ કરવા માંડયા, મહારાજ ત્યાંથી હીરાચંદ ભકતને ઘેર જઈને કહ્યું જે, હે ભકત અમોને ભુખ બહુ લાગી છે, માટે



મને જમવા માટે આપો, ત્યારે હીરાચંદ બે હાથ જોડીને પગે લાગ્યા, મહારાજના દર્શન કરી ને કહે જે, હે મહારાજ જરાવાર બેસો, અને હમણાં જ થોડીવારમાં રસોઈ થઈ જશે એટલે તરત તમોને જમાડું. એટલે ત્યાં પણ રસોઈ તૈયાર ન હતી એટલે મહારાજ ત્યાં નહિ રોકાતાં દામોદરને ઘેર ગયા, ત્યાં જઈને કહે જે, મને ભુખ લાગી છે, એટલા માટે હું આવેલો છું મને જે કાંઈ તૈયાર હોય, તે જમવા આપો, ત્યારે દામોદરે રસોડામાં જઈને તપાસ કરી, તો ત્યાં ખીચડીને શાક તૈયાર હતું. એટલે મહારાજને બે હાથ જોડીને કહે જે, હે મહારાજ રસોઈ તૈયાર છે, માટે હે મહારાજ તમો જમવા બેસો એમ કહીને સુંદર બજોઠ ઉપર બેસાડીને પાસે બીજા બાજોઠ ઉપર થાળ મુકયો, ત્યારે મહારાજ અતિ પ્રેમથી થાળ જમ્યા, પછી ભકતે મુખવાસ આપ્યો તે પણ જમ્યા પછી મહારાજ પોતાના કંઠમાં રહેલો પુષ્પનો સુંદર હાર ઉતારીને હીરાચંદને પહેરાવીને ચાલતાં થયા, ત્યારે દામોદરનાં માતુશ્રી મહારાજને વારંવાર પગે લાગીને કહેવા લાગ્યાં જે, હેમ હારા જ, હવે તમો દયા કરીને મને તમારા ધામમાં તેડી જાઓ ત્યારે

ચોપાઈ

*॥ ત્યારે બોલીયા શ્યામ સુજાણ, ભય ભંજન અઘતમ ભાણ ॥*
*॥ તારા દાડામાં આવશું અમે, ડોસી વિશ્વાસ રાખજો તમે ॥*

મહારાજ કહે જે, હે ડોસી માં, અમો તમારા દાડામાં આવીશું અને તમોને અમો તેડી જઈશું એમ કહીને મહારાજ ચાલવા થયા. ત્યારે મહારાજને વળાવવા માટે દામોદર પણ મહારાજ ભેળો ગયો. જયારે શહેર બહાર ગયા, એટલે મહારાજ તરત જ અંતર્ધાન થઈ ગયા, પછી દામોદર પોતાને ઘેર પાછો આવ્યો, ત્યાંતો શ્યામ કુંવરબાઈ આવીને કહે જે, હે દામોદરભાઈ, મહારાજ અહીં તમારા ઘેર આવ્યો છે? કારણ કે હમણાં થોડી વાર પહેલાંજ મારે ઘેર આવીને કહ્યું જે, મને ભુખ લાગી છે, મને જમવા આપો, ત્યારે મે કહ્યું કે, હે મહારાજ થોડીવાર બેસો એટલે હમણાં જ, રસોઈ કરીને તમોને જમાડું, ત્યારે મહારાજ કહે જે, ભલે તમો રસોઈ કરો, ત્યાં સુધીમાં હું નાહી આવું અને પછી જમીશ, તો મહારાજ કયાં ગયા અહીં આવ્યા છે? મારે ઘેર મુને રસોઈ કરાવીને જમ્યા વગર કીયાં ગયા ? ત્યાંતો હીરાચંદ આવીને કહ્યું કે, મહારાજ મારે ઘેર આવીને કહે કે, મને ભુખ લાગી છે, જમવા આપો, તે મેં કહ્યું જે, હમણા થોડીવાર બેસો અને હમણાંજ

રસોઈ થઈ જાશે એટલે તમને જમાડું, તો મારે ઘેર રસોઈ પડતી મેલીને કયાં ગયા? ત્યારે એ બન્ને જણની વાત સાંભળીને દામોદર ભકત હશીને કહેવા લાગ્યા કે, મારે ઘેર આવીને મને પણ એમ જ કહ્યું કે, મને ભુખ લાગી છે માટે મને જમવા આપો, ત્યારે મેં રસોડામાં જઈને જોયું, તો ત્યાં ખીચડી ને શાક તૈયાર હતું એટલે મેં કહ્યું જે, હે મહારાજ થાળ તૈયાર જ છે, તમો આ બાજોઠ ઉપર બેસો પછી મહારાજ આ બજોઠ ઉપર બેઠા અને મેં મહારાજને થાળ જમાડી, ચળુ કરાવીને મુખવાસ આપ્યો, તે જમીને પોતાનાં કંઠમાં પહેરેલો ફુલનો હાર ઉતારીને મને પહેરાવીને મહારાજ ચાલતા થયા ત્યારે હું મહારાજને વળાવવા માટે સાથે ગયો, ગામ બહાર જઈને મને જયશ્રી સ્વામિનારાયણ કહીને અંતર્ધાન, થઈ ગયા, ત્યારે સર્વેએ આતો મોટો પરચો મહારાજે આપણેને આપ્યો, એમ માન્યું,

ચોપાઈ

*॥ દઈ પરચોને દર્શન દીધાં, કરૂણા કરી હાર જ દીધાં ॥*
*॥ એમ આપે પરચા અપાર, પોતે આ સમે પ્રાણ આધાર ॥*

એવી રીતે ૧૯ મો પરચો થયો.

---

## અધ્યાય :- ૭૬ મો, પરચો ૨૦ મો.

## મારવાડના વણીકની વાત.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

પૂર્વછાયો

*॥ સુણો ભુપતિ વર્ણવું, વળી પરચા પ્રભુના પુનિત, ॥*
*॥ મહિમા જણાય મહારાજનો, વધે પ્રગટમાં ઘણી પ્રીત ॥*

હું તમારા પ્રત્યે બીજો પણ પરચો કહું છું તેને સાંભળો, જે પરચા સાંભળવાથી મહારાજનો મહીમા જણાય અને ભગવાનમાં ઘણો પ્રેમ વૃધ્ધિને પામે, એક મારવાડ દેશનો વણીક હતો, એ જૈન પંથનો હતો. તે અઢીસો રૂપિયા લઈ પોતાના વસ્ત્રોની ગાંઠમાં બાંધી ને ફરે અને સર્વે તીર્થો ની યાત્રા કરે, અને પોતાના મનમાં એવું દૃઢ નકકી કરેલું કે, આ મારી પાસે રૂપિયા અઢીસો છે, તે



જે હવે મારી પાસેથી માંગી લીએ, એને હું પ્રત્યક્ષ ભગવાન માનું અને એ દેવને આ રૂપિયા અઢીસો અર્પણ કરી દેવા, અને પછી એ દેવને જ પ્રગટ ભગવાન માનીને એનું જ મારે ભજન કરવું. સ્વામી કહે છે કે, એ વણીક પોતાના હૃદયમાં આવો વિચાર કરીને ઘણાં તીર્થોમાં ફર્યો, વળી ઘણાં મંદિરોમાં ફર્યો, ઘણાય દેવોનાં દર્શન કર્યા. પણ કોઈ દેવે પોતાને માન પુર્વક બોલાવીને એ ધન માગ્યું નહિ, જેથી હૈયામાં પણ સુખ નહિ, અને ફરી ફરીને હેરાન થઈ ગયો, પછી એ વણીક ફરતો ફરતો અમદાવાદમાં આવ્યો, અને એ શહેરમાં રહેલાં ઘણાંય મંદિરોમાં ગયો, દેવોના દર્શન કર્યા પણ કોઈ દેવે પોતાના સંકલ્પ પુરો કર્યો નહિ, એટલે, શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નર નારાયણ દેવની સન્મુખ ઉભો રહ્યો, મુર્તિઓને જોઈને મનમાં અતિશે રાજી થયો, અને વિચાર કરવા લાગ્યો જે, હું ઘણા તીર્થોમાં ફર્યો, દેવોનાં દર્શન કર્યા. પણ એ સર્વે દેવોમાં આવું તેજ, આવો ચમત્કાર કયાંય પણ દીઠોમાં આવ્યો નહી, જેથી એ સર્વે દેવો પ્રોક્ષ છે, અને શ્રી નરનારાયણ દેવ જ પ્રગટ ભગવાન છે, સ્વામી કહેછે કે, એ વણીક પોતાના મનમાં આવો સંકલ્પ કરતો થહો શ્રી નરનારાયણ દેવની સન્મુખ ઉભો છે, તેવામાં એ દેવોએ વણીકને કહ્યું જે, આવો, આવો, અને તમો અઢીસો રૂપિયા ગાંઠે બાંધીને ફર, ફર કયાં સુધી કરો ? અને એ રૂપિયા અમારા જ છે, માટે મુકો અમારી પાસે અને તમો થાઓ રાજી, ત્યારે એ વણીક અતિશે રાજી થઈ ગયો અને મનમાં જાણ્યું જે, બીજા દેવો સર્વે પ્રોક્ષ છે અને પ્રત્યક્ષ તો આ નરનારાયણ દેવ છે, અને મારી પાસે કોઈ દેવોએ ધન માંગ્યું નહી અને આજે આ શ્રી નરનારાયણ દેવે મારી પાસેથી માંગી લીધું અને ઘણા દિવસોનો મારો મનોરથ આ દેવોએ પુર્ણ કર્યો માટે આ શ્રી નરનારાયણ દેવ જ સર્વોપરી પ્રગટ ભગવાન છે, એમ વિચારીને પોતાની પાસે વસ્ત્રમાં બાંધેલા રૂપિયા સર્વે, એ ભગવાનને અર્પણ કરી દીધા, અને બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યો જે,

*॥ તમે સાચા દેવ જગસ્વામી । આવ્યો શરણે ભાંગો મારી ખામી ॥*
*॥ પછી નીયમ ધારી ગયો ઘેર । કરી મહારાજે એ પર મહેર ॥*

હે મહારાજ, આ લોકમાં એક સાચા પ્રગટ દેવતો આપ જ યો, માટે આજથી હું તમારે જ, શરણે આવ્યો છું માટે મારા ઉપર દયા કરીને મારામાં

જે, કાંઈ ખામી હોય તેને ભાંગીને આ દેહને અંતે તમો મને તેડવા માટે પધારજો એમ કહી નિયમ ધારીને એ વણીક પોતાને ઘેર ગયો અને જયાં સુધી એ જીવ્યો, ત્યાં સુધી એ શ્રી નરનારાયણ દેવનું ભજન કરીને અંતે ભગવાનના ધામને પામ્યો,

*॥ એવો પરચો આપ્યો જગ સ્વામી, માંગી લીધું નાણું બહુ નામી ॥*

*॥ એવા પરચા તણો નહી પાર, આપે આ સમે ધર્મકુમાર ॥*

એવી રીતે ૨૦ મો પરચો થયો.

---

### અધ્યાય :– ૭૭ મો, પરચો ૨૧ મો.

## મચ્છુમાં ડુબતા સંતની શ્રીહરિએ રક્ષા કરી.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

*પરચા પુરૂષોત્તમ તણા, ઘણ રાજન છે આ વાર ।*

*જેમ જેમ સાંભરે મુજને, તે તુને કહું નિરધાર ॥*

જયારે હું ગુજરાતમાંથી ફરતો ફરતો કથા વારતા કરવા માટે ભુજ આવ્યો, ત્યારે મારી પાછળ સંતો અમદાવાદથી ચાલીને ભુજ આવવા માટે નિકળ્યા, વર્ષા ૠતુ હોવાથી વરસાત અતિશે વરસે, રસ્તામાં નદીના નાળે પુર વહ્યા કરે, એ સર્વે ઉલંઘતા થકા વાંકાનેર પાસે રહેલી મચ્છુ નદી આવી, એ નદી બે કાંઠે અતિ વગેમાં વહે, એ નદીમાં મોટા પથરાઓ, પર્વતો હોવાથી થોડું થોડું પાણી વહેતું હોય તો પણ ઉતરવું કઠણ પડે અને આતો બે કાંડે ભરપુર નદી વહે, વળી તેમાં કોઈ સ્થળે મોટ મોટી ભમરીઓ પડતી હોય, જેથી જોતાંય બીલ લાગે, ચારે સંતો એ નદીને કાંઠે આવીને વિચાર કરવા લાગ્યા કે, આ નદીનું પુર ઓછું કયારે થાશે, વર્ષાદ અતિશે વર્ષે છે, તો ત્યાં સુધી આપણે ખોટી કેટલા દિવસો થવું અને આપણ સર્વેને તાર તો આવડે છે, માટે તરી જઈશું એમ વિચાર કરીને ભેઠયું બાંધીને પડ્યા નદીમાં, તેમાં એક હતા રઘુનાથાનંદ, બીજા હતા, અવિનાશાનંદ, ત્રીજા હતા, દયાનંદ અને ચોથા હતા હરિચરણદાસ આમ આ ચારે સંતો પોતાના હૃદયમાં શ્રીઘનશ્યામ મહારાજને સંભારીને અથાદ જળમાં પડ્ય ને માંડ્યા તરવા ત્યારે ત્રણ સંત તો તરી ગયા, પણ એક દયાનંદ સ્વામી



નદીના મધ્યમાં આવીને થાકી ગાય, એટલે માંડ્યા બુડવા એ સમયે એ સંતે વિચાર્યુ જે, હવે આ ભયંકર નદીમાં ભગવાન સિવાય કોઈ બચાવે, તેમ નથી. એમ વિચારીને મનોમન મહારાજની પ્રાર્થના કરી, એટલે અતિ દયાળુ એવા ભગવાન સહજાનંદ સ્વામીએ તત્કાળ આવી, હાથ ઝાલ્યો, નદીને સમે કિનારે ઉભેલાં કેટલાક માણસોએ જોયું એટલે તત્કાળ હાહાકાર કરવા લાગ્યાં કે પેલો સાધુ નદીમાં બુડ્યો, બુડ્યો અને આ નદીમાં પાણીનું પુર બહુ છે જેથી એ સાધુ ઉગરશે કેમ, એવી રીતે સર્વે મનુષ્યો હાહાકાર કરવા લાગ્યા, એટલામાં તો પોતાના આશ્રિતોને સુખ આપનાર ભગવાને એ સાધનો હાથ ઝાલીને નદી થકી બહાર કાંઠે મુકી દીધા અને પેટમાં પાણી પેસવા દીધું નહી એ સાધુએ બહાર આવતાની સાથે પીવા માટે પાણી માંગ્યું કે મને તરસ લાગી છે, માટે પીવા માટે પાણી આપો ત્યારે સંતોએ પાણી આપ્યું અને તે સાધુએ પાણી પીધું ત્યારે સર્વેજનો કહેવા લાગ્યાં કે આ તો અથાગ જળમાંથી એના ભગવાન શ્રી સ્વામિનારાયણે રક્ષા કરી, નહિ તો આવડી મોટી નદી, બે કાંઠે અતિ વેગમાં વહે અને એમાં બુડેલા કોઈ બચેજ નહિ વળી

પૂર્વછાયો

*॥ પેસવા ન દીધું પાણીને. જાણીને જગ આધાર ॥*

*॥ એ તો પરચો આપીઓ, કરૂણા કરી કિરતાર ॥*

એના પેટમાં પાણીએ પેસવા ન દીધુ? એ તો ભગવાન શ્રી સ્વામિનારાયણે જ રક્ષા કરી, એવો મોટો પરચો આપ્યો

ચોપાઈ

*॥ પછી ત્યાંથી આવ્યા નવેગામ, સંત ચાલીને મિઠાને ધામ ॥*

*॥ તીમાં સર્વે ભેળા થયા, સુણી રાજી થયા તે અત્યંત ॥*

સ્વામી કહે છે કે પછી ત્યાંથી સંતો ચાલીને નવેગામ આવ્યા અને ત્યાંથી મીઠાપુર આવ્યા, ત્યાં સર્વે સંતો ભેળા થયા, ત્યારે જે દયાનંદ પાણીમાં બુડયા, અને મહારાજે તેની રક્ષા કરી હાથ ઝાલીને નદીમાંથી બહાર કાઢયા, એ પરચો હરિચરણદાસજીએ દીઠો, તે સર્વે સંતોને કહી સંભળાયે, તે પરચો મેં તમોને સંભળાવ્યો છે, એવી રીતે ૨૧ પરચા થયા.

---

### અધ્યાય :- ૭૭ મો, પરચો ૨૨ મો.

## ગામ મછીયાવ્યમાં ફઈબાને આપેલો પરચો

ચોપાઈ

*॥ બીજી વાત કહું એક વળી । ભુખ લેજો ભાવેથી સાંભળી ॥*
*॥ એક ગામ મોટું મછીયાવ । ભય હારિમાં ભુખને ભાવ, ॥*

બ્રહ્માનદ સ્વામી કહે છે કે, હે રાજન, વળી તમારા પ્રત્યે એક બીજો પરચો કહું છું સાંભળો, એક મોટું મછીયાવ નામે ગામ છે, તે ગામના રાજા બાપુભાઈ ઠાકોર હતા, તેને ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અતિ પ્રેમ ભાવ હતો અને ભગવાનના પાકા ભકત હતા, અને તેના પત્નિ ફુઈ બા તે પણ શ્રીજીમહારાજને વિષે અતિ પ્રિતિ વાળા અને અતિ હેતે સહિત મહારાજનું ભજન કરે, એમ કરતાં એ ફુઈબા અતિ માંદા થયા, તે ચાર મહિના સુધી બિમાર રહ્યા, ત્યાર પછી શ્રીજીમહારાજ તેને તેડવા માટે આવ્યા, બાઈને પોતાના દર્શન આપીને કહ્યું કે હે બાઈ ચાલો, અમે તમને તેડવા માટે આવ્યા છીએ, માટે તમો થાઓ તૈયાર, તે સાંભળીને બાઈ કહે જે, હે મહારાજ, અત્યારે તમો મને મેલી જાઓ, કારણ કે આડેસરનો રાજા કલ્યાણસંગ, પરચો માગે છે કે તમારા સ્વામિનારાયણ જો મને પરચો આપે, તો હું સ્વામિનારાયણને ભગવાન માનું, માટે મને વાત કહેવી છે અને ત્યાર પછી મને તમો તેડવા માટે આવજો, ત્યારે મહારાજ કહે છે, ભલે બહુ સારૂ, તો હું તમોને એક મહિના પછી તેડવા માટે આવીશ, એમ કહીને એ બાઈને મુકીને શ્રીજીમહારાજે પોતાનો રથ વાળ્યો પાછો, ત્યારે ગામના સર્વે બાઈ, ભાઈએ દીઠો અને સર્વે ધન્ય, ધન્ય કહેવા લાગ્યાં, અને આતો ભગવાનને મોટો પરચો દીધો, પછી એ બાઈએ કલ્યાણસંગને બોલાવીને કહ્યું જે તમો વારે વારે કહો છો કે એ સ્વામિનારાયણ મને કાંઈક પરચો આપે, તો હું એને ભગવાન માનું? તો કહું છું સાંભળો, મારા ઈષ્ટ દેવ ભગવાન મને કહી ગયા છે કે એક મહિના પછી હું તમોને તેડવા આવીશ, માટે એ ભગવાન મને તેડવા માટે આવશે માટે જો તમારે દર્શન કરવાં હોય તો તે દિવસે આવજો, એમ કરતા મહિનો વિતિ ગયો અને પોતનાના કહેવા પ્રમાણે મહારાજ અનંત વિમાગો અને અનંત સંતો પાર્ષદોને સાથે લઈને એ ફુઈ બાઈને



તેડવા માટે આવ્યા અને ફુઈબાઈને પોતાના દર્શન દઈને કહયું જે, અમો તમોને તેડવા માટે આવ્યા છીએ માટે તમો તૈયાર થાઓ, અને અમને મોડું થાય છે, તે સમે ફુઈ બાઈ સર્વેને કહેવા લાગ્યાં જે, જુઓ જુઓ આ મહારાજ મને તેડવા માટે આવ્યા છે અને સહુ દર્શન કરો, અને હવે હું મહારાજની સાથે ધામમાં જાઉ છું, એમ કહીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ધુન્ય કરતા કરતા પોતાના દેહનો ત્યાગ કરીને વિમાનમાં બેઠા તેના ગામના સત્સંગી, કુસંગી સર્વેને દર્શન થયા પછી સર્વેને જોતેસતે આકાશમાં અંતર્ધાન થઈ ગયાં, સ્વામી કહે છે કે એવો પરચો મહારાજે દીધો, તે જોઈને સર્વે કહેવા લાગ્ય જે, આતો અલૌકિક ચમત્કાર કહેવાય, આવી વાવતો કોઈ દિવસ દિઠીયે નથી અને સાંભળીએ નથી આ તો ભગવાને મોટો પરચો દીધો, એવી રીતે ૨૨ મો પરચો થયો.

---

### અધ્યાય :- ૭૭ મો, પરચો ૨૩ મો.

## મછીયાવમાં ભાવસંગને મહારાજ તેડી ગયા.

*॥ વળી એ ગામમાં ભાવસંગ । તેને ચઢયો પ્રગટનો રંગ ॥*
*॥ આવ્યું મોત આડા દશ દન । રહ્યા દેખાણો તેજ નો ધન ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન, વળી એજ મછીયાવ ગામમાં એક ભાવસંગ એવે નામે એક શ્રીજીમહારાજનો પરમ આશ્રિત ભક્ત હતો, તેને સાચા સંતના સમાગમથી આ દિવ્ય સંત્સંગનો રંગ ચડ્યો, તે ભાવસંગ રાત દિવસ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ હાલતાં, ચાલતાં દરેક ક્રિયામાં ભજન કર્યા કરે, એમ કરતાં એને શરીરમાં મંદવાડ થયો અને મોતને આડા દશ દિવસ બાકી રહ્યા, ત્યારે શ્રીજમહારાજે પોતાના દિવ્ય દર્શન દઈને કહી ગયા કે, આજથી દશમે દિવસે તુને તેડવા માટે આવીશું, માટે તું તૈયાર થઈ રહે જે, એમ કરતાં દશ દિવસ પુરા થયા, એટલે એ આખાયે ગામમાં અચાનક પ્રગટ થયેલો અનંત સુર્ય, ચંદ્રના સમાન પ્રકાશ તેણે કરીને તેજ, તેજ થઈ રહ્યું ત્યારે એ ભાવસંગની માતૃશ્રીએ કેટલાક મનુષ્યોને બોલાવીને પુછયું જે, આ અચાનક પ્રગટ થએલો તેજનો સમુહ દેખાય છે, તે શું હશે ? ત્યારે વે લોકો કહેવા લાગ્યા જે, આ તો તમો જેનું ભજન કરો છો ? એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ, જે

તમારો દિકરો ભાવસંગ બિમાર છે? તેને તેડવા માટે આવ્યા હોય ? એમ અમને જણાય છે, તે વાત સાંભળીને એ ડોસીમા અતિ રાજી થયા અને કહેવા લાગ્યા, અહાહા, તો તો મારા દિકરાનાં ધન્ય ભાગ્ય, અને ધન્ય ઘડી કારણ કે સર્વોપરી એવા ભગવાના શ્રી સ્વામિનારાયણ મારા દિકરાને પોતાના ધામમાં તેડી જવા માટે આવે? એનાં ભાગ્ય કેટલા મોટા કહેવાય, આમ કહે છે તેવામાં તો ભાવસંગ કહેવા લાગ્યો જે, આ મહારાજ અનંત મુકતોને સાથે લઈને મને તેડવા માટે પધાર્યા છે, તેનાં તમો દર્શન કરો, અને સર્વે ભગવાનના નામની ધુન્ય બલો ? એમ કહેતાં તત્કાળ પોતાના દેહનો ત્યાગ કરી દીધો, અને દિવ્ય, અતિ તેજોમય વિમાનમાં બેઠો, એટલે તત્કાળ વિમાને સહિત મહારાજ આકાશમાં અદશ્ય થઈ ગયા, તેના આખાય ગામના મનુષ્યોને દિવ્ય દર્શન થયા અને ભાવસંગ મહારાજના ધામમાં ગયો, ત્યારે સર્વે જનોએ જાણ્યું જે, આતો ભગવાને અલૌકિક મોટો પરચો દીધો, તેમાં પણ જે ભગવાનના ભકતો હતા? તેણે પરચો માન્યો, અને જે આસુરી અને અંધ હતા ? તે તો નિંદા કરતા જ રહ્યા, સ્વામી કહે છે કે, હે રાજન,

ચોપાઈ

*॥ હોય આસુરી જીવતે અંધ । માને નહિ દેતે તો સંબંધ ॥*
*॥ એવા પરચા પ્રિતમ પ્રાણ । જણવે છે તે શ્યામ સુજાણ ॥*

એવી રીતે ૨૩ મો પરચો થયો.

---

### અધ્યાય :– ૭૭ મો, પરચો ૨૪ મો.

## વિપ્ર મયારામ ભટ્ટની વાત.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું મયારામ ભટીની વાત કહું છું,

*॥ એક વાત કહું ભુપ સારી । હરિજનને આનંદ કારી ॥*
*॥ ભટ નાગરમાં મયારામ । નાના ભાઈ તે ગોવિંદરામ ॥*

તેને તમો સાંભળો, એક માણાવદર શહેરમાં નાગર બ્રાહ્મણ મયારામ ભટ એવે નામે એક વિપ્ર હતા, તે ભગવાનના મોટા ભકત હતા, તે બ્રહ્મચારીના



ધર્મનું પાલન કરતા હતા, તેના નાના ભાઈ હતા તેનું નામ ગોવિંદરામ હતું અને એ ગોવિંદ રામનો દિકરો હતો તેનું નામ નારાયણજી હતું અને તે નારાયણજીના માતા અને એક બહેન હતા આ સર્વે કુટુંબ ભગવાનનું ભજન કરે, તેમાં મયારામ ભટને જયારથી રામાનંદ સ્વામીનો મેળાપ થયો, ત્યારથી એ નિષ્કામી વ્રતમાનમાં દ્રઢ પણે રહ્યા હતા, સ્વામી કહે છે કે એ ગુરૂ રામાનંદ સ્વામી ધામમાં સીધાવ્યા, ત્યાર પછી એ શ્રીજી મહારાજને ભગવાન માનીને શ્રી સહજાનંદસ્વામીએ અનંત જીવોને પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવવા માટે સમાધિનું પ્રકરણ ચલાવેલું, તે શ્રીજીમહારાજનાં દર્શન કરે એટલે તેને સમાધિ થાય, અને તે સમાધિમાં જે જે અલૌકિક ઐશ્વર્ય જોએલું હોય, તે ઐશ્વર્યની વાતો સમાધિથી જાગે, ત્યારે સર્વેને કહી સંભળાવે, તેને જોઈને મયારામ ભટને અતિ આશ્ચર્ય થાય, વળી ગોવિંદ રામના પત્નિને સમાધિ થાય, એના પુત્ર નારાયણજીને અને દિકરા આ સર્વેને સમાધિ થાય, સમાધિ કરીને ભગવાનના અક્ષર ધામમાં જાય, ત્યાં અનંત મુકતોની સભામાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન, શ્વેત વસ્ત્રો ધારી રહેલા અને નવિન મેઘના સમાન શ્યામ જેનો વર્ણ છે, એવા ભગવાન શ્રી હરિ સહજાનંદસ્વામીનાં દર્શન કરે, અને પછી જયારે સમાધિમાંથી જાગે, ત્યારે સમાધિમાં જે જે જોએલું હોય ? તે તે અલૌકિક આશ્ચર્યની વાતો સર્વેને કહી સંભળાવે તે ક્યારેક તો ગોલાક ધામમાં જાય, ત્યાં રાધીકાદિક અનંત ગોપીઓના મધ્યમાં વિરાજમાન અને શ્રી ધર્માદિક અનંત પાર્ષદોએ સેવાએલા અને સુવર્ણના સિંહાસન ઉપર વિરાજમાન અને મધુરે સ્વરે વેણુને વજાડતા શ્રી કૃષ્ણ ભગવાનનાં દર્શન કરે પછી જ્યારે સમાધિથી જાગે ત્યારે તે તે ધામોનાં ઐશ્વર્યની વાતો સર્વેને કહી સંભળાવે, તે વાતો સાંભળીને મયારામ ભટને મનમાં વિચાર થાય જે સર્વેને સમાધિ થાય અને મને સમાધિ કેમ થાતી નથી ? હું તો સમાધિને યોગ્ય છું અને આ નાના નાના બાળકોને સમાધિ થાય, સ્ત્રીઓને સમાધિ થાય એ સ્ત્રીઓ અને બાળકો તો શુદ્ર કહેવાય, અષ્ટાંગ યોગને સાધે અને કેટલાક કષ્ટોને સહે, તેવા યોગીને પણ જે, સમાધિ ન થાય, એવી સમાધિ આ સ્ત્રીઓને અને બાળકોને સહેજે સહજે થાય, આતો અલૌકિક વાત કહેવાય, તેમાં પણ એક હું જ સમાધિ વિના રહી ગયો ? એવા દોષ મારામાં શું હશે ? એની મને ખબર પડતી નથી, મને એમ લાગે છે કે મેં મહારાજનો જેવો મહિમા છે? તવો જાણ્યો નથી, એ

જ મોટો વાંક છે, એમ મનમાં વિચાર કરીને ભટજી થયા ચાલતા, તે આવ્યા ગઢપુરમાં, ત્યાં દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા ભગવાન શ્રી હરિને જોઈને પૃથ્વી ઉપર પડીને દંડવત પ્રણામ કરવા લાગ્ય, ત્યારે મહારાજ પોતાના સિંહાસન ઉપરથી ઉભા થઈને મયારામને ઉપાડી બાથમાં ઘાલીને અતિશે પ્રેમથી મળ્યા, અને અતિ હેતે કરીને હાથ ઝાલીને પોતાને સમીપે બેસાર્યા, અને પછી પુછવા લાગ્યા કે, હે ભટ્ટજી, તમો અત્યારે કયાંથી આવ્યા? અને શા માટે આવ્યા છો? આવી રીતે મહારાજે હસીને પુછયું, ત્યારે ભટ્ટજી કહેવા લાગ્યા કે, હે મહારાજ, મારા મનમાં મને એવો વિચાર રહયા કરે છે, કે આ સત્સંગમાં બાળકો, સ્ત્રીઓ, તેવા શુદ્રમાં ગણાય, એને સમાધિ થાય, અને હુંતો સમાધિને યોગ્ય છું, તો પણ મને સમાધિ કેમ થાતી નથી, તો એવી મારામાં શી જાતની ખોટ્ય છે, જે ખામી મારામાં હોય તે મને તમો કહો, અને જેમ તમો મને કહેશો તેમ હું કરીશ, પણ મને સમાધિ થાય, એવી મારા ઉપર દયા કરવાને યોગ્ય છો, તે સાંભળી ને શ્રીજી મહારાજ કેવા લાગ્યા જે, હે ભટજી, તમારામાં કાંઈ પણ ખોટય નથી, તમો જેને આ સત્સંગની અને અમારા મહિમાની વાત કરશો, તેને પણ સમાધિ થાશે, તો તમારામાં ખામી હોય, તમારામાં કોઈ જાતની ખામી નથી, અને મારામાં કોઈક ખામી હશે કે કેમ? એવી શંકાનો તમો ત્યાગ કરી દેજો, કારણ કે, અમોએ તમોને આ સત્સંગમાં અમારા મહિમાની વાતો કરવા માટે જ, એવી રીતે રાખ્યા છે, કારણ કે તમારી વાતોથી તો અનંત જીવોનો ઉધ્ધાર થશે, એમ તમો માનજા,

ચોપાઈ

*।। માટે તમારે વચને કરી, થાશે સમાધિ કહે એમ હરિ ।।*
*।। તમો મોટા છો સતસંગમાંઈ, કહેવું ન ઘટે તમને કાંઈ ।।*

મહારાજ કહે ભટજી તમારે વચને કરીને બીજા જીવોને સમાધિ થાશે કેમ જે, આ સત્સંગમાં તમોતો અતિશે મોટો છો, માટે તમો સર્વે દેશોમાં કરો અને અમારા મહિમાની વાતો સર્વેને કરો, અમારી મૂર્તિને અંતરમાં ધારીને ગામો ગામ ફરો, પછી ભટજી મહારાજની આજ્ઞાથી ગયા ફરવા, અને જીયાં જાય તીયાં મહારાજની મહિમાની વાતો કરે, એટલે જે જે જનો ભટના મુખથી



વાતો સાંભળે, તે તે જનોને સમાધી થાય, પછી તેને થોડી વાર પછી પુછે, એટલે તેણે સમાધીમાં જોયું હોય, તેની વાતો કહેવા માંડે કોઈક કહે જે, આજેતો હું અક્ષરધામમાં ગયો હતો, ત્યાં અનંત મુકતો એ વિંટાયેલા અને દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન એવા શ્રી ઘનશ્યામ સ્વરૂપે એ શ્રીજીમહારાજને મેં દીઠા, કોઈ કહે, મે ગોલોકધામમાં રાધિકા આદિક શકિતઓએ સેવાએલા શ્રી કૃષ્ણ રૂપે શ્રી હરિને જોયા, એવી રીતે કોઈ હતો વૈકુન્ડધામ ની વાતો કરે, કોઈ હતો કૈલાશ, કોઈક શ્વેત ધ્વિત, કે બદરીકાશ્રમની વાતો કરે, કોઈ સુર્યના લોકમાં જાય, તો કોઈક ચંદ્રના લોકમાં જઈને ત્યાંના ઐશ્વર્યોની વાતો કરે, કોઈ ભૂમા પુરૂષના ધામ અવ્યા કૃતની વાતો કરે, કોઈ હતો શેષજી ના લોકની તો, કોઈતો વરૂણ, કુબેર વગેરેના લોકોના વૈભવોની વાતો સર્વેને સાંભળ તે રીતે ભટજીની આગળ કહે, ત્યારે તે અલૌકિક વાતો સાંભળી ને ભટજી ને અતિ આનંદ થાય, સ્વામી કહે છે કે, એમ મયારાભટને વચને સર્વે જનોને સમાધી થાય, વળી કેટલાંક જનોતો ભટજીને વચને શ્રીજી મહારાજના પ્રતાપે કરીને સમાધી વિના જ છતે દેહે ભગવાનના ધામને દેખે, અને તે તે ધામોની અને ત્યાં ત્યાંના વૈભવો, સુખોની વાતો કરે, તેને સાંભળીને સર્વે જનો અતિ આનંદને પામે, સ્વામી કહે છે કે હેરાજન્

ચોપાઈ

*।। આ દેહે દેખે હરિ ધામ । એતો કઠણ બહુ છે કામ ।।*
*।। યોગી સાધે છે અષ્ટાંગ યોગ, । તોય ન ટળે મનના રોગ ।।*
*।। તેતો સહે જે ટાળે ઘનશ્યામ । લેતાં સ્વામિનારાયણ નામ ।।*

આ છતે દેહે ભગવાનના ધામને દેખવાં, તેતો અતિ કઠણ કામ છે, કેટલા સિધો, યોગિઓ અષ્ટાંગ યોગને સિદ્ધ કરે, તોય એના પંચ વિષય રૂપિ મનના રોગ ટળે નહિ, એ મનના રોગને ભગવાન શ્રી સ્વામિનારાયણ નામનું ઉચારણ કરવાથી ટાળી નાખે છે,

ચોપાઈ

*।। એવા પરચા અનંત અપાર । પ્રભુ દેખાડે છે ભટ દ્વાર ।।*

સ્વામી કહે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ મયારામ ભટ દ્વારા પણ પોતાના આશ્રિતોને આપાર દેખાડેલા છે, તેનો કહેતાં પણ પાર આવે નહિ,

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વાળી

પૂર્વછાયો

*ા કહું બીજી એક વારતા, મયારામની દઈ મન ા*
*ા માંદા થયા ભટ દેહમાં, ત્યારે આવ્યા લેવા ભગવાન ા*

એ, મયારામની જ, એક બીજી વાત કહું છું સાંભળો, એ મયારામ ભટ શરીરે માંદા થયા, ત્યારે તેને તેડવા માટે શ્રીજી મહારાજ અનેક રથો, અનેક વિમાનો અને સાથે અનંત સંતો અને પાર્ષદોને લઈને આવ્યા, ત્યારે મયારામે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરીને દિવ્ય ભાગવતી દેહે મહારાજની સાથે વિમાનમાં બેસી ને ભગવાનના ધામમાં ગયા, ત્યારે ગામના સર્વે સત્સંગી, અને કુસંગીએ દીઠા ત્યારે સર્વે જનો ધન્ય, ધન્ય કહેવા લાગ્યાં, અને સર્વે આશ્ચર્યને પામી ગયાં, અને કહે જે, આવો ચમતકાર તો કોઈ દિવસ દીઠોય નથી અને સાંભળ્યો પણ નથી આતો ભગવાને અલૌકિક પરચો આપ્યો,

પૂર્વછાયો

*ા એવા પરચા ભુપતિ, અતિ સત્સંગીને થાય, ા*
*ા જોઈ નજરે સાંભળી, કવિ કૃષ્ણાનંદ કહી ગાય, ા*

સ્વામી કહે છે કે, આવા અલૌકિ પરચાતો આ સત્સમાં રહેલા અને શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસનામાં અતિ દૃઢ અંગ વાળા સત્સંગીઓ નેજ, ભગવાન આપે છે, તે દિવસ પરચા આપતા હતા. અને આજે નથી આપતા એવું નથી, આવા મયાામ ભટ જેવા પાકા નિયમ નિશ્ચય, અને પક્ષ વાળા ભકતોને આજે પણ પરચા આપીને પોતાના ધામમાં તેડી જાય છે, કારણ કે, આજે પણ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યક્ષ વિરાજમાન છે, માટે એવા ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞામાં રહીને પોતાના જીવનું આત્યંતિ કલ્યાણ કરી લેવું એજ સાર છે, જય શ્રી સ્વામિનારાયણ, જયશ્રી સ્વામિનારાયણ, એવી રીતે ૨૪ મો પરચો થયો.

---



### અધ્યાય ૭૮ મો, પરચો ૨૫ મો.

## ઈડરનાં મહારાણીને પરચો.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમોને ઈડરના રાજાનાં રાણીને શ્રીજી મહારાજે પરચો આપ્યો? તે કહું છું સાંભળો,

પૂર્વછાયો

*પૂરણ પરચાપ્રીતથી, આપે છે વારમવાર ।*
*નિજ ઈચ્છાએ નાથજી, કરુણા તણા ભંડાર ॥*
*પંચાનન મુખ પાંચથી, ચતુરાનન કહે મુખ ચાર ।*
*ષડાનન ષડ્ મુખથી, કહે સહસ્રાનન સતસાર ॥*

સ.ગુ. બ્રહ્માનંદસ્વામી કહે છે કે, હે રાજન કરુણાના ભંડાર એવા પૂરણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાની ઈચ્છાએ કરીને પોતાના આશ્રિતોને વારમવાર પરચા આપે છે, જે પરચાની ગણના ભગવાન શંકર પાંચ મુખે કરે, બ્રહ્મજી ચાર મુખથી ગાય, કાર્તિકસ્વામી છો મુખે ગાય, અને શેષનારાયણ એક હજાર મુખે વર્ણન કરે, તો પણ એ પરચાતણો પાર ન પામે, તો પછી અલ્પ બુદ્ધિવાળો આ લોકનો કવિ પાર ક્યાંથી પામી શકે ? વળી સ્વામી કહે છે કે,

પૂર્વછાયો

*ગગન ચર ઉડે ગગનમાં, જો પાંખનો પરમાણ ।*
*આવે ન પાર આકાશનો, જાણજો ભુપ સુજાણ ॥*
*તેમ મહિમા નાથનો, કવિ યથાર્થ કહે કેમ ।*
*નિજ બુદ્ધિ બળથી કહે, નવ કહેવાય જેમ છે તેમ ॥*

જેમ પક્ષી આકાશમાં ઉડે છએ, તે જેટલું પોતાની પાંખમાં બળ હોય, તેટલું ઉંચે ઉડે, પણ એ પક્ષી આકાશનો પાર ન પામી શકે, તેમ અલ્પ બુદ્ધિવાળો આ લોકનો કવિ ભગવાનનો મહિમા યથાર્થ જેમ છે, તેમ યથાર્થ કેમ કહિ શકે.

પૂર્વછાયો

*પાવન યશ પ્રભુ પ્રગટના, કહેતાં સુણતાં કાપે પાપ ।*
*એવું જાણીને કવિજન કહે, પેખીને પુનિત પ્રતાપ ॥*

સ.ગુ. બ્રહ્માનંદસ્વામી કહે છે, કે હે રાજન્ જે પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણના પવિત્ર યશ, કહેતાં, સાંભળતાં અનંત જન્મનાં પાપોનો નાશ કરે છે, એવું જાણીને સ.ગુ. કૃષ્ણાનંદસ્વામી કહે છે, કે પ્રભુનો અપાર દિવ્ય પ્રતાપ મેં જોએલો છે તે પ્રતાપને કહું છું.

ચોપાઇ

*।। એક ઈડર મોટું છે ગામ, પુરપતિ ગંભિરસિંઘ નામ ।।*
*।। પટરાણી તે ફુલ કુંવેર, તેને સત્સંગ થયો ભલી પેર ।।*

એક ઈડર એવે નામે શહેર છે, તે શહેરનો ગંભીર સિંહજી નામે રાજા હતો, એ રાજાના પાટ રાણી હતાં એનું નામ હતું ફુલકુંવરબાઈ, તે શ્રીજી મહારાજના પરમ ભકત હતાં, સ્વામી કહે છે કે, તે ભકત કેવા હતા ? તો જેવાં ગૌતમ ઋષિનાં પત્નિ અહલ્યા હતાં, જેવા કુંતાજી હતાં, વળી જેવાં દ્રૌપદી હતાં, તેના સમાન એ ભગવાનના ઉત્તમ ભકત હતાં કયારેક આપતકાળ આવી પડે તો પણ પોતાના પંચવ્રતમાન સંબંધી નિયમનો ભંગ થવા દેતા નહિ, વળી તે બાઈ જેવા ગઢપુરમાં જીવું બાઈ, લાડુબાઈ હતા, તેવા જ નિર્મળ હૃદયવાળા હતા, વળી ભગવાનના દર્શન કર્યા વિના કાંઈ પણ ખાવું કે, પીવું નહિ, આવા દૃઢ નિયમ વાળા હોવાથી તેણે અતિ સુંદર મંદિર કરાવ્યું, તે મંદિર પણ કેવું કરાવ્યું કે, પોતાના મહેલના ગોખમાં બેસીને મંદિરમાં વિરાજમાન એવા ભગવાનનાં દર્શન થાય, આવી રીતનું મંદિર કરાવી ને ધર્મ ધુરંધર આચાર્ય શ્રી અયોધ્યા પ્રસાદજી મહારાજના વરદ હસ્તે ભગવાનની મુર્તિઓ પધરાવીને તે આચાર્યને ધણીક પહેરામણી કરી, સંતોને જમાડી વસ્ત્રો ઓઢાડી ને તેના આશીર્વાદ પ્રાપ્ત કરેલા, આવા એ ફુલકુંવરબાઈ હતાં, સ્વામી કહે છે કે, એ મહારાણીને એક વખતે મોટો આપતકાળ આવ્યો, સ્વામી કહે છે કે ભગવાનના ભકતો હોય, કે મોટા રાજા મહારાજા હોય, તો પણ કયારેક દેશકાળાદિકને યોગે કરીને વ્યવહારિક, અથવા તો દેહ સંબંધી આપતકાળ તો આવે, એ રીતે એ ફુલકુંવરબાઈને પણ દેહમાં મંદવાડ થયો, ત્યારે એ બાઈએ મહારાજને સંભાર્યો ત્યારે અતિ દયાળુ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ પધાર્યા ત્યારે એ મહારાજના દર્શન બાઈએ કર્યા, સ્વામી કહે છે કે,



*।। આવ્યા મહારાજ મુરતીમાન । જોઈ બાઈ થયાં ગુલતાન ।।*
*।। દર્શન માણસે કર્યા હતાં । બાઈએ આગળ તે વિસર્યાતાં ।।*

એ બાઈએ જ્યારે મહારાજને સંભાર્યા, ત્યારે મહારાજે, મૂર્તિમાં આવીને પોતાનાં દર્શન આપ્યાં, આથી પહેલાં માણસા ગામમાં તે બાઈએ દર્શન કર્યાં હતાં, તે દર્શન અહીં રાજ્યમાં કેટલાક કુસંગને યોગે કરીને વિસરી ગયાં હતાં. તે આજે મહારાજે ફરી વાર દર્શન તાજાં કરાવ્યાં, સ્વામી કહે છે કે, હે રાજન રાત્રીમાં અપાર તેજના સમુહમાં રહેલી મુર્તિનાં દર્શન થયાં, શ્રીજી મહારાજ સન્મુખ આવીને ઉભા રહ્યા, તેણે કરીને હૃદયમાં રહેલું અજ્ઞાન રૂપી અંધકાર દુર થઈ ગયું, સ્વામી કહે છે કે તેવામાં તે બાઈને એક અતિ ભયંકર, અતિ ઉંડો, કુવો દેખાયો, અને તે ઉંડા કુવામાં પોતાને પડેલી છું, એવું જોવામાં આવ્યું, ત્યારે અતિશે બીકે કરીને મહારાજની પ્રાર્થના કરવા લાગ્યાં જે, હે મહારાજ દયા કરીને આ ભયંકર કુવામાં પડેલી મને કાઢો, કાઢો, આમાં સર્પો ઘણા છે, તેથી બીક લાગે છે.

*।। કાઢો મુજને મહેર કરીને । એમ બાઈ કહે છે હરિને ।।*
*ત્યારે વાલો બોલ્યા મુખ વાણી । અતિ અમૃત સમ સુખ દાણી ।।*
*।। જોધપુરનું રાજ મેં જાણી । મુકાવ્યું કાઢયા કુપથી તાણી ।।*
*।। રાજપાટ ઘોર દુઃખરૂપ । તે થકી ઉગાર્યા સુખરૂપ ।।*

સ્વામી કહે છે કે હે રાજન આવી રીતે એ બાઈએ મહારાજને સંભાર્યા ત્યારે ભગવાન તત્કાળ આવ્યા, અને એને કુવામાંથી કાઢીને કહેવા લાગ્યા કે,

ચોપાઇ

*।। રાજ નજીક તમને આપ્યું, મોટા રાજનું દુઃખ મેં કાપ્યું ।।*
*।। એવી સુંણી શ્રીજી મુખવાણી, રાજ કરે ખોટું દીલ જાણી ।।*

જોધપુરના રાજય સુખની તમોને અંતરમાં ઈચ્છા હતી, તેથી મેં તમોને આ ભયંકર કુવો દેખાડીને એ અંતરની પીડા ટળાવીને તમારી રક્ષા કરેલી છે, કારણ મોટા રાજમાં રાજસબંધી વૈભવોજનું સુખ છે, તેતો મોટા ઉંડા કુવાના સમાન દુઃખરૂપે છે, અને તેમાં મોટા મોટા સર્પો છે, તેતો ભયંકર કાળ છે, માટે

એ સુખમાં રહીને ભગવાનની ભકિત થાય નહિ, અને એ ભગવાનની ભકિત વિના આ જીવનો મોક્ષપણ થાય નહિ, માટે મેં તમને આ ઉંડો કુવો દેખાડીને જોધપુરનાં રાજના વૈભવોના સુખ સબંધી સંકલ્પ ન ત્યાગ કરાવીને અને આ ઈડરના રાજયના વૈભવોમાંથી પ્રિતી ત્રોડાવીને મારા અક્ષરધામના અલૌકિક સુખની પ્રાપ્તિ કરાવીશું, કૃષ્ણાનંદ સ્વામી કહે છે, કે આવી રીતની વાત સાંભળને રામસંઘજી પુછવા લાગ્યા જે હે સ્વામી, એ ફુલકુંવરબાઈતો ઈડરના રાજા ગંભીર સિંહજીના પટરાણી હતાં, વળી ભગવાનના પરમ ભકત હતાં, છતાં એને જોધપુરના રાજય સબંધી સુખની શી ઈચ્છા હતી, જેથી મહારાજે, અતિ ઉંડો અને ભયંકર કુવો દેખાડ્યો? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન એ વાત હું તમોને કહું છું તેને તમો સાંભળો જે,

ચોપાઈ

*॥ એક ગામ છે માણસા મોટું । રાજ ચાવડાનું લાગે છોટું ॥*
*॥ સતસંગી ઘણા નરનાર । પ્રભુ પ્રગટ ભજે કરી પ્યાર ॥*
*॥ મોટા પીથુભાઈ ભલા ભકત । બીજા આણદોભાઈ જાણે જકત ॥*

સ્વામી કહે છે કે, માણસા એવે નામે એક મોટું ગામ છે, તે ગામ ક્ષત્રીયોનું નાનું રાજપાટ કહેવાય, તેમાં બાઈયો, ભાઈયો ઘણા સત્સંગીઓ અતિ પ્રેમ ભાવથી સર્વ ભગવાનની ભજન, ભકિત કરે, તે ગામમાં ભગવાનના પરમ ભકત મોટા પીથુભાઈ, અને નાના આણદોભાઈ, અને એક બહેન ફુલકુંવરબાઈ, તેને એક વખતે શ્રીજીમહારાજે પોતાનાં દર્શન દીધાં, અને એ ત્રણેને ભગવાનની ભજન ભકિત કરવાનો ઉપદેશ કર્યો, ત્યારપછી એ ત્રણે ભગવાનની અનન્ય ભકિતને કરતાં હતાં. એમ કરતાં એ ફુલકુંવરબાઈ જયારે ઉમર લાય થયાં, ત્યારે એમનાં લગ્ન ઈડરના રાજકુંવર ગંભીર સિંહજીની સાથે થયાં, ત્યાં પણ એ ફુલકુંવરબાઈની ઈચ્છાથી રાજાએ જેવી રીતે રાજ મહેલના ગોખમાથી મંદિરમાં વિરાજમાન એવા ભગવાનના દર્શન થાય આવી રીતનું અતિ સુંદર મંદિર બાંધાવ્યું અને તે મંદિરમાં ધર્મધુરંધર શ્રી આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજને અને ઘણાક સંતોને આમંત્રણ આપીને બોલાવ્યા, અને આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે શ્રી ગોપીનાથજી મહારાજ અને શ્રી હરિકૃષ્ણ



મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરાવી, પછી એ મહારાજશ્રીને ઘણીક પહેરામણી કરી, સંતોને જમાડીને વસ્ત્રો ઓઢાડ્યાં, ત્યારપછી એ ફુલકુંવરબાઈ અતિ સ્નેહપુર્વક ભગવાનની ભજન ભકિત કરે, પણ મનમાં એવો સંકલ્પ થાય કે, આ ઈડરનું રાજય નાનું કહેવાય, પણ જોધપુર રાજ્ય જો આપણા હાથમાં આવી જાય તો ઠીક, અને રાજા મહારાજાઓને તો એવા સંકલ્પ તો થયાજ કરતા હોય, જે આ આપણા કરતાં મોટું રાજય છે, તેજો આપણા હાથમાં આવી જાય, તો આપણું રાજય મોટું કહેવાય, એજ રીતે ફુલકુંવરબાઈને જોધપુરના રાજ વૈભવોની પ્રાપ્તિના સંકલ્પ થયા કરે, પણ એમ વિચાર ન થાય જે એની પાછડ દુ:ખ કેટલું થશે? વળી એ ઘણા અને સારા વૈભવો પોતાના મોક્ષમાં કેટલા બંધન કરતા છે, એનો વિચાર ન આવે, અને ભગવાનતો અતિ દયાળું છે, જેથી મારા ભકતને એમાં બંધન ન થયા, અને અંત ભગવાનના પરમ ધામનું સુખ પ્રાપ્ત થાય? એવો ઉપાય ભગવાન કરીને પોતાના ભકતની રક્ષા કરે કરે છે, એટલા માટેજ મહારાજે એ બાઈને સ્વપ્નામાં એવું દેખાડીને અને આલોકના જોધપુરના અને ઈડરના રાજસંબંધી સુખમાંથી પ્રિતી તોડાવીને હવેથી વિશેષ પણે ભજન ભકિત કરવાના ઉપદેશ કરીને કહ્યું જે, અમો તમોને તેડવા માટે દશ દિવસ પછી આવીશું કારણ કે, તમારી આયુષ્ય દશ દિવસની છે, પછી જ્યારે એના દેહનો અંતકાળ વખત આવ્યો, ત્યારે તેને તેડવા માટે શ્રીજીમહારાજ આવ્યા, સ્વામી કહે છે કે, એ સમયે કૃષ્ણાનંદ સ્વામી પણ ત્યાં ઈડરમાંજ હતા, તે જ્યારે મહારાજ એ બાઈને તેડવા માટે આવ્યા, ત્યારે પહેલાં કૃષ્ણાનંદ સ્વામી પાસે પધાર્યા, અને સ્વામી કહ્યું કે, અમો ફુલકુંવરબાઈને તેડવા માટે આવ્યા છીએ, એમ કહીને પછી મહારાજ, તે બાઈ પાસે પધાર્યા ત્યારે બાઈ મહારાજને જોઈને અતિશે રાજી થઈ, અને રાજ્ય સંબંધી સર્વે સુખની આશકિતનો ત્યાગ કરીને મહારાજની મૂર્તિમાં પોતાના નેત્રોને જોડી દીધાં, અને પોતાના પુત્ર જુવાન સિંહને કહ્યું જે, આ મહારાજ મને તેડવા માટે પધર્યા છે, સાથે ઘણાં સંતો અને પાર્ષદો પણ છે, ત્યારે જુવાનસિંહને એ વાત માનવામાં આવી નહિ, કારણ કે એને મહારાજ જોવામાં આવતા ન હતા, ત્યારે મહારાજે તેને પ્રતીતી આવવા માટે જુવાનસિંહજીને જોઈને અતિ રાજી થઈને મહારાજને દંડવત પ્રણામ કર્યા, પછી મહારાજે બાઈને કહ્યું જે, હવે તમો તૈયાર થાઓ ત્યારે બાઈ કહે જે, હે મહારાજ,

હું તો તૈયાર જ છું, એમ કહીને પોતાના દેહનો ત્યાગ કરીને વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગયાં.

ચોપાઈ

॥ બાઈ બેસી વિમાનમાં ગયા । આખા ગામમાં દર્શન થયાં ॥
॥ એવો પરચો અલૌકિક થયો । છેતો ઘણો પણ થોડો કહ્યો ॥

સ્વામી કહે છે કે, જયારે એ ફુલકુંવરબાઈ દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનના ધામમાં ગયાં, ત્યારે આખાય ઈડર સહેરના બાઈ ભાઈ સર્વેને દર્શન થયાં, ત્યારે સર્વેજનો અતિ આશ્ચર્યને પામી ગયાં, અને સહુ કહેવા લાગ્યાં જે, આતો અતિ અલૌકિક મોટો પરચો ભગવાને દીધો, સ્વામી કહે છે કે, આવા પરચાતો ઘણાય છે, તેમાંથી આતો થોડોક કહયો છે,

---

## *હવે આણદાભાઈની વાત.*

ચોપાઈ

*॥ એક વાત બીજી કહું રાય । તમે સાંભળજો હરખાય ॥*

સ્વામી કહે છે કે, વળી એક બીજી વાત કહું છું સાંભળો, માણસા ગામમાં ભગવાનના પરમ ભકત અને અતિ સુરવીર અને પાકા સત્સંગી, અને ઈડરનાં મહારાણી ફુલકુંવર બાઈના ભાઈ આણદાભાઈ હતા, તે પણ એ ફુલકુંવરબાઈ ધામમાં ગયાં ત્યાર કેડે બે મહિના પછી મનમાં અતિશે આલોકના માઈક પદાર્થમાંથી ઉદાસ થઈ ગયા, અને અતિશે માંદા થયા, તે સાંભળીને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા ઘણાક સંતો તેને દર્શન દેવા માટે પધાર્યા, ત્યારે પોતે મહારાજશ્રીની પુજા કરીને ઘણીક ભેટ કરી, સંતોની પુજા કરીને વસ્ત્રો ઓઢાડયાં, આવું ઉત્તમ કાર્ય પોતાને હાથે કર્યું, પછી મહારાજશ્રી અને સંતોને વિદાયગિરી આપીને પછી પોતે મહારાજનું ધ્યાન કરવા લાગ્યા, તેવામાં એને તેડવા શ્રીજી મહારાજ, ઘણાક સંતો, પાર્ષદોને સાથે લઈને આવ્યા અને આણદાભાઈને દર્શન દઈને કહ્યું કે, હે ભકત અમો તમોને તેડવા માટે આવ્યા છીએ માટે તૈયાર થાઓ, ત્યારે આણદોભાઈ કહે જે, હે મહારાજ, તમો દયા કરીને મારા અંત સમયે મને તેડવા માટે પધાર્યા, તો હું પણ તૈયાર જ છું, પછી



સર્વે જનોને કહ્યું કે, આ ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત મુકત મંડળને સાથે લઈને મને તેડવા માટે પધાર્યા છે, માટે સહુ દર્શન કરો, અને હવે હું મહારાજની સાથે ધામમાં જાઉ છું, એમ કહી, પોતાના શરીરનો ત્યાગ કરી, દિવ્ય વિમાનમાં બેસીને ધામમાં ગયા, તેનાં દર્શન માણસા ગામમાં સર્વે જનોને થયાં, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, એ વખતે સ્વામી કૃષ્ણાનંદ સ્વામી અમદાવાદમાં ભગવાનની સામે બેસીને ધ્યાન કરતા હતા, તેણે આકાશમાં મહારાજ અને અનંત મુકતો જેમાં બેઠા છે, એવા દિવ્ય વિમાનને જતું દીઠું અને તે વિમાન માણસા ગામમાં આણદાભાઈને ઘેર ઉતર્યુ પછી આણદાભાઈને તેડીને વિમાનમાં બેસાડી ને અનંત દિવ્ય વાજીંત્રોના સુરની સાથે આકાશમાં અદૃશ્ય થઈ ગયા, તે વાત કૃષ્ણાનંદ સ્વામી એ સર્વે સંતોને કહી, ત્યારે તે વાતને સાંભળીને સર્વે સંતો, હરિ ભકતો, અતિ રાજી થયા અને સર્વે એ આવો મોટો પરચો માન્યો, પછી તે વાતની માણસા ગામમાં તપાસ કરી, તો તે વાત સાચી થઈ, સ્વામી કહે છે કે, આ પરચો કૃષ્ણાનંદ સ્વામીએ નજરે જોઈને લખ્યો છે, એવી રીતે ૨૫ મો પરચો થયો.

---

### *અધ્યાય ૭૮ મો, પરચો ૨૬ મો.*

## *માણસાના નરસિંહ વિપ્રની વાત,*

હવે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વળી એજ માણસા ગામમાં એક ભગવાનના એકાંતિક ભકત નરસિંહ નામે એક વિપ્ર હતા, તેની શ્રીજીમહારાજે રક્ષા કરી, તેની વાત કહું છું સાંભળો જે, એ માણસા ગામમાં ભગવાનના પરમ ભકત હતા, જેનું નામ હતું નરસિંહભાઈ, અને તે પવિત્ર બ્રાહ્મણ હતા. તે હમેશાં સાંખ્ય યોગનાં વ્રતમાનનું યથાર્થ રિતે પાલન કરતા હતા. વળી તે ઉર્ધ્વ રેતા બ્રહ્મચારી હતા, વળી એ ભગવાનને પ્રતાપે વચન સિદ્ધ પણ હતા, અને તે વિપ્ર આઠે પહોર ભગવાનનું ભજન સ્મરણ કર્યા કરે, પણ તે વિના જરા પણ વ્યર્થ સમય જવા દેતા નહિ. વળી પોતાનું સરવસ્વ ભગવાન પરાયણ કરી નાખેલું. અને હમેંશા સાધુ સંતની સેવામાં અતિ સુરવીર હતા, અને આઠે પહોર મંદિરમાંજ વ્યતિત કરતા, આવા હતા એ નરસિંહ ભાઈ, તે એક વખતે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, કોઈક કાર્ય વશાત પોતાના

દેશ કૌશળ દેશમાં પધારેલા, પછી ત્યાંથી પાછા આવતા હતા તેને નરસિંહભાઈ સામા ગાએલા તે આવતાં, આવતાં વચમાં ચિખલોર ગામમાં રાત્રી રહ્યા. ત્યાં સંતો પોતાના નિવાસ સ્થાને કથા વાર્તા કરતા હતા, એ નરસિંહભાઈ પણ કથામાં બેસીને કથા શ્રવણ કરતા હતા. કથા સમાપ્તિ પછી ઉઠીને પોતે લધું શંકા માટે ગયા, તેવામાં ત્યાં અંધારૂ હોવાથી કાંઈ દેખાયું નહિ. અને ત્યાં કાળો સર્પ હશે તેના ઉપર પોતાના પગ આવ્યો, એટલે તત્કાળ અતિ ભયંકર સર્પ કરડ્યો, એટલે તે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરતાં બેસી ગયા, અને એ સર્પ જેને વળગે, તે મનુષ્ય કે કોઈ પણ પશુ હોય, તે જીવતો નજ રહે, તે સર્પ નરસિંહભાઈને કરડ્યો, શરીરમાં ઝેર ચઢવા માંડ્યું, ત્યારે સર્વે જનો ઝેરના ઉતારવા વાળા ગારૂડીઓને બોલાવીને ઝેર ઉતારવાના જંત્ર, મંત્ર વગેરે ઉપાયો કરવા લાગ્યા, ત્યારે નરસિંહભાઈ કહે જે, એ કાંઈ ઉપાય કરવાની જરૂર નથી એતો મહારાજની ઈચ્છા હશે તેમ થશે, માટે ભગવાનના મંત્ર નો સર્વે જપ શરૂ કરો, એમ કરતાં ઝેરતો શરીરમાં વ્યાપી ગયું, પોતે દેહનું ભાન ભુલી ગયા, હાથ પગની નાડીયો ટુટી ગઈ, જીભ ટુંકી ભડી ગઈ, એટલે સહુએ જીવ્યાની આશા મુકીને સર્વે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એક અખંડ ધુન્ય કરવા લાગ્યાં, એવા સમય માં તત્કાળ શ્રીજી મહારાજે આવીને એ નરસિંહ ભાઈને પોતાનું દિવ્ય પણે દર્શન દીધું, સ્વામી કહે છે કે, એ વિપ્રને જેવું મહારાજે પોતાનું દર્શન દીધું. તેવું જ ઝેર ઉતરી ગયું, અને તરત જ સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહેતાં થયા બેઠા, તે જોઈને સર્વે જનો કહેવા લાગ્ય જે, એ મોટો શર્પ જેને જેને કરડયો છે. તે તે સર્વે મૃત્યુ નેજ પામી ગયા છે, પણ કોઈ જીવ્યો જ નથી. અને આ નરસિંહભાઈ જીવ્યા? એતો ભગવાનેજ એને જીવાડ્યા છે, અને આતો મોટો પરચો ભગવાને આપેલો છે.

ચોપાઈ

*। ઘણા જનને વળગ્યો આ વ્યાળ । તેનો નિશ્ચે થયો જાણો કાળ ।।*

*।। આને આવી નહિ કાંઈ આળ । તેતો પરચો આપ્યો પ્રતિપાળ ।।*

---



## *હવે એજ નરસિંહ વિપ્રની વાત કહે છે,*

બ્રહ્માનદ સ્વામી કહે છે કે, હે રાજન વળી એજ નરસિંહ વિપ્રને ભગવાને બીજો પરચો આપ્યો તે કહું છું તેને તમો સાંભળો, એક વખત એ નરસિંહભાઈ કમાવા માટે પરદેશમાં ગએલા, ત્યાં વાણોતરનો ધંધો કરે, બીજા દેશમાંથી માલ લઈ વહાણ ભરીને માલ લાવે અને વહેચે, અને કમાણી કરે, એક વખતે બીજા ગામમાંથી કાંઈક માલ લીધો હશે, તેને પૈસા દેવા માટે પોતે જવા વિચાર કર્યા, રૂપિયા બે હજાર ને બસો લીધા અને તે રૂપિયા ઉપાડવા માટે એક રાજપુતને સાથે લીધો અને થયા ચાલતા, રસ્તામાં જંગલ આવ્યું, રસ્તામાં પોતે આગળ ચાલ્યા જાય છે, અને રાજપુત પાછડ ચાલ્યો આવે છે, પૈસા એ રાજપુત પાસે છે. ચાલતાં ચાલતાં રાજપુતનું મન બગડ્યું, મનમાં વિચાર કર્યો જે, આ ગાઢ જંગલ છે, લાગ પણ સારો છે જો આ વિપ્રને મરી નાખું તો આ મારી પાસે જે, આ રૂપિયા છે તે બધા મને પચે, એમ વિચારીને પોતાની પાસે તલવાર તો હતી, તેવામાં નરસિંહ ભાઈએ કહ્યું કે, તરસ લાગી છે, કયાંય આ રસ્તામાં પાણી હશે? કે કેમ? ત્યારે રાજપુત કહે જે, હા, હા અહિં સમીપમાંજ, એક વાવ છે, તેમાં પાણી પણ છે, અને તેમાં પગથીઆં પણ છે, એટલે અંદર ઉતરીને પાણી પીવાય તેમ છે, એટલે તે બન્ને ગયા વાવ પાસે, રાજપુતે જાણ્યું જે, આ લાગ બહુ જ સારો છે, એ વિપ્ર વાવમાં ઉતરીને પાણી પીવા માટે જશે એટલે હું પાછડ છાનો માનો જઈને તલવારથી મારી નાખીશ, આવી રીતે એના પેટમાં દગો હતા. અને નરસિંહભાઈ વિશ્વાસુ, સ્વામિનારાણય, સ્વામિનારાયણ, બોલતાં ઉતર્યા વાવમાં, અંદર જઈને જયાં પાણી પીવાની તૈયારી કરે છે, તેવામાં પાછડથી રાજપુતે આવીને તલવારને હાથમાં લઈને જ્યાં મારવા માટે ઉગામી તેવામાં એ વિપ્ર મહારાજને સંભાર્યા જે, હે ઘનશ્યામ મહારાજ, મારી રક્ષા કરવા પધારજો, તેવામાં શ્રીજીમહારાજે તેનો હાથ ઝાલીને વાવની બહાર લઈ લીધા પછી પોતે યમરાજાના સમાન અતિ ભયંકર સ્વરૂપે તે રાજપુતને કહેવા લાગ્યા જે, અરે પાપી તું આ વિપ્રને મારવા તૈયાર થયો છે, માટે હું તુને મારી નાખીશ માટે તારી પાસે જે રૂપિયા છે તે લાવ, એમ કહીને પછી નરસિંહ ભાઈને પણ ઠપકો દીધો આવા પાપીને તમે સાથે કેમ લીધો છે, આતો અમો આવી ગયા,

નહિતો આ પાપી હમણાંજ તમોને મારી નાખત, માટે હવે તમો ચાલો મારા ભેળા, એમ કહીને એ રૂપિયા સાથે લઈને એ વિપ્રની સાથે ચાલ્યા, પછી જે ગામે જવાનું હતું ત્યાં સુધી મહારાજ ભેળા ચાલ્યા અને પછી કહે જે, હવે લીયો તમારા રૂપિયા એમ કહી, રૂપિયા આપીને ભગવાન અદૃશ્ય થઈ ગયા.

ચોપાઈ

*॥ એમ કાળના મોથી મુકાવ્યો । જાણી જનને પરચો જણાવ્યો ॥*
*॥ એવા પરચા નરસિંહને । હેતે આપ્યા હરિયે હસિને ॥*

એવી રીતે પરચો ૨૬ મો થયો.

---

### અધ્યાય ૭૮ મો, પરચો ૨૭ મો.

## માણસાના દલપત રામભાઈની વાત

પૂર્વછાયો

*॥ વળી માણસા ગામમાં । દ્વિજ નાગર દલપત રામ ॥*
*॥ આપ્યો પરચો તેહને । કહું સાંભળ ભુપ અકામ ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમારા પ્રતે એજ માણસા ગામના નિવાસી નાગર બ્રાહ્મણ દલપતરામ ભાઈ હતા. તે ભગવાનના પરમ ભકત હતા, તેને એક વખતે વિચાર થયો જે, ઘણો સમય થયો મહારાજના દર્શન થયા નથી અને મહારાજ પણ અત્યારે ગઢપુરમાં છે, તો જાઉં દર્શન માટે, વળી અત્યારે ચાર્તુ માસ ચાલે છે, એટલે ત્યાં જન્મીના સમૈયાના પણ દર્શન થાશે, એમ વિચારીને થયા ચાલતા, ચોમાસુ હોવાથી વર્ષાત અતિશે વર્ષેલો, જેથી દરેક સ્થળે પાણી, પાણી, તે સિવાય કયાંય પૃથ્વી તો દેખાય જ નહિ, કયાં ખાડો છે, કે કયાં ટેકરો છે, કયાં પૃથ્વી છે, અને કીયાં નદી, નાળા છે, તેનીએ ખબર ન પડે, અને ભગવાન ઉપર વિશ્વાસ રાખીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતા ચાલ્યા જાય છે, એવામાં આગળ આવી ભાદર નદી, તે નદી બે કાંઠે અતિ વેગમાં વહે છે, નદી કે કિનારો તે પણ દેખાય નહિ. પૃથ્વી ઉપર કયાંકતો પાણી ઢીંચણ સરખું, અને કોઈક સ્થળે સાથળ સમું પાણી, એમ કરતાં ભાદરને



સમીપે આવ્યા, ત્યારે ત્યાં કોઈ ભરવાડના રૂપમાં ભગવાન આવ્યા, ભગવાને જાણ્યું જે, આ મારો ભકત ચાલ્યો જાય છે, અને આગળ નદી છે તેમાં પડશે તો કોઈ ઉગરી ન શકે, એવી નદીનીયે એને ગમ નથી, અને તેમાં પડશે તો તણાઈ જાશે એમ વિચારીને સમીપે આવીને કહયું જે, તમો કોણ છો? અને જાઓ છો કયાં? ત્યારે તેણે કહ્યું જે, હું તો ગામ માણસાનો દલપતરામ વિપ્ર છું, મને મારા ઈષ્ટ દેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનાં દર્શન કરવા માટે ગઢપુર જાઉં છું, ત્યારે ભરવાડના રૂપે ભગવાન કહે જે, શી રીતે તું ગઢપુર જાઈશ, આ સામે ભાદર નદી વહે છે, ગમે તેવો તરૈયો હોય તો પણ આ નદી ઉતરી શકે નહિ ત્યારે તે દલપત રામ કહેવા લાગ્યો જે, તમોને આ નદી ઉતરવાના માર્ગની જાણ હોય તો દયા કરીને બતાવો, હું તો અજાણ્યો છું. ત્યારે તે ભરવાડ કહે જે, તું મારી પાછડ પાછડ ચાલ્યો આવ, એમ કહીને તે ભરવાડ આગળ ચાલ્યો, અને તેની પાછડ ચાલતાં ઢીંચણ સમા પાણીમાં ચાલીને નદી ઉતારીને કહે જે હવે તું ચાલ્યો જા, હવે માર્ગમાં નદી નાળું કાંઈ આવશે નહિ, સ્વામી કહે છે કે, આવી રીતે કહીને તે ભરવાડ અદૃશ્ય થઈ ગયો, પછી એ ભકતે નજર ફેરવીને જોયું તો કોઈ દેખાયો જ નહિ પછી તે ચાલતા, ચાલતા, ગઢપુરમાં આવીને મહારાજનાં દર્શન કર્યાં ત્યારે મહારાજે, પુછયું કે, હે ભકત, આવા ચોમાસામાં, વળી વર્ષતા વરસાદમાં શી રીતે આવ્યા, વળી અહીં આવતાં ભાદર નદીને શી રીતે ઉતર્યા, ત્યારે એ ભકતે કહ્યું જે, હે મહારાજ, કોઈક ભરવાડે આવીને આગળ ચાલીને મને એ નદી પાર કરીને પછી તે કયાંક અદૃશ્ય થઈ ગયો, દેખાયો નહિ, ત્યારે શ્રીજી મહારાજે કહ્યું જે, હે ભકત એ ભરવાડરૂપે અમે જ તમારી રક્ષા કરવા માટે આવ્યા હતા, તે વાત સાંભળીને એ ભકત દલપતરામ અતિશે રાજી થઈને બે હાથ જોડી ભગવાનને પગે લાગીને કહેવા લાગ્યા જે, હે મહારાજ તમારા વિના અમારી રક્ષા કોણ કરે? માટે હે ભગવાન, અત્યારે જેમ મારી રક્ષા કરી તેમજ અંત સમયે પણ મારી રક્ષા કરજો અને તમારા ધામમાં તેડી જાજો સ્વામી કહે છે કે, હે રાજન્

પૂર્વછાયો

*॥ એવી રીતે તે ભકતને । ઘણા આપ્યા પરચા શ્યામ ॥*
*॥ માય કવિ કોણ કરી શકે । એવા ભકત દલપત રામ ॥*

શ્રીજીમહારાજે, એવી રીતે એ દલપત રામને અનંત પરચા આપેલા છે, તેનો માપ કોઈ પણ કવિ કરી શકે નહિ. એવી રીતે પરચો ૨૭ મો થયો.

---

### *અધ્યાય ૭૯ મો, પરચો ૨૮ મો.*

## *ડભાણના પરચાની વાત*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે હે રાજન્

ચોપાઈ

*॥ વળી વાત કહું સુંણો રાય, એક ડભાણ ગામ છે ત્યાંય ॥*
*॥ જયારે મહારૂદ્ર કર્યો ત્યાં શ્યામ । ભળયું ગામ કરવાને કામ ॥*
*॥ નામ પટેલનું ગંગા દાસ, તેને મહારાજે બોલાવ્યા પાસ ॥*

વળી ગુજરાતમાં એક ડભાણ એવે નામે ગામ છે, તેમાં શ્રીજીમહારાજે અતિ મહારૂદ્ર યજ્ઞ કર્યો હતો, ત્યારે તે યજ્ઞના કામમાં ડભાણના સર્વે હરિ ભકતો જોડાયા હતા. તેમાં એક હરિ ભકતને શ્રીજીમહારાજે, મુખ્ય તરીકે રાખેલા હતા. એમનું નામ હતું ગંગાદાસ પટેલ, તેને શ્રીજી મહારાજે પોતાની સમીપે બોલાવીને કહયું જે, તમો ધોલેરા બંદર જાઓ, ત્યાંથી ચોખા, દાળ, ઘી, ગોડ, સાકર, ઘઉં વગેરે સામગ્રીનાં ગાડાં ભરીને વહેલા વહેલા આવજો, ત્યારે ગંગાદાસ પટેલ કહેવા લાગ્યા જે, હે મહારાજ, પહેલાતો રૂપૈયા જોઈશે, કારણ કે, દ્રવ્ય વિના આટલો બધો માલ કોણ આપશે ? અને અમારી પાસે રૂપિયા છે નહિ, તે વિના સામાન લેવા જાવું એતો બરોબર નહિ, અને કદાચને ઉધારે માલ લઈએ તો મણ કે, બે મણ મળે, અને આપણે તો સીધું જોઈએ હજારો મણ, તો આટલો માલ ઉધારે કોણ આપે? આવી રીતનું વચન,

ચોપાઈ

*॥ ત્યારે નાથ બોલ્યા સુણી વાણી । મુકયો આરતીયો અમે જાણી ॥*
*॥ જાઓ તમો ગાડાં ભરી દેશે । મુખે દામની વાત ન કહેશે ॥*

સાંભળીને શ્રીજીમહારાજ કહેવા લાગ્યા જે, હે ગંગાદાસ પટેલ અમોએ ત્યાં અમારા આરતીયાને મુકયો છે, એટલે તમારે કોઈ જાતની ચિંતા કરવાની



નથી તમો ત્યાં જાશો એટલે વગર બોલાવે પોતાની મેળે સામે આવીને તમોને બોલાવી ને તમોને ગાડાં ભરી દેશે અને પૈસાની તમારી પાસે વાતે નહિ કરે, ત્યારે ગંગાદાસ ભાઈ મહારાજની આજ્ઞા મસ્તકે ચડાવી ને અઠયાવીસ ગાડાં લઈને ધોલરે ગયા, ત્યાં ગામ બહાર ગાડાં છોડયા બળદોને પાણી પાઈને ચારો નિર્યો, તેવા સમયમાં જ ત્યાં એક શેઠ આવ્યા અને પુછવા લાગ્યા કે, આટલાં બધાં ગાડાં લઈને તમો કયાંથી આવો છો? અને તમો બધા કોણ છો ? ત્યારે ગંગાદાસભાઈએ કહ્યું જે, અમો ગામ ડભાણથી આવીએ છીએ અને એ ડભાણમાં અમારા ભગવાન શ્રી સ્વામિનારાયણ મોટો યજ્ઞ કરે છે. તેણે અમોને આ ગાડાં લઈને ચોખા, દાળ, ઘી, ગોડ, વગેરે સામાને લેવા માટે મોકલ્યા છે,

ચોપાઈ

*॥ તન પુષ્ટ ને રૂપ રૂપાળું । મુખે હસતા દીન દયાળુ ॥*
*॥ રેસમી કોરની પહેરી ધોતી । કેડે કંદોરો કાનમાં મોતી ॥*
*॥ ભાલ વિશાળ ઝળકે ભારી । જાણે આવ્યા કુબેર ભંડારી ॥*

ત્યાં શેઠ આવ્યા, તેનું રૂપ અતિ રૂપાળું હતું દીન જનના ઉપર દયા રાખનારા હતા, મુખાર્વિન્દ અતિ હાસ્યે યુકત હતું, રેસમી કોરનું ધોતીયું પહેર્યુ હતું ભાલ અતિ વિશાળ હતું. કેડે રત્ન જડીત કંદોરો બાંધ્યો હતો, કાનુમાં સુંદર સાચાં મોતી ધાર્યાં હતાં, અને હાથમાં સુંદર છડી ધારણ કરેલી હતી, એ શેઠ. ગંગાદાસ પટેલને કહ્યું જે, આવો અમારી વખારમાં, ઘણો માલ ભર્યો છે અને જેટલો ગાડામાં સમાય, તેટલો માલ ભરો, ત્યારે ગંગાદાસ કહે જે, અમારી પાસે પૈસા નથી, તો તમો પૈસા વગર માલ કેવી રીતે દેશો? ત્યારે શેઠ કહે જે, તમો ધનની ચિંતા કરશો નહિ એ સ્વામિનારાયણ ભગવાનને પ્રતાપે ધન અમારી પાસે ઘણું છે, અને અમે પણ એ ભગવાનના જ આરતીયા છીએ અને એના રાખ્યા જ અમો અહીં રહ્યા છીએ, એ સ્વામિનારાયણ મોટા શાહુકાર છે, માટે એ સ્વામિનારાયણ અમોને ધન આપશે, માટે મારી સાથે ચાલો એમ કહીને, એ શેઠે ગંગાદાસ પટેલને મોટી વખાર દેખાડી અને ઉઘાડી ને કહ્યું જે, જુઓ આ વખાર ભરી છે, તેમાંથી તમો જેટલો જોઈએ? એટલો માલ ભરો, એ સાંભળીને ગાડાંવાળાએ ચોખા, દાળ, ગોડ, સાકર બધો સામાન ગાડામાં ભર્યો, તે સામાન

ગાડામાં કેટલો ભર્યો ? તે સ્વામી કહે છે કે,

ચોપાઇ

*॥ ભર્યાં છકીએ ચોકીએ ગાડાં, ભર્યો માલ ઘાલી જાડા આડાં ॥*
*॥ ભરતાં માલ શેઠ તહેવાર, ઘાલ્યા રૂપિયા દશ હજાર ॥*

પછી ગાડાં વાળાઓએ ગાડાં એવા ભર્યા કે, એક ગાડામાં ચાર બળદ જોડે, છો, છો, બદળો જોડે ત્યારે માંડ માંડ ગાડાં ખેંચાય, એવા ગાડાં ભર્યા તેમાં શેઠે દશ દશ હજાર રૂપિયાની થેલીઓ મુકાવી દીધી, પછી શેઠે સારામાં સાર રસોઈ કરાવી સર્વેને પોતે પીરસીને જમાડ્યા, પછી આજ્ઞા આપી કે, હવે તમો સુખેથી ગાડા જોડીને જાઓ ત્યારે સર્વે ગાડાં જોડીને થયા ચાલતા, શેઠ વળાવવા માટે સાથે ગામની ભાગોળ સુધી આવ્યા, પછી ગાડા જરા આગળ ચાલ્યાં અને પાછું વાળીને જોયું તો એ શેઠને દેખ્યા જ નહિ ત્યારે સર્વે અતિ આશ્ચર્ય પામી ગયા, પછી આગળ ગાડા ઉભાં રાખીને જોવા ગયા. તો શેઠ કે, વખાર કાંઈ પણ જોવામાં આવ્યું નહિ, પછી એ સર્વે ગાડાવાળા મનમાં અતિશે આશ્ચર્ય પામી ગયા અને જાણ્યું જે, આતો મહારાજે મોટો પરચો પુર્યો, અને મનમાં જાણ્યું જે, આતો શેઠ રૂપે શ્રીજીમહારાજ પોતે જ આવેલા હતા, એમ વાતો કરતા કરતા ગાડા હાંકીને થયા ચાલતાં, તે ધીમે ધીમે ડભાણ પહોચી આવ્યા અને સર્વે ને એ પરચાની વાત કહી તે સાંભળી ને સર્વે અતિ આશ્ચર્ય પામી ગયા, અને મહારાજ પણ અતિ રાજી થયા, પછી ગંગાદાસ ભાઈએ પુછયું જે, હે મહારાજ, એ શેઠ કોણ હતા? ત્યારે મહારાજ કહે જે, એ શેઠ બીજો કોણ હોય, એતો અમે પોતે જ હતા એમ કહીને ધોલેરા ગામનાં સર્વે એંધાણ કહ્યાં, તે સાંભળીને ગાડા વાળા અને ગંગાદાસભાઈ સર્વે આશ્ચર્ય પામી ગયા, પછી મહારાજની આજ્ઞાથી ગાડામાંથી સર્વે માલ ઉતાર્યો અને ગાડા ખાલી કર્યા. ત્યારે ગાડામાંથી રૂપિયાની ઘણી, થેલીઓ નીકળી, તે જોઈને સર્વે કહેવા લાગ્યા જે, આતો મહારાજે મોટો પરચો પુર્યો, સ્વામી કહે છે કે એવી રીતે ભગવાન એ ડભાણમાં મહારૂદ્ર પુર્ણ કીધો. સ્વામી કહે છે કે ,

ચોપાઇ

*॥ એવા પરચા લાખ હજાર, ભુપ આપ્યા છે આ અવતાર ॥*
*॥ તેનો લખતાં પાર ન આવે, શેષ શારદ મળી જો ગાવે ॥*



*॥ કહેતાં સુંણતાં મટે ભવફંદ, માટે કહે કવિ કૃષ્ણાનંદ ॥*

એવી રીતે ૨૮ મો પરચો થયો.

---

## અધ્યાય ૮૦ મો, પરચો ૨૯ મો.

# તુલજારામનો પરચો કહે છે,

ચોપાઇ

*॥ એક પ્રસિદ્ધ પ્રાંતિજ ગામ । નામ દેશાઈ તુલજરામ ॥*
*॥ કર્યો સત્સંગ થઈ સમાધી । બીજી સર્વે ટાળી ઉપાધી ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે તમારા પ્રત્યે બીજી પરચાની વાત કહું છું સાંભળો ઉત્તર ગુજરામાં પ્રાંતિજ એવે નામે એક પ્રસિદ્ધ મોટું ગામ છે, તે ગામમાં તુલજારામ દેશાઈ એવે નામે એક વણિક ભકત હતા, તે જ્યારે પહેલા વહેલા સત્સંગી થયા ત્યારે એને પ્રથમ સમાધી થઈ, ત્યારે અજાણ્યાં એવાં સર્વે સબંધીજનો માંડ્યાં રોવા, અને સમસાને લઈ જાવા માટેનો સર્વે સામાન ભેળો કરવા લાગ્યાં, એક જણ દુકાને ખાંપણ લેવા ગયો, તે સમે આખાય ગામમાં વાત ફેલાઈ ગઈ કે, તુલજારામ દેહ મુકી ગયો છે, એવું સાંભળીને એ ગામમાં ભગવાનના ભકત મયારામ પંડ્યા હતા, તે પણ એ તુલજારામને ઘેર ગયા. ત્યાં એની પત્નિ અને એની માતા સર્વે રૂદન કરતાં હતાં, તેને જોઈને એ મયારામે હાકલ મારીને કહ્યું, આ તમો રૂવો શા માટે છો, અને આ તુલજારામ મૃત્યુ નથી પામ્યો, માટે સર્વે રૂદન કરવાનું બંધ રાખો, એમ કહીને તુલજારામની પાસે જઈને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, એમ સાત વખત બોલીને પછી કહે જે, હે તુલજારામ, એમ ત્રણ વાર બોલ્યા એટલે તુલજારામ તત્કાળ સમાધીમાંથી બહારા આવ્યો, ત્યારે સર્વે સ્ત્રીઓ રોતી બંધ રહીને સર્વેને અતિ આનંદ થયો. પછી સર્વેએ પુછયું જે, હે તુલજારામ તું કયાં ગયો હતો? ત્યારે તુલજારામ કહે જે, હું તો સમાધી કરીને ભગવાનના અક્ષરધામમાં ગયો હતો, ત્યાં અનંત મુકતોની દિવ્ય સભામાં વિરાજમાન એવા શ્રીજી મહારાજનાં મને દર્શન થયાં, તે વાત સાંભળીને સર્વે અતિ આનંદ પામ્યાં, પછીતો એ તુલજારામ શરીરે બરોબર સાજો સારો હરે ફરે, અને મહારાજનું ભજન કરે, એમ કરતાં સ્વામી કહે છે

કે, હે રાજન પછી જયારે સવંત ૧૮૮૩ ત્રયાસીની સાલમાં એ તુલજારામ માંદા થયા, શરીરે પીડા ખમાય નહિ ત્યારે વારે વારે મહારાજને સંભારે જે, હે મહારાજ આ દુઃખ શરીરે ખમાતું નથી, માટે દયા કરીને તમારા ધામમાં લઈ જાઓ, ત્યારે એની પ્રાર્થનાને સાંભળીને મહારાજે પોતાનાં દર્શન દીધાં, ત્યારે તુલજારામ ઉઠીને મહારાજને પગે લાગી દર્શન કરી બે હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યા જે, હે મહારાજ, આ શરીર દુઃખ નથી ખમાતું માટે દયા કરીને મને તમારા ધામમાં તેડી જાઓ, ત્યારે શ્રીજીમહારાજ કહે જે, હે તુલજારામ, અત્યારે જો તારો બાપ ખીમો દેસાઈ તુને રજા આપે તો અમે તુને તેડી જાઈએ, માટે તારા બાપુજીને પુછી જો? ત્યારે એ તુલજારામે પોતાના પિતા જે ખીમા દેસાઈ, તેને પુછયું જે, હે બાપુજી, મારાથી શરીરે પીડા સહન નથી થાતી. માટે મને રાજી થઈને રજા આપો. તો મહારાજ મને ધામમાં તેડી જાય, અને આ મહારાજ વાટ જોઈને ઉભા છે, ત્યારે ખીમો દેસાઈ કહે જે, હમણાં હું રજા નહિ આપું, કારણ કે, તારાં છોકરા હજું નાનાં છે, તો એ છોકરાની સંભાળ અમારાથી ન થાય, માટે અત્યારે તું મહારાજને ના કહી દે. પછી તુલજારામે મહારાજને કહ્યું જે, હે મહારાજ, મારા પિતાજી તો ના પાળે છે, અને કહે છે કે તારા છોકરા નાના છે, તેની સંભાળ અમારાથી ન થાય, તો હે મહારાજ હું કેમ કરૂ? અને આ શરીરે દુઃખ બહુ થાય છે, ત્યારે મહારાજ કહે જે તારા પિતા ના પાડતા હોય, તો હમણાં તું રહે અને તારા શરીરે બિમારી મટી જાશે, અને દશ વર્ષ પછી અમો તુને તેડવા માટે આવીશું એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા અને તુલજારામ શરીરે સાજો થયો. પછી સ્વામી કહે છે કે જયારે વાયદો પુરો થયો, ત્યારે તેને તેડવા માટે મહારાજ રૂપાળો અને અતિતેજોમય દિવ્ય રથ લઈને તુલજારામને ઘેર પધાર્યા, ત્યારે ગામમાં રહેલા સર્વે સત્સંગીને તો એ રચના દર્શન થયાં, પણ કુસંગીજનોએ પણ એ દિવ્ય રથને જોયો અને સર્વે કહેવા લાગ્યાં જે, આ રથતો દિવ્ય છે, આ લોકનો આ રથ નથી, માટે આ રથતો ભગવાન શ્રી સ્વામિનારાયણનો જ છે, પછી મહારાજ એ તુલજારામને પોતાના દિવ્ય રથમાં બેસાડીને ત્યાંથી અંતર્ધાન થઈ ગયા, ત્યારે ગામના સર્વે મનુષ્યો ને દર્શન થયાં, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રામસંઘજી કોઈક એક બાઈ વિજાપરથી આવતી હતી તે બોલી હે,



*॥ કોઈક બાઈ બોલી મુખ કથી । તુલજારામ તો મુવા નથી ॥*
*॥ વિજાપરના મારગે જાતાં । દીઠા સહિત હરિ યશ ગાતાં ॥*

તુલજારામ તો મુવા નથી એ વિજાપુરના રસ્તામાં રથમાં બેઠેલા અને ભગવાનના કીર્તન ગાતા ગાતા જતા હતા તે મેં મારી આંખે દીઠા તે વાત સાંભળીને સર્વે આશ્ચર્ય પામી ગયાં.

ચોપાઈ

*॥ સુંણી આશ્ર્ચર્ય પામીયાં જન । આતો પરચો આપ્યો ભગવાન ॥*
*॥ એમ પરચા આપે પ્રભુ મોટા । હોય કુસંગી તે કહે ખોટો ॥*

એવી રીતે ૨૯ મો પરચો થયો.

---

### અધ્યાય ૮૦ મો, પરચો ૩૦ મો.

## ગોવર્ધનના પરચાની વાત,

બ્રહ્માનંદ સ્વામી કહે કે, હે રાજન વળી એજ પ્રાંતિજમાં નથુ શાહ એવે નામે એક વણિક ભકત હતા, તેના પુત્રનો પુત્ર ગોવર્ધન એવે નામે ભગવાનનો પરમ ભકત હતો, તેને શરીરે મંદવાડ થયો. શરીરમાં અતિશય દુઃખ થાય, સહન થાય નહિ, એ વાતની કૃષ્ણાનંદ સ્વામીને ખબર પડી, જેથી તેને દર્શન દેવા માટે તેને ઘેર ગયા, તે સ્વામીની સાથે બીજા પાંચ સંતો હતા, સંતોએ તેને દર્શન દઈને કહ્યું જે, એને ઔષધ કરશો નહિ અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, ભજન કરો, એક કહીને સંતો ત્યાંથી ચાલતા થયા, તેવામાં એ ભકતને તેડવા માટે શ્રીજીમહારાજ પધાર્યા, સાથે સંતો પણ ઘણા હતા, સાથે કૃષ્ણાનંદ સ્વામી પણ હતા, આવીને એ સર્વેએ ગોવર્ધન ભકતને દર્શન દઈને મહારાજે કહ્યું જે, હે ગોવર્ધન ભકત અમો તમોને તેડવા માટે આવ્યા છીએ માટે થાઓ તૈયાર, ત્યારે તે ભકત કહે જે, હે મહારાજ હું તો તૈયાર જ છું, પછી પોતાના સગાસબંધી સર્વેને કહ્યું જે, આ મહારાજ મને તેડવા માટે પધાર્યા છે, સાથે કૃષ્ણાનંદ સ્વામી આદિક ઘણાક સંતો પણ આવ્યા છે, માટે સહુ દર્શન કરો, અને હવે બધા ભગવાનના નામની ધુન્ય કરો અને હું જાઉ છું મહારાજના ધામમાં, એમ કહીને આ લોકના સર્વે સાંસારિક સુખનો ત્યાગ કરીને મહારાજની સાથે દિવ્ય રથમાં

બેસીને એ ગોવર્ધન ધામમાં ગયો ત્યારે સર્વે ગામના મનુષ્યોને દર્શન થયાં, ત્યારે સર્વેજનો કહેવા લાગ્યાજે,

ચોપાઇ

*॥ બહુજને જોયું દ્રગે આપ । સ્વામિનારાયણ નો પ્રતાપ ॥*
*॥ જોઈ આનંદ પામીયા જન । નિશ્ચે માન્યા તેને ભગવાન ॥*

એવી રીતે ૩૦ મો પરચો થયો.

---

## અધ્યાય ૮૦ મો, ૩૧ મો. પરચો,

## બેનનીબેનને આપેલો પરચો.

ચોપાઇ

*॥ એક વાત કહું નૃપ સાર, તમે સાંભળ જો કરી પ્યાર ॥*
*॥ વળી પ્રાંતિજ ગામને માંય, શેઠ શાકરચંદ રહે ત્યાંય ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમોને એક બીજી વાત કહું છું સાંભળો, એજ પ્રાંતિજ ગામમાં શાકરચંદ નામે એક ભગવાનના ભકત હતા, તેની દીકરી પણ ભગવાનની ભકત હતી, તેનું નામ હતું બેની બાઈ, તે બેની બાઈને શરીરે પાણ નામનો રોગ થયો, તેણે કરીને શરીર આમ તેમ ફેરવ્યું કરે નહિ, એટલે એ બાઈ મહારાજનું અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ રટણ કર્યા કરે, એમ કરતાં એનો દેહ રહે કે ના રહે આવી સ્થિતી થઈ ગઈ એનો રોગ કોઈ કળી ન શકે, એ વખતે સગા સબંધી સર્વે ચારે બાજું બેઠા છે, એવા સભામાં અચાનક શ્રીજી મહારાજ ઘણાક સંતો પાર્ષદો સાથે દિવ્ય વિમાન લઈને પધાર્યા તેને બેની બાઈયે જોયા, શ્રીજી મહારાજે શાકરચંદના આગણામાં રથને છોડીને પોતે ઘરમાં પધાર્યા, અને પોતે મહારાજ બેની બાઈને ઓસીકે બેઠા અને સંતો પાર્ષદા સહુ નીચે બેઠા, અને મહારાજ બેની બાઈને કહ્યું જે, હે બેની બાઈ, જયશ્રી સ્વામિનારાયણ, ત્યારે તે બાઈયે પણ પગે લાગીને જયશ્રી સ્વામિનારાયણ કહીને પગે લાગીને પ્રાર્થના કરવા લાગી જે, હે મહારાજ મને દયા કરીને તમારા ધામમાં તેડી જાઓ, કારણ કે, આ શરીરે દુઃખ શહેવાતું નથી, ત્યારે શ્રીજીજ મહારાજે કહ્યું કે, હમણાં તું અહી જ રહેજે, અત્યારે અમો



તુને તેડી નહિ જાઈએ કારણ કે,

*॥ તારા છોકરાં છે છેક નાના । બહુ રૂએ છે રાખ જે છાના ॥*
*॥ ચિંતા રાખીશ માં ફેર પડશે । આધી વ્યાધિ કાંઈ નહી નડશે ॥*

હજુ તારા છોકરા સાવ નાના છે, વળી અતિશે રૂદન કરે છે, તેનું તું છાના રાખ્ય, અને આજથી તારા શરીરે રોગ મટી જશે, માટે તું કાંઈ પણ ચિંતા રાખીશ મા, ત્યારે તે બાઈ સર્વેને કહેવા લાગી જે, તમો સહુ બેઠા કેમ છો? આ મહારાજ સંતો પાર્ષદો સહિત પધાર્યા છે, તેનાં દર્શન કરો, ત્યારે સર્વે સત્સંગીયોને તો દર્શન થયું, પણ કુસંગીયોએ પણ દીઠા, પછી શ્રીજી મહારાજ ઉભા થઈ રથને જોડાવીને સંતો, પાર્ષદોએ સહીત બેઠા રથમાં, અને રથને કર્યો રવાનો, ત્યારે બેનીબાઈ રથની પાછળ જાય દોડતી, ત્યારે સર્વે સબંધીજનોએ ઝાલીને બેસારી દીધી, અને મહારાજ રથે સહીત અદૃશ્ય થઈ ગયા.

ચોપાઇ

*॥ શ્રીજી બેઠા રથ દીધો જોડી । બાઈ બેની વાંસે જાય દોડી ॥*
*॥ ઝાલી સંઘાથે બેસારી પાસ । એવો પરચો આપ્યઅવિનાશ ॥*

એવી રીતે પરચો ૩૧ મો થયો.

---

## અધ્યાય ૮૦ મો, પરચો ૩૨ મો.

## ભકત હરગોવનનો પરચો.

*॥ કહું વાત સુણો તમે રાય, જેને સાંભળતાં સુખ થાય ॥*
*॥ નામ પારેખ હરગોવને, વ્યાપ્યો વાયુ ઘણો તેને તન ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે, કે વળી એજ પ્રાંતિજ ગામમાં એક હરગોવન એવે નામે વણિક ભકત હતો, તેના શરીરે વાયુનો વ્યાધી થયો. તેણે કરીને પેટમાં ભુખ લાગે નહિ જેથી ખાવું ભાવે નહિ એમ કરતાં ઘણી લાંઘણું થઈ ગઈ. મુખેથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ, ભજન કર્યા કરે, અને સર્વે સંબંધીજનો પણ ભગવાનનું ભજન આઠુ જામ કર્યા કરે, એમ કરતાં એક વખતે અચાનક શ્રીજી મહારાજ પધાર્યા, અને એ હરગોવનની બહેન, બેની બાઈને ઘેર ગયા, તેને

દર્શન દઈને કહ્યું, હે બેની બાઈ, તું સવારમાં જઈને હરગોવનને કહે જે, કે હવે અનાજ જમે, અને જમવાથી દુઃખ મટી જાશે અને શરીરે આરામ થાશે એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા, પછી એ બેની બાઈ શરમને લીધે એ વાત હરગોવનને કહી નહિ, ત્યાર પછી બીજે દિવસે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીજીમહારાજે હરગોવનને દર્શન દઈને કહ્યું જે, હે હરગોવન, હવે આજથી તું અન્ન જમજે અન્ન જળ લઈશ એટલે તારા શરીરે વાયુ નું દુઃખ છે તે મટી જાશે , અને શરીરે સુખ થાશે, અને મહારાજે કહ્યું જે,

*॥ કહ્યું મહારાજે થા હવો બેઠો, તરત ઉતર્યો પલંગ હેઠો ॥*
*। ભકત કહે શું થઈ રહ્યાં સુનાં, આવ્યા દર્શન કરો પ્રભુના ॥*

હવે તું બેઠો થા. એટલે હરગોવન તરત બેઠો થયો, પલંગથી નીચે ઉતરીને મહારાજના દર્શન કર્યા, અને સર્વે ને કહયું જે, તમો સહુ બેઠા કેમ છો? આ મહારાજ પધાર્યા છે તો સહુ દર્શન કરો, અને મને મહારાજ એમ કહે છે કે, હવેથી તું અન્ન ખાજે, એટલે તારે શરીરે સમું થશે અને દુઃખ સર્વે મટી જાશે,

*॥ માટે જમવા આપો કાંઈ તમે, હરિવચને ખાશું હવે અમે ॥*
*। પછી જમ્યો અન્ન સાજો થયો, જેવો દેખ્યો મેં નજરે કહ્યો ॥*
*॥ આજ વાત અતિ છે અપાર, પળે પળે દે પરચા આ વાર ॥*

હરગોવન કહે જે, માટે મને જમવા આપો, મહારાજને વચને હું જમીશ, પછી એને જમવા માટે અનાજ આપ્યું, એટલે તે ભકત સાજો થયો એટલે મહારાજ પણ અદૃશ્ય થઈ ગયા, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, આ પરચો મેં મારી નજરે દેખેલો છે, તે મેં તમારા પ્રત્યે કહ્યો છે, આવી રીતે શ્રીજીમહારાજ પોતાના એકાંતિક ભકતોને પળે પળે પરચા પુરે છે, એ વાતો પરચો અનંત છે, તે સર્વે પરચા કહેવા જાઈએ, તો તેનો પાર આવે તેમ નથી, એવી રીતે ૩૨ મો પરચો થયો.

---



## *અધ્યાય ૮૦ મો, પરચો ૩૩ મો.*

## *મોનદાસનો પરચો કહે છે,*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન હવે હું તમારા પ્રત્યે એવો જ એક બીજો પરચો કહું છું, તેને તમો સાંભળો,

ચોપાઇ

*॥ એક જાખોરૂ છે મોટું ગામ, તેમાં ભકત મોનદાસ નામ ॥*
*॥ એનો દેહ માંદો ઘણો થયો, દુઃખ શોક જાય નહિ કહ્યો ॥*

જાખોરૂં એવે નામે એક મોટું ગામ છે, તેમાં ભગવાનના પરમ ભકત રહેતો હતા, એનું નામ હતું મોનદાસ, એક વખતે એ મોનદાસ માંદા થયા, તેણે કરીને શરીરમાં દુઃખ બહુ થાય તે શહન થાય નહિ તેણે કરીને તેનો અંતકાળ વખત આવ્યો, સાંજે કે સવારે દેહ પડશે એવું ટાણું આવ્યું, પોતાના હૃદયમાં મહારાજની વારમ વાર પ્રાર્થના કરે જે, હે મહારાજ, હવે આ દુઃખ મારાથી શહન થતું નથી માટે દયા કરીને આ પાપરૂપ દેહ થકી છોડાવીને તમારા ધામમાં તેડી જાઓ આવી રીતની, તેની પ્રાર્થના સાંભળીને શ્રીજી મહારાજે તેનીજ પાડોસમાં એક ગુંસાઈજીને દર્શન દીધું ત્યારે એ ગુંસાઈજી એ, મહારાજનાં દર્શન કરીને પુછયું જે, હે મહારાજ અત્યારે આપ કેમ પધાર્યા છો? ત્યારે એ ગુંસાઈજીની વાત સાંભળને મહારાજની સાથે આવેલા સંતોએ કહ્યું કે, મહારાજ તો અત્યારે મોનદાસને તેડવા માટે પધાર્યા છે, પછી મહારાજ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા, અને એજ ગામમાં એક પ્રભુ રામ નામે ભકત હતા. તેને દર્શન દીધાં, ત્યારે એ પ્રભુરામે મહારાજનાં દર્શન કર્યા અને બે હાથ જોડીને પુછયું જે, હે મહારાજ અત્યારે આપ કેમ પધાર્યા છો, ત્યારે શ્રીજીમહારાજ કહે જે, અમોતો મોનદાસને તેડવા માટે આવ્યા છીએ. એ વાત સાંભળીને એ પ્રભુરામ વિપ્ર અતિ શોકાતુર થઈ ગયા, અને તત્કાળ મંદિરમાં કૃષ્ણાનંદસ્વામીને વાત કહી જે, હે સ્વામી, મહારાજ મોનદાસને તેડવા માટે પધાર્યા છે, તો હું બે હાથ જોડીને વિનંતી કરૂં છું કે, મહારાજ જો મોનદાસને તેડી જાશો તો આ મંદિરનો ધણી કોણ થાશે? વાળી આ ગામમાં સત્સંગ થોડો છે, વળી મોનદાસને મહારાજ તેડી જાશે, તો સત્સંગ ઘસાઈ જાશે, માટે હે સ્વામી તમો મહારાજને પ્રાર્થના કરીને કહો જે,

હમણાં એને તેડી ન જાય, ત્યારે કૃષ્ણાનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી, બે હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ, એ મોનદાસને લઈને ગામમાં સર્વે સત્સંગીઓને સત્સંગનું સુખ સારૂ છે, અને જો એને તમો તેડી જાશો તો સત્સંગ ઘટી જાશે, માટે હમણાં એને મેલી જાઓ તો સારૂં ત્યારે મહારાજ કહે જે, એમ જો હોય તો અત્યારે એ મોનદાસને નહિ તેડી જાઈએ, એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા, તેવામાં ગુંસાઈએ મોનદાસને ઘેર જઈને વાત કહીજે, સ્વામિનારાયણ ભગવાન મોનદાસ ને તેડવા માટે પધાર્યા હતા. પણ પ્રભુરામે ના કહી તેથી હવે મોનદાસને મહારાજ નહિ તેડી જાય, આવી રીતની એ ગુંસાઈની વાત સાંભળીને એ મોનદાસના માતૃશ્રી મેઘબાઈ બોલ્યાં જે, જો સ્વામિનારાયણ ભગવાન સાચા હોય તો મને તેડવા આવે તો હું એ વાત સાચી માનું, સ્વામી કહે છે કે,

*એમ કહેતાં થયા દીન ચાર । ત્યારે આવીયા પ્રાણ આધાર ॥*
*સ્વપનામાંઈ દર્શન દીધું । આવી શ્રી મુખે ડોસીને કીધું ॥*

એમ કરતાં ચાર દિવસ વિત્યા પછી સ્વપનામાં ડોસીને દર્શન દઈને મહારાજે કહ્યું કે, આજથી દશ મહીના પછી અમો તમોને તેડવા માટે આવીશું માટે તમો તૈયાર થઈ રહેજો, અને જેને વાત કહેવી હોય, તેને કહી દેજો, એમ કહી ને મહારાજ અંતર્ધાન થઈ ગયા, ત્યારપછી એ ડોસી સર્વેને કહેવા લાગી જે, સ્વામિનારાયણ ભગવાન દશ મહીના પછી મને તેડવા માટે આવશે, સ્વામી કહે છે કે,

॥ થયો વાયદો તેડી રે ગયા । મોનદાસ રાજી બહુ થયા ॥
॥ પુત્ર રહ્યો ડોસી ગયાં ધામ । એવો પરચો આપીયો શ્યામ ॥

પછી જ્યારે વાયદો પુરો થયો, ત્યારે મહારાજ એ મેઘબાઈ ડોસીને પોતાના ધામમાં તેડી ગયા, તેના ગામમાં સર્વે જનોને દર્શન થયાં, પુત્ર રહ્યો અને ડોસી ગયાં આ જોઈને સર્વે જનોએ જાણ્યું જે, આતો મોટો પરચો થયો, ત્યાર પછી એ મોનદાસે સર્વે સંતોને રસોઈ દીધી અને વસ્ત્રો ઓઢાડ્યાં, એવી રીતે ૩૩ પરચો થયો.

---



### *અધ્યાય ૮૧ મો, પરચો ૩૪ મો.*

## *માંડણ મેરાઈને પરચો દીધો.*

પૂર્વછાયો

*॥ વળી કહું એક વારતા, અતિ અમાયિક અનુપ ॥*
*॥ દુષ્ટને દુઃખ દાઈ છે, છે સંતને સુખરૂપ ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વળી તમારા પ્રત્યે અલૌકિક વારતા કહું છું સાંભળો, એ વાત આસુરીને તો અતિ દુઃખને દેનારી છે, પણ સંતને અતિશય સુખરૂપ છે, આ વાત સાંભળીને દૃષ્ટ જીવો હશે, તે બળી મરશે અને જે ભગવાનના ભકતો હશે તે સાંભળીને અતિ રાજી થાશે, એવો પરચો ભગવાને પોતાના ભકતને આપેલો છે, તે વાત કહું છું સાંભળો, જે દેશમાં ઝાલા ક્ષત્રીયો નો વિશેષ નિવાસ હોવાથી એ દેશને ઝાલાવાડ એવે નામે કહેવાય છે, તે ઝાલાવાડ દેશમાં પ્રસિધ્ધ અને અતિ મોટું, અને શ્રીજી મહારાજે જેમાં અતિશય લીલાઓ કરીછે એવું અને અતિ પવિત્ર એવું મુળીધામ છે, તેનાથી પાંચ ગાઉ દુર એક રામપુરા, એવા નામનું એક ગામ છે, તે ગામમાં ભગવાનના આશ્રિત ભકત જનો ઘણા રહે છે, તેમાંથી એક ભકતની શ્રીજી મહારાજે રક્ષા કરી, તે વાત કહું છું સાંભળો, એ રામપુરા ગામમાં માંડણ મેરાઈ નામે ભકત હતા, તે એક વખતે કામ ધંધાને માટે એ મુંબઈ ગએલા હતા, ત્યાં ઘણા મહીના સુધી રહી ધન કમાઈને પાછા પોતાના દેશમાં આવવા માટે વિચાર કર્યો, સ્વામી કહે છે કે, આજે પણ ઘણાય વિદેશમાં કમાવા માટે જતા હોય છે, અને મનમાં એવી શુભ આશા પણ હોય જે, પરદેશમાં જઈએ, તો રૂપિયા ઘણા કમાઈએ અને પાછા પોતાના દેશમાં આવીને સુખેથી જીવન વિતાળીએ, એજ રીતે એ માંડણ ભકતે પણ મુંબઈ રહી, ધન કમાઈને પાછા પોતાના દેશમાં આવવા માટે વિચાર કર્યો, અને એક સારૂં મોટું વહાણ, તેમાં ભાડું દઈને બેઠા અને એ વખતે વિદેશમાં જવું હોય તો વહાણથી જ જઈ શકાતું, પરંતુ એપર કે ટ્રેઈન કે ગાડી વગેરે વાહનોની સુવિધાઓ ન હતિ, અને પૃથ્વી ઉપર રસ્તાઓની પણ સુવિધાઓ ન હતી, આ માંડણ ભકત પણ બેઠા વહાણમાં, એ વહાણમાં બીજા પણ ઘણા માણસો બેઠેલા. જયારે વહાણને ઉપડવાનો સમય થયો. ત્યારે ખેવટીઆઓએ વહાણને ચાલતું કર્યું,

ચાલતા ચાલતાં જ્યારે મધ્ય દરિયામાં આવ્યા ત્યારે અચાનક પવનનું તોફાન ઉપડ્યું, વાહણ આમ તેમ ઘુમવા માંડ્યું. વહાણનો સઢ, ભાંગી ગયો અને ખેવટ લોકો વહાણનો રસ્તો ભુલી ગયા, અને રાત્રી પડી ગઈ, કાંઈ પણ દીશા સુજે નહિ, ત્યારે ખેવટીયાઓ કહે જે, હે વહાણમાં બેઠેલા સર્વે પ્રવાસીજનો, તમો સાંભળો હવે આ તોફાનમાં વહાણ અમારા હાથમાં નથી, અને અમો વહાણનો રસ્તો ભુલ્યા છીએ જેથી હવે આ વહાણ કાંઠે પહોચે કે ડુબે એનું કાંઈ નકકી નથી માટે તમો સર્વે પોત પોતાના ઈષ્ટ દેવને સંભારો, ત્યારે સર્વે જનો પોતે પોતાના ઈષ્ટ દેવનું ભજન કરવા લાગ્યા. અને એવી કહેવત છે કે ભયમાં ભજન ભકિત વિશેષ થાય, એ રીતે ભજન કરવા લાગ્યા,

ચોપાઈ

*॥ કોઈ માત તાત કહે મુખે, કોઈ શિવ શિવ કહે સુખે ॥*
*॥ કોઈ રામ રામ કહે જન, કોઈ કરે ત્યાં કૃષ્ણ ભજન ॥*
*॥ કોઈ દેવ તીર્થંકર ગાય, કોઈ પીર તણે પડે પાય ॥*
*॥ કોઈ નમાજ પાડે છે નમી, કરે ભકિત જેને જે હ ગમી, ॥*
*॥ હતો માંડણ મેરાઈ રાય, સ્વામિનારાયણ મુખે ગાય ॥*

એ વખતે માંડણ ભકતે તાળી પાડીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા, અને બીજાને પણ કહેવા લાગ્યા જે, તમો સહુ પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેનું ભજન કરો, ત્યારે એ ભગવાન રક્ષા કરવા માટે આવશે, તે શિવાય તમારા ઈષ્ટ દેવો કોઈ રક્ષા કરવા માટે આવશે નહિ, ત્યારે લોકો બળી ઉઠ્યા, અને અતિ રીશ કરીને બોલવા માંડ્યા જે,

ચોપાઈ

*॥ બીજા હવે સર્વે જાણ્યા ખોટા, સ્વામિનારાયણ તારા મોટા ॥*
*॥ હોય મોટા તો વહાણ ઉગારે, સિંધુમાં બુડતા આજ તારે ॥*
*॥ તો સાચા તે સહજાનંદ, નૈતો ઠાલો કરે છે તું ફંદ, ॥*

અરે બીજા દેવાને તું ખોટા કહે છે, અને તારા સ્વામિનારાયણને સાચા ભગવાન કહે છે તે સુ સમઝીને કહે છે, અને જો તારા સ્વામિનારાયણ સાચા હોય તો અત્યારે આ વહાણને ઉગારે, અને જો તારા સહજાનંદ રક્ષા ન કરે તો



અમથો બકવાદ કરે છે, ત્યારે માંડણ ભકત કહે જે, હું તમારા દેવને કોઈને ખોટા કહેતો નથી. બધાય દેવો સાચા છે, પણ એ દેવો બધાય પરોક્ષ છે, અને મારા સ્વામિનારાયણ અત્યારે પ્રગટ છે, માટે પ્રગટથી જે કામ થાય, તેવું પરોક્ષથી ન થાય, માટે હું કહું છું કે, સ્વામિનારાયણનું ભજન કરો, અને તોજ તમો સર્વે આ દુઃખમાંથી ઉગરશો નહિ તો બધાય મૃત્યુને વશ થઈ જાશો, અને ખેવટે પણ વહાણને બચાવવાના ઘણાય પ્રયત્નતો કર્યા પણ કોઈ રીતે સફળ થયા નહિ એટલે વહાણને મહા દરિયામાં નાંગરી દીધું, એમ કરતાં રાત્રી એક પહોર ગઈ, સર્વેને જીવવાની આશા રહી નહી, એવા સમયમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરતા માંડણ ભકતને દરિયામાં પૃથ્વી દેખાણી, એને દુર દુર ગાવણું થાતું સંભળાયું એટલે એ ભકતે તે ભજનને જોવા સારૂ નાવમાંથી કુદકો મારીને પડ્યો હેઠો, અને આગળ માંડ્યો ચાલવા, તે જેમ જમીન ઉપર ચાલે, તેમ ચાલ્યો ગયો એ જોઈને સર્વેજનો વિચાર કરવા લાગ્યાં જે, આ પુરૂષ દરિયામાં પડ્યો, તે બુડી મુઓ, અને માંડણ ભકતને તો આગળ ચાલતા એક મહેલ જોવામાં આવ્યો અને તેમાં ગવૈયા સ્વામી પોતાના મંડળના સંતો સાથે વાજીંત્રોની સાથે ગાવણું કરતા હતા, અને સ્વામી હતા માંડણ ભકતના ગુરૂ દેવાનંદ સ્વામી, પછી તે ભકત પણ ભજન સાંભળવા બેસી ગયો જ્યારે ગાવણું પુરૂ થયું ત્યારે સંતોને દંડવત પ્રણામ કરીને દર્શન કરીને જયશ્રી સ્વામિનારાયણ કહ્યા, ત્યારે દેવાનંદ સ્વામીએ પુછયું જે, અરે માંડણ ભકત તમો અહીં કયાંથી ? ત્યારે માંડણ ભકતે વહાણ સંબંધી સઘળું વૃતાંત કહિ સંભળાવ્યું, પછી સ્વામી કહે જે, હવે તમને અહીં બેઠાં ઘણી વખત થઈ અને હજુ તું બેઠો કેમ છે? માટે હવે તું જા, ત્યારે તે ભકતે ઉભા થઈને, બે હાથ જોડી પગે લાગીને પુછયું જે, હે સ્વામી નાવ ભુલું પડ્યું છે, ખેવટ લોકો માર્ગ ભુલી ગયા છે એ વહાણમાં હજારો મનુષ્યો બેઠા છે, બીજો પણ એમાં ઘણોક માલ ભર્યો છે, પવનના વેગથી સમુદ્ર અતિ હીલોળે ચડ્યો છે, અને સર્વેયે જીવવાની આશા છોડી દીધી છે, માટે હે સ્વામી આપ દયા કરીને કહો, જે એ વહાણ ઉગરશે કે કેમ ? ત્યારે સ્વામી દેવાનંદ સ્વામી હૃદયમાં મહારાજને સંભારીને બોલ્યા જે, હે ભકત, તમો ચિંતા કરશો નહિ કારણ કે એ વહાણ દરિયામાં બુડસે નહિ, અને તારી રક્ષા કરવા સારૂ જ મહારાજે અમોને મોકલ્યા છે, નહિતો આજે સર્વેનો કાળ જ આવી ગયો હતો,

પણ તુને એકને લઈને આખુંયે વહાણ બચી જાશે, અને દિવસ ઉગતા પહેલા ઘોઘાને ખાળે વહાણ સુખપુર્વક પહોંચી જાશે અને ખેવટ લોકોને કહી દેજે કે, વહાણને નાંગરી દીધું છે, તે છુંટું મુકી દીએ,

ચોપાઈ

*એવા સુંણી સ્વામીનો વચન, ભકતરાજી થયો નિજમન ।।*
*પછી આવ્યો ત્યાંથી વહાણમાંઈ, વહાણવાળા આવ્યા સામા ધાઈ ।।*

સ્વામી કહે છે કે, એવાં દેવાનંદ સ્વામીના વચન સાંભળજને એ ભકત રાજી થયો અને પાછો આવ્યો વહાણ સમીપે, અને બેઠો વહાણમાં પાછું વળીને જોયું તો બેટ પણ ન હતું અને સંતોનું મંડળ પણ અદૃશ્ય થઈ ગયું, અને એ માંડણ ભકત જ્યારે પાછો વહાણમાં આવ્યો ત્યારે ખેવટીયાઓ અને વહાણમાં બેઠેલા સર્વેજનો કહેવા લાગ્યા જે, આલ્યા, તું કોણ છે? તે તું તા સર્વે વૃતાંત કહે,

ચોપાઈ

*।। ભુપ પ્રેત કે કારણ રૂપ, યક્ષ રાક્ષસ દૈત્યનો ભુપ ।।*
*।। નહિતો મનુષ્ય થી ન જવાયુ, મહા અથાહ જલધી માંય ।।*

તું ભુત છો? કે કોઈ પ્રેત છો? યક્ષ રાક્ષસ છો? કે કોણ છો? કારણ કે, મનુષ્યથી આ મોટા અગાધ સમુદ્રમાં જઈ ન શકા, અને તું તો કુદકો મારીને પડ્યો દરિયામાં, અને તેમાંય ઘણી વાર થઈ અને પાછો આવ્યો, તારા કપડા એ ભીજ્યા નથી, તો તું છો કોણ? સાચું બોલ ત્યારે એ માંડણ ભકત કહેવા લાગ્યો જે, એ ભાઈયો, તમો જે કહો છો એ માયલો ભુત કે, પ્રેત કે, રાક્ષસ, હું કોઈ નથી, હું સ્વામિનારાયણ ભગવાનનો અશ્રિત રામપુરા ગામનો રહીશ માંડણ ભકત છું, અને હું તો મારા ગુરૂ સ્વામિનારાયણના સંત દેવાનંદ સ્વામી, પોતાના મંડળના સંતોની સાથે ભગવાનના ભજન કીર્તન કરતા હતા. તે સાંભળવા માટે ગયો હતો, ત્યાં ઘણીવાર સુધી ગાવણું સાંભળ્યું, પછી સ્વામીની આજ્ઞાથી હું પાછો આવ્યો, એ પ્રમાણે તમો મારી વાત સાચી માનો, સ્વામી કહે છે કે એ વાત સાંભળીને સર્વેજનો અતિ આશ્ચર્ય પામી ગયા, અને કહેવા લાગ્યાં જે હે ભાઈ, તો પછી તે તારા ગુરૂને આપણા વહાણ સંબંધી વાત પુછી કે નહિ? આપણા વહાણનું શું થશે? તે કાંઈ તારા ગુરૂએ કહ્યું ? ત્યારે માંડણ ભકત કહે જે, એ વાત



હું કહું છું સાંભળો જે,

ચોપાઈ

*।। ત્યારે માંડણ બોલ્યો તે વાર, તમો સાંભળો સહુ નરનાર ।।*
*।। પુછયું ગુરૂને કહી મુને વાત, વહાણ નહિ બુડે તારૂ સાક્ષાત ।।*
*।। દિન ઉગતાં ઘોધાને ખાળે, વહાણ નિકળશે જા સંભાળે ।।*

મેં મારા ગુરૂને પુછયું ત્યારે મારા ગુરૂએ મને કહ્યું જે, તારૂ વહાણ બુડશે નહિ અને કહે જે કે, સર્વે મનુષ્યો બીજુ બધું મુકીને એક સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરે, અને ખેવટીયાઓ એ વહાણને નાંગરી મુકયું છે. તે છુંટું મુકી દીએ, એ વહાણ ધીમે ધીમે પોતાની મેળે ધોધાને ખાળે દિવસ ઉગતા પહેલાં સહિસલામતી પહોંચી જશે, માટે સર્વે સ્વામિનારાયણનું અખંડ ભજન કરવા માંડો, તો જ તમો સર્વે ઉગરશો, એ વાત સાંભળીને સર્વેજનો રાજી થયાં, અને કહેવા લાગ્યાં જે, અરે એમાં શું? જો વહાણ સહિ સલામતી ઉગરી જતું હોય, તો આપણે બધા કરીએ સ્વામિનારાયણનું ભજન, અને પછી બધા થાઈએ સ્વામિ-નારાયણના આશ્રિત સત્સંગી, એમ કહીને માંડ્યા સર્વે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા, ખેવટો એ વહાણને છુંટું મુકી દીધું, એટલે ધીમે ધીમે પોતાની મેળે વહાણ માંડ્યું હાલવા, તે સુખપુર્વક વહાણ દિવસ ઉગતાં પહેલા ધોધા બંદરે પહોંચી ગયું, અને સર્વે જનો બચી ગયા.

ચોપાઈ

*।। સૌએ સાચા જાણ્યા સુખકંદ, સુખ દાયક સહજાનંદ ।।*
*।। ભકત સાચા તમે સાચા સ્વામી, નહિ માને તે લુણ હરામી ।।*

ત્યારે સર્વે લોકો કહેવા લાગ્યા જે, આ કળિયુગમાં સર્વે ને સુખના આપનારા તો એક સાચા સહજાનંદ સ્વામી જ છે, માટે હે ભકત તમે સ્વામિનારાયણના ભકત સાચા, અને તમારા ગુરૂએ સાચા અને તારા ભગવાન શ્રી સહજાનંદ સ્વામી તે પણ સાચા પણ અમારાથી સત્સંગી ન થવાય. એટલે અમે સર્વે કાચા છીએ, અને તારા ભગવાને અને તારા ગુરૂએ તારા એકની સાથે અમો સર્વેને ઉગાર્યા, એમ કહીને સર્વે પોત પોતાના ઘેર ચાલ્યા ગયા, સ્વામી કહે છે કે,

ચોપાઇ

*॥ એવો પરચો આપ્યો મહારાજ। નિજ જનને તારવા કાજ॥*

*॥ એક ભકતની રક્ષાને કાજ। આખું તાર્યું જલધીમાં ઝાઝ ॥*

*॥ એમ નિજ સેવકના સાર, પળે પળે કરે કરી પ્યાર ॥*

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભકતને તારવા માટે એવો અલૌકિક પરચો આપ્યો, અને એક પોતાના ભકતની રક્ષા કરવા માટે આખુંયે વહાણ ઉગાર્યું, એમ અતિ દયાળું એવા ભગવાન પોતાના અનન્ય ભકતની ડગલે ને પગલે સહાય કરે છે, એવા ભગવાન સ્વામિનારાયણ અતિ દયાના સાગર આપણને મલ્યા છે, તો હાલતાં ચાલતાં દરેક ક્રિયામાં એમનું ભજન કરીશું? તો આપણી પણ સંકટમાં સહાય કરશે, એમાં લેશ માત્ર શંસપ નથી, એવી રીતે ૩૪ મો પરચો થયો.

---

## અધ્યાય ૮૧ મો, પરચો ૩૫ મો.

## સત્યાનંદ સ્વામીની વાત,

ચોપાઇ

*॥ વળી બીજી કહું એક સારી, ભુપ સાંભળ જો ભય હારી ॥*

*॥ નામ વર્ણી સત્યાનંદ કહાવે, શિલ સ્વાભાવ શાંત સુહાવે ॥*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વળી એક બીજી ભગવાનની વાત કહું છું સાંભળો, એક શ્રીજી મહારાજના આશ્રિત સત્યાનંદ નામે બ્રહ્મચારી હતા, તે વર્ણી શીલ, સંતોષ, દયા વગેરે શુભગુણે સંપન્ન હતા, વળી પરોપકારી સ્વભાવના હતા, અતિ શ્રદ્ધાળું અને કોઈ ભુખ્યો, તરસ્યો આવે તો તેને અન્ન, જળ પ્રેમથી આપે, કોઈ મિત્ર કે શત્રુ ભાવ એનામાં ન હતો, એવા અનંત ગુણે યુકત એ વર્ણી મહારાજની આજ્ઞાથી દરેક દેશોમાં ફરે અને મુમુક્ષને ભગવાનની વાતો કરે, એવા એ વર્ણી ફરતા ફરતા કુકડિયા ગામમાં ગયા, ત્યાં ભકતોનો ભાવ જોઈને રહ્યા, એની સાથે શિવાનંદ વર્ણી હતા, એ સંતો હમેશા મુમુક્ષને કથા વાર્તા કરે અને ભાવીક ભકતો પ્રેમથી વાતો સાંભળે, એક દિવસ કથા વાર્તા કરી



રહ્યા, પછી સભામાં બેઠેલા ભગવાનના ભકત ભાઈશંકર ભાઈને કહ્યું જે, હવે તમો મહારાજના મહિમાની વાત કરો. અને એ ભાઈ શંકરની વાત કેવી તો ગંગાના પ્રવાહ જેવી, સહુને સાંભળવામાં પ્રેમ થાય, એવા એ ભાઈ શંકર, વર્ણીની આજ્ઞાથી વાત કરવા માંડ્યા જે, ભગવાન સ્વામિનારાયણ આજે પ્રગટ વિરાજે છે, એનું કોઈ ભજન કરે, કે દર્શન કરે તો પણ એનું કલ્યાણ થઈ જાય, અરે વિશેષ શું કહું, જો કોઈ અજાણતા પણ સ્વામિનારાયણ એવું નામ લીયે તો પણ તે ભગવાનના ધામમાં જાય, તો પછી અતિ ભાવે કરીને ભગવાનનું ભજન કીર્તન કરે, એ અક્ષર ધામને પામી જાય એમાં શું કહેવું. આવો પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ નામનો અપાર મહિમા છે, વળી જે કોઈ સ્વામિનારાયણ આવું નામ ઉચ્ચારણ કરે તો તેના અનંત જન્મના પાપ બળીને ભસ્મ થઈ જાય, આવો તો એ નામનો અતિ મોટો મહિમા છે, આવી ભાઈ શંકર કહેલી વાત સાંભળીને સત્યાનંદ વર્ણીને સંશપ થયો જે, આ ભાઈ શંકર વાત કરે છે કે ગપ્પાં મારે છે? વાત કર્યાનું કોઈ નિયમે નથી, કારણ કે અજાણતાં ભગવાનનું સ્વામિનારાયણ, આવું નામે લીયે, એ ભગવાનના ધામને પામે તો પછી જાણીને અતિ પ્રેમથી નામ ઉચ્ચારણા કરે તો તેને કેવી પ્રાપ્તિ થાતી હશે ? માટે આતો ડિંગા દીધા કરે છે, વાત કરવાનીયે ખબર નથી, સ્વામી કહે છે કે, આવી રીતનો સત્યાનંદ વર્ણીને સંશય થયો, પછી રાત્રે પોતે સુઈ ગયા, એ સમયે સ્વપ્નું આવ્યું, તેમાં પોતે ગયા અક્ષર ધામમાં ત્યાં એક સુંદર વાવ જોવામાં આવી, વળી અતિ સુંદર બગીચો જોયો જે, બગીચામાં અનંત જાતના ફુલ, ફળના ઝાઢ જોવામાં આવ્યા, વળી એ વાવમાં ઘણાક જનો નહાય, જળપાન કરે, બગીચામાં હરેફરે, વળી અતિ સુંદર હવેલીયો જોયામાં આવી, તેમાં અનંત મુકતો જોવામાં આવ્યા, તે મુકતો પણ વાવમાં નહાવા માટે આવે, કોઈએ બગીચામાં ફુલો લેવા માટે આવે, આવી દિવ્ય શોભા જોઈને હૃદયમાં અતિ આનંદ પામેલા સત્યાનંદ મુકતોને પુછયું કે, તમો સર્વે આ ધામને પામ્યા છો? તે કયા પુણ્યે કરીને પામેલા છો? ત્યારે તે મુકતો કહે જે, અમે ભગવાનનું સ્વામિનારાયણ નામ અજાણતાં લીધેલું, એ પુણ્યને પ્રતાપે આ ધામને પામેલા છીએ, અને જે જનો નિયમ ધારી સત્સંગમાં રહી પંચવ્રતમાને સહિત ભગવાનને ભજે તે તો અક્ષર ધામને પામે છે, તે તમો જુઓ, એમ કહીને પોતાની આંગળીથી દેખાડયું જે, અતિ દિવ્ય, અપ્રાકૃત, અતિસુખરૂપ, અતિ

શોભાયે યુકત એવા અક્ષરધામને પામે છે. માટે હે સત્યાનંદ તમે ભાઈ શંકર કરેલી વાતમાં સંશય કેમ કર્યો? અજામિલ અતિ પાપી હતો, તો સંતને વચને નારાયણ નામ લીધું તો, તે સર્વે દુ:ખથી મુકત થઈ ભગવાનના ધામને પામ્યો, વળી ગજને ગ્રાહે પકડયો, ત્યારે ભગવાનનું નામ અજાણે લીધું, તો ભગવાન ગરૂડ પર બેસીને આવ્યા અને ગ્રાહના મુખ થકી ગજને છોડાવ્યો સ્વામી.

ચોપાઈ

*ાા ત્યાંતો બેસી ગરૂડ પર નાથ, આવી તાર્યો તેને ઝાલી હાથ ાા*
*ાા એહ આદિ ઘણા જન જાણો, કહેતાં અજાણે તાર્યા પ્રમાણો ાા*

કહે છે કે, એવી રીતે ઘણાક જનોને અજાણતા ભગવાનનું નામ લેતાં તાર્યા છે, વળી જે કોઈ નર, નારી, યક્ષ, રાક્ષસ, દૈત્યો આદિક કેટલાક દ્વેષને કરનારા હતા, તો પણ ભગવાનનું નામ લીધું તેને ભગવાને તેના ગુના સામું નહિ જોઈને તાર્યાછે.

ચોપાઈ

*ાા માટે અજાણે નામ લે જેહ, પામે ધામ તે નહિ સંદેહ ાા*
*ાા એવું સામર્થ્ય અતિ અપાર, સદ્ય દેખાડ્યું સરજન હાર ાા*

સ્વામી કહે છે કે, એવી રીતે ભાઈશંકરની વાત સાંભળીને જયારે સત્યાનંદ વર્ણીને સંશય થયો. ત્યારે રાત્રે સ્વપનામાં ભગવાને પોતાનું ધામ દેખાડયું, અને તે ધામની અતિ અપાર શોભા જોઈને સંશય નિવૃત્તિ પામી ગયો, અને ભગવાનના નામનો અતિ અલૌકિક મહિમાં જાણીને મનમાં અતિશય રાજી થયા, અને સર્વે સુખના ધામ એક શ્રીજી મહારાજ જ છે એમ પોતાના મનમાં સત્યાનંદ વર્ણીએ ભગવાનના મહિમાનો અતિ દૃઢ નિશ્ચય કર્યો. એવી રીતે ૩૫ મો પરચો થયો.

---



## *અધ્યાય ૮૨ મો, પરચો ૩૬ મો.*

# *શિવરામ મહેતાની વાત*

ચોપાઈ

*ાા પરચા પ્રીતમ પ્રાણના, કહું સાંભળ રાજન વાત ાા*
*ાા અલૌકિક લૌકિકમાં, દેખાડે અંબુજ ગાત ાા*
*ાા તે વર્ણન કરી તુજને, સંભળાવું સુંદર સાર ાા*
*ાા પાપ કરે પાવન કરે, ટળે સર્વે ઉર વિકાર ાા*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન વળી હું તમારા પ્રત્યે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના એકાંતિક ભકતોને આ લોકીમાં અલૌકિક પરચા આપે છે, તે પરચાની વાત સંભળાવું છું તેને તમો સાંભળો, જે પરચાને સાંભળવાથી અનંત જન્મનાં પાપો નાશ પામે છે, વળી કામ, ક્રોધાદિક હૃદયના સર્વે વિકારો દુર થયા છે, તેવા પરચાતો અપાર છે, તેનો કહેતા પાર આવે તેમ નથી, પરંતુ તેમાંથી એક અલૌકિક પરચો શ્રીજીમહારાજે પોતાના અનન્ય ભકતને આપીને એની રક્ષા કરેલ તે પરચાની વાત કહું છું, હે રાજન આ ભુજ નગરમાં ઉદાર બુદ્ધિવાળા ભાવિક ભકત કાયસ્થમાં શિવરામ મહેતા નામે હતા, તે કચ્છ રાજાના મોટા કારભારી હતા, કચ્છ રાજાની તિજોરી બેટમાં હતી, તેમાં રાજ સબંધી જે કાંઈ દ્રવ્ય હોય તે તેમાં રાખે અને તેના ઉપર મહેતા શિવરામને તિજોરી સાચવવા માટે રાખેલા, જેથી એ મહેતો લગ ભગતો ત્યાં તિજોરી ઉપર જ રહેતા હતા, તેની સાથે બીજા હથિયાર બંધ સિપાઈઓ પણ રહેતા, એક વખતે એ ચોકીદાર સિચાઈયોની બુદ્ધિ બગડી બધા ભેળા મળીને છાનો ઠરાવ કર્યો કે, તિજોરીમાં ધન ઘણું છે, આપણે ભેળા મળીને રાત્રે કોઈ ન જાણે એવી રીતે મહેતાને મારી નાખીએ અને તિજોરી ફાડીને દ્રવ્ય બધું લઈને જતા રહીએ, આવો પાકો ઠરાવ સિપાઈયોએ કરેલો, એ વાતની શિવરામ મહેતાને ખબર નથી, જેથી તે રાત્રે નિર્ભય થઈને સુતેલા હતા, પરંતુ પોતાના ભકતની ડગલેને પગલે રક્ષાના કરનારા સર્વાંતર્યામી ભગવાન તો જાણે જ છે, કારણ કે, એ ભગવાન તો જેમ હથેળીમાં જળના ટીપાને દેખે તેમ અનંત કોટી બ્રહ્માંડોમાં રહેલા જીવ પ્રાણી માત્ર, એ સર્વેના સંકલ્પને એક કાળાવાછિન્ન જાણે છે, એવા ભગવાન શ્રી

સ્વામિનારાયણે વિચાર કર્યો જે, મારે એ દુષ્ટ થકી મારા ભકતની રક્ષા કરવી જોઈએ, એમ વિચારીને નિર્ભયતા થી સુતેલા મહેતાને જગાડ્યા અને રાત્રીમાં પોતાના દર્શન દીધાં અને કહ્યું જે, તું નિર્ભય થઈને સુતો કેમ છો? અને આ તારા ચોકી દારોને પેટમાં દગો છે, કે મહેતાને મારીને તિજોરી ફાડીને દ્રવ્ય લઈને ભાગી જાવું, માટે અમો તારી રક્ષા કરવા માટે આવેલા છીએ, માટે ઉઠો, અને ચાલ અમારી સાથે, ત્યારે મહેતા એ ઉઠીને એક હાથમાં નેત્રની છડી ધારી છે, એક હાથમાં સ્વેત રૂમાલને ધારી રહેલા, નવિન મેઘના સમાન શ્યામ વર્ણ જેનો છે, એવા મહારાજને જોઈને મહેતાજી તો દંડવત પ્રણામ કરીને બે હાથ જોડીને કહેવા લાગ્યા જે, હે મહારાજ, અચાનક આજે રાત્રે કેમ આપનું પધારવાનું થયું? ત્યારે શ્રીજીમહારાજ કહે જે, અમે તારી રક્ષા કરવા માટે આવેલા છીએ, આ બધા હથિયારોને ધારણ કરનારા તારા ચોકીદારો તુને મારીને તિજોરી ફાડીને ધન બધું લઈ લેવું, આવો છાનો ઠરાવ કર્યો છે, માટે તુને મારી નાખશે જેથી તું ચાલ્ય અમારી સાથે, હું તુને તારે ઘરે માંડવી પહોચાડી દઉ, ત્યારે મહેતો કહે જે, તિજોરીમાં ધન અપાર છે, તે મુકીને જાઉ, તો રાજો ઠપકો દીયે, એનું મારે કેમ કરવું? ત્યારે મહારાજ કહે જે, તુને મારીને ટુંકો કરીને ધન બધું સિપાઈઓ લુંટી જશે? તો તુને કે, રાજાને શું કામ આવશે, માટે તારાથી લેવાય, એટલું લઈ લે સાથ, તિજોરીની ચાવિઓ લઈને ચાલ, અને મારે વચને રાજા તુને ઠપકો નહિ આપે, ત્યારે

ચોપાઈ

*ા સુણી વાત નાથ સુખખામણી । ત્યાંથી ભકત ચાલ્યો પરિયાણી ા*
*ા લીધી થેલીઓ ભેઠયમાં બાંધી । દૃઢ વૃતિ પ્રભુ માંઈ સાંધી ા*

ભગવાનની વાત સાંભળીને પોતાથી જેટલી લેવાય, એટલી ધનની થેલીઓ ભેઠ્યમાં બાંધીને તિજોરીની ચાવીઓ સાથે લઈને થયા ચાલતા, આગળ મહારાજ અને પાછડ મહેતાજી ચાલ્યા આવે, એકક્ષણ વારમાં સમુદ્ર ઉલંઘીને માંડવી પહોંચ આવ્યા, ત્યારે શહેરનો ગઢ જોઈને મહારાજ કહે જે, હે મહેતાજી, આ શહેર કીયું આવી ગયું? ત્યારે શિવરામ કહે જે, હે મહારાજ, આતો માંડવી આવી ગયા, એ કેમ થયું, બાર ગાઉનો સમુદ્ર આડો ન આવ્યો, આપણાં વસ્ત્રો



તથા જોડાઓ ભીંજાયા નહિ, અને એક ક્ષણવારમાં કેવી રીતે પહોચી આવ્યા? આતો અતિ આશ્ચર્યની વાત કહેવાય, ત્યારે મહારાજ કહે જે, અમે તારી રક્ષાને માટે સમુદ્રમાં રસ્તો કીધો, નહિ તો આજે રાતે તારૂં મોત હતું, એમ કહી મંદિરમાં આવીને મહારાજ અંતર્ધાન થઈ ગયા, પછી શિવરામે ભુજ આવીને રાજાની આગળ સવિસ્તારે વાત કહી, સ્વામી કહે છે કે, હે રાજન પોતાના ભકતની રક્ષાને માટે મહારાજે,

ચોપાઈ

*ા મહાસાગરમાં રાહ કીધો, દાસ જાણીને પરચો દીધો ા*
*ા આ છે વાત આગમ અપાર, હોય પાપી કોય નરનાર ા*
*ા તેની આગળ તે ન કહેવી, ધારી આજ્ઞા મારી ઉર લેવી ા*
*ા હરિ ભકત એકાંતિક હોય, તેને કહેવી ખુશીથી સાય ા*

મહાસાગરમાં પોતાના એકાંતિક ભકતને પરચો આપીને માર્ગ કરીને ભકતની રક્ષા કરી, સ્વામી કહે છે કે, આ વાત કોઈ પાપી નર નારીને સમઝવી કઠીન છે, માટે આ વાત હરિ ભકત હોય, તેની આગળ જ કહેવી પણ આસુરી સ્વભાવના જનોની આગળ કહેવી નહિ, કારણ કે, જે ભગવાનના ભકતો આ વાતને સાંભળીને ભગવાનનો અને ભગવાનના ભકતનો મહિમા સમઝશે, અને જે જીવ આસુરી દેશે, એવા જનો આ વાત સાંભળીને ખોટી માનીને અવગુણ લેશે, સ્વામી કહે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ એવી રીતે અનંત ચમત્કાર દેખાડીને પોતાના ભકતના રક્ષા કરે છે, કૃષ્ણાનંદ સ્વામી કહે છે કે એ વાત સાંભળીને રામસંઘજી પુછવા લાગ્યા જે, હે ગુરૂજી બેટમાં શિવરામ મહેતા તિજોરી મુકીને મહારાજની સાથે આવતા રહ્યા. પછી તિજોરીનું શું થયું? ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન શિવરામ ભકત આવતા રહ્યા, ત્યાર પછી ચોકીદારોએ ઘણીયે મહેનત કરી, પણ તિજોરીને તોડી શકયા જ નહિ તેવામાં રાજાએ ભુજથી બીજા સિચાઈઓને મુકીને બંદોબસ્ત કરી લીધો, અને પહેલાના સિપાઈઓને કબજે કરી લીધા. સ્વામી કહે છે કે, આવી રીતે શ્રીજી મહારાજે, પોતાના એકાંતિક ભકત શિવરામ મહેતાની રક્ષા કરી, આ શિવરામભાઈ મહા મુકતરાજ લાધીભાઈના ભત્રિજા થાય, એવી રીતે ૩૬ પરચો થયો.

---

**અધ્યાય ૮૨ મો, પરચો ૩૭ મો.**

## કરજીસણાના ગોવિંદજીભાઈની વાત.

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

ચોપાઈ

*॥ વળી વાત કહું સુણો બીજી । ભુપ સાંભળજો કહું રીજી ॥*
*॥ એક ગોવિંદજી હરિજન । મોટા ભકત રાટતે પાવન ॥*
*॥ ગામ કરજી સણમાં રહે છે । મુખે સ્વામિનારાયણ કહે છે ॥*

વળી એવી જ એક પરચાની બીજ વાત કહું છું સાંભળો ઉતર ગુજરાતમાં એક કરજી સણ નામે ગામ છે, તેમાં ભગવાનના પરમ એકાંતિક ભકતો ઘણા છે, તેમાં પણ એક ગોવિન્દજી ભકત પટેલ હતા, તેની વાત કહું છું સાંભળો, એ ગોવિન્દજી ભાઈને ઘરે એક વખતે સંવત ૧૮૬૯ ની સાલમાં પોતાના પાર્ષદોની સાથે મહારાજ પધાર્યા, એ ગોવિન્દજીભાઈ અતિ ઉદાર સ્વભાવના હતા કોઈ પણ અન્નાર્થી આવે એને અનાજ આપે, કોઈને નાકારો કરે નહિ, એમનાં પત્નિ આદિક સર્વે કુટુંબ એવાજ ઉતમ સ્વભાવનું હતું સ્વામી કહે છે કે,

ચોપાઈ

*॥ એવા જાણી સદાવૃતિ જન । કહ્યું ભાવે કરી ભગવાન ॥*
*॥ સુણો ભકત તમે મારી વાત । હેત કરી કહું સાક્ષાત ॥*

એવા સદાવ્રતી જાણીને મહારાજ કહે છે કે, હે ગોવિંદજીભાઈ, તમારા ઘરમાં અનાજ કેટલું સંઘરી રાખ્યું છે, કારણ કે આ વર્ષમાં ભયંકર દુષ્કાળ પડશે, એક છાંટો પણ વરસાદ નહિ વરશે, માટે અનાજનો સંગ્રહ કરજો, ત્યારે ગોવિંદજીભાઈ કહે જે, હે મહારાજ ઘરમાં પચીશ મણની એક બાજરીની કોઠી ભરેલી છે, તે સિવાય બીજું અનાજ નથી, માટે તમો દયા કરજો ત્યારે શ્રીજીમહારાજ કહે જે, એ કોઠીને ઉપરથી ઢાંકીને છાંદી દીઓ, અને નીચે સાંણામાંથી દાણા કાઢજો, એટલે એ બાજરી ખુટશે નહિ, એમ કહીને શ્રીજીમહારાજ ત્યાંથી થયા ચાલતા, અને ગામ ખોલડીયાદમાં પધાર્યા, સ્વામી કહે છે કે, ત્યારપછી ગોવિંદજી ભાઈએ એકોઠીને ઉપરથી ઢાંકણું ઢાંકીને માટીથી



છાંદી દીધી અને નીચે સાંણેથી રોજ બાજરી કાઢીને આખાય કુટુંબનું પોષણ કરે, મહેમાનો આવે અને જમાડે, કોઈ અન્નર્થી આવે, તો તેને પણ આપે, એટલું જ નહિ, પણ પોતાના વ્યવહારને માટે પંદર મણ બાજરી ગોવિંદજી ભાઈયે વહેચી નાખ્યા અને દશ મણ બાજરી ગોવિંદજી ભાઈના પત્નિએ વહેચી નાખી તો પણ કોઠીમાંથી બાજરી ખુટી નહિ, એમ કરતાં દશ મહિના વિતી ગયા, એવામાં ગોવિંદજી ભાઈના ધર્મ પત્નિને મનમાં એક દિવસે વિચાર થયો જે, આ કોઠી પચીશ મણની છે, મેં દશ મણ બાજરી વહેચી નાખી, મારા પતિએ પંદર મણ બાજરી વહેચી નાખી, આપણા કુંટુંબ માટે રોજ આઠ શેર બાજરી કાઢીએ છીએ, વળી કોઈ મહેમાનો આવે તેને પણ જમાડીએ છીએ, તો પણ હજુ કોઠીમાંથી બાજરી એમને એમજ, નિકળ્યા કરે છે, તો હજુ કોઠીમાં બાજરી કેટલી હશે? આવો શંકલ્પ કરીને કોઈને ખબર ન પડે એવી રીતે ઉપરનું છાંદી દીધેલું ઢાંકણું ખોલીને કોઠીમાં જોયું તો કોઠી એમને એમ ઉપર સુધી ભરેલી જોઈને મનમાં અતિ રાજી થઈને તરત પહેલાની જેમ કોઠીને પાછી છાંદી મુકી, પછી સાંજ વખતે ગોવિંદજી ભાઈને વાત કરી જે, આજે દશ મહિના થયા, તો પણ બાજરીની કોઠી એમની એમજ ભરેલી છે, ત્યારે ગોવિંદજી ભાઈએ પુછયું જે, તમોને એ કેમ ખબર પડી? કોઠીને ઉઘાડી હતી ત્યારે તે બાઈ કહે જે, મેં આજે જરાક ઢાંકણું ખોલીને જોયું હતું ત્યારે ગોવિંદજી ભાઈએ ઠપકો આપ્યો જે, કોઠીને ઉઘાડી એ મહારાજના આજ્ઞા લોપી છે, એ તમોએ બહુ ખોટું કર્યુ છે, હવે એ કોઠી ખુટી જવાની, પછી બે મહીનામાં કોઠી ખાલી થઈ ગઈ,

ચોપાઈ

*એમ અક્ષપ પાત્ર કોઠી કીધી । એહ વાત છે જાણો પ્રસિધ્ધિ ॥*
*એમ આપીયા પરચા અપાર । ગોવિંદજીને પ્રાણ આધાર ॥*

સ્વામી કહે છે કે, એવી રીતે શ્રીજીમહારાજે એ કોઠીને અક્ષપ પાત્ર કરી દીધી, એવી રીતે શ્રીજીમહારાજે, એ ગોવિંદજી ભાઈને અનંત પરચા આપેલા છે, તેમાંથી મેં તમો ને એકજ પરચો કહ્યો છે, પરંતુ બધા પરચાનો તો કહેતાં પાર આવે તેમ નથી, એવી જ રીતે અત્યારે પણ જે કોઈ ભકતો પ્રગટ શ્રીજી મહારાજનું મહિમાયે સહિત જે, ભજન ભકિત કરશે તેને મહારાજ એવા

પરચા આપીને દેહને અંતે પોતાના ધામમાં લઈ જાશે, એમાં લેશ માત્ર પણ સંશપ નથી, એવી રીતે ૩૭ મો પરચો થયો.

---

### *અધ્યાય ૮૨ મો, પરચો ૩૮ મો.*

## *ખોલડીયાદના રૂડા ભક્તની વાત*

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

ચોપાઇ

*વળી વાત બીજી કહું એવી । ભુપતિ એછે સાંભળ્યા જેવી ॥*
*ગામ ખોલડીયાદ છે નામ । ભક્ત રૂડો ત્યાં રહે છે અકામ ॥*
*તેને ઘેર પધારિયા શ્યામ । કરવા નિજ ભક્તનું કામ ॥*

વળી તમારા પ્રત્યે બીજી પણ એવી જ પરચાની એક વાત કહું છું સાંભળો, એક વખતે શ્રીજી મહારાજ ગામ કરજીસણ થી ચાલતા ચાલતા ગામ ખોલડીઆદમાં પોતાના ભકત રૂડા ભકતને ઘેર પધાર્યા ત્યારે રૂડા ભકતે મહારાજના દર્શન કર્યાં, પછી પુછયું જે, હે મહારાજ, અત્યારે તમો મારે ઘેર દયા કરીને મને દર્શન દેવા માટે પધાર્યા, એ મારા ઉપર તમોએ મોટી દયા કરી, પછી રૂડા ભકતે સુંદર થાળ કરીને મહારાજને પ્રેમથી જમાડ્યા, પછી મહારાજ ત્યાં રૂડા ભકતને ઘેર રાત્રી રહ્યા, પછી બીજે દિવસે ચાલતા સમયે મહારાજે રૂડા ભકતને પુછયું જે, હે ભકત તમે તમારા ઘરમાં અનાજ કેટલું રાખ્યું છે? ત્યારે ભકત કહે જે, હે મહારાજ ઘરમાં બાજરો એક કળશી છે, ત્યારે મહારાજ કહે જે, તમારા કુટુંબમાં અનાજનો વાર્ષિક વરો કેટલો છે? ત્યારે ભકત કહે જે, હે મહારાજ અમારા કુટુંબમાં અનાજનો વરો પાંચ કળશીનો છે, ત્યારે મહારાજ કહે જે, ૧૮૬૯ આ અઢારસે અગ્નોતેરાની સાલમાં વર્ષાદ નહિ વરસે, અને ભયંકર દુષ્કાળ પડશે, અનાજ પૃથ્વી ઉપર કયાંય પણ પાકશે નહિ, તો એક કળશી બાજરો ખાઈ લેશો? પછી શું ખાશો? ત્યાર ભકત કહે જે, હે મહારાજ જયારે એક કળશી બાજરો ખવાઈ રહે, ત્યારે તમો અમો સર્વેને તેડી જાજો તમારા ધામમાં, ત્યારે મહારાજ કહે જે, એમ ભુખે મરીને મરવું



પડે, એતો સારૂ ન કહેવાય પછી મહારાજ કહે જે ખેતરમાં કાંઈ વાવ્યું છે? ત્યારે ભકત કહે જે, હે મહારાજ , ચાણપરની સીમમાં એક ખેતરમાં બાજરો વાવ્યો છે, તે પહેલા થોડો વરસાદ થયો હતો, એટલે બાજરો ઉગીને પછી વરસાદ જરા પણ ન થયો, એટલે ઉપરથી સુકાઈ ગયો અને બીજ પણ ગયું, ત્યારે મહારાજ કહે જે, હે ભકત વરસાદ વરસે તો થાય કે કેમ? ત્યારે ભકત કહે જે, હે મહારાજ વરસાદ વરસે તો તો થાય, કારણ કે ઉપરથી તો બાજરો સુકાઈ ગયો છે, પણ ગાંઠે લીલો છે, પણ એતો હે મહારાજ આપની મરજી હોય? તો થાય, એતો આપના હાથમાં છે, પછી મહારાજ ત્યાંથી ચાલતા થયા, એટલે રૂડા ભકત મહારાજની વળાવવા માટે મહારાજની સાથે ચાલ્યા પછી ગામથી થોડે દુર જઈને માર્ગમાં એક ખેતર આવ્યું, ત્યારે મહારાજે કહે જે, હે ભકત આ ખેતર કોનું છે? ત્યારે ભકત કહે જે, હે મહારાજ આ ખેતર આપણું છે, ત્યારે મહારાજ કહે જે, આમાંતો કાંઈયે નથી દેખાતું. ત્યારે ભકત કહે જે, હે મહારાજ, આમાં બાજરો વાવ્યો છે, તે ઉપરથી સુકાઈ ગયો છે. પણ ગાંઠે લીલો છે, જો વરસાદ થાય તો થાય. પછી મહારાજ કહે જે, હવે તમો પાછા વાળો, એક કહીને મહારાજ ચાલતા થયા. અને રૂડા ભકત પાછા આવ્યા પોતાને ઘેર, પછી રાત્રે વરસાદ વરસ્યો, તે એક રૂડા ભકતનાજ ખેતરમાં વરસ્યો બીજેતો એક છાંટો પણ નહિ, અને તે ખેતર ચારે બાજુ બંધવારૂ હોવાથી ખેતરમાં પાણી ભરાઈ ગયું, સવારમાં કેટલાક રસ્તે ચાલતાં મનુષ્યોએ જોઈને ગામાં રૂડા ભકતને વાત કરી જે, અરે રૂડા ભકત તમારા એકજ ખેતરમાં વરસાદ થયો છે, આખુંયે ખેતર પાણીથી ભર્યુ છે, ત્યારે રૂડા ભકત જોવા ગયા તો ખેતરમાં પાણી, પાણી જોવામાં આવ્યું. એટલે એ ભકત અતિ આશ્ચર્યને પામી ગયા, પછી વરસાદે કરીને બાજરો મુળમાંથી ફુટી નીકળ્યો, અને બાજરો સારો પાકયો,

ચોપાઇ

*આખા દેશમાં પાકયો ન કણ, એને પાકયો બાજરો સોમણ ॥*
*॥ એક પરચો આપી રાજી થઈ, કરી સહાય સેવકની સઈ ॥*

સ્વામી કહે છે કે, પછી તો એ ખેતરમાં બાજરો સારો પાકયો, બીજે આખાય દેશમાં એક દાણો પણ થયો નહિ અને રૂડા ભકતના ખેતરમાં પાંચ

કળશી બાજરો પાકયો, તેમાંથી એક કળશી ખેતરના ધણીને ભાગનો આપ્યો અને ચાર કળશી બાજરો ઘેર લઈ ગયા, એક કળશી પહેલાંનો હતો, એટલે પાંચ કળશી બાજરો થયો, અને ઘરમાં પાંચ કળશીનો વરો હતો, એમ શ્રીજી મહારાજે પોતાના ભકતની સહાય કરી, ત્યારે સર્વે જનો કહેવા લાગ્યાં જે, ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ભકતની કાળ વર્ષમાં રક્ષા કરી, આતો મોટો પરચો કહેવાય,

પૂર્વ છાયો

*।। એવી રીતે પ્રભુ પ્રગટ ના, પરચા તણો નહિ પાર ।।*
*।। યથા મતી તુજને કહ્યા, રહ્યા બાકી લાખ હજાર ।।*

સ્વામી કહે છે કે, રાજન એવી રીતે પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણ ના પરચાનો પાર આવે તેમ નથી. આતો મેં મારી અલ્પ બુદ્ધિને અનુસારે તમોને પરચા કહ્યા છે, બાકીતો હજારો ને લાખો પરચાતો રહી ગયા છે, વધારે શું કહું, આ લોકમાં ગણના કરવામાં અતિ ચતુર અને અતિ ડાહ્યા મનુષ્ય હોય, તે સમુદ્રમાં રહેલી જલકણની ગણતરી કરી શકે, અથવા પૃથ્વીના રજકણને ગણી કાઢે તો પણ તે મહારાજના પરચાને કોઈ ગણી શકે નહિ,

ચોપાઈ

*।। પ્રગટ પુરૂષોતમ તણા, પરચાનો નાવે પાર ।।*
*।। કહે નિગમ શત શારદા, શત કોટી શેષ ઉચાર ।।*
*।। તોય ન પામે પારને, કહે નેતિ નેતિ નિરધાર ।।*
*।। મંદ કવિ કથી શું કહે, પ્રભુ પ્રગટ પરચા અપાર ।।*
*।। નિજ જાતિ સુધ્ધ કારણે, પ્રભુ પાવન યશ સુખકંદ ।।*
*।। સજજન જન સુખ કારણે, કવિ કહે છે, કૃષ્ણાનંદ ।।*

પ્રગટ પુરૂષોત્તમ નારાયણના પરચાઓનું ચાર વેદો, સરસ્વતી શો કરોડ શેષજી એ પોતાને મુખે વર્ણન કરે, તો પણ પાર પામી ન શકે, તો પછી અલ્પ બુધ્ધિથી મારા જેવો કવિ વર્ણન કરવા તેનો પાર કયાંથી પામી શકે, કૃષ્ણાનંદ સ્વામી કહે છે કે, આતો મેં મારી બુદ્ધિ પવિત્ર થાય, અને ભગવાનના ભકતોને કાંઈક સુખ પ્રાપ્ત થાય, એટલા માટે મે પ્રગટ ભગવાનના પરચા



સક્ષેપથી ગાએલા છે, બ્રહ્માનંદસ્વામી કહે છે કે, આવા અલૌકિક પરચાને જે, ગાશે અથવા તો સાંભળશે તો તેના હૃદયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અખંડ નિવાસ કરશે, અને દેહને અંતે એ ભકતને પોતાના ધામમાં પોતાની સેવામાં અખંડ રાખશે એમાં લેશ માત્ર સંશપ નથી. એવી રીતે આ ૩૮ મો પરચો.

---

### અધ્યાય ૮૩ મો, પરચો ૩૯ મો.

## ભકત કુડેરાની રક્ષા કરી

બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

પૂર્વછાયો

*।। ભીડ પડે જયારે ભકતને, ભવમાંઈ અતિ ભયાન ।।*
*।। આપે પરચા આવીને, ત્યારી દાસને ભગવાન ।।*

વળી ભગવાન સ્વામિનારાયણ પોતાના ભકતને જયારે અતિ મોટી ભીડ આવે, ત્યારે તેને પરચો આપીને એ દુઃખ થકી રક્ષાને અવશ્ય કરે છે, તે વાત કહું છું સાંભળો જે, દેશ બુંદેલ ખંડમાં ભુપબરાઈ એવે નામે એક ગામ છે, તેમાં ભગવાન સ્વામિ નારાયણના આશ્રિત સત્સંગીઓ બાઈયો ભાઈયો ઘણા છે, તે ભકતો હમેશાં ભગવાનનું ભજન કથા વારતા વગેરે નિયમ પુર્વક કરે, તેમાં પણ એક ભકતની શ્રીજી મહારાજે કષ્ટ થકી રક્ષા કરી તે વાત કહું છું સાંભળો જે, એ ભુપરાઈ ગામમાં લુહાર જ્ઞાતિમાં વૃષભાન એવે નામે ભગવાનના પરમ ભકત હતા, તેનો એક જ બાર વર્ષનો દિકરો હતો, એનું નામ હતું કુંડેરો, અને એ પણ ભગવાન નો પરમ ભકત હતો. તે કુડેરાને એક આહીર સંગાથે હેત, જેથી તે હમેંશા ભેળા બેશે, હરે ફરે ભેળા, એક દિવસ પણ જો ભેળા થયા ન હોય તો બન્નેને સુખ ન આવે. બન્નેને ગાઢ મિત્રતા હતી. સ્વામી કહે છે કે, એક દિવસે આહીરે કુડેરાને કહ્યું જે, હે ભાઈ આપણા નજીકના ખેતરમાં ચણા બહુ સારા પાકયા છે માટે ચાલો ચણા ખાવા માટે જઈએ. ત્યારે વિસ્વાસુ કુડેરો કહે જે, બહુ સારૂં ચાલો એમાં આપણને બહુ મજા પડશે, એમાં હું અતિ ખુશી છું, ચાલો. એમ કહીને કુડેરો પોતાના મિત્ર આહીરની સાથે ગયો ખેતરમાં એ વખતે કુડેરાએ પોતાના કંઠમાં સોના, રૂપાનાં ઘરેણા પહેરેલાં, તે જોઈને પેલા આહિરનું

મન બગડ્યું, વિચાર કર્યો જે લાગ સારો છે, અહીં ખેતરમાં ત્રીજો કોઈ માણસ નથી. સ્વામી કહે છે કે, એ આહીર શરીરે જુવાન હતો અતિ પુષ્ટ શરીર હતું અને ભીમના સમાન બળવાન હતો. અને કુડેરો તો બાર વર્ષનો બાળક, દગા, પેંચ, કાંઈ જાણે નહિ. એવા બાળકને મારીને એની પાસેથી ઘરેણાં લઈ લઉ, આવો વિચાર કરીને તેને ગળેં ઝાલીને એક મોટા ખાડામાં નાખીને તેની છાતી ઉપર ચડી બેઠો, પોતાની કેડ્યમાં ખોસેલી મોટી કટાર કાઢીને માંડ્યો બાળકનું ગળું કાપવા. અરધો કંઠ કપાઈ ગયો, તે વખતે એ બાળકે મહારાજને સંભાર્યા જે હે સ્વામિનારાયણ આ પાપીએ દગો કર્યો માટે મારી રક્ષા કરવા માટે આવો, નહિતો આ પાપી વિશ્વાસ ઘાતી મને મારી નાખશે. એવી રીતે જયારે એ બાળકે ભગવાનને સંભાર્યા. એટલે અતિ દયાળું એવા શ્રીજીમહારાજ પોતાના ભકતની રક્ષા કરવા માટે અતિ વેગવાન મોટા ઘોડા ઉપર બેસીને બીજા પચાસ ઘોડે સવારોની સાથે આવીને અતિ ભયંકર હાકોટો કર્યો, એટલે તત્કાળ એ અસુર ધ્રુજી ગયો, પછી એને પચાસ ઘોડાની ધુમરમાં ઘાલીને જેમ ગધેડાને પકડીને મારતા જાય. એવી રીતે તેને એક કોટમાં પુરી દીધો. સ્વામી કહે છે કે, ચોર લોકોને પુરવાનું જે મકાન હોય તેને કોટ કહેવામાં આવે છે. તેમાં પુરીને પછી બીજે સ્વરૂપે મહારાજ શ્વેત હાથી ઉપર બેઠા થકા હાથીની સુંઢ વડે એ કુડેરાને ખાડામાંથી બહારા કાઢી પોતાના ખોળામાં બેસારી, કંઠમાં ભગવાને પાટો બાંધીને એ હાથીએ સહિત ગામમાં આવીને તેને ઘેર સુખ પુર્વક પહોચાડીને મહારાજ અદ્દૃશ્ય થઈ ગયા, ત્યારે ગામના સર્વે જનોને દર્શન થયા. કુડેરાના બાપુજીએ પણ પોતાના પુત્રને જોયો ને પુછયું જે, અરે પુત્ર આ તારા ગળામાં પાટો બાંધેલો છે તે શું થયું છે? ત્યારે કુડેરે સઘડી વાત કહી જે, પેલો મારો મિત્ર આહીર, મને ચણા ખાવાને બાને ખેતરમાં લઈ ગયો ત્યાં મને મોટા ખાડામાં નાખીને મારી છાતી ઉપર બેસીને કટાર વડે મારો કંઠ કાપવા માંડ્યો, ત્યારે મેં મહારાજને સંભાર્યા એટલે પચાસ ઘોડેશ્વારોની સાથે આવી મારી રક્ષા કરી. અતિ મોટેથી હાકોટો કરીને મને બચાવ્યો અને એ પાપીને કોટમાં પુરીને મને ઘોડા હાથીની સુંઢ વડે મોટા ખાડામાંથી બહારા કાઢીને, પોતાના ખોળામાં બેસાડીને મારા ગળામાં પાટો બાંધીને મને આપણે ઘેર મુકીને પોતે અદ્દૃશ્ય થઈ ગયા, ત્યારે ગામના માણસો પણ કહેવા લાગ્યા જે, એ વાત સાચી છે, પચાસ ઘોડેશ્વારોની



સાથે શ્વેત હાથી ઉપર બેઠેલા શ્રીજી મહારાજને અમે પણ દીઠા. પછી વૃષભાને પોતાના પુત્ર કુડેરાને ઘરમાં સુવરાવીને પોતે મંદિરમાં ગયા, મંદિરમાં સંતો હતા, તે સાંજે ભગવાનની આરતી કરતા હતા. આરતી થઈ રહી ત્યાર પછી એ વૃષભાને સંતોનાં દર્શન કરીને વાત કહી, એ સંતો મંડળના પાંચ સંતોની સાથે હતા સ્વામી હરિસ્વરૂપ દાસજી તેને સવિસ્તારે વાત કહી. ત્યારે એ સંતો પણ એ વૃષભાનેને ઘેર આવ્યા અને બાળ કુડેરાને દર્શન દઈને પુછયું ત્યારે એ બાળકે પોતાના વિતેલી સઘળી વાત કહી સંભળાવી,

*॥ પછી બોલ્યા સંત તેહવાર । આજ પ્રતાપ અતિ અપાર ॥*
*॥ હરે દાસના ત્રાસને હરિ । કરૂણાનિધિ કરૂણા કરી ॥*

પછી હરિસ્વરૂપ દાસજી આદિક સંતો કહે જે, આતો મહારાજે મોટો પરચો દીધો અને પોતાના દાસની રક્ષા કરી, અને એ ભગવાને તુને પોતાના દીકરો માનીને પોતાના ખોળામાં બેસાડી ગળામાં પાટો બાંધીને તારી રક્ષા કરી. એવા ભગવાન અતિ દયાળુ છે માટે હવેથી તું સાવચેત રહેજે, અને એવા પાપીનો વિશ્વાસ કરીશ નહિ. અને આ તો મહારાજે મોટો પરચો દીધો. આવી રીતે બાળકને ભલામણ કરીને સંતો મંદિરમાં પધાર્યા, બ્રહ્માનંદ સ્વામી કહે છે કે, હે રાજન

*॥ દેખી પ્રગટ પરચો મોટો । નિ મન માની જન ખોટો ॥*
*॥ થયા સતસંગી ઘણા જન । માની સંતના સાચાં વચન ॥*
*॥ આખા ગામમાં પરચો થયો । છેતો અપાર થોડોક કહયો ॥*
*॥ એવા પરચા આનંદ કંદ । આપે દાસને શ્યામ સ્વછંદ ॥*

પ્રગટ ભગવાનનો આવો મોટો પરચો જોઈને ગામના ઘણા મનુષ્યો પોત પોતાના મતનો ત્યાગ કરીને સાચા સંતનો સમાગમ કરીને શ્રી સ્વામિનારાયણના આશ્રિત થઈને પ્રગટ ભગવાનનું ભજન કરવા લાગ્યા. સ્વામી કહે છે કે હે રાજન સર્વે આનંદના સાગર એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના પરચાતો અપાર છે, તેનો કહેતાં પાર આવે તેમ નથી. એવી રીતે ૩૯ મો પરચો થયો.

---

### અધ્યાય ૮૪ મો, પરચો ૪૦ મો.

## ફુલીબાઈને આપેલો પરચો

પૂર્વછાયો

*।। વળી એ બુંદેલખંડમાં, છે ધુંવા નૌતમ ગામ ।।*
*।। ભકત રહે ભગવાનના, મહા શુધ્ધ નરને વામ ।।*

બ્રહ્માનંદસ્વામી કહે છે કે, હે રાજન વળી એજ બુંદેલખંડમાં ધુવા એવે નામે એક ગામ છે, તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત બાઈયો, ભાઈયો સત્સંગી ઘણા છે. તે સર્વે મહારાજે કરેલી આજ્ઞાનું યથાર્થ પણે પાલન કરે, સાચા સંતનો સમાગમ, કથા, વાર્તા કીર્તન, માળા, માનસી પૂજા વગેરે ભકત ભકિત કરે, એ ગામમાં એક ફુલીબાઈ એવે નામે ભગવાનના પરમ ભકત હતાં. તે બહેન સમાધીવાન પણ હતાં, તે સમાધી કરીને જ્યાં પોતાને ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છા થાય ત્યાં જાય અને ત્યાં જેવા પોતાને ભગવાનના દર્શન થયા હોય તે વાર્તા જયારે સમાધી માંથી જાગે, ત્યારે સર્વેને કહી સંભળાવે. આવી ઉત્તમ સ્થિતીવાળા એ ફુલીબાઈ હતા. સ્વામી કહે છે કે, એક વખતે સ્વામી હરિસ્વરૂપ દાસજી પોતાના મંડળના ચાર સંતોની સાથે ભગવાનની કથા વાર્તા કરીને સર્વે સત્સંગીને ઉપદેશ દેવા માટે પધાર્યા અને મંદિરમાં ઉતારો કર્યો, ત્યારે ફુલીબાઈએ સંતોને જમાડવા માટે રસોઈનો સર્વે સામાન તૈયાર કર્યો. સંતોને ધોતિયાં ઓઢાડવા માટે ચાલીશ હાથ કપડું પણ તૈયાર કર્યું. એવી રીતે પૂજાનો સામાન તૈયાર કરીને સંતોને નોતરૂં દેવા માટે એક હરિ ભકતને મંદિરમાં મોકલ્યા, અને કહેવરાવ્યું જે, આવતી કાલે સવારે મારે ઘેર જમવા માટે નોતરૂં છે માટે તમો મારે ઘેર જમવા માટે પધારજો. ત્યારે સંતોએ કહ્યું જે ભલે બહુ સારૂ આવતી કાલે તમારૂ નોતરૂ અમે નકકી રાખ્યું છે. પછી તે હરિભકતે ફુલીબાઈને વાત કરી ત્યારે તે બાઈ પણ અતીરાજી થયા, ત્યારે કેડે માધુમાઈ જેનું નામ છે, એવો ગામ ધણી વિપ્ર તેણે સંતોની પાસે આવી પગે લાગીને કહ્યું જે, હે સંતો આ કળીયુગમાં સાચા સંત તો તમે જ છો, વળી સર્વેને સાચા ઉપદેશ આપી આ સંસાર થકી તારનારા છો, અને એટલા માટેજ તમો દેશો દેશમાં વિચરણ કરો છો, અને તમો મોટા સંત છો એમ જાણીને



હું આપની પાસે આવેલો છું, માટે મને તમારા દાસ જાણીને મારી રસોઈ જમીને મારો જન્મ સફળ કરો. અને આવતી કાલી મારી રસોઈ છે, તમારા જેવા સંતને મુખે અનાજ જાય તો તે જીવનું આલોક પરલોકમાં સારૂ થાય કારણ કે, તમો બહુ મોટા સંત છો, માટે મારી

ચોપાઈ

*માટે મારી રસોઈ છે કાલ । તમે માનોને સંત દયાળ ।।*
*સુંણી ગામ ધણીનો એ ભાવ । ગુણ બુધ્ધિ ને અતિ ઉછાળ ।।*
*થયા રાજી તે સંત અપાર । બહુ સારૂ જમશું સવાર ।।*

આવતી કાલે રસોઈ છે, આવી વાત ગામધણીની સાંભળીને સંતોએ વિચાર કર્યો કે, આવતી કાલે ફુલીબાઈની રસોઈ નક્કી માનેલી છે. તો એક હરિભકતને કહેવા મોકલ્યા કે આવતી કાલે તમારી રસોઈ માની હતી, પણ હવે તમારી રસોઈ તેને બીજે દિવસે જમશું, કારણ કે તમારૂ નોતરૂં અમોએ સ્વીકાર્યું. ત્યાર પછી ગામ ધણીએ આવીને અતિ આગ્રહથી નોતરૂં દીધું કે મારી રસોઈ આવતી કાલે જમો, એટલે એ ગામધણીનું નોતરૂ આવતી કાલે સ્વીકાર્યુ છે, અને તમો તેને બીજે દાડે દેજો, કારણ કે ગામ ધણી રજોગુણી માણસ કહેવાય. વળી મોટો માણસ કહેવાય અને એને જો ના કહીએ તો એને અવગુણ આવે

ચોપાઈ

*।। એમ જાણી અમે તેની માની, ડોસી રસોઈ તે સુખદાન ।।*
*।। તમો તેને બીજે દહાડે દેજો, એમ જઈને ડોસી પાસે કેજો ।।*

માટે તમો બીજે દહાડે દેજો એવી રીતે માણસ મોકલીને ડોસીને કહેવરાવ્યું. ત્યારે ફુલીબાઈ કહે જે, બહુ સારૂ, મારી રસોઈ બીજે દિવસે લેજો. પછી તે માણસે આવીને સંતોને વાત કહી જે, તેને બીજે દહાડે એ ડોસીની રસોઈ લેજો, અને આવતી કાલે ગામધણીની રસોઈ લીયો, ત્યારે સંતો રાજી થયા. સ્વામી કહે છે કે, પછી બીજે દિવસે એ ગામધણીની રસોઈ જમ્યા તેજ દિવસે રાત્રે એ ફુલીબાઈને મહારાજ તેડવા આવ્યા ડોસીને દર્શન દઈને કહે જે, હે ડોસી તમારા દેહની આયુશ્ય પુરી થઈ છે તે માટે અમો તમોને તેડવા માટે આવ્યા છીએ, માટે તમો થાઓ તૈયાર. ત્યારે ડોસી મહારાજનાં દર્શન કરીને

થયાં તૈયાર દેહનો ત્યાગ કરીને બેઠા વિમાનમાં પણ મનમાં સંકલ્પ કર્યા કરે જે, આવતી કાલે સંતોને જમાડવા માટે રસોઈનો સામાન બધો તૈયાર કરી રાખેલો છે. સંતોને ધોતિયાં ઓઢાડવા માટે ચાલીશ હાથ કાપડું લઈને રાખ્યું છે, અને મહારાજ અચાનક તેડવા માટે આવ્યા, અને મહારાજને વાત કહું. ને મહારાજ મુકી જાય? તો પછી પાછા કયારે તેડવા આવે? આમ વિચારમાં ને વિચારમાં બેઠા વિમાનમાં અને આકાશમાં વિમાન અદૃશ્ય થઈ ગયું અને એક ક્ષણ વારમાં પહોંચી ગયાં અક્ષર ધામમાં. તેવામાં એક માણસે મંદિરમાં આવી સંતોને વાત કહી જે, ફુલીબાઈ અક્ષરધામમાં ગયાં, ત્યારે સંતો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવા લાગ્યા અને મનમાં વિચાર કરવા લાગ્યા જે, ગઈ કાલે ફુલીબાઈને રસોઈની કહી અને ગામધણીની રસોઈ લીધી પણ એ ફુલીબાઈનો શુભ સંકલ્પ રહી ગયો, એટલા માટે જ મહારાજે કહ્યું છે કે ધર્મ સબંધી કામ તત્કાળ કરી લેવું એ કામમાં વિલંબ ન ચાલે. પણ મહારાજની ઈચ્છા હોય તેમ થાય, આપણુ ધાર્યું અધ વચ્ચે રહી જાય તે આપણે આ જોયું.

*॥ હવે ડોસીની વારતા કહું, ચિત દઈને સાંભળો સહુ ॥*
*॥ ગયાં ફુલી બાઈ પ્રભુ પાસ, મુકી માઈક તનની આસ ॥*
*॥ બેઠાં અક્ષરધામમાં જયારે, દીઠી શોભા અનંત અપારે ॥*

એ ફુલીબાઈ ભગવાનના ધામમાં ગયાં, તે ધામની અતિ તેજોમય શોભા જોઈ. વળી જેને અક્ષર, બ્રહ્મ, અમૃતધામ એવે નામે કહે છે, વળી તે ધામમાં અનંત અપાર દિવ્ય ભોગો રહેલા છે. અનંત એ ભોગના ભોકતા જે, અનંત મુકતો તેને જોયા, વળી અનંત મુકતોની સભામાં દિવ્ય સિંહાસન અને તે ઉપર વિરાજ માન અને સુખમા મુર્તિ જેની છે. અને અતિ શીતળ અને શાંતિકારક તેજના અંબાર તેણે યુકત અને ચારે કોરે અનેક મુકતના વૃન્દ બેઠેલા છે. આવા ભગવાનને જોઈને ડોસીતો અતિ આનંદમાં ગરકાવ થઈ ગયાં. વળી ચારે બાજુ બેઠેલો મુકતોના સામું જોઈ રહેલા, અને સર્વે મુકતોને એમ જ લાગે કે, પ્રભુ મારા સામું જ જોઈ રહેલા છે. વળી મારે સમીપે અને મારી સન્મુખજ જોઈ રહેલા છે. અને જેમ તારાના ગણના મધ્યમાં ચંદ્રમાં શોભે, તેમ શોભતા એવા ભગવાનની સન્મુખ એ ફુલીબાઈ બેશીને મહારાજની મુર્તિને નિહાળી રહેલા



છે. ત્યારે મહારાજે પુછયું જે, હે ફુલીબાઈ તમો અમારા આ દિવ્ય ધામમાં આવીને મનમાં શું સંકલ્પ કરો છો? અને શું કરવાનું કામ બાકી રહી ગયું છે? જે તમારા મનમાં સંકલ્પ હોય તે બોલો, ત્યારે ડોસી બે હાથ જોડીને, પગે લાગીને કહેવા લાગ્યાં જે, હે મહારાજ, હે ભગવાન અમારા ગામમાં ગુજરાત બાજુથી કથા વાર્તા કરવા માટે સંતો આવ્યા છે. તેને જમાડવા માટે ઘરમાં રસોઈનો સામાન તૈયાર કરી રાખેલો અને સંતોને વસ્ત્ર ઓઢાડવા માટે ચાલીશ હાથ કપડું પણ તૈયાર કરીને સંતોને જમવા માટે નોતરૂં દીધું. સંતોએ ગઈ કાલે મારે ઘેર જમવાનું નોતરૂં સ્વીકાર્યું. તેવામાં ગામ ધણીએ આવીને સંતોને જમવાનું નોતરૂં દીધું ત્યારે મને કહેવરાવ્યું જે, કાલે ગામેધણીની રસોઈ લેશું, અને તમો બીજે દહાડે દેજો. ત્યારે મેં હા કહી એટલે આવતી કાલે મારે ઘેર સંતોને જમાડીને પૂજા કરવાની હતી એ મારો સંકલ્પ બાકી રહી ગયો છે.

ચોપાઇ

*॥ ત્યારે બોલ્યા જન પ્રતિપાળ, પાછી જા હવે તુ તત્કાળ ॥*
*નહિતો તન તારૂં દેશે બાળી, એમ કહી ત્યાંથી પાછી વાળી ॥*

ત્યારે પોતાના ભકત જોનોના વચનને પાલન કરનારા ભગવાન કહે જે, તો તરત તું જા પાછી, નહિતો તારા દેહને બાળી દેશે. અને એ સંતોને જમાડવાનો સંકલ્પ પુરો કરીને આજથી ત્રીજે દહાડે પાછી ધામમાં આવજો, અમો તેડવાને માટે આવીશું. સ્વામી કહે છે કે, આવી રીતે મેં તમારા પ્રત્યે અક્ષરધામની વાત કહી અને હવે ધુંવા ગામની વાત રહી ગઈ, તે વાત કહું છું સાંભળો.

*॥ તેહ કહું સુંણો તમે રાય । જાણ્યું ડોસી ગયાં ધામમાંય, ।*
*॥ ત્યાંતો મર્યાનો સામાન તૈયાર । કીધો ગામ વાસી નરનાર ॥*
*॥ બાંધા ઠાઠડી ડોસાની જયારે । બોલી ઉપાડતાં તેહવારે ॥*
*॥ કીયાં લઈ જાઓ સહુ મુને । કહ્યું મુઈ તુને જીવાડી કુને ॥*

સર્વેએ જાણ્યું જે, હવે ડોસીમા તો ધામમાં ગયાં, એમ જાણીને સર્વેજનો સ્મસાનનો સામાન તૈયાર કરે છે. ત્યાંતો ડોસી બોલ્યાં જે, અરે તમો મને બાંધી, ઉપાડીને કીયાં લઈ જાઓ છો? ત્યારે તત્કાળ ઠાઠડી છોડી, એટલે ડોસી થયાં

બેઠાં, ત્યારે સર્વે કહેવા લાગ્યાં જે, અરે ડોસીમાં, તમો ધામમાં ગયાં હતા અને વળી તમોને જીવાડયાં કોને? અને પાછાં કેમ આવ્યાં ?

*॥ ત્યારે બોલ્યાં સુ હીયા આવી, એમ વાત કહી સમજાવી ॥*

ત્યારે ફુલી બાઈ કહે જે, હું તો અક્ષરધામમાં ગઈ હતી પણ મારા મનનો સંતોને જમાડવાનો સંકલ્પ હતો તેને જાણીને મહારાજે મને પુછયું કે, તમારા મનમાં શું સંકલ્પ બાકી રહી ગયો છે? ત્યારે મેં મારા મનનો સંકલ્પ કહ્યો, ત્યારે મહારાજ કહે જે, તો પછી તત્કાળ જા પાછી, નહિતો તારા દેહને બાળી દેશે, એટલે હું મહારાજની આજ્ઞાથી પાછી આવી છું. માટે અત્યારે જ તમો મંદિરમાં જઈને કહો જે, હવે આવતી કાલે સવારે મારી રસોઈ છે, મારે ઘેર સંતો જમે ત્યાર પછી ત્રીજે દહાડે મહારાજ મને તેડવા માટે આવશે એટલે હું પાછી અક્ષરધામમાં જઈશ, પણ માણસે મંદિરમાં જઈને સંતોને સવિસ્તાર વાત કહી, એટલે સંતો બહુ રાજી થયા. પછી બીજે દિવસે સંતો એ ફુલી બાઈને ઘેર જઈ રસોઈ કરી ઠાકોરજીને જમાડીને જમ્યા, પછી એ ડોસીએ સંતોની ફુલ હારથી પુજા કરીને વસ્ત્રો ઓઢાડ્યાં અને સંતો મંદિરમાં આવ્યા. ત્યાર પછી બીજે દિવસે શ્રીજી મહારાજ એ બાઈને તેડવા માટે આવ્યા, અને કહે જે, હે ફુલી બાઈ હવે અમો તમોને તેડવા માટે આવી ગયા છીએ માટે થાઓ તૈયાર, ત્યારે ફુલી બાઈ કહે જે, હે મહારાજ હવે હું તૈયાર જ છું એમ કહી આસન વાળીને બેસી ગયાં. અને સહુને કહેવા લાગયાં જે, આ શ્રીજી મહારાજ ઘણા સંતોની સાથે સુંદર દિવ્ય રથ લઈને મને તેડવા માટે પાધાર્યા છે માટે જેને મારી સાથે ધામમાં આવવું હોય, તે થાઓ તૈયાર હું તમોને ધામમાં લઈ જાઉ પણ કોઈ જાવા માટે હા પાડી નહિ, એક બીજાના મોઢા સામું જોવા લાગ્યાં, ત્યાર પછી ડોસીએ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધુન્ય કરતા કરતા પોતાના દેહનો ત્યાગ કરીને મહારાજની સાથે બેઠાં રથમાં. પછી મહારાજે સહુને જોતે સતે ગામ ઉપરથી રથને હાંકયો, તે ધમ, ધમ ધુઘરાના સુંદર શબ્દને કરતો રથ આકાશમાં અદૃશ્ય થઈ ગયો, સ્વોમી કહે છે કે હે રાજન,

*॥ ગયાં ફુલી બાઈ હરિધામ । નિઃસંશય કરી નિજકામ ॥*
*॥ ભાળી પુરવાસી નરનાર । થયાં રાજી અનંત અપાર ॥*



*॥ આતો પરચો આપ્યો અપાર । પુરૂષોતમ પ્રાણ આધાર ॥*
*॥ સાચા સંત સાચા જગ સ્વામી,। નહિ માને તે લુણ હરામી ॥*

ભગવાનનાં એકાંતિક ભકત ફુલીબાઈ પોતાનો સંકલ્પ પુરો કરીને ભગવાનના ધામમાં ગયા, તે જોઈને સર્વે પુરવાસી મનમાં અતિ રાજી થયાં. અને સહુ કહેવા લાગ્યા જે, આતો પ્રગટ પુરૂષોતમ ભગવાને અલૌકિક પરચો આપ્યો માટે એ ભગવાન પણ સાચા છે, એમના સંત પણ સાચા છે, અને એમના આશ્રિત સત્સંગી પણ સાચા છે, આ વાત ને જે ખોટી કહેશે. તે તો અતિ પાપી, અભાગીયા છે. અને લુણ હરામી છે, આવી રીતે સર્વે કહેવા લાગ્યાં,

પૂર્વછાયો

*॥ એવા પરચા આજના । ભાળીને નર ને વામ ॥*
*॥ શ્યામને શરણે થઈ રહ્યાં । મુકીને ઘરના કામ ॥*
*॥ જોઈ ચમત્કાર જન તે । તજી ખોટા ગુરૂ અપાર ॥*
*॥ સત્સંગમાં સહુ આવીયા । જાણી સાચા નર ને નાર ॥*
*॥ માપ ન થાય અમાપનો । કવિ કહે છે કૃષ્ણાનંદ ॥*

આ સમયે આવા અલૌકિક પરચા જોઈને પોતે પોતાના ઘરનાં કામ કાજ છોડીને, અને પ્રથમ ના પોતાના અસત્ગુરૂ ઓને ત્યાગ કરીને દૈવી એવા બાઈયો, ભાઈયો સર્વે આ દિવ્ય સત્સંગ માં આવીને ભગવાન શ્રી સ્વામિનારાયણનું ભજન ભકિત કરવા લાગ્યાં, આ શ્રી હરિ ચરિત્રા મૃત ગ્રન્થ ના રચયિતા સ. કૃષ્ણાનંદ સ્વામી કહે છે કે, આ સમય અતિ આનંદના સમુદ્રરૂપ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણ, જેનો માપ ન થઈ શકે અલૌકિક પરચા આપે છે, અને પોતાના એકાંતિક ભકતોની કષ્ટમાં રક્ષા કરે છે. અને કોઈના થાળ જમીને ભકતોના મનોરથ પુરણ કરીને પોતાના આશ્રિતોને આલોક, પરલોકમાં અપાર સુખીયા કરે છે. એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના આજ્ઞા અને ઉપાસના દૃઢ કરીને એમને સર્વોપરી સર્વે અવતારની આવતારી જાણીને ભકિત કરીશું, તો આપણા પણ સર્વે મનોરથને પૂર્ણ કરી અનંત કષ્ટો થકી રક્ષા કરીને દેહને અંતે અલૌકિક ચમત્કાર દેખાડી ને પોતાના ધામમાં લઈ જાઈને પોતાની સેવામાં રાખશે, એવા ભગવાન અતિ દયાળુ છે. બ્રહ્માનંદ સ્વામી કહે

છે કે, હે રામસિંઘજી રાજન આવી રીતે કૃષ્ણાનંદ સ્વામીએ શ્રી હરિ ચરિત્રામૃત ગ્રન્થમાં લખેલા શ્રીજી મહારાજના અલૌકિક પરચા, તે મેં મારી બુધ્ધિને અનુસારે તમોને સંભળાવેલા છે. એ પરચાને પોતાના હૃદયમાં ધારીને શ્રી સ્વામિ-નારાયણ ભગવાનનું ભજન કરશો તો તમોને પણ મહારાજ અલૌકિક પરચા આપીને પોતાના ધામમાં પોતાની સેવામાં રાખશે એમાં લેશ માત્ર સંશય નથી. એવી રીતે પરચો પરચો ૪૦ સમાપ્ત.

ઈતિ શ્રીસહજાનંદ સ્વામી શિષ્ય કૃષ્ણાનંદમુનિ વિરચિતે શ્રીહરિચરિત્રે બ્રહ્મમુનિરામસિંઘ સંવાદે શ્રીહરિ પરચા વર્ણન નામા ચોર્યાસીમો અધ્યાય ૮૪

***ઈતિ પરચા પ્રકરણં સમાપ્તમ્***